गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050-
SHI-29

23126

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

તરફથી ભેટ

23_26
23126

આ પુસ્તક.....દિવસ રાખી શકાશે.

24 MAY 1987

JAM 86

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૯ : અંક-૧ . એપ્રિલ, ૧૯૫૪

નઈ તાલીમ.

આપણું અમલદારુ રીતે કેળવણીમાં ધરમૂળથી ફેર-ફારો કરવામાં કશું નથી કરી શકતા. એનું કારણ એ છે કે તેમનું સંચાલન ભણેલા વર્ગોના હાથમાં પડેલું છે. નઈ તાલીમમાં જે જીવન પરિવર્તનની અપેક્ષા રહે છે તે આ ભણેલાઓને ગમતી નથી. ગામડાની જરુરિયાતો વિષે શહે-રના લોકોને કશીયે પડી નથી આથી જ આપણા અધિ-કારીઓ તેમજ પ્રધાનો નઈ તાલીમની દિશાનાં અવરુદ્ધ-મન વર્ગના પ્રયત્નો કરે છે અને પોતે તો બર્બાદ આપિત દિશાને જાળવનારી શાળાઓના જ પોતાના બાળકોને મોક-લતા રહે છે. —આચાર્ય આપ્ટે.

[નઈ તાલીમ સંઘના નવેસરના પ્રબુદ્ધપદેથી]

સંસ્થાપક .

સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી .

તારાબેન મોદક

વાર્ષિક લવાજમ :

રૂા. ૪-૦-૦ : :

કાર્યાલય :

૨૧૮, હિન્દુ કૉલની. દાદર. મુંબઈ. ૧૪

છૂટક નકલ

૬ આના

... ...

... ...

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૧] મુંબઇ [એપ્રિલ, ૧૯૫૪

.....આ પણાં પ્રશ્નો....

ચાલુ માસની તા. ૨૪–૨૫મીએ નૂતન બાલ શિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની સભા સંઘના પ્રમુખ શ્રી મોરારજીભાઇ દેસાઇના પ્રમુખપદે મળશે. સંઘનું નિયંત્રણ મંડળ વર્ષમાં બે વખત મળે છે, અને સંઘના કાર્યની સમાલોચના કરી નવા કાર્યને માટે સંઘને દોરવણી આપતું હોય છે. દેશની પુનર્રચનાના કાર્યમાં બાળકેળવણીના કાર્યનું મહત્વ વધે એ અનિવાર્ય છે, તેથી સંઘની દોરવણીનું મહત્વ વધે એ પણ અનિવાર્ય છે. સંઘની આ સભામાં વિચારી શકાય એવા કેટલાંક પ્રશ્નો અહીં રજુ કરવામાં આવ્યા છે. એ પ્રકારના પ્રશ્નો પર સંઘની દરેક પ્રાદેશિક તેમજ સ્થાનિક શાખાના કાર્યકર્તાઓ ચર્ચાઓ ચલાવે અને તે સંબંધમાં પોતાના મંતવ્યો પોતાના વિભાગો તરફથી જે સભ્યો નિયત્રંણ મંડળની સભામાં હાજર રહે તેની દ્વારા રજુ કરે એ જરૂરનું છે.

(૧) બુનિયાદી તાલીમને કંઇ રીતે વધાવી લેશું ?

આપણા દેશના ઘડારણમાં આવતા દશ વર્ષમાં પ્રાથમિક કેળવણી વિનામૂલ્ય ફરજિયાત અને સર્વસામાન્ય બનાવવા અંગેના આપણા ધ્યેયનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રાથમિક કેળવણીનું અંતિમ સ્વરૂપ સમગ્ર દેશમાં બુનિયાદી ઢબનું રહે તો જ આપણે દેશની સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક નવરચના કરી શકીએ એવો આપણો વિશ્વાસ દિવસે ને દિવસે વધતો જાય છે. અસ્વભાવિક શિક્ષણક્રમ, શિક્ષકોની જડતા અને કેળવણીકારી જીવન વિન્મુખ મનોદશામાંથી બાળકને મુક્ત કરીને તેની સ્વંયસ્ફૂરિત સર્જનશક્તિને ક્રિયાત્મક અવકાશ મળે એ હેતુથી જ કેળવણીના ક્ષેત્રમાં પોતાનો સ્વતંત્ર ધ્વજ ફરકાવ્યો છે. સંઘે આજ સુધી પૂર્વ પ્રાથમિક કેળવણીના ક્ષેત્રમાં સ્વાધિનતા વિકાસનો જે મૂળભૂત સિધ્ધાંત સ્વીકાર્યો છે તેનો આચાર જો પ્રાથમિક કેળવણીમાં સંધ કરે તો સંઘની પ્રાથમિક શાળાઓનું સ્વરૂપ બુનિયાદી તાલીમની પ્રાથમિક શાળાઓ જેવું હશે એ સ્વાભાવિક છે. તેથી બુનિયાદી ઢબની પ્રાથમિક શાળાઓ જેમ બને તેમ વહેલી પ્રસ્થાપિત થાય તો સંઘની પૂર્વ પ્રાથમિક શાળાઓ બુનિયાદી પ્રાથમિક કેળવણીનો સુંદર સમન્વય સધાશે અને આજે બાળમંદિરોમાંથી બહાર નિકળતાં બાળકોને 'આગળ ક્યાં દાખલ કરશું'ના પ્રશ્નનો સરસ ઉકેલ આવી જશે. તે માટે સંઘે બુનિયાદી તાલીમને આવકાર આપવો એટલું જ નહિ પણ તેના ઘડતરમાં પોતાનો ફાળો પણ આપવો જોઇએ, અને તે માટે જરૂરી પગલાં તાત્કાલિક લેવા જોઇએ.

(૨) બાળકોની તંદુરસ્તી માટે કેવા પગલા લઈ શું?

દેશના બહુ સંખ્યક બાળકોની શારીરિક તંદુરસ્તી એ કોઇપણ પ્રકારના વિકાસનું પ્રથમ પગલું છે. શરીરના સ્વાસ્થ્ય વિના કેળવણીની પ્રગતિ થઈ શકતી નથી. બાલ્યાવસ્થામાં જ્યારે મનની સાથે શારીરિક તંદુરસ્તીનો પણ પાયો નંખાય છે, ત્યારે બાળકોના–શરીર આરોગ્ય માટે વધુ કાળજી લેવાની જરૂર છે. બાળકોનું શરીર આરોગ્ય તેમનો (૧) ખોરાક (૨) આરોગ્ય પોષક રહેણી કરણી ને ટેવો (૩) રમત અને આરામ માટે યોગ્ય સગવડો (૪) વૈદ્યકીય તપાસ અને મદદની સગવડો વગેરે પર મુખ્યત્વે અવલંબે છે. બાળકેળવણી જેમ જેમ આર્થિક રીતે પછાત બાળકોને પહોંચવા પ્રયત્ન કરશે તેમ તેમ બાળકોના શારીરિક તંદુરસ્તીનો પ્રશ્ન વધુ ને વધુ ઉગ્ર બનશે તેની ઉપેક્ષા કરીને બાળકેળવણી આપવી

(વધુ માટે જુઓ પાનું ૧૬–મ)

ગોદુતાઈ

આજ આઠ વર્ષથી હું એનો સાક્ષીભૂત છું.

બરાબર મારા ઘર સામે જ એમનું બારણું પડે છે. અને આઠ વર્ષથી હું જે જોતો આવું છું એ મને ખૂબ આશ્ચર્યમાં નાખે છે. મેં આવું બનતું બીજે ભાગ્યે જ જોયું છે.

પણ પરમ દિવસે જ બધી વાત સમજાઇ ગઇ.

આજ ત્રણ દિવસથી સામેના મંદિરનો પગથાર નાનાં મોટાં માણસોથી છવાયેલો રહે છે.

મારી સામે રહેતાં ગોદુતાઈ બારસાં પંચોતેર વર્ષનાં હશે. એમને એકલાં જ એ નાની ઓરડીમાં આજ આઠ વર્ષથી રહેતા જોઉં છું.

પણ મને તો એ જ આશ્ચર્ય થતું કે આ ડોશી અહીં એકલી સ્વજનહીન કેમ રહી શકતી હશે ? એમને એમની આ વૃધ્ધાવસ્થામાં નિરાધારતા સાલતી નહીં હોય ?

કેમકે એ જેમ વયે મોટાં છે તેમ શરીરે પણ અશકત અને અપંગ છે. એમના બંને પગ સંધિવાથી વળેલા જ રહે છે. હાથપગ ધ્રૂજતા હોય છે. આંખે એ રુપિયા ભેળા કરીએ એવાં જાડાં ચશ્માં છે. એ વિધવા બાંધનું શું જગતમાં કોઇ જ નહીં હોય ?

પણ આ નિરાધાર બાઇએ એમની આસપાસ માયાથી જે માયા ઊભી કરી છે એ જોઇને ખરે જ હું તો દિઙમૂઢ બની જાઉં છું.

એ અહીં રહેવા આવ્યાં ને આઠેક દિવસ પછી ઘરે આવતાં મારે ઘરે તાળું ભાળ્યું અને હું વિમાસણમાં ઉભો છું. ત્યાં સામે તાઇના ઘરેથી ભારતી દોડતી આવી.

'આવું છું હોં !'

એમ બ્રમ ભારતી એ આવતી હતી.

આ અમારે માટે અકસ્માત હતો. ભારતી અમારાં આટલાં દામ્પત્ય વર્ષોમાં મારા ઘરે આવવા વખતે ઘરે ન હોય એ તે દિવસ પહેલું જ બન્યું. અને એટલે સહેજે જ મને આશ્ચર્ય થયું :

'ક્યાં ગઇ હતી ?'

'ક્યાય નહીં, સામે ગોદુતાઇ પાસે બેઠી હતી.'

'નવાઇ ! તું, ઘરકુકડી બહાર જતાં ક્યારથી શીખી ?'

'હું તો જાઉ નહીં, પણ તાઇ કેવાં છે, ખબર છે ? એ તો કોઇને પણ ગુંદરથી ચોંટાડી રાખે !'

'બહુ ગુંદરિયું લાગે છે !'

મેં જરા નિંદાના રૂપમાં કહ્યું.

'એવું ના બોલતા. તાઇ તાઇ જ છે. અરે જો જોને થોડા દિવસમાં તમે ય એમના ઉંબરે ચીટકવા માંડશો.'

'એવું શું છે તાઇમાં ?'

'અરે એ તો તમને મારા કરતાં વિશેષ બબ્બર પડે. હું તો હજુયે ઘરમાં દેખાઇશ, પણ તમે આ તમારા 'સંસ્કાર' ને 'વારસા'ના લુપ્ત પ્રતાપે ત્યાં કંઇનું કંઇ દેખશો. અને એટલે પછી તાઇનો ઉંબરો જ ઘસાઇ જાશે !'

અને એ વાત સાચી પડી.

તે જ દિવસથી મારું ધ્યાન તાઇ તરફ વિશેષ ખેંચાવા લાગ્યું.

પંચોતેર વરસની આ ડોશી અપંગ અને પાછી એકલી આ બે રુપિયાના ભાડાની ઓરડીમાં રહે છે. અને એ બે રુપિયા પણ એ કમાઈ લે છે : બાજુના મંદિરમાં એક કલાક એ કામ કરે છે !

એકવાર હું અને ભારતી સવારમાં સાથે શાક લેવા જતાં એમની ઓરડી પાસેથી પસાર થયાં.

'તાઇ, કંઈ શાક બાંદહું લાવવું છે ?'

ભારતીએ પૂછ્યું.

'ઓ ભારતીબાઇ, ભાજી તો પડી છે. પણ આમ સીધાં કયા ચાલ્યાં ? બાઉને તો જોયા જ નથી.'

મેં જરા શરમાતાં નમસ્કાર કર્યા.

'અંદર આવોને, એમ કંઈ જવાય ? આ, એકલી ચહા પીવી મને તો ઝેર જેવી લાગે છે.'

અમારે અંદર જવું પડયું. એ ૭ ફૂટની ચોરસ ઓરડીમાં અમે ત્રણ પણ ઉભરાઇ ચાલતાં'તાં.

એ ચહા કેરી દરમ્યાન જોયું કે એક ખૂણામાં નાનો ગોદડીનો વીંટો પડયો હતો. બીજા ખૂણામાં એક ઘંટડી હતી. ત્રીજામાં પાણીની ગાગર ને બાલદી પડયા'તાં અને ચોથામાં ચૂલો હતો. ભીતમાં એક ઠેકાણે એમના દેવ હતા અને એની બાજુમાં પુસ્તક પોથાં વીંટેલાં પડયાં હતાં. વળગણીએ વળ દઈ રાખેલાં બે કપડાં હતાં.

વાતોમાં ક્યાંય કઠિનતા કે તીખાશ અથવા નિંદાનો વઘાર નહોતો—માત્ર હતી મીઠી મધ ઝરતી એ વાણી.

તે દિવસે તો અમે તરત ઉઠી ગયાં. પણ પછી તો ત્યાંથી નીકળતાં હું એ ટોલ—નાકું ચૂકવી જઇ શકતો નહોતો.

અને એ વખતમાં તો હું ગોદુતાઈ ઉપર જાણે ગુપ્તચર હોઉં તેમ એમનું બારીક અવલોકન કરવા લાગ્યો.

પરોઢિયે પાંચ વાગે પહેલો દીવો તાઇના ઘરમાં પ્રગટે અને ત્યારથી જ એમનો દિવસ શરૂ થઈ જાય.

એવી અપંગ અને અશક્ત ડોસી એનું દળણું દળે, પાણી ભરે, ઝાડું કાઢે, નાહી ધોઇ પૂજાપાળા કરે, અને પછી રાંધે—આ તો બધું કરે જ. ઉપરાંત મંદિરમાં કામ કરે.

તાઇનું આંગણું હંમેશ સાફ જ હોય. એ આવ્યા પહેલાં અમારું આંગણું વળાતું ખરું પણ તાઈ આવ્યાં અને હવે એમની જેમ બધાં આંગણામાં પાણી છાંટીને ચોખ્ખાં ચણાખ રાખવા લાગ્યા છે.

પણ એ અપંગ ડોસીને ઝાડુ કાઢતી જોવું એ ઘણું દયાજનક દ્રશ્ય હતું.

પણ મેં એકાદ અઠવાડિયામાં જોયું તો તાઇના પડોશી વકીલની પંદર સોળ વર્ષની માલતીએ એ કામ ઉપાડી લીધું છે.

ઘણીય વાર પરોઢિયે હજુ તાઇના બારણા બંધ હોય ત્યાં જ માલતી તાઈના ઘર પાસે ઝાડુ કાઢી, પાણી છાંટતી હોય અને દીવો લઈ તાઇનાં પગથિયા પાસે રંગોળી પૂરતી હોય.

માલતી ત્યારપછી જ પોતાના ઘર પાસે સાફ-સૂફી માંડે.

એકાદ મહિના માસમાં તો તાઈનુ બદુ આખા ફળિયામાં સૌના ઉપર ફરી વળ્યું.

તાઈ પાણી ભરવા જતાં હોય અને કોઇ દેખી જાય તો તરત જ એમના હાથમાંથી બાલદી લઇ પાણી ભરી આપે, એ દળવા માંડે ને કોઇ પહોંચી સાથે દળવા બેસી જાય. એ કપડાં ધોવા જાય અને માલતી એ ખૂંચવી લે.

તાઇના ઘરમાં બપોરના બૈરાંઓ ભેળાં થાય અને તાઇ બધાંને એની આંધળી આંખે ભાગવત વાંચી સંભળાવે.

તાઇની નાની ઓરડી કદીય ખાલી તો દેખાય જ નહીં. છોકરાંઓ પ્રસાદ લેવા ભરાણાં હોય, તો મોટેરાં પણ તાઇની વાતો સાંભળતાં બેઠાં હોય.

તાઇનું ઘર એટલે સૌનો વિસામો.

એટલી નાની ઓરડી પણ આપણે સદાય ચોકખી ચંદન જેવી જોઇએ. ચો લૂછવાના સણિયાં બરાબર એની જગ્યાએ જ ટીંગાતાં હોય. બહાર પક્ષીઓને પીવાનું પાણીનું કૂંડું અને બાજુમાં ચણનું છીકું લટકતું જ હોય. નીચેની કૂંડીમાં ગાય — કૂતરાં માટે પાણી ભરી રાખ્યું હોય.

ઉપર છીંકામાં પક્ષીઓ કલબલાટ કરતાં હોય. પગથિયાં પાસે કોઇને કોઇ ઢોર કે કૂતરાં ઉભાં જ હોય.

મહેન્દ્રભાઇની ગાય જેટલી એમને ઘરે ન દેખાય એટલી તાઈને ઘેર દેખાય. એ મારકણી પન્ના તાઇની બહુ લાડકી. એને તાઈ ચળ કરે, રોટલો આપે.

ફળિયામાં બધાં આ ગાયથી ડરે પણ આ અપંગ ડોશી પાસે તો એ ગરીબ બની જાય. કેટલીકવાર પન્ના એનાં મોટાં શીંગડાં તાઇને વાંસે ઘસે. ત્યારે એ લથડતી ડોશી હસી પડે :

'અરે ભાંડી, તારાં આ લાડ મને ભારે પડી જશે. જોતી નથી હવે આ હાથ પગ કંઈ કામના રહ્યાં નથી.'

કેટલીકવાર ગરમીમાં બરાબર બપોરે તાઈ જરાં જંપ્યાં હોય ત્યાં એ પન્ના હીંહોરા મારતી એનાં બારણાંને માથું મારે.

ઊંઘમાંથી તાઈને ઉઠવું પડે. પણ એ હસતાં બારણાં ખોલે :

'કેમ રે ! એલી પાણી પીવું છે કેમ ? કૂંડીમાં નથી કે ? ભારે ભૂલ થઇ. લે દઉં છું હોં.'

આમ હમેશાં ચાલ્યા કરે.

ચાલમાં અંદર અંદર ઝગડતાં બૈરાઓ પણ તાઈ માટે બધાંજ મરી પડે. અને માલતી તો જાણે એની જ દીકરી હોય તેમ બધો વખત ત્યાં જ પડી પાથરી રહે.

અરે માલતીની ભાભી જેવી ભણેલી રુઆબદાર બૈ પણ તાઇ પાસે નરમ ઘેંસ થઇ જાય.

તાઇમાં આ મોટું જાદુ હતું કે કોઇપણ વૃધ્ધ, જુવાન, બાળક–પુરૂષ, સ્ત્રી બધાંય નમી પડે.

અને એ જાદુ હતું એમના પ્રેમનું. સદાય એ એમના હૃદયમાંથી સૌ માટે એટલો જ ઉત્કટતાથી વહ્યા કરતો હતો.

અને એટલે ભારતીનું કહેવું સાચું જ પડ્યું.

હું બીજા કરતાં કંઈક વિશેષ તાઇના ઉંબરા ઘસવા લાગ્યો !

એક દિવસ આમ હું તાઇ પાસે જતો'તો ત્યાં જોયું તો બાજુના વકીલ માલતીના લગ્ન કરવા એમને ગામ જતા હોય એમ લાગ્યું

મોટરમાં સામાન ભરાતો હતો અને તાઇ ત્યાં જ ઉભાં હતાં. માલતી તાઇને વળગીને રડતી હતી. જેમનું મ્હોં હસે છે અને આંખો રડે છે–એવા તાઈ એના માથા ઉપર હાથ ફેરવી રહ્યાં હતાં.

'તાઇ તમે ચાલો. તમારા વગર હું નહિ જાઉ.'

'હા બાઇ, હું જરૂર આવીશ હોં.

જેમ તેમ સમજાવીને તાઇએ માલતીને મોટરમાં બેસાડી અને પછી બધાં ઉપડ્યાં.

હું અને તાઈ એમની ઓરડી તરફ વળ્યાં

તાઇ આંસુ લૂછતાં બોલ્યાં:

'ગમે તેટલું કરીએ સુમનભાઇ, પણ માયા મમતા છૂટતાં નથી. પોતાના છોડીએ છીએ તો ખીન્નં'તી બંધાય છે.'

'તમારે જવું જોઇએ.'

મેં મારો મત દર્શાવ્યો.

'ખરું છે સુમનભાઇ, પણ કેમ જાઉં ? માલતીના બાપે કહ્યું હોત તો તો હું અત્યારે જ ચડી બેસત. મારી દીકરી પરણે ને હું ત્યાં ન હોઉ એવુ મને લાગે છે. પણ અહીં મારો હક્ક કયો ?'

ત્યાર પછી ડોશીમાએ ધર્મની વાતો માંડી. પણ એમાં ય એકવાર બોલી ઊઠ્યાં :

'બધું ખરું, પણ પ્રેમ કેમ છોડાય ? એ ધર્મ કેમ કહેવાય ?'

આ ડોશી કેટલી જ્ઞાની છે એ તો કોણ જાણે કેમકે એની વાતમાં કયાં ય ધર્મજ્ઞાનનો આડમ્બર આવતો નથી.

આમને આમ કરતાં આજ આઠ વર્ષો વીતી ગયાં.

મારા મનમાં એમનો ભૂતકાળ જાણવાની ખૂબ તાલાવેલી હતી, પણ આપણા સાધુ સંન્યાસી માફક એ પણ વાત ટાળતાં

પણ પરમ દિવસે ગોદુતાઈ પકડાઇ ગયા.

પરમ દિવસે સવારમાંજ બે ટેકસીઓ મંદિરના ચોગાનમાં ચક્કર મારતી તાઈના ઘર પાસે ઉભી રહી.

પહેલી મોટરનું બારણું બોલી એક પ્રૌઢ વયસ્ક પુરૂષ બહાર આવ્યા અને અમને જોઇ તાઇ પણ ઓરડીમાંથી બહાર નીકળ્યાં અને પગથિયે ઉભાં રહયાં.

પેલા પ્રૌઢ સીધા એમની પાસે જઇ એમના પગમાં પડ્યા અને એમનું કાબરચીતરું માથું કેટલી ય વાર સુધી ત્યાં જ સ્થિર થઇ ગયું.

[અનુસંધાન પાના ૨૦ પર]

પતંગિયાના રંગો પાછળ

પતંગિયાને કોઇકે "ઉડતા ફૂલો" કહીને તેનું સુંદર વર્ણન કર્યું છે. ખરેખર રંગરંગના ફૂલોની જેમ જ પતંગિયાની પાંખો પર જાતજાતની ભાતો ને રંગ દેખાય છે.

પતંગિયાના રંગનું રહસ્ય સમજવું હોય તો કુદરતે એને જે પ્રકારનું કામ સોંપ્યું છે તે પ્રથમ જાણવું જોઇએ. આખો દિવસ એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઊડતાં પતંગિયાને જોતાં એમ થાય કે બસ એને તો આખો દિવસ ખાવું ને પીવું,–અરે ખાવુ પણ નહિ– બસ પીવું–પીવું ને મજા કરવી, તે સિવાય જીવનનો તેનો કોઇ હેતુજ દેખાતો નથી. પણ એ તો બિચારૂં કુદરતનું પુંકેસરોના પરાગરજ સ્ત્રીકેસરોને પહોંચાડવાનું કામ કરતું હોય છે. કોઇ દિવસ પાર ન આવે એટલું મહેનતનું એ કામ હોય છે. બિચારૂં પતંગિયું આખો દિવસ તેમ કર્યા જ કરે છે. એ કામ ન થાય તો વનસ્પતિ જીવી શકેજ નહિ અને વનસ્પતિ ન જીવે તો કુદરતનુ કામ અટકી જ જાય ને! વનસ્પતિ ન જીવે તો બીજું કોણ જીવવાનું છે? કુદરતે પતંગિયાને કેટલું જવાબદારીભર્યું કામ સોંપ્યું છે!

પોતાનાં આ સેવકનું રક્ષણ થાય અને ખાવા, પીવા તેમ જ ઓઢવા સુંદરમાં સુંદર સગવડ મળે તેની કુદરત બહુ વિચારપૂર્વક કાળજી લેતી હોય છે. એનાં રંગવિધાનમાં કુદરતનાં બે મુખ્ય હેતુ દેખાય છે. એક તો એને જીવવાની સરળતા થાય અને બીજું એના શત્રુઓથી એનું રક્ષણ થાય. આને માટે કુદરત જે ઝીણવટથી ને કુશળતાથી કામ લે છે તે જોઇ આપણને કુદરત માટે ખૂબ માન ઉપજશે.

પતંગિયાના રંગવિધાનમાં બે પ્રકાર દેખાય છે. એકને આપણે જીવનોપયોગી રંગવિધાન કહીશું ત્યારે બીજા પ્રકારને રક્ષણાત્મક રંગવિધાન કહીશું. જીવનોપયોગી આકર્ષક રંગવિધાનમાં નર ને માદા માટેની જુદી જુદી રંગરચના, તેમ જ દરેક જાતિના પતંગિયા માટેના જુદા જુદા રંગવિધાનનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે નરનો રંગ વધુ આકર્ષક અને માદાનો રંગ સહેજ ઝાંખો નેં તેના પરની રેખાઓ પણ વાતાવરણ સાથે ભળે તેવી હોય છે. આ રંગો ને રેખાઓ ને લીધે આપણાં મન પર તેની જે સમગ્ર છાપ પડે છે તેને અનુસરીને અભ્યાસકોએ તેમને કેટલાક નામો આપ્યાં છે. જો 'બડા નવાબ' નામનું પતંગિયું જોવા મળે તો તેનાં નવાબી ઠઠારાની સાથે સાથી કલ્પના આવી જાય.

આ જીવનોપયોગી રંગવિધાનની સાથે પતંગિયાનાં રંગરેખા વિધાનમાં તેનાં શત્રુઓની નજરે તે બને ત્યાં સુધી ન ચઢે અને તેનું રક્ષણ થાય તે માટે કુદરત તેનું રંગવિધાન ખૂબ જ કાળજીપૂર્વક ને કુશળતાથી કરતી હોય છે. તેનાં કેટલાક દાખલાઓ સાંભળીને જ નવાઈ લાગશે.

કેટલાંક પતંગિયાં જ્યારે ફૂલ પર બેસે છે, ત્યારે તેની બન્ને પાંખો વહાણનાં સઢની જેમ સીધી ઉભી રાખે છે. તેથી જોનારને તેની પાંખનો નીચલો ભાગ જ દેખાય છે. બીજા કેટલાંક પતંગિયાંની બેસવાની ટેવ જુદા પ્રકારની હોય છે. તે જ્યારે બેસે ત્યારે પોતાની પાંખ વિમાનની જેમ પાથરીને બેસે છે. તેથી આ પ્રકારનાં પતંગિયાની પાંખોનો ઉપલો ભાગ જોનારની નજરે પડે છે. આ બન્ને પ્રકારનાં પતંગિયાની પાંખો પર તેની બેસવાની ટેવ મુજબ નીચેથી કે ઉપરથી રક્ષણાત્મક રંગરેખાઓની જોજના હોય છે. એટલે કે તેનાં પરનાં રંગો ને રેખાઓ એવી હોય છે કે તેને લીધે એ પતંગિયું જ્યાં બેસતું હોય ત્યાંનાં વાતાવરણમાં કોઈની નજર ન જાય એ રીતે ભળી જાય છે. તેનાં શત્રુઓ માટે તેને શોધવાનું કામ અઘરૂં થઈ પડે છે

સામાન્ય રીતે જે પતંગિયાં ઘેરા રંગના ફૂલો પર બેસે છે તેમનો રંગ પણ એવો ઘેરો જ હોય છે. તેથી તે ફૂલ પર બેઠું હોય તો પણ જુદું દેખાય નહિ. માદાનાં રક્ષણ માટે તો કુદરતે વિશેષ કાળજી લીધી છે. માદા ઘણે ભાગે પાંદડાં-પર કે થડ પર ઇંડાં મૂકતી હોય છે. તેથી એની ઉપરની રંગરેખાઓ પાંન કે થડની રંગરેખાઓ જેવી હોય છે.

જુદા જુદા પ્રદેશોમાં ને ઋતુઓમાં સાંની આબોહવા ને ઉષ્ણતામાન બદલાવવાને લીધે વાતાવરણનાં રંગો બદલાતા રહે છે. તેથી એજ પ્રકારનાં ફેરફારો પતંગિયાનાં રૂપરંગમાં થતા દેખાય છે.

ઘણું જ ગીચ જંગલ હોય ને જ્યાં પ્રકાશ ધાબા ધાબામાં પડતો હોય ત્યાં પતંગિયાં પણ કાબરચિતરાં ને ચટાપટાવાળાં જોવામાં આવે છે. જ્યાં પ્રકાશ

ઓછો હોય ત્યાં ઘેરા તપખીરી જેવા હોય છે 'શુષ્ક વર્ણ' જેવાં પતંગિયાં સુકાંયેલા પાંદડાંની એવી તો આબેહુબ નકલ કરે છે, કે તેની બહુ પાસે જઈએ તો પણ પતંગિયું છે કે પાંદડું છે તેની ખબર ન પડે. પાનની દાંડી, પાનની નસ, કે પાનનો આકાર ધારણ કરીને તે ઝાડની નાનકડી ડાળીએ બેસી જાય છે. જાણે ડાળીના બીજાં પાંદડાં જેવું પાદડું જ ન હોય!

આજ પ્રકારની સંરક્ષણાત્મક રંગ યોજના હિમાલયનાં કેટલાક ઉચ્ચ પ્રદેશોમાં આવેલાં પતંગિયામાં પણ દેખાય છે. ઉપરથી તેનો રંગ ચોકલેટી-લીલો હોય છે. તેની પર કાળાં ટપકાં હોય છે. રાત્રે એ ઘાસ પર બેસે છે ને સવારે અહીં ખૂબ ઠંડી હોવાથી તે ઊડી શકતું નથી. સૂરજ જ્યારે ઊંચે ચઢે છે ને હવા ગરમ થાય છે ત્યારેજ તે ઉડી શકે છે. પણ જ્યારે તે ઘાસ પર બેઠું હોય છે ત્યારે તેનો ઘેરો લીલો રંગ તે તેનાં પરનાં ટપકાં ઘાસ પર પડેલા ચળકતા ઝાંકળનાં બિન્દુ જેવાં જ લાગે છે. અને તેથી સવારે ભક્ષ શોધતા પક્ષીઓની નજરથી તે બચી જાય છે. આ પતંગિયાંને 'ઝાકળ બિન્દુ' કહેવાય છે.

સંધ્યાકપિશ નામનાં પતંગિયાની પાંખો વરસાદમાં ઘેરી ચોકલેટી રંગની હોય છે. અને પાંખની કોરે કાળા મીંડાં જેવાં ટપકાં હોય છે. મીંડાંની વચ્ચેનો ભાગ ચળકતો સફેદ હોય છે. વરસાદમાં કાળાશ પડતી રંગ યોજના થાય તે બરોબર છે. પણ સાથે સાથે પતંગિયાને એક બીજાને ઓળખવા માટે કંઈક નિશાની તો જોઈએ નહિ તો પોતાની જોડી કઈ રીતે શોધી કાઢે? અને તેથી જ આ સફેદ–કાળી રીંગવાળાં ટપકાંની યોજના કરી છે! ખાસ કરીને રાતે જોવામાં આવતાં પુષ્કામાં આ જાતની યોજના હોય છે.

વાતાવરણમાં ભળતી રંગયોજનાવાળા પતંગિયા ઝડપથી ઊડનારાં છે પણ બીજી જાતની રંગયોજનાના પતંગિયાં બહુ ધીમેથી ઊડનારાં હોય છે તેઓ ફૂલ પર બેસે ત્યારે પણ જાણે પોતાના ધનદોલત બીજાને બતાવવા જ બેઠા ન હોય એમ લાગે. તો એમનું રક્ષણ કેવી રીતે થતું હશે? આપણી સામે કોઈ ન ગમતી ચીજ આવે તો આપણે ભાગી જઈએ છીએ તેમ જ એમનો રંગ જોઈ બંધ ભડકી જાય છે. આમ શત્રુઓ ભાગી જાય છે તેથી આ પ્રકારની રંગયોજનાને ભયસૂચક રંગયોજના કહેવાય છે.

ખરેખર પતંગિયાંની રંગરેખા પાછળ કુદરતે કેટલો બધો વિચાર કર્યો છે!

[ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી] —શેષ નાગલે.

'બા અને કામ કરવા આપ ને!'

(ગતાંકથી ચાલુ)

એમ કહેતા કહેતા એમણે તાર ઉપરના સુનીલના કપડા ઉતારીને પાટલા ઉપર મૂક્યા. મેં સુનીલને કહ્યું, 'સુનીલ તારા કપડા કાઢવાના છે? હું તારા બટન કાઢી આપું છું. પછી તું તારી મેળે તારું બમીસ-કાઢ.' સુનીલ લાડમાં બોલવા લાગ્યો, "અંહ! તમે ન કાઢતા. બા કાઢશે.' અને પછી સુનીલની બાએ સુનીલના કપડા કાઢ્યા. તેના શરીરે તેલની માલીશ કરી. અને સુનીલ નહાવા માટે બાથરુમમાં ગયો. નાહતી વખતે પણ હું હાથે પાણી રેડીશ, હું હાથે સાબુ ચોળીશ' વિગેરે પ્રકારની ખટપટ સુનીલની ચાલુ જ હતી. અને બાએ એને એમાં કંઈ પણ ન કરવા દેતા ઝટપટ નાહવાનું કામ પતાવી દીધું. નાહવું, શરીર લૂછવું, કપડા પહેરવા, માથું ઓળવું વિગેરે દરેક કાર્ય સુનીલ બાની ઇચ્છા પ્રમાણે બાને કરવા દેતો હતો! હવે કામ કરવાનું મળશે એટલે સુનીલ એકદમ ઉત્સુક દેખાતો હતો. તો પણ એને શંકા લાગતી હતી, એટલે એણે વચ્ચે જ પૂછ્યું, 'હવે કહેશે ને કામ? એટલે બાએ કહ્યું, 'હાસ્તો! પણ પહેલા નાસ્તો કરી લે જોઉં, નહિ તો કોઇ આવશે ને કહેશે, 'હજી સુનીલને બીસ્કીટ કેમ નથી આપી? ચાલ ત્યારે હવે નાસ્તો કરવા પાટલા ઉપર બેસ.' સુનીલ ડાહ્યો થઇને કહે, 'આપ ત્યારે નાસ્તો.' અને બેસવા માટે પોતાની મેળે પાટલો લેવા જતા બાએ કહ્યું.' અરે! ઉભો રહે, હું પાટલો મૂકી દઉં. આટલો મોટો પાટલો કેમ કરીને ઉપાડાય? પગ ઉપર પાડશે તો રડતો બેસશે કલાક સુધી! કામ કરવા માટે તારામાં શક્તિ પણ ક્યાં છે?' બા એ પાટલો મૂક્યો

સુનીલ પાટલા ઉપર બેઠો. બા એ તેની સામે ગરમ દૂધનો કપ મૂકયો, બિસ્કીટની રકાબી મૂકીને પૂછયું 'તારા દૂધમાં શું નાખુ કોકો કે ઓવ્હલટાઇન ?' મેં કહ્યું, " ફકત સાકર નાખેલું દૂધ પણ સારું લાગશે. સુનીલ આજે પી જો તો ?" એટલે તરત એમના બા બોલ્યા. " ફકત દૂધ પીએ તો સુનીલ શાનો કહેવાય !" પછી ચમચો ભરીને ઓવ્હલટાઈન એના દૂધમાં નાંખીને બોલ્યા, 'થોભજે હું હલાવી આપુ. પણ મારી સગડી નકકામી બળી જાય છે તેના ઉપર શાક વઘારીને આવું છું.' એ શાક વઘારીને આવે ત્યાં સુધીમાં સુનીલે રકાબીમાં ઓવ્હલટાઈન રેડયું પણ હતું. સુનીલના બા અકળાઈ ગયા, 'તારાથી થોડી વાર થોભાતું નથી ?' એમ કહીને છલોછલ ભરેલી રકાબી સુનીલના મોઢે લગાડી અને બોલ્યા, "હમણા ઢોળ્યું હોત તો ?" સુનીલે નાસ્તો તથા દૂધ પતાવીને ફરીથી બા મને કામ સોંપને !' એની માળા શરુ કરી 'હા ભાઈ !' કહીને એમને થાળીમાં લોટ લઈને બાંધવો શરુ કર્યો. એક બાજુ એમનું કામ ચાલુ હતુ ને બીજુ બાજુ મારી સાથે ગપ્પા મારવાનું પણ ચાલુ હતું. સુનીલની સાથે સાથે મને પણ ચહા મળી હતી. મેં ચહા પીને સુનીલને પૂછયું. 'હું કામ બતાવું કે સુનીલ ? લે આ તારા ને મારા કપ રકાબી મોરીમાં મૂકી આવશે ? પછી તારો પાટલો આપણે એની જગ્યાએ મૂકી દઈશું' સુનીલે તરત હાથ લંબાવ્યો, કે તરત એના બા બોલ્યા, "અરે ! અરે ! એને કઈ એવું કામકાજ ન ચીંધશો. સુનીલ તું આ બધા પથારામાં ન આવતો. જા હવે બહાર રમ. અને બહાર છજ્જામાંથી જો, આપણા રતનબાઇ ઘઉં દળીને આવ્યા કે નહિ. મને સુનીલની ખૂબ દયા આવી. શાક સમાર્યા પછી ત્યાં શાકનો કચરો પડયો હતો. એ ઉંચકવા માટે હું સુનીલને જ કહેવાની હતી. પણ એની બાની ઇચ્છા વિરુદ્ધ કંઇ કરી શકી નહિ. મારે પણ મૂંગા રહેવું પડયું.

સુનીલ બહાર રમવા ગયો. મારો જવાનો સમય થયો હતો. મેં જવા માંડયું. સુનીલના બા મને વળાવવા બહાર આવ્યા. આગળના ઓરડામાં સુનીલે રમકડાનો પથારો કરેલો દેખાયો. દળાઈને આવેલો લોટ તપેલીમાં હતો. એ રોજના લોટ ભરવાના ડબ્બામાં ભરવાનું કામ શરુ થયું હતું. એના રમકડાના નાના વાસણથી જ એ કામ ચાલુ હતું. એમાંથી થોડો લોટ બહાર વેરાયલો હતો, થોડો શરીર ઉપર ઢોળાયો હતો. મોઢે પણ લોટનો હાથ લગાડીને મોહું પણ 'ખરાબ' કર્યું હતું. સુનીલનો અવતાર જોઇને મેં મનમાં કહ્યું, આખરે આ બન્દાને કામ મળ્યું !' પણ એની બાએ કહ્યું, 'જોયું ને નકકામુ કામ વધારી મૂકયું ? આપણે વાતો કરતા રહ્યા, એટલે મારું ધ્યાન નથી એમ જોઈને એ અહીં લોટ બગાડવા મંડી પડયો. હજી હમણા તમારા દેખતા એને નવડાવી ધોવડાવી, સ્વચ્છ કપડાં પહેરાવીને રમવા મોકલ્યોને ! માને કંઇ કામ જોઈએને આખો દિવસ !' મને મોહું થયું હતું એટલે મેં કહ્યું, 'આવજો ત્યારે' મને વળાવીને સુનીલે વધારી મૂકેલું કામ આટોપવા એ ગયા.

મનમાંને મનમાં 'બા મને કામ આપને !' બોલતા અને તદ્દન એકાકી નિર્જીવ ઢીંગલી પ્રમાણે એને બેસાડી રાખનાર એની બાનો વિચાર કરતી હું ચાલવા માંડી. દરેક ઘરે આવા કેટલાએ સુનીલ 'બા મને કામ કરવા આપને !' કહીને ન છૂટકે 'નકકામુ કામ વધારી મૂકતા હશે !'

—તાં. પરાંજપે

અગત્યની સૂચના

ફેબ્રુઆરી અને માર્ચ માસમાં "શિક્ષણ પત્રિકા 'ના કેટલાંક સભ્યોના લવાજમો પૂરાં થાય છે. જેમના લવાજમો પૂરાં થયાં છે, તેઓને આ અંકની સાથે સૂચના મોકલવામાં આવી છે. સૌ સભ્યોને વિનંતિ છે કે તેઓ પોતાનું લવાજમ બહેલી તકે મોકલી આપવા કૃપા કરે. જેમનું લવાજમ કે તે અંગે કાંઇ સૂચના નહીં આવે, તેમને આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે, જે સ્વીકારી લેવા વિનંતિ છે. —વ્યવસ્થાપક.

તેડાગર માતા

લગભગ પ્રત્યેક બાલમંદિર કે બાલવાડીને ઘેરથી બાલમંદિર લાવવા અને સંભાળપૂર્વક પાછા પહોંચાડવા માટે, તેડાગર રાખવા પડે છે. આ તેડાગરો મૂખ્યત્વે બ્હેનો જ હોય છે.

બ્હેનો સહેલાઇથી દરેકના ઘરમાં જઇ શકે છે અને બાળકો પણ બ્હેનો પાસે જવામાં ઓછો સંકોચ અનુભવે છે, અર્થાત લાંબો સમય આનાકાની કરતા હોતા નથી.

આ તેડાગર માતાઓના પગાર ટૂંકા હોવાથી, સામાન્ય રીતે ગરીબ અને અજ્ઞાન વર્ગમાંથી આવે છે વળી તેડાગરનું કાર્ય સામાન્ય ગણાતું હોવાથી તેના પગારોનું કોઇ ધોરણ હોતું નથી.

આપણે સમજીએ છીએ કે તેડાગરનું કામ કોઇ બુધ્ધિનું નહિ, પણ માત્ર તેડી લાવવાનું, મૂકી આવવાનું અને બહુ તો વાળવાનું, પાણી ભરવા વગેરેનું હોય છે. આ બધા કામોને આપણે સામાન્ય લેખીએ છીએ, અને તેથી બાલમંદિરના સંચાલકો ઓછા પગારના બ્હેનોને ખોળી કાઢે છે.

આ વિષે વધુ વિચાર કરતા જણાશે કે તેડાગર માતાઓનો બાળકો સાથેનો સંપર્ક કિંમતી છે અથવા ગણાવો જોઇએ. બાળકોને પાણી પેશાબ કે શૌચ માટે જવાનું, બહુ જ નાડી વગેરે છોડવા બીડવાના, આંખ, નાક, કાન સ્વચ્છ રાખવાના; બાળકના ચંપલ, રૂમાલ અને બીજી વસ્તુઓ વિષે આ તેડાગરો જવાબદાર હોય છે. અને આવા કાર્યો૰ અંગે બાળકો, આ તેડાગર માતાઓ સાથે એકરાગ થાય છે.

આ બધી સ્થિતિ હોવાથી, તેડાગરની રીતભાતની અસર બાળકો ઉપર સવિશેષ થાય છે. અને તેથી બાલમંદિરના ચાલકોએ તેડાગરની બધી રીતભાત પર પૂરું લક્ષ આપવું જોઇએ. કારણ કે તેડાગર માતાઓ પાસેથી તેઓ સારી નરસી છાપ લેતા થાય છે.

આ માતાઓ વિશેષે આધેડ ઉમરની હોય તેથી જુનવાણી વિચારો ધરાવતી હોય એવો સંભવ છે, તેઓની ભાષા ભાગ્યે જ શુધ્ધ હોય છે. ઘણી માતાઓ સામાન્ય ઘરોમાં ચાલતુ હોય છે, તેમ ઉતાવળથી અને ઉંચા અવાજે બોલતી હોય છે. બાળકોને દબડાવવાનું વગેરે તો સામાન્ય વસ્તુ લેખવામાં આવે છે. માતાઓના આવા વલણના કારણે, ઘણા બાળકોને ઠીક ઠીક નુકશાન થાય છે–સહન કરવું પડે છે.

ઘણીવાર તેડાગર આળસુ હોય છે, અને બાળકોને તેડી લાવતા નથી અને આચાર્ય પાસે સાચા બોટા જવાબો આપી દે છે. ઘણીવાર તેઓ વાલીઓના દોષો સંભળાવે છે, એમ કરીને તેઓ પોતાની કુટેવ ઢાંકે છે. કોઇ કોઇ સંયોગોમાં વાલીઓની ખૂશામદ કરે છે અને વાર તહેવારે બક્ષીસોના પણ લાભ ઉઠાવતા હોય છે.

બાળકોને માતા પાસેથી કેળવણી મળે છે તેથી બીજા નંબરની કેળવણી આ તેડાગર માતાઓના સહવાસથી મળે છે. આ માતા પાસે કોઇ બાળ શિક્ષણ શાસ્ત્રીનું કે વાંચવા વિચારવાનું જ્ઞાન હોતું નથી, એટલે આ સંબંધમાં, આ તેડાગર માતાઓને યોગ્ય તાલીમ આપવાની પણ અગત્ય છે.

ઘણીવાર આ તેડાગર માતાઓ બાળકોને જૂઠું શીખવે છે. દાખલા તરીકે બાલમંદિર હજી દૂર હોય તો પણ કહે, 'જો એ આવ્યું બાલમંદિર, જો દેખાય' વગેરે આથી બાળકો સમજી જાય છે કે માતાઓ તેમને છેતરે છે.

ટૂંકમાં તેડાગરોનો પ્રશ્ન આપણી પાસે મહત્વનો છે, અને તેમને શિક્ષણ મળે તે માટે કોઇ વ્યવસ્થા કરવી જોઇએ. શાળાના સમય ઉપરાંત તેડાગરને બોલાવીને, માનસશાસ્ત્ર વિષે તેઓના સાથે સાથે વાતો કરવી જોઇએ. કોઇ કોઇવાર તેડાગર સાથે, બાળકોને લેવા જવાનું અને એ રીતે શિક્ષણ આપવાનું રાખવું જોઇએ.

તેડાગર માતાઓ વિષેનો પ્રશ્ન ભારે અગત્યનો છે અને તેથી (૧) તેડાગરની પસંદગીનું ધોરણ નક્કી કરવું જોઇએ. (૨) તેઓના વેતનનું પ્રમાણ વધારતા રહેવું જોઇએ (૩) બાલમંદિરના સમય બહાર, તેઓને શિક્ષણ મળે એવો પ્રબંધ કરવો જોઇએ. (૪) તેઓ ભણેલાં હોય તો નિત્ય તેઓ વાંચી શકે તેવું, બાલસાહિત્ય તેઓને આપતા રહેવું જોઇએ. (૫) તેડાગર માતાની પ્રતિષ્ઠા વધારવી જોઇએ અને તેઓમાંના કોઇ ઊંડી સમજવાળા નીકળે તો, બાળમંદિરના સંચાલનનો બોજો તેઓ પર નાખવો જોઇએ અને બાળમંદિર ચલાવવાની જવાબદારી પણ તેઓને સોંપાવી જોઇએ.

—લાલચંદ વોરા.

લેખાંક ૧૧મો

બાળકનું ગણિત શિક્ષણ

અગિયારથી તે સો સુધીની ગણત્રી.

ગઈ વખતે દશમાન અને સંખ્યારચનાના પરિચયની ચારે રમત હું વિનય સાથે રમી છું અને તેનું ખૂબ આશ્ચર્યજનક પરિણામ દેખાઈ આવ્યું છે.' આવતાની સાથે જ પોતાનો અનુભવ એમણે ખૂબ દ્રઢતાથી મારી સામે રજુ કર્યો.

'ગયા પંદર દિવસમાં મોટી મોટી સંખ્યા વાંચી બતાવવાની અને તેમાં હજાર, સો, દશક ને છૂટા કેટલા છે એ ઓળખી કાઢવાની રમત એને ખૂબ પ્રિય થઈ પડી છે. પુસ્તકમાં જૂના છાપામાં જ્યાં જ્યાં સંખ્યા દેખાય ત્યાં ત્યાં એનું ધ્યાન જાય છે અને તે એ સંખ્યા વાંચીને સમજવાનો પ્રયત્ન કરે છે.'

મેં કહ્યું, 'આનો યશ આપણે મે૦ મોન્ટેસોરીની યોજનાબધ્ધ શિક્ષણ પધ્ધતિને આપવો જોઇએ. આ પધ્ધતિમાં કોઇપણ બાબત બાળકની સામે મૂકતી વખતે બાળકની માનસિક પૂર્વ-તૈયારી કરવા માટે પહેલાં કાળજીપૂર્વક પ્રયત્ન કરવામાં આવે છે. આ પૂર્વ-તૈયારીના તંત્રથી જ સાધનોનો ઉપયોગ વ્યવસ્થિત રીતે થાય છે. અને એના વડે બાળકને નિશ્ચિત પ્રગતિની દ્રષ્ટિએ મદદ મળે છે. આજનો આપણો વિષય ૧૧થી ૧૦૦ સુધીની ગણત્રી એવો છે. પરંતુ આ ગણત્રીની પૂર્વ તૈયારી કેટલી સુંદર રીતે થઇ છે તે જુઓ. મૂળાંક શિક્ષણ પછી પહેલાં દશમાન પરિચય અને તરત એના પછી સંખ્યા-રચના અને સંખ્યા વાંચવાની રમત લેવાથી સંખ્યા કેવી રીતે લખાય છે, એની સ્પષ્ટ કલ્પના બાળકને આવી છે. અને તેથી હવે ગણત્રી શીખવવી ખરેખર બાળકને અને શિક્ષકને પણ કેટલી સરળ થઇ છે તે હવે જોઇએ.

"એટલે આની આગળ મોટી મોટી સંખ્યા-રચના તથા વાંચનની રમત બંધ કરીને ગણત્રી લેવાની કે શું ? મને લાગ્યું કે સંખ્યા વાંચન અંગે જે ઉત્સુકતા અને કુતૂહલ નિર્માણ થયું છે અને તે દ્વારા વિનયની જે પ્રગતિ થાય છે તેનો માર્ગ એકદમ બંધ થાય તે યોગ્ય નથી."

મેં કહ્યું "કમળાબેન ! બસ હવે તો તમે એકાદા શિક્ષણશાસ્ત્રી જેમ જ બોલવા લાગ્યા છો. તમારું કહેવું તદ્દન સાચું છે. અહીંથી આગળ શિશુશિક્ષકના ગણિત શિક્ષણના પ્રયત્નના બે ફાંટા ફૂટે છે. એક બાજુથી બાળકની ગણત્રી પાકી કરવાનો પ્રયત્ન થાય છે તો બીજી બાજુથી તેનો દશમાન દ્રઢ કરાવવા માટે મૂળકૃત્યોની રમત આપવામાં આવે છે." "મૂળકૃત્યોની રમત" એમ સાંભળીને કમળાબેનના મોઢા ઉપર ફરીથી કુતૂહલના ભાવો જાગ્યા -અને તેઓ બોલ્યા "મૂળકૃત્યો એટલે સરવાળા, બાદબાકી ગુણાકાર અને ભાગાકાર ને ! અને એ બધાં ગણત્રીની આગળ આવે ?"

મેં કહ્યું, "અહીં આગળ અને પાછળનો પ્રશ્ન જ નથી આવતો. અમે આવી રમતો "સમાન્તર" લઇએ છીએ. સમાન્તર એટલે એક બાજુ ગણત્રી પાકી કરવાનું ચાલુ હોય છે અને બીજીબાજુ મૂળકૃત્યોની સામુદાયિક રમત પણ ચાલુ હોય છે. પણ આજના આપણા અભ્યાસ માટે ગણત્રી એ જ વિષય લઇએ અને બીજી-વાર મૂળકૃત્યોની સામુદાયિક રમત લઇશું."

"પણ મૂળકૃત્યોની સામુદાયિક રમતોમાં દશમાન પરિચય અને સંખ્યારચનાનું દ્રઢીકરણ છે ને ? હાલે વિનયને કઇ રમત આપવી એનો વિચાર હું કરું છું." કમળાબેન બોલ્યાં.

મેં કહ્યું. "હું તમારી મુશ્કેલી સમજી ગયો છું. બે ચાર દિવસ જૂની રમતોનું પુનરાવર્તન કરવાથી પણ ચોકકસ તેને ગમશે. આ વખતે તમે કહેશો તો ફરી હું કાલે આવીશ અને એ વિષેની માહિતી આપીશ. ગણત્રીની રમત એટલે કંઇ કંટાળો આપે એવી રમત હશે એવી કલ્પના રખે કરતા. એ પણ એક રીતની સંખ્યા રચનાની જ રમત છે એટલે એમાં પણ વિનયને ગમ્મત પડશે એનું મને લાગે છે.

ગણત્રી અથવા આંક

ગણત્રી એટલે કે ૧૦૦ સુધીની ગણત્રી. મને તો એ ખૂબ કંટાળાભર્યું લાગે છે. ૧૦૦ અંકના ૧૦૦ જુદા જુદા નામો. અને તે પણ નિશ્ચિત ક્રમમાં જ મોઢે થવા જોઇએ. ૧૦૦ જુદા જુદા માણસોના ૧૦૦ નામો ક્રમશઃ યાદ રાખવા જેટલું જ ચમત્કારિક છે!" કમળાબેન બોલ્યા.

મેં કહ્યું : "કમળાબેન તમે કહો છો । તે વાત ખોટી નથી. પણ આ બાબતમાં થોડો વિચાર કરીને આપણે

રમતની યોજના કરીએ તો આ કામ કંટાળાભરેલું નહિ લાગે. આપણે મોટેરાંઓએ એમાંથી એક મહત્વની બાબત ધ્યાનમાં લેવી જોઇએ. તે એટલે કે ૧૦૦ સુધીની ગણત્રી માટે આપણે ૬ અથવા ૯ મહિના જેટલો લાંબો સમય આપવો જોઇએ. થોડા અભ્યાસથી કે આંક મોઢે બોલવાથી આ કામ બરાબર થતું નથી. આ કાળમાં આંક માટે વચ્ચે વચ્ચેથી પલાખા પૂછીને તેની ભૂલ બતાવીને તેનો આત્મવિશ્વાસ ઓછો થાય એવું ન કરવું. ૬ થી ૯ મહિના સુધીના સમયમાં આંક ધીરે ધીરે આપતા જવા અને ત્યાર પછી પલાખાની રમત લેવી.

૧૦૦ સુધીની ગણત્રી શીખવવા માટે અમે એ આંકના ત્રણ ભાગ કરીએ છીએ.

(૧) ૧૧થી ૧૯ના આંક
(૨) દશકના આંક.
(૩) વીસની આગળના આંક.

(૧) અગિયારથી ઓગણીસના આંક.

આ આંક માટે રંગીન મૂળાંક મોતીની સળીની પેટી અને ૧૧થી ૧૯ના અંકોની જરુર પડે છે. મૂળાંક મોતીની સળીની પેટી એ બાળકોનું એક પ્રિય સાધન છે, એમાં ક્રમશઃ નાના મોટા દશ ખાના છે. એમાં એકથી તે નવ મૂળાંકની જુદા જુદા રંગની દરેકની પાંચ પાચ મોતીની સળીઓ હોય છે. દશમાં ખાનામાં દશકની નારંગી રંગની દશ સળીઓ હોય છે. એકની સળીમાં એક જ લાલ રંગનું મોતી હોય છે. બેની સળીમાં બે ઘેરાં લીલા રંગના મોતી હોય. આમ ૩ થી ૯ અંકની સળીઓ જુદા જુદા ૭ રંગની હોય છે. આ પેટીના ખાના ઉપર પણ અંકો લખેલા હોય છે. એટલે બહાર કાઢેલી સળીઓ ફરીને વ્યવસ્થિત તે જ ખાનામાં મૂકી શકાય. આ સાધનોનો પરિચય આપવા માટે બધી બહાર કાઢીને ભેગી કરી દેવી અને ફરી છૂટા પાડી એના ખાનામાં ભરવાની રમત આપવી. બે ત્રણવાર આ રીતે રમત રમવાથી સળીઓની તથા ખાનાની માહિતી મળી જશે. સાધનની બરાબર માહિતી કરી આપવાથી એ વાપરવું સરળ થઇ પડે છે.

(૧) રાશિ તથા નામસંબંધ જોડાણ

પહેલાં રંગીન સળી પેટીમાંથી સળીઓ કાઢીને નીચે પ્રમાણે ગોઠવવી અને ત્રિપદ પધ્ધતિથી નામો પાકાં કરાવવા.

સંખ્યાના નામો

૧ દશ ૧, અગિયાર.
૧ દશ ૨, બાર.
૧ દશ ૩, તેર.
૧ દશ ૪, ચૌદ
૧ દશ ૫, પંદર.

આપણી જૂની પધ્ધતિ પ્રમાણે "બે એકડે અગિયાર, એકડે બગડે બાર" એમ બોલાવતા હતા. પરંતુ બાળકને હવે દશમાનનો પરિચય થઇ ગયેલો હોવાથી ઉપર પ્રમાણે બતાવવાનું વધુ અનુકૂળ થશે. પહેલા આમ પાંચ નામો એક સાથે આપવાથી પણ બાળકોને મુશ્કેલી નહિ આવે. ઉપર પ્રમાણે ગોઠવણી કર્યા પછી તથા ઉપર સૂચવ્યા પ્રમાણે '૧ દશ ૧, અગિયાર,' એમ સંખ્યાના નામ આપ્યા પછી છૂટા મોતી આપીને નીચે પ્રમાણેની રમત લેવી.

" એક દશ એક, અગિયાર બનાવો."
" એક દશ બે, બાર બનાવો."
' એક દશ ત્રણ, તેર બનાવો.'

આ રીતે પંદર સુધી લેવું. પુનરાવર્તનની દ્રષ્ટિથી ફરીને બધી સળીઓ તથા મોતી ભેગા કરીને ઉપર પ્રમાણે રમત રમવી.

' એક દશ એક, અગિયાર બનાવો.'
' એક દશ બે, બાર બનાવો.'
' એક દશ ત્રણ, તેર બનાવો.'

આમ પંદર સુધી આંક પાકા થયા પછી નીચે પ્રમાણે ગોઠવણી કરીને પંદરથી આગળની ચાર સંખ્યાના નામો આપવા.

' ૧ દશ ૬, સોળ.'
' ૧ દશ ૭, સત્તર.'
' ૧ દશ ૮, અઢાર.'
' ૧ દશ ૯, ઓગણીસ.'

આ નામો પાકા કરાવતી વખતે પણ ઉપર પ્રમાણે ક્રમશઃ રમતો લેવી. પછી ૧૧થી ૧૯ સુધીની સંપૂર્ણ ક્રમશઃ રચના કરીને એનું પુનરાવર્તન કરાવવું.

(૨) ચિહ્ન અને નામનો સંબંધ જોડવો.

આ સંબંધ જોડવા માટે ૧૧ થી ૧૯ સુધીના

એક પાટીયાની યેાજના રહેલી હેાય છે. આ પાટીયાના નવ ખાનામાં | ૧ : ૦ | લખેલા હેાય છે. અને એ દશમાંના એકમ સ્થાન ઉપર મૂળાંકના ચેારસની તકતીએા ગેાઠવીને પહેલાં ૧૧થી ૧૫ સુધી રચના કરીને બતાવવું. અને દરેક વખતે મેાઢેથી સંખ્યાનેા ઉચ્ચાર સ્પષ્ટ રીતે કરવેા :—



અંકનું પાટિયું.
નં. ૧.

ઉપર પ્રમાણે નામ આપ્યા પછી

'૧ દશ ૧, અગિયાર બનાવેા.
'૧ દશ ૨, બાર બનાવેા.'
'૧ દશ ૩, તેર બનાવેા.'

એવું પહેલાની જેમ જ કરવાનું કહેવું (અહીં છૂટા માટે યેાગ્ય અંકની તકતી શેાધીને ઉપર બાણથી દર્શાવ્યા પ્રમાણે એકત્ર સંખ્યાને સ્થાને બાળકે પેાતે એ તકતી એની જગ્યાએ નાખવી) આજ પ્રમાણે આગળ ૧૫ થી ૧૯ સુધી અને ફરી ૧૧ થી ૧૯ એમ ક્રમમાં અંક કરીને ચિહ્ન અને નામનેા પરિચય દૃઢ કરાવવેા.

(૩) રાશિ અને ચિહ્નનેા સંબંધ જોડવેા.

એક રમતમાં રાશિ અને નામનેા સંબંધ અને બીજી રમતમાં ચિહ્ન અને નામનેા સંબંધ બાળકના મનમાં જોડવાથી રાશિ અને તેના ચિહ્નનેા સંબંધ જોડવાનેા પ્રયત્ન બાળક પેાતાની મેળે કરે છે. આ સમયે પાટિયાના ખાનાની પટ્ટી ઉપર અંકની રાશિ મૂકવાનું બાળકને સૂચવવું. રાશિ મૂકતા આવડે, પછી ૧૧ થી ૧૯ સુધીની ટેાપલીની રમત પ્રમાણેની છૂટી ચિઠ્ઠિઓ કરવી.

ચિઠ્ઠિ. | ૧૧ | | ૧૨ |
રાશિ oooooooooooo oooooooooooo

આ છૂટી ચિઠ્ઠિઓ ક્રમમાં ગેાઠવવી અને પછી યેાગ્ય ક્રમશઃ એની સામે રાશિ મૂકવાની રમત આપી શકાય. અથવા આ ચિઠ્ઠિઓ ટેાપલીમાં મૂકીને ગમે તે એક ચિઠ્ઠી ઊંચકીને તેના અંક પ્રમાણે રાશિ મૂકવી. અથવા પહેલા રાશિ ક્રમમાં મૂકી તેની સામે ચિઠ્ઠિએ મૂકવાની રમત આપી એટલે ૧૧ થી ૧૯ સુધીન અંકનેા ક્રમ પાકેા થાય છે અને એનું પુનરાવર્ત થાય છે.

કમળાબેન બેાલી ઉઠયા; '૧૧થી ૧૯ શીખવવા માટે કેટલી બધી માથાકૂટ!'

મેં કહ્યું, 'આ નાની રમતેાનું વર્ણન જરા કિલષ્ટ લાગે છે. પણ સામે બાળક હેાય, તેા શિક્ષકને રમતની અનેક જુદી જુદી રીતેા સુજે છે અને તેથી શીખનારને પણ મઝા પડે છે. ૧૧થી ૧૯ સુધીનેા પહેલેા પાઠ ખૂબ મહત્વનેા છે. દશમાન પરિચયમાં આપણે સંખ્યા રચનાની વ્યાપક કલ્પના બાળકની સામે આપી છે. આ જ કલ્પના આપણે અહીં ૧૧થી ૧૯ની મર્યાદામાં વધારે સ્પષ્ટ કરીએ છીએ. આ પહેલેા પાઠ બરાબર સમજાય પછી ૧૦૦ સુધીની અંકરચના બાળકને તદ્દન સહેલી લાગે છે.

દશકની રમત :

૧૧ થી ૧૯ સુધીની પહેલી રમત બરાબર આવડી ગયા પછી દશકની નવી રમત શરુ કરવી. આ રમત માટે અંક પાટિયું નં. ૨ ઉપર ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦ એમ અંક લખેલા હેાય છે.

અંક પાટિયું નં. ૨

	દશકની સળીઓ	સંખ્યાના નામો
૧૦	—	૧ દશ દશ
૨૦	— —	૨ દશ વીસ
૩૦	— — —	૩ દશ ત્રીસ
૪૦	— — — —	૪ દશ ચાળીસ
૫૦	— — — — —	૫ દશ પચાસ

અંક પાટિયું નં. ૨

૧૦
૨૦
૩૦
૪૦
૫૦

અંક તકતીઓ ૧ થી ૯, ક્રમમાં.

૧
૨
૩
૪
૫

૬
૭
૮
૯

ઉપર પ્રમાણે અંક પાટિયા નં. ૨ ઉપર રાશિ અને ચિહ્નનો સંબંધ જોડીને તેના નામો સાથે આવ્યા પછી અંક પાટિયું નં. ૩ લેવું ને ઉપર પ્રમાણેની જ રમત આગળ સાઠ સીત્તેર, એંશી, ને નેવું એમ નામો આપવા. અંક પાટિયા નં. ૩ માં નં. ૨ ના જેવું જ હોય છે. એમાં અંક ૬૦, ૭૦, ૮૦ ને ૯૦ એમ ચાર ખાનામાં લખેલું હોય છે. આમાં પણ આગળની રમત પ્રમાણે ચિઠ્ઠિની રમતો લેવી.

વીસની આગળના અંકોની રમત.

(૧) ૨૧ થી ૨૯, (૨) ૩૧ થી ૩૯, (૩) ૪૧ થી ૪૯, (૪) ૫૧ થી ૫૯, (૫) ૬૧ થી ૬૯, (૬) ૭૧ થી ૭૯, (૭) ૮૧ થી ૮૯, (૮) ૯૧ થી ૯૯ આ પ્રમાણે આંગળના આંક શીખવવાના હોય છે.

આ માટે અંક પાટિયું નં. ૨ લેવું, આ પાટિયાના [૨૦] ના ખાનામાં રમત નં. ૧ [૩૦] ના ખાનામાં રમત નં. ૨. [૪૦] ના ખાનામાં રમત ન. ૩ તથા [૫૦] ના ખાનામાં રમત નં. ૪ બતાવવાની છે.

આ અંક બતાવવા માટે આ પાટિયા સાથે ૧ થી ૯ સુધી અંકની છૂટ્ટી તકતીઓનો ઉપયોગ કરવો. દા.ત. આપણે પહેલી રમત બતાવવી છે. પહેલા ૧ થી ૯ સુધીની છૂટ્ટી અંકની તકતીઓ ક્રમમાં ગોઠવીને મૂકવી.

૧ ની તકતી લઈ એને ૨૦ ના અંક આગળ ગોકવી બોલવુ : ૨ દશ ૧ એકવીસ, અને બાળક પાસેથી પણ એ જ પ્રમાણે બોલાવી લેવું. નીચે પ્રમાણે ક્રમમાં બોલવું તથા બોલાવવું.

૨ દશ ૧ એકવીસ.
૨ દશ ૨ બાવીસ.
૨ દશ ૩ તેવીસ.
૨ દશ ૪ ચોવીસ.
૨ દશ ૫ પચ્ચીસ.
૨ દશ ૬ છવ્વીસ.
૨ દશ ૭ સત્તાવીસ.
૨ દશ ૮ અઠ્ઠાવીસ.
૨ દશ ૯ ઓગણત્રીસ.

બીજી રમતો ઉપર પ્રમાણે જ લેવી, આ રમતો લેતી વખતે રાશિ બતાવવાની જરુર નથી. કારણ અત્યાર સુધી દરેક વખતે આપણે રાશિ બતાવતા આવ્યા છીએ તેથી અંકના મૂલ્યની કલ્પના બાળકને આવી છે.

ચિઠ્ઠીની રમત.

એક નાની ટ્રેમાં નાના એક સરખા કાચના ગ્લાસ લેવા. એમાં ૧" × ૩" ના આકારની નવ રંગની દરેક દશ દશ ચિઠ્ઠીઓ તૈયાર કરવી. એક રંગની ૧૦ ચિઠ્ઠિમાંની દરેક ચિઠ્ઠિ ઉપર એક અંક એ પ્રમાણ ૧, ૨ ૩, ૫, એમ અંકમાં લખવું. એની સાથે "૨।। × ૧"

(અનુસંધાન ૧૭ માં પાના ૫૨)



કાશીનાથ

એક નાનું સરખું ગામ, ગામ તો દરિયા કિનારે. ભૂરા ભૂરા પાણીથી છલકાતો દરિયો. ગામમાં તો નાનાં નાનાં ઘર. માટીનાં બનેલાં હું કે. પણ એ નાનકડા ઘરની શોભા ભારી. એની ભીંતો તો સરસ માટીએ લીંપેલી અને ઉપર ફૂલવેલની ભાત પણ ચીતરેલી. એ ઝૂપડાંના છાપરાં તો લીલાં તાડનાં પાને છાયેલાં. નાનાં નાનાં ઘરને નાનાં વાડા ય બશાં. વાડામાં તો મોગરો ખીલ્યો હોય કે પીળા ધમરક ગલગોટા મહેકતા હોય. કો'ક કો'ક વાડામાં તો પપૈયા પણ હોય ને જમરૂખી પણ હોય.

એ ગામના માણસો ય મઝેનાં. સવાર પડે એટલે બધાં દરિયામાં નાની હોડીઓ લઈને નીકળી પડે. એમનો ધંધો જ માછીમારનો. રોજ દરિયામાં દૂર દૂર જવું ને નાવડી ભરીને મચ્છી લાવવી એજ એમનું કામ. સ્ત્રીઓ પણ ખૂબ કામગરી ભાઈ, સવાર પડતાં પહેલાં તો ટોપલામાં માછલી ભરતીકને શહેર તરફ ચાલવા માંડે. અરે નાની છોકરીઓ પણ નાની ટોપલી લઈને શહેર તરફ ઊપડી જાય. ગામમાં છોકરાઓને મઝા. બધા બહાર કામે જાય, ઘરે કોઈ ન હોય, એટલે છોકરા ગામમાં જાત જાતની ધમાલ મચાવે.

આમ તો એ ગામમાં ઘણાં છોકરાં. મનુ, મોહન ને મથુર, શાંતિ ને શનો અને એવા તો કેટલાંય પણ બધાથી ટોચ **કાશીનાથ**. નવ વર્ષનો **કાશીનાથ** બધા છોકરામાંથી જુદો તરી આવે. બધાનો રંગ જરા કાળાશ પડતો પણ આપણો કાશીનાથ જરા ગોરો. બધાં છોકરાંથી એ નાનો તોય જરા મજબૂત. હિમ્મત તો ભાઈ કાશીનાથની જ કહેવી પડે. પણ કાશીનાથને માબાપ નહિ એટલે માસીને ત્યાં રહે. માસી તો સવારના પહોરમાં કામે નીકળી પડે. પછી કાશીનાથને કોણ પૂછનારું? એ તો પોતાના બધાં દોસ્તદારોને બોલાવે ને આખા ગામને ગજવે. બધાં તો એને "વાનર સેનાનો સરદાર" કહે.

એક દિવસની વાત છે. કાશીનાથનાં માસી જતાં'તાં શહેરમાં. કાશીનાથ તો થોડે સુધી માસીને મૂકવા ગયો. ગામ પાસેની ખાડી આવી એટલે માસીએ કાશીનાથને કહ્યું; "કાશી જા ઘરે! આગો દા'ડો ઘરમાં રહેજે, બેટા. આપણાથી બહાર જઈને બીજા છોકરાંઓ સાથે તોફાન ન થાય.

કાશીનાથે તો માસીને જવાબ આપ્યો; "તમે તમારે જાવ, માસી. હું તો આપણા વાડાની બહાર જ નહિ જાઉં ને..." એમ કહીને એણે તો ઘર તરફ દોટ મૂકી.

ઘેર તો બધા એના દોસ્ત રાહ જોઈ રહેલા. એ જોયો દૂરથી દેખાયો કે બધાં છોકરાં તાળી

પાડીને નાચી ઉઠ્યાં, "કાશી આવ્યો, કાશી આવ્યો"ની ધુમરાણ મચી.

જેવો કાશીનાથ આવ્યો કે બાળકોએ દરખાસ્ત મૂકી, "ચાલ, કાશી દરિયે જઇએ."

પણ આજે કાશી જરા નિરાશ હતો. એણે બાળકોને જરા ગંભીરતાથી કહ્યું; "તમે તમારે ઘેર જાવ.....હું ઘેર જ રહીશ. મારાથી તમારી સાથે તોફાન ન થાય. માસીએ ના કહી છે..."

થોડી વાર તો બધાં છોકરાં બાપડાં અવાક બનીને ઊભાં. પણ એમાં એક જરા બુદ્ધિસાગર છોકરો. એનું નામ ચેતન. ચેતને જરી વિચાર કર્યો. એના મનમાં તુક્કો આવ્યો; 'અરે દોસ્ત, એમ નાહકનો નિરાશ શું થઇ જાય છે? અલ્યા આપણે તોફાન જ કયાં કરીએ છીએ. આપણે તો રમીએ છીએ. રોજ બહાર, તો આજે તારા વાડામાં રમીશું.'

બધાં છોકરાઓએ તો એકી સાદે ખુશ થઈને બૂમ પાડી "હા. ...હા આજે આપણે નહિ જઇએ.

ચાલો કાશીનાથના માથા પરથી આફત ગઇ. ચેતન પણ કમાલ હું. ગમે તે વાતનો તોડ લાવે.

કાશીનાથ તો ફરી પાછો રોજના ઉત્સાહમાં આવી ગયો. એણે તો હુકમ છોડવા માંડયો; "આજે આપણે રાજા રાજા રમીએ. આજે ચેતન મારો પ્રધાન થાય." ચેતનનો તો વટ વધી ગયો. બધાં છોકરાંની તો આ રોજની રમત. પછી ચેતન તો રાજાજી માટે સિંહાસનની શોધમાં નીકળ્યો પણ આ રાજાજીને લાયક સિંહાસન કયાંય મળે જ નહિને. આખરે માસીનું વાડામાં પડી રહેલું એક કાણું માટલું મળ્યું. એણે એ લાવીને કાશીનાથની સામે મૂકયું; અને સલામ કરી જરા રૂઆબથી કહ્યું 'રાજાસાહેબ' આપ આ સિંહાસન પર બેસો. પણ, જોને સિંહાસન બહુ કિંમતી અને નાજુક ધાતુનું બનેલું છે. ભાંગી ન જાય. પછી આપણા રાજાજી તો સાચા રાજા કરતાં ય ઘણા રૂઆબથી બેઠા. ચેતને બૂમ પાડી; 'જે ભેટો લાવ્યું હોય તે રાજાજીને આપી જાય!' રાજાજીનો પ્રજાવર્ગ (એટલે પેલાં છોકરાં જ હું કે!) તો કયારનો ય ભેટ આપવા તલપાપડ થઇ રહેલો.

એક છોકરીએ તો બહુ મોટી ભેટ આપી. એની ભેટ હતી એક નાનું સરખું તીરકામઠું. બીજાએ એના વાડામાં ઊગેલાં લાલ કરેણનાં ફૂલ આપ્યાં. વળી કોઇએ લાલ રંગનો એક સરસ પથરો આપ્યો. સૌથી રૂપાળી ભેટ તો ગુંથીને બનાવેલા ઘાસના મોરની હતી. જેમ જેમ ભેટ આવતી જાય તેમ કાશીનાથની છાતી ફૂલતી જાય. પણ સૌથી મનગમતી ભેટ તો હવે આવવાની હતી. એક છોકરાએ સરસ નાનકડું જમરૂખ આપ્યું. કાશીનાથના મોંમાં તો પાણી આવી ગયું. મનમાં થયું કે લાવને એકાદ બટકું ભરી દેવા દે! પણ પાછો એ તો રાજા બનેલો; એનાથી બર સભામાં ખાઇ કેમ શકાય? પણ કેમે કર્યું એનું મન પેલા જમરૂખ પરથી ન હટે... ..

ભેટની રમત પૂરી થઇ ને છોકરાંઓએ ચોર ચોરની રમત શરુ કરી. આજે તો રવજીકાકાની શાંતિ રમવા આવેલી. થોડાં છોકરાં ચોર બન્યાં ને થોડાં સિપાઇ બન્યા. શાંતિએ તો કહ્યું; "કાશી, હું ચોર બનીશ!"



કાશીએ જરા વટથી કહ્યું; "હવે બેસ છાનીમાની. આવડી નાની છોકરી ચોર બનવાની છે? અરે સિપાઈ આવે તો તારાથી દોડાય પણ નહિ?' પણ શાંતિ શેની માને? એ તો ચોર બની તે બની.

રમત તો શરુ થઈ. ચોર તો ભાગવા માંડયા. પેલી શાંતિ ચોર પણ ભાગવા જ માંડે ને? પણ એ

બાપડી નાની. એ તો ઘરમાં કોઠીની પાછળ ભરાઇને છાની માની બેઠેલી. પણ સિપાઈ પણ બિલ્લીપગો ભાઈ. એણે તો ઝપ લઇને શાંતિ ચોરને પકડી. ને હોહા મચી ગઈ.

'ચોર પકડાયો! ચોર પકડાયો! બધાં આવી જાવ! ચાલો' શાંતિ તો બિચારી ગભરાઇ ગઈ. સિપાઇઓ તો એને રાજાજી પાસે લઇ આવ્યા. આજુબાજુ બધાં આવી ગયાં પછી તો આપણા કાશીનાથ રાજાજીના હાથમાં ન્યાય કરવાનો આવ્યો. એમણે તો મોટી આંખો કાઢી, ને બરાડયા; "**એ, ચોર છોકરી, તું ચોર છે!**"

શાંતિ તો બિચારી રડું રડું થઈ ગઈ. કાશીનાથના મનમાં કે શાંતિ અમસ્તી રડવાના ઢોંગ કરે છે .... ફરીથી તો કાશીનાથે પહેલાં કરતાય મોટી આંખો કાઢી ને બૂમ પાડી; - "**આમ રહીશ તો તને અંધારી કોઠીમાં પૂરી સાત સમુંદરને પાર મોકલી દઈશ.**"

કાશીનાથનું વાક્ય પૂરું ન થયું ત્યાં તો શાંતિબેને ભેંકડો છોડી દીધો. કાશીનાથને તો પલભર બબર પણ ન પડી કે શાંતિ બનાવટી રડે છે કે સાચું. પણ પછી તો એણે એની આંખમાંથી આંસુ સરતાં જોયાં, ને શાંતિનો ભેંકડોય મોટો થયો. આ તો હસવામાંથી બસવું થયું. બધાં છોકરાંય ગભરાયાં. ચેતન શાંતિને મનાવવા લાગ્યો

પણ શાંતિનો ભેંકડો તો બમણોજ થતો જાય.

કાશીનાથ તો જરા ધૂંવાપૂંવા થઈ ગયો; હવેથી તો છોકરીઓને રમાડવીજ નહિ. શાંતિ હવે જરા શાંત રહીશ? પણ માને તે શાંતિ નહિ. આખરે કાશીનાથની નજર એની ભેટ પર ગઈ. એણે કહ્યું: 'લે શાંતિ આ લાલ કરણનાં ફૂલ લે? ઉંહું 'ને શાંતિએ જરા જોરથી ભેંકડો ખેંચ્યો.

[અપૂર્ણ]

તમે જાણો છો કે.....?

ઉંદર ચૂં ચૂં કરે છે.
કબુતર ઘૂ ઘૂ ઘૂ કરે છે.
કોયલ ટહુકે છે.
ગધેડું ભૂંકે છે.
ઘોડો હણહણે છે.
ચકલી ચીં ચીં કરે છે.
દેડકા ડ્રાઉં ડ્રાઉં કરે છે.
બિલાડી મ્યાઉં મ્યાઉં કરે છે.
કાગડો કા કા કરે છે.
કૂકડો કૂકડે કૂક કરે છે.
કૂતરો ભસે છે.
ભમરો ગૂંજે છે.
ગાય ભાંભરે છે.
ભેંસ રણકે છે.
માખી ગણગણે છે.

વાઘ ત્રાડે છે.
વાંદરો હૂપ હૂપ કરે છે.
સાંપ ફૂંફાડે છે.
સિંહ ગર્જના કરે છે.

પક્ષીનો માળો
ઉંદરનું દર.
સિંહની ગુફા.
મધમાખીનો મધપૂડો.
ગાયની કોઢ.
ઘોડાનો તબેલો.
વાઘની બોડ.
ઘેટાંનો વાડો.
હાથીનું હાથીખાનું.
સાપનો રાફડો કહેવાય

ચીક.....ચીક.....ચીક



૧

ચીક ચીક ચીક
ચકલી બોલે ચીક
બીક બીક બીક
ના લાગે એને બીક

૨

ફૂકરે.....ફૂક
ફૂકડો બોલે ફૂક,
ઉઠ ઉઠ ઉઠ
બોલે વેલો ઉઠ

૩

ખ્યાઉં ખ્યાઉં ખ્યાઉં
બીલ્લી બોલે ખ્યાઉં
ખ્યાઉં ખ્યાઉં ખ્યાઉં
માખણ દૂધ તો ખ્યાઉં

૪

બેં બેં બેં
પેલી બકરી બોલે બેં
દે.....દે.....દે
મીઠું દૂધ તો દે.

૫

બ્હાઉ બ્હાઉ બ્હાઉ
પેલો કૂતરો બોલે બ્યાઉ
'જાઉં જાઉં જાઉં
બીલ્લી પાસે જાઉ'

૬

ભેં ભેં ભેં,
પેલાં છોકરાં રડે ભેં,
છે.....છે.....છે
એ તો કજીયાળાં છે.

૭

હા....હા....હા
પેલાં છોકરાં હસે હા,
બા....બા....બા,
એને બરફી આપે બા.

—શ્રી રમેશ ઠોઠારી

જરા મેળવી આપો તો.....!



આ કાળા કાળા કટકા એક પંખીના છે. હું કાગળમાંથી કાપતો હતો. આખું પંખી કાગળ-માંથી કાપીને ગોઠવ્યું ને તરત જ પવન આવ્યો ને કટકા ઉડીને જ્યાં ત્યાં વિખેરાઇ ગયા. હું તો થાકી ગયો છું. હવે તમે જરા ગોઠવી આપો.

ઉપર પાતળો કાગળ મૂકીને આ ચિત્ર પરથી બીજું ચિત્ર બનાવીને તમે કાપી શકો ને પછી ગોઠવી શકો.

જવાબ મોકલશો.



<u>ટપકાં જોડો</u> <u>જલદી દોડો.</u>

તમે અંક ૧ થી ૧૩ ને જોડી દો તમને ઝડપથી દોડવાનું સાધન મળી જશે.

—શ્રી મધુસુદન.

.....ચકી બે ન.....

ચકીબેન ચકીબેન બારી સાથે રમવા આવશો
કે નહિ રે.—ચકી બેન.
બેસવાને પાટલો, સૂવાને ખાટલો
ઓઢવાને પીંછા આપીશ તને,
હું આપીશ તને—ચકીબેન.
પહેરવાને સાડી, મોર પીંછાવાળી
ઘમ્મરીયો ઘાઘરો આપીશ તને,
હું આપીશ તને—ચકીબેન.

બા નહિ વઢશે; બાપુ નહિ બોલશે
નાનો ભાઇ તો ઊંઘી ગયો રે
ઊંઘી ગયો—ચકીબેન.
ટકટક ચણજે, ચીં ચીં કરજે
બાવાને દાણા આપીશ તને,
હું આપીશ તને—ચકીબેન.

—ભંડુભાઇ પટેલ
(મરાઠી પરથી)

મંગળ ખેલઘર

મંગો એનું નામ. એક નાનકડા ગામના કુંભારનો એ દિકરો. એનો બાપ માટલાં ઘડે ને મંગો સુકવી આવે. એના બાપ કોડીયા ઉતારે ને મંગો ઉપર જાત જાતની ભાત પાડે.

દશ વર્ષનો મંગો ગામનાં બધાં છોકરાંને ગમે. એ ગામનાં છોકરાંઓને જાત જાતનાં રમકડાં બનાવી આપે. કોઇને ગાય તો કોઇને ભેંસ. કોઇને હાથી તો વળી કોઇને ઊંટ.

મંગળ તો કામ કરતો જાય, રમકડાં બનાવતો જાય અને મઝા કરતો જાય.

પણ એક દિવસ મંગળના માથા પર અચાનક દુઃખ આવી પડયું. મંગળના ઘરડા બાપ મરી ગયા. મંગળ તો દશ વરસનો. બાપ મરી જાય પછી ઘર માટે કમાય કોણ? બિચારી માથી તો કાંઈ કામ ન થાય.

હવે થાય શું? બિચારો મંગળ કરે પણ શું? માને તો કાંઇ વિચાર ન સુઝે. એ તો બિચારી આખો દિવસ રડે.

એમ કરતાં કરતાં થોડા દા'ડા પસાર થયા. માનું દુઃખ જરા હળવું થયું. મંગળે ઉપાય શોધ્યો. એણે વિચાર કર્યો; મારાં બનાવેલાં રમકડાં ગામનાં છોકરાંઓને તો ખૂબ ગમે છે. તો એવાં રમકડાં બનાવી હું શહેરમાં જઇ વેચી પણ શકું!

આમ વિચાર્યા પછી એ તો રોજ માટી લઇ આવે ને ખૂણામાં બેઠો બેઠો જાતજાતનાં રમકડાં બનાવે. મોર, હાથી ને ઘોડા, બકરી ને ઊંટના જોડાં. એમ કરતાં કરતાં રમકડાનો ઢગ થયો. એણે તો એક દિવસ બાને કહ્યું; 'બા બા, મેં રમકડાં બનાવ્યાં છે. શુક્રવારે શહેરમાં બજાર ભરાય છે. ત્યાં હું મારા રમકડાં વેચવા જાઉં?'

બાએ કહ્યું; 'પણ શહેરમાં તો લોકો આવા રંગ વગરનાં માટીના રમકડાં લે જ નહિ!' પણ મંગલ તો એકનો બે ન થયો. એણે તો શહેરમાં જવાની હઠ લીધી. માએ તો એને જવા દીધો.

મંગલે તો શહેરના શુક્રવારનાં બજારમાં દુકાન કાઢી. એ તો આખો દિવસ બેઠો પણ એનાં રંગ વગરના રમકડાં કોણ લે? એણે વિચાર કર્યો કે કાંઈ નહિ. આવતી વેળાએ હું મારાં રમકડાં રંગી લાવીશ. પણ એની પાસે રંગ લાવવાના પૈસા પણ ન હતા. હવે કરવું શું? ત્યાં તો એક માણસ ખૂબ સામાન ખરીદીને ઉભો હતો. મંગલને થયું કે આ માણસને મદદની જરુર છે. મંગલે કહ્યું; 'તમારો સામાન ઉંચકી જવા માણસ જોઇએ છે? હું ઉંચકી જઇશ. તમારે જે આપવું હોય તે આપજો.' પેલા માણસને માણસની જરુર હતી જ. એણે તો છોકરા માથે પોતાનો સામાન ચડાવી દીધો. મંગલ ને માથે સામાનનો ગાંસડી ને બંભે લટકાવેલી રમકડાંની પોટલી.

પેલો માણસ મંગલને એવી સરસ જગ્યાએ લઈ આવ્યો કે ન પૂછો વાત. મંગલ તો ચારે કોર જોઇને આભો જ થઇ ગયો. ચારે બાજુ રંગબેરંગી રમકડાંની હારો. ઉપર પાટીયા પર રમકડાં ને નીચે પાટલાઓ પર રમકડાં. અરે વાહ આ તો આખું રમકડાનું કારખાનું. પેલા માણસે તો મંગલને મજુરી આપી દીધી પણ મંગલ જાય જ નહિ. પેલા ભાઇએ પૂછ્યું; 'કેમ અલ્યા છોકરા તું જતો નથી? તારે કાંઇ કામ છે કે નહિ?' મંગલ તો જરા ચાલવા માંડયો. પછી તરત પાછો આવ્યો ને બોલ્યો; 'મને રમકડાં બનાવવાનું ખૂબ ગમે છે. તમે મને અહીં રહેવા ન દો? જુઓ તો ખરા હું પણ રમકડાં બનાવું છું.' પેલાએ બહુ માયાળું અવાજે કહ્યું;

'બતાવ જોઉં!'

મંગલે પોટલીમાં કપડાના ડુચાઓ વચ્ચે સાચવીને બાંધેલા હાથી, ઘોડા ને ઢીંગલીઓ બતાવી. આવડા નાના છોકરાની કારીગરી જોઇને પેલો માણસ તો ખુશ થઇ ગયો. એ બોલ્યો; 'જા આજે તારી માને તારા ગામ જઇને મળી આવ અને આ વાત કહી આવ. પછી અહીં રહેજે ને રમકડાં બનાવવાનું શીખજે.

મંગલે તો આનંદમાં ને આનંદમાં ચાલવા માંડયું. ઘર તો પલવારમાં આવી ગયું હોય એવું લાગ્યું.

માને બધી વાત સમજાવી.

માએ કહ્યું; તું જા બેટા પણ થોડે થોડે દિવસે મારી ખબર લેતો રહેજે.' મંગલ તો માને પગે લાગી શહેર તરફ ચાલ્યો. કારખાનું આવ્યું. મંગલ તો ખૂબ મહેનતથી કામ કરે. બધાંનું કામ કરે. દરેક વસ્તુ કાળજીથી કરે. મોં તો આખો દિવસ હસતું જ. એને જે ભાઇએ કારખાનામાં રાખેલા એ તો કારખાનાના શેઠ જ. એમને તો આવો સરસ છોકરો મળ્યો એટલે આનંદ થયો.

મંગલ તો રોજ રોજ નવી જાતનાં રમકડાં બનાવતો જાય ને બધાંને બહુ ગમતાં જાય. મંગલનાં રમકડાં બજારમાં પણ બહુ વેચાય. શેઠની છાતી તો મંગલનું કામ જોઈને ગજગજ ફૂલે. એમને તો મંગલ ઉપર પોતાનાં છોકરા જેટલું હેત. મંગલ ધીમે ધીમે મોટો થયો. શેઠને પોતાનાં છોકરાં નહિ એટલે આખા કારખાનાના કામમાં મંગલની જ સલાહ લે. કારખાનાનો કારભાર પણ મંગલના હાથમાં.

મંગલ કારખાનું પણ સંભાળે ને નવી નવી ભાતનાં રમકડાં પણ કાઢતો જાય. રમકડાંનું નામ પણ દુકાનદારો મંગલના નામ પરથી પાડે. મંગલ મોટર, મંગલ વિમાન, મંગલ ઘોડો ને મંગલ હાથી.

જેમ જેમ મંગલ મોટો થયો તેમ તેમ મંગલે પોતાની મહેનતથી કારખાનું પણ મોટું કર્યું.

પછી એક દિવસ શેઠે મંગલને બોલાવી કહ્યું; જો બેટા મંગલ, તારી મહેનતથી આ કારખાનું મોટું બન્યું છે. એટલે એનો ખરો માલિક તું જ કહેવાય.

મંગલે શરમાતાં કહ્યું; ના! ના! એવું ન બોલો.

શેઠે તો આગળ ચલાવ્યું: મેં આજથી આખું કારખાનું તને આપી દીધું છે અને એનું નામ મંગલ બેલઘર રાખ્યું છે?

ત્યારથી પેલા કારખાનાનું નામ મંગલ બેલઘર થઇ ગયું. મંગળને કારખાનું મળ્યું પણ એણે મહેનતથી કામ કરવાનું ચાલુ રાખ્યું.

—શ્રી. કુમાર ત્રિવેદી.

નૂતન બાલ શિક્ષણ સંઘની

નિયંત્રણ મંડળની સભા

નૂતન બાલ શિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની સભાઓ આગામી તા. ૨૪ અને ૨૫ મી એપ્રિલ ૧૯૫૪ ના દિવસોમાં સંઘના પ્રમુખ શ્રી મોરારજીભાઇ દેસાઇ ના પ્રમુખપદે શિશુ વિહાર દાદર, મુંબઇ ખાતે યોજવામાં આવી છે, જે સમયે સર્વે સભ્યોને હાજરી આપવા અભ્યર્થના છે.

કાર્યક્રમ

શનિવાર તા. ૨૪–૪–૫૪

૧૨ થી ૨ : શિક્ષણ સમિતિની સભા.
૨ થી ૩ : અધ્યાપન નિયંત્રણ મંડળની સભા.
૩ થી ૩॥ : વિશ્રાંતિ (ચા-પાણી)
૩॥ થી ૪॥ : "શિક્ષણ પત્રિકા"ના સંપાદક મંડળની સભા
૪॥ થી ૫॥ : વ્યવસ્થાપક મંડળની સભા.

રવિવાર તા. ૨૫–૪–૫૪

૮॥ થી ૧૧॥ : નિયંત્રણ મંડળની સભા
૧૨ થી ૨ : સહભોજન તથા વિશ્રાંતિ
૨ થી ૩॥ : સંઘના કાર્યકર્તાઓ સાથે શ્રી મોરારજીભાઇનો વાર્તાલાપ.
૩॥ થી ૪॥ : મુંબઇ શાખાના કાર્યકર્તાઓ સાથે મીલન.

આ અંગેના નિમંત્રણ-પત્રો ટૂંક વખતમાં જ નિયંત્રણ મંડળના સભ્યોને મોકલી આપવામાં આવશે.

—મંત્રી નૂ. બા. શિ. સંઘ

23126

(પહેલા પાનાથી ચાલુ)

નિરર્થક છે. બાળકેળવણીની સંસ્થાઓ આ પ્રશ્નનો ઉકેલ માટે બનતા સર્વ પ્રયત્નો કરે.

(૩) બાળકેળવણી પ્રત્યે રાજ્યની ઉદાસીનતાનો પ્રશ્ન:

પ્રાથમિક કેળવણીની સરખામણીમાં સરકાર પૂર્વ પ્રાથમિક કેળવણી પર જે રકમો ખર્ચે છે, તેની પાછળ નાણાંની અછત કરતાં આ પ્રકારની કેળવણીનું મહત્વ સમજવા પૂરતી જાગ્રતિનો સરકારમાં અભાવ જ દેખાય છે. જે પ્રાથમિક કેળવણીની જવાબદારી સ્વીકારીને, તે માટે કરોડો રૂપિયા મેળવવા સરકાર મથી રહી છે, તેનો યશ પૂર્વ પ્રાથમિક બાળકોના સર્વાંગી વિકાસ માટે જે કંઈ પગલાં લેવાય તેના પરજ અવલંબે છે, તે સરકારની ધ્યાન બહાર રહ્યું છે, એવું લાગે છે. દેશના બહુસંખ્ય વાલીઓ જ્યારે અજ્ઞાન અને અસહાયતાથી પીડાતા હોય ત્યારે પૂર્વ પ્રાથમિક કેળવણીને પ્રશ્ન એના વાલીઓ પર સોંપવાના વિચારમાં રાજ્યની બાળકો પ્રત્યે જવાબદારી અને ઉદાસીનતાજ વ્યકત થાય છે. બાળકોના આ પ્રશ્ન પરત્વે સરકાર વધુ જાગ્રત બને તેવા પગલાં લેવાની આ તબકકે વધુ જરૂર લાગે છે.

(૪) મુંબઇ રાજ્યના બાલશિક્ષકોની તાલીમનો પ્રશ્ન:

પૂર્વ પ્રાથમિક કેળવણી માટે સરકાર પાસે નાણા નથી, તેથી જે કરકસર કરવામાં આવી તેના પરિણામ રૂપે મુંબઇ રાજ્યે ૧૯૪૯માં જે પૂર્વ પ્રાથમિક અધ્યાપન અંગેનું બોર્ડ નીમ્યું હતું, તે દ્વારા ૧૯૫૦, ૧૯૫૧ અને ૧૯૫૨ સાલની બાલઅધ્યાપનની પરીક્ષાઓ યોજાઇ હતી તે બોર્ડ બંધ કરીને તેનું કામ હવે સરકારે રાજ્યના કેળવણી ખાતાને સોંપ્યું છે. આ કાર્ય ચલાવવા માટે રાજ્યના કેળવણી ખાતાને કોઇપણ પ્રકારનો અનુભવ નથી, એટલું જ નહિ પણ સાથેસાથ તે માટે જોઇતો ઉત્સાહ પણ નથી. નાણાંના અભાવની કરૂણ છાયા પણ આ વ્યવસ્થા પર પડી છે, તેથી પૂર્વ પ્રાથમિક અધ્યાપનમાં એક પ્રકારની અધોગતિ શરૂ થઇ છે, તેથી આ કાર્ય યોગ્ય રીતે ચલાવવા માટે સરકાર વ્યવસ્થા કરે અથવા તો નૂ. બા. શિ સંઘ જેવી જે લોકસંસ્થાઓ આ કાર્ય પરત્વે રસ ધરાવે છે તેને આ કાર્ય સરકાર યોગ્ય રીતે સોંપે એ જરૂરનું દેખાય છે.

દિવસે દિવસે વધતી જતી બાળકેળવણીની સંસ્થાઓ અને તેનું કથળતું જતું સ્વરૂપ ધ્યાનમાં લઇને તેના પર યોગ્ય નિયંત્રણ મૂકીને સમાજમાં કેળવણીના નામે જે બાળકોનું શોષણ ચાલી રહ્યું છે, તેને અટકાવીને તે સંસ્થાઓ યોગ્ય માર્ગે બાળકેળવણીનું કાર્ય કરે તે માટે સરકારે યોગ્ય પગલાં લેવા જોઇએ. સરકારી નિરીક્ષકો એ પ્રકારની સંસ્થાઓનું નિરીક્ષણ યોગ્ય રીતે કરી શકે અને સંસ્થાઓને સાચા માર્ગદર્શક બની શકે તે માટેની યોજનાઓ સરકારે કરવી જોઇએ. એ કાર્ય પણ સરકાર જે પોતે સારી રીતે કરી શકતી ન હોય તો તે આ ક્ષેત્રમાં કાર્ય કરતી સાર્વજનિક સંસ્થાઓને સોંપીને તે સંસ્થાઓને યોગ્ય આર્થિક મદદ સરકારે કરવી જોઇએ.

આ પ્રકારના તાત્કાલિક વિચારવા જેવા પ્રશ્નો આપણી આગળ છે. બાળકેળવણી માટે વાલીઓ, શિક્ષકો, સમાજ અને સરકાર એ બધાંનો સહકાર જરૂરનો છે. આજની આપણી પરિસ્થિતિમાં દરેકની ફરજ શી છે તે વિચારીને એ સહકાર કેમ સધાય એજ આપણી આગળનો મોટો પ્રશ્ન છે. અહીં રજુ કરેલા વિચારો સંઘના અથવા પત્રિકાના નથી. એક સૂચન તરીકે તે અત્રે રજુ થયા છે. દરેક સભ્ય અને શાખા એવા પ્રશ્નો અંગે વિચારે અને સંઘના નિયંત્રણ મંડળને તે સંબંધમાં યોગ્ય દોરવણી આપવા સમર્થ બને એ ઉદ્દેશથી આ પ્રશ્નોને અહીં રજુ કરવામાં આવ્યા છે.

—સંપાદક.

અજમાવી જુઓ.

—કપડાં પર પાનનો પડેલો ડાઘ જો બહુ જૂનો થઇ જાય તો તે કાઢવો બહુ કઠિન છે. પરંતુ તુરત પડેલા ડાઘને કાઢવા માટે ગરમ પાણી, ચૂનો, મીઠું અને સોડા-બાય-કાર્બ નાખી ધોઇ લેશો તો તે તદ્દન નાબૂદ થઇ જશે. —ર.

(પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

ની પટ્ટીઓ ઉપર ક્રમમાં અંક અક્ષરમાં લખવા જોઈએ. અક્ષરમાં એટલે એક, બે, ત્રણ, ચાર. એમ લખવું. આની સાથે રંગીન મોતીની સળીની પેટી જોઇએ. દરેક વર્ગની ચિઠ્ઠીઓ પહેલા ક્રમમાં ગોઠવવાની સૂચના અને એની સાથે રાશિ મૂકવાની સૂચના કરવી. બીજી વાર એ ચિઠ્ઠીઓ સાથે અક્ષરમાં લખેલા અંકની ચિઠ્ઠીઓ મોઢે થાય છે." —શેષ નામલે.

પછાત ક્ષેત્રમાં બાલશિક્ષણનો પ્રશ્ન

જીર્ણ-શીર્ણ અને મેલાંઘેલાં પાંચ છ ઝૂંપડાંઓ વચ્ચેની ખૂલ્લી જગ્યામાંથી બાળકોનો રમવાનો કલબલાટ સંભળાતો હતો. રમનાર બાળકોમાં થોડાં સાત-આઠ-નવ વર્ષ સુધીનાં હતાં. અને કેટલાંક તો બહુ જ નાનકડાં બાળકો મોટાં છોકરાંઓની આ રમત જોઇ રહ્યાં હતાં. જાન્યુઆરીના ઠંડીના દિવસો હતા; અને સવારનાં આઠ-નવનો સમય હતો. કડકડતી ઠંડી હોવા છતાં કોઇના શરીર પર ઢંકાય તેટલું કપડું ન હતું. જે થોડું કપડું દેખાતું હતું તે મેલું ને ફાટલું હતું. તે કપડાંનાં ફાટેલાં ચીરાં લબડતા હતાં. બધાનાં માથાંના વાળ ઓળ્યા વગરનાં હતાં. બધાનાં શરીર પાતળાં અને બેડોળ દેખાતાં, છતાં પણ રમત તો ખૂબ જામી હતી. રમનાર નાનાં મોટાં બાળકો રમતમાં મશગૂલ હતાં. જ્યારે નાનાં બાળકો તે જોવામાં તલ્લીન હતાં. મોટાંના બરાડા, હસવું, બોલવું, દોડવું ચાલુ હતું જ્યારે નાનાં શાંત ચિત્તથી બધું જોઇ રહ્યાં હતાં.

બાળકોની પોતાની જ ચલાવેલી આ સ્વયંપ્રેરિત આંગણવાડીનું દ્રષ્ય અમે બન્ને દૂરી દૂરી ઝૂંપડીઓની વચ્ચેથી જોઇ રહ્યા હતાં. આ જ બાળકોનો શિક્ષણ-વિષયક પ્રશ્નોનો અભ્યાસ કરવાનું અમે ઠરાવ્યું હતું અને તેથી આ નાનકડાં ગામમાં અમારૂં અભ્યાસ શિબિર રાખ્યું હતું. શિબિરનો આજ પહેલો દિવસ હતો. આંગણવાડીનાં સાધનો ને રમકડાં લઇ અમે, આ બાળકોને રમાડવાનો, તેમની સાથે ભળી જઇ તેમની અને તેમનાં વાલીઓની મુશ્કેલી જાણવાના વિચારથી જ અમે આ ચાર-પાંચ ઝૂંપડીઓ તરફ વળ્યા હતા. બાળકોની જ ચલાવેલી આ આંગણવાડીનું દ્રષ્ય જોઇ અમારો ઉત્સાહ વધ્યો. બે ઝૂંપડાની વચ્ચેની જગ્યાએથી અમે આગળ જવા લાગ્યા. અમારી અભ્યાસ-ટુકડીમાં બે ત્રણ વિદ્યાર્થિની અને બે શિક્ષકો હતાં.

અમને જોતાંજ બાળકોની રમત એકાએક બંધ થઇ. તેમની રમત અટકે નહિ એમ ધારી એક બે વિદ્યાર્થિની આગળ જઈ બોલી, 'ઉભા તો રહો. અમારે તમારી રમત જોવી છે.' પણ વિદ્યાર્થિની હજુ વાક્ય પૂરૂં કરે તેટલામાં બંદૂકનો અવાજ થતાં પક્ષીઓ ઉડી જાય તેમ બાળકો વિખેરાઇ ગયાં. આખું ક્રીડાંગણ ખાલી-ખમ થઈ ગયું. હવે શું કરવું ? અમે બધોજ મુશ્કેલીમાં પડી ગયા. એક બે છોકરીઓ ઝૂંપડી તરફ ગઈ. સામે જ ડોસીમા બેઠાં હતાં. પાછળના ઝૂંપડામાંથી એક બે જણ ડોકીયાં કરતાં હતાં. અમે ડોસીમાં પાસે જઇ બેઠાં. એટલામાં ત્રણ-ચાર મોટી છોકરીઓ પાસે આવી. એક બે નાનાં બાળકો પણ આવ્યાં. ચલો, તમારે સરસ વેણી ગૂંથવી છે ?' પોતાની વેણી બતાવતાં અમારામાંથી એક વિદ્યાર્થિની બોલી. મોટી છોકરીઓ હસી અને વધારે પાસે આવી. નાની એક છોકરી પણ પાસે આવી. એટલે તેને તરત પોતાની સામે બેસાડી વેણી ગૂંથવાનો કાર્યક્રમ શરૂ થયો. વધારે વિશ્વાસભર્યું વાતાવરણ બન્યું. નાસી ગયેલા બધાં બાળકો પાછાં આવવાં લાગ્યાં અને અમારો કાર્યક્રમ વ્યવસ્થિત રીતે પાર પડવા લાગ્યો.

અમે જે ગામડામાં બાલઅધ્યાપન વિદ્યાર્થીઓનો શિબિર શરૂ કર્યો હતો તે ગામનું નામ છે 'ખડકી ડૂંગરી'. સૂરત જિલ્લામાં આવેલા ઉદવાડાની પૂર્વમાં ચાર પાંચ માઇલે આ ગામ આવેલું છે. દુબળા જાતિના બાળકોનાં કલ્યાણ અને શિક્ષણનાં અભ્યાસ કરવા માટે જાહ્યા

શિબિરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારતમાં અઢી કરોડ આદિવાસીની વસતીમાંથી ૩૫ લાખ મુંબઇ રાજ્યમાં જ છે. સહ્યાદ્રિ, સાતપૂડા, અંજય, અરવલ્લી પર્વતોની અને તેની આજુબાજુનાં જંગલોમા અને તેની આજુબાજુના પ્રદેશમાં આ લોકો રહે છે. તેમાં કોળી, ભીલ, રોનીપરજ, કાળીપરજ, કાયકરી, વારલી, ડોંઢિયા અને દુબળા વગેરે જાતિનો સમાવેશ થાય છે.

ખડકી કૂંગરી ગામમાં દુબળા અને ડોંઢિયાની વધારે વસતી છે. ડોંઢિયા લોકો મુખ્યત્વે નાના ખેડૂતો છે, ત્યારે દુબળાઓ મુખ્યત્વે જમીનદારોને ઘેર કામ કરનાર અને ખેતરમાં મજૂરી કરનાર લોકો હોય છે. એમની અજ્ઞાનતા અને પછાત સ્થિતિનો ફાયદો ઉઠાવી જમીનદારોએ તેમને વંશપરંપરાથી અસહ્ય અને પરાવલંબી પરિસ્થિતિમાં રાખી પોતાના કામ માટે ગુલામ જેવા બનાવી દીધા છે. આ શોષિત અને પદદલિત વર્ગની હમણાની પરિસ્થિતિ અત્યંત શોચનીય હોવાથી તેમના પુનરુત્થાન માટે સરકારી ને બીનસરકારી પ્રયત્ન થઇ રહ્યા છે. આ જાતિનાં બાળકોનાં શૈક્ષણિક અને કલ્યાણવિષયક પ્રશ્નોની તપાસ કરવાના ઉદ્દેશથી જ અમે આ ગામમાં પડાવ નાખ્યો હતો. બાળકોનો શારીરિક, સામાજીક અને બૌધિક વિકાસ કઇ રીતે ઘડી શકાય, તે માટે શું શું કરવું પડે તે શોધી કાઢવાનો અમારા શિબિરનાં કાર્યક્રમનો એક ઉદ્દેશ હતો. આ દૃષ્ટિથી વિદ્યાર્થીઓએ આ ગામડામાં ફરતાં બાળક્રીડાંગણો અને આંગણવાડીઓ ચલાવી. આ બાળકોનાં ગૃહજીવનની અને તેમનાં વાલીઓનાં સામાજિક, આર્થિક અને સાંસારિક જીવનની માહિતી મેળવી. આ માહિતી યોગ્ય રીતે મેળવવા માટે તેમનો સંપર્ક જરૂરી હતો તેથી તેમણે ત્યાં જ મનોરંજન કાર્યક્રમ યોજયાં. દરરોજ તેમને ઘેર જઇ માહિતી લીધી. તેથી અહીં અમને બાળશિક્ષણનાં વ્યાપક પ્રશ્નનું સ્પષ્ટ દર્શન થયું.

આ બાળકોનો સામાજિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસનો પ્રશ્ન ફકત બાળશિક્ષણ સંસ્થા જ ઉકેલવાનો પ્રયત્ન કરી શકશે નહિ એ અમને સ્પષ્ટ રીતે સમજાયું.

બાળકોનાં શારીરિક વિકાસની દૃષ્ટિએ (૧) યોગ્ય અને પૂરતાં અન્નની યોજના (૨) સ્વચ્છ ખૂલ્લી હવામાં રમવાની અને વિશ્રાંતિની સગવડ (૩) આરોગ્ય વર્ધક રીતભાત અને ટેવ ઉત્પન્ન કરવી (૪) વૈદ્યકીય તપાસ અને બૌદ્ધિક વિકાસની દૃષ્ટિએ જીવનોપયોગી કલા-ઉદ્યોગ શિક્ષણનાં સાધનો અને સારા શિક્ષકનાં માર્ગદર્શન વગેરેની યોજના કરી શકાય. પણ આ યોજનાનો યશ તો તેના સામાજિક વિકાસ માટે આપણે જે કંઇ કરી શકીએ તેના પર આધાર રાખે છે. આ બાળકોના સામાજિક વિકાસના માર્ગમાં મુખ્ય મુશ્કેલી તો આપણા સામાજિક અને માનસિક રોગની જ છે. આ સમાજ-માનસવિષયક રોગને લીધે બાળકનું વાતાવરણ દુષિત થએલું દેખાય છે. તેથી આ બાળકમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં મનોગંડ દેખાઇ આવે છે.

બીકનો મનોગંડ:

શરૂઆતમાં અમને જોઇને બાળકોએ જે દોટ મૂકી તે ઉપરથી અમને એમ લાગ્યું કે ભણેલા સફેદ કપડાંવાળા લોકો પ્રત્યે આ બાળકોને એક જાતની બીક છે. આ નાનકડા ગામની વસતીનાં નીચે પ્રમાણે ભાગ જોવામાં આવ્યાં. (૧) દેસાઇ લોકો. (જમીનદાર) (૨) સુતાર (કારીગર વર્ગ) (૩) કોળીનો ખેડૂત વર્ગ (૪) ડોંઢિયા–નાનો ખેડૂતનો વર્ગ (૫) દુબળાનો મજૂર વર્ગ. આ જુદા જુદા વિભાગનાં લોકો એક જ ગામમાં જુદે જુદે ઠેકાણે રહે છે. ગામનો દેસાઇ વર્ગ ભણેલો અને સફેદ કપડાંવાળો હોઇ તેમનું બધું કામ દુબળાઓ કરે છે. અને કામ કરાવતાં તેઓ બહુ અમાનુષી રીતે વર્તે છે જેને લીધે આ સુશિક્ષિત વર્ગ પ્રત્યે દુબળાનાં મન પર વિલક્ષણ ઉભાં થાય છે. ડગલે ને પગલે મ્હેણા સાંભળવા પડે. વઢયા સિવાય દુબળાઓ પાસેથી કામ જ લઇ શકાય નહિ એવી દેસાઇ લોકોની માન્યતા હોવાથી તેમની સાથે ગાળાગાળી કરવી, ધમકાવવા, મારવાં વગેરે જાતનું વર્તન હમેશ જોવામાં આવે છે. તેથી નાનપણથી જ દુબળા બાળકોને તેમના માલિકવર્ગની બીક લાગે છે. અને આ મનોગંડની બીકને લીધે જ અમને જોતાં આ બાળકો પક્ષીની જેમ બીને દોડી ગયાં હતાં. આ બાળકો માટે નિર્ભય વાતાવરણ નિર્માણ કરવું હોય તો બધા તરફ સમભાવનું વાતાવરણ સમાજમાં નિર્માણ કરવું જોઇએ. જાતિ–જાતિનો ભેદ તોડવો જોઇએ. તેમાં આર્થિક અને પ્રતિષ્ઠાની વિષમતા દૂર કરવાનો યોજનાપૂર્વક પ્રયત્ન થવો જોઇએ. જ્યાંસુધી આ બાળક બીજા સમાજ તરફ નિર્ભયતાથી જોશે નહિ ત્યાં સુધી આ ગામના સમાજ તરફ તેને આત્મીયતા લાગશે નહિ. એટલું જ નહિ પણ બીકનાં મનોગંડના

પરિણામે તે પોતે સમાજદ્રોહી બની આ ગામના સમાજને હાનિ થાય એવી પ્રવૃત્તિ કરશે.

આળસ અને નિષ્ક્રિયતા:

આ સમાજનો આ એક બીજો રોગ છે. તેની ગાઢ છાયા આ બાળકોની ઈચ્છાશક્તિ પર પડેલી જોવામાં આવે છે. આળસ ને નિષ્ક્રિયતા એ તેમનો વારસાગત રોગ હોવાથી તેમની સાથે માણસાઈથી વર્તવું અશક્ય થઈ પડે છે એમ દેસાઈ લોકોનું માનવું છે. પણ આ રોગનું કારણ દૂર કરવાનો પ્રયત્ન તેમના તરફથી બિલકુલ થતો નથી. આર્થિક દૃષ્ટિએ જોતા તેઓ એટલા પરાવલંબી બની ગયા હોય છે કે તેમની સુવાવડ, મા૬ગી જન્મોત્સવ, લગ્ન એ દેસાઈની પાસેથી પૈસા લીધા સિવાય થઈ શકતાં નથી. અને ઘણીવાર તો આ બધું ય કરી આપવાની જવાબદારી તેમનાં માલિકની જ છે એમ સાચે જ ઘણાં માને છે. એ લોકો રહે છે તે જમીન પણ દેસાઈની જ હોય છે. તેની પર ઝૂંપડું બાંધવાના લાકડાં પણ દેસાઈની ખેતી કરી તેની મહેરબાનીથી મળે છે. દેસાઈની નામરજી થઈ તો એક ક્ષણમાંજ ઝૂંપડુ ખાલી કરવું પડે એવું એમનું ધારવું હોવાથી ઘર પોતાનું જ છે એ જાતની ભાવના થતી નથી. ઘરમાં એટલો થોડો સામાન હોય છે કે ગમે ત્યારે પોતાનો બધો સંસાર એક ટોપલીમાં નાખી ગ્રામાંતર કરવાની તૈયારી કરી શકે છે. પોતાનાં કામનો મન માગ્યો બદલો પોતાને ન મળવાથી અને માલિક જ બધાંમાં કર્તાહર્તા હોવાથી પોતાનાં જીવન માટે, ઘર, બાળક કે જાતિ માટે યોગ્ય મમત્વ દેખાઈ આવતું નથી. અને બનતા સુધી કામ ન જ કરવું એવી વૃત્તિ બધે જ દેખાઈ આવે છે. માલિકના ચાબુકનો ફટકો પડતાં સુધી સુઈ રહેવાની જ વૃત્તિ જણાય છે. આવું અશાશ્વત, નિર્મમત્વ ને તેથી આળસુ અને નિષ્ક્રિય વાતાવરણ ઊગતી પ્રજાની દૃષ્ટિએ કેટલું અનિષ્ટ છે તેની કલ્પના સહેજેજ આવશે. આ બાળકોનું શિક્ષણ માત્ર બાળશાળાઓ દ્વારા થવાનું શક્ય નથી. પણ તેમનાં વાલીઓનાં જીવનમાં ઉત્સાહ, શાશ્વતપણું અને મમત્વનું વાતાવરણ નિર્માણ કરવું જરૂરી છે. તેથી આ લોકોને પોતાની જમીન, પોતાનું ઘર અને પોતાનાં પરિશ્રમ પ્રમાણે વધારે વેતન મળી શકે તેજ બાલકલ્યાણનાં પ્રશ્નની દૃષ્ટિએ મહત્વનું છે.

અંધશ્રધ્ધા અને ધર્મસમજુતી:

અસહાયતાની પરિસ્થિતિને લીધે અંધશ્રધ્ધા ઉભી થાય છે. તેને લીધે મનુષ્યનું મન ખોટું સમાધાન મેળવવાનો પ્રયત્ન કરે છે. અંધશ્રધ્ધા અને ખોટી ધર્મસમજૂતીમાં તરબોળ આ સમાજ અમને લાગ્યો. એટલે આ સામાજિક રોગમાંથી મુક્ત કરવા માટે પ્રથમ તો તેમને પોતાનાં કર્તૃત્વની જાણ થાય એવો પ્રયત્ન કરવો જોઈએ.

ઉપરનાં વિવેચન પરથી એમ જણાઈ આવે છે કે પછાત કોમોના બાલશિક્ષણના પ્રશ્નને તેમનાં જીવનનાં ઈતર પ્રશ્નોથી જુદો પાડીને ઉકેલી શકાય જ નહિ. તેથી જ્યાં વિકાસ યોજનાઓ શરૂ થઈ છે ત્યાં ત્યાં વિકાસ યોજનાની સાથે જ બાલકલ્યાણ અને શિક્ષણવિષયક વિકાસ યોજના સરકારે હાથમાં લેવી જોઈએ તો જ સર્વાંગી નવજીવન રચના શક્ય થશે.

—શેષ નામલે

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઈચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક

(પાન ૪ થી ચાલુ)

એ વાંકા પગવાળી ડોશી એના મધુર હાસ્ય સાથે વાંકી વળી અને એ પ્રૌઢના માથા ઉપર હાથ ફેરવવા લાગી. ત્યારે તાઇની આંખો જાણે કે ભેજવાળી હોય તેમ ચશ્માં પાછળ તગતગી રહી.

એટલામાં તો બે ય મોટરમાંથી બધાં નીચે ઉતરી ગયાં હતાં.

એ પ્રૌઢની પાછળ જ ઉભેલી એમની પ્રૌઢ સ્ત્રી પણ બોળો પાથરીને તાઇને પાયલાગણું કરતી હતી.

બીજા બે જુવાન છોકરાઓ, બે પુત્રવધૂઓ અને બે નાની છોકરીઓ મોટરમાંથી બહાર આવ્યાં.

મોટી પુત્રવધૂની કાંખમાં એક સુન્દર છોકરો હતો. એ એની સાસુની પાછળ તાઈ પાસે ગઇ અને જતાં જ છોકરાને તાઇના હાથમાં આપી પગે પડી.

તાઇ છોકરાને ખૂબ વહાલથી છાતીએ ચાંપવા લાગ્યાં.

બધાં છોકરા–છોકરીઓ તાઈની આસપાસ ફરી વળ્યાં અને એ પ્રૌઢ અને પ્રૌઢા પણ નાનાં છોકરાં બની તાઇની પાસે ઉભાં રહી ગયાં.

એમની સાથે આવેલો માણસ મોટરમાંથી સામાનનો મોટો હુંગર બહાર ખડકી રહ્યો હતો.

હું દૂરથી, મારી બારીમાંથી આ બધું વિમાસણમાં જોઇ રહ્યો હતો.

મને થયું: આ આવડા મોટા લશ્કરને તાઇ રાખશે ક્યાં?

એટલે હું તાઈ પાસે ગયો અને કહ્યું:

'તાઇ તમારાં મહેમાન આવ્યાં છેકે?'

પેલા પ્રૌઢ પુરુષ બોલી ઊઠ્યા:

'મહેમાન? મહેમાન કેવા? આ તો બધાં તાઇનાં છોકરાં છે.'

અને તાઇના હાથમાંનું બાળક બતાવતા એ બોલ્યા:

'અને પેલો છોકરો, એ તાઇના દીકરાના દીકરાનો દીકરો છે!'

હું તો ઘડીભર મૂંગોજ થઇ ગયો!

તાઈએ એમની સાથે મારી ઓળખાણ કરાવી.

'તાઈ, મારે ત્યાં ઘણી જગ્યા છે, એટલે જો કહો તો આપણે ત્યાંજ ઉતારો રાખીએ.'

તાઇ હસતાં એ પ્રૌઢ સામે બોલ્યાં:

'હા દિનકર, એ ઠીક પડશે.

પણ ત્યાં તો પેલા પ્રૌઢ બોલી ઉઠ્યા:

'એ તો ઠીક સુમનભાઇ, પણ અમે અમારી માને મૂકીને ત્યાં કેવી રીતે આવીએ? આજ દશ વર્ષે અમે મા પામીએ છીએ.'

પ્રૌઢનો અવાજ છેવટમાં ગળગળો થતો જતો.

હું ને તાઇ બંને ચૂપ થઈ ગયાં.

પ્રૌઢ એમના છોકરાઓ તરફ ફરતાં આગળ બોલ્યા.

'રાજા, નારાયણ, ચલો બેટાઓ સામાન આ મંદિરને ઓટલે ગોઠવી દો.

થોડી જ વારમાં બધાએ મંદિરને ઓટલે સામાન ગોઠવી દીધો.

એ સુન્દર ચામડાની બેગો અને મોટા બિસ્તરાઓ ત્યાં ગોઠવાઇ ગયાં અને થોડીવારમાં તો મંદિરની પછીતે બેઠક જામી ગઇ.

'બસ્સ ભાઇ? બધું બરાબર થઇ ગયું. તમે જરાકે ચિન્તા ના કરતા.'

તાઇ તો કંઈ બોલ્યા નહીં.

હું આ બધોય વખત એ લોકોનું અવલોકન કરતો હતો. એમનાં કપડાં, સામાન, નોકર ચાકર બધું જોતાં આ લોકો કોઇ બંગલામાં રહેનાર હોય એમ સહજ જ કળી શકાય એમ હતુ.

આજ ત્રણ દિવસથી આખું કુટુમ્બ આવી કડકડતી ઠંડીમાં મંદિરને ઓટલે રહે છે. સૂએ છે. પણ કોઇના મ્હોં ઉપર જરાકે દુઃખ નથી દેખાતું. જાણે કોઇ લગ્ન પ્રસંગ હોય તેમ સૌ કિલ્લોલ કરે છે.

જુવાન છોકરા અને છોકરીઓ તાઇને છોડતાં નથી. પુત્રે વધૂઓ તાઇની સેવામાં મશગૂલ રહે છે.

આજકાલ તાઇ ને આ બધાં એક સળી પણ હલાવવા દેતા નથી.

પણ આમાં મને નવાઇ નહોતી લાગતી. અમે બધાં પરાયાં પણ જ્યારે તાઇને માટે આપણે મરી પડતાં હોઇએ ત્યારે એમનાં પોતાનાં સંતાનો કેમ બાકી રાખે?

તાઈના પ્રૌઢપુત્ર સાથે પછી મને વિશેષ પરિચય થયો. એ આફ્રિકામાં સ્ટેશન માસ્ટર છે અને છોકરાઓ પણ રેલ્વેમાં જ નોકરી કરે છે.

આજ ત્રણ દિવસથી એમની પાસે બેઠો તાઇની જીવનકથા સાંભળું છું. એ તો કોઈ નવલકથાકારને મોટું ભાથું ભરાય એટલો મસાલો છે.

પણ આપણે તો આ પેઢી ઉતાર ઉતરતા સંસ્કરના દર્શનથી જ અટકશું. —ઓજસ્

બાલ શિક્ષણ અને શૈક્ષણિક સમાચાર

(૨) રાજકોટ – ગુજરાત નઈ તાલીમ સંઘનું પાંચમું અધિવેશન માર્ચની તા. ૧૬ અને ૧૭ ના રોજ હિંદુસ્થાની તાલીમી સંઘના શ્રી મ. ક્રુષ્ણ. આર્યનાયકમના પ્રમુખપદે રાજકોટમાં ભરાયું હતું. સંમેલનના પૂર્વ બુનિયાદી વિદ્યાલયમાં બાળશિક્ષકોના જીવનની સાદાઈ અને શિક્ષણ સાધનોની સ્વાવલંબિતા પર તેમ જ વ્યવસાયોની ઉપયોગિતા પર વિશેષ ભાર આપવાનું એમાં ઠરાવવામાં આવ્યું હતું.

(૨) સૌરાષ્ટ્રના : બાળશિક્ષકો શ્રી ઇશ્વરલાલ ત્રિવેદી અને શ્રી. રોય નામદે રાજકોટમાં નઈતાલીમ સંમેલન-પ્રસંગે મળ્યા અને સૌરાષ્ટ્રમાં બાળકેળવણી અંગે જોરદાર પ્રચાર આંદોલન જગાડવાનું ફરી વિચારવામાં આવ્યું.

(૨) ગોધરી (જિ. પંચમહાલ) :– તા. ૨૩ અને ૨૪ એપ્રિલના રોજ સંઘના સાથી સંસ્થાપક શ્રી. નારણભાઈ ભટ્ટે ગોધરા નવા જુના વિદ્યાર્થિઓનું એક સ્નેહ મેલન યોજ્યું છે. સંમેલનનો ઉદ્દેશ મંત્ર બળ મળવું અને વાર્તાલાપ કરવો એટલો જ છે. શ્રી. નારણભાઈનું પણ નવા જૂના વિદ્યાર્થિઓને ગોધરી તા. ૨૨ મીની સાંજે પણ તા. ૨૩મીની સવારે ખેડાંચવાનું સૌને પ્રેમભર્યું નિમંત્રણ છે.

(૨) ગોધરી (જિ. પંચમહાલ) :– સંઘસાથે જોડાયેલા મદ્ય નિષેધના મંત્રિઓની પરીક્ષાઓ માટે યોજવામાં આવેલી પરીક્ષા ઉપસમિતિની સભા શ્રી. નારણભાઈ ભટ્ટના પ્રમુખપદે તા. ૨૮-૩-૫૮ના રોજ મળવામાં આવી હતી.

(૨) નાગપુર. અખીલના અખિલ ભારત તરફથી આવતા બાળમંદિરના મંત્રી શ્રી. નલિનીબેન [illegible] જગા પર શ્રી. આશા રાણેની બદલી થઈ છે. [illegible] મુંબઈના શિક્ષણવિદ્યાના વિદ્યાર્થીની બનેલ [illegible] વણીના શેનના ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

(૨) સુંબઈ શ્રી બાલ શિક્ષણ મંદિર સંચાલિત સુમન બાળમંદિરના તાલીમોની ગૌરવ સભા તા. [illegible] કર્પણાબેન મંગલદાસ ગોકળદાસના પ્રમુખપદે યોજવામાં આવી હતી. તા. [illegible]-૫૮ના રોજ આશરે ૧૫૦ બાળકોનો વાર્ષિકોત્સવ શ્રી. ઇન્દ્રનાયકના પ્રમુખ ઉત્સાહપૂર્વક ઉજવાયો.

(૨) મેહલાણા: શ્રી. ગિજુભાઈ બધેકા તરફથી તા. ૨૮, ૨૯ અને ૩૦ના રોજ બાળ નગર યોજવામાં આવ્યું છે. નવી ઉદ્યોગલક્ષી શિક્ષણ, મગનભાઈ શ્રદ્ધાળુ પટેલના પ્રમુખપદે તા. [illegible] રંજન કાર્યક્રમો. વિદ્યાર્થી વિભાગ કિંમતી, શ્રી. મનુભાઈ દાસનો લોક સાહિત્યનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે.

(૨) સાદેળાંચ: આ ના બે બાળમંદિરો મુલાકાત પ્રસંગે શ્રી કમળાબેન દામોદરદાસે ગાંધી વિચારમંદિર તરફથી લાલ બાળ વર્ગ ચાલુ કરવાનું વિચારાયું છે.

(૨) કોબા (અમદાવાદ) – કસ્તુરબા [illegible] બાલિકા વિદ્યાલય તરફથી નવનિર્માણ શિબિર [illegible] વિભાગની બેઠકો તા. ૨ અને ૩ જુલાઈના રોજ [illegible] થવાનો. આ [illegible]

(૨) ઝાલાવાડ:- [illegible] શિક્ષકોની પરિષદ [illegible] અધિવેશન તા. [illegible] ના રોજ [illegible] ગોઠવવામાં આવ્યું

ચિંતનની ક્ષણે...

—એક બેન એક પ્રસિદ્ધ વિદ્વાન પાસે પોતાના બાળકને લઈને ગયાં અને તેમણે કહ્યું; "હું આપની પાસે સલાહ લેવા આવી છું કે મારા આ બાળકને હું સ્કૂલે ક્યારે બેસાડું?"

પેલા વિદ્વાન વ્યક્તિએ પૂછ્યું; "બાળકની ઉમર શું છે?"

"ચાર વર્ષ." બેને જવાબ આપ્યો.

પેલા વિદ્વાન વ્યક્તિ બોલ્યા: "તો બેન, તમે તમારા બાળકના અભ્યાસમાં ચાર વર્ષનું મોડું કર્યું છે. હવે તમે જલ્દી જાવ અને તેને સ્કૂલના અભ્યાસથી પણ વધારે મહત્વપૂર્ણ ઘરના વાતાવરણ વડે શિક્ષણ આપવું શરુ કરો. બાળકના મનનું નિર્માણ જન્મથી જ આરંભ થઈ જાય છે." —ર.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

લ્હેરાસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બેએ સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કું. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, ભૂલ્લા

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

આજ્ઞાનું.....

કેટલાંક ગ્રાહક ભાઈ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં. —વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-ચોરી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પ્રેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું.

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીયન ઉદ્યોગ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઈ.

ન. ભા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪
મુદ્રણ સ્થાન : પરદેશી પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક-૨ : મે, ૧૯૫૪

આપણી બુદ્ધિનો ઉપયોગ આપણી કમજોરીઓને છુપાવવામાં ન કરવો જોઇએ. ભૂલનો સ્વીકાર કરવાથી માનવીનો વિકાસ થાય છે. સમજ્યા બાદ ભૂલનો સ્વીકાર તો થવો જ જોઇએ. શિક્ષક પણ સમજાવતાં પોતાનું મગજ ગુમાવી બેસે અને વિદ્યાર્થી ન સમજે ત્યારે એને બેવકૂફ ગણે એ યોગ્ય નથી. શિક્ષકે જાણવું જોઇએ કે એમાં પોતાની સમજાવવાની રીતમાં કયાંક ત્રુટિ છે.

—શ્રી મોરારજીભાઈ દેસાઇ

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦ : :

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર. મુંબઇ, ૧૪.

છૂટક નકલ : ૬ આના

બાલ અધ્યાપન શિક્ષણ ક્રમ

સરકારી પ્રમાણ પત્ર અને નૂતન બાલ શિક્ષણ સંઘ માન્ય બાલ અધ્યાપન મંદિરમાં, (ગુજરાતી અને મરાઠી માધ્યમ) મેટ્રીક, નોનમેટ્રીક તેમજ વ. ફા. પાસને પ્રવેશ મળી શકશે. ઓફીસના સમય દરમ્યાન રુબરુ મળો અગર બે આનાનો સ્ટેંપ બીડી લખોઃ—

પ્રિન્સિપાલ, શિશુવિહાર બાલ અધ્યાપન મંદિર,
૧૧૫, હિંદુ કોલની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.	લેખક.
૧.	મોરારજીભાઈનું માર્ગદર્શન	....
૨.	ચાલતુ બોલતું પુસ્તક	હેમલતા મેંગદે
૩.	ચકરીઓના નમુના	(ટાઇમ્સ)
૪.	બાળકોનો અંગૂઠો ચૂસવો	બંસીધરજી
૫.	સંસ્કાર નો વારસો	ઓ·જ·સ
૬.	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નામલે
૭.	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	સંપાદક

બાળ વિભાગ

૧.	આગગાડીનો ડબ્બો	૨. કોઠારી
૨.	તમે જાણો છો કે ?	....
૩.	લટકેખાં ગધેડો	....
૪.	રખડતા તારમાંથી રમકડું	નરેન ભટ્ટ
૫.	શબ્દ ચક્કર	મધુસૂદન
૬.	કાશીનાથ	૨. કોઠારી
૭.	અગ્નિની શોધ	અનુતાઇ
૮.	સૌ સૌનું કામ કરે	કપિલા ઠાકોર

પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્રમ

નૂતન બાલ શિક્ષણ સંઘ સંચાલિત સરકાર માન્ય ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના અધ્યાપન મંદિરમાં મેટ્રીક, નોનમેટ્રીક અને વ. ફા. પાસ થયેલાઓને પ્રવેશ મળી શકે છે. ગુજરાતી અને મરાઠી માધ્યમ. બે આનાનો સ્ટેંપ બીડી લખોઃ—

પ્રિન્સિપાલ, ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર,
બોર્ડી, વાયા બોલવડ (જિ. ઠાણા.)

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

—શ્રી રમણીકભાઇ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૨] મુંબઇ [મે, ૧૯૫૪

શ્રી મોરારજીભાઈનું માર્ગદર્શન

(અ. ભા. નૂતન બાલશિક્ષણ સંઘના પ્રમુખ માનનીય શ્રી મોરારજીભાઈએ સંઘની નિયંત્રણ સભાની વાર્ષિક બેઠકના પ્રમુખપદેથી તારીખ ૨૫ મી એપ્રિલ ૫૪, રવિવારે ખૂબ અનુભવ પ્રચૂર વિચારોથી સંઘના કાર્યકરોને ઘણું સુંદર અને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. શ્રી મોરારજીભાઇએ આ કાર્ય માટે એમની અન્ય મહત્વની પ્રવૃત્તિઓમાંથી આખો દિવસ ફાઝલ પાડયો હતો અને બધાંય વખત ખૂબ કાળજીપૂર્વક બધીજ પ્રવૃત્તિઓનું બારિક અવલોકન વિવેચન અને માર્ગદર્શન આપ્યું હતું. એમણે આખોય દિવસ અનુભવ વાણી વહાવી હતી અને એ આખા દિવસના કાર્યને અંતે કાર્યકરોના પરિચય સમારંભ સમયે એમણે જે ગીતા વાકયથી પૂર્ણાહૂતિ કરી હતી એ અમે અહીં આપીએ છીએ. આપણા સંઘના કાર્યકરોને સુંદર પ્રેરણા મળી રહે એટલો જ્ઞાન સંભાર એમાં ભર્યો છે.–સં.)

"નૂતન બાલશિક્ષણ સંઘના પ્રમુખ તરીકે આજ હું તમારી સૌની સાથે બેઠો છું. મને જ્યારે સંઘના પ્રમુખ થવાનું કહેવામાં આવ્યું ત્યારે મને પ્રમુખ થવાની ઇચ્છા ન હતી. પણ વિશેષ આગ્રહને વશ થઇ મારે આ સ્થાન સ્વીકારવું પડયું. એમ ન માનતા કે હું એટલા માટે ના પાડતો હતો કે તેથી મને વિશેષ આગ્રહ થાય કે વિશેષ માન મળે. પણ મારી પાસે સમય નથી એટલા માટે મેં જ્યારે એવી શરત મૂકી કે હું તો આખા વર્ષમાં એક જ દિવસ સંઘ માટે ફાજલ પાડી શકું. ત્યારે મેં આશા રાખેલી કે આ શરતને કારણે હું છૂટી જઈ શકીશ. પણ જ્યારે એ શરત પણ સ્વીકારી લેવામાં આવી ત્યારે મારે એ સ્વીકારવું જ પડયું.

પણ પ્રમુખ થયો એટલે હવે એથી મારી જવાબદારી વધી જાય છે. તમે સૌ જે કામ કરી રહ્યા છો તેમાં મારે સાથ આપવાનો રહે. તમારા વિચારો સાંભળી આ કામને આગળ ધપાવવું રહે. હું શિક્ષક નથી એમ નહીં કહી શકાય. હું ભણતો ત્યારેય હું ટ્યુશન આપતો! કોલેજમાં પણ મિત્રોને ભણાવતો અને અત્યારે પણ એજ જન શિક્ષણનું કામ હું મંત્રીપદેથી કરી રહયો છું. જેલમાંના સાત વર્ષોમાં ખૂબ ભણ્યો અને ભણાવ્યું. જેલમાં હું જેટલું શીખ્યો છું એટલું બહાર નથી શીખ્યો. જેલ જેવી બીજી શાળા નથી. જ્ઞાન લેવાનું અને દેવાનું બધું શિક્ષણ ત્યાં મળે.

નૂ. બા. શિ. ના કાર્યવાહકોએ મને પ્રમુખપદ આપ્યું એ હું મુખ્ય પ્રધાન છું એટલા માટે નથી અપાતું એ જાણ્યું એટલે જ મેં એનો સ્વીકાર કર્યો. કેમકે મને એવો કોઇ ડર ન હતો કે મારો લાભ ઉઠાવવા આ પદ અપાય છે. કેમ હું ન ધરાઉં તો મારો લાભ શી રીતે ઉઠાવવાના હતા. પણ મને તો વખતનો જ પ્રશ્ન હોય છે. એટલે જ વર્ષમાં એક દિવસ હાજર રહેવાની શરત મૂકેલી. અને આજ એ દિવસનો પૂરો ઉપયોગ કરાયો છે.

આ કામ ઘણું સારું છે. અને મને એ કામ ઘણું પસંદ છે. સંસારમાં શ્રેષ્ઠ પ્રાણી મનુષ્ય છે એમ કહેવાય છે. આ દાવો કંઇ ખોટો નથી. પણ આપણે ઘણીવાર મનુષ્યને ઘણો નીચો પડેલો જોઇએ છીએ અને એને શ્રેષ્ઠ બનાવવો એ આપણું કર્તવ્ય છે. પણ પહેલાં આપણે આપણી જાતને ઉંચે ન લાવીએ ત્યાંસુધી આપણે બીજાને કઇ રીતે ઉંચે લાવી શકીએ. જે આપણી પાસે નથી તે બીજાને શી રીતે આપી શકીએ. એટલે શાળાની ઉપયોગિતા એ છે કે એમાંથી આપણે કેમ તાલીમ લેવી

તે શીખીએ-છીએ. તે તાલીમ લીધા પછી જીવનભર અભ્યાસ તો કરવાનો જ હોય છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનો સમય બહુ મહત્વનો છે. તે સમય દરમિયાન જેટલા સંસ્કાર અપાય તેટલા આપવા જોઈએ. પણ આ વાત કંઇ નવી નથી. આપણા દેશમાં તો ગર્ભાવસ્થાથી જ સંસ્કાર અપાય છે. પરંતુ સંસ્કાર કેવી રીતે આપવા, કેમ આપવા એ ચર્ચાનો વિષય છે. અત્યાર સુધી અપાતું શિક્ષણ અયોગ્ય ઠર્યું છે તેને બદલવું અત્યંત જરૂરનું છે.

આપણે આપણા દેશને જેવો બનાવવો હોય તેવું શિક્ષણ આપવું જોઇએ અને એને માટેજ બધાં પ્રયત્નો કરી રહ્યાં છે.

આપણું શિક્ષણ શા કારણે બગડ્યું તે પહેલાં સમજી લેવું જોઇએ.

એનું મુખ્ય કારણ તો પરદેશી શાસન છે. પરદેશી શાસનનો ઉદ્દેશ હતો શાસન કાયમ રાખવાનો.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ જરુર અપાવવું જોઇએ. પણ તેની શરૂઆત ગીતાજીમાં કહ્યું છે તેમ થઇ શકે:-

ઉર્ધ્વ મૂલઃ, અધઃ શાખા ॥

શિક્ષણ દેનારા ઉપરથી આવે છે. મેં જે લીધું છે તે જ શિક્ષણ આપી શકું. શિક્ષણ આપનાર સુધરશે નહિ ત્યાં સુધી શિક્ષણ સુધરી શકે નહી.

પહેલાં આપણું મન આપણે શિક્ષકોએ સ્પષ્ટ કરી લેવું જોઇએ.

આમ પહેલું દ્રષ્ટિબિંદુ જો સારુ હશે તો શિક્ષણ પણ સારુ થશે.

આજે સારો સમાજ સુખી હોવો જોઇએ કેમકે બધાંજ સુખ માગે છે. અલબત્ત, સુખની વ્યાખ્યા અલગ અલગ હોય છે. પહેલું તો મનુષ્યનું સુખ એટલે શું એ વિચારીએ, પછી બીજી વાતો સરળ બની જશે.

મેં જે રીતે જીવન જોયું છે તે રીતે હું જીવનનો વિચાર કરું છું. હું પૂર્ણ સત્ય શોધી ચૂકયો છું એવું નથી પણ હું જે રીતે જીવનને સમજ્યો છું તેને પ્રામાણિક રીતે તમારી પાસે મૂકું. આમાં મારા મંતવ્યો જોર જુલમથી ઠસાવવાનો મારો ઈરાદો નજ હોઈ શકે.

પણ ઘણીવાર ચર્ચાઓમાં સ્વમતાગ્રહ એવું સ્થાન લઈ લે છે કે એમાં સત્યની શોધ એક બાજુ રહી જાય છે. અને એમાં તો ચર્ચામાં જે હોશિયાર હોય છે તે જીતી જાય છે. પણ એનો અર્થ એ નથી થતો કે એણે જે કહ્યું એ જ સત્ય છે.

આપણે એક બીજાના વિચારો-મંતવ્યો સમજવા પ્રયત્ન કરવો જોઇએ. સામાને સમજાવવા છતાં એ સમજે નહી તો આપણા સમજાવવામાં કંઇક ખામી છે. અથવા તો આપણા વિચારમાં કયાંક ત્રુટિ છે એમ ન સમજતાં એમ જ માની બેસીએ છીએ કે એ સમજતો નથી. એ એની મૂર્ખાઈ છે તો એથી સમજાવનારમાં અભિમાન પેદા થાય છે.

બાળકો જ ખુદ આપણા શિક્ષકો છે અને દરેક આદમી સારી જીંદગી શીખ્યા જ કરતો હોય છે.

મને કહેવામાં આવ્યું છે કે મારે તમને માર્ગદર્શન આપવું. માર્ગદર્શનની વાત એક બાજુ રાખો હું તો મારા વિચારો જ રજૂ કરું છું અને આપણે સૌ આપણા સૌના વિચારોમાંથી ઉદ્ભવના સત્ય પાસે પહોંચી શકીશું, પણ એ ત્યારે જ બની શકે કે જ્યારે આપણે આપણી બુધ્ધિનો ઉપયોગ આપણી કમજોરી છુપાવવામાં ન કરીએ. ભૂલનો સ્વીકાર કરવાથી માનવીનો વિકાસ થાય છે. સમજ્યા બાદ ભૂલનો સ્વીકાર તો થવો જ જોઇએ. શિક્ષક પણ સમજાવતાં પોતાનું મગજ ગુમાવી બેસે અને વિદ્યાર્થી ન સમજે ત્યારે એને બેવકૂફ ગણે એ યોગ્ય નથી. શિક્ષકે જાણવું જોઇએ કે એમાં પોતાની સમજાવવાની રીતમાં કંઇક ત્રુટિ છે. ઘણીવાર આપણે સમજવામાં સ્પષ્ટ નથી હોતા એટલે વિદ્યાર્થી નહીં પણ આપણે જ દોષપાત્ર હોઇએ છીએ.

પરંતુ સાથે જ વિદ્યાર્થીને ચૂપ કરી દેવાથી આ આ કામ બગડે છે અને એથી વિદ્યાર્થીઓમાં ડર પેદા થાય છે અને આ ભયનો નાશ કરવો એ જ મોટામાં મોટું શિક્ષણ છે. વિદ્યાર્થી નીડર થઇ શકે અને પોતાને યોગ્ય લાગે તે જ જીવનમાં કરે એ શીખવવું જોઇએ. પરંતુ આ શિક્ષણ બાળમંદિરમાં આપી શકાય એ મને વ્યવહારુ લાગતું નથી. એ શિક્ષણ તો ઘરમાં જ મળી શકે અને મળવું જોઇએ.

અને એટલે જ આ જાતનું શિક્ષણ આપવા લાયક માબાપો થાય એ માટે સંઘે માબાપના શિક્ષણનું કાર્ય ઉપાડી લેવું જોઇએ. બાળમંદિરો કાઢવા એ ખોટું કામ નથી પણ મહત્વનું કામ તો છે આદર્શ માબાપો

તૈયાર કરવા તે. હું પણ પિતા છું. અલબત્ત અત્યારે મારે ત્યાં નાના બાળકો નથી પણ મારે છોકરાના છોકરાં તો છે અને મારે તેમને માટે તૈયારી કરવી જ જોઈએ.

પહેલાં જ્યારે હું કોલેજમાં ભણતો'તો ત્યારે મારા વિચારો અત્યારે છે એવા બધા ન હતા ત્યારે હું મુંબઇમાં લોકલોમાં મફત ફરવામાં અભિમાન લેતો. એ ચોરી કહેવાય એ ત્યારે માનતો નહોતો. મેજીસ્ટ્રેટ થયા પછી તો એ હું સમજ્યો.

પણ સામાન્યતઃ એવી એ અપ્રમાણિકતાની હવા જ ચાલતી આપણે જોઇએ છીએ. એકવાર હું મારા બાળકોને લઇને મારા મિત્રને ત્યાં ગયેલો. મેં બાળકોની ઉમર પ્રમાણે આખી ટિકિટ લીધેલી. સ્ટેશને લેવા આવેલ મિત્રે મને કહ્યું 'આ છોકરાઓ તો નાના દેખાય છે તો આખી ટિકિટ શા માટે લીધી,' એમને એમાં કોઈ અપ્રમાણિકતા ન લાગી અને આવી અને આ જાતની અપ્રમાણિકતાઓ દ્વારા જ આપણે બાળકોને કુશિક્ષણ આપીએ છીએ ઘણીવાર બાપ ઘેર હોવા છતાં દિકરાને કહે છે "જા કહી દે કે મારા બાપ ઘરમાં નથી" આથી બાળકો પણ એ વાતને સ્વાભાવિક ગણી લે છે અને ધીરે ધીરે અસત્યાચરણ શીખી લે છે. એથી આપણે માનવું જ રહ્યું કે બાળકો ઉપર સૌથી વિશેષ મા-બાપોના સંસ્કાર પડે છે.

માટે માતપિતાનો સંઘ બનાવો. તમે પોતે પણ તમારું જીવન તપાસી એને સુધારી લો તો જ આપણે ધાર્યું કામ સફળતાપૂર્વક પાર પાડી શકીશું.

મને આશા છે કે તમે સૌ આ કાર્યને વેગ આપી આશા અને શ્રદ્ધા સાથે આગળ ધપશો. હું તો પૂરો આશાવાદી છું.

ભાવનાના બાપુજી જમી લે એટલે વારા ફરતી બધાં છોકરાંઓનું નવરાવવાનું કામ તથા માથું ઓળવાનું કામ હું પતાવતી. એક બીજાનું નાહવાનું કાર્ય બધાં ભાઇ-બહેનો ખૂબ આનંદથી જોતા હોય છે. તે દિવસે શોભાનું નાહવાનું પાણી કાઢતી વખતે અમીતના પગ ઉપર મારાથી પાણી ઢોળાઇ ગયુ. પાણી ગરમ હોવાથી પગ દાઝ્યો. થયું, બધુ કામ અટકી પડ્યુ. શોભા પોતે નાહ્યા સિવાય ફકત કપડાં બદલીને, જમ્યા વગર નિશાળમાં ચુપ-ચુપ ચાલી ગઈ.

ભાવનાને જમવાની તથા નાહવાની ઉતાવળ ન્હોતી. નિશાળમાં જવા માટે પણ ખાસ તૈયારી ન્હોતી. એક સરખુ અમીત માટે સહાનુભૂતિથી જોવાનું ચાલુ હતુ. પછી અમીત સુઇ ગયો. મે તેન જમવા માટે પૂછયું તો તે, શોભા તથા અમીત જમ્યા ન્હોતા એમ જાણવા મળ્યું. મને ભૂખ નથી એમ કહી તે સુઇ ગઇ પંદર મિનિટમાં ઉઠીને અમીતને ઊંઘી ગએલો જોઇને બોલી "અમીતનો પગ દાઝ્યો છે ને મને ઊંઘ કેમ આવે છે? લાવ તેને પંખો નાંખુ. તેલ લગાડું."

મેં ફરીથી જમવા માટે પૂછ્યું, તો પણ ભૂખ નથી એમ કહેતી હતી. શોભા દશ મિનિટની રમ્યમાં ઘરે આવી અને અમીતના પગની ખબર પૂછવા લાગી. મેં જમવા માટે કહ્યું, એટલે બેઠી, પરંતુ કંઇ પણ જમ્યા વગર ઊઠીને પાછી નિશાળમાં જવા લાગી. મેં તેને ડોકટરને (એના વહાલા કાકાને) ત્યાં જવા માટે પૂછ્યું તો પણ નિશાળમાં જવા માટે જ કહેતી હતી. મને બન્ને બહેનોના બધુપ્રેમમાં જરા વિશેષ પ્રકારનું જુદાપણું લાગ્યું. ભાવના પ્રેમાળ છે કે શું? પ્રેમાળપણું કુદરતી હોવા છતાં તેનો વિકાસ બન્નેમાં સરખી રીતે ન થવો જોઇએ?

પરંતુ થોડીવારમાં મારા ધ્યાનમાં આવ્યું કે, નાહવાનું પાણી કાઢું ત્યાં સુધી અમીતને સંભાળવાનું કામ શોભાને સોંપ્યું હતું. આ કામ તેને બરાબર રીતે કર્યું નથી; બા તેને એ માટે વઢશે એ બીકથી તે બાથી (મારાથી) દૂર રહેવાનો પ્રયત્ન કરતી હતી. ભાઈ માટેનો પ્રેમ જરાયે ઓછો ન્હોતો. કારણ આ બનાવ પછી એ અમીતને સતત પંદર દિવસ સુધી ઉંચકી ઉંચકીને ફરતી હતી.

હું આ અનુભવ ઉપરથી બીજાની ભાવના ઓળખતા શીખી, તથા બાળકોની ભાવનાને બીકથી દાબી ન દેવાનો પ્રયત્ન કરવા લાગી. —હેમલતા મે ગદ્દે.

બાળકો માટે ચડ્ડીઓના થોડાક નમુનાઓ

એક દિવસ વાતો કરતાં કરતાં બાળકોનાં કપડાં પર ઉતરી પડયાં. બાળકોના કપડાં કેટલા જલદી નાના પડી જાય છે એટલે તેની પાછળ કેટલો ખર્ચ કરવો પડે છે ! અરે, તેમની ચડ્ડી પાછળ પણ બારસો ખર્ચ કરવો પડે છે.

ઘણાખરાં બાળકો નાડાવાળી ચડ્ડીઓ પહેરતાં હોય છે. એટલે નાડું બાંધવાનો અને છોડવાનો બહુ ત્રાસ પડતો હોય છે. ઘણીવાર આ નાડું ફ્રોકની પણ નીચે લટકતું હોય છે. એટલે એવાં બાળકને બધાં ચીડવે છે. એનો દેખાવ પણ બેડોળ લાગે છે અને છેવટે એને ચડ્ડી પહેરવાનોજ કંટાળો આવે છે.

વળી ઘણીવાર છોડતી વખતે નાડાને ગાંઠ પડી જાય છે. તેનાં પરિણામે ચડ્ડી ભીની થાય છે. બહુ ઢીલું બાંધ્યું હોય તો ચડ્ડી વારે-વારે સરી જાય છે અને તેને આખો વખત સરખી કરવી પડે છે. ઘણાં બાળકો આખો વખત ચડ્ડીઓ ઉપર ખેંચતા જ જોવામાં આવે છે. અને આમ કરવાની એટલી ટેવ પડી જાય છે કે ચડ્ડી ખેંચવાની જરૂર ન હોય તો પણ થોડી થોડી વારે ચડ્ડી ખેંચ્યાં જ કરે છે.

એટલે એક ઉપાય છે. ચડ્ડીને કમ્મર આગળ બે ઇંચ પહોળો નેફો રાખવો અને નેફાની વચ્ચે સાદા ફ્રોકનાં ટાંકાથી સીવી લેવું અને તેની ઉપલી બાજુએ ગાજનાં કાણાંમાંથી (બટન હોલ) બેબી ઇલેસ્ટિક નાંખવી. બાળકની કમ્મરનું માપ લઇ તે પ્રમાણે ઇલેસ્ટિક રાખી તેના બે છેડા સીવી નાખવા.

આવી ચડ્ડીઓ બાળકને બહુ ફાવે છે કારણ શરીરની હિલચાલ પ્રમાણે તે મોટી કે નાની થઇ શકે છે અને બહુ તંગ ન હોવાથી કમ્મર આગળની ચામડીને પણ ઇજા થતી નથી. તે ઉપરાંત આવી ચડ્ડીઓ બાળકો સહેલાઇથી ને પોતાની મેળે કાઢી ને પહેરી શકે છે.

કોઇવાર બહુ વપરાશ પછી ઇલેસ્ટિક ઢીલી થઇ જાય છે તો તે કાઢી બીજી નવી મૂકી શકાય છે.



અને આમ કરવાથી તે બહુ તંગ થતી નથી. વળી તે એક વર્ષ વધુ ઉપયોગમાં લઇ શકાય છે. ચડ્ડીનો ગાળો બહુ સાંકડો ન હોવો જોઇએ જેથી તે પહેરતા ફાવે. તેમ છતાં તે વધારે પડતો પહોળો પણ ન રાખવો. એથી તો એનો ઘાટ બહુ ખરાબ દેખાય છે.

હવે તો બધી જ માતાઓ પોતાના બાળકોને ફ્રોક જ પહેરાવતી હોય છે. આપણાં ચણીયા-ચોળી કરતાં એ જરૂર વધારે અનુકૂળ છે. જો સુરવાલ-ખમીસ કે ધાધરા પહેરાવ્યાં હોય તો ચડ્ડીનો પ્રશ્ન ઉભો થતોજ નથી.

મને લાગે છે કે ફ્રોકની સાથે અર્ધો વાર વધારે કપડું લઇ તેની ચડ્ડી બનાવી હોય તો તે જોડી સારી લાગે છે પણ જ્યાં ફ્રોકનું કપડું બહું જ પાતળું હોય તો તેમ થઇ શકતું નથી-પણ અસ્તર નાખ્યું હોય તો થઇ શકે.

થોડી કલ્પના દ્વારા સાદી ચડ્ડીઓમાં પણ જુદી જુદી ભાત ભરી શકાય એટલે બાળકોને તે પહે-

(અનુસંધાન ત્રીજા કવર પર)

'સોવિએત રશિયામાં મેં શું જોયું?'

કોપન હેગન અમે જૂનની ૧૨મીએ છોડયું. ૧૫મીએ મોસ્કો પહોંચ્યા. સોવિએત પ્રદેશમાં અમારો ચાર અઠવાડિયાનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. અમારો સૌથી પ્રથમ અને સ્વાભાવિક ઉદ્દેશ બાળ સંગોપન અને શિક્ષણ અંગેનો હતો. જ્યાં અમે ફર્યા અને બાળ-સંસ્થાઓ જોઈ ત્યાં એક વાત સ્પષ્ટ દેખાતી હતી કે ત્યાં બાળકો જાણે રાષ્ટ્રનું સૌથી કીમતી ધન હોય તેમ ગણીને તેમનો ઉછેર થતો હતો ત્યાંના જુદા જુદા કેન્દ્રોએ અને કિંડર ગાર્ડન તથા શિશુ ગૃહોએ મારા અનુભવોને નવી પ્રેરણા આપી છે. જો કે આપણા દેશનો અનુભવ તો મને હતો. બાળકના જન્મતાની સાથે આપણે ત્યાંની માતાને ટૂંક સમય માટે પોતાના હકકો અને વેતનો જતાં કરવા પડે છે. ગરીબ કુટુંબની કરૂણાજનક પરિસ્થિતિ બાળકના જન્મથી વધુ કરૂણ બને તેથી બાળક તરફ દુર્લક્ષ કરીને પણ સ્ત્રીને આર્થિક ઉપાર્જન માટે બહાર જવું પડે છે. બુધ્ધિજીવી માતાઓને પોતાની માનસિક તૃષા રોકવી પડે છે. જે સ્ત્રિઓએ રાજકારણને પોતાનું ક્ષેત્ર બનાવ્યું છે, તેઓને દેશના બાળકોના હકક માટેની લડતમાં પોતાના બાળકોના હકકો અને આપવી જોઇએ તે સેવાઓથી વંચિત રહેવું પડે છે. પરિણામે બાળકો દુર્લક્ષિત સ્થિતિમાં મોટા થાય છે અને બાળઉછેર માટેની તેઓની કલ્પનાઓ સાચે જ સ્વપ્નો ઠરે છે.

સોવિએત રાજ્યમાં સ્ત્રી જ્યારે માતૃપદે પહોંચે છે ત્યારે તેનો અધિકાર વધે છે. ગમે તે ક્ષેત્રમાં તે કામ કરતી હોય તો પણ તેની કમાણી વધે છે. કામના તેના કલાકોમાં ઘટાડો થાય છે. જ્યાં તે કામ કરે છે ત્યાં બધેય શિશુ ઘરો હોય જ છે. એ શિશુ ઘરોમાં ખાસ તાલીમ પામેલી પરિચારિકાઓ તેમજ મેટ્રન્સ દ્વારા બાળકોનું શાસ્ત્રીય રીતે સુંદર સંગોપન થાય છે.

સોવિએત રાજ્યમાં બાલકલ્યાણના પ્રશ્નોની જવાબદારી જેટલી વાલીઓ પર હોય છે તેટલી જ તે રાજ્ય ઉપર પણ હોય છે. પ્રત્યક્ષમાં બાલકલ્યાણની યોજનાઓ નાગરિકો બને તે પ્રકારની કેળવણીનું તંત્ર અમે રચી દ્વારા આ જવાબદારી પૂરી કરવામાં આવે છે. જીવનના રહ્યા છીએ.

દરેક ક્ષેત્રમાં સંગોપન કેન્દ્રો અને શિશુ ઘરોની યોજના હોય છે. શિશુ ઘરોમાં બાળકોને કળા અને કારીગરી શિખવવાની વ્યવસ્થા હોય છે. બાળક જ્યારે સાત વર્ષનું થાય ત્યારે તેને અક્ષરોનો પરિચય કરાવવામાં આવે છે અને આગળની તેની સમગ્ર કેળવણીની વ્યવસ્થા વિના મૂલ્યે કરવામાં આવે છે. અમે જે કેટલીક સંસ્થાઓ જોઇ તેમાંની કેટલીક સંસ્થાઓમાં સહશિક્ષણ હતું અને કેટલીક સંસ્થાઓમાં તે ન હતું. ગામડાઓની સ્કૂલોમાં ઘણે ભાગે સહશિક્ષણ હતુ, છતાં તે ફરજીયાત ન હતુ. સોવિએત શાળાઓમાં કુલ ૧૧ વર્ગો હોય છે. શાળામાં બાળકોને એવા કામો સોંપાય છે કે જેથી ઘર કામ માટે પણ તેમને કેળવણી મળે. શાળાના સામાન્ય દૈનિક કાર્યક્રમમાં પણ આનંદ વિનોદનું વાતાવરણ કેવી રીતે રાખી શકાય તેનો ખ્યાલ અમને સોવિએત શાળાઓના સંચાલન પરથી મળી આવ્યો. રજાઓ દરમ્યાન પાયોનિયર કેંપો યોજાય છે. તેમજ પાયોનિયર્સના ઘરો અને રાજઘરોની યોજનાને લીધે બાળકનું જીવન ખૂબ જ સમૃધ્ધ અને સંપૂર્ણ બને છે. બાળક અને રાષ્ટ્ર માટે તે ઉપકારક વસ્તુ છે. શિબિર જીવનમાં બાળકો જીવનની આપલે શીખે છે. સામુદાયિક શિસ્ત અને સમાનતાની ભાવના શીખે છે. શિબિરો નદીના કાંઠે અથવા તો દરિયા કિનારે યોજાય છે. તેથી બાળકની શારીરિક તંદુરસ્તી પર સારી અસર થાય છે. તેમજ તેઓને કુદરતના ખોળામાં સાદુ અને ખંતીલું જીવન ગાળવાની તક મળે છે. વીસ વર્ષની અંદરના છોકરાઓ અને છોકરીઓનો સર્વાંગી વિકાસ આ શિબિરમાં થાય છે. જ્યાં જ્યાં અમે ગયા ત્યાં આ પ્રકારની શિબિરોની પ્રવૃત્તિ પૂર બહારમાં હતી.

ત્યાંના શિક્ષણ ખાતાના ઉપમંત્રી સાથે અમે ઘણા વખત સુધી બાળકેળવણી અંગે ચર્ચા કરી ત્યારે એમણે કહ્યું કે હું એક કંગાડ અને નેવું લાખ બાળકોની મા છું. આ બધા બાળકો ન્યાયી, ધીરજવાળા અને શાણા

—કપિલરાયન મહેતા.

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

બાળકની અંગૂઠો ચૂસવાની ટેવ

સાધારણ રીતે ઘણા બાળકોમાં અંગૂઠો ચૂસવાની ટેવ દેખાઈ આવે છે. કેટલાંક બાળકો તો જન્મથી જ અંગૂઠો ચૂસતા હોય છે. સાધારણ રીતે ૭ મહિના સુધી બાળક અંગૂઠો ચૂસે છે.

અર્ભકાવસ્થામાં અંગૂઠો ચૂસવાને ટેવ ન ગણતાં એ બાળકની જરુરિયાત છે. જન્મથી જ બાળકની સાથે આવતી એ એક સહજ પ્રવૃત્તિ છે અને એના દ્વારા બાળકને સુખ અને સંતોષ મળે છે. આ જ કારણને લીધે અર્ભકાવસ્થામાં જે વસ્તુ સામે આવે તે મોઢામાં ઘાલીને બાળક ચૂસવા લાગે છે. એટલે બાળક અંગૂઠો ચૂસે તેથી વાલીઓએ અસ્વસ્થ કે નિરાશ થવાની જરુર નથી. બાળક મોટું થાય છે ત્યારે પોતાની મેળે જ અંગૂઠો ચૂસવાનું છોડી દે છે. ૪-૫ વર્ષ પછી પણ જો અંગૂઠો ચૂસતું રહે તો તે વખતે બાળકનો શારીરિક બૌધ્ધિક વિકાસ યોગ્ય રીતે થયો નથી એમ વાલીઓએ સમજવું જોઇએ. આવે સમયે બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વાલીઓએ યોગ્ય રીતે કાળજી લેવી જોઇએ. શરીર અને મન શાંત તથા પ્રસન્ન હોય તો બાળક આપોઆપ અંગૂઠો ચૂસવાનું છોડી દેશે.

અંગૂઠો ચૂસવાથી થતું નુકસાન :

કેટલાંક લોકોની એવા માન્યતા છે કે અંગૂઠો ચૂસવાથી બાળકના હોઠ, દાંત તથા મોઢું બરાબ થાય છે. પરંતુ અનુભવથી આ માન્યતા પાયા વગરની છે એમ સિધ્ધ થયું છે. તેથી આ બાબતમાં વાલીઓએ ચિંતા કરવાનું કંઈ કારણ નથી. પરંતુ જ્યારે મોટા થયા પછી પણ બાળક આ ટેવ છોડતું નથી ત્યારે એ ટેવ દ્વારા બાળકને નુકસાન થવાનો સંભવ છે. લાંબા સમય સુધી અંગૂઠો ચૂસતા રહેવાથી બાળકના બોલવામાં મુશ્કેલી ઉભી થાય છે. આ પરિસ્થિતિથી આગળ જઇને બાળક દાંતથી નખ કરડવા, ચામડી ચાવવી વિગેરે બાબતો કરવા લાગે છે અને એટલું જ નહિ તો પણ આગળ ઉપર અંગૂઠો ચૂસવાની બાળકને એક ટેવ પડી જાય છે. આ ટેવ દ્વારા બાળકમાં અનેક વિકૃતિઓ નિર્માણ થાય છે. આવી સ્થિતિ થયા પછી બાળક એકલા રહેવાનું પસંદ કરે છે; સમૂહમાં ભળતું નથી. આજુબાજુના જગત માટે એના મનમાં તિરસ્કાર જાગે છે. કોઇ પણ બાબતમાં એનું મન એકાગ્ર થઇ શકતું નથી. વાલીઓ જો જબરજસ્તીથી આ ટેવ છોડાવવાનો પ્રયત્ન કરે તો બાળક એકલું હોય ત્યારે અથવા તો એકાંતમાં જઇને અંગૂઠો ચૂસે છે. આની આગળનું પરિણામ એટલે ચોરી કરવી, ખોટું બોલવું તથા કામકીડા કરવા સુધી બાળક જાય છે. આવે સમયે વાલીઓએ ખૂબ સાવધાનીથી પોતાની જવાબદારી સમજીને કામ લેવું જોઇએ.

બાળક અંગૂઠો શા માટે ચૂસે છે ?

ઉપર કહ્યું એ પ્રમાણે બાળકની એ એક સહજ પ્રવૃત્તિ છે. એના દ્વારા બાળકને સમાધાન મળે છે. એ પોતાનું દુઃખ ભૂલી જાય છે. નાનપણમાં અંગૂઠો ચૂસવાનું આ એક મુખ્ય કારણ છે.

(૨) દાંત આવતી વખતે પણ બાળક અંગૂઠો ચૂસે છે. એનાથી એના પેઢાને આરામ મળે છે. દાંત આવ્યા પછી પણ જો બાળકને ચાવવા માટે કઠણ પદાર્થ ન મળે તો પણ બાળક અંગૂઠો ચૂસે છે.

(૩) યોગ્ય સમયે બાળકને માતાનું દૂધ પૂરતા પ્રમાણમાં ન મળ્યું હોય તો પણ બાળક અંગૂઠો ચૂસે છે. એ ઉપરાંત જે માતા બાળકને કયખતે દૂધ પીવડાવે છે અને એનું પેટ ભરાય એ પહેલા જ સ્તનપાન અટકાવી દે છે તે વખતે બાળક પોતાની તૃપ્તિ માટે અંગૂઠો ચૂસે છે.

(૪) બાટલીથી દૂધ પીતું બાળક પણ અંગૂઠો ચૂસે છે. કારણ માતાના દૂધ પીવા જેટલી તૃપ્તિ બાટલીથી દૂધ પીવાથી મળતી નથી.

(૫) જે બાળકને કયખતે માતાનું દૂધ છોડવું પડે છે તે બાળક અંગૂઠો ચૂસે છે. એ માટે બાળકને ૧-૧॥ વર્ષ સુધી માતાનું દૂધ મળવું જોઇએ.

(૬) જે બાળકને કોઇપણ વખત મોઢામાં અંગૂઠો નાખવાની તક ન મળી હોય અથવા જે બાળકનો અંગૂઠો મોઢામાં જતાની સાથે જ જબરદસ્તીથી બહાર કઢાવવામાં આવે એવું બાળક પણ અંગૂઠો ચૂસે છે.

(૭) જે બાળકને પોતાની ઇચ્છાનુસાર સ્વતંત્ર રીતે કામ કરવાની તથા વિકાસ સાધવાની તક ન મળી હોય, અથવા જે બાળકનું બધું કામ વાલી અથવા નોકર કરતા હોય છે તે બાળક અંગૂઠો ચૂસવા લાગે છે.

(૮) જે બાળકને વાલીઓનો કે માતાપિતાનો

સ્નેહ મળતો નથી, અથવા જેમના માતપિતા રાત ને દિવસ અંદર અંદર લઢવાડ કર્યા કરે છે, વારંવાર એક બીજા સાથે રીસાઇ જાય છે, એક બીજા સાથે બોલતા નથી, અથવા નવા જન્મેલા બાળકને લીધે પહેલા બાળકની જ્યારે ઉપેક્ષા થાય છે, ત્યારે બાળક આ ત્રુટિ ભરી લેવા માટે અંગૂઠો ચૂસવાનું શરુ કરે છે.

(૯) સાવકી માતાના સહવાસમાં પણ બાળક અંગૂઠો ચૂસવાનું શરુ કરે છે.

(૧૦) જે બાળકને એકલો રાખવામાં આવતો હોય, જેને પોતાના મિત્રોમાં ભળવાની તથા રમવાની તક ન આપવામાં આવે, જેને સામાજિક કાર્યમાં ભાગ લેવાની તક મળતી નથી એ બાળક અંગૂઠો, ચૂસવાની શરુઆત કરે છે.

(૧૧) જે બાળક અંગૂઠો ચૂસનાર બાળકની સોબતમાં વધુ સમય રહે છે તે બાળક પણ અંગૂઠો ચૂસવાની શરુઆત કરે છે.

(૧૨) જે બાળક આખો દિવસ રમી રમીને થાકી જાય છે, અથવા જે બાળક અસ્વસ્થ હોય છે તે બાળક અંગૂઠો ચૂસે છે.

(૧૩) જે બાળકની આવશ્યક જરુરિયાતો પૂરી કરવામાં આવતી નથી, જેને પોતાના વિચારો પ્રગટ કરવાની તક મળતી નથી, જેની ભાવના દાબી દેવામાં આવે છે, જેને કોઇપણ પ્રકારનું ઉ-તેજન આપવામાં આવતું નથી અથવા જે બાળકમાં હીનભાવ (Inferiority complex) નિર્માણ થાય છે તે બાળક અંગૂઠો ચૂસે છે.

(૧૪) જે બાળકને સતત ધમકાવવામાં આવે છે, જેને અપમાનિત કે લજ્જિત કરવામાં આવે છે, જેને માનસિક દુઃખ સહન કરવું પડે છે, જેનામાં આત્મવિશ્વાસ જાગૃત થતો નથી તે બાળક અંગૂઠો ચૂસે છે.

(૧૫) જેનો સમુચિત શારીરિક ને માનસિક વિકાસ થતો નથી તે બાળક પોતાની ઉણપો ભરી કાઢવા માટે અંગૂઠો ચૂસે છે.

અંગૂઠો ચૂસવાની ટેવ કેવી રીતે દૂર કરી શકાય?

(૧) આ ટેવ છોડાવવાનો સહેલો અને સરળ ઉપાય એટલે અંગૂઠો ચૂસવાનું કારણ શોધીને તે દૂર કરવું.

(૨) આ બાબતમાં વાલીઓએ વધારે પડતી ચિંતા કરવાનું અથવા દુઃખી થવાનું છોડી દેવું, તથા બાળકની સામે કોઇપણ પ્રકારનો વાદવિવાદ કે ચર્ચા કરવી નહિ. એ અંગેની ચર્ચા બાળકની ગેરહાજરીમાં કરવી.

(૩) ચોકકસ સમયે અંગૂઠાને તેલ લગાડવું તથા નખ વધેલા હોય તો તરત કાપી નાખવા. ધીરે ધીરે વધેલા નખ તથા ગંદકી માટે સુગ ન ચડે એની કાળજી લેવી. કયારેક અંગૂઠા ઉપર ભીના કપડાની પટ્ટી બાંધવાથી ફાયદો થાય છે.

(૪) યોગ્ય સમયે બાળકને દૂધ આપવું, અને તે સમયે માતાએ ઉતાવળ ન કરવી. માતાનું દૂધ ઓછું પડતું હોય તો ઉપરનું દૂધ અથવા ફળનો રસ આપીને બાળકની ભૂખ શમાવવાનો પ્રયત્ન કરવો.

માતાનું દૂધ છોડાવવા ઉતાવળ કે જબરદસ્તી કરવી નહિ. એવી શાસ્ત્રીય પધ્ધતિથી માતાનું દૂધ ઓછું કરતાં જવું કે જેથી બાળકને તેનું ભાન ન થાય.

(૬) જે બાળક બાટલીથી દૂધ પીતું હોય તેની ટોટીનું કાણું વધારે પડતું મોટું કે વધારે પડતું નાનું ન હોવું જોઇએ. ટોટીનું કાણું એવું હોવું જોઇએ કે દૂધ પીધા પછી બાળકને સંતોષ થવો જોઇએ, તથા દૂધ પીતા વચ્ચે મુશ્કેલીઓ ન આવે.

(૭) બાળકને માતાપિતાનો પ્રેમ મળવો જોઇએ. ઘરમાં પોતાની ઉપેક્ષા થાય છે એવું એને ન લાગવું જોઇએ. એ માટે બાળકની સાથે ગપ્પા મારવા, વાતો કરવી તથા એની સાથે રમવા માટે પોતાની પ્રવૃત્તિમાંથી થોડો સમય કાઢવો જોઇએ. આ ઉપરાંત માતાપિતાનો એક બીજા સાથેનો સંબંધ સ્નેહભર્યો હોવો જોઇએ. ભૂલતાં પણ બાળકની સામે ઝઘડો કરવો નહિ.

(૮) બાળક ઊંઘે ત્યારે બાળકને ગીતો અથવા વાર્તા સંભળાવવી જેથી બાળક પ્રસન્ન ચિત્તે ગાઢ નિદ્રામાં પડે તથા અંગૂઠો ચૂસવાનું ભૂલી જાય.

(૯) બાળકને કોઇપણ વખત એકલો ન મૂકવો અને કોઇપણ પ્રવૃત્તિમાં એકાગ્ર થવા દેવો, એને

સામાજિક કાર્યમાં ભાગ લેવા દેવો. તે જ પ્રમાણે તેના મિત્રમંડળમાં ભળીને સ્વતંત્ર રીતે રમવાની તક આપવી. જો કોઇ દિવસ એકલા મૂકીને જવું પડે એમ હોય તો એને વૈજ્ઞાનિક રમકડાં આપવા, જેથી એ પોતે રમી શકે તથા મન પ્રસન્ન રાખી શકે.

(૧૦) બાળકને અંગૂઠો ચૂસનાર બાળકની સોબતમાં રાખવો નહિ તથા ગલીમાં કે એકાંત જગ્યામાં એકલો ભટકવા દેવો નહિ.

(૧૧) બાળકને પોતાનું કામ જાતે કરવાની તક આપવી જોઈએ. એને સતત કોઇને કોઇ ઉપયોગી કામમાં રોકી રાખવો. તેને નિરુદ્યોગી રહેવાની તક આપવી નહિ જે બાળકના હાથ કામમાં રોકાયેલા હોય છે તે બાળક કોઈ પણ વખત અંગૂઠો મોઢામાં નાખતું નથી.

બાળકના કામમાં કોઇ પણ જાતની મુશ્કેલી ન આવે એની તકેદારી રાખવી. એની તલ્લીનતા કે એકાગ્રતા ભંગ ન કરવી

(૧૨) અંગુઠો ચુસવાની ટેવ છોડાવવાની બાબતમાં જે કોઈ ઉપાય કરવો હોય તે બાળકને પૂછીને તેને વિશ્વાસમાં લઈને કરવો. બાળક પોતે જ અંગુઠો ચુસવાનુ છોડી દે, એવી પ્રેરણા શકિત એનામાં આવે એવું કરવુ જોઇએ. એક વાર એના મનમાં અંગુઠો ચુસવો એ ખરાબ ટેવ છે એમ ઠસી જશે તો તે છોડવા માટે તૈયાર થશે.

(૧૩) બાળકનો યોગ્ય વિકાસ થવા માટે તેને સારા બાળમંદિરમાં દાખલ કરવો.

(૧૪) બાળકની યોગ્ય માગણીઓ તથા જરુરિયાતો યથાશકિત પૂરી પાડવાનો પ્રયત્ન કરવો.

(૧૫) કોઇ પણ પરિસ્થિતિમાં, કઠોરતા, જોર જુલ્મ, ફરજિયાત. શિક્ષા, બીક લાલચ, ખુશામત વિગેરે ઘાતક સાધનોનો ઉપયોગ કરવો નહિ. અથવા અંગુઠો બાંધીને, અથવા કડવા લીમડાના પાનનો લેપ અથવા કવીનાઇન લગાવીને બાળકને દુ:ખી ન કરવો. આ નકકામાં સાધનોનો ઉપયોગ કરવાથી આ ટેવ છૂટવા કરતા વધુ દૃઢ થાય છે. જે બાળકને આ બાબતમાં કઠોર જવાબ ને વર્તન મળે છે તે બાળક ૧૪-૧૫ વર્ષ સુધી પણ આ ટેવમાંથી મુકિત મેળવી શકતુ નથી. તેથી આવી મૂર્ખાઇ ભરેલી રીતે બાળક સાથે ન વર્તતા આ ટેવનું મૂળ શોધીને ધીરજપૂર્વક એના ઉપર ઉપાય-યોજના કરવી જોઇએ.

મને ખાત્રી છે કે આ રીતે માતાપિતા તથા વાલીઓ તત્પરતાથી બાળક માટેનું પોતાનું કર્તવ્ય પાર પાડશે તો તે ચૂસવાની ટેવ છોડી દેશે.

—બ સીધરજી

સંસ્કારનો વારસો

.....વિશ્વનાથની વારસ રક્ષા.....

તે દિવસે રમણભાઇનો પત્ર હતો, એટલે જ્યારે મેં અમારા ચોગાનમાં કેટલીક નવિન વ્યક્તિઓને જોઇ ત્યારે હું તરત જ સમજી ગયો કે એ લોકો અમારે ત્યાં જ આવે છે.

રમણભાઇએ માત્ર બે જ વાકયો લખેલાં :

'મારા પડોશી વિશ્વનાથભાઇ એમના કુટુમ્બ સાથે એ બાજુ હવાફેર આવે છે. તમે એમને મળો એમ હું આશ રાખું છું—તમને એમાં રસ પડશે.'

મેં બહાર પગથિયે જઇ એ લોકોનું સ્વાગત કર્યું.

મેં નમસ્કાર કરતાં કહ્યું :

'પધારો, વિશ્વનાથભાઇ.'

મેં કહ્યું' તું સૌની પાછળ ચાલતા વૃધ્ધને ઉદ્દેશીને પણ જવાબ મળ્યો સૌની આગળ ચાલતાં બહેન તરફથી:

'અરે, તમે તો આવતાં જ અમને ઓળખી લીધાં'!

'હા, એ કંઈ અઘરું નહોતું, આજે જ રમણભાઇનો પત્ર હતો.'

હું ઘડીક એ બહેન તરફ અને ઘડીક વિશ્વનાથ-ભાઈ તરફ જોતો બોલ્યો. પણ વિશ્વનાથભાઇએ માત્ર જરા મ્હોં મલકાવવાથી વિશેષ તસ્દી લીધી નહીં, પણ એ

બોટ પેલાં બહેન જણાવા દે એવાં ન હોતાં:

'એમ કે? હા, એમણે અમને પણ આગ્રહથી કહેલું કે, "સુમનભાઇને જરૂર મળજો."

'બહુ સારું કર્યું.'

અમે ઘરમાં ગયાં ને એમણે આગળ ધપાવ્યું:

'અમે આજ ચાર દિવસથી આવ્યાં છીએ. આશારામે સેનિટરીમાં ઉતર્યાં છીએ.'

ઉંબરા ઉપર જ ભારતીએ સૌને આવકાર આપ્યો. અને પછી ઘરમાં અમે સૌ બેઠાં.

હું વિશ્વનાથભાઇની બાજુની ખુરશીમાં બેઠો અને એ લોકોની ભારતીને ઓળખાણ આપવા માંડી. પણ હું તો એક વિશ્વનાથભાઈના નામ સિવાય બીજું કંઇ જાણતો નહોતો.

પરંતુ ત્યાં પણ એ બહેન મારી વહારે ધાયાં:

'મારું નામ સાવિત્રી છે, ભારતીબેન અને આ મારો દીકરો વસંતરાય છે: આ મધુરી ને આ નિર્મળા. મોટી છોડી નાની બેબીને સાચવવા સેનિટરીમાં રોકાઇ છે.'

મેં જોયું કે સાવિત્રીબેને ભારતી આવી કે પોતાના દિશા ભારતી તરફ જ ફેરવી દીધી હતી.

સાવિત્રીબેન ઉતરતી યુવાની તરફ ઢળતાં હોય એટલી એમની વય કહી શકાય. પણ એમનું એકવડિયું શરીર એમને એમની ઉંમરથી પણ નાનાં દર્શાવતું હતું. એમણે પહેરેલ કપડાં બિલકુલ નવા ઘડીબંધ હતાં અને એમની આંખે સોનેરી ચશ્માં હતાં.

એમના દીકરાએ બુશકોટ અને પાટલૂન પહેર્યાં હતાં. માથું ખૂલ્લું હતું અને આંખે જાડાં કાચના ચશ્માં હતાં. બંય છોકરીઓએ પણ ચશ્માં પહેર્યાં હતાં અને બધાંએ દેખાઈ રહે એટલો પાવડર લગાડયો હતો.

કેટલાંક લોકો મુંબઈમાં નહીં એટલાં મુંબઇ બહાર પોતે મુંબઇગરાં છે એનું વિશેષ પ્રદર્શન કરતાં હોય છે આ લોકો એમાં અપવાદ નહોતાં.

એક વિશ્વનાથભાઇમાં એ મુંબઇગરાપણું દેખાતું નહોતું. એમણે ખાદીનો ઝબ્બો ને ખાદીની ટોપી પહેરી હતી અને જાડું ધોતિયું પહેર્યું હતું.

અને એક માત્ર આ પાંસઠ વર્ષના ડોશાએ ચશ્માં નહોતાં પહેર્યાં.

સાવિત્રીબેન ભારતી સાથે વાતોમાં લાગ્યાં. હજુ સુધી વિશ્વનાથભાઈ કંઇ બોલ્યા નહોતા. પણ આમ મૂંગુ બેસવું મને યોગ્ય ન લાગતાં હું જ બોલ્યો:

'કેમ વિશ્વનાથભાઇ, બે ત્રણ મહિના તો રોકાશો ને?

વિશ્વનાથભાઇ મારા તરફ સસ્મિત જોઇ રહ્યાં, અને કેટલીકવારે એ અસ્ફૂટ સ્વરે બોલ્યા. એ હું સમજી ન શકયો:

'કે...જા...બે...ને...પૂ...બો.'

સાવિત્રીબેન પોતાની વાત અટકાવી બોલ્યાં:

'ના—ના, બેટલી રજા અમારા આ બચુભાઇને કયાં છે? વીશ, પચ્ચીસ દિ'—માડ'

સાથે જ વસંતરાય અંગ્રેજીમાં બોલી ઉઠયો:

'આફટર ઓલ, ધેટ ઇઝ સર્વિસ સુમનભાઈ.'

'બરુ.''

સાવિત્રીબેન આગળ બોલ્યાં:

'તમે એમને કંઇ ન પૂછશો. એમને વાઈનું દરદ છે. એ સરખું બોલી શકતા નથી.'

મેં જરા લાગણીથી વિશ્વનાથભાઇ સામે જોયું: એ ફરી સ્મિત કરતા બોલ્યા:

'મા.... ઈ .. જી.... બોચ્યો...'

ત્યારે બરાબર, એમને માટે જ હવાફેરે આવ્યાં હશો.'

'નોટ નેસેસરીલી. હી ઇઝ ઈન્ફયોરેણલ.'

વસંત બોલ્યો અને સાવિત્રીબેને અનુપૂર્તિ કરી.

'મારી તબિયત ઠીક નથી રહેતી એટલે આવ્યા છીએ.'

હું વસંત તરફ ફર્યો:

'તમે શું કરો છો?'

વસંત જરા ચૂપ રહ્યો. એમના માતા બોલ્યાં:

'મારો બચુભાઈ તો ગવર્નમેન્ટની નોકરીમાં છે. અને આ એના બાપ પણ એસોસેનના સેક્રેટરી હતા. એ તો હમણાં પાંચ વરસ થયા આમ છે. પણ પાછા આ રહ્યા મોટા ગાંધી મા'ત્મા. એમની હારના અતારે જુઓ તો દેશમાં મોટા બંગલા બાંધી બેઠા છે મજાના ને આ રહ્યા એવા ને એવા—કોરાધાકોર!'

આ વખતે વચ્ચે જ વિશ્વનાથભાઈ બોલી ઊઠ્યા એમના કપાળમાં એકાદ કરચલી પણ પડી:

'હું ...!....કા....આ. બજા.....કઉં? હું....! સેકેઈ...તો પઈ બીજા....શુ.... કે'?'

અને મારા તરફ જરા અભિમાનથી જોતા બોલ્યા:

'હું ભામન....દીઈકરો....માણું–હા, ચોમેરી–ના

સાવિત્રીબેન પણ હવે જરા ઉકળી ગયાં:

'તમે તે કોણ મોટા રાજા હરીશ્ચંદ્ર? આમને આમ એંઠમાં જ બધું ખોયું.'

અને મારી તરફ વળતાં બોલ્યાં:

'જુઓ અત્યારે આ મારો બચુભાઈ કમાય છે એના ઉપર અમારું નીભે છે. એ તો ઠીક છે કે બચુભાઈ એના બાપ ઉપર ન ઉતર્યો. તો આજ કંઈ રોટલે સુખી છીએ. પણ એના જેવો હોત તો બચુના દોઢસોના પગારમાં કેમ નભત?'

'ઊંહુ!'

વિશ્વનાથભાઈનો તિરસ્કારસૂચક અવાજ આવ્યો ને સાવિત્રીબેન ગુસ્સામાં એમના તરફ જોઈ રહ્યાં. પણ કંઈ વિશેષ બોલ્યા નહીં.

પણ વસંત બોલ્યો:

'ઓલ્ડ ફૂલ.'

હું ચમકીને એના તરફ જોઈ રહ્યો. એ મારી સામે નફફટાઈથી હસી રહ્યો હતો.

એટલામાં ભારતી ચહા લાવી અને એ બધાં ચડા-પાણી કરીને પછી ઉઠ્યા.

સાવિત્રીબેન ભારતી તરફ જોતાં બોલ્યાં:

'ભારતીબેન, હવે તમે અમારે ત્યાં આવજો હોં; અહીં તો નવરાશ નવરાશ લાગે છે. અમે તો નવરાનો ધંધો–ગંજીપો કૂટીએ ને નહીં તો સીનેમા જોવા જઈએ!'

ભારતીએ હકારમાં માથું હલાવ્યું અને એ બધાં ગયાં.

એમના ગયા પછી ભારતી મારી સામે ને હું ભારતી સામે જોઈ રહ્યાં.

થોડા દિવસો વચ્ચે ચાલ્યા ગયા.

પણ એક દિવસ સાંજે ઘરે આવતાં ભારતીએ મને કહ્યું;

'આજ હું સાવિત્રીબેનને ત્યાં જઈ આવી!'

એનું મ્હોં આ વાત કહેતાં હસી રહ્યું હતું. એ જોતાં હું બોલી ઊઠ્યો:

'કેમ, તું હસે છે! કંઈ અસામાન્ય કારણ છે?

'નહીં, અસામાન્ય તો કંઈ નથી. પણ આ કુટુમ્બ જરુર અસામાન્ય છે.—પણ તમે કેમ એકેય વાર ગયા નથી?'

'કેમ, મારે જવું જોઈએ એમ તને લાગે છે?'

'એટલે કંઈ ફરજ તરીકે નથી કહેતી પણ તમે આમ તો જ્યાં ત્યાં સંસ્કાર સુંઘવા ફરો છો અને આ લોકોમાં તમને સબળ કંઈ જો દેખાયું!'

'ભારતી, એમાં શું જોવા જેવું છે! જગતની વાસ્તવિકતાનો ઉકરડો વરખોળવો એ મારું કામ નથી. હું તો એ ઉકરડા ઉપર જે બેચાર ફૂલો ખીલ્યાં હોય છે એ જ સુંઘવા ચાહું છું!'

'ઠીક ભાઈ, પણ કોઈકવાર એ ઉકરડાનો ખાડો ભૂલાઈ ન જવાય એટલું પણ એના તરફ ધ્યાન દેવાવું જોઈએ!'

મેં કબૂલ કર્યું.

અને સાથેજ વિચાર આવ્યો કે કદાચ રમણ-ભાઈએ પણ આ જ ઉદ્દેશથી મને લખ્યું હશે?

તે જ દિવસે મેં રમણભાઈને પત્ર લખ્યો અને

તેમનો આજેજ મોટો જવાબ આવ્યો છે. એ બધું વાંચીને મારું મન કલુષિત થઈ ગયું છે.

છતાં વાસ્તવિકતાનું એ વિરુપ છે એ જોવા માટે જ મેં આજ આશારામ સેનિટોરિયમનો રસ્તો લીધો.

હું ત્યાં પહોંચ્યો, ત્યારે સાંજના લગભગ પાંચેક વાગ્યા હશે.

હવા ખાવાની મોસમ હજુ શરુ થયેલી હોવાથી સેનિટોરિયમ સાવ નિર્જન હતું. માત્ર એક જ બ્લોક ખૂલ્લો હતો અને એ જ વિશ્વનાથભાઈનું નિવાસસ્થાન સમજી હું પગથિયાં ચડવા લાગ્યો.

પગથિયાં ચડતાં જ હું અંદરના અવાજથી ચમકી ગયો.

સાવિત્રીબેનની કર્કશ ત્રાડ સંભળાઇ :

'તો તમે શું કરશો ? બેઠાં બેઠાં ખાશો જ ! ખાઓ ખાઓ, માગો છો તે બોલા ભવનું ! હાય રે, મેં મૂઇએ તો આ ભવમાં કોઇ સુખ જ ન જોયું.'

સામે વિશ્વનાથભાઇનો જીભના લોચા વળતો જવાબ આવ્યો પણ હું એ કંઇ સમજી ન શક્યો.

સાવિત્રીબેનની ફરી એવી જ બૂમ સંભળાઇ :

'હા હા, તો તો એક જ વાત. દેખવું ય નહીં ને દાઝવું ય નહીં. પણ આ તો બેનાથીયે બેજ.'

ફરી વિશ્વનાથભાઇ કંઇક બોલ્યા. એ પૂરું કરે ત્યાં તો વસંતની બૂમ સંભળાઇ.

'યૂ શટ અપ, ઓલ્ડ ફૂલ.'

પણ વિશ્વનાથ મૂંગા ન થયા. એ તો બોલતા જ રહ્યા.

'હું ઝોશરી સુધી તો પહોંચ્યો. પણ અંદર જવું કે નહીં એની વિમાસણમાં પડયો. પણ એકાએક 'તડ' કરતોક ને લાકડીનો અવાજ આવ્યો ને સાથે જ વિશ્વનાથભાઇની ચીસ સંભળાઇ એટલે મારાથી ન રહેવાયું. હું રસોડાનાં બારણાં સુધી દોડી ગયો. પણ ત્યાંજ ડઘાઇને ઉભો થઇ રહયો.

મને જોતાં જ વસંતની ફરી ઉંચી ઉગાબેલી લાકડી ઉંચી જ રહી ગઇ. સાવિત્રીબેનની ગુસ્સામાં ભેળી થયેલી ભ્રમરો ચમકીને ભ્રૂણ પહોળી થઇ ગઇ. અને બેમણે લંબાવેલા બે હાથ નીચા થઇ ગયા.

પણ બીજી જ પળે વસંતે બે લાકડી ફરી વિશ્વનાથભાઇના વાંસા ઉપર ચોડી.

'બચ્યુ....'

સાવિત્રીબેન ઠપકાથી બોલી ઉઠ્યા.

પણ વસંત કંઇ શરમાય બેવો ન હોતો. બેણે બેની અંગ્રેજી ગાળો ચાલુ જ રાખી :

'બ્લડી, સ્વાઇન.'

અને સાવિત્રીબેન બોલતાં જ રહ્યા :

'બચ્યુ, ચૂપ કર.'

એક બાજુ ત્રણ છોકરીઓ બૂણામાં આ તમાશો જોંતી ઉભી હતી.

બીજી બાજુ વિશ્વનાથભાઇ હતા. બેમના બેક હાથમાં સાવરણી હતી અને બીજે હાથે બેમણે પાણીના માટલાને સખત પકડી રાખ્યું હતું. બેમની બાંબો બંધ હતી. અને બ્હોંમાંથી ન સમજાય બેવો બબડાટ સંભળાતો હતો. બે જાણે ધ્યેનમાં હોય બેમ આગળ પાછળ ડોલી રહ્યા હતા. બેમની બાંબો બંધ હતી.

નીચે વળાબેલો કચરો બેમના પગ પાસે પડયો હતો. બેનાથી થોડેક જ દૂર સાવિત્રીબેનની બેબીએ કરેલા મેલા ઉપર માખીઓ ભમણતી હતી. અને મોરીમાં બેઠાં વાસણો પડયાં હતા.

સાવિત્રીબેન મારા તરફ શરમ મિશ્રિત ગુસ્સામાં બોલ્યાં.

'જુબોને સુમનભાઇ, આમને તે હવે શું કહેવું સાવ સાઠી બુધ્ધિ નાઠી થઇ ગઇ છે !'

'કુલિશ બેઝ.'

પણ વસંતની શ્રીવાણી આગળ વધે તે પહેલાં જ બેક મોટો ધબાકો થયો ને મારું ફરી વિશ્વનાથભાઇ તરફ ધ્યાન ગયું. બમે બધાં જ ચમકી ગયાં.

વિશ્વનાથભાઇ પાણીના માટલા સાથે નીચે જમીન ઉપર પટકાઇ પડયાં હતા. વિશ્વનાથભાઇ બેભાન થઇ ગયા હતા અને એમના મ્હોંમાંથી ફીણ સાથે અસ્પષ્ટ અવાજો નીકળી રહ્યા હતા.

સાવિત્રીબેન એકદમ ચીસ પાડી ઉઠ્યાં :

'વોય મને.'

હું એકદમ વિશ્વનાથભાઇ પાસે દોડી ગયો અને એમની આંખો દાબી રાખી. સાવિત્રીબેન ફૂંગળી લેવા ગયાં, પણ એ આવે તે પહેલાંજ વસંતે પોતાનો બૂટ કાઢી વિશ્વનાથભાઇના નાક ઉપર નાખ્યો.

થોડીવાર એમ જ વિશ્વનાથભાઇ પડયા રહ્યા. ત્યારે પણ વસંતની અંગ્રેજીમાં ગાળો ચાલુ જ હતી. સાવિત્રીબેનની પણ કચકચ ચાલુ હતી.

કેટલીક વારે વિશ્વનાથભાઇ શાન્ત થયા એ જાણે ઉંઘતા હોય એમ એમનાં નસકોરાં બોલવા લાગ્યાં.

'બચુ, લે હવે આને. એણે તો જોને આખું અંગ બરડી મેલ્યું છે.'

સાવિત્રીબેન બોલ્યાં.

'હા, પહેલાં તો આપણે એમને સાફ કરીએ.'

મેં કહ્યું ને વસંતે વિશ્વનાથભાઇના બે હાથ બાજા પાસેથી પકડીને એને મોરી તરફ ઘસડવા લાગ્યો. એ એટલા જોશથી ઘસડતો હતો કે હું વિશ્વનાથભાઇના પગ ઉંચકવા જાઉ તે પહેલાં જ એ ઘસડી ચાલ્યો.

વિશ્વનાથભાઇ બેભાનના મેલાથી બરડાતા અને જમીનને વિશેષ બરડતા જતા હતા. વસંત એમને, ઢોળાયેલા પાણીના પ્રવાહમાંથી ઘસડી લેવી મોરી પાસે લઇ જતો હતો.

હું અને સાવિત્રીબેન એમની પાછળ મોરી પાસે પહોંચ્યાં. સાવિત્રીબેને પાણીનો કળશો લઇ વિશ્વનાથભાઇના બરડાબેલા વાંસા ઉપર ધાર કરી.

મેં જોયું કે એમને એ ગંદવાડમાં હાથ નાખવો ગમતો નહોતો. એટલે પછી મેં જ મારે હાથે વિશ્વનાથભાઇને સાફ કરવા માંડયા.

સાવિત્રીબેને વિવેક કર્યો, પણ એમણે મારા કામમાં પ્રત્યવાય ન નાખ્યો.

ઠંડા પાણીના સ્પર્શથી વિશ્વનાથભાઈ જાગ્યા હતા, અને ફરી જીભના લોચા વાળી રહ્યા હતા.

એમને સાફ કર્યા અને લૂછ્યા પછી મેં અને વસંતે એમને ઉપાડીને બીજા ઓરડામાં ખાટલા ઉપર સૂવાડયા.

હજુ વિશ્વનાથભાઇ પૂરા ભાનમાં આવ્યા ન હતા.

ફરી સાવિત્રીબેને પોતાની નિર્દોષતા સાબિત કરવા દલીલો શરુ કરી.

'તમે જ કહો સુમનભાઇ, આમાં મારો શું વાંક છે ? આ બચુ લાવ્યો છે સીનેમાની ટિકીટો. હવે આને તો સીનેમા ગમતો નથી; ત્યાં આવીને ઉંઘે છે. એટલે કહ્યું : 'તમે ઘરે રહો. મફતનો સવા દોઢ રુપિયો નાખી દેવો ! ને ઘરે રહે ને બેબીને બે હીંચકા નાખે તો એમાં કયું મોટું કામ હતું ? ને હવે તો પીટયા સીનેમાવાળા આવડી બેબીનીયે ટિકીટ માગે ! ને ઓછામાં પૂરું આજ કામવાળી પણ નથી આવી.'

હું શું બોલું ? પણ સાવિત્રીબેને આગળ ચલાવ્યું :

'પણ આતો ન ખાઉં, ન ખાવા દઉં, એવી વાત છે !'

વસંતની આંગ્લ સરસ્વતીનો વીણાઝંકાર ગાજી ઉઠ્યો :

'રકાઉન્ડ્રલ, હિપોક્રીટ, રોગ.....'

સાવિત્રીબેન ફરી નરમાશથી વસંતને વઢયાં :

'બચુભાઇ, એમ ન બોલીએ. એ ગમે તેવા તોય તારા બાપ છે

'હેંગ ઇટ.

બચુભાઇ બોલ્યા !

વાત બદલવા મેં પૂછ્યું :

"શાનો સીનેમા છે ?"

સાવિત્રીબેને જવાબ આપ્યો :

'ભજનો ધરમનો છે. એટલે તો જાવું છે ને ? સીનેમા 'પિતૃ ભકત શ્રવણ'નો. અને વખત પણ થવાને

(અનુસંધાન પાન ૨૧ પર)

હું આગગાડીનો ડબ્બો,
કે છુક છુક મઝા કરું,
હું ભારગાડીનો ડબ્બો,
કે છુક છુક મઝા કરું.

*

કોઇ ભરે કોલસા
ને કોઇ ભરે રેતી,
મનમાં આવે તો
ભરે મરચાં ને મેથી
તોયે ના હું તો ડરું,
કે રોજ રોજ મઝા કરું,

કોઇ ભરે હીરા ને
કોઇ ભરે મોતી,
કોઇ ભાઇ ભરે વળી,
સોનાની પેટી
હું તોયે અભિમાન ના કરું,
કે છુક છુક મઝા કરું.

*

હું આગગાડીનો ડબ્બો,
કે છુક છુક મઝા કરું,
હું માલગાડીનો ડબ્બો,
કે છુક છુક ફરતો ફરું.

શ્રી. વ. કોઠારી



લટ્ઠેખાં ગધેડો

એક હતો ગધેડો. જાડો પાડો. લટ્ઠેખાં એનું નામ. આખો દિવસ ચરવું એનું કામ. ખાય, રખડે, રઝળે ને પેટ ભરે. ગામનો કુંભાર કાન પકડીને ખેંચી જાય ત્યારે એનું કામ કરે.

એક દિવસે તો એની પાસે ખૂબ કામ કરાવ્યું. સો-સો ટોપલા માટીનું ઉંચકાવ્યું. લટ્ઠેખાં તો ખીજાઇ ગયા. કુંભારને લાત મારીને ભાગ્યા. એ તો ગામ છોડીને શહેર તરફ જતા રસ્તા તરફ દોડવા માંડયા. સામે બીજા ગધેડાભાઇ મળ્યા. એમનું નામ પટ્ઠેખાં. લટ્ઠેખાં ને પટ્ઠેખાંને દોસ્તી થઈ.

પટ્ઠેખાં તો શહેરમાં રહે. આજે જરા ગામડાની હવા ખાવા આવેલા. એમણે તો લટ્ઠેખાંને કહ્યું, 'અરે દોસ્ત લટ્ઠેખાં, તમે આવા ગંદા ગામડામાં નાહકના પડી રહેા છેા. અહીં તેા ખાવા સુકું વાસ મળે. શહેરમાં જો શાકભાજીની દુકાન પાસે અમારી સાથે રહેા તેા જાતજાતની વસ્તુઓ ખાવા મળે. લાલ ટમેટાં મળે, પીળી પીળી મોસંબી ખાવા મળે, તીખી તીખી મોગરી મળે.' આ સાંભળીને લટ્ઠેખાં તેા લલચાઇ ગયા. એ તો ચાલ્યા શહેરમાં. શહેરમાં એક બે દિવસ શાકભાજીની દુકાનેા પર ચોરી છુપીથી માં મારવામાં મઝા આવી.

એક દિવસ લટ્ઠેખાં ને પટ્ઠેખાં તેા દ્રાખની લુમેા દુકાનના પાછલા ભાગમાં મોં નાખી ઉડાવતાં હતા. ત્યાં તેા પટ્ઠેખાં પૂંછડી ઊંચી કરીને નાઠા. લટ્ઠેખાંને કાંઈ સમજણ ન પડી. પણ પાછળથી દુકાનદારે એક લાકડી જોરથી ફટકારી. લટ્ઠેખાં તેા 'હોંચી....હોંચી....હોંચી....' કહેતાકને કૂદવા લાગ્યા. આજુબાજુ બધા દુકાનદારેા વીંટળાઇ વળ્યા. લાકડીઓ તીખી તમતમતી પડવા માંડી. લટ્ઠેખાંના તેા હાડકાં ભાંગી ગયાં. પટ્ઠેખાં તેા કયાં પલાયન થઇ ગયાં તે ખબર ન પડી. દુકાનદારેાએ લટ્ઠેખાંને ખૂબ પ્રસાદ આપી કાઢી મૂકયાં. લટ્ઠેખાં તેા રડતાં રડતાં ગામને રસ્તે ચાલવા માંડયા. 'હોંચી હોંચી' રેાતા જાય સાથે સાથે કહેતાં જાય:

'ગામ છોડીને શેરમાં ગ્યેા,
લટ્ઠેા ગધેડેા મુરખેા થ્યેા,
હોંચી હોંચી હોંચી
ચોરની પકડી મોચી.
લટ્ઠે લુચ્ચે ચોરી કરી,
હાડકાં ભાંગે એવી પડી.'



હોંચી હોંચી હોંચી.... ભાઇઓ મહેનત કરીને ખાજો. નહિ તેા પસ્તાશેા.' અહાહા! શું લટ્ઠેખાનું ભાષણ છે!



રબ્બડના તારમાંથી રમકડું

રબ્બડતા તારમાંથી રમકડું



રબ્બડતા તાર તો તમારા હાથમાં ઘણીયે-વાર આવે છે. એમાંથી એક સુંદર રમકડું બનાવવાની રીત તમારે જાણવી છે!

ચિત્ર ૧. પહેલાં તો તારને ઉપર માથાનો ભાગ રહે એમ વાળો.

ચિત્ર ૨. પછી બીજે ટુકડો વાળી માથાની નીચેના ભાગમાં હાથની જગ્યાએથી પોરવી જરા મજબૂત પકડ રહે એ રીતે માથા-વાળો તાર ખેંચો.

ચિત્ર ૩. પછી પગની મજબૂતી કરવા પગના ભાગના લાંબા તારને બેવળ કરો.

ચિત્ર ૪. અને એમને વળ આપો.

ચિત્ર ૫. પછી માણસની આકૃતિ તૈયાર.

ચિત્ર ૬. પણ બરી બૂબી તો ધનચક્કરની આકૃતિ બનાવવામાં છે. માથાના ભાગ ઉપર કાગળનો એક નાનો ગોળાકાર કરી માથું બનાવો. ઉપર નાનો સફેદ કાગળ ચોંડી આંખો, નાક, કાન, મોં, ચીતરાય. કાગળની લાંબી ટોપી બનાવાય ને ગુંદરથી ચોંટાડાય. કપડાંનાં ટુકડામાંથી નાનાં કપડાં પણ સીવાય. આ રીતે ટેબલ પર મૂકવાનું એક સુંદર રમકડું બને અને જોનારા-ઓને આનંદ પણ આવે.

આવી રીતે તો જાતજાતનાં કપડાં બનાવાય.

—શ્રી નરેન્દ્ર બક્ષી



મધુસૂદન

આ વેળાએ તમને રમુજ પડે એવી રમત બાજુમાં છે. આ ચકકરમાં ક, ખ, એવા અક્ષરો છે. આ બધાં જુદા જુદા અક્ષરોમાંથી જુદા જુદા ઘણા શબ્દો બની શકે. દાખલા તરીકે 'પરબ' અને 'કાકડી.' તમારા થી જેટલા વધારે શબ્દો બનાવાય એટલા બનાવી જે સૌથી વધારે શબ્દો શોધી શકે તે પહેલે નંબર આવે. તમારા જવાબ અમને મોકલશો. આપણે પરિણામ સરલ રીતે છાપીશું હં.

ટપકુમાં શું છે?

આ સાથેના ચિત્રમાં એક ટપકાવાળાં બાનાં લાલ રંગે · રંગો. બે ટપકાંવાળાં બાનાં બૂરા રંગે પૂરો. પછી જોઈએ મઝા. જે વસ્તુ નીકળે



મધુસૂદન

એની ઉપર થોડી સુંદર લીટીઓ કે કવિતા લખીને

'બાલ વિભાગ' કેસરબાગ, વડોદરા સ્ટેટ રેલવે-સીના સરનામે મોકલો.

—શ્રી. મધુસૂદન.

સવાર પડવા આવી હતી. કાળા આકાશમાં પૂર્વ દિશામાં ધીમે ધીમે અજવાળું વધતું હતું. તારા તો જાણે સૂરજથી બી'તા હોય એમ દેખાતા બંધ થતા હતા. ઠંડો પવન દરિયા પરથી આવતો હતો. મોજાંનો છપ છપ અવાજ આવતો હતો. ગામનાં માણસો પણ ધીરે ધીરે જાગતાં હતાં. માછીમારો તો દરિયે કયારનાય પહોંચી ગએલાં.



આજ તો કાશીનાથનાં માસી ય જલદી જાગેલાં. માસી તો શહેરમાં કામે જવાના. કાશીનાથ પણ જાગી ગએલો. વહેલો જાગીને કાશીનાથ માસીનું કામ કરવા લાગે. પાણી ભરવા જાય ત્યારે માસીની ડોલ ઊંચકી લે. વાડાના ઝાડને પાણી પાય. આંગણું સાફ કરે. માસીને કાશીનાથ બહુજ ગમે.

માસી તો ગયાં શહેરમાં ને કાશીનાથને ત્યાં મનુ ને મોતી, શનો ને શાંતિ રમવા આવી પહોંચ્યા. આપણા જૂના દોસ્ત ચેતનભાઇ પણ આવેલા, પણ આજે શું કરવું એની કોઇને સૂઝ ન પડે. આખરે ચેતને એક સરસ રમત શોધી કાઢી. રમત લૂંટારાની. લૂંટારાનો સરદાર કાશીનાથ બન્યો. વાડામાંથી થોડાં પાનવાળાં ડાળખાં તોડીને એણે માથે બાંધ્યાં ને ગલીદંડા રમવાના દંડાની તલવાર બનાવી. સાથે ચેતન પણ સરદારનો સાથીદાર થયો. એણે પણ વેશ લીધો. બધાં છોકરાંઓએ પણ મનફાવે તેવા વેશ કર્યા. લૂંટારાનું લશ્કર તો તૈયાર થઇ ગયું. પણ લૂંટ કયાં પાડવી? કાશીનાથે ચેતનને પૂછયું; 'ચેતન આજે આપણે લૂંટ કયાં પાડીશું?'

ચેતને કહ્યું, 'બાજુના વાડામાં પપૈયા પાકયાં છે.' કાશીનાથે કહ્યું, 'ના ચેતન. એ તો પપૈયાં પાકે છે ત્યારે જાતે બોલાવીને છોકરાઓને આપે છે: આપણે તો એવો માણસ શોધી કાઢવાનો કે જે છોકરાઓને સતાવતો હોય.'

ચેતન બોલ્યો, 'હા! હા! કાશીનાથ! આ ગામને છેડે પેલો મંછુ ડોસો રહે છે ને એ બહુ લુચ્ચો છે. પરમ દિવસે અમે એના ઘરની સામે રમતા'તાં તે અમને ગાળો દીધી ને પથરા માર્યા.'

વાતમાં મનુએ પણ પોતાની વાત મૂકી, 'હા, હા, કાશીનાથ. આખું ગામ જાણે એના બાપનુ થઇ ગયું હોય એમ જ્યાં રમીએ છીએ ત્યાંથી હાંકી કાઢે છે. પરમ દિવસે મારો કાન ચીમળેલો.'

ત્યાં તો પેલી શાંતિ બોલી,, 'એ છે ને બહુ લુચ્ચો છે. પરમ દિવસે હું તલાવડી-માંથી પોયણાં લઇને આવતી'-તી તે એણે લઈ લીધાં ને પોતાનાં છોકરાંને આપ્યાં. ને એના વાડાનાં બોર તો આપણને જોવા પણ ન દે.'

કાશીનાથે તો બૂમ પાડી, 'ચાલો દોસ્તો; આજે ચોર મંછુ ડોસાને બબર પાડીએ.'

આખું લશ્કર તૈયાર. ને આડપાનના માથે ફૂમતાં મૂકેલું લશ્કર તો ચાલ્યું મંછુ ડોસાના ઘરને રસ્તે. દૂરથી મંછુ ડોસો હોકો પીતો આંગણામાં બેઠેલો. બાજુમાં લાકડી હતી. ડોસાને આમ બેઠેલો જોઇને સરદારજી જરા થોભ્યા. કાશીનાથે કહ્યું, 'અલ્યા ચેતન, આ તો બારણામાં બેઠો છે. હવે શું કરશું....'

ચેતને જરાવાર વિચાર કર્યો ને પછી એ કૂદી ઊઠયો, 'મને એક યુક્તિ જડી છે, મને એક યુક્તિ જડી છે!!!'

કાશીનાથે કહ્યું; 'પણ શી છે એ તો કહે?

ચેતને કહ્યું; 'છે ને એ મંછુ બહુ લોભી છે. એટલે આપણે એક કરામત કરીએ. આપણી આ શાંતિને એની પાસે મોકલીએ. પછી શાંતિ એને કહે કે છે ને મંછુ કાકા, પણે દૂર બાડીમાં મેં ખૂબ

લાકડાં એકઠાં કર્યાં છે. પણ મારાથી ઊંચકાતાં નથી. હું તો થોડાં ઊંચકી લાવી. તમારે બાકીનાં જોઈતાં હોય તો લઇ જાવ. પછી ડોસો ઉપડશે, ને આપણેય ઊપડશું. ડોસા બાડીમાં લાકડાંને બદલે કાંકરા વીણશે. ને આપણે એના બાગમાં મીઠાં મીઠાં ને રાતાં રાતાં બોર વીણશું. કેમ કેવી મઝા!'

બધાં તો ચેતનની બુદ્ધિ પર ખુશ. વાહ! વાહ! ભાઇ બરી કરામત! બરી કરામત!'

કાશીનાથે શાંતિને પૂછયું. 'કેમ શાંતિ તારાથી આ કામ થશે કે કાલની પેઠે આજે પણ ભેંકડો તાણીશ?' શાંતિ બોલી, 'ના રે ના! એ તો તું વઢે ત્યારે જ બીક લાગે. ડોસાને કેવો છેતરું છું તે તો તું જોજે.'

એમ કહેતીકને શાંતિ તો ઊપડી ડોસા પાસે. દૂરથી ઊભેલા કાશીનાથને શાંતિ અને ડોસાની વાત ન સંભળાઇ પણ, ડોસો ઊઠીને બાડી તરફ જતો દેખાયો. વાહ ભાઇ વાહ, શાંતિ હોશિયાર તો છે. ડોસો ગયો એટલે સીધું આખું લશ્કર પહોચ્યું ડોસાના બોરવાળા વાડામાં. કાશીનાથ ને ચેતન ઉપર ચઢયા ને બંબેરવા મંડયા બોરડી. બીજાં છોકરાંઓએ બોર ભેગાં કરવા માંડયાં. શાંતિ તો જમરૂખી ઉપર ચડીને બાડીના રસ્તે ધ્યાન રાખે, રખેને ડાસો આવી ચડે. ખૂબ બોર પડયાં. કાશીનાથ ને ચેતન નીચે ઊતર્યા. બોરના ભાગ પાડવા માંડયાં. ત્યાં તો ડોસાના ઝુંપડામાંથી કોઇ છોકરાનો આવાજ આવ્યો! 'મને બોર આપજો.' આ કોણ હશે, કાશીનાથે તો બારણું બોલ્યું. ત્યારે તો અંદર હાથ પગ બાંધેલો છોકરો પડેલો.

કાશીનાથે પૂછયું, 'અલ્યા તું ડોસાનો છોકરો? તારા હાથ કોણે બાંધ્યા"

છોકરાએ જરા રડતાં કહ્યું. 'મારા બાપુએ'

'કેમ?'

'મેં બોર બાંધેલું એટલે,' પેલા છોકરાએ જવાબ આપ્યો. કાશીનાથે તો એને છોડી મૂકયો ને ખૂબ બોર આપ્યાં. કાશીનાથે કહ્યું, "ચાલ દોસ્ત, અમારી સાથે, આખો દિવસ રમશું ને લહેર આવશે."

છોકરો તો રાજીના રેડ થઇ ગયો. લશ્કર તો ઊપડયું. મંછુ ડોસો તો પગ ઘસતો બાલી હાથે ઘેર આવ્યો. બાગમાં જોયું, બોર સફાચટ. એનું તો મોંજ પહોળું થઈ ગયું.

—શ્રી રમેશ કોઠારી

..... અગ્નિની શોધ .....

ઘણાં વર્ષો પહેલાની આ વાત છે. એક મોટું જંગલ હતું. એ જંગલમાં બહુ મોટા મોટા ઝાડ હતા; એક બીજાની અંદર ગૂંથાએલી વેલોની જળો હતી. એ જળોમાં વાઘ સિંહ રહેતા હતા. શિયાળનું જૂથ 'ફૂઈ ફૂઈ' કરીને ફરતું. હાથીનું જૂથ આનંદથી રમતું અને દિવસના ભાગમાં પણ સિંહની ગર્જનાઓ સાંભળીને હરણના જૂથ ચાર પગે ફૂદીને ભાગી જતા.

એવા એ મોટા જંગલોમાં માણસો રહેતા હતા કે નહિ? એક માણસ રહેતો હતો. એને સ્ત્રી પણ હતી ને છોકરાંઓ પણ હતા. એનું ઘર જંગલની બગોલમાં હતું. સવાર પડે ને આ માણસ ઊઠે. હાથમાં પત્થર લઇને જંગલમાં નીકળી પડે પત્થરથી ઠોકી ઠોકીને હરણો મારતો, સસલા મારતો, શિયાળ મારતો. એ શિકાર લઇને ઘરે આવતો અને બધાં મળીને એ કાચુ માંસ ખાતા. પછી આખા જંગલમાં બધાં ફરતાં. સાંજ પડે ને એક બીજાંને વળગીને સૂઈ જતાં. કારણ એમની પાસે દીવો નહોતો. પાથરવા માટે પથારી નહોતી, ઓઢવા માટે ઓઢવાનું નહોતું. ઘાસની ગાદી ને પાંદડાનું ઓઢવાનું. કપડાં પણ ઝાડની છાલના ને પાનના જ. એમની પાસે પીતળના વાસણો નહોતાં અને માટીના પણ નહોતા. તરસ લાગે એટલે નદી પર જાય અને બોબાથી પાણી પીએ. આવો આ માણસ હતો. એનું નામ આદિમાનવ.

એકવાર શું થયું, આદિમાનવ, તેની સ્ત્રી ને છોકરાંઓ બધાં એક બીજાંને વળગીને સૂતા હતાં. રાત ઘણી વીતી ગઈ હતી; ને જોરમાં પવન વાવા લાગ્યો. ખૂબ જોરથી પવન વાવા લાગ્યો. ખૂબ ખૂબ જોરથી સૂ .સૂ....સૂ સૂસવાવા લાગ્યો. સૂસવાટાના મોટા અવાજ આવવા લાગ્યા. ઝાડો બધાં મૂળમાંથી હલી ઉઠયાં. ડાળીઓ એકબીજા સાથે ધડાધડ અથડાવા લાગી. ઝાડ ઉપરથી ફળો પટાપટ નીચે પડવા લાગ્યા. ફડ ફડ કરીને પાનો અહીં તહીં ઉડવા લાગ્યા પણ બેસવું કયાં? જવું કયાં? વાઘ, સિંહ, હાથી, શિયાળ, સસલા બધાં અહીંથી તહીં ચીસાચીસ કરતાં ભાગવા લાગ્યા. પણ કયાં આસરો લેવો? બધે ઠેકાણે સૂસવાતો પવન છૂટયો હતો.

આદિમાનવ એકદમ જાગી ઉઠયો. સ્ત્રી ને બાળકોને લઈને બખોલમાંથી બહાર આવ્યો. બાપરે? ઝાડો જોરજોરથી હલે છે, ડાળીઓ કળકળ તૂટે છે અને આ પ્રકાશ શેનો?

આ લાલ લાલ પ્રકાશ શેનો? આદિમાનવ ગભરાઈ ગયો. આશ્ચર્યચકિત થઈને જોઇ રહયો. એ પ્રકાશ વધવા લાગ્યો. બધાં ઝાડો સળગી ઉઠયા. ગરમ ગરમ પવન વાવા લાગ્યો. આદિમાનવને જવાળાની બબર નહોતી, ભડકાની બબર નહોતી, દેવતાની બબર નહોતી. એ ગભરાઈને ત્યાંથી ભાગ્યો. એની સ્ત્રી પણ ભાગી ને બાળકો પણ ભાગ્યા. પણ એટલીવારમાં આખું જંગલ સળગી ઊઠયું. કયાં ભાગવું તે પણ તેમને સમજાયું નહીં. અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એમ આખી રાત તે જીવ બચાવવા ભાગતા ફર્યા. ધીરે ધીરે દાવાનળ શાંત થયો. જવાળા બધી ઓલવાઈ ગઇ. પણ દેવતા હજુ ધગધગતો હતો. પક્ષીઓ પાછા આવ્યા. જનાવરો પાછા આવ્યા ને આદિમાનવ પણ પાછો આવ્યો.

એની રહેવાની બખોલ બળી ગઇ હતી. એટલે એણે ડુંગરની એક ગુફા શોધી કાઢી તેમાં બધાં જણ રહ્યાં. પેટમાં ભૂખ લાગી એટલે પત્થર લઈને શિકાર કરવા નીકળી પડયો. ત્યાં તો શું? કેટલાંય હરણો મરેલા પડયા હતા. શિયાળો મરેલા પડયા હતા. ફક્ત મરણ નહોતા પામ્યા પણ અગ્નિમાં શેકાઈ ગયા હતા. આદિમાનવે એક હરણના પેટમાં આંગળી ખોંસી ને ચાટી જોયું. અરે! કેટલું બધું મીઠું! કાચા માંસ કરતા આનો સ્વાદ કેટલો બધો જુદો છે! એણે એ હરણને ધીમેથી ઉપાડયું ને ઘરે આણ્યું. બધાંએ એની પેટ ભરીને ઉજાણી કરી બીજે દિવસે ને ત્રીજે દિવસે પણ આ જ પ્રમાણે કર્યું. પણ ત્યાર પછી તો તૈયાર શેકેલો શિકાર મળે નહીં; કાચું માંસ ભાવે નહિ. હવે કરવું શું? હજી બધી બાજુથી અગ્નિ બુઝાયો નહોતો. મોટા મોટા ઝાડો હજી પણ સળગતા હતા. આદિ માનવે પોતાનો શિકાર એના ઉપર શેકીને બાવાની શરુઆત કરી. અગ્નિ બુઝાઇ ન જાય એ માટે એમાં બીજા લાકડા આણીને નાખવા માંડયા; પાંદડાને ડાળીઓ નાખીને અગ્નિ ચાલુ રાખ્યો.

આવી રીતે આદિમાનવ માંસ શેકી ને બાતા શીખ્યો પણ એક વાર એવું બન્યું કે પુષ્કળ વરસાદ આવ્યો. જ્યાં ત્યાં પાણી જ પાણી. આદિમાનવીની ગુફામાં પણ ભરાઈ ગયું. ઠંડીથી ધ્રૂજતા એ બધાં એક બીજાને વળગીને બેઠાં. આખો દિવસ અને રાત વરસાદ પડયો. આદિમાનવે છૂટકારાનો દમ બેંચ્યો. એ શિકાર શોધવા નીકળી પડયો શિકાર લઇ આવ્યો. પણ હવે શેકવો શેના ઉપર? અગ્નિ તો બધો બુઝાઈ ગયો હતો. હવે શું કાચું માંસ બાવાનું! એની સ્ત્રી કહે "કાચું માંસ કેવી રીતે બાવું?" આદિમાનવ કહે "સાચી વાત! કાચું માંસ કેમ બવાય? પણ હવે અગ્નિ લાવવો કયાંથી? કહે: "અરે! તે દિવસે લાલ લાલ પ્રકાશ કેવી રીતે થયો હતો કહો જોઇએ." આદિમાનવ યાદ કરવા લાગ્યો, અરે હા! ડાળીની જોડે ડાળી ઘસાતી હતી. ચાલો આપણે લાકડા ઉપર લાકડું ઘસીએ" એ બે મોટી ડાળીઓ લાવ્યો. જોરજોરથી એકબીજાં સાથે ઘસી. જોરથી, વધારે જોરથી ઘસી અને શું કહેવું. તણખા ઝરવા લાગ્યા. બાળકો જોતા હતા. અહાહા! બાપા અગ્નિ પેટવા માંડયો છે. ઘસો ઘસો જોરથી ઘસો. એમ બૂમ પાડી ઊઠયા. બાપા જોરથી ઘસવા લાગ્યા. મોટો ચમત્કાર થયો. મોટો ભડકો થયો.

બધાં જણ નાચવા લાગ્યા. આદિમાનવે એ અગ્નિ ગુફાના એક ખૂણામાં સાચવીને રાખી મૂકયો. અગ્નિને એ બુઝવા ન દે. સળગતો જ રાખતો. આવી રીતે આદિમાનવ અગ્નિ પેટાવતા શિખ્યો.

—અનુવાદ



..... સૌ સૌનું કામ કરે .....

સામેનો મોટો રસ્તો બગડી ગયો છે. ખાડા પડયાં છે. મોટર ગાડી ઉછળી જાય છે. રસ્તો ફરી બનાવવાનો છે.

મજૂરો આવે છે. કોદાળી પાવડા લાવે છે. ખોદવા માંડે છે. મજૂરો રસ્તો ખોદી ચાલ્યાં જાય છે.

સાંજ પડે છે. નગરપાલિકાના માણસો આવે છે. ત્રણ લાકડીનો ત્રિકોણ કરે છે. ઉપર લાલ વાવટો મૂકે છે. ખોદેલાં રસ્તા પર પીપ મૂકે છે. ઉપર લાલ ફાનસ મૂકે છે. 'ભય'નુ પાટિયું મૂકે છે. કોઇ પણ પડી ન જાય માટે નગરપાલિકાના માણસો આ કામ કરી ચાલ્યાં જાય છે.

બે ત્રણ દિવસ પછી રસ્તાના પડે પડ ઉખાડે છે. પછી ટોપલા ભરી મોટાં પથરા નાખે છે. નવા પથરા રસ્તા પર પથરાઇ જાય છે.

ત્યાં તો વળી બે દિવસે રોલરવાળો આવે છે. રોલરવાળો આ બધાં પથરાને કચડી નાખે છે. રસ્તો એક સરખો બનાવી દે છે.

રોલર આગળ જાય છે. રોલર પાછળ જાય છે. ગલીના બધાંજ છોકરાંઓને રોલર જોવાની મઝા પડે છે. પથરા કીચૂડ કીચૂડ બોલે છે. રસ્તો એક સરખો થઈ જાય છે.

તે પછી વળી ડામરવાળો આવે છે. મોટો સગડો લાવે છે. સાથે મોટો પેણો લાવે છે. મોટી કડછી લાવે છે. દાઝી ન જવાય માટે કડછીનો હાથો લાકડાનો રાખે છે. સગડો સળગાવે છે. પીપમાં ડામર ઉકાળે છે. ડામરવાળો પગમાં કાળા ચામડાના જોડાં પહેરે છે. જોડાં એના ઘૂંટણ સુધી પહોંચે છે. ડામરનો છાંટો શરીરે ન ઉડવો જોઇએ. જો એ છાંટો ઊડે તો એની ચામડી ઉખડી જાય એટલો ડામ પડે. ચમચાથી ડામર ઝારીમાં નાખે છે. ઝારીથી પથરા પર ડામર છાંટે છે. ઉકળતા ડામરની વાસ ખૂબ આવે છે.

વળી પાછા મજૂરો આવે છે. ગાડામાં ઝીણી ઝીણી પથરીઓ લાવે છે. ટોપલામાં ભરી ડામરવાળા રસ્તા પર નાખે છે. આ કાંકરી પર પાછું રોલર ફેરવે છે. રસ્તો તૈયાર થઈ જાય છે.

સૌ સૌનું કામ કરે છે.
ડામરવાળો ડામર નાખે છે.
મજૂરો ખોદી જાય છે.
રોલરવાળો રોલર ફેરવી જાય છે.
ત્યારે રાસ્તો તૈયાર થઈ જાય છે.

—કપિલા ઠાકોર.

(પાના ૧૨થી ચાલુ)

આવ્યો છે. ન જઈએ તો પૈસા પાણીમાં જાય ને જઇએ તોય દુઃખ !'

મેં એમને રસ્તો કાઢી આપ્યો :

'હવે કંઈ વાંધો નથી. વિશ્વનાથભાઇ હવે તો ભાનમાં આવવા લાગ્યા છે. અને એમને ઠીક નહી થાય ત્યાં સુધી હું બેસીશ.'

વસંત ને સાવિત્રીબેન બંને રાજી થઈ ગયાં. વસંત તો એની સભ્યતાથી બોલી ઊઠ્યો

'ઓ, થેંક્યુ થેંક્યુ, સુમનભાઇ?

'એટલું કે નાની બેબીને તમારે સાથે લઇ જવી પડશે.' મેં ઉમેર્યું.

'હા, એ તો હવે લઇ જ જવી પડશે તો. પણ સુમનભાઇ, આ તમે આવ્યા ને અમે જઇએ એ ઠીક ન કહેવાય.'

'ઍ નો વાંધો નહીં. હું કયાં પહેલેથી તમને કહીને આવ્યો છું. આ તો થયું કે ઘણા દિવસ થયા એટલે આવી જઉં.'

મેં મારી રીતે વિવેક કર્યો.

ત્યારપછી એ લોકોએ કપડાં બદલ્યાં, એ દરમ્યાન મોટી દીકરીએ ચહા બનાવ્યો અને મને આપવામાં આવ્યો.

સૌથી નાની નિર્મલા નવું ફરાક પહેરીને અમારી નજીક આંટા મારતી દૂરથી વિશ્વનાથભાઇ તરફ જોયા કરતી હતી. એ છેવટે બધાં જવા નીકળ્યાં ત્યારે વિશ્વનાથભાઇ પાસે આવીને એમને વળગતી બોલી :

'બાપુજી, તમે નહીં આવો ?'

વિશ્વનાથભાઇનું પેલું સ્મિત ફરી આવ્યું. એમણે નિર્મલાને બાથમાં લેતાં માત્ર માથું હલાવ્યું ને બોલ્યા :

'તું..... જા !....જા.'

અને બહારથી પણ સાવિત્રીબેને બોલાવી એટલે એને જવું પડ્યું.

હવે આખા ઘરમાં શાન્તિ પથરાઇ ગઇ હતી.

આ નિર્જન સ્થાનમાંના આ નિર્જન ઘરમાં અમે બે મૂંગા મૂંગા એક બીજા સામે જોઈ રહ્યા હતા.

બાગમાંથી ચકલીઓની ચકચક સંભળાતી હતી. ને અંદર વિશ્વનાથભાઇના જોરથી ચાલતા શ્વાસ સંભળાતા હતા.

રમણભાઇએ લખેલું :

'વિશ્વનાથભાઈ ધર્મિષ્ટ બાપના ધર્મિષ્ટ દીકરા છે. અને વર્ષો થયાં મુંબઇમાં રહે છે. છતાં એમની ધર્મ આસ્થા એવીજ રહી છે. એમની પ્રામાણિકતાની વેપારીઓમાં ખૂબ આબરુ છે. એ મોટી વયે, આગલી સ્ત્રીથી કંઇ સંતાન નહોતું એટલે એમણે ધર્મોજા ગણી વંશરક્ષા માટે ફરી લગ્ન કરેલાં, આ પછી છેલ્લા પાંચ વર્ષથી એ વાઇની વ્યાધિમાં સપડાયા અને કમાવા માટે સાવ નકામા થઇ ગયા છે. ત્યારપછી એમની દશા બેહી છે. એમણે એ દશાનું જે વર્ણન કર્યું છે એનું પૂરું નહી તોય પૂરા જેવું ચિત્ર મારી આંખે મેં જોયું છે. મારા મોંમાંથી એકા એક ઉદ્‌ગાર નીકળી પડ્યા :

'વંશ રક્ષા !'

વિશ્વનાથભાઇ ચમકીને મારી સામે મૂંગાં જોઇ રહ્યા. પણ મારી આંખો સામે તો રસોડાનો પ્રસંગ ફરી ખડો થયો :

નીચે મૃતાવસ્થા જેવી સ્થિતિમાં પડેલા વિશ્વનાથભાઇને એમનો પુત્ર રત્ન ઢસડી રહ્યો છે. વિશ્વનાથભાઇ બેબીના મેલામાં પડ્યા છે. એમના હાથ પેલા પાણીના રેલામાં લંબાઇને તરફડી રહ્યા છે.

પુત્રનો અર્થ છે : "પુ" નામના નર્કમાંથી તારનાર તે પુત્ર.

અને અહીં પણ નર્કમાં પડેલા પોતાના પિતાને ઢસડીને એનો પુત્ર તારી રહ્યો છે. પેલો પાણીનો રેલો એ જાણે વૈતરણી હોય અને એમાંથી વિશ્વનાથભાઇ તરી જવા તરફડીયાં મારતા હોય અને ત્યાં પુત્રરત્ન આવીને એને વૈતરણી પાર કરતો પેલો પાર મોરી પાસે ઘસડી રહ્યો છે."

આ સદ્‌ગતિ માટે બિચારા વિશ્વનાથભાઇએ વંશરક્ષા ચાહી હશે ?

ફરી મેં વિશ્વનાથભાઇ તરફ જોયું. એ મારી તરફજ તાકી રહ્યા હતા.

એ લોચા વાળતા એટલું જ બોલ્યા :

'આ....કચતાં .. વાંઝયા . સા .. આ. . રા.'

હું જરા સક્રોધ મક્કમતાથી બોલી ઊઠ્યો :

'સાચું છે, વિશ્વનાથભાઇ!

ફરી પાછા અમે મૂંગાં બની ગયા.

કેટલીકવાર એ આંખો બંધ કરી પડ્યા રહ્યા ને ત્યારપછી ફરી એમનાં નસકોરાં બોલવા લાગ્યાં, એટલે એ ઊંઘી ગયા છે જાણી હું ઊઠ્યો. બારણાં અટકાવ્યાં ને બહારથી માળીને બોલાવી ધ્યાન રાખવાનું સોંપી હું ચાલી નીકળ્યો.

—ઓજસ્

બાળકનું ગણિત શિક્ષણ

મૂળ કૃત્યો.

"સંખ્યા – ઓળખવાની રમત દ્વારા સંખ્યા ઓળખતા આવડે એટલે અગિયારથી સો સુધીના આંક અને એની સાથોસાથ સમાન્તરપણે મૂળકૃત્ય અંગેની રમતો શરુ કરી શકાય છે. આ વખતે સામાન્ય રીતે બાળકની વય ૪ થી ૫ વર્ષની હોવી જોઇએ. ગયે વખતે આંક કેવી રીતે આપવા તે આપણે જોયું. આજે સરવાળા બાદબાકી, ગુણાકાર, ભાગાકાર આ મૂળકૃત્યોનો સામાન્ય બોધ કેવી રીતે કરાવવો એ આપણે હવે જોઇશુ."

ટૂંકમાં આમ પ્રસ્તાવના કરીને હું આજના વિષયની શરુઆત કરતો જ હતો ત્યાં કમળાબેને પૂછ્યું. "ચારથી પાંચ વર્ષની વયે બાળકને સરવાળો, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકાર આ બધી બાબતો બાળકને સમજાશે ખરી કે ?"

મેં કહ્યું, "ચાર પાંચ વર્ષના બાળકને હજાર, સો જેવી સંખ્યા આપવાથી આ સંખ્યાની રાશિ પણ તે ભૂલ વગર લઇ આવે છે, એ તો તમે જોયું છે ને !"

"હા ! પણ તેમાં સાધનની મદદ હતી. સરવાળો બાદબાકી ગુણાકાર, ભાગાકાર માટે કયા સાધનો હશે ?" કમળાબેને શંકાની વૃત્તિથી મારી તરફ જોયું.

મે કહ્યું, "કમળાબેન, આપણે જે રીતે મૂળકૃત્યો શીખ્યા તેવી જ રીતે ૪ થી ૫ વર્ષના બાળકને શીખવવું શકય નથી એમ તમારું કહેવું મને માન્ય છે. આ આપણી પધ્ધતિ પ્રમાણે પહેલા સરવાળો, પછી તેના કરતાં અઘરી બાદબાકી, પછી ગુણાકાર તથા બધામાં અઘરો ભાગાકાર એવી બધાં લોકોની કલ્પના છે. તેથી આ બધાં મૂળકૃત્યો એકી સાથે શીખવવાની કલ્પના ચાલુ શાળાના શિક્ષકોને પણ વધારે પડતી લાગશે; પરંતુ મોન્ટેસોરી પધ્ધતિમાં આ વિષયની જે રીતે રજુઆત કરવામાં આવી છે એ તમારા ધ્યાનમા આવ્યા પછી તથા બાળકનો આ વિષયમાં તમારો પ્રત્યક્ષ અનુભવ મળે તો તમારી ખાત્રી થશે એમ મને લાગે છે.

પધ્ધતિનું સુયોજિત તંત્ર: આ પધ્ધતિમાં કોઈપણ સ્વાધ્યાય બાળકની માનસિક તૈયારી કર્યા વગર આપવામાં આવતો નથી. આ માનસિક તૈયારી પહેલાં અપ્રત્યક્ષ રીતે કેટલાંયે દિવસ આગળ કરવામા આવે છે. અને આ સ્વાધ્યાય દ્રઢ કરાવવા માટે અનેક પ્રકારની રમતો યોજવામાં આવે છે. છેલ્લે બાળકનો સ્વાધ્યાય બરાબર થયો છે કે નહિ એ અપ્રત્યક્ષ રીતે તપાસાય છે. સ્વાધ્યાય બરાબર થયો ન હોય તો પાછલી રમતોના પુનરાવર્તનથી અથવા તે જ ઉદ્દેશ સાધવાની દૃષ્ટિએ નવી રમતો સુચવવામાં આવે છે

મૂળ કૃત્યોની રમતોની સમગ્ર યોજના



મૂળકૃત્યો ઉપરથી દાખલાઓ.

મૂળકૃત્યો શીખવવાની બાબતમાં પણ આમ જ પધ્ધતિસર વિચાર થયો છે એ તમને મૂળકૃત્યો બાબતની ઉપરની સમગ્ર યોજનામાં દેખાઇ આવશે. આ યોજનામાં સામાન્યત: કઇ વયમાં કઈ રમત બાળક રમી શકે છે એ જ ડાબી બાજુ લખેલા વયના આંકડા ઉપરથી સમજાશે. તે જ પ્રમાણે ૩॥ થી ૪॥ એ વય મૂળાંક–શીખવતી વખતે મૂળકૃત્યો અંગેના અપ્રત્યક્ષ સ્વાધ્યાય અને માનસિક પૂર્વતૈયારી કરી લેવા માટે ઉપયોગી છે એમ સૂચવ્યું છે. ૪॥ થી ૫॥ની વયમાં (૧) રાશિની મદદથી

મૂળકૃત્યો ઉપરની સામુદાયિક રમત (૨) એકાંકી મૂળકૃત્યો મોઢે કરવાની દ્રષ્ટિએ યોજવામાં આવેલી સાપની રમત (૩) ૧૧ થી ૧૦૦ સુધીના આંકની ગણત્રી; આ ત્રણે બાબતો સમાન્તરપણે લઈ શકાય એમ સૂચવ્યું છે. આ બાબતો સમાન્તરપણે લેવાથી એ પરસ્પર પોષક નીવડે છે અને તે જ પ્રમાણે આ ત્રણે પ્રકારની રમતો દ્વારા બાળકને ખૂબ જ વિવિધતા મળે છે અને એની ગણિત અંગેની અભિરુચિ વિકસે છે.

"આ તમારી સમગ્ર યોજના દ્વારા હવે કયારે શું આપી શકાય એની સ્પષ્ટ કલ્પના મને મળી છે." કમળાબેન વચમાંજ યોજના ઉપર ખૂશ થઇને બોલ્યા.

મેં કહ્યું, "જુઓ, આ આલેખની જમણી બાજુ મૂળાંક શિક્ષણ ૩ા વર્ષ પહેલાં જ શરુ થએલું છે. આગળ ચાર વર્ષની આજબાજુ સંખ્યા ઓળખવાની રમત અને પછી ગયા વખતે આપણે ૧૧ થી ૧૦૦ સુધીની ગણત્રી કેમ લેવી એ અંગે વિચાર કર્યો હતો. તે યોજના આલેખમાં ૪ા વર્ષની આસપાસ કરેલી જણાય છે.

'વિનયને મોટી મોટી સંખ્યા વાંચનનો જાણે છંદ જ લાગ્યો છે એમ જાણીને મને લાગ્યું કે આ પ્રકારની રમતમાં જ જો એને કંઇ આગળની રમત આપવામાં આવશે તો એને એ રમવી ગમશે. તેથી જ મૂળકૃત્યો ઉપરની રમતો જલ્દી લેવી એવું સૂચન કર્યું. હતું." વચમાં જ કમળાબેન બોલ્યા.

મેં કહ્યું, "તમારું કહેવું તદ્દન ખરું છે. પરંતુ આલેખમાં બધી બાબતો સમાન્તરપણે લેવાનું આલેખી શકયો છું તથા બાળકો પણ તે પ્રમાણે રમી શકે તો પણ અધ્યાપકને આ ત્રણે બાબતોનું વિવેચન સમાન્તર રીતે કરતા આવડે નહિ. આજે આપણે મૂળકૃત્યો ઉપરની રમત લઈએ એટલે કંઇ નહિ તો વિનય પૂરતું તો તમારું સમાધાન થશે.

મૂળકૃત્યોનો અપ્રત્યક્ષ સ્વાધ્યાય : આ અપ્રત્યક્ષ સ્વાધ્યાયોની શરુઆત આમ જોઈએ તો ઈન્દ્રિય શિક્ષણના સાધનોની યોજનાથી જ શરુઆત થાય છે. લાંબી સીડીની લાકડીઓ સાથેની રમતમાં બાળક જ્યારે કોઈપણ એક લાકડી બીજી કોઇપણ નાની લાકડીઓ ભેગી કરીને તે માપની બનાવે છે ત્યારે એ સરવાળો તથા બાદબાકી આ મૂળકૃત્યોના સ્વાધ્યાયની અપ્રત્યક્ષ કલ્પના આપો આપ જ મળેલી હોય છે.

દા. ત. |૧૦| કઇ બે લાકડીઓથી બનાવી શકાય છે એ જોતી વખતે એને નીચે પ્રમાણેના પ્રયોગો કરવા પડશે.

૯ + ૧ = ૧૦	૬ + ૪ = ૧૦	૩ + ૭ = ૧૦
૮ + ૨ = ૧૦	૫ + ૫ = ૧૦	૨ + ૮ = ૧૦
૭ + ૩ = ૧૦	૪ + ૬ = ૧૦	૧ + ૯ = ૧૦

આ પ્રયોગમાં બે લાકડીઓનો સરવાળો તે જ પ્રમાણે દરેક વખતે લાકડીઓની રચના કરતી વખતે નીચે પ્રમાણેનો બાદ બાકીનો સ્વાધ્યાય પણ તેને અપ્રત્યક્ષ રીતે મળતો હોય છે.

૧૦ ની લાકડી ⟶ 

૬ ની લાકડી ⟶  ?

૧૦ ની લાકડી બનાવતી વખતે ૬ ની નાની લાકડી લીધા પછી બીજી જે નાની લાકડી ૧૦–૬ ની જગામાં બેસશે તે જ તેને શોધવી પડશે. સરવાળો તથા બાદબાકી આ બન્ને કૃત્યો એક જ કૃત્યોની બે બાજુ છે. લાકડીની રચનામાં આ બન્ને સ્વરુપો એક જ સમયે દેખાય છે. ઉપરની આકૃતિમાં ૧૦ ની લાકડી બનાવતી વખતે ૬ અને ૪ ની લાકડીઓ જોડતા સરવાળાનું સ્વરુપ દેખાય છે, જ્યારે પ્રશ્નચિહ્નાંકિત જગા એટલે ૧૦ ની અને ૬ ની લાકડીનો ફરક એ બાદબાકીનું સ્વરૂપ પણ અહીં જ જોવા મળે છે.

આગળ પટ્ટાવાળી સીડીમાં પટ્ટા હોવાથી સરવાળા બાદબાકીનું સ્વરૂપ ફરી એક વાર બાળકની સામે આવે છે. કુશળ શિક્ષક આ જ વખતે ગુણાકાર અને ભાગાકારનું સ્વરૂપ બાળક સામે રજૂ કરી શકે છે.

૧૦ ની લાકડી 

૨ ની લાકડી 

ગુણાકાર એટલે ગુણાકારની સંખ્યામાં ગુણવા કરવાના અને ભાગાકાર એટલે ભાજ્ય સંખ્યાના ભાગ કરવા. દા ત. ૬ × ૪ એમાં ૬ એ ગુણાકારની સંખ્યા છે. એને ૪ થી ગુણવાનુ. એટલે એ સંખ્યા ૪ ગણી કરવાની. તે જ પ્રમાણે ૩૨ ÷ ૮ એમાં ૩૨ એ ભાજ્ય

સંખ્યા છે. તેના ૮ ભાગ કરવા એટલે જ ૩૨ ને ૮થી ભાગવા. ગુણાકાર અને ભાગાકારનું આ સ્વરુપ બાળકના ધ્યાનમાં લાવવા માટે બાળકની સાથે રમતા પૂછવું.

ગુણાકારની દ્રષ્ટિથી.

બે લાકડીને બે ગણી કરીએ તો કેટલી થાય ?
,, ,, ત્રણ ,, ,, ,, ,, ,,
,, ,, ચાર ,, ,, ,, ,, ,,
,, ,, પાંચ ,, ,, ,, ,, ,,

એજ પ્રમાણે આગળ ૩, ૪, ૫ ની લાકડીઓ બે ગણી ત્રણ ગણી કરવાની રમત લઇ શકાય. ભાગાકારની દ્રષ્ટિથી નીચેના પ્રશ્નો ઉપયોગી થઈ પડશે.

દશમાં બેની લાકડી કેટલી વાર આવશે.
,, ત્રણની ,, ,, ,,
,, ચારના ,, ,, ,,
,, પાંચની ,, ,, ,,

આ પ્રમાણે જુદી જુદી લાકડીઓ ઉપર આવા પ્રશ્નો પૂછી રમતની યોજના કરી શકાય. આ રમતનો ઉદ્દેશ આ સમયે પ્રત્યક્ષ રીતે મૂળકૃત્યોની કલ્પના આપવાનો હોતો નથી, તેથી જ અમે આવા પ્રકારની રમતને મૂળકૃત્યોનો અપ્રત્યક્ષ પરિચય કહીએ છીએ.

માનસિક પૂર્વ તૈયારી : સાધનની દ્રષ્ટિથી સંખ્યા રચના સમજીને ચિહ્નો ઉપરથી રાશિ લાવતા આવડે અથવા રાશિ જોઇ સંખ્યા રચના કરતા આવડે એટલે મૂળકૃત્યો શરુ કરવા માટે બાળકની તૈયારી થઇ છે એમ સમજવું. મૂળકૃત્યોમાં પહેલાં સરવાળાની સામુદાયિક રમતનું નિદર્શન લેવું, જેથી આગળ બાદબાકી ગુણકાર, તથા ભાગાકાર આ ત્રણે કૃત્યો લેવાં સગવડતા ભર્યા થઇ પડશે. આવી રીતે સરવાળાના મૂળકૃત્યનું પ્રાથમિક મહત્વ હોવાથી આ નિદર્શન શક્ય તેટલુ નાટયપૂર્ણ ઉત્સાહના વાતાવરણમાં શિક્ષકે લેવું જોઇએ. તેને માટે બાળકના મનમાં આગળથી જ ઉત્સુકતા નિર્માણ કરવી જોઇએ, આ ઉત્સુકતા નીચે આપેલા વાકયો દ્વારા સહેલાઇથી નિર્માણ કરી શકાશે.

"જેમને જેમને સંખ્યા ઓળખતા આવડે છે તેમણે હાથ ઉચો કરવો." જે બાળકોના હાથ ઉચા થાય તેમને ઉદ્દેશીને કહેવું, કાલે સરવાળો કોણ કોણ કરશે ? સરવાળો કરવા માટે જુદા જુદા કામ માટે બાળકો જોઇએ છે. ત્રણ ચાર બાળકો સંખ્યા લાવવા માટે, એક બાળક સરવાળો કરવા માટે અને એક બાળક સરવાળો કરનાર બાળકને મદદ કરવા માટે. એમ સાત–આઠ બાળકો સરવાળો કરવા માટે જોઇએ છે. કાલે આપણે સરવાળો કરીશું.

સરવાળાનું સામુદાયિક નિદર્શન.

સાધનો : દશમાન પરિચય કરાવતી વખતે આપણે હજારનો ધન, સોનો ચોરસ, દશની સળી અને છૂટા મોતી એમ બધાં મોતીના દશમાનો ગણ્યા હતા. તે બદલે અહીં આવા પ્રકારના સાધનો વધારે પ્રમાણમાં જોઇતા હોવાથી તે હવે પછી મોતીના ન વાપરતાં હજારના ધન અને સોના ચોરસ માટે આવા જ લાકડાના સાધનો વાપરવા. આર્થિક દ્રષ્ટિએ સસ્તા પડે છે. આ લાકડાના સાહિત્યમાં એક નવ ધનની પેટી, ૨૭ ચોરસની પેટી, ૫૫ દશકની સળીની ડબ્બી અને છૂટા સત્તાવીશ મોતી એટલા સાધનો આવે. આ સાધન સાથે દશમાનના કાર્ડનો સેટ આવે છે. દરેક કાર્ડની ત્રણ પ્રતો હોય છે. હજારમાં ત્રણ હજાર સુધીના લીલા રંગથી સંખ્યા લખેલા કાર્ડો હોય છે. તે જ પ્રમાણે ૧૦૦ થી ૯૦૦ સુધીના સોના લાલ રંગથી લખેલા કાર્ડો, ૧૦ થી ૯૦ સુધીના દશકના ભૂરા રંગથી લખેલા કાર્ડો હોય છે એ ઉપરાંત મોટા કાર્ડનો પણ સેટ હોય છે. સરવાળાના ત્રણ છૂટા ચિહ્નો હોય છે. (કાર્ડ ઉપર સરવાળાનું લાલ રંગથી ચિહ્ન કરેલું હોય છે $\overline{|+|}$) શિક્ષક માટે દાખલાની એક નાની ચોપડી હોય છે. આ નાની ચોપડીમાં શરુઆતમાં ત્રણ સંખ્યાનો જેમાં વદી ન આવે એવા સરવાળાના કેટલાક દાખલાઓ તથા આગળ ઉપર ક્રમમાં અઘરા તથા વદીવાળા દાખલાઓનો સંગ્રહ હોય છે.

નિદર્શનની તૈયારી :—આ સામુદાયિક રમતમાં ભાગ લેનાર બાળકોની સંમતિ લઇને તેમને તેમના કામો સમજાવવા. (૧) રાશિ રક્ષકનું કામ એક બાળકને આપીને તેને શક્ય હોય તો એકના કાઉન્ટરની જેવી વ્યવસ્થા કરી આપીને રાશિ પાસે બેસાડવો. (૨) કાર્ડ રક્ષક. એને નાના મોટા બન્ને કાર્ડનો સેટ આપીને એની વ્યવસ્થિત ગોઠવણી કરવા કહેવું. શિક્ષકે પોતાનું સ્થાન આ કાર્ડરક્ષક પાસે લેવુ. રાશિ લાવનાર દરેક બાળકને

એક ટ્રે આપવી. એના મદદનીશે એની પાસેજ જગ્યા લેવી.

નિદર્શન : શિક્ષકે શરુઆતમાં પોતે જ કાર્ડરક્ષક પાસે જઇને એક સંખ્યાની માંગણી કરવી. બધાં બાળકોને ઉદ્દેશીને કહેવું, આ બાળકો રાશિ લઈ આવવાના છે. આ દરેકને હું સંખ્યા આપું છું. તે પ્રમાણે એ પાસેની બેન્કમાંથી રાશિ લઇ આવવાના છે. આ બાળક રાશિ પાસે બેઠું છે તે બેન્કર છે. બેન્કમાં રાશિ છે. તેની પાસેથી આ બાળકો રાશિ લાવશે. પછી આપણે સરવાળો કરીશું.

દા. ત. આપણે શિક્ષકના પુસ્તકમાંનો જ પહેલો દાખલો લઇએ. દાખલો નીચે પ્રમાણે છે

૨૫૨૩
+ ૧૩૧૪
+ ૩૧૨૧

શિક્ષકે આ દાખલામાંની ત્રણ સંખ્યા કાર્ડરક્ષક પાસેથી નાના કાર્ડમાં લઇને રાશિ લાવનાર બાળકના ટ્રેમાં મૂકી તેમને બેન્કમાંથી રાશિ લાવવાનું કહેવું. તો બાળકો નીચે પ્રમાણેની રાશિ લાવશે.

પહેલું બાળક:—



□ □ □ □ □ || ∘∘

બીજું બાળક :—

□ □ □ | ∘∘

ત્રીજું બાળક :—



□ || ∘

દરેક બાળક આ પ્રમાણે રાશિ લાવ્યા પછી શિક્ષકે ફરીથી કહેવું. હવે આ બધી રાશિનો સરવાળો કરવાનો છે. સરવાળો એટલે બધી રાશિ ભેગી કરવાની. બાળકોને સરવાળો કરનાર બાળકની મોટી ટ્રેમાં રાશિ ભેગી કરવા કહેવું. એટલે આ બધી રકમનો મોટી ટ્રેમાં સરવાળો થયો. હવે આ બધી રાશિ મળીને કેટલી થાય છે તે આ સરવાળો કરનાર બાળક કહેશે.

સરવાળો કરનારને બધાં દશમાનો જુદા જુદા કરીને ગણત્રી કરવાનું સૂચવવું. અને ગણ્યા પછી મદદનીશની મદદથી મોટા કાર્ડસ્ મંગાવવા. બધી રાશિનો સરવાળો | ૬૯૫૮ | થયો છે એમ જાહેર કરવું

—શેષ નામલે.

(પાના ૪ થી ચાલુ)

રવી ગમે. પગ આગળ રંગરંગીત દોરામાં ફ્રેધર સ્ટીચ ભરી ઉપર રીબન રાખી શકાય જેથી તે વધારે સારી લાગે. ટપકાં કે ફૂલવાળા કપડાંની ચડ્ડી હોય તો નીચે ૧/૨ થી ૩/૪ ઇંચ પહોળી ચૂણ નીચે મૂકી શકાય. આ જાતની ચડ્ડીઓ ખરેખર બાળકોને શોભે છે. સરસ આછા રંગની ચડ્ડીઓ પર ઝાલર પણ મૂકી શકાય છે. વળી ચણીયા પર પણ પાતળી ઝાલર મૂકી શકાય. જો કે આ કરતાં સમય કદાચ વધારે જાય.

જેઓને બરોબર બંધ બેસતો (Close fitting) ગાળો ગમતો હોય તેઓ ત્યાં પણ બટનહોલ કરી અંદરથી ઇલાસ્ટિક નાખી શકે છે. આ સાદુ પણ સરસ લાગે છે ને બનાવવાનું પણ સહેલું છે. —શ્રી લલિતા કોટવાલ

[ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના સૌજન્યથી]

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

મુંબઇ:- ભગિની સમાજ ટી. એન. માળવી સંઘના મૂખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે "બાળકો બાલમંદિરમાં તા. ૧૯-૪-૫૪ ને સોમવારે સાંજે ૪ અને તેમની વૃત્તિઓ" એ વિષય ઉપર ભાષણ કર્યું વાગે માબાપ અને વાલીઓની સભા મળી હતી, તેમાં હતું.

અમદાવાદઃ- શ્રી પુષ્પ બાલમંદિર અને નૂતન પ્રાથમિક શાળા, મણિનગરનો ૧૩મો વાર્ષિક ઉત્સવ અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી. બિહારીલાલ પોપટલાલ શાહના પ્રમુખસ્થાને તા. ૨૪-૪-૫૪ને શનિવારે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. જે સમયે લવકુશ નાટિકા, હોળીરૂપક તથા કૃષ્ણ-ઝંખનાના વિવિધ મનોરંજક કાર્યક્રમ રખાયા હતા.

મોડાસાઃ- શ્રી. સરસ્વતી બાલમંદિરનો વાર્ષિકોત્સવ તા ૨-૫-૫૪ને રવિવારના મોડાસા હાઇ સ્કૂલના પ્રાર્થના હોલમાં સાંજના ૪ વાગે ઉજવાશે. આ સમયે ગરબા, સંવાદો, બાળકોના સંવાદો વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

મુંબઈઃ- શ્રી બચુભાઈ પ્રેમજી કોઠારી સહકારી વિદ્યા મંદિરના તૃતિય સ્થાપના દિન પ્રદર્શન નિમિત્તે તા. ૧૦ અને ૧૧મી એપ્રિલે વાલીઓ અને જાહેર જનતા માટે એક શિક્ષણ પ્રદર્શન યોજાયું હતું.

બોરીઃ- તા. ૭ અને ૮મી મે એ મુંબઇ રાજ્યના શિક્ષણ સચીવ માનનીય શ્રી. દિનકરભાઇ દેસાઇ તથા નાયબ કેળવણી પ્રધાન શ્રી. ઇન્દુમતિબેન ચીમનલાલ શેઠ ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્રની મુલાકાતે આવનાર છે.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,

કોટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં. —વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ન્યૂ બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરાખેયા, ૧૧૯, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઇ-૨૮.

મૂલ્ય બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક–૩ : જૂન, ૧૯૫૪



નવો યુગ

શિક્ષણનો નવો યુગ બાળકમાં વિશ્વાસ રાખશે. બાળકને સ્વાતંત્ર્યને માર્ગે સ્વાધીનતા ને સંયમ આપશે. જ્ઞાન આપવાને બદલે જ્ઞાન લેવાની જિજ્ઞાસાને તે તૃપ્ત કરવાની શક્તિ અને રીત આપશે; નવો યુગ નિશાળોનું સ્વરૂપ ફેરવી નાખશે; ભણાવવાને બદલે કયે માર્ગે જ્ઞાન જિજ્ઞાસા વળે છે ને કેવી રીતે તૃપ્ત થાય છે તે જોશે. શિક્ષણના સ્વાભાવિક ક્રમનું નિર્માણ કરશે. માર્ગમાં આવતા કાંટા દૂર કરશે, ને આસપાસના ભયમાંથી પ્રવાસીને સુરક્ષિત રાખશે.

—સ્વ. ગિજુભાઇ

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોદક

વાર્ષિક લવાજમ :

રૂ. ૪–૦–૦ : :

કાર્યાલય :

૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪.

: : છૂટક નકલ

૬ આના

બાલ અધ્યાપન શિક્ષણ ક્રમ

સરકારી પ્રમાણ પત્ર અને નૂતન બાલ શિક્ષણ સંઘ માન્ય બાલ અધ્યાપન મંદિરમાં, (ગુજરાતી અને મરાઠી માધ્યમ) મૅટ્રિક, નોનમૅટ્રિક તેમજ વ. ફા. પાસને પ્રવેશ મળી શકશે. ઑફિસના સમય દરમ્યાન રુબરુ મળો અગર બે આનાનો સ્ટેંપ બીડી લખોઃ—

પ્રિન્સિપાલ, શિશુવિહાર બાલ અધ્યાપન મંદિર,

૧૧૫, હિંદુ કૉલની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

વામનરાયણ પાઠક, હરપ્રસાદ લાદ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.	લેખક.
૧.	શિક્ષણ પધ્ધતિ	.... શેષ નામલે
૨.	પસાર થયેલા કેટલાક ઠરાવો	....
૩.	ઘાણીનો બેલ	.... ઓ-જ-સ
૪.	અધકચરું બાળક	રમણભાઇ પટેલ
૫.	બાળકનું ગણિત શિક્ષણ	... શેષ નામલે
૬.	કે. કાર્યાલયનો અહેવાલ	....
૭.	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	....
	બાળ વિભાગ	
૧.	કાશીનાથ	... ર. કોઠારી
૨.	કાગડાભાઇ કો. કો બોલે.... ...	....
૩.	મદારી	... સ. આ. કેળકર
૪.	કેરી લ્યો, કેરી	.... શેષ નામલે
૫.	ઉંદર મામા–બિલ્લી માસી	.... પ્રવિણ ભટ્ટ
૬.	શોધી કાઢો	.... સંપાદક
૭.	શબ્દ ચક્કર	....
૮.	વિમાન ૯. મોરલો ..	....

પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્રમ

નૂતન બાલ શિક્ષણ સંઘ સંચાલિત સરકાર માન્ય ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના અધ્યાપન મંદિરમાં મેટ્રિક, નોનમેટ્રિક અને વ. ફા. પાસ થયેલાઓને પ્રવેશ મળી શકે છે. ગુજરાતી અને મરાઠી માધ્યમ. બે આનાનો સ્ટેંપ બીડી લખોઃ—

પ્રિન્સિપાલ, ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર,

બોર્ડી, વાયા ધોલવડ (જિ. થાણા.)

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો!

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા

વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"

૧૧૮, હિંદુ કૉલોની, દાદર, મુંબઈ ૧૪.

વાંચો.....ને.....વંચાવો

—પંદર જૂન ચોપનથી ફરી શરુ થાય છે, મોન્ટેસોરીથી મેટ્રિક સુધીનાં બાળકો માટે સંસ્કાર, શિક્ષણ અને આરોગ્યનું ધામ.....

દેવલાલી બાલગૃહ

પરિચય પુસ્તિકા માટે લખો :—

સંચાલક : દેવલાલી બાલગૃહ

દેવલાલી–કેમ્પ.

ગુજરાતનાં

બાલમંદિર શિક્ષણની તાલીમ લેવાની સુવર્ણ તક !

સરકાર માન્ય અને ન બા. શિ. સંઘ માન્ય

શિશુભારતી બાલશિક્ષણ મંદિર, વડોદરા,

નવું સત્ર તા. ૧૪ થી જૂન, ૧૯૫૪ ને સોમવારથી શરૂ થાય છે.

- ૧. S. S. C કે મેટ્રિક પાસ થયેલાં બાઇ–બેનો માટે એક વર્ષની તાલીમ
- ૨. પ્રાથમિક શાળાન્ત પરીક્ષા પાસ થયેલા માટે બે વર્ષની તાલીમ. –
- ૩. તા. ૧૦–૬–૫૪ સુધી પ્રવેશ અરજી લેવાશે.

વધુ માહિતી માટે બે આનાની ટિકિટ મોકલો, મળો યા લખો :

કમળાશંકર પંડિત
નિયામક

સ. આ. કેળકર, M. Ed.,
પ્રિન્સિપાલ

શિશુભારતી : તારકેશ્વર, વડોદરા.

—એ૦ ૭૮ બે૦—

- હેર ઓઇલ
- શાહી
- બૂટ પોલિશ
- સફેદો

પેકીંગ કેસીસ, ક્રેટસ, શૂકસ, વૂડન ક્રેમ્સ અને રાઉન્ડ વૂડન સ્ટીકસના સ્પેશ્યાલીસ્ટ

ધ ઇન્ડિયા વૂડ પેકર્સ

(લાકડાંના આગેવાન વેપારી)

પ્રો. કાન્તિલાલ વેલશીભાઇ શેઠ.

ઓફીસ, ગોદી મીલ અને ફેકટરી :

કેનેડી બ્રીજ, દાદર.

ઇસ્ટર્ન રોડ સ્ટેશન પાસે,

મુંબઇ ૧૦.





મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૩] મુંબઇ [જૂન, ૧૯૫૪

નૂતની બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ - પદ્ધતિ

'મોન્ટેસોરી સંઘ' તરીકે નૂતન બાલ શિક્ષણ સંઘની સ્થાપના ઇ. સ ૧૯૨૬ માં થઇ, પરંતુ આ સ્થાપના થઈ તે પહેલા વ્યક્તિગત રીતે ગિજુભાઇએ ભાવનગરમાં શ્રી. દક્ષિણામૂર્તિ ભવનની મદદથી આ કાર્યની શરુઆત કેટલાએક વર્ષો પહેલાં કરી હતી. મેડમ મોન્ટેસોરીના બાલ શિક્ષણ વિષયક સાહિત્યના વાંચનથી ગિજુભાઇને બાલ શિક્ષણની જીવન-દીક્ષા મળી અને મોન્ટેસોરી પદ્ધતિના એ ઉપાસક બન્યા. ભાવનગરમાં તેમણે મોન્ટેસોરી પદ્ધતિની બાલશાળા ઇ. સ. ૧૯૨૦ માં શરુ કરી. આ નવા પ્રકારની બાલશાળાને એમણે બાળમંદિરનું નામ આપ્યું. સ્વ. ગિજુભાઇને પ્રત્યક્ષ મેડમ મોન્ટેસોરી પાસેથી જ્ઞાન મળ્યુ નહોતુ. પરંતુ એકલવ્યનો આદર્શ સામે રાખીને તેમણે મેડમ મોન્ટેસોરીના બાલશિક્ષણ વિષયક સાહિત્યનું અધ્યયન કરી તેમને 'પોતાના' ગુરુ કર્યા. આગળ જતાં ભારતીય સૌજન્યની પરંપરા પ્રમાણે પોતાના ગુરુના એટલે મેડમ મોન્ટેસોરીના નામથી તેમણે બાલશિક્ષણનો પ્રચાર કર્યો.

સ્વ. ગિજુભાઈની ગુરુનિષ્ઠા ખૂબ પ્રખર હતી. જેમને ગિજુભાઇના પ્રતિભાની કલ્પના હતી, એવાં કેટલાંક તેમના મિત્રોએ 'મોન્ટેસોરી' શબ્દનો ઉપયોગ ન કરતા 'ગિજુભાઇ પદ્ધતિ' નો પ્રચાર કરવાનું સૂચન કર્યું હતું. દેખાઇ આવતું હતું. ઇ. સ. ૧૯૨૮માં અમદાવાદમા પરંતુ એ ગિજુભાઇએ ન સ્વીકાર્યું. એટલું જ નહિ પણ બાલમંદિર શિક્ષણના તંત્રમાં પરિસ્થિતિ અનુસાર, પોતાને જે કંઈ સૂઝ્યું એ બધી જ બાબતોનો પ્રચાર તેમણે પોતાના ગુરુના નામે કર્યો. પરદેશી લોકોની વિરુદ્ધ રાષ્ટ્રીય જાગૃતિનું આંદોલન પૂરજોશમાં શરુ થયું હોવા છતાં ગિજુભાઇએ આ દેશ-મોન્ટેસોરી શિક્ષણ પધ્ધતિને જે સ્વરુપ આપ્યું અં પ્રચાર માટે જે સાહિત્ય તેમણે લખ્યું, તેનાથી મોન્ટે પધ્ધતિ માટે અહીંના લોકોમાં આત્મીયતા વધી અને ગૂજરાત અને સૌરાષ્ટ્રના ગામડે ગામડે પહોંચી.

ગિજુભાઇનું મોન્ટેસોરી પદ્ધતિનું સ્વરુપ:

વીસમી સદીની પહેલી પચ્ચીસીમાં આપણા દેશમાં રાષ્ટ્રીય ચળવળનું આંદોલન ખૂબ જોરમાં શરુ થયુ હતું. આ પચ્ચીસીના ઉત્તરાર્ધમાં રાષ્ટ્રીય ચળવળમાં ગાંધી યુગની શરૂઆત થઇ હતી. દેશમાં રાષ્ટ્રીય ચળવળની સાથે જ રાષ્ટ્રીય શિક્ષણની ચળવળ પણ જોશમાં હતી. ગિજુભાઈ પોતે જે સંસ્થામાં કામ કરતાં હતાં એ સંસ્થા પણ રાષ્ટ્રીય શિક્ષણનું અને ચળવળનું એક અગ્રગણ્ય કેન્દ્ર હતી. આ પરિસ્થિતિનું સ્વાભાવિક પરિણામ ગિજુભાઈના શિક્ષણ વિષયક આચારવિચારમાં

એ તમારે જાણવું છે...?

? ....?.....?.....? તો.....જુઓ કવર પેજ ૩ જું.

ભરાએલા મોન્ટેસોરી સંમેલન પ્રસંગે તેમણે કરેલા ભાષણોમાંના નીચેના ઉતારા મનનીય છે:

"આપણે મોન્ટેસોરીને હિન્દુસ્તાનમાં અપનાવતાં તેને હિંદી પ્રાણથી અલકૃંત કરવાની છે. એટલે જ મોન્ટેસોરી શાળા પ્રયોગભૂમિ રહે છતાં એ હિન્દુસ્તાનના છાપરા નીચે, હિન્દુસ્તાનની ભોંય ઉપર, હિન્દુસ્તાનના આસન ઉપર બેસશે."

આપણે એટલે ગામડાંઓ અને ગામડાંના શિક્ષણનો ઉકેલ એટલે રાષ્ટ્રજીવનનો ઉકેલ. બાલજીવનના પ્રશ્નો ઉકેલવા આપણે મોન્ટેસોરીને પણ ત્યાં લઈ જઈએ.' ટૂંકમાં દેશની પરિસ્થિતિ અને પ્રશ્નોને અનુરુપ એવું મોન્ટેસોરીને સ્વરૂપ આપવાનો એમણે પ્રયત્ન કર્યો એ સ્પષ્ટ દેખાય છે.

ગિજુભાઇએ મોન્ટેસોરી પધ્ધતિનો પાયો પોતાના અધ્યાત્મવાદી વિચારસરણી ઉપર જ નિર્માણ કર્યો હતો. બીજા વર્ષની પત્રિકામાં (૧૯૨૭) એક ઠેકાણે 'સ્વાતંત્ર્ય અને બંધન' એ વિચાર ઉપર લખતાં, "સ્વાતંત્ર્ય મારો જીવન મંત્ર છે. એકવાર હું સ્વાતંત્ર્ય મેળવી શકીશ તો હું મોક્ષ પણ મેળવીશ. સ્વાતંત્ર્ય મળશે તો હું યશ, પ્રેમ, પ્રભુતા અને પ્રભુ બધું મેળવીશ. પણ હું મેળવીશ એટલે શું? શું સ્વાતંત્ર્ય બહારથી આવે છે? મારું મન અંદરથી મોકળું થયું એટલે તે સ્વતંત્ર થયું. મન જ એક બાંધનાર અને છોડનાર છે.....બંધન આત્મભોગ હોય ત્યાં તે મુક્તિદાતા. બંધન આત્મહનન હોય ત્યાં તે મૃત્યુદાતા." મેડમ માન્ટેસોરીના સ્વાતંત્ર્યના સિધ્ધાંતો તરફ ગિજુભાઈ કેટલી વિશાળ દ્રષ્ટિથી જોતાં હશે એની કલ્પના આપવા માટે આ ઉતારો પૂરતો છે.

મોન્ટેસોરી પધ્ધતિમાં "સ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને સ્વયંસ્ફૂર્તિના મૂળભૂત સિધ્ધાંતો મહત્વના છે. પરંતુ આ સિધ્ધાંતો ફકત મોન્ટેસોરી પધ્ધતિનાં જ નથી. આ સિધ્ધાંતોને શાળાના અને જીવનનાં ક્ષેત્રમાં વ્યવહારિક સ્વરૂપે આપવાનો પ્રયત્ન ફ્રોબેલ પછીના બધાં શિક્ષણતજ્ઞોએ કર્યો છે. ગિજુભાઇએ પણ આ સિધ્ધાંતોને વ્યવહારિક રૂપ આપવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજીએ અને જગતના અન્ય મહાન શિક્ષણતજ્ઞોએ પણ પોતાના સમજણ પ્રમાણે એ જ કર્યું. મેડમ મોન્ટેસોરી જ્યારે અહીં ભારતમાં આવ્યા ત્યારે તેમના વ્યકિતગત જીવનમાં અને એમણે રજૂ કરેલા સિધ્ધાંતમાં જે વિલક્ષણ ફરક દેખાઇ આવ્યો તેનાથી અનેક લોકોને આશ્ચર્ય થયું હતું.

ગિજુભાઇના જીવન વિષેના દૃષ્ટિકોણમાંથી જ્યારે અમે મેડમ મોન્ટેસોરી તરફ જોવા લાગ્યા ત્યારે અમને અનેક જુદી બાબતોના દર્શન થવા લાગ્યા. (૧) ગિજુભાઇએ, સ્વાતંત્ર્ય, સ્વાશ્રય, સમભાવ આદિ કલ્પના મેડમ મોન્ટેસોરી પ્રમાણે ફકત બાળકો અને બાલમંદિર પૂરતી જ ન રાખતા આ કલ્પના પ્રથમ પોતાનામાં જ અને મોટેરાંઓના જીવનમાં તથા આચરણમાં લાવવા ઉપર વધુ ભાર મૂકયો. (૨) શૈક્ષણિક સાધનો અંગે તેમણે પોતાની ભૂમિકા રજૂ કરતા 'ગામડાની ધૂળમાંથી સ્વાશ્રયી સાધનો' બનાવવાની તૈયારી બતાવી ત્યારે મોન્ટેસોરી પોતાના સાધનો ઉત્પાદન કરવાના ધોરણે (Contract) કોને આપે એની ચિંતામાં હતા. (૩) ગિજુભાઇ જાતિ-ભેદ, સ્ત્રી–પુરુષ વિષમતા, સ્પૃષ્યાસ્પૃષ્ય કલ્પનાનો નાશ કરવામાં જ નવી પેઢીનું સાચું શિક્ષણ છે એમ માનતા હતા. તો મેડમ મોન્ટેસોરીની વિચારસરણી જૂનવાણી એટલે જૂની પ્રતિષ્ઠાની કલ્પનાનું સમર્થન કરનારી જણાઇ. (૪) ગિજુભાઇની વ્યકિગત રહેણીકરણી અત્યંત સાદી અને સમાન્તાભિમુખ હતી જ્યારે મેડમ મોન્ટેસોરીની રહેણીકરણી ઠાઠમાઠવાળી અને સમાજથી અનભિમુખ એવી હતી. જીવન તરફ જોવાની બન્નેની દૃષ્ટિમાં ફરક હોવાથી ગિજુભાઇએ જે મોન્ટેસોરી પધ્ધતિની સંધમાં પ્રાણપ્રતિષ્ઠા કરી ત્યારે એ પધ્ધતિ કેટલાંયને મેડમ મોન્ટેસોરીના વ્યકિતત્વમાં અને વ્યવહારમાં દેખાઇ નહિ.

ગિજુભાઇએ મેડમ મોન્ટેસોરીને પોતાના ગુરુ માન્યા હતા, પરંતુ એમને જે મોન્ટેસોરી પધ્ધતિનો પરિચય આ દેશને કરાવી આપ્યો એ મોન્ટેસોરીનું અંતઃ સ્વરૂપ ખૂબ જુદા પ્રકારનું હતું. મેડમ મોન્ટેસોરી જ્યારે ભારતમાં આવ્યાં તેના કેટલાંક મહિના પહેલા ગિજુભાઇ સ્વર્ગવાસી થયા હતા. જીવતા રહ્યાં હોત તો મોન્ટેસોરીના દર્શનથી તે અત્યંત દુઃખી થયા હોત. મોન્ટેસોરી પધ્ધતિનો જે અનધિકૃત પ્રચાર ગિજુભાઇએ પરતંત્ર પ્રજાના ઉધ્ધાર માટે કર્યો તે મેડમ મોન્ટેસોરીને ન રુચ્યો. ગિજુભાઇના નિસ્વાર્થ કાર્યની કલ્પના આવ્યા છતાં તેમને ગિજુભાઇના સંધને પોતાની અધિકૃત માન્યતા આપી નહિ એટલું જ નહિ પરંતુ "સ્વાતંત્ર્ય"નું મુકત ગાન કરનારા આ જગતની

પ્રતિષ્ઠા પામેલા શિક્ષણતજ્ઞ અને તેમનાં શિષ્ય પરિવારોએ સંઘની છૂપી રીતે નિંદા કરવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. મેડમ મોન્ટેસોરીના આ અજુગતા વર્તનથી સંઘના કાર્યકર્તાઓએ પહેલું એક મહત્વનું કામ કર્યું અને તે એ કે ગિજુભાઇએ આપેલું સંઘનું "મોન્ટેસોરી સંઘ" નામ બદલીને તેને "નૂતન બાલ શિક્ષણ સંઘ" નામ ઇ. સ. ૧૯૩૯ માં આપ્યું.

પરંતુ આવી રીતે સંઘે પોતાનું નામ બદલ્યું તો પણ સંઘ એટલે મોન્ટેસોરી પધ્ધતિ એવી લોકોની સમજણ હોવાને લીધે જ્યાં ત્યાં સંઘના બાળમંદિરોને મોન્ટેસોરી બાળમંદિરો તરીકે લોકો ઓળખે છે. પત્રવ્યવહારમાં સંઘ અને મોન્ટેસોરીનો સંબંધ ૧૯૩૯ થી તૂટયો હોવા છતાં લોકદ્રષ્ટિને એમાં ફરક લાગતો નથી. મોન્ટેસોરીનું નામ લોકોમાં પ્રચલિત કરવા માટે ગિજુભાઇએ જેટલો જોરદાર પ્રચાર કર્યો હતો તેટલો જ પ્રચાર ભવિષ્યમાં સંઘનું સત્ય સ્વરૂપ રજૂ કરવાની જરૂર છે.

મોન્ટેસોરી પધ્ધતિને યૂરોપ અને અમેરિકામાં જે કારણોને લીધે પીછે હઠ કરવી પડી તે જ કારણો હવે મોન્ટેસોરી પધ્ધતિનો જ્યારે ભાવનાતીત અભ્યાસ થવા લાગ્યો, ત્યારે સંઘના કાર્યકર્તાઓના ધ્યાનમાં આવવા લાગ્યા. જગતના શિક્ષણ ક્ષેત્રમાં જે વાસ્તવવાદ અતિશય વેગમાં આવે છે તેનાથી આ પધ્ધતિ યૂરોપ–અમેરિકામાં કેટલાએ વર્ષોથી અનદ્યતન (out of date) થતી જાય છે. આવી પધ્ધતિને હજુ પણ સંઘના કેટલાંક કાર્યકર્તાઓ વળગી રહ્યાં છે. આ રીતે આ એકજ પધ્ધતિને વળગી રહેવામાં આપણી જડતા જ કારણભૂત છે; એ કાર્યકર્તાઓએ સમજવું જોઇએ. સંઘનું ધોરણ તેના નામ પ્રમાણે હમેશ નૂતન એટલે શાસ્ત્રીય જ્ઞાનની પ્રગતિ સાથે મેળ રાખનારું હોવું જોઇએ.

કોઇપણ નવા જ્ઞાનને જ્યારે સંપ્રદાયનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે ત્યારે તેની સ્થિતિ બાબોચીયાના પાણી જેવી બને છે. સંપ્રદાયોની અને સંપ્રદાયો ચલાવનારાઓની મર્યાદાને લીધે આ નવા જ્ઞાનમાં દોષ ઉત્પન્ન થાય છે અને તે પ્રગતિને બાધક નીવડે છે. તેમાંથી રોગીષ્ટ વાતાવરણ નિર્માણ થાય છે. આમ થાય એટલે લોકો પોતાની મેળે જ આવા બાબોચીયાને પૂરી નાખે છે. આ જાતની સાંપ્રદાયિકતા સંઘમાં પ્રવેશે તો ચોકકસ અનિષ્ટ નીવડે. સંઘે પોતાની દ્રષ્ટ શાસ્ત્રીય રાખીને પોતાના અનુભવથી અને જગતના અનુભવને આધારે જે કંઇ મળે તેનો સમન્વય કરીને પોતાનું કાર્ય સાંપ્રદાયિક ન બનવા દેવું જોઇએ. સંઘના કાર્યનું આ દ્રષ્ટિબિન્દુ સ્પષ્ટ કરવા માટે સંઘે પોતાની બાલશિક્ષણ પધ્ધતિને સમન્વય પધ્ધતિનુ નામ આપવું એમ મને સૂચવવાનું મન થાય છે. સંઘના આજસુધીના વિકાસમાં આ સમન્વય પધ્ધતિનો જ આશરો લેવામાં આવ્યો છે એવો મારો મત છે. તે અંગે ફરી કોઇવાર લખવાની મારી ઇચ્છા છે.

—શેષ નામલે

નૂ. બા. શિ. સંઘની મુંબઇમાં તા. ૨૫-૪-૫૪ ને દિવસે મળેલી નિયંત્રણ મંડળની બેઠકમાં પસાર થયેલા.

* કેટલાંક ઠરાવો *

ઠરાવ ૧: પંચવાર્ષિક યોજનાના એક કાર્ય તરીકે શરુ કરવામાં આવેલું સેંટ્રલ સોશ્યલ વેલફેર બોર્ડ એ બાલકલ્યાણની દ્રષ્ટિએ એક ઉપયુકત કાર્ય થએલું ગણાય. આ કાર્ય સાથે નૂતન બાલશિક્ષણ સંઘનો સંપૂર્ણ સહકાર રહેશે. આ કાર્યને વ્યાપક બનાવવા માટે પ્રાદેશિક શાખાઓએ "બાલસેવક" શિક્ષણક્રમની યોજના કરવી. શિક્ષણ લીધેલા બાલ સેવકોએ ઠેકઠેકાણે ક્રીડાકેન્દ્રો ચલાવવા. બાળકોના આરોગ્ય અને ચારિત્ર્યના વિકાસ માટે ક્રીડાકેન્દ્રોનું સંચાલન ઉપયોગી થશે એવો સંઘનો મત છે.

'બાલસેવક' શિક્ષણક્રમને લગતું માર્ગદર્શક સાહિત્ય નિર્માણ કરવા માટે નીચે સૂચવેલા સભાસદોની એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિને જરુર પડે તો બીજા વધારે સભાસદ નીમી લેવાની પરવાનગી આપવામાં આવે છે. આ સમિતિએ પોતાનું સાહિત્ય હિંદી, મરાઠી અને ગુજરાતી એ ત્રણે ભાષામાં જુલાઇ ૧૯૫૪ની આખર સુધીમાં તૈયાર કરવાનું રહેશે. વ્યવસ્થાપક મંડળે આ સાહિત્ય પ્રકાશિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની છે.

સભાસદોના નામોઃ શ્રી. અનુતાઇ વાધ, શ્રી. શાલિનીતાઇ મોઘે તથા શ્રી. મૃદુલાબેન શેઠ.

ઠરાવ ૨ જો: મુંબઇ સરકારે સને ૧૯૪૯માં પૂર્વપ્રાથમિક અધ્યાપન બોર્ડની નિમણુંક કરી હતી. આ બોર્ડ તરફથી ૧૯૫૦, ૫૧, ૫૨ના ત્રણ વર્ષની પરીક્ષાઓ પણ લેવાઇ હતી. હવે એ બોર્ડને બંધ કરીને તેનું કાર્ય સરકારે શિક્ષણખાતાને સોંપ્યું છે. આ કાર્ય હાથમાં લીધા પછી તે કાર્યના ઉત્તરોત્તર વિકાસ માટે સરકાર તેમાં ધ્યાન આપશે એવી સ્વાભાવિક અપેક્ષા હતી. પરંતુ પૂર્વપ્રાથમિક શિક્ષકોની તાલીમ બાબત હાલની આર્થિક તંગીની પરિસ્થિતિમાં આ પ્રશ્ન તરફ દિવસે દિવસે સરકારનું ધ્યાન ઓછું થતું જાય છે. આથી પૂર્વપ્રાથમિક શિક્ષકની તાલિમ બાબત અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થાય છે. આ કાર્ય અંગે જરુરી પૈસા સરકાર ખર્ચી શકે તેમ નથી અથવા આ અંગે સરકારને ઉત્સાહ ન લાગતો હોય તો તેણે એ કાર્ય નૂતન બાલશિક્ષણ સંઘ જેવી આ ક્ષેત્રમાંની અનુભવી અને ઉત્સાહી સંસ્થાને સોંપવુ અને આ ક્ષેત્રમાંની પ્રગતિને વેગ આપવો. સંઘની પ્રેરણાથી જ સરકારે આ કાર્ય સ્વીકાર્યું હતું. તેની યોગ્ય વ્યવસ્થા કરવાની દ્રષ્ટિએ આ કાર્ય સરકારે ફરીથી સંઘને સોંપવુ એવી આ સભા ભલામણ કરે છે.

ઠરાવ ૩ જો: મુંબઇ રાજ્યમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકોની યોગ્યતા સમાન રાખવામાં આવી છે. પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર મળેલા શિક્ષક પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણ સુધી ઉત્તમ રીતે શીખવી શકે છે એવું સરકારે માન્ય કર્યું છે. તેથી સરકારે અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાએ પૂર્વ-પ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક શાળામાં નીમીને પ્રાથમિક શિક્ષણ કૃતિપ્રધાન કરવાની શરુઆત કરવી એવો સંઘનો આગ્રહ છે.

ભારતના અન્ય રાજ્યોમાં પણ પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક શાળામાંના પહેલા ત્રણ વર્ગો શીખવવા માટે નીમવામાં આવે એવી બધાં રાજ્યોને સંઘ વિનંતિ કરે છે.

ઠરાવ ૪ થો: શિક્ષણ પત્રિકામાં બાલીઓ અને શિક્ષકોને ઉપયોગી એવા ગૃહ-જીવન, આચાર-વિચાર અને સામાજિક ક્રાંતિની દ્રષ્ટિથી નવા વિચાર સ્પષ્ટરીતે આલેખાતા હોય છે. આપણા દેશમાં બાલીસાહિત્ય માટે તપાસ કરીશું તો 'શિક્ષણ પત્રિકા'નો તેમાં મોટો ફાળો જણાશે. તેથી બધી પ્રાથમિક શાળા તેમજ સરકારી વાંચનાલયોમાં રાજ્યો શિક્ષણ પત્રિકાને યોગ્ય સ્થાન આપીને આ માસિકની શક્ય તેટલી વધારે પ્રતો લઇને એને ઉ-તેજન આપે એવી સંઘની અપેક્ષા છે.

ઠરાવ ૫ મો: બાળકના આરોગ્યના પ્રશ્નોના અભ્યાસની દ્રષ્ટિએ દરેક બાલશિક્ષણ સંસ્થાએ પોતાના વિદ્યાર્થીઓની વૈદકીય તપાસણી ફરજિયાત કરવી અને તે માટે જરુર પડે તે સગવડનો આગ્રહ કરી લઇને તે કરાવી લેવી. આ સંસ્થાએ વિદ્યાર્થીના વજન તથા ઉંચાઇની કાળજીપૂર્વક નોંધ કરવી તથા આરોગ્યનો ઉચ્ચાંક પ્રાપ્ત થાય એવા પ્રયત્નો કરવા. સંઘના નિરીક્ષણ વિભાગે આ અંગે સંસ્થાને યોગ્ય માર્ગદર્શન કરવું તથા ઉચ્ચાંક મેળવેલી સંસ્થાના આ અંગેના પ્રયત્નને બીજી સંસ્થાના લાભાર્થે પ્રકાશિત કરવા.

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211
41-E, Parel
Chawl Road,
Industrial Estate,
BOMBAY-12.

Tel: 72475
Suryodaya Mill
Compound,
Tardeo
BOMBAY-7.

* ઘાણીનો બેલ *

બહારગામથી આવીને ઘરમાં પગ મૂકતાં જ જોયું તો સામે ખૂણામાં શેત્રંજી ઉપર ભારતી અને લીલાબેનની કંઈ ગુસપુસ ચાલે છે અને બંને સાડીને છેડેથી આંખોનાં વહી જતાં આંસુ લૂછી રહ્યાં છે.

મારા આકસ્મિક પ્રવેશથી એમની વાતોમાં ભંગ પડ્યો. બંને ચમકી ગયાં, અને લીલાબેન તો તરત ઉઠીને પોતાને ઘેર ચાલી ગયાં.

લીલાબેન અમારા પડોશી ગુણવંતરાયનાં પત્ની છે.

પણ મને એમના તરફ થોડો કંટાળો પેદા થયો છે. જ્યારે જ્યારે હું બહારથી આવું છું ત્યારે ત્યારે એ મારા ઘરમાં જ હોય છે. અને હું આવું કે એ કંઈક સાડી નીચે છુપાવતાં છુપાવતાં દોડી જતાં હોય છે.

પણ આ પ્રકરણ છેક કરુણતાની પરાકાષ્ટાએ તો આજે જ પહોંચેલું જોયું.

એટલે સહેજે જ મારાથી આંખો લૂછતી ભારતીને પૂછાઇ જવાયું :

'કેમ, શું છે ?'

'કંઈ નથી.'

ભારતી એમ જ આંખો લૂછતી બોલી.

'કંઇ નથી ? ત્યારે, આ રુદન વ્યાપાર શાનો ? કંઈક ભેદી વાર્તા જેવું થઈ રહ્યું છે !'

ભારતી હસતી અને સાચે જ, નાક લૂછતી બોલી :

'હા, અમે તમારો ભેદી ખબરનો લૂંટી જવાનાં છીએ !'

'ખબરનો તો કોણ જાણે, પણ આ પડોશણ તને હાલતાં ચાલતાં લૂંટી જાય છે, એ હું જાણું છું.'

ભારતી જીભ બહાર કાઢતા બોલીઃ

'એવું કહી ના બોલતા. એ બિચારી શું લૂંટવાની હતી ? એ પોતે જ આજ, સાત વર્ષ થયા લૂંટાઈ રહી છે !'

'એ નવું સાંભળ્યું'

'એ તો દુઃખ છે ના ! આ તમે, લેખક લોકો એવી ઝુકી દ્રષ્ટિના હો છો કે કોઇ બતાવે નહિ ત્યાં સુધી તમને કંઇ દેખાતું જ નથી અને દેખાડીએ એટલે બસ, રુપાળા શબ્દોમાં ચીતરીને જાણે મહાન દ્રષ્ટા હો એમ નીચે લટકતું નામ મૂકી દેશો !"

ભારતીનું દુઃખી મોં આમ કહેતાં ફરી આનંદથી ખીલી ઊઠ્યું.

'પણ ભારતી, કહે તો ખરી શું બાબત છે ?'

ત્યારપછી એણે જે વાત કરી એ સાંભળતાં હું પણ ખૂબ ખિન્ન થઇ ગયો અને ભારતીની ટીકા કેટલી સાચી છે એ મને સમજાયું.

આજ લગભગ આઠ વરસ થયાં ગુણવંત માસ્તર અમારી બાજુમાં રહે છે. ગુણવંતરાય પ્રાથમિક શાળામાં શિક્ષક છે. એ બિચારા મોટે ભાગે શાળા અને ટ્યૂશન પાછળ રાત દિવસ પડ્યા હોય છે.

અમે જ્યારે સામે મળીએ છીએ ત્યારે એ ખૂબ પ્રેમથી નમસ્કાર કરે છે. પણ અમારી વચ્ચે ભાગ્યે જ વિશેષ વાતો થાય છે.

પણ આજ થાય છે કે આ સહૃદય મૂંગા અને કાર્યરત માસ્તરની અંદર ઘૂમરી, કરુણતા ધરબી હશે એ કદીય કલ્પ્યું નહોતું.

વિચાર આવે છે : આમ જ રસ્તા ઉપર ચાલ્યાં જતાં અનેક વ્યક્તિઓ આપણી પાસેથી પસાર થાય છે, ત્યારે જાણે કોઇ ચાવી દીધેલાં પૂતળાં પસાર થતાં હોય એટલું જ આપણું ધ્યાન ખેંચાય છે. પણ આજ સમજાય છે કે એકએક વ્યક્તિની પાછળ કેટલીયે જીવન કરુણતાઓ છુપાઈ રહી હશે.

લગભગ આઠ વર્ષ પહેલાં એક દિવસ ગુણવંતરાય એમના કુટુમ્બ સાથે ચાલમાં અમારી બાજુના જ ઘરમાં રહેવા આવેલા.

એમના બાપ પ ઉપરાંત એમને ત્રણ ભાઇઓ, એક બહેન અને એમની પોતાની બે દીકરીઓ છે.

પણ આવ્યા એવાકમાં જ એમની મા બીમાર પડેલાં. અને એ વખતે એમની વિધવા ફોઇ કયાંકથી આવી પહોંચ્યાં.

ગુણવંતરાયના પિતા મોહનલાલ પેન્શન ઉપર છે. એ સવારનો બધો વખત વાચનાલયોમાં કાઢે છે, બપોરે જમીને આરામ કરે છે, અને સાંજે દેવદર્શનમાં વીતાવે છે.

ગુણવંતરાય જેટલા મૂંગા છે તેટલા જ એમના બાપ મોહનલાલ બોલકા છે. હું ત્યાંથી પસાર થાઉં તો એ ભાગ્યે જ મને રોક્યા વગર રહે. એ આખી દુનિયાનું રાજકારણ ચર્ચી નાખે. પણ હું વધુ ઉ-તેજન આપી ન શકું એટલે લાંબું ચાલતું નથી!

ગુણવંતરાય સાવ હાડકાંનું માળખું છે, ત્યારે મોહનલાલ બાસ્સા રાતામાતા છે! એટલું જ નહીં પણ ગુણવંતરાય સિવાય બધા જ ભાંડયુ એમના બાપ જેવા જ શરીરે અલમસ્ત છે.

હું ત્યાંથી પસાર થાઉં ત્યારે જોતો કે ગુણવંતરાય જો હોય તો એ એમની માની કંઇ ને કંઇ સેવા કરતા જ હોય.

ભારતી પણ પહેલેથી જ પોતાથી થાય એ સેવા કરતી. આથી ગુણવંતરાયના મા સાથે ભારતીને ઠીક સંબંધ બધાયેલો.

છેલ્લા દિવસોમાં એક દિવસ ભારતી ત્યાં બેઠેલી ત્યારે ગુણવંતરાયને પાસે બેસાડીને એમની માએ કહ્યું:

'ગુણુ, હવે કંઇ હું બચુ એમ નથી ભાઇ. બસ હવે દીકરા, મારા આશિષ દઉં છું કે તને ભગવાન સુખી રાખે.'

ગુણવંતરાયની આંખોમાંથી ધાર ચાલતી હતી. એ મૂંગા જ બેઠા રહેલા. ત્યાં નાનો મહેશ ત્યાંથી નીકળ્યો.

'બેટા મહેશ, અહીં આવ. તો

માએ બોલાવ્યો પણ મહેશ તો દોડીને બહાર ભાગી ગયો.

'મારા રોયા, કોઈ મારી પાસે ઢંકતુંય નથી!'

અને પછી માસ્તર તરફ ફરતાં બોલ્યા:

'ગુણુ, આ બધાને તારે આશરે મૂકી જાઉં છું. તારા બાપને તો તું જાણે છે. એટલે તારે જ બધુ જોવાનું છે.'

'મા, એમાં કંઇ કહેવાનુ હોય?'

'ના બેટા, મને તારો પૂરો ભરોસો છે. પણ આ બીજાં બધાનો ભરોસો નથી પડતો. તારા બાપે એ બધાંને ખૂબ છકાવ્યાં છે.

'એ તો મા, સૌ નાનપણમાં એવાં જ હોય.

અને વાત પણ એવી જ હતી:

માસ્તરનો બાપ કે બીજાં છોકરાંઓ કોઇ આ માંદી સ્ત્રી સામે જોતુ નહોતું.

અને એમ જ એક દિવસ એ આ દુનિયા છોડી ગઇ.

તે દિવસે માસ્તર બાળકની માફક રડતા હતા. આખી ચાલીના લોકો આ દુઃખમાં સાન્ત્વન આપવા દોડી આવેલા.

પણ જ્યારે સ્મશાનયાત્રાનો વિધિ થયો ત્યારે તો ગુણવંતરાય પોતાની માના પગમાં મૂર્છાંગત થઇ પડયા. અને લોકોને એમની સારવારમાં પડવું પડ્યું.

આ જોતાં ઉભેલાં ચાલીના લોકોની પણ આંખો વહી ચાલી. એક માત્ર મોહનલાલ અને બીજાં માસ્તરનાં ભાઇ-બહેનો એમાંથી બાકાત હતાં.

ગુણવંતરાય ભાનમાં આવ્યા અને બાકીની ક્રિયા એમણે પૂરી કરી.

ભારતી મારી બાજુમાં જ તે દિવસે ઉભી હતી.

મેં ધીમેથી ભારતીનું ધ્યાન ખેંચ્યું:

'ભારતી, કેવું આશ્ચર્ય છે, કે એક માત્ર ગુણવંતરાયનું જ મ્હોં એની મા જેવું છે. બાકીના બધાં જ ભાંડુઓ એના બાપ ઉપર ઉતર્યા છે!'

ભારતીને પણ આશ્ચર્ય થયું.

પણ એથી ય મોટું આશ્ચર્ય તો આજ થયું, જ્યારે ભારતીએ કહ્યું :

'તમને ખબર છે ગુણવંતરાયનાં એ સગી મા નહોતાં ?'

'સગી મા નહોતાં ! શું કહે છે ? અને છતાં ગુણવંતરાય જ જાણે એનાં સગા દીકરા હોય અને આ બીજાં ન હોય એવું લાગતું હતું !'

'અને છતાં જ્યારે હકીકત એથી બાબર ઊલટી છે !'

અને જરા અટકી ભારતી આગળ બોલી:

પણ મુખ્ય વાત તો હવે કહેવાની છેઃ આ મોહનલાલ આજ દશ વર્ષથી પેન્શન ઉપર છે. અને ત્યારથી એ ઘરમાં પાઈ પણ આપતા નથી. બધોય બોજો ગુણવંતરાય ઉપર છે. અને તમે જુઓ છો કે આ બીજા એમના ભાઈ બહેનો કેવા ફાવે એમ નાચે છે અને ફાવે તેમ ખર્ચા કરે છે ! નથી કોઈ ભણતા, નથી કંઈ કામ કરતાં અને એમાં એ બધાંને એમના બાપાની ચડામણી છે.'

'પણ માસ્તરે શા માટે આ બધું સહન કરવું જોઈએ.'

મારાથી બોલ્યા વગર ન રહેવાયું.

ભારતી જરા ઊંચેથી બોલી ઉઠીઃ

'તમારું આ જ દુઃખ છે ના ! જરાકે ઊંડા ઉતરવું નહીં, ને આપી દેવો ચૂકાદો !'

હું મૂંગો રહ્યો ને એ આગળ બોલીઃ

'વાત એમ છે કે ગુણવંતરાય એક વર્ષના હતા અને એમની મા મરી ગએલી. અને આ એમની સાવકી માએ જ એમને ઉછરેલા. એટલું જ નહીં પણ પેટના દીકરા કરતાં વિશેષ રાખેલા. અને એટલે જ તો છેક આજ આપણે જાણ્યું કે એ એમના સાવકી મા હતા.

'હવે તમે જ કહોને : ગુણવંતરાય જેવા સજ્જન માણસ માને આપેલું વચન તોડી શકે !—પણ મૂળ વાત ઉપર આવું તે પહેલાં જ તમે ચર્ચા કરવા મંડી પડયા !,

'ઠીક લે, હવે વચ્ચે નહીં બોલું.'

હું જરા હસતો બોલ્યો.'

'ગુણવંતરાયની માની માંદગી વખતે એમનાં કોઇ આવેલાં. એ વિધવા બાઇ પાસે બે હજાર રુપિયા ઘરેણાંના હશે એ ત્યારે એમણે જતી વખતે ગુણવંતરાય પાસે મૂકેલા—અને એ જ રાત્રે એ રુપિયા પેટીમાંથી ચોરાઇ ગયા.'

'અચ્છા ! પણ પછી પોલિસમાં ખબર ન આપી ?'

'વળી વચ્ચે બોલ્યા ને ! પોલિસમાં શું ખબર આપે ! કપાળ ?—જ્યાં ઘરમાં જ ચોર હોય ત્યાં ? આ બૂઢ્ઢો મોહનલાલ બોદો નથી. એણે ને મોટા ધીરુએ આ કામ કરેલું. ને એ જાણ્યા પછી શું પોલિસમાં કહે ? તમે ગુણવંતરાયને કયાં જાણતાં નથી ?'

'એ ખરું. અને એ ડોશાને ય હું થોડો તો ઓળખી શકું છું.'

'અને જુઓ, આ તે દી ને આજની ઘડી ! બિચારા ગુણવંતરાય રાત નથી જોતાં, દી નથી જોતા. અને જ્યાં મળે, જેટલું મળે એટલું ટયૂશનો કરી કરીને એ કરજ ભરી રહ્યા છે. એ પોતે, લીલાબેન અને એમનાં છોકરાં અર્ધે પેટે જીવે છે; ધાવણી છોકરીને દૂધનું ટીપું ય મળતું નથી

'બીજી બાજુ આ ડોશો ને બીજા છોકરાંઓની બધીં જ સાહેબી જાળવવી પડે છે.

'આજ સાત સાત વર્ષોથી માસ્તર બિચારા ઘાણીના બેલની જેમ જૂત્યા જ રહે છે.'

મારી વાચા હરાઇ ગઇ.

આજ આઠ વર્ષથી મારી બાજુમાં જ જે વ્યકિત રહે છે એને હું જરાકે ઓળખી ન શકયો એનું મને દુઃખ થયું.

સાથે જ ભારતી અવારનવાર જે નાની નાની મદદ એ લોકોને કરે છે એ વસ્તુને પણ હું અવળી દ્રષ્ટિથી જોઇ રહ્યો હતો એ યાદ આવતાં થોડી શરમ આવી.

મારી આંખ સામે એ હાડકાંનું માળખું સવારમાં ઉતાવળે પગે બહાર નીકળતું અને રાત્રે મોડેથી ઘરે પાછું આવતું બહુ થયું.

રજાના દિવસોમાં પણ મેં એમને ભાગ્યે જ ઘરે જોયા છે. અને જ્યારે પણ ઘરે હોય છે ત્યારે પોતાનાં ને પાલીનાં છોકરાંઓને એ પ્રેમથી રમાડતાં કંઈ મિઠાઈ બહુ ચંતા મેં જોયા છે.

એમના શરમાળ સ્વભાવને કારણે એ ભાગ્યે જ મોટેરાઓ સાથે બોલતા હશે.

આટલી હાડમારીમાં પણ ગુણવંતરાય માસ્તરના ચહેરા ઉપર સદાય પ્રેમનું સ્મિત દેખાય છે.

'હવે કેમ મૂંગા થઈ ગયા?—હવે સૂચવોને તમારા સમાજ સુધારા!'

'શું સૂચવું? સૂચવીએ તો ગુણવંત માસ્તર થોડાએ સ્વિકારવાના હતા?'

'હા! હવે ઠાંઠા પડયા! ભઇ, વાત કરવી, ભાષણો છોલવાં કે લેખો ઘસડવા બહુ સહેલા છે; પણ તમે લોકો માનો છો એમ સમાજના દુઃખો ડાળાં ડાખળામાં નથી. અને તમારી જેમ માત્ર ઉપલક દ્રષ્ટિથી જોતાં એ દેખાવાનાં પણ નથી.'

'ત્યારે શું કરવું જોઇએ!'

'એને માટે તો, સોહેબ, લોકોના જીવન સાથે એક રસ થવું પડે—સમજ્યા?'

ભારતીનો ટોણો બરાબર લક્ષ્યસ્થાને લાગતો હતો. એ આગળ બોલી:

'ભના, તમે કહો તો, માસ્તરની ઉમર શી હશે?'

'હશે પિસ્તાળીસેકની આસપાસમાં.' હું બોલ્યો.

'કેમ જાણ્યું?—માથાની ટાલ ઉપરથી?—અરે એ તો બિચારા ભાગ્યે બત્રીશ વર્ષના છે!'

'શું કહે છે?' હું સાશ્ચર્ય બોલી ઉઠ્યો.

'હા જી!'

ભારતી બોલી ઉઠી:

'લો હવે, ઉઠો. જમવું છે કે નહિ?'

એમ કહેતી એ રસોડામાં ચાલી ગઈ અને હું ખિન્ન ચિત્તે કપડાં બદલવા લાગ્યો. —ઓજસ્

પ્લાસ્ટિકનાં રમકડાં

તેમજ

લેધર અને રબ્બર

બેલ્ટિંગ, મશિનરી અને
ઓઇલ એન્જિન, લુબ્રિકેટીંગ
ઓઇલ વ. માટે લખો:



જોલી એન્ડ ઓનેસ્ટ

જી. પી. ઓ બોક્સ નં. ૪૩૪

મુંબઈ-૧.

બાળકને જીવનની શરૂઆતથી

બાલ

પિયૂષ

નિયમિત પાતી

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને
આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

ત્રિભુવન આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

અધકચરું બાળક

(દરવાજે ઘંટડી વાગે છે.)

મનુબેન :—'અરે આ લેખ કયારે પૂરો થશે. પેલાં માયા-બેન ગયા અને આ કોણ બીજું આવ્યું'

(પોતે જઈ બારણું ઉઘાડે છે)

'અરે આવો, આવો લીલાબેન, આજે ઘણે દિવસે આવી ચઢયાં.

લીલાબેન :—'કંઈક કામ હોય ત્યારે જ તમારે ત્યાં આવું છું એ તો મનુબેન, તમને બબર જ છે ને !'

મનુબેન :—'તો કહી દો શું કામ છે ?'

લીલાબેન :—'બાલમંદિરના બાળકોના માબાપોની સભા રાખવાની છે. તેમાં તમારે ભાષણ કરવાનું છે. તેનું આમંત્રણ આપવા આવી છું.

મનુબેન :—'શું વિષય રાખ્યો છે ?'

લીલાબેન :—તમે મને પહેલા એક દિવસ કહેલું કે મા-બાપના શબ્દો કે સલાહની નહિ પણ તેમના વર્તનોની બાળક ઉપર અસર થાય છે. બાસ કરીને માબાપ તેમજ બાળક પોતે પોતાનું ધાર્યું કરાવવા જિદ્દે ચઢે છે, ત્યારે બાળકના મન ઉપર માઠી અસર થાય છે. તે તેનો માનસિક વિકાસ અટકાવી દે છે.'

મનુબેન :—'બે તદ્દન સાચી વાત છે લીલાબેન ! બાળકમાં સામાજિક જરૂરિયાતનો ખ્યાલ નથી હોતો. તેનાં વર્તનો, તેની પ્રવૃત્તિઓથી ધકેલાયા કરે છે. એવે વખતે જો માબાપ સમજપૂર્વક આવેશમાં આવ્યા વગર વર્તન નથી કરતા, તો બાળક અને માબાપ બન્ને સરખી ભૂમિકા પર આવી જાય છે.

'બાળક કાં તો ગુસ્સો કરે છે, અથવા નમી પડે છે. આ બન્ને સ્થિતિ એવી છે, કે જેને કારણે બાળક વૃત્તિઓ પર સંયમ મેળવવા અશક્ત બની જાય છે. એટલું જ નહિ, જરૂરી વાસ્તવિકતાની સમજ પણ તેનામાં આવતી નથી. માબાપ બાળકને સમજવાની કોશિષ કરે; તો બાળકનો એકલાના જ નહિ પણ સમાજના કેટલાય પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જાય. પણ માબાપમાં આટલું સમજવા જેટલી ધીરજ ક્યાં છે ?'

લીલાબેન :—'તમે તો ધીરજની વાત કરો છો મનુબેન, પણ ગઈ કાલની જ એક વાત કહું છું. એક છોકરો બાલમંદિરમાંથી ઘેર જવા મા-ગતો જ નહોતો. મેં પૂછ્યું, કેમ નથી જતો ? તો કહે 'હું તો તમારે ઘરે આવીશ. મારી બાએ મને ગઈ કાલે બાથરૂમમાં પૂરી દીધો હતો. મારે તો ઘરે જવું નથી. હું એને સમજાવી એને ઘેર મૂકવા ગઈ. ત્યાં એની મા મળી. મેં પૂછ્યું 'ગઈ કાલે શું થયુ હતુ ?' એટલે તરજ જ તેણે ભ્રમર ચઢાવી દીધા અને મને ધમકાવતી હોય તેમ કહ્યું:

'એણે તમને ફરિયાદ કરીને ?' હવે તો તમે એનો પક્ષ લઈને વઢવા આવ્યા હશો ? આજકાલ બધા બાળકોનો પક્ષ કેમ લેવા લાગ્યા છે ? કોઈ માબાપનો પક્ષ તો લેતું જ નથી.

'એવું તે કંઈ હોય ?' મેં કહ્યું. તો કહે એને કાલે વરસાદમાં ભીંજાવા જવું હતું. મેં કહ્યું, 'વરસાદમાં ભીંજાઈશ તો તને શરદી થશે' તોય કહે, 'હું જવાનો'. મારાથી કેમ જવા દેવાય ? માંદો પડે તો મારે જ ચાકરી કરવી પડે ને ?'

મેં કહ્યું, 'અરે બહેન, ઘણાંય બાળકો વરસાદમાં ભીંજાય છે, તે શું બધાયને શરદી થાય છે? તો કહે 'કોઈકને તો થાય ને ?' અને આને થાય તો પછી !

મેં કહ્યું, 'પણ બાથરૂમમાં પૂરવાથી ફાયદો થયો તેમ તમે કેમ માની લીધું ? બાથરૂમમાં પૂરવાથી તમારા કહેવા પ્રમાણે એને શરદી ન થઈ પણ બીજું જે માનસિક નુકસાન થયું તે તમે જોઈ જ શકયા નથી. આ તમારો દીકરો આજે ઘેર આવવાને જ તૈયાર

ન હતો. એના મનમાં તમારા ઉપર એટલો બધો ગુસ્સો આવ્યો છે કે તમારી પાસે આવવા રાજી નથી. એટલું જ નહિ પણ તમારા આ વર્તનથી તેના મન ઉપર એટલી બધી અસર થઇ છે, કે તમને એને માટે પ્રેમ નથી અને એના ઉપર ઘણી બધી હકુમત ચલાવો છો. તમારા આવા વર્તનથી બાળકને જે નુકસાન થયું તેની તો આખી જિંદગી સુધી અસર રહે છે.

'રહેવા દો તમારી આ લાંબી વાતો' તે કહે 'હું તો પાંચ છોકરાની મા-છું અને એ બધાં એમ જ મોટાં થયા છે? ને જુઓ મારો મોટો દીકરો મેટ્રિકમાં પાસ પણ થઈ ગયો.'

મને થયું આ મા જેવી ઘણી મા હશે —અને ત્યારે મને તમારો વિચાર સૂઝયો. આવા માબાપને કેમ સમજાવી શકાય?

મનુભેન :—જુઓ લીલાબેન, કોઇને સમજાવવાથી કે સલાહ આપવાથી પલટાવી શકાતુ નથી. માણસને પોતાને પોતાના વર્તન માટેના કારણો ન સમજાય ત્યાં સુધી કશું જ વળતું નથી. દુનિયાને સુધારી નાખવાની ધગશ એ પણ માનસિક રોગનું ચિહ્ન છે.

લીલાબેન :—એટલે મને પણ માનસિક રોગ છે એમ તમારું કહેવું છે?

મનુભેન :—'આપણે બધાંય કોઇને કોઇ માનસિક અસ્વસ્થતાથી પીડાઇએ છીએ. અને એથી તો માબાપ પોતાના બાળકને સમજી શકતા નથી. એમને પણ બીજાઓ ક્યાં સમજે છે? માબાપ પોતે જ્યારે બાળક હતા, ત્યારે પોતાના માબાપને હાથે માર ખાધો હોય, પ્રેમ ન પામ્યા હોય, તે પોતાનાં બાળકને પ્રેમ કે સ્વાતંત્ર્ય કયાથી આપી શકે?

લીલાબેન :—'તો મનુભેન, તમારું એમ કહેવું છે કે જે રીતે માબાપ બાળકને ઉછેરે છે તેવી જ રીતે તે પોતે મા કે બાપ બને છે ત્યારે એનાં બાળકને ઉછેરે છે?'

મનુભેન :—હા; લગભગ એમ કહી શકાય. માબાપ જ્યારે બાળકને ઉછેરતા હોય છે, ત્યારે માબાપ પ્રત્યે બાળકના મનમાં રાગદ્વેષ હોય છે. મોહમાયા વિગેરેના જે ભાવો થએલાં હોય છે તે બધાં પોતે જ્યારે મા કે બાપ થાય છે ત્યારે પાછા જાગે છે. અને બાળક સાથેનાં તેમનાં બધાં વર્તનોમાં તે ભાવો વ્યકત થાય છે. દા. ત. મા કે બાપ જ્યારે બાળક ઉપર ગુસ્સે થાય છે, શિક્ષા કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રકૃતિના નિયમ પ્રમાણે બાળકના મનમાં ગુસ્સો થઇ આવે છે. પરંતુ બાળકના જીવનનો ઘણો આધાર માબાપ પર હોય છે. તેથી તેનો ગુસ્સો તે મનમાં પાછો દબાવી દે છે. સામાન્ય માન્યતા એવી છે કે તેવા ગુસ્સાનો લોપ થઈ જાય છે. પણ ખરેખર એમ બનતું નથી. એ પ્રસંગ ભૂલાઇ જાય છે, પણ તે વખતે ગુસ્સો મનમાં જ રહી જાય છે, જે જિંદગીમાં કોઇને કોઇ વખતે, ખબર પણ ન પડે, તેવી રીતે વર્તન કરાવી જાય છે. દા. ત. બાળકના હાથે રકાબી ફૂટી જાય છે તો કેટલાંક માબાપ એકદમ ગુસ્સે થઈ જાય છે. આ ગુસ્સો હમેશ અપ્રમાણસરનો હોય છે કેમ? તમે તો જોયું હશે કે બાળકને શિક્ષા કર્યા કે કરાવ્યા પછી મા રડવા માંડે છે. એ શું બતાવે છે? અંદરથી અજ્ઞાતપણે ધસી આવતા ગુસ્સાને કારણે જ આવા વર્તન થાય છે.'

લીલાબેન :—'ત્યારે તો મનુભેન, માબાપે બાળક સાથેનાં પોતાના એકે એક વર્તન પર ચોકી રાખવી જોઇએ, નહિ?

મનુભેન :—'ના. એમ નહિ લીલાબેન; માબાપ અને બાળક વચ્ચેનો સબંધ એવો છે, કે બાળક સાથે વર્તનો કરતા માબાપનાં પોતાના બચપણમાં થએલા ભય, ગુસ્સો, પ્રેમ, ઇર્ષા, તિરસ્કાર એ બધાં બેચાઇ આવે છે માબાપના અભ્યાસ, વિચાર કે અભિપ્રાયો આવાં વર્તનોને રોકી શકે તેમ નથી. આથી બાળક સાથેનાં માબાપનાં વર્તન માટે બાળક એકલું

જવાબદાર નથી, પણ માબાપના પોતાના બચપણના ભાવાત્મક અનુભવો પણ જવાબદાર છે. એ હકીકત વિષેનો સ્પષ્ટ ખ્યાલ માબાપમાં હોય તો જ બાળકને મુંઝવતા પ્રશ્નો માટે બાળકનો કે કુદરતનો દોષ કાઢવાને બદલે માબાપ પોતે પણ પોતાની જવાબદારી સમજી લે તો મુંઝવણનો વાસ્તવિક ઉકેલ લાવી શકાય. બાળકને અધકચરું રહી જતા માંથી ઉગારી શકાય.'

લીલાબેન:- 'તો મનુબેન, આ વિષય બહુ વિચારવા જેવો છે અને એ પર જ તમારું ભાષણ રાખીએ.'

મનુબેન:-- 'જરૂર.'

લીલાબેન:— 'બુધવારે સાંજે ચાર વાગે તમને ફાવશે ?'

મનુબેન:— 'હા, હું બાલમંદિર પર આવી પહોંચીશ.'

લીલાબેન:— 'સારું ત્યારે હું જઉં છું. તમને મળવાથી મને બહુ લાભ થયો છે.

(ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી)

—રમણભાઈ પટેલ

લેખાંક ૧૩મો

બાળકનું ગણિત શિક્ષણ

[ગયા અંકમાં રાશિની મદદથી સરવાળાની કલ્પના પહેલાં સામુદાયિક રમતનાં સ્વરૂપમાં કેવી રીતે આપવી તે આપણે જોયું. આ લેખમાં સરવાળાના મૂળકૃત્યના હજી વધારે દાખલાઓ કેવા રીતે રજૂ કરવા એ અંગેનું વિવેચન કરવામાં આવ્યું છે. —સં.]

મૂળકૃત્યો :

"સરવાળાનો જવાબ સરવાળો કરનાર બાળક જાહેર કરે તો પણ તે બરાબર છે કે નહિ એ પણ જોવું મહત્વનું ગણાવું જોઇએ. તે માટે બે બાળકોની પસંદગી કરીને તેમને જવાબ કેમ તપાસવો એ શિક્ષકે સમજાવવું જોઇએ. આ બે બાળકોમાંના એક બાળકને રાશિ ગણવાનું અને બીજાને મોટા કાર્ડમાં ગોઠવેલા જવાબમાંના કાર્ડો તે પ્રમાણે લાવવામાં આવ્યા છે કે નહિ તે કહેવું. છેવટે બન્નેએ મળીને કહેવું કે "સરવાળો બરાબર છે."

કમળાબેન બોલ્યા : "તમારી આ તાળો મેળવવાની પદ્ધતિ મને ખૂબ ગમી. આપણું કામ બરાબર છે કે નહિ, એ ટેવ ગણિત શિક્ષણમાં તો જરુરી છે જ, પણ કોઈ પણ કામમાં આવી ટેવ હોય તો ભૂલ થવાનો સંભવ ઓછો રહે છે."

મેં કહ્યું. "પદ્ધતિની દ્રષ્ટિએ ઝીણી ઝીણી બાબતો જ મહ-ત્વની હોય છે. તેનો આગ્રહ રાખીએ તો શિક્ષણમાં યોગ્ય રંગ રચના નિર્માણ થાય છે. આપણે સરવાળાનું પહેલું સામુદાયિક નિદર્શન પૂરું કર્યું. હવે આગળની યોજના જોઇએ.

શિક્ષકની પુસ્તિકા:

બાળકનો સ્વભાવ એવો છે કે કોઈપણ નવો આનંદદાયક અનુભવ તેમને મળે કે તરત જ તેનું પુનરાવર્તન કરવાનું મળવું જોઇએ, એવું તેમને લાગે છે. તેથી જ શિક્ષકની પુસ્તિકામાં આપણે શરુઆતમાં જે પ્રકારનો સરવાળો આપ્યો (જેમાં વદી આવતી નથી) એવા પ્રકારના સરવાળાના પાચ પાંચ દાખલાઓ બીજા લખી રાખવા જોઇએ. તે જ પ્રમાણે બાળકની મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને જુદા જુદા પ્રકારના સરવાળાના પાંચ પાંચ દાખલાઓ આ પુસ્તિકામાં લખી રાખવા. તે જ પ્રમાણે બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ મૂળકૃત્યો ઉપરના માર્મિક દાખલાઓનો સંગ્રહ શિક્ષકની પુસ્તિકામાં યોગ્યક્રમે તૈયાર હોવા જોઇએ જેથી નકકામો ગોટાળો ઉભો થતો નથી.

પહેલા વિભાગમાં વદી ન આવે એવા દાખલા રાખવા જોઇએ. આવા પ્રકારના થોડા વધારે દાખલાઓ સહેલાઈથી બાળકને કરતાં ફાવે કે પછી વદી આવે એવા દાખલાઓ આપવા. દાખલા તરીકે એવો એક દાખલો આપણે અહીં લઇએ.

વદી આવે એવો સરવાળો.

શિક્ષકની પુસ્તિકામાંનો દાખલો: ૨૪૧૩
+ ૧૮૪૫
+ ૧૭૮૯

આ દાખલાની રાશિ બાળકો નીચે પ્રમાણે લાવશે.

પહેલું બાળક:



બીજું બાળક:



ત્રીજું બાળક:



આગળના દાખલા પ્રમાણે જ આ બધી રાશિ એક મોટી ટ્રેમાં ભેગી કરવી. સરવાળો કરવાનું કામ જે બાળકને સોંપ્યું હોય એ પહેલા ઘન, ચોરસ, મોતીની સળીઓ અને મોતી જુદા કરે છે. પછી સામાન્ય રીતે મોટું પરિમાણ પહેલા ગણવા તરફ સ્વાભાવિક પ્રવૃત્તિ હોવાથી પહેલા ઘન ગણવામાં આવે છે, પછી ચોરસ ગણવામાં આવે છે. આ દાખલામાં ઘનની સંખ્યા ૪ થાય છે. તે પ્રમાણે જવાબ બોલનાર બાળક પોતાના મદદનીશ પાસેથી | ૪૦૦૦ | નો મોટો કાર્ડ મંગાવશે. આગળ ઉપર સોના ચોરસની સંખ્યા ૧૯ થાય છે. ત્યારે ૧૯ સો કેમ લાવવા એ પ્રશ્ન ઉભો થાય છે. બાળક કાર્ડરક્ષક પાસે જાય છે. પરંતુ એની પાસે વધારેમાં વધારે | ૯૦૦ | નો જ મોટો કાર્ડ છે. ૧૯ સોનો કોઇ કાર્ડ નથી. ત્યારે ૧૯ સોનો કાર્ડ કેવી રીતે લાવવો? આવે વખતે શિક્ષક સહજ સૂચના કરે કે | ૯૦૦ | લઇએ તો બીજા કેટલા સો લેવાના બાકી રહે છે? બાકી ૧૦ સો રહે છે. પણ દસ સો એટલે કેટલાં? "દસ સો એટલે એક હજાર" આવું કેટલીકવાર બાળકો પણ સૂચવતાં હોય છે તો કેટલીકવાર શિક્ષકને સૂચવવું પડે છે. એ ૧૯ સો લાવવા એટલે એક | ૧૦૦૦ | નો અને | ૯૦૦ | નો એમ બે કાર્ડો લેવાથી બરાબર થાય છે. પરંતુ આ બંને કાર્ડ લીધા પછી ફરી પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પહેલાનો | ૪૦૦૦ | નો કાર્ડ છે. તેમાં | ૧૦૦૦ | નો કાર્ડ વધારવો. આ વખતે શિક્ષક જણાવે છે કે આ બન્ને કાર્ડ આપીને એક | ૫૦૦૦ | નો કાર્ડ લઈ આવો. એ રીતે | ૫૯૦૦ | સુધી કાર્ડ ઉપર કાર્ડ ગોઠવીને જવાબ ગોઠવી શકાય છે. હવે આગળ ઉપર દશક ગણવાના. આ દાખલામાં ૧૩ દશક થાય છે. ૧૩ દશક કેમ લઈ આવવા તે પ્રશ્ન ફરીને ઉપસ્થિત થાય છે. તેમાં દશ દશકનો એક સો કરવો પડે છે અને ફરીથી ૯ સોનો દશ સોનો થાય છે. એટલે ફરી ૧૦ સોનો એક હજાર એથી ૫ હજારનો કાર્ડ બદલીને | ૬૦૦૦ | નો કાર્ડ લાવવો પડે છે. તેવી જ રીતે આગળ ઉપર છૂટાં મોતી માટે કરવું પડે છે. એકાદો દાખલો આવી રીતે કરવા દઈને પછી બાળકને સૂચવવું કે રાશિ ગણતી વખતે હમેશ પહેલા નાની રાશિથી ગણવાની શરુઆત કરવી જેથી તે સરળ થઇ પડે છે.

સરવાળાનો જવાબ કાઢનાર બાળકે રાશિનું વર્ગીકરણ કર્યા પછી છૂટાની રાશિ પહેલા ગણવાની કે હજારના ધન પહેલા ગણવા આ પ્રશ્ન બાળકના મનમા નહિ આવે, પરંતુ અનુભવી શિક્ષકના મનમાં જરુર આવશે. ઉપર પ્રમાણે હજારથી ગણત્રી કરવામાં સમય નકકામો જાય છે અને ભૂલ થવાનો પણ સંભવ રહે છે. ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે હજારની બાજુથી રાશિ ગણવાથી ફરી રાશિ અને કાર્ડની વાર વાર અદલાબદલી કરવી પડે છે. આ અનુભવ બાળકને લેવા દેવો કે નહિ કે પહેલેથી જ શિક્ષકે બાળકને "છૂટી બાજુથી ગણો" એમ સૂચના કરવી? મારા મતે આ અનુભવ બાળકને લેવા દેવો અને એ રીતે સરવાળો કરતી વખતે વચ્ચે જ સૂચવવું "તમારે સરવાળો જલદીથી કરવો છે ને? તો પહેલા છૂટી બાજુથી ગણો જોઉં!"

પરિમાણોના ઉપરના દાખલામાં ૧૧ છૂટા છે. કોઇ પણ (માન) રાશિની સંખ્યા દશ થાય કે તે પરિ-

(અનુસંધાન પાના ૨૧ પર)



* * * * * * કા શી ના થ * * * * *

કાશીનથાની ટોળી આજે વનવગડાની સફરે નીકળી હતી. વસંત ઋતુ આવેલી. સરસ ભરચક આકાશ, લહેરાતો પવન, લીલા બાણરા કેસુડે લાલ ઝૂમતા ફૂલ, આ બધું જોઇને બાળકોનો આનંદ ન માય.

કાશીનાથ, ચેતન, મનુ, શાંતિ ને બધાં છોકરાં તો એક મોટા કેસુડાના ઝાડ પાસે આવીને થોભ્યાં. શાંતિ બોલી; 'કાશીનાથ! કાશીનાથ! અમને કેસુડા તોડી આપ, અમને કેસુડા તોડી આપ.' કાશીનાથ, ચેતન ને મનુ કેસુડા ઉપર ચડયા. નીચે થઈ ગયેા કેસુડાનેા આખેા ઢગ. બધાં છોકરાંઓએ તેા કેસુડાની નાની ડાળીઓ લઇ લીધી. ચેતન, મનુ ને કાશીનાથે મોટી મોટી ડાળીઓ લીધી. ટોળી આગળ ચાલવા માંડી. શાંતિએ ગીત ઉપાડયું

હું ને મારી સહિયર વનમાં ગ્યાં'તા
ને કેસુડે રંગફૂલ ઝૂલતાં'તાં,
લીલુડાં પાનમાં લાલ એ તો ઝૂલતાં,
ને જાણે પેાપટડા ઉડતા'તાં.
હું ને મારી સહિયર.

મીઠા પવનની લહેરેા આવતી જતી હતી ને શાંતિનું ગીત જામતું હતું. બધાં બાળકેા આનંદે ઝીલતાં જતાં હતાં. ગીત આગળ ચાલ્યું.

ત્યાંથી અમે તેા આંબલે રે પેાંચ્યાં,
ને મસ્તાના મેારલા હીંચતા'તા,
વેલી કેાયલને ઘટામાં જોતાં,
પંચમના સૂર ત્યાં નીકળતાં'તા
હું ને મારી સહિયર
લીલી વરેા પર અમે તેા જોયાં,
હરણાંનાં ટોળાં ય ચરતાં'તાં,
ફૂદી ફૂદીને હરણીનાં પ્યારાં,
એની-એ સેાડમાં ભરાંતાં'તાં,
હું ને મારી સહિયર.

ઘૂમી ઘૂમીને નવું નવું જોતાં,
હૈયાં આનંદે ઉછળતાં'તાં.
થાકી થાકીને અમે તેા સુતાં,
ને મીઠાં એ સપનાં લાધતાં'તાં.

ગીત પૂરું થયું એટલામાં જ દૂરના ખેતરમાં મજૂરી કરતી ત્રણ ચાર સ્ત્રીઓની દુઃખ ભરી ચીચીયારી સંભળાઇ.

'બચાવેા રે બચાવેા: અમારુ છોકરું વરુ લઇને નાઠું છે. 'માણસેા દોડતાં દેખાયાં. બાળકેાનું ગીત અટકી ગયું.

કાશીનાથ સાવધ થઈ ગયેા. સામેથી જ વરુ બાળક પેાતાના મેાંમાં લઇ દોડતું આવતું હતુ

કાશીનાથ, ચેતન અને મનુએ ખેતરમાંથી મોટા માટીનાં ઢેફાં લીધાં. બધાં છોકરાંઓએ પણ ઢેફાં લીધા. વરુની પાછળ તો ખેતરમાં કામ કરતાં માણસો પડેલાં જ. પણ સામેથી કાશીનાથની ટોળીએ કમાલ કરી. કાશીનાથે કહયું; 'નાનાં છોકરાં બસી જાય. ડરે ના. ચેતન ને મનુ જ ઢેફાં મારે. છોકરાંને બિલકુલ ન વાગે એ રીતે જ મારે. સામેથી વરુ ગભરાએલું પાસે આવી ગયું. વરુની સારે બાજુએ દોડે, કાશીનાથની સામે આવ્યું કે તેવો જ એણે નીશાન તાકીને વરુના પગમાં ઘા કર્યો. નિશાન બાબાદ લાગ્યું. વરુ એક પગે લંગડાતું થઈ ગયું. પણ એ તો બમણા જોરથી દોડવા માંડયું. કાશીનાથ ચેતન અને મનુ એની પાછળ એટલા જ જોરથી દોડવા માંડયા. મનુ પાસેથી બીજું ઢેફું લઈને કાશીનાથે ફચકચાવીને વરુના બીજા પગમાં માર્યું. આ વખતે પણ આબાદ દાવ બેઠો. વરુ બન્ને પગે ઘસડાતું થઈ ગયું. એના મોંમાંથી છોકરું છૂટી ગયું. ચેતને રડતું છોકરું લઈ લીધું પણ કાશીનાથે વરુનો પીછો ન છોડયો. વરુ સાવ થાકી ગયું. એકવાર તો એ જરા અટકયું. ને કાશીનાથ સામે ત્રાટકયું. કાશીનાથે લાગ જોઇને એક મોટું ઢેકું એના મોં પર લગાવી દીધું. વરુનું કોકડું ફાટી ગયું. એ જમીન પર ઢળી ગયું. એટલામાં તો પાછળ પડેલા માણસો લાકડીઓ લઇને આવ્યા ને વરુને પૂરું કર્યું.

લોકોએ કાશીનાથને શાબાશી આપી. છોકરાની માએ તો કાશીનાથને ગળે લગાવી દીધો.

કાશીનાથની ટોળી તો આનંદમાં આવી ગઇ ને ગાવા માંડી.

નાનો નાનો કાશીનાથ,
વરુ સાથે લીડી બાથ,
બધાં છોકરાં હિમ્મત કરે,
વરુ બિચારાં ડરતાં ફરે.

—શ્રી રમેશ કોઠારી

'કાગડાભાઈ કેરી કેરી બોલે, બેઠા બેઠા ગોટલા છોલે'

એક નાની વાડી. લીલી લીલી છમ. અંદર આંબાના ઝાડ. જાણે નાના લીલા પા'ડ. વસંત આવે ને મોર બેસે. મોર બેસે ને મરવા આવે. મરવા તો કેરી બને. પીળી પીળી કેરી થાય. મીઠી મીઠી દરાખ પણ થાય.

વાડીમાં તો કેરીનો પાર નહિ. એ વાડી એક છોકરો સાચવે. ત્યાં રોજ મોર આવે. સરસ રૂપાળી કળા કરે ને નાચે. છોકરો મોરને નાચ પછી એક સરસ કેરી આપે. મોર 'ટેહુંક-ટેહુંક' ના મીઠા સાદ કરે. ને છોકરો બીજી કેરી આપે. મોર પોતાનું પીંછું વાડીમાં નાખે ને છોકરો મીઠી મીઠી ત્રીજી કેરી આપે.

આ વાત વાડીની બહાર એક બાવળના ઠૂંઠા ઉપર રહેતો કાગડો જોયા કરે. એને થયું કે; 'રોજ મોરને આવી મીઠી કેરી મળે તો મને કેમ ન મળે.'

બીજે દિવસે તો મોરના આવતાં પહેલાં કાગડો વાડીમાં પહોંચ્યો. સરસ લીપેલા ધૂંપેલા ચોતરા પર જઇને બેઠો. એના ગંદા પગલાના ડાઘ પડયા. નાચ્યો ત્યારે અધાર વેરી. ગંદા કાળાં પીછાં ફેંકયા. એણે બધુંય કર્યું પણ કેરી બેરી તો ના મળી. પછી તો કાગડાની ધીરજ ખૂટી. એ તો મોંથી બરાડયો :

છોકરા એ છોકરા.
તારી માના છોકરા,
નાચ્યો કૂદયો કેરી આપ,
નહિ તો વાંદરો તારો બાપ.'

છોકરે આ સાંભળીને ગોફણ લીધી. એક મોટો ગોટલો જોરથી કાગડાને લગાવ્યો. બિચારો કાગડો તો ત્યારનો લંગડો થઈ ગયો.

આ બધો તાલ આંબાના પાનમાં સંતાઇને બેઠેલી એક કોયલ જોઇ ગએલી. જ્યારે જ્યારે કાગડો વાડીની આજુબાજુ દેખાય કે કોયલ બોલી જ છે :

કાગડાભાઈ કેરી કેરી બોલે
બેઠા બેઠા ગોટલા છોલે.'

માંકડાવાળો મદારી,
આવ્યો અમારે બાર,
માંકડીની ચોળી ચકચકતી,
ઘાઘરી કોરી કડકડતી,
ઠૂમક ઠૂમક નાચતી'તી,

જાણે રાજની રાણી લાગતી'તી.
માંકડાભાઇનો રુઆબ ભારી,
સદરો પહેરે ભપકા ભારી.
વાંકી ટોપી માથા પર,
જઇને બેઠા ટેબલ પર.

ડમરુ વાગે ડમ ડમ,
રાણી ચાલે છમ છમ,
છમ છમ કરતી ચાલે,
જયે રાજ પાસે.
રાણી ભરે ઝૂકી સલામ,
ડમરુ વાગે ડમડમામ,
એક વાર, બે વાર,
તેવી જ રીતે ત્રણ-ચાર વાર.
રાજા કશું સાંભળે નહીં,
રાણીનું કશું ચાલે નહીં.

"અરે રાજા સા'બ, ઇતના ગુસ્સા કયોં?
જરા સબૂર, દેખો, જરા માન જાવ."

જોરથી ડમરું વગાડી,
બોલે એવું મદારી.
ચાબૂકનો ફટકો ચોડયો,
રાજા સા'બનો રુઆબ ગયો.
રાજા રાણીને બોલાવે,
પોતાની બાથમાં ઘાલે,
મોજ મઝામાં મ્હાલે.

—સ. આ. કેળકર

કેરી લ્યો, કેરી!

કેરી આપણા દેશના લગભગ બધા જ ભાગમાં થાય છે

કેરીના ઝાડને આંબો કહેવાય છે.

આ આંબો બધે જ થઇ શકે છે. ઊંડા ટેકરા અને ડૂંગરો પર! અને સપાટ સમુદ્ર કિનારા પર બધે જ આંબો ઉગે છે.

પશુઓનો રાજા સિંહ તેમ ફળોનો રાજા કેરી.

ખાટાં અને મીઠાં કેટલાય ફળો કુદરતે બનાવ્યા છે. પણ કેરીના સ્વાદની સાથે સરખામણી કોઇની થાય જ નહીં!

આ 'આંબો' નામ કયાંથી આવ્યું બબર છે?

સંસ્કૃત ભાષામાં એને માટે 'આમ્ર' નામ છે અને તેમાંથી ગુજરાતીમાં 'આંબો' નામ આવ્યું.

અંગ્રેજીમાં કેરીને "મેંગો" કહે છે. તે કેવી રીતે નામ પડયું, જાણો છો? તામિલ ભાષામાં કેરીને "માંગા-ય" કહે છે. હિન્દુસ્તાનના કાલીકટ બંદરે જ્યારે પોર્ટુગીઝો આવ્યા ત્યારે એ લોકો કેરીને "માંગા" કહેવા લાગ્યા. અને પોર્ટુગીઝ 'માંગા' શબ્દનું અંગ્રેજી 'મેંગો' બન્યું.

કેરીની તો અનેક જાતો છે. બજારમાં જઇને જુદી જુદી જાતના નામો મેળવશો કે? આ થોડી વધુ જાણીતી જાતોના નામ આપું.

ગોવાની "મલગોવા" કાળી અને ગોળ "આફૂસ".

કોંકણની "આફૂસ" અને "પાયરી".

વલસાડની "આફૂસ" અને "પાયરી"

મદ્રાસની "તોતાપૂરી અને "નીલમ".

ઉત્તરમાં અને બંગાળમાં "લંગડા" જાતની કેરી મળે છે. આવી તો એની કેટલીય જાતો છે.

આંબો તો બારે માસ લીલોછમ રહે.

પલાશના પાન ખરી જાય અને પનસવાના પાન પણ ખરી જાય, શિમળો, શિરીષ અને સાગના પાન પણ ખરી જાય; આંબલી, કરંજ અને કડવા લીમડાના પાન પણ ખરી જાય છે. પણ આંબાના પાન કદી ખરે જ નહીં!

ઊનાળાની ગરમી, ચોમાસાનો વરસાદ અને શિયાળાની ઠંડી, બધાંય આવે અને જાય પણ આંબો તો જ્યારે જુઓ ત્યારે લીલોછમ અને હંમેશ તાજો.

આંબાના પાન સુંદર.

અને આંબાની ઘટાય સુંદર.

તેના "મોર"નો વાટ સુંદર અને તેનો ફાલેય સુંદર.

કેરી એ આપણું રાષ્ટ્રિય ફળ છે અને આંબો એ આપણું રાષ્ટ્રિય વૃક્ષ છે.

—શેષ નાસલે

ચંદ્રકોઠારી

ઉંદર મામા

ઉંદર મામા
ભારે લુચ્ચા
કપડાના એ
કરતાં કુચ્ચા.
ઉંદર મામા
લાગે શાણા
ઘરમાં જ્યાં ત્યાં
કરતાં કાંણા.
ઉંદર મામા
કાળા કાળા
ખાતા એ તે
કરતાં ચાળા.
ઉંદર મામા
નાના મોટા
ઘરમાં કરતાં
દોટં દોટા.
ઉંદર મામા
ચૂં ચૂં કરતાં
બિલ્લીથી એ
ડરતાં ફરતાં

બિલ્લી-માસી

બિલ્લી બાઈ
ભારે ડાહી
ઉંદર દેખે
મારી ખાઇ.
બિલ્લી બાઇ
ખાઉં ખાઉં
બોલે એ તો
મ્યાઉં મ્યાઉં
બિલ્લીબાઈ
રહેતાં જ્યાં
ઉંદર મામા
ના દેખાય ત્યાં.
બિલ્લીબાઈ
વાઘની માસી
ટીપુ દેખી
જાય ન્હાસી.
બિલ્લીબાઈ
હરતાં ફરતાં
ઉંદર મામાની
શોધ જ કરતાં.

—શ્રી પ્રવિણ ભટ્ટ

શોધી કાઢો.....!

એક નાનું ઝાડ. એના ઉપર એક દિવસ બે પંખી આવ્યા. સાથે પોતાના બચ્ચાં લાવ્યાં. બચ્ચાં બોલ્યાં 'રમવા દો! ડાળીએ ડાળીએ ભમવા દો!' માબાપે આપી રજા. બચ્ચાંને આવી મઝા.

વેર જવાનો વખત થયો પણ બન્ને મોટાં પંખીઓના બચ્ચાં જડતાં નથી.

તમે શોધી કાઢો જોઉં!

બચ્ચાં કેટલાં છે એ આ ચિત્રમાંથી શોધી કાઢો. અંદર રંગ પૂરીને નીચેને સરનામે મોકલો.

બાલ વિભાગ, કેસર બાગ, વડોદરા રેસીડેંસી.

આ ચિત્રમાં રંગ પૂરો

રંગ પૂરીને આ ચિત્ર ઉપર સુંદર નાની વાત કે કવિતા લખીને ઉપરના સરનામે લખી મોકલો.



'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

[ગયા માસના અંકમાં 'શબ્દ ચકકર' અંગે જે કોયડો પસિધ્ધ થયો હતો, તેનાં અનુસંધાનમાં કેટલાક વાંચકોએ, શબ્દો શોધીને મોકલ્યાં છે. જેમાંના થોડાકને અહીં સ્થાન અપાયું છે. સં.]

શબ્દ	અર્થ
કણ	બગલનો રોગ
કર	હાથ
કરપ	દાણ, ધાક, કડપ વગેરે
કરણ	દાણ, ધાક, કડપ વગેરે
કરણડી	રાંપડી, પંખીને ચણ નાખવાનું શીકું
કસૂર	દોષ, ગુનો
કડી	આંકડી
કાપ	કાપવું તે
કાબર	એક પક્ષીનું નામ
કાણ	બગલ
કાક	કાગડો
કાકર	દાંત, ઠળિયો
કાકડી	એક શાકનું નામ
કાકર	મોટરગાડી
કુપ	પ્યાલો
ખડી	એક જાતની માટી
ખપ	અગત્ય, જરૂર, ઉપયોગી
ખર	ગધેડો, રાક્ષસનું નામ
ખરક	ઢગ
સૂડી	સોપારી કાપવાનું યંત્ર
સુકા	સૂકાયેલા, વણભીંજ્યા
સુપ	રાખ, ભઠ્ઠી
સૂર	અવાજ, કંઠ, ધ્વનિ, વગેરે
સુદ્ર	ભીનાશનો અભાવ
સુકર	સૂવર અથવા ભૂંડ
રણ	ભગવાન
રણડી	બાસૂંદી
રડી	રડવું તે
પર	ઉપર
પડી	પડવું તે
પરણ	કસોટી, પરીક્ષા
પરણ	પાણી પીવાની ધર્માદા જગ્યા
બર	માલ, મત, પનો, વગેરે
બડી	(હીન્દી) મોટી
બક	બગલો, બગ, રાક્ષસ
બખા	તવારીખ, ઇતિહાસ
બરક	ઊંટના વાળ
ક	અંક, વ્યંજન, સૂર્ય, અયોગ્ય, ખરાબ પાણી, આગ વગેરે

—લાકડાવાળા કિરીટકુમાર નટવરલાલ, ખંભાત.

(૨)

૧	સૂર	૧૫	બપ
૨	સૂડી	૧૬	બડી
૩	કડી	૧૭	બર
૪	બડી	૧૮	સૂકા
૫	બડી	૧૯	બસૂ
૬	રડી	૨૦	પકા
૭	બકા	૨૧	કાક
૮	કાર	૨૨	પર
૯	સૂબ	૨૩	બર
૧૦	સુબ	૨૪	પરણ
૧૧	કાબ	૨૫	રબર
૧૨	કાપ	૨૬	કબર
૧૩	કુપ	૨૭	કરણ
૧૪	કર	૨૮	કાકડી

૨૯ રણડી
૩૦ કુણર
૩૧ સુપડી
૩૨ સુણડી
૩૩ પકડી
૩૪ ણપર
૩૫ ણરડી
૩૬ રણડી
૩૭ કાપડી
૩૮ ણરકા
૩૯ ણરડી
૪૦ ણણર
૪૧ કસૂર
૪૨ કરડી
૪૩ સુકર
૪૪ પરસું
૪૫ પરણડી
૬૪ ણકાસૂર
૪૭ કરણડી
૪૮ પરકર
૪૯ ણસૂર
૫૦ કરપ
૫૧ કરણડી
૫૨ ડીપ
૫૩ ડીપર
૫૪ ડીપક
૫૫ કારક
૫૬ ણરડી
૫૭ સૂપર
૫૮ સૂરડી
૫૯ સૂરણ
૬૦ કપડી

—અનસુયા પંડિત.

— વિમાન —

[ગયા અંકમાં "શોધી કાઢો"ના લખાણ પરથી]

અહા! વિમાન, વિમાન, વિમાન!
ફરરરર ફરતું,
સૂસૂસૂસૂ કરતું,
ઉંચે આકાશમાં ઉડતું,
જાણે મોટું પંખી આવે છે ઉડતું.
સરરરર સરતું,
ધરરરર કરતું,
ગગનમાં ગર્જન્તું,
અહા! વિમાન, વિમાન, વિમાન.

—અનસુયા પંડિત.

ણાળકો લખી મોકલે છે :

મોર



એનાં પીછા રંગબેરંગી છે. અમને ઘણો ગમે છે. મોરના માથા ઉપર કલગી છે. મારા બગિચામાં મોર નાચે છે ત્યારે અમે ગીત ગાઇએ છીએ. "આજ મારા આંગણે નાચે છે મોરલો.'

સાગેણ ઉ. વ. ૬.

મોર સુંદર પંખી છે. મોરને માથે સુંદર કલગી છે. મોરને રંગબેરંગી પીછાં હોય છે. મોર કળા કરે ત્યારે સુંદર લાગે છે. મોરનો અવાજ મધુર હોય છે. મોર પોતાની કળા જોઇ નાચે છે. પણ મોરના પગ કદરૂપા. પગ જોઇ આંસુ સારે છે. મોરના પીછા ણાળકોને ખૂબ ગમે છે.

વ્રજેશ પરીખ ઉ. વ. ૭.

મોર ઘણું સુંદર પક્ષી છે. એને મન જંગલ એ મંગલ છે. એના માથા પર કલગી છે. કલગી અને પીંછાથી મોરની સુંદરતા વધે છે. પરંતુ મોરના પગ આપણને અને મોરને ગમતા નથી અને વાદળ ઘેરાયા હોય ત્યારે મોર ટહુકા કરતો નાચે છે.

કિરણ કુમાર વ્યાસ ઉ. વ. ૬.

મોરલો

મોરલો નવરંગી રંગમાં ભર્યો
સરોવરીયે સામો મળ્યો .મોરલો

પચરંગી પીંછામાં સૂરજ ને તારલા
જબુકતા હીરલે મઢયો ...મોરલો

હરીયાળી કુંજોને દૂર દૂર ડુંગરોમાં
ટહુકતો તાણમાં સૂણયો. ..મોરલો

ગાજે આકાશ તણા ઘુમ્મટમાં મેહુલીયો
જોઈ જોઈ રાજી થતો...મોરલે

શ્રીમતી રસિલાબેન લા. રાઠોડ

With Compliments
from

GHIA PALLONJI
&
COMPANY

BOMBAY.

કબુતર અને મધમાખી

એક ઝાડ હતું. એની ઉપર સફેદ કબુતર રહેતું હતું. ઝાડ પર લાલ ફૂલો હતાં. ફૂલનું મધ ચૂસવા દરરોજ એક મધમાખી ત્યાં આવતી હતી. મધમાખીને જોઇ કબુતર વિચાર કરે, 'કેટલી મહેનતુ છે. આખો દિવસ કામ કરે છે.' મધમાખી પણ વિચાર કરે, 'કેટલું સુંદર છે. કેવો સફેદ એનો રંગ છે.' પણ કબુતર મધમાખીની ભાષા ન સમજે અને મધમાખી કબુતરની ભાષા ન સમજે.

એક દિવસ કબુતર આકાશમાં ઉડતું હતું. નીચે જુએ તો પાણીની અંદર મધમાખી તરફડીયા મારતી હતી. કબુતર ઝડપથી નીચે આવ્યું. એક પાંદડુ ચાંચમાં લઈ પાણીમાં નાંખ્યું. મધમાખી ઝડપથી પાંદડા પર ચઢી ગઈ. કબુતરે પાંખો ફફડાવી. તેનાં પવનથી પાંદડું ધીરે ધીરે કિનારા પર આવ્યું. મધમાખી જમીન પર કૂદી પડી. જમીન પર બેઠાં બેઠાં શરીર સૂકવતી હતી, અને મનમાં વિચાર કરતી હતી, 'કબુતર કેટલું ભલું છે. મારી જિંદગી એણે બચાવી. હું પણ એને કોઇ દિવસ મદદ કરીશ.'

એક દિવસ કબુતર સૂતું હતું. મધમાખી મધ ચૂસતી હતી. ત્યાં એક શિકારી આવ્યો. કબુતરને જોઇ એણે ઝાડ નીચે જાળ પાથરી અને એની અંદર થોડા દાણા નાખ્યા. મધમાખી સમજી ગઇ કે શિકારી કબુતરને પકડવા આવ્યો છે. એ તો જલદી જલદી શિકારી પાસે ગઇ અને એને ડંખ માર્યો. શિકારી બૂમાબૂમ કરવા લાગ્યો. અવાજ સાંભળી કબુતર જાગી ગયું. મધમાખીએ કબુતરને બચાવ્યું. એ તો ખૂબ રાજી રાજી થઇ ગઇ. --ઇસપ કથા

(૧૨ મા પાનાથી ચાલુ)

માણે એંકમાં પહોંચાડવા જોઈએ અને એંકમાંથી તેની આગળનું પરિમાણ લાવવું જોઇએ.

આવો એક નિયમ બાળકને સમજાવવો જરુરી છે. આઠલા છૂટ્ટા રાખી શકાતા નથી. એમાંથી "આ દશ છૂટ્ટા એંકમાં આપીને બદલીમાં દશક લઇ આવો.' આણેલો દશક દશકની રાશિમાં જરા બાજુમાં ,રાખવો' અને કહેવું આ 'વદીનો દશક'; પછી વધેલા સાત છૂટ્ટાના જવાબનું કાર્ડ મંગાવવા માટે જવાબ લાવનાર બાળકને શિક્ષકે સૂચન કરવું. આગળ વદીનો દશક ગણીને દશકની સંખ્યા ૧૪ થશે. એમાંથી ૧૦ દશક જૂની વદી કરીને લાવ.' એમ કહીએ એટલે બાળક ૧૦ દશક એંકમાં આપીને બદલીમાં એક સો લઇ આવશે. આ સો પહેલાની જેમ જ સોની રાશિની બાજુમાં મૂકીને કહેવું 'આ વદીનો સો' હવે સો કેટલા થયા? ૨૦ નો વદી કરીને લઇ આવો. વદી એ હજાર આવશે. પહેલાના આપણી પાસે ૪ હજાર છે. તેમાં વદીના ૨ હજાર મેળવીએ તો કેટલો હજાર થાય? ૬ નો લઇ આવો જવાબનો કાર્ડ, જવાબના બધાં કાર્ડો વ્યવસ્થિત ગોઠવવા. જવાબ | ૬૦૪૭ | આવ્યો. તાળો મેળવનાર જોડીએ આવીને તરત રાશિ અને કાર્ડો તપાસીને જવાબ બરાબર છે તે કહેવું.

વદીના દાખલાની શરુઆત થાય કે એનો થોડો અભ્યાસ થવા દેવો. એ માટે બાળકના સ્વાધ્યાય કાર્ડો તૈયાર કરવા.

બાળકના સ્વાધ્યાય કાર્ડોનો સેટ

પુસ્તકના આકારના આકર્ષક ઢબ્બામાં દાખલાના પાંચ કાર્ડો રાખવા. આ કાર્ડો પોસ્ટકાર્ડના આકારના હોવા જોઈએ. એ આકર્ષક કરવા માટે એના ઉપર સુશોભન કરવું જોઇએ; પરંતુ સંખ્યાના અંકો અડધા ઇંચ કરતા નાના ન હોવા જોઇએ. એટલે કે અડધાના હોવા જોઇએ. તેવી જ રીતે તેમાંના સરવાળાના ચિહ્નો લાલ શાહીથી લખેલા હોવા જોઈએ, તે જ પ્રમાણે આ દરેક કાર્ડની પાછળની બાજુએ દાખલાનો જવાબ લાલ શાહીથી સ્પષ્ટ રીતે લખવો જોઇએ. આવા દાખલાના અનેક સેટ્સ અને તેમાં ક્રમાંક આપવાથી બાળક તેનો ક્રમશઃ ઉપયોગ કરે છે.

પ્રશ્નાત્મક દાખલાઓ (Problems)

વદીવાળા સરવાળાના દાખલાની રમતો પાકી થયા પછી પ્રશ્નાત્મક દાખલાઓ લઇ તેનું એક નિદર્શન કરી બતાવવું. શિક્ષકની પુસ્તિકામાં અવા પ્રકારના પાંચ દાખલા હોય તો પણ બસ થાય. પરંતુ બાળક માટે આવા પ્રકારના દાખલાઓના કાર્ડનો સેટ શક્ય તેટલો વિવિધ તથા બાળકની પ્રવૃત્તિને આધારે હોવો જોઇએ.

પ્રશ્નાત્મક દાખલાઓનું નિદર્શન.

દાખલો (૨) આપણા બાલમંદિરમાં નાની શ્રેણીમાં ૩૫ બાળકો છે અને મોટી શ્રેણીમાં ૪૦ બાળકો છે તો બન્ને વિભાગ મળીને બાળમંદિરમાં કેટલાં બાળકો છે?

બાળકના સ્વાધ્યાય કાર્ડ ઉપર શરુઆતના દાખલાઓમાં આ સંખ્યા લાલ શાહીથી લખેલી હોવી જોઇએ.

પૂર્વ તૈયારી : આગળના દાખલાઓ પ્રમાણે જ સરવાળો કરનાર બાળક પહેલા દાખલાનો કાર્ડ લઇને વાંચે છે. રાશિરક્ષક, કાર્ડરક્ષક, જવાબ કરનાર, રાશિ વાળા બાળકો અને તાળો મેળવનાર બાળકો બધાં સાંભળે છે શિક્ષક પૂછે છે, આ દાખલામાં સરવાળો કરવાનો છે કે બાદબાકી? (આ દરમ્યાન બાળકો બાદબાકીના દાખલાઓ પણ કરતા હોય છે) બધાં બાળકો "સરવાળો-સરવાળો" એમ બોલી ઊઠે છે. કાર્ડરક્ષકે કઇ સંખ્યા લેવી તેનું સૂચન કરવું. સંખ્યાના કાર્ડો ટ્રેમાં મળે કે રાશિ લાવનાર બાળકો રાશિ લાવે છે. આ બધી વિધિ પહેલાં સૂચન કર્યા પ્રમાણે કરીને જવાબ કાઢવો. જવાબ બરાબર છે કે નહિ એ પહેલા તાળા પ્રમાણે અને પછી કાર્ડ ઉપર પાછળ લખેલા જવાબ સાથે મેળવી જોવો.

સરવાળાના મૂળકૃત્યોની સાથે સાથે જ બાદબાકી ગુણાકાર અને ભાગાકાર આ બધાં કૃત્યોની આ જ રીતે શરુઆત થાય છે. ૪ થી ૫! ની વયમાં આ પ્રકારની રમતો-બાળકને ખૂબ ગમે છે. આવતે વખતે અન્ય કૃત્યોની રમતો વિષે કહીશ."

બાદબાકી

છોડ રોપવા માટે તેના જ પ્રમાણમાં પહેલા બાકોરા ખોદી તેમાં જરુર પૂરતાં બાતર માટી નાખી તૈયાર

કરવો પડે છે અને પછી અનુકૂળ સમય શોધીને છોડ રોપવો પડે છે. તે જ પ્રમાણે ગણિત વિષયની એકે એક કલ્પનાના છોડ બરાબર રોપાવા જોઇએ.

મૂળાંક, દશમાનપદ્ધતિ, સંખ્યારચના અને મૂળ-કૃત્યો અંગે અપ્રત્યક્ષ રીતે જાગૃત કરવા આગળ ઉપર, અનુકૂળ સમય આવતા જ એક એક મૂળકૃત્યોનું સામુદાયિક રમતના સ્વરૂપમાં સહેલુ પ્રત્યક્ષ નિદર્શન કરવુ. પછી તેમાંની મુશ્કેલીઓ જૂદી તારવીને ક્રમશ: તેમાંથી બાળકે પોતાનો માર્ગ કાઢવો એવો આપણો પ્રયત્ન હોવો જોઇએ. સરવાળાના સામુદાયિક નિદર્શનમાં આપણે આ જ કર્યું. ત્યાર બાદ ક્રમશ: અઘરા અઘરા દાખલા આપતા ગયા. બાદબાકીમાં પણ આપણે એ જ કરવાના છીએ.

બાદબાકીના નિદર્શનની પૂર્વતૈયારી:

પૂર્વતૈયારી હમેશ બે પ્રકારની કરવી પડે છે. એક સાધનો વ્યવસ્થિત તથા ભેગા કરવાની તથા બીજી બાળકના મનની પૂર્વતૈયારી. સરવાળા માટે જે જે સાધનોની આપણે યોજના કરી તે જ સાધનો ઉપર બાદબાકી મૂળકૃત્યનું નિદર્શન કરી શકાય બાળકનું મન તૈયાર કરવામાં પણ બે બાબતો ઉપયોગી થઈ પડે છે. એક એટલે બાળકનો પૂર્વાનુભવ. યોગ્ય પ્રકારનો પૂર્વાનુભવ હોય એટલે નવા વિષય માટે બાળક તરત અભિમુખ બને છે. પરંતુ પૂર્વાનુભવની સાથે સાથે જ બીજી બાબત એટલે શિક્ષકના માર્મિક પ્રસ્તાવના. આ પ્રસ્તાવનામાં જ શિક્ષકનું ખરેખરું કૌશલ્ય જણાઇ આવે છે. આ પ્રસ્તાવના દ્વારા શિક્ષક બાળકને ઉત્સુક બનાવી શકે છે. આપણી સામે જે બાળક છે તેને પોતાના વિષયમાં અભિમુખ થવા સુધીનો પૂર્વાનુભવ મળ્યો છે કે નહિ એની એણે શરુ-આતમાં ખાત્રી કરી લેવી જોઇએ. "કોને કોને સર-વાળાની રમત આવડે છે?" આ જાતનો પ્રશ્ન કરીને પૂર્વાનુભવ અંગે ખાત્રી કરી શકાય છે. ત્યારબાદ આજે બાદબાકીની નવી રમત લેવાની છે. સરવાળો એટલે મૂળ રાશિમાં બીજી રાશિ મેળવવી, પણ બાદબાકી એટલે રાશિમાંથી રાશિ ઓછી કરવી–કાઢી લેવી. આ રમત માટે પણ સરવાળાની જેમ જ જુદા જુદા બાબતો જોઇએ છે. રાશિ રક્ષક કોણ થશે? કાર્ડરક્ષક કોણ થશે? બાદ-બાકી કોણ કરશે? વગેરે પ્રશ્નો દ્વારા રમતનું ખરું વાતાવરણ શિક્ષકને જમાવતા આવડવું જોઇએ.

પ્રત્યક્ષ નિદર્શન વદી ન હોય એવો દાખલો.

૮૨૫૪
—૫૧૩૨

રાશિ લાવવા લઇ જવા શરુઆતમાં બે જ બાળકો લેવા એકને મૂડીદાર એમ નામ આપવું અને બીજાને 'માંગનારો'. મૂડીદારે પોતાની મૂડી તરીકે પહેલી રાશિ [૮૨૫૪] લઈ આવવી. શરુઆતમાં શિક્ષકે મૂડીદાર સાથે જ કાર્ડરક્ષક પાસે જવું અને કહેવું અમને આઠ હજાર, બે સો, પાંચ દશ અને ચાર જોઇએ છે.' મૂડીદારને આ સંખ્યા મોટા કાર્ડમાં અપાવી દીધા પછી એ બાળક રાશિ રક્ષક પાસેથી રાશિ લઇ આવશે. અને શિક્ષકની સૂચનાનુસાર પોતાની જગ્યા એ જઇને બેસશે.

ત્યારબાદ શિક્ષકે માગનાર બાળકને ઉભા થવાનું સૂચન કરવું તેની સાથે કાર્ડ રક્ષક પાસે જઈ [૫૧૩૨] નાના કાર્ડમાં આ રકમ મેળવવાની અને રાશિની માંગણી કરવા માટે મૂડીદાર પાસે બાળકને મોકલવો. મૂડીદારે પોતાની રાશિની મૂડીમાથી જ રાશિ આપવી. માગણી પ્રમાણે રાશિ આપી દીધા બાદ કહેવું. "બાદબાકી થઈ ગઈ". હવે બાકી કાઢવા માટે કોણ આવશે. આ બાળકે મૂડીદાર પાસે રહેલી રાશિ પ્રમાણે નાના કાર્ડ લાવી જવાબ જાહેર કરવો.

તરત જવાબ તપાસનારને આગળ કરવો. બધાં કાર્ડ તથા રાશિ તપાસીને બાદબાકી બરાબર છે એમ જણાવવું

વદી આવતી બાદબાકી

સરવાળા પ્રમાણે જ શિક્ષકોની પુસ્તિકામાં વદી ન આવતા પાંચ દાખલાઓ તથા પછી વદી આવતા પાંચ એમ દાખલાઓનો સંગ્રહ કરવો. બાળકના સ્વાધ્યાય કાર્ડના સેટસ પણ સરવાળા પ્રમાણે જ રાખવા. શરુઆતના ચાર પાંચ દાખલાઓમાં શિક્ષકે બાળકની સાથે સાથે જવુ પરંતુ પછી સ્વાધ્યાય કાર્ડ બાળકની રૂમાં આપીને દાખલો કરવા કહેવું.

બાળકના સ્વાધ્યાય કાર્ડમાનો એક દાખલો.

(૩) ૪૨૩૪
—૧૭૪૭

આ કાર્ડ પહેલા મૂડીદારે બાળકની ટ્રેમાં મૂકવું. આ કાર્ડ ઉપર મૂડીદારની પહેલી રકમ લાલ શાહીથી લખેલી હોય છે. મૂડીદાર બાળક પહેલો કાર્ડ રક્ષક પાસે જઈને રાશિ મેળવશે અને પછી પોતાની જગા પર જઈને બેસશે. 'માંગનાર' પોતાને કેટલી રકમ માંગવાની છે, એ જોઈને એ પ્રમાણે પોતાની ટ્રેમાં નાના કાર્ડમાં કાર્ડ-રક્ષક પાસેથી રકમ લાવે અને માંગણી કરે.

શરુઆતમાં જમણી બાજુથી મોટી રાશિમાંથી રાશિ લેવાની બાળકો શરુઆત કરે છે. આગળ ઉપર અનુભવથી બાદબાકીમાં પણ નાની રાશિમાંથી પહેલા આપવી સગવડતા ભર્યું થઈ પડે છે એ એમના ધ્યાનમાં આવે એમ કરવું. આ દાખલામાં મૂડી નીચે પ્રમાણે રહેશે.



છૂટા ચાર જ છે. તેથી દશકની ત્રણ સળીમાંથી એક 'વટીની સળી' લઈએ અને એના છૂટા કરીને લઈ આવીએ મૂડીદારે આ વટીવાળા દશકનું છૂટું રાશિ રકાબ પાસેથી કરીને લાવવું. પછી પહેલાના ચાર અને આ દશ મળીને ચૌદ છૂટા થશે. ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ છૂટામાંથી સાત છૂટા આપીએ એટલે બાકી ૦૦૦૦૦૦૦ રહેશે.

એ જ પ્રમાણે દશકમાંથી દશક, સો માંથી સો, અને હજારમાંથી હજાર બાદ કરવા. દરેક વખતે 'વટી લેવી પડે છે' એ કલ્પના સ્પષ્ટ કરવી. રાશિ આપવાનું પરું થયું કે 'બાદબાકી થઈ ગઈ' એમ કહેવું. આગળ ઉપર નાના કાર્ડમાં જવાબ લાવવાની તથા નાણાં મેળવવાની ક્રિયા પહેલા દાખલા પ્રમાણે જ કરવી.

પ્રશ્નાત્મક દાખલાનો નમૂનો

એક થેલીમાં પર કેરીઓ છે, તેમાંથી ૧૭ કેરીઓ ખાઈ ગયા તો હવે થેલીમાં કેટલી કેરી રહી?

આ રીતના દાખલાઓનું નિદર્શન સગવાળાના દાખલા પ્રમાણે જ કરવું. આગળના અંકમાં બાકી રહેલા ગુણાકાર અને ભાગાકાર આ મૂળકૃત્યોની સામુદાયિક રમત વિષે લખીશ.

—શેષ નામલે

નૂ. બા. શિ. સંઘના કેન્દ્રીય કાર્યાલયનો અહેવાલ

૧૯૫૩-૫૪

સંઘના કેન્દ્રીય કાર્યમાં (૧) ગ્રામબાલ શિક્ષા-કેન્દ્ર, (૨) બાલમંદિર નિરીક્ષણ. (૩) બાલ અધ્યાપન નિયંત્રણ. (૪) શિક્ષણ પત્રિકા. (૫) કેન્દ્રીય કાર્યાલય; એમ પાંચ વિભાગનો સમાવેશ થાય છે. ૧૯૫૩ની શરુઆતના ત્રણ મહિનામાં સંઘના નવા બંધારણ પ્રમાણે ચૂંટાઈને નવું નિયંત્રણ મંડળ અને વ્યવસ્થાપક મંડળ અસ્તિત્વમાં આવ્યું. ગયા માર્ચ મહિનાની આખરે આ નવા મંડળની કારકીર્દીનું પહેલું વર્ષ પૂરું થયું. આ વર્ષમાં સંઘના કેન્દ્રીય કાર્યમાં જે પરિસ્થિતિ છે તેનો ટૂંકો અહેવાલ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

ગ્રામબાલ શિક્ષા કેન્દ્ર: ચાલુ વર્ષે કેન્દ્રમાં નીચે પ્રમાણેના મુખ્ય કામો ચાલુ છે:

(૧) બાલ અધ્યાપન મંદિર, (૨) મુખ્ય બાલવાડી (૩) આંગનવાડીઓ (૪) વિકાસવાડી. ચાલુ વર્ષે અધ્યાપન મંદિરમાં કુલ ૨૬ બહેનો તથા ૧૧ ભાઈઓ મળીને કુલ ૩૪ વિદ્યાર્થીઓ છે. તેમાંથી સરકાર તરફથી ૧૧ જણને દર મહિને રૂ. ૨૦-૦-૦ શિષ્યવૃત્તિ (સ્ટાયપેંડ) મળે છે. જમવાનો ખર્ચ દર મહિને રૂ. ૨૫ થી રૂ. ૨૭ સુધીનો આવ્યો. ગુજરાત અને મહારાષ્ટ્રના જુદા જુદા જિલ્લામાંથી વિદ્યાર્થીઓ આવ્યા છે. કસ્તુરબા ટ્રસ્ટ તથા સર્વોદય કેન્દ્ર તરફથી ૭ વિદ્યાર્થીનીઓ આવી છે.

ચાલુ વર્ષે ગિજુભાઈ જયંતિ સપ્તાહમાં અધ્યાપનના વિદ્યાર્થીઓએ બોરીની આજુબાજુના ગામડાઓમાં મનોરંજન કાર્યક્રમ દ્વારા બાલ શિક્ષણનો પ્રચાર કર્યો અને કેન્દ્રીય વિભાગ માટે રૂ. ૬૨૬-૦-૦નું દાન મેળવીને લાવ્યા. આ ઉપરાંત વિદ્યાર્થીઓના શ્રમદાનથી બોરીની આસપાસ ૬ આંગણવાડીઓ ચલાવવાનો અભિનંદનીય ઉપક્રમ વિદ્યાર્થીઓએ કર્યો હતો.

આ વર્ષનો બીજો એક નવીન કાર્યક્રમ એટલે દુબળા [જાતિ] તથા વારલી બાળકોના શિક્ષણનો પ્રશ્ન સમજી લેવા માટે ગ્રામબાલ અધ્યાપન મંદિર તથા મુંબઇના શિશુવિહાર બાલઅધ્યાપન મંદિરના સહકારથી સૂરત જિલ્લામાંની મોટી ડુંગરી અને થાણા જિલ્લામાંનું ખૂનવડા એ ગામે બે શિક્ષણ શિબિરો યોજવામાં આવ્યા હતા. આ વર્ષે સરકારી પૂર્વ-પ્રાથમિક પરીક્ષામાં કૂલ ૨૧ વિદ્યાર્થીઓ બેઠાં હતાં અને એમાંથી ૧૮ પાસ થયા હતા.

મુખ્ય બાલવાડીમાં સવર્ણ અને હરિજન બાળકો એક સાથે ભણે છે. તેની સંખ્યા ચાલુ ૮૫ ઉપર સ્થિર થઇ છે. હરિજન કાર્ય માટે આ વિભાગને આ વર્ષે સરકાર તરફથી રૂા. ૩૦૦૦-૦-૦ ઉ.તેજનાર્થે વિશેષ ગ્રંટ મળી છે. બોર્ડીના ગામલોકો તરફથી આ વખતે રૂા. ૫૦૦-૦-૦ મળ્યા છે. ગયા વર્ષે એમના તરફથી રૂા. ૧૦૦૦-૦-૦ મળ્યા હતા. થાણા જિલ્લા લોકલ બોર્ડે આ વખતે રૂા. ૬૦૦-૦-૦ આપ્યા છે.

આંગણ વાડીઓ : આંગણવાડી એટલે ફરતી નાની બાલવાડી. દરેક બાળકના ઘરને આંગણે આ બાલ વાડી ફરતી હોય છે. આ વખતે અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓના ઉત્સાહને લીધે બોર્ડીની આજુબાજુ ૬ આંગણવાડીઓ ચલાવવામાં આવી. તે જ પ્રમાણે મેન્ટ્રલ સોશ્યલ વેલ્ફેર બોર્ડની મદદથી આ વખતે ગોલવડમાં એક અને બોર્ડીમાં એક એમ બે બાલવાડીઓને કાયમી સ્વરૂપ આપવામાં આવ્યું છે.

વિદ્યાસવાડી : સંઘ સંસ્થાપક શ્રી તારાબેન મોડકની આ નવા પ્રકારની શિક્ષણ સંસ્થાને શ્રી. જયંતભાઇ શુકલ અને તેમના સહકાર્યકર્તાઓએ સુંદર મૂર્તરૂપ આપ્યું છે. આ સંસ્થામાં ઘોડિયાઘર, બાલવાડી અને પ્રાથમિક શાળા એ ત્રણે વિભાગોનો સુંદર સમન્વય સધાયો છે. આ સંસ્થામાંના ઘોડીયા ઘરમાં ૧૦, બાલવાડીમાં ૨૦, અને પ્રાથમિક વિભાગમાં ૨૩ એમ ત્રણ મહિનાની વયથી તે ૧૨ વર્ષ સુધીના બાળકો છે. ભાઇ-બહેનોને સંભાળવાનું, સૂતકતાઇ અને વાડીનુ કામ—એ ઉદ્યોગોનો સમાવેશ વિકાસ વાડીના કાર્યક્રમમા કરાયો છે.

બાલમંદિર નિરીક્ષણ: કેન્દ્રીય કાર્યાલય તરફથી બાલશિક્ષણ સંસ્થાઓનું નિરીક્ષણ કરવામાં આવે છે અને તેમને જરુરી માર્ગદર્શન આપવામાં આવે છે. ચાલુ વર્ષે સંઘ સાથે જોડાએલી સંસ્થાઓને એક પરિપત્ર મોકલીને જેમને સંઘનુ નિરીક્ષણ જોઇતું હોય તથા જે સંસ્થા સંઘનિરીક્ષકોની સૂચનાને શકય તેટલી જલ્દી અમલમાં મકવાનું કબુલ કરે તે સંસ્થાઓને પ્રમાણિત સંસ્થા તરીકે જુદી કરવામાં આવી અને તે જ સંસ્થાઓના નિરીક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. આવા પ્રકારની ૮૦ સંસ્થાઓમાંથી ૬૦ સંસ્થાઓનું જ નિરીક્ષણ આ વર્ષે સંઘ દ્વારા થયું છે.

બાલ અધ્યાપન નિયંત્રણ : બાલ શિક્ષિકાઓ અને શિક્ષક તૈયાર કરવા માટે સૌરાષ્ટ્ર, મુંબઇ રાજ્ય, મધ્ય પ્રદેશ અને મધ્ય ભારતના રાજ્યોમાં સંઘની સાથે જોડાએલી અધ્યાપન સંસ્થાઓ છે. તેમનો અભ્યાસક્રમ તૈયાર કરવો તથા પરીક્ષા લઇને પ્રમાણપત્ર આપવા વિગેરેનુ કાર્ય કરવા માટે સંઘે આ વર્ષે પોતાની અધ્યાપન નિયંત્રણ સમિતિની સ્થાપના કરી છે. આ સમિતિના પ્રમુખ શ્રી. એમી ઇન્તમજી છે. તથા શ્રી. ભા.ઘો કર્વે મંત્રી તરીકે ચૂંટાયા છે. ચાલુ વર્ષે આ સમિતિએ શરૂ કરેલા બાલ અધ્યાપન પ્રવેશ અને પ્રાવીણ્ય પરીક્ષામાં

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજે જ મંગાવો
હિંદમાં જ બનેલી શુધ્ધ સ્વદેશી
રંગીન પેન્સિલો
લખો :
એકમે એજન્સીજ
(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,
કપાસિયા બજાર
અમદાવાદ ૨.



બાલ શિક્ષણ અને સંસ્કારધારા

મોડાસા: તા. ૨–૫–૫૪ના રોજ શ્રી. સરસ્વતી બાળમંદિરનો વાર્ષિકોત્સવ શ્રી. રમણલાલ એચ ગાંધીના પ્રમુખપદે ઉજવાયો હતો, તેમાં ગામના પ્રતિષ્ઠિત નગરજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. બાળકોના સંવાદો, જોડકણાં. સાધન પર કામ તથા બહેનોનો ગરબા તથા સંવાદ વિ. કાર્યક્રમ રખાયો હતો. બાળમંદિરનાં સંચાલિકા શ્રીમતી અરવિંદા દેસાઇએ બાળમંદિર વિષે થોડોક ખ્યાલ આપ્યો હતો ત્યારબાદ ડો. રસિકભાઇ શાહ, પ્રમુખશ્રી તથા શ્રી. કે. કે. શાહે પ્રવચન કર્યું હતુ, અને ઉત્સવની પૂર્ણાહૂતિ થઇ હતી.

વિરમગામ: શ્રી કેળવણી મંડળ, વિરમગામ સંચાલિત બાળમંદિર–કુમાર મંદિર વિભાગમાં તા. ૩–૫–૫૪ના રોજ સવારના નવ વાગે મોટા મહાજનના પ્રમુખ શેઠ શ્રી ચંદુલાલ મણિલાલ દેસાઈના વરદ હસ્તે ચોથા ધોરણની ઉદ્‌ઘાટન વિધિ યોજવામાં આવી હતી. સમારંભનું પ્રમુખપદ અત્રેની પ્રભા મિલ્સ લિ.ના એજંટ શેઠશ્રી કનોડિયાએ સ્વીકાર્યું હતું આ પ્રસંગે બે બાળકોએ સુંદર રંજન કાર્યક્રમ આપ્યો હતો. બાળમંદિર વિભાગની ત્રણ શ્રેણીનાં ૧૨૫ બાળકો તથા કુમાર મંદિર વિભાગના ચાર ધોરણમાં ૧૦૫ ઉપરાંત કુમાર–કુમારિકાઓ નિયમિત સંસ્કાર શિક્ષણ લઇ રહ્યાં છે. સંસ્થાઓને મુંબઇ સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલ છે. તેમજ નૂતન બાલ શિક્ષણ સંઘ સાથે આ સંસ્થાઓ જોડાએલ છે.

દહાણું : દહાણુંની 'બાળવાડી' (બાલમંદિર)નો પહેલો વાર્ષિકોત્સવ સોમવાર તા. ૨૬ મી એપ્રિલ ૧૯૫૪ ને દિને રાત્રે ૮।। વાગે દહાણુંના સુભાષ ચોકમાં ઉજવાયો હતો. આ સંભારંભનું પ્રમુખસ્થાન મુંબઇના જાણીતા શેઠ શ્રી હિરાલાલ ત્રિ. મોગાએ લીધું હતું 'બાળવાડી'ના ભુલકાઓનો તથા દહાણુંની જુદી જુદી શાળાઓના વિદ્યાર્થી ભાઇબહેનોનો નૃત્ય, સંગીત, ગરબા, સંવાદ વિ. મનોરંજન કાર્યક્રમ રખાયો હતો.

કપડવણજ : મુગટ બાલમંદિરનો બાલ ઉત્સવ તા. ૨–૫–૫૪ ને રવિવારે ઉજવાયો હતો. જે પ્રસંગે બાલમંદિરનાં બાળકોએ બાલ–ગીતો અભિનય ગીતો, ગરબા, નાટકો વિ. રજૂ કર્યાં હતાં.

મણિનગર : શ્રી. પુષ્પ બાલમંદિર અને નૂતન પ્રાથમિક શાળાનો ૧૩ મો વાર્ષિક ઉત્સવ અમદાવાદ મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના ચેરમેન શ્રી. બિહારીલાલ પોપટલાલ શાહના પ્રમુખસ્થાને તા. ૨૪–૪–૫૪ ને શનિવારે બાલમંદિરનાં જ

કુલ ૫૮ વિદ્યાર્થીઓ બેઠા છે. આવતા વર્ષથી સુધારેલો અભ્યાસક્રમ સંઘ સાથે જોડાએલી બધી સંસ્થામાં શરુ કરવાનુ નિર્ણાયકોએ નક્કી કર્યું છે.

શિક્ષણ પત્રિકા : ચાલુ વર્ષની આખરે ગૂજરાતી પત્રિકાની ગ્રાહક સંખ્યા ૧૮૦૦, મરાઠી, ૮૫૦ તથા હિન્દી ૧૨૦૦ સુધી ગઇ છે. પત્રિકાએ જાહેર ખબર લેવાનું ધોરણ સ્વીકાર્યું છે. જાહેરખબરના પ્રમાણમાં સાહિત્યના પાના વધારીને પત્રિકામાં વિવિધ વાંચકો માટે વૈવિધ્યપૂર્ણ સાહિત્ય પ્રગટ કરવામાં આવશે. આ માટે પ્રયત્ન કરવામાં આવે છે ગયા વર્ષમાં ત્રણે ભાષામાં મળીને બાલકથા વિશેષાંકની કુલ ૯૪૦૦ નકલ કાઢવામાં આવી હતી. આ અંકોની નકલો ધાર્યા કરતાં સારા પ્રમાણમાં ખપી હતી. અંકના નફામાંથી ચાલુ ગ્રાહકોને વિશેષાંકની ૪૦૦૦ નકલ વિનામૂલ્યે આપી શકાઈ છે.

કેન્દ્રીય કાર્યાલય : સંઘની જુદી જુદી શાખાઓ સાથે પત્રવ્યવહાર કરવો; જરુરી માહિતી પૂરી પાડવી, હિસાબ રાખવા વિગેરે કામો કાર્યાલય દ્વારા થાય છે. ચાલુ વર્ષે શાખાઓને પ્રદર્શન સાધનો પૂરા પાડવાની એક યોજના કરી હતી. તે દ્વારા શાખાના કેન્દ્રોને પ્રદર્શનો યોજી શકાશે. ચાલુ વર્ષે આવા પ્રદર્શનો ધાટકોપર, પેટલાદ અને મહેમદાવાદ આ ત્રણ કેન્દ્રોએ યોજવામાં આવ્યા હતા સોશ્યલ વેલફેર બોર્ડ તરફથી જે ગ્રેટ મળે છે તેમાંથી શાખાના બાલક્રીડાંગણો ચલાવવા માટે સંઘ તરફથી મદદ અપાય છે.

ચાલુ વર્ષે કુલ ૪૫૦૦ કરતાં વધુ સંઘના સભાસદોની સંખ્યા રહી છે.

કંપાઉન્ડમાં મનોરંજક કાર્યક્રમ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

નાગપૂર : અત્રેનાં શ્રી બાલમંદિરનો ત્રીજો વાર્ષિકોત્સવ સ્વામી શ્રી વિદ્યાનંદજી મહારાજનાં પ્રમુખસ્થાને તા. ૨૫-૪-૫૪ ને દિને ઉજવાયો હતો, આ પ્રસંગે ગુજરાતનાં સુપ્રસિધ્ધ કેળવણીકાર અને સાક્ષર શ્રી પુરાતન બૂચે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રાર્થના, વર્ષાની વાદળી, ચમત્કાર અને એવા બાલ રમતો વિ. મનોરંજક કાર્યક્રમો રજૂ થયાં હતાં.

સૌરાષ્ટ્રના વર્તમાન

૧. સૌરાષ્ટ્ર પ્રાદેશિક સંયોજક ગોહિલવાડ જિલ્લાના પ્રવાસે જઈ આવ્યા. પ્રવાસ દરમ્યાન, ભાવનગર, તળાજા, મહુવા વિ. ગામોની તેમણે મુલાકાત લીધી.

૨. ભાવનગરમાં દ. મૂ. ના કાર્યકરોનો અને અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓનો સંપર્ક સધ્યો હતો વિદ્યાર્થીઓ સમક્ષ સંઘ સ્વરૂપ, સંઘનું કાર્ય અને તેની આવશ્યકતા વિષે વાતો રજુ કરવામાં આવી હતી. ભાવનગરમાં સંઘના સભ્યો નોંધવાનુ ભાગ લઈને સંસ્થાને પ્રોત્સાહન આપ્યું હતુ

૩. મહુવામાં પણ મજુર કલ્યાણ કેન્દ્રના સંચાલક શ્રી. નટુભાઇ તથા કેન્દ્રના બાલમંદિરના સંચાલિકા શ્રી કાંતાબેનના પ્રયત્નોથી ત્યા પણ શાખા સ્થાપનની પૂર્વ ભૂમિકા તૈયાર થઇ રહી છે.

૪. લીંબડીમાં શ્રી. કી. શા. સં. બાલમંદિરના બાળકોએ સત્રાંત ઉત્સવ નિમિતે તા. ૮-૫-૫૪ ને ૯-૫-૫૪ની રાત્રે ૮॥ વાગે ભાઇઓ અને બહેનો માટે અનુક્રમે રંજન કાર્યક્રમ રજુ કર્યો હતો. કાર્યક્રમમાં લોકોએ એકંદરે સારો રસ લીધો હતો. કાર્યક્રમમા તદ્દન નાના બાળકોને મૂકત અભિનય કરતા જોઇને લોકો ખૂબ ખૂશ થયાં હતાં. કાર્યક્રમ એકંદરે સફળ થયો હતો.

૫. ભાવનગર દ. મૂ. બાલમંદિર તેમજ અ. મંદિર તરફથી તા. ૨૮-૨૯નાં રોજ રંજન કાર્યક્રમ દ્વારા સત્રાંત ઉત્સવ ઉજવવામા આવ્યો હતો. તા. ૨૯મીએ બાળકોના વાલીઓએ કાર્યક્રમમાં રસપૂર્વક

પૂર્વ પ્રાથમિક શિક્ષકો માટે

લોન

મુંબઇ મુંબઈની સંઘ સાથે જોડાયેલી પૂર્વ પ્રાથમિક સંસ્થાઓમાં જે તાલીમ લીધા વિનાના શિક્ષકો કામ કરી રહ્યાં છે, એ શિક્ષકો બાલ અધ્યાપન મંદિરની તાલીમ લઈ શકે તે—માટે નૂતન બાલ શિક્ષણ સંઘ, મુંબઇ શાખા તરફથી, તેમને બાલ અધ્યાપન મંદિરના અભ્યાસાર્થે લોન અપાશે.

એ ઉપરાંત નૂતન બાલશિક્ષણ સંઘ સાથે જોડાયેલા બળમંદિરોમાં કામ કરતા શિક્ષકોના બાળકોને પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો થતાં સુધી પુસ્તકો અથવા તો આર્થિક સહાયતા અપાશે.

જેમને આ સુવિધાનો લાભ લેવો હોય તેઓ નીચેના સીરનામે સંપર્ક સાધે:—

શ્રી. વિમળાબેન અમીન

વિઠ્ઠલ નિવાસ, ૧૦૦, વાલકેશ્વર, રોડ,

મુંબઇ—૬

મંત્રી,

નૂ. બા. શિ. સંઘ, મુંબઈ શાખા.

મોનોપોલીઝ

(રજિસ્ટર્ડ)

પ્રથમથી જ સંકોચાયેલી

અમીર, ધુરંધરો અને ફીનાઓના

પહેરવેશ માટેની

ખાસ અનુકૂળ

પોપલીન

બનાવના૨ :

ધી અમદાવાદ જયભારત કોટન મિલ્સ કું. લિ.

અમદાવાદ.

ટેલીગ્રામ : "JAYABHARAT" ટેલીફોન : 5333

જિંદગીનો વીમો એટલે જાણીતું સૌથી

શ્રદ્ધેય અને ફાયદાકારક નામ

ની



સાથે



વીમા કંપનીમાંજ તમારો વીમો ઉતરાવો.

૧૯૫૨ માં પૂરૂ થયેલું કામકાજ : રૂા. ૨,૫૪,૨૪૦૦

૧૯૫૨ માં આખરે ચાલુ કામકાજ : રૂા. ૨૦ કરોડથી વધારે.

૧૯૫૨ માં આખરે જિંદગીના વીમાનું ફંડ રૂા. ૫,૮૨,૦૦,૦૦૦

પાંચ કરોડ, બ્યાશી લાખથી વધારે.

વધુ વિગતો માટે લખો :

મેનેજિંગ ડાયરેક્ટર

ઈન્ડસ્ટ્રિયલ એન્ડ પ્રુડેન્શિયલ વીમા કંપની

ઈન્ડસ્ટ્રિયલ બિલ્ડિંગ, ચર્ચગેટ સ્ટેશન સામે,

મુંબઇ ૧.

"શિક્ષણ પત્રિકા"નું સંચાલક મંડળ

દીપોત્સવી વિશેષાંક

ની આગામી દીપાવલીના શુભાવસરે બહાર પાડવાની જાહેરાત કરતાં આનંદ અનુભવે છે.

આ વિશેષાંક અનેક વિશિષ્ટતાઓથી ભરપૂર અને સભર હશે. એને પાને પાને વિવિધતા અને રસિકતા હશે. એ અંગેની સવિસ્તૃત માહિતી હવે પછીના અંકમાં આપવામાં આવશે.

પ્રસ્તુત વિશેષાંકમાં આપણી લોક કથાઓ, બાળ કથાઓ, પ્રવાસ વર્ણનો, વિજ્ઞાન કથાઓ, સાહસ કથાઓ, ઉપરાંત અભિનય ગીતો, લોક ગીતો, બાળ નાટકો, કાવ્યો તેમજ સામાજિક ક્ષેત્રને સ્પર્શતા એવા રંગબેરંગી સચિત્ર વિવિધ સાહિત્યને સ્થાને અપાશે. નાનાં નાનાં બાળુડાં પણ એને સમજી શકે, એ એની ખાસિયત હશે.

આપ લેખક હો કે કવિ હો, નાટયકાર હો કે કથાકાર હો, તો આપને આપની કૃતિ **મોડામાં મોડી તા. ૩૦મી** જૂન ૧૯૫૪ સુધીમાં નીચેના સીરનામે મળી જાય તેમ મોકલી આપવા વિનંતિ છે.

સંપાદક: દીપોત્સવી વિશેષાંક

"શિક્ષણ પત્રિકા" કાર્યાલય,

૧૧૮, હિંદુ કોલની, દાદર,

મુંબઈ-૧૪.

આ વિશેષાંકને સમૃધ્ધ, સુંદર અને વિવિધતાભર્યો બનાવવામાં આપના તરફથી સંપૂર્ણ સહયોગ મળશે, એવી અપેક્ષા છે.

—સંપાદક

બનેરો લાભ

"શિક્ષણ પત્રિકા"ના ઓગષ્ટ માસ સુધી નવો ગ્રાહક થશે, તેમને "શિક્ષણ પત્રિકા"નો દીપોત્સવી વિશેષાંક ભેટ મળશે.

આપ ગ્રાહક ન હો તો આજે જ બનો અને અન્યને બનાવો.

– વ્યવસ્થાપક,

"શિક્ષણ-પત્રિકા"ની જૂની ફાઈલો

"શિક્ષણ-પત્રિકા"ની (ગુજરાતી આવૃત્તિ)ની નીચેના વર્ષની ફાઈલો (બાઇન્ડ કરેલી) હવે મળી શકે છે:

૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, અને ૨૭.

કિંમત માત્ર રુપિયા ૨-૮-૦ પોસ્ટેજ દસ આના જુદું. વી. પી. કરવામાં આવશે નહિ.

– વ્યવસ્થાપક.

ચિંતન કણિકા

એક વખત હું વાલકેશ્વર પર રહેતાં મારા સ્નેહી ભાઇને ઘેર બેસવા ગયો હતો. બપોરનો સમય હતો. તેમનો ત્રણેક વર્ષનો બાબો બેઠો બેઠો જાંબુડાં ખાઇ રહ્યો હતો અને તેના ઠળીયાં એક કાગળમાં ભેગા કરતો જતો હતો. બધાં જાંબૂડાં ખાઇ લીધાં પછી, અમે જ્યાં બેઠા હતાં ત્યાં આવી પેલા સ્નેહી ભાઇને પૂછવા લાગ્યો : "મોટાભાઈ, આ ઠળીયાં કયાં નંખાય ?" પેલા સ્નેહીભાઈ બોલ્યા : "જુઓ, મારા ટેબલ પાસેની કાગળ નાખવાની ટોપલી છે ને તેમાં નાખી આવો. જોજો નીચે કે બીજે કયાંય ન નાખતા હોં !

જે જગ્યાએ અમે બેઠા હતાં, તેની પાસે જ રસ્તા પર પડતી ગેલેરી હતી. પણ એમના ઘરનું વાતાવરણ જ એવું હતું કે કોઇ ચીજ ગેલરીમાંથી નીચે નખાતી જ નહિ અને એટલે જ પેલો બાબો તેમને પૂછવા આવેલો. ખરેખર, આપણા દૈનિક વ્યવહાર, વિચાર ને વર્તનની આપણાં બાળકો પર કેવી ઊંડી છાપ પડે છે, એનું આ જ્વલંત દૃષ્ટાંત છે.

બાળકોમાં સારી ટેવો પાડવી હશે તો આપણે આપણાં વ્યવહારોમાં પણ સતત જાગૃત રહેવું જ પડશે. સ્વતંત્ર રાષ્ટ્રના સુનાગરિક તરીકે પણ આપણે આ નાનો સૂનો દેખાતો વિવેક કેળવી લેવાની જરુર છે. —ર. તુ.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કું. લિ.

મર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં. —વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પ્રેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે, જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ૠ બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૨૬.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૯ : અંક-૪ : જુલાઈ, ૧૯૫૪

શ્રદ્ધા અને બુદ્ધિ

—મેં જે કામ ઉપાડયું, એનો આરંભ અંધ શ્રદ્ધા વડે જ કર્યો. અને મારું તો માનવું છે કે શ્રદ્ધા હમેશા અંધ જ હોય છે. જ્યાં તે આંધળી હોતી નથી ત્યાં તે શ્રદ્ધા રહેતી નથી પરંતુ તે બુદ્ધિ હશે અને તે પણ આંજેલાવાળી બુદ્ધિ હશે.

દુનિયામાં થતાં કામોમાં શ્રદ્ધા અને બુદ્ધિ બંને એક બીજાના સદૈવ પૂરક રહ્યાં છે. બંનેની જીવનમાં પરમ આવશ્યકતા છે. મારી વ્યાખ્યા પ્રમાણે બુદ્ધિ પ્રમાણ વિના કોઈ ચીજને કબૂલ રાખતી નથી જ્યારે શ્રદ્ધા કોઈ ચીજને કબૂલ રાખવામાં કોઇ પ્રમાણની અપેક્ષા રાખતી નથી. દુનિયામાં જેટલાં કાર્યો થાય છે તેમાંના થોડાંક બુદ્ધિના હોય છે. તો થોડાંક શ્રદ્ધાનાં હોય છે.

—વિનોબા

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : રૂા. ૪-૦-૦ : :

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪.

છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :–

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી બિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રાજનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતલાઈ ઓઝા, હેમલતાબેન ગાળવી, મંજરીબેન રાયજી, રમેશલાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.	લેખક.
૧.	માનવતાની મૂડી	ઓજસ
૨.	ટૂંકી નોંધ	સંપાદક
૩.	નાના બાળકોમાંની લિંગ પ્રવૃત્તિ	.... ભા. ધો . કર્વે
૪.	રમકડું	ડો. રમણભાઇ પટેલ
૫.	બાળકોને રમતની અગત્ય	.... હરપ્રસાદ ભટ્ટ
૬.	બાળકનું ગણિત શિક્ષણ	.... શેષ નામલે
૭.	ઝેરી પદાર્થ	.... સંકલન

બાળ વિભાગ

(૧) ગીત. (૨) મારી કાગળની હોડી. (૩) કાશીનાથ. (૪) બેં ને ચીં. (૫) ચકલીબાઇ, કુત્તાકાકા. (૬) અજમની વાત; પતંગિયું ને ફૂલ. (૭) ચાંદા મામા (૮) બૂચમાંથી મગર. (૯) જોડકણું (૧૦) કોયડા વિભાગની વાતચીત (૧૧) બાળ પ્રાર્થના. (૧૨) ભલો છોકરો.

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકભાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મોનોટાઈપ

(રજિસ્ટર્ડ)

મશીનથી જોડાયેલી

અમદાવાદ, મુંબઈ અને કલિંગ્સ

પરદેશ માટેની

બાસ બનાવટ

પેપર્સ

બનાવટ :

શ્રી અમદાવાદ જયભારત કોટન મિલ્સ કું. લિ.

અમદાવાદ.

ટેલીગ્રામ : "JAYABHARAT"

ટેલીફોન : 5333

જિંદગીનો વીમો એટલે જાણીતું સૌથી

વિશ્વાસ અને સલામતી સોકાર

ની

ઇન્ડસ્ટ્રિયલ

એન્ડ

ન્યુડેન્શિયલ

વીમા કંપનીઓજ તમારો વીમો ઉતરાવો

૧૯૫૨ માં પૂરૂં થયેલું કામકાજ : રૂા. ૨,૫૪,૨૪૦૦૦

૧૯૫૨ માં આખરે ચાલુ કામકાજ : રૂા. ૨૦ કરોડથી વધારે.

૧૯૫૨ માં આખરે જિંદગીના વીમાનું ફંડ રૂા. ૫,૮૨,૦૦,૦૦૦

પાંચ કરોડ, બ્યાશી લાખથી વધારે.

વધુ વિગતો માટે લખો :

મેનેજિંગ ડાયરેક્ટર

ઈન્ડસ્ટ્રિયલ એન્ડ ન્યુડેન્શિયલ વીમા કંપની

ઈન્ડસ્ટ્રિયલ બિલ્ડિંગ, ચર્ચગેટ સ્ટેશન સામે,

મુંબઇ.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૪] મુંબઇ [જુલાઈ, ૧૯૫૪

સંસ્કારનો વારસો

માનવજાતની મૂડી

વૃધ્ધ મંગળજીભાઇ સાથે વાતો કરવામાં કોઇ ઓર મઝા આવે છે. એમનો પરિચય તો થયો એમના પુત્ર અજિતભાઇ દ્વારા.

અકસ્માત અજિતભાઇ અને હું રેલગાડીમાં જ મિત્રો બની ગયા; અને એ મને એમને ઘેર ઉપાડી ગયા.

આજ આઠ દિવસ થયા હું આ લોકો વચ્ચે જીવી રહ્યો છું અને જે જોવું છું એ મને ખૂબ વિચાર પ્રેરે છે :

" માણસ ખૂબ સ્વાર્થી છે, ક્રૂર છે, કપટી છે," આમ તો આપણે કહીએ જ છીએ અને એ દેખીએ પણ છીએ. પણ એમાં આશ્ચર્ય જેવુ શું છે ? એ તો ચેતનસૃષ્ટિમાં બધે જ દેખાય છે. પણ આશ્ચર્ય તો એ થાય કે કે એ જ ચેતનસૃષ્ટિના આ માનવ પ્રાણીએ પોતાની જ મહેનતથી કંઈ જેવી તેવી મૂડી એકઠી નથી કરી—અને એ છે સંસ્કારની મૂડી.

રેલગાડીમાં જ અજિતભાઈએ મને આ વિચાર કરતો કરી મૂકેલો.

ગાડીની એ ભીડમાં બૂમાબૂમ કરનારા તો ઘણાય હતા. પણ આ એક જ માનવી એવો હતો કે એટલી બૂમો વચ્ચે, એટલી તકલીફ વચ્ચે શાન્તિથી બીજાઓને સગવડો કરી આપતો હતો-અનેકના કજીયા શમાવતો હતો.

ઘણીવાર તો એ ઉત્તર હિન્દુસ્તાની ભૈયાઓ એના ખોળામાં જ જોડાઓના પગ મૂકતા અને એમજ ઉભા રહેતા. અને ત્યારે અજિતભાઇ જરાકે અકળાયા વગર જાણે નિરપેક્ષ રીતે હકીકત કહેતા હોય તેમ પેલાનું ધ્યાન ખેંચતા !

એકાદ બે વાર તો મારે વિશેષ આગ્રહથી ભૈયાઓને વાત સમજાવવી પડતી'તી. પણ અજિતભાઇ તો સસ્મિત પેલા સામે જોઈ રહેતા.

અને એમાંથી જ તો મારે એમની સાથે પરિચય થયો.

ગાડી ચાલતાં અમે વાતે ચડ્યા.

વાતની શરુઆત તો ગાડીની તકલીફ ઉપરથી થઈ. પણ થોડા જ વખતમાં અજિતભાઈ તો કાવ્યગાન ઉપર ચડી ગયા.

અને પછી તો એમણે કાવ્યોની રમઝટ બોલાવવા માંડી. આસપાસમાંથી ભૈયાઓ પણ એ સાંભળવા ભેળા થઇ ગયા. અને એ લોકોમાંથી પણ એકાદ શાયર નીકળી આવ્યો.

અજિતભાઇની કવિતા ઘણી ઉચ્ચ તેમજ સુક્ષ્મતાથી વિભૂષિત હતી.

પણ કવિતા ગાન પૂરું થયું ત્યારે મારાથી ન રહેવાયું.

મેં કહ્યું:

'અજિતભાઇ તમારી કવિતા ઘણા મૃદુભાવોથી ભરપૂર છે. પણ આવી પોચી કવિતા માણસને પોચ્ચુ

બનાવે–એ મને યોગ્ય નથી લાગતું. કવિતા તો મુડદાંને બેઠાં કરે એવી જવાંમર્દ હોવી જોઇએ.'

એ માત્ર આછું હસ્યા અને પછી બોલ્યા:

'તમારી વાત સાચી છે. જે કવિતા માણસને મુડદાલ બનાવે એ કવિતા કવિતા નથી, પણ સાથે જે કવિતા માણસને પશુ બનાવે તેય કવિતા કવિતા નથી.'

'એ કબૂલ, પણ તમેજ કહો. તમને આ ભૈયા લોકો આટલો ત્રાસ દેતા હતા છતાંય તમે એનો જરાકે વિરોધ નહોતા કરતા. આ બધું તમારું કવિતાજન્ય પોચાપણાનું પરિણામ છે.

'એમ નથી, એ મારી કવિતા દીધી માનવતાનું પરિણામ છે. હું આમાંથી કોઇની પણ સાથે કુસ્તી કરવા તૈયાર છું પણ મારામારી કરવા નહીં. સુમનભાઇ! માનવીએ આજ પેઢીઓ થયા જે સંસ્કારની મૂડી ભેળી કરી છે એમાં વૃધ્ધિ કરવી એ અમારું કવિઓનું કામ છે. હું જે અયોગ્ય છે એનો વિરોધ અવશ્ય કરું પણ એ સામો માણસ ન સમજે એટલે હું પશુ–કાયદો તો ન સ્વીકારું. બસ મારી મર્યાદા ત્યાં આવી રહી કે જ્યાં મેં મિઠાશથી વિરોધ કર્યો. હાકોટા પાડીને બરાડવું એ મારાથી તો સહન જ ન થાય.'

હું જરા મૂંગો થઈ ગયો! મને થયું કે મેં જ એમના ખાતર ભૈયાઓ સાથે વાગ્યુધ્ધ કરેલું. મને એ પણ સમજાયું કે એ ધારે તો કોઇને પણ બોચી પકડીને ફેંકી દીયે એવું એમનું શરીર હતું.

પછી તો અનેક વિષયો ઉપર વાતો થઇ, અને છેવટ મારે મુંબઇમાં એમને ત્યાં જ ઉતરવું એમ ઠર્યું.

બોરીબંદર સ્ટેશને એમનાં પત્નિ અને પુત્ર જે સ્ત્રીઓના ડબ્બામાં હતાં તેમને લઈન અમે ટેકસીમાં એમને ઘરે ઉપડયાં.

મુંબઇના આ જૂના લત્તામાં હજુ કમ્પાઉન્ડ છે. અમે મોટરમાંથી ઉતર્યા કે સામેના ઘરમાંથી એક સ્ત્રી ખૂબ ઉમળકામાં બે હાથ પહોળા કરતી દોડી આવી અને અજિતભાઇનો પ્રસાદ માની બાથમાંથી ઉતરીને એ સ્ત્રી પાસે દોડી ગયો. એનો પણ ઉત્સાહ કંઈ ઓછો નહોતો.

પેલી સ્ત્રીએ પ્રસાદને ઉંચકીને બચીઓથી નવરાવી દીધો–પાછળથી જાણ્યું કે એ અજિતભાઇની મોટી બહેન એક વરસે ઘરે આવેલા હતાં. ચાર વરસનો પ્રસાદ વરસ દહાડે જોઇને આટલો હેતથી દોડીને ભેટી પડે એ જોઇ મને ખરે જ આશ્ચર્ય થયું. અને એટલું જ આશ્ચર્ય થયું જોઇનો નિર્વ્યાજ ઉમળકો જોઇને.

આ જ પેલી માનવીની સંસ્કાર મૂડી જે વિશે અજિતભાઇ મને ગાડીમાં કહેતા હતા.

પણ હજુ તો મારે વિશેષ જોવાનું હતું.

ત્યારપછી એમના વૃધ્ધ પિતા સાથે પરિચય થયો અને એ તો એટલા પ્રેમળ કે હું તો જરા સંકોચાયા કરું છું. એ તો મારી પથારી કરી નાખે! સવારે દાતણ આપે! લોટો આપે! મારી ઝીણામાં ઝીણી જરૂરિયાતોનું ધ્યાન રાખે. મેં જોયું કે આ ડોશાની હાજરીથી સૌ કોઇ આનંદમગ્ન રહેતું. અજિતભાઇના પત્નિ વંદનાબહેન તો જાણે એમનાં દિકરી હોય તેમ એમની સાથે મીઠો ઝઘડો પણ કરે.

પણ એ ડોશાની ખરી ખમર તો એક પ્રસંગથી પડી.

ચારેક દિવસ ઉપર સહાંજે અમે સૌ જમવા બેસવાની તૈયારીમાં હતા ત્યાં જ એક બીજા વૃધ્ધ આવ્યા. મંગળજીભાઇએ ઉઠીને ખૂબ માનથી એમને પોતાની ગાદીએ બેસાડયા. પેલા ભાઇએ તો બેસતાંજ પોતાને માથેથી પાઘડી ઉતારીને મંગળજીભાઈના પગ ઉપર મૂકી દીધી અને ઓછાઓછા થતા બોલ્યા :

'શાસ્ત્રીજી, આજ મોટો ગુન્હો અમારાથી થઇ ગયો છે પણ અજાણે થયો છે. મારા દીકરાને ઘરતી મારગ દે તો સમાઈ જાય એવી શરમ લાગી છે. પણ તમે શાસ્ત્રીજી મહાપંડિત છો! અને મારા મોટા ભાઇ જેવા છો. આટલું મારુ કરો. હું જ મૂર્ખો. મારે પોતેજ નોતરું દેવા આવવું જોઈતું હતું. હવે આજનો દિ' માફ કરો પણ સૌ જમવા ચાલો. તમારે ચરણે આ મારું માથું મૂકું છું. આ એક ગુન્હો માફ કરો, જે તમે જમવા નહીં આવો તો મારા ઘરનું છોકરું પણ આજ એકું નહીં થાય.'

એ બધું'ય એક શ્વાસે બોલી ગયા. હું અને અજિતભાઈ તો જોઇ જ રહ્યા. મંગળજીભાઇનું મોહું મરકી રહ્યું હતું. એ બોલ્યા :

'રામશંકર, એમાં આટલા કચવાઓ છો શા માટે? એ તો ભૂલી જવાય એમાં શું? ચાલો અમે બધાય આવીએ છીએ. તમે જરાકે ઓછું ના લાવતા."

અને અજિતભાઇ તરફ ફરતાં બોલ્યા:

'જાઓ અજિત, સૌ તૈયાર થઇ જાઓ:

વંદનાબેને આવીને કહ્યું:

'પણ અહીં બધું રંધાઇ ગયું છે એ બગડશે ના

શાસ્ત્રીજી બોલ્યા:

'છો બગડતું. ધાન બગડે એ કાંઇ મોટી વાત નથી. રામશંકરનું મન કેટલું દુઃખાય એ જોતા નથી.

મેં જોયું કે રામશંકરની આંખો ભીની થઇ ગઇ હતી અને એ પછેડીથી લૂછી રહ્યા હતા.

મને થયું આ જ અજિતભાઇ કહે છે તે માનવ જાતની કમાયેલી મૂડી છે. અને પેઢી દરપેઢી એ આપણે વારસામાં મેળવીએ છીએ અને આપીએ છીએ.

સામાન્યતઃ પશુઓમાં તો પોતાના સંતાનોનો મ્હોંમાંથી ખાવાનું ખેંચી લેતાં આપણે તેમને જોઇએ છીએ. એ જ દશામાંથી આ માનવ જાતિએ કેવા ઉચ્ચ સંસ્કાર કેળવ્યા છે! એક જમવા માટે નહીં પણ જમાડવા માટે કાલાંવાલાં કરે છે. અને બીજો એ જ વસ્તુને પોતાના અભિમાનનો વિષય ન બનાવતાં તાબે થાય છે- આમાં માનવીની કેટલી ઉચ્ચ ભૂમિકા છે.

તે રાત્રે પાછા આવ્યા પછી અજિતભાઇ સાથે મારે ખૂબ વાતો થઇ અને ત્યારે ઘણી ય નવી વાતો જાણવા મળી અને ત્યારે જ થયું કે આ કોમળ કવિ આ ઘરમાં પાકે એમાં નવાઈ નથી. અને એની કવિતા માત્ર કાગળો ઉપર ન રહેતાં જીવનમાં વસતી હોય એમાં શી નવાઇ?

અને આમ સુસંસ્કારના સુભગ દર્શન કરતો હું આજ આઠ દિવસથી અહી છું.

આજ સવારે અજિતભાઇ મને રવિવારનો સવારનો સિનેમા શો જોવા લઇ ગયેલા.

મુંબઇમાં આટલા બધા બંગાળી હશે એવી તો મને આજે જ ખબર પડી! આખું પ્રેક્ષકગૃહ બંગાળીઓથી ભરચક હતુ. પણ મેં જોયું કે બીજા પ્રેક્ષકોમાં મોટે ભાગે ગુજરાતીઓ હતા.

હું અજિતભાઇની બાજુમાં બેઠો આવતા લોકોને જોઇ રહ્યો હતો. ટૂંકા વાળને સફાઇથી મેંથીમાં ઓળી ઝબ્બાના બીસ્સામાં ધોતિયાનો છેડો ભરાવી, સ્નેહી જનોને 'નોમોસ્કાર' કરતા બંગાળી પુરુષો અને એમની સાથે, છતાં જાણે અનુયાયી હોય એવી લજ્જનમૂર્તિ બંગાળણો સાડીને છેડે ઝુડો લટકાવી ચાલતી હતી.

એ લોકોમાં પરસ્પર જે નમસ્કરનો આદાનપ્રદાન વિધિ થતો હતો એ જોઇ મને જરા એ વધારે પડતું લાગતું હતું

અને એમજ અમે એ બંગાળી ફિલ્મ જોઇ. ફિલ્મ હતી 'ભગવાન ચૈતન્ય'ની અને એમાં જે પ્રેમ-ભક્તિ સંસ્કારની કવિતા વહેતી એ જેમ જેમ માણતો ગયો તેમ તેમ જાણે કે હુંય કોઇ નવા ધર્મથી દીક્ષિત થતો લાગ્યો. અને વચ્ચે વિરામ વખતે એ બંગાળીઓના નમસ્કાર વિધિ મને જરાકે વધારે પડતો ન લાગતાં વધુ કાવ્યમય લાગ્યો. જાણે સિનેમાના પડદા ઉપરથી જ સીધા એ લોકો આવીને પ્રેક્ષક ગૃહમાં ફરતા હોય એમ લાગ્યું.

પણ એ કવિતા દર્શનની પરાકાષ્ટા તો આવી ત્યારે, ત્યારે ફિલ્મ પૂરી થઇ અને હું અને અજિતભાઇ બહાર નીકળ્યા.

બહાર દરવાજાની પાસે જ સફેદ વસ્ત્રોમાં એક વૃધ્ધા ઉભી હતી. એના મ્હોં પર ખૂબ પ્રસન્નતા અને પ્રેમ હતા. એ આશિર્વાદ આપતી હોય તેમ એના બેય હાથ આગળ હતા. અને એના પગની ચરણ ધૂળિ લેતી, ગલવસ્ત્ર કરતી એક પ્રૌઢા નીચે ધૂંટણ ટેકવી રહી હતી.

એ પ્રૌઢા ઉભી થતાં એ વૃધ્ધાએ એની હડપચીને હાથ લગાડી પછી એ હાથે ચૂમી લીધી.

આ વિધિ પત્યો કે પાસે જ ઉભેલી એક યુવતીએ પણ ગલવસ્ત્ર કર્યું અને એ પ્રૌઢાની ચરણધૂળિ લેવા એના પગમાં પડી. ફરી એ જ રીતે વિધિ થયો.

હું આ જોઇ જ રહ્યો હતો.

આ લોકો કોઇ જૂનવટવાદી બંગાળીઓ નહોતા જ. એ તો એમના પહેરવેશ ઉપરથી દેખાતું હતું અને છતાં અહીં મુંબઇ જેવા શહેરમાં, અને સિનેમા થિએટરમાં બધાં લોકો વચ્ચે એમને આ વિધિ કરવામાં જરાકે શરમ નહોતી લાગતી! ઉલટું જાણે એ જ સ્વભાવિક હોય એમ એમના મ્હોં પરથી લાગતું હતું.

અને ફરી હું હજુય એ દેવકીબાબુની 'ભગવાન ચૈતન્ય'ની કવિતાનો રસાસ્વાદ લઈ રહયો હોઉં એમ લાગ્યું અને જાણે એનું મને ઘેન ચડયું હોય એવી મસ્તીમાં હું અજિતભાઈના ખભા ઉપર થાપી મારતો બોલી ઉઠયો :

'વાહ અજિતભાઇ, આજ હું ધન્ય થયો!' અને એ જ ઘેનમાં અમે બંને મૂંગા જ ટ્રામમાં ઘેર પહોંચ્યા.

—આજસુ

રેડિયો, સિનેમા અને બાળકો

આપણા દેશમાં રેડિયો અને સિનેમા સૃષ્ટિનો ખૂબ ઝડપી વિકાસ થઇ રહયો છે. રેડિયો પરથી રજુ થતાં કાર્યક્રમોનું સંચાલન સરકાર પોતે પહેલેથી જ કરતી આવી છે. ચિત્રપટો ખાનગી સાહસ દ્વારા મુખ્યત્વે રજુ થાય છે. અલબત્ત, સરકારે, ફિલ્મ સેન્સર બોર્ડ સ્થાપી, તેના પર પોતાનું નિયંત્રણ રાખ્યું છે. વર્ષોથી આ બંને સાધનોના વિકાસમાં માત્ર પ્રૌઢોનો જ વિચાર થતો હતો અને આજે પણ તેના સંયોજનમાં સમાજના બાળકો કરતાં સમાજના પ્રૌઢો પર જ તે કેન્દ્રિત છે. છેલ્લા બે ચાર વર્ષમાં આ બંને ક્ષેત્રની પ્રવૃત્તિઓની બાળકો પર શી અસર થતી હશે એ તરફ સરકારનું વિશેષ ધ્યાન ગયું છે. અને પરિણામે રેડિયો પરથી કઇ જાતનું સંગીત કે કાર્યક્રમ જ્હેતો મૂકાય, એ બાળકો અને લોકશિક્ષણની દ્રષ્ટિએ વિચારાયું એ એક મહદ્ ભાગ્યની બીના લેખાવી જોઇએ. ભારત સરકારે રેડિયો સંગીત અંગે જે કેટલાંક સ્તુત્ય પગલાં લીધાં છે એને લીધે ઘરઘરમાં અને રસ્તાઓ પર ચોતરફ જે અશિષ્ટ સંગીતના સંસ્કારો આપણી ઊગતી પેઢી પર પડતાં હતાં, તે બંધ થવા પામ્યા છે. રેડિયો કાર્યક્રમોમાં બાળકો માટેના કાર્યક્રમને પણ કંઇક અંશે સ્થાન અપાયું છે, તે આપણે જુદા જુદા રેડિયો મથકોના કાર્યક્રમો પરથી જોઇ શકાએ છીએ. રેડિયો એ આજના યુગે લોકરંજન તેમજ લોકરુચિ કેળવવાનું એક પ્રભાવશાળી સાધન છે એ સ્વીકાર્યા પછી, તેનું લક્ષ્ય બાળકો પર અત્યારે જેટલાં અંશે કેન્દ્રિત થયું છે તેના કરતાં પણ હજુ કંઇક વધારે અંશમાં બાળકોને ભાગે આવવું જોઇએ એમ અમે માનીએ છીએ.

સરકારના ઉપક્રમથી આજે એક પછી એક નવા નવા રેડિયો મથકો ખૂલ્લા મૂકાતા અને જૂના મથકોને વધુ કાર્યદક્ષ અને સંપન્ન બનાવાતાં આપણે જોઇએ છીએ. પરંતુ તે દરેક મથકોના કાર્યક્રમોના આયોજન, પ્રૌઢો, સ્ત્રિઓ, બાળકો, વ્યાપારી હિતો, કામગાર પ્રવૃત્તિ, બૌધ્ધિક વર્ગ, ધાર્મિક વર્ગ વગેરે બધાની જરૂરિયાતોને ધ્યાનમાં લઇને થતાં હોય છે. તેથી બાળકોને ભાગે આવતો સમય એક તો ખૂબજ ઓછો રહે છે, અને તે પણ એવાં સમયે રખાતો હોય છે કે જેનો લાભ બાળકો ભાગ્યેજ લઇ શકે. આટલાં બધાં મથકો ઉભા કરાયાં છે તો પણ કોઇ પણ મથકના ઓછામાં ઓછા એક મીટર પર બાળકો માટેનાજ કાર્યક્રમોની યોજના થવી ઘણી જરૂરી છે.

જેઓ રેડિયો ધરાવતા હોય છે તેમને ત્યાં વધુમાં વધુ જે કોઇ તેનો ઉપયોગ કરતાં હોય તો તે બાળકો જ કરતાં હોય છે. અને એ જ્યારે 'સ્વીચ ઓન' કરે ત્યારે તે મોટેરાઓની દ્રષ્ટિએ યોજેલા કાર્યક્રમોજ તેમને સાંભળવા પડે છે. સ્કૂલ બ્રોડકાસ્ટમાં જે કાર્યક્રમો યોજાય છે, તે સંભળાવવાનું શાળાઓને પોષાતું નથી, તેથી આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તે માટેની યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ.

[અનુસંધાન પાના ૨૩ પર]

નાના બાળકોમાંની લિંગ પ્રવૃત્તિ

મનુષ્ય જ્યારે પુખ્ત વયનો થાય છે ત્યારે જ લિંગ પ્રવૃત્તિ જાગૃત થાય છે, એ પહેલા નાનપણમાં એનું નામનિશાન પણ હોતુ નથી એમ ઘણાનું માનવું હોય છે. આ સમજણ થવાનું મુખ્ય કારણ એ છે કે મનુષ્ય અને અન્ય પ્રાણીઓની આ બાબતમાં ભૂલ ભરેલી તુલના થતી હોય છે. મનુષ્ય સિવાયના અન્ય પ્રાણીઓમાં પ્રજનોત્પત્તિની પાત્રતા આવ્યા વગર લિંગ પ્રવૃત્તિનું કાર્ય દેખાતું નથી. તેથી જનનેંદ્રિયોનો સંપૂર્ણ વિકાસ થયા વગર લિંગ-પ્રવૃત્તિ દેખાતી નથી એ જાતની માન્યતા થવી સ્વાભાવિક છે. પ્રાણીઓમાં જનનગ્રંથિમાંથી ઉત્પન્ન થનાર સ્રાવ દ્વારા જે રાસાયનિક તથા શારીરિક ફેરફાર થાય છે તે દ્વારા મજ્જા સંસ્થાને ચાલના મળે છે અને એ-નાથી ઉ-પન્ન થનાર ઉ-તેજન દ્વારા પ્રાણીઓને લૈંગિક ચેતના મળે છે. મનુષ્ય તથા અન્ય પ્રાણીઓની મજ્જા સંસ્થામાં ખૂબ જ ફરક હોય છે. મનુષ્યનું મગજ અન્ય પ્રાણીઓના મગજ કરતા કેટલાએ ગણું વધારે વિકાસ પામેલું હોય છે. મનુષ્યમાં વિચાર કલ્પના, જિજ્ઞાસા વિગેરે કાર્યો થતા હોવાથી બાળક બોલતું થાય છે ત્યારથી તેની મનમાં દરેક બાબતની જિજ્ઞાસા જાગૃત થાય છે. પ્રાણીઓમાં આવો પ્રકાર ન હોવાથી પ્રત્યક્ષ જ્ઞાનેન્દ્રયનો સંપૂર્ણ વિકાસ થયા વગર લૈંગિક પ્રવૃત્તિનું કાર્ય તેમનામાં શરુ થતું નથી; એ સ્વાભાવિક છે. પરંતુ બાળકમાં શરીરની વૃધ્ધિ પૂર્ણ થતાં પહેલાં જ આજુ-બાજુના વાતાવરણમાં દેખાઇ આવતાં લૈંગિક વ્યવહાર અંગે તથા પોતાના શરીર અંગે તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થયેલી હોય છે. પોતાના શરીરના અમૂક વિશિષ્ટ ભાગ કે અવયવો ચોળવાથી ઉત્પન્ન થતી સુખસંવેદનાની જાણ બાળકમાં તદ્દન નાનપણથી શરુ થએલી હોય છે. તેવીજ રીતે લિંગ ભેદનો શારીરિક ફરક એ પણ બાળકને સમજાય છે. એના દ્વારા તરત જ જનનેન્દ્રિય જોવી, ચોળવી અથવા ફક્ત મનના સામે પ્રતિમા લાવવી એમાંથી પણ બાળકને માનસિક સુખસંવેદના તથા સમાધાન મળી શકે છે. ઘણી જલદીથી બાળકો પ્રત્યક્ષ લૈંગિક ક્રિયા અંગે કલ્પના ચિત્રો મનમાં ઉભા કરવા લાગે છે. પ્રાણીનો સંભોગ તેમને જોવા મળે તો ખરેખર આ ચિત્રો સ્પષ્ટ થાય છે; પરંતુ એમની જિજ્ઞાસા ન સંતોષાતા એમનું મન બેસતું નથી. તે મનમાં જુદી જુદી કલ્પના યોજતા હોય છે. નાના બાળકોનો જન્મ કેવી રીતે થાય છે એ વિષે તેમને કહેલી બધી બાબતો ખોટી છે એ શોધી કાઢતાં એને સમય લાગતો નથી. એટલે કે આપણે ખોટું કહીને એની જિજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ વાતાવરણમાંથી એ ખૂબ જલ-દીથી સમજી શકે છે કે આ બધું મને જે સમજાવવામાં આવ્યું છે તે ખોટું છે. પરંતુ ઘણીવાર એમાંથી વિચિત્ર કલ્પના જન્મે છે. એ બાળકની એવી કલ્પના હતી કે માનુ રતન મોટું થઇને પાકે એટલે એમાંથી બાળક બહાર આવે છે.

નાનપણમાં જ બાળકમાં આત્મપ્રેમ ઉત્પન્ન થએલો હોય છે. પોતાના શરીરનું આકર્ષણ જે ઘૂંટણિયાં ભરતા બાળકમાં પણ દેખાઇ આવે છે તે આગળ ઉપર સ્વસંભોગમાં રૂપાંતર થાય છે અને ૮–૧૦ વર્ષની વયે પણ પોતાના જનનેન્દ્રિય ઘર્ષણથી ઉ-તેજિત કરવાની ક્રિયા બાળકને પોતાની ઇચ્છાથી અથવા બીજાં બાળકોને જોઇને થાય છે. લઘુશંકાની હાજત થતા એને દાબી રાખ-વાનો પ્રસંગ આવે તો બાળકો ઘણીવાર સાથળ ઘસે છે, અને એમાંથી એકદમ લૈંગિક સુખની પ્રતીતિ તેમને થાય છે. અને આ બધી બાબતો ખૂબ સ્વાભાવિક હોય છે. આ બધી બાબતોને અસ્વાભાવિક સમજીને તેને દાબી નાખવાનો પ્રયત્ન કરવો એ બહુ મોટી ભૂલ છે. કારણ આવા પ્રકારનો લૈંગિક આવિષ્કાર દાબી દેવો એ ખરેખર અશક્ય છે એ હવેના વિચારકોને બરાબર સમજાયું છે. મનુષ્યના મગજના વિકાસ દ્વારા આ બધી બાબતો આપો-આપ થતી હોય છે. જેથી અન્ય પ્રાણીઓની આ બાબ-તમાં તુલના કરી શકાય જ નહિ આજ લૈંગિક વિકાસની પરિણતિ આગળ ઉપર ભિન્નલિંગી આકર્ષણમાં તથા પ્રેમમાં રુપાંતર થવાની હોવાથી નાના બાળકોમાં લૈંગિક પ્રવૃત્ત છે એમ માનીને તેને યોગ્ય વલણ આપવું એ જ મોટેરાંઓનું કર્ત્તવ્ય છે.

સ્વસંભોગનું ભયંકર દુષ્પરિણામ આવે છે એવી અત્યારસુધીની સમજણ હતી તે સંપૂર્ણપણે ભૂલભરેલી છે. એનું લિંગશાસ્ત્રજ્ઞોને જણાઇ આવ્યું છે. સ્વસંભોગો દ્વારા થનાર દુષ્પરિણામ કાલ્પનિક હોઇ તે અંગેની તીવ્ર બીક ઉત્પન્ન કરવાથી જે મનોગંડ ઉત્પન્ન થાય છે તેનાથી નુક-સાન થાય છે. સાધારણ રીતે ઘણાંખરાં સ્ત્રી પુરુષો કોઇને કોઇ આવા અનુભવમાંથી પસાર થએલા જ હોય

છે. સ્વસંભોગમાં બીજી કોઇ વ્યકિતનો સંબંધ ન આવવાથી તેનો સહેલાઇથી અતિરેક થવાનો સંભવ હોય છે તથા વારંવાર શારીરિક ઉત્તેજન થવાથી શારીરિક થાક ઉત્પન્ન થાય છે એ વાત ચોક્કસ છે. તેનું દુષ્પરિણામ આવે છે તેથી તે માટે કાળજી લેવી જોઇએ.

આ બધાં વિષયો તરફ નવી શાસ્ત્રીય દ્રષ્ટિથી જોવું જરુરી છે, એ માનસ શાસ્ત્રજ્ઞોને સમજાઇ ગયું છે. માબાપે તથા શિક્ષકોએ આ વિષયની શાસ્ત્રીય માહિતી મેળવીને શુધ્ધ દ્રષ્ટિ રાખવી જોઇએ, અને સ્વાભાવિક રીતે બાળકના લૈંગિક બાબત અંગેના માનસિક તથા શારીરિક વિકાસ થવામાં મદદ કરવી જોઇએ.

(સેક્સોલોજી માસિકના લેખના આધારે)

—ભા. ધો. કુવેં

રખડુ

સરોજ : પ્રભાકર, મને તો એમ જ લાગે છે કે તું બહુ દુઃખી છે. ઘરેથી તને વારંવાર ભાગી જવું પડે છે. નિશાળમાં જઈ શકતો નથી, અભ્યાસ કરી શકતો નથી. ચોરી કરવી પડે છે. ખોટું બોની પૈસા ઉછીના લેવા પડે છે. એ શું બતાવે છે? જો તું સુખી હોત તો, આ બધું કરતે કે? તારા બાપા ગુસ્સે થઇ તને મારે છે. અને મારની અસર તને ન થઇ. યારે તેમણે તારા પરનો ગુસ્સો પોતાના પર લઇ, તું જ્યારે ભાગી ગયો, ત્યારે તેમણે ઉપવાસ કર્યાં એની પણ તારા વર્તન પર અસર ન થઇ, તેનું શું કારણ? તેનો તેં વિચાર કર્યો છે? તું તો કંઇ જ બોલતો નથી આમ ચૂપ બેસી રહીશ તે ચાલશે? કાંઇ પણ બોલ? કંઈક તો તારા મનની વાત કહે. હું સમજું છું, કે તને ઘેરથી ભાગી જવું, પૈસા ઉછીના લેવા. ગમે ત્યાં ખાવું. સૂવું ગમતું નહીં હોય. તારે પણ ઘણી જ મુશ્કેલીઓ વેઠવી પડતી હશે ને? છતાંય તારાથી આવા વર્તન કેમ થાય છે? જોને, તારાં કપડાં પણ કેટલાં મેલાં ને ફાટી ગયેલાં છે. આ ચોર દ્વિસ તું કયાં હતો? જવાબ નહિ આપ? મારા એકપણ સવાલનો જવાબ નહિ આપે? બસ, આમ ચૂપ જ બેસી રહીશ. કંઇક તો જવાબ આપ! હું તને ધિક્કારતી નથી મને તારા પર ગુસ્સો નથી. મને તો એમ જ થાય છે કે તારા દિલમાં કેટલું દુઃખ ભર્યું હશે? તને જો ઘરમાં પ્રેમ મળતો હોત, તો તું કદી રખડું બનત કે? હું જાણું છું, હું સમજું છું, કે તને તારા માબાપ પર બહુ ગુસ્સો છે. એમની પર વેર લેવાનું મન થઇ આવે છે. ત્યારે તું ભાગી જાય છે. તું હોશિયાર છે, બુધ્ધિશાળી છે; રમતોમાં એક્કો છે, છતાંય તું સ્થિર થઇ, ઘરમાં રહી શકતો નથી. તને એમ જ લાગે છે કે, તારી મોટી બ્હેન, તારી મા, તારા બાપા, બધાં જ તને દબાવ્યા કરે છે. વારંવાર તોડી પાડે છે. આજે તું ૧૫-૧૭ વર્ષનો થયો, તો પણ તું અણસમજુ બાળક છે. એવી તારી ગણના કરે આવી પરિસ્થિતિમાં ગુસ્સે ન થા, તો પણ શું? અને ગુસ્સો તેમની પર સીધો ન કાઢી શકાય, ત્યારે વેર લેવું જ પડે ને? આટલા માટે જ જે કરવાથી, તારા માબાપને શિક્ષા થાય છે એવું તને લાગે છે તે જ તુ કરે છે. જોને, તે તારા બાપાના મિત્રને કહ્યું કે મહાબળેશ્વર જતાં તારા બાપાને અકસ્માત થયો. અને હોસ્પિટલમાં બેસેડવા પડયા છે. તાત્કાલિક ૫૦૦ રૂ. ની જરૂર છે. આમાં તારા બાપા પર વેર લેવા સિવાયનો કોઇ બીજો હેતુ છે કે? તારા બાપાને મહાબળેશ્વર પહાડ પર સખ્ત અકસ્માત થયો છે. એવો ખ્યાલ તને કયાંથી આવ્યો? તારા બાપા પર તને કેટલો બધો ગુસ્સો હશે તે પ્રસંગ પરથી સહેજે જણાઇ આવશે. તો તું મને કહીશ કે તેં ૫૦૦-રૂ. શેમાં વાપર્યા?

.....તું બોલવાનો જ નહિ? તું આવું કયાં સુધી કયો કરીશ? આ પહેલાં પણ તે તો કોઇને કોઇ જુઠું બહાનું કાઢી તારા બાપાના ઓળખીતાઓ પાસેથી પૈસા પડાવ્યા છે.

આબરૂ સાચવવા તારા બાપાને બધાં પૈસા ભરી દેવા પડે છે. પણ તારી આંબરૂમાં ઘટાડો થાય છે. આ બાબત તો તને ગૌણ લાગે છે. તારા માબાપ, બહેન પર તને ગુસ્સો આવે છે. કારણ કે તેઓ તને તોડી પાડે છે, એ સમજાય તેવું છે. પરંતુ તુ તારી આબરૂ બગાડી તારા પોતાના સ્વમાન પર ઘા કરી રહયો છે. એનું શુ ? તને પોતાને જે નુકસાન થાય છે, તે તુ જોઇ શકતો નથી ખરૂંને ? આમ શું તું તારી જાતને પણ શિક્ષા નથી કરી રહયો ? તારા બાપા પર તને જે દંખ લાગે છે, તેમાંથી મુક્તિ મેળવવા તું તારી જાતને પણ શિક્ષા કરે છે. કેવી વિચિત્ર ઘટનામાં તું આવી પડયો છે ? તારા માબાપ કે બહેન, ગમે તે કરે તોપણ તને ખોટું ન લાગે, ગુસ્સો ન થાય, વેર લેવાનું મન ન થઇ આવે એવો જો હું તને કરી શકું, તો કેવું સરસ ? મને તો તારા પર જરાએ ગુસ્સો નથી આવતો. તારા બાપાએ પણ તને શારિરિક કે માનસિક શિક્ષા ન કરવી તે મેં સમજાવી દીધું છે. અને તને દબાવે કે તોડી ન પાડે, તેવું મેં તારા ઘરનાને સમજાવી દીધું છે. તેમનામાં તારા માટે, અને તારામાં તેમના માટે, પ્રેમ ઉત્પન્ન કરી શકું, તો જરૂર મને ખાત્રી છે કે તું પલ્ટાઇ જઇશ. તારાં બધાંજ વર્તનો તું સમજપૂર્વક કરીશ...જો તને હસવું આવ્યું, મને ખાત્રી છે કે તું સમાજોપયોગી સુખી માણસ થઇ શકીશ....તો તું મને કહેશે કે ૫૦) રૂ.નું તેં શું કર્યું છે ? બોલીશ નહિ ? સાચું ન બોલતો. આ કાગળ પર તો લખી આપીશને. ....૧૦૦ રૂ. તેં તારા મિત્રને આપ્યા. ૫૦) રૂ. ટેકસીવાળાને આપ્યા, ૧૦૦) રૂ.ના કપડા, બૂટ ખરીદ્યાં, ૧૫૦) રૂ.નું હોટેલનું બીલ થયું અને બાકીનાં ૧૦૦) રૂ. પરચુરણ ખરચાઈ ગયા, તો શું આજે તારી પાસે એક પાઇ પણ નથી.

તું પાકીટ બોલી બતાવે છે. તેના કરતાં તારા મોંએ જ બધું કહેને ? મને તારામાં વિશ્વાસ છે. હું જાણું જ છું કે તું આ બધું જાણી જોઇને નથી કરતો, પણ તારાથી થઇ જ જાય છે. તેથી તો તું ઘરેથી ભાગી જાય છે. છતાં પાછો આવે છે. નાના બાળકની એક રમત મને અહીં યાદ આવે છે. બોલ બોલાઇ જાય તેમ તેને નાખી વારંવાર શોધી કાઢવામાં બાળકને ખૂબ મજા આવે છે. આ રમતનો અજાત મનની દૃષ્ટિએ શો અર્થ થાય છે. તેની તને ખબર છે ? આ રમત દ્વારા બાળક, ઘરમા માબાપ પાસેથી જતા રહેવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે, પરંતુ પોતે ચાલી જશે તો શું થશે એ બીકે, પાછા આવવાની ઇચ્છા પણ વ્યકત કરે છે. આમ બાળક મા બાપ પ્રત્યેના પ્રેમને લીધે નહિ, પણ માબાપ નહિ હોય ત્યાં શુ થશે ? એ બીકે ઘરમાં રહે છે. તેમ આ મોટી ઉંમરે તું બોલને બદલે તારી જાત સાથે જ તેવી રમત રમે છે. જયારે જયારે, તને તારા બાપ સાથે વેર લેવાની વૃત્તિ ખૂબ પ્રબળ થઈ આવે છે, અને એ વૃત્તિથી તું કંઈ કરી બેસીશ, તેવો ભય લાગે છે, ત્યારે તેમાંથી બચવા તારું મન તને ઘરમાંથી ભગાડી મૂકે છે. પરંતુ ભાગી જવાથી, તને કેટલી બધી તકલીફ વેઠવી પડે છે ? તારા બાપાએ તને ઘરમાં લેવાની ના પાડી ત્યારે તારે, જયાં નોકરો સૂવે છે, ત્યા દાદર પાસે સૂવું પડયું, મેલાં કપડાં નાહ્યા વગર પહેરી રાખવા પડયા, ને ભૂખ્યાં રહેવું પડયું. એવું દુ:ખ તને શા માટે સહન કરવું પડે છે ? તેટલા જ માટેને ? તું મને કહીશ, કે તને વધારેમાં વધારે ગુસ્સો કોની પર આવે છે ?

પ્રભાકર : મારી બહેન પણ મને ખૂબ દબાવે છે. એ એમ જ માને છે, કે એ બહુ હોશિયાર છે. મારા કરતાં એ દશ વર્ષે મોટી છે ને મેટ્રિક પાસ થઇ છે. એટલે મારા માબાપ પણ તેનું જ માને છે. મને એ વારંવાર કહે છે, તને કશું જ નહિ આવડે.

સરોજ : તને એના પર ગુસ્સો આવે, ત્યારે તું શું કરે છે ?

પ્રભાકર : (જરા હસીને) એને ખબર ન પડે તેમ, એની સાડી ફાડી નાખું, નવી ચંપલ લઇ આવીને મને કહે, 'કેવી સરસ છે !' મને ખૂબ ગુસ્સો આવ્યો.

મેં છાનામાના કાતર લઇ એના પટા કાપી નાખ્યા. પછી તે મારા પર ખૂબ ચિઢાઇ, અને હું રાજી થયો.

....એક દિવસ હું બીજા કરતાં વહેલો જમવા બેઠેલો. મારી બ્હેને રસોઇ કરેલી અને પીરસતી વખતે એણે પોતાની આવડતના વખાણ કર્યા. એટલું જ નહીં, પણ મને કશું જ નથી આવડતું તેવો ટોણો માર્યો. એ રસોડામાં નહોતી ત્યારે છાનામાનાં મેં રસોઇમાં મીઠું નાખી દીધું. મારા બા-બાપા જમવા બેઠા ત્યારે મીઠું ખૂબ નાખવા માટે, તેને વઢવા લાગ્યા. તે સમજી ગઇ, અને પછી ઘરમાં એવો કકળાટ કર્યો, કે મારે ભાગી જવું પડ્યું. ચાર દિવસ પછી હું પાછો ફર્યો ત્યારે મને બા-બાપાએ ખૂબ માર્યો. મારી બહેનને કારણે જ આ બધું થાય છે.

સરોજ : તમે ભાઇબ્હેન બે જ તમારાં માબાપના બાળકો છો. તેમાં તું તારામાબાપનો એકનો એક દીકરો હોવાથી, તને ખૂબ લાડ કર્યા હશે. તારી બ્હેન તે સહન નાહ કરી શકી હોય, તેને તારા માટે ઇર્ષ્યા થઇ હશે, અને પક્ષપાતને કારણે તારા માબાપ પર પણ ગુસ્સો હશે. પરંતુ તેમની પર ઠાલવી શકે નહિ, તેથી તારી મહત્તા (Importance) ઘટાડી નાખવા તેણે તને દબાવવા માંડ્યો તે તેં જોયું ? જો તારા માબાપે પક્ષપાત કર્યા વગર ઉછેર્યા હોય તો આવું બને કે ? પણ તારા મા બાપ પણ શું કરે ? દીકરી કરતાં દીકરો હમેશા વ્હાલો લાગે છે.

પ્રભાકર : એ જ મુશ્કેલી છે ને ? મારી મા કરતાં મારા બાપા, મને બહુ સારી રીતે રાખે છે. મને જે જોઇએ તે અપાવે. તે મારા મા, તથા બ્હેનને બહુ ગમતું નથી. મારા બાપાએ મને પેન અપાવી. હું તે લઇ ઘરમાં આવ્યો 'તું ગાડી નાખીશ,' એમ કહી મારી માએ, કબાટમાં મૂકી દીધી. અને બીજે દિવસે, મારી બ્હેન પાસે લખવા પેન નહોતી, કહી આપી દીધી. જો કે મારાં બાપાએ, મને બીજી અપાવી. પણ મારી પેન, તેમણે કેમ, લઇ લીધી ? મેં એની પેન ચોરીને ૧૫ રૂા. માં વેચી નાખી.

સરોજ : એ રૂપિયાનું તેં શું કર્યું ?

પ્રભાકર : મારા મિત્રોને હોટેલમાં લઇ જઇ ખવરાવ્યું.

સરોજ : તારા મિત્રોને એ બહુ ગમ્યું હશે, નહીં ?

પ્રભાકર : પણ પછી તો તેઓ મને હોટેલમાં લઇ જઇ ખવરાવાની માંગણી કરવા લાગ્યા. અને હું પણ નાની નાની ચોરીઓ કરી, તેમને હોટેલમાં લઇ જતો.

સરોજ : તેઓએ તને પૂછ્યું નહિ, કે તું પૈસા કયાંથી લાવે છે ?

પ્રભાકર : પૂછેલુ નહીં; પણ મેં જ કહેલું કે મારા બાપા આપે છે. અને તેઓ માનવા લાગ્યા, કે મારા બાપા ખૂબ પૈસાદાર છે

સરોજ : અહો ! ત્યારે તો તું ખૂબ જ ફૂલાયો હોઇશ. તું છોકરાઓને ખવરાવે તેથી તો તેઓ તારુ માનતા હશે ? તું કહે તેમ કરતા હશે. અને તારી વાહવાહ બોલતા હશે બે તને બહુ ગમતું હશે, નહિ ?

પ્રભાકર : (હસીને) હા.

સરોજ : બીજા પર સત્તા જમાવવાનો તને આ ઠીક રસ્તો મળી ગયો. પણ પ્રભાકર ! તને બીજા ફૂલાવે તે માટે તારે ઘરમાંથી ચોરી કરવી પડે તે કેવું વિચિત્ર કહેવાય ! તને નથી લાગતું કે. "ફૂલાવાની તારી માનસિક જરૂરિયાત ન હોત તો તું આ આ બધું કરતે કે ?

પ્રભાકર : ના

સરોજ : તને ખબર છે; માણસને ફૂલાવાનું મન કયારે થાય છે ?

પ્રભાકર : જ્યારે એને પોતાનામા કંઈ ઓછાપણું લાગે ત્યારે.

સરોજ : તો તારા પોતાનામાં માનસિકપણે કંઇક ઓછું છે, એમ તને લાગે છે ને ? એટલે એમ થયું ને કે, તને તારામાં વિશ્વાસ નથી એટલે જ આવા વર્તનો તારાથી થાય છે. તને જેમણે ઉછેર્યો,

તેમણે તારા મનમાં એવા ધર્ષણ ઊભા કર્યા કે તું પોતે જ તારો વિશ્વાસ ગુમાવી બેઠો. તને પોતાને જ તારામાં કંઇક ઓછું છે, એમ લાગવા માંડયું. એટલું જ નહિ, પણ તારી આ સ્થિતિ માટે તું પોતે પણ જવાબદાર છે. એવું માની તારી જાતને શિક્ષા કરવા લાગ્યો. તારે આમાંથી બચવું છે ને ?

પ્રભાકર : હા.

સરોજ : તો તું મને વારંવાર મળ્યા કરજે. તને જેને મુશ્કેલીઓ આવે, તે મને કહેજે. અને પૈસાની જરૂર પડે તો મારી પાસેથી લઇ જજે. જરાએ ગભરાઇશ નહીં.

પ્રભાકર : હું જઉં.....

સરોજ : હા, આવજે.

—ડા. રમણભાઇ પટેલ

બાળકોને રમતની અગત્ય

આજે ઘણાં માબાપ પોતાનું બાળક કેટલું ભણી ગયું તેની ભાળ લેવા હમેશ તત્પરતા દાખવે છે. ઘણી નાની વયમાં બાળક ઊંચા ધોરણમાં જાય, સારા ગુણથી પરીક્ષા પસાર કરે અને સમાજમાં કેમ "ડાહ્યું ડમરૂં" ગણાય તે જોવા ઘણાં માબાપ તલસતાં હોય છે. માબાપની આ તૃષા છિપાવવા અને પોતાના અન્તરાત્માને સંતુષ્ટ કરવા પોતાના સમગ્ર માનસનું તેઓ બાળક પર આરોપણ (Projection) કરે છે. પરિણામે બાળકને વારંવાર નુકસાન પહોંચે છે. માબાપ પોતાનો સામાજિક દરજ્જો વધારવા બાળકને પોતાનું સાધન બનાવે છે. માબાપ સભાન અવસ્થામાં તો જરૂર માને છે કે બાળકનું પરમ હિત કરવા માટે તેઓ તેની કેટલી બધી કાળજી રાખે છે ! પણ વસ્તુત: તેઓ પોતાની ઇચ્છા બર લાવવા, પોતાનો હેતુ સાધવા આ સઘળું કરે છે તેમ તેઓ સમજવા કદી તૈયાર નહિ બને; કદાચ સમજશે તો કબૂલ કરતાં ખંચકાશે.

નીચેની આછી પ્રશ્નાવલી પૂછતાં જ બાલહિત કે સ્વહેતુની સિદ્ધિ સહજ રીતે સમજાશે. માબાપને જરા પૂછી જોઇએ કે બાળકના સર્વતો વિકાસ માટે તેમણે શા શા ઉપાયો લીધા ? માબાપ કહેશે કે પોતાના બાળકને માટે સારી શાળા પસંદ કરી, તેને માટે સારા શિક્ષકોનો પ્રબન્ધ કર્યો. તેને માટે નવાં નવાં પુસ્તકો ખરીદ્યાં કે તેને માટે ખાવા પીવા કે પહેરવા માટે ઉત્તમ વ્યવસ્થા કરી. અલબત્ત માબાપે બધું કર્યું. હવે માત્ર એક જ પ્રશ્ન પૂછવાનો રહે છે; નિર્દિષ્ટ ઉપાયો યોજતાં પહેલાં કોઇ માતાપિતાએ બાળકનું અવલોકન કર્યું ? કોઇ માતાપિતાએ બાળકની રુચિનો વિચાર કર્યો ? તેની તાકાતનો અંદાજ કાઢયો ? કોઇએ બાળકને પૂછ્યું: તારી શી જરૂરિયાત છે ? કોઇએ બાળકને પૂછ્યું : તને સૌથી વધુ શું ગમે છે ? નાનું બાળક કદાચ જવાબ ન આપી શકે તે સ્વાભાવિક છે પણ તે આ બધું પોતાના વર્તનથી જરૂર બતાવે. બાળકનું વર્તન જોઇને, તેની અંગત રુચિ જાણીને તેને અનુકૂળ વાતાવરણ કોણે રચ્યું ?

બાળક સમધારણ હોય છે ત્યારે તો આ બધી ચીવટની ભાળ ન લીધી હોય તો પણ સાહજિક રીતે પરિણામ ઠીક નીવડે છે; પણ બાળકને જ્યારે પોતાની રુચિને અમલમાં મૂકવાનો કે સંતોષવાનો અવકાશ રહેતો નથી અને માબાપની ભણાવવાની તાલાવેલીમાં તેમજ તેમની અનેક અંગત સગવડો સાથે બાળકને ગોઠતાં થવું પડે છે ત્યારે બાળકને પોતાની આંતરવૃત્તિઓને દાબવી પડે છે. કેટલાંક બાળકો માબાપની ઇચ્છાનો વિરોધ કરવાની બિનતાકાતવાળા હોય છે. તેઓ તેમની વૃત્તિ જોઇને સમયાનુકૂલ બને છે અને પોતાની સઘળી લાગણીઓને દબાવી દે છે. કેટલાંક બાળકો પોતાની જરૂરી માગણીઓને જોરપૂર્વક વ્યકત કરે છે. અને માબાપનો સામનો કરે છે ત્યારે તેમને તોફાની કે જિદ્દી (aggressive) ગણી, માબાપ તેમના તરફ કઠોર બને છે, બેદરકાર બને છે કે ફટકારે છે. કેટલાંક મંદ બાળકો કે જે પોતાનો વિવેક વાપરી શકતાં નથી. તેઓ માબાપની ધાકથી વધુ મંદ બને છે. આ ત્રણેય પ્રકારના બાળકોમાં જિદ્દી (aggressive) બાળકને જો બરાબર સંભાળવામાં ન આવે તો તે કિશોરાવસ્થાએ પહોંચતાં ગુન્હેગાર (delinquent) બાળકમાં પરિણમે છે. માબાપની વૃત્તિ જોઇ સમયાનુકૂલ વર્તનારું બાળક સમય જતાં દંભી, જૂઠું,

મેં છાનામાના કાતર લઇ એના પટા કાપી નાખ્યા. પછી તે મારા પર ખૂબ ચિઢાઇ, અને હું રાજી થયો.

એક દિવસ હું બીજા કરતાં વહેલો જમવા બેઠેલો. મારી બ્હેને રસોઇ કરેલી અને પીરસતી વખતે એણે પોતાની આવડતના વખાણ કર્યા. એટલું જ નહીં, પણ મને કશું જ નથી આવડતું તેવો ટોણો માર્યો. એ રસોડામાં નહોતી ત્યારે છાનામાનાં મેં રસોઇમાં મીઠું નાખી દીધું. મારા બા-બાપા જમવા બેઠા ત્યારે મીઠું ખૂબ નાખવા માટે, તેને વઢવા લાગ્યા. તે સમજી ગઇ, અને પછી ઘરમાં એવો કકળાટ કર્યો, કે મારે ભાગી જવું પડયું. ચાર દિવસ પછી હું પાછો ફર્યો ત્યારે મને બા-બાપુએ ખૂબ માર્યો. મારી બ્હેનને કારણે જ આ બધું થાય છે.

સરોજ : તમે ભાઇબ્હેન બે જ તમારાં માબાપના બાળકો છો. તેમાં તું તારામાબાપનો એકનો એક દીકરો હોવાથી, તને ખૂબ લાડ કર્યા હશે. તારી બ્હેન તે સહન નાહે કરી શકી હોય, તેને તારા માટે ધર્ષ્યા થઇ હશે, અને પક્ષપાતને કારણે તારા માબાપ પર પણ ગુસ્સો હશે. પરંતુ તેમની પર ઠાલવી શકે નહિ, તેથી તારી મહત્તા (Importance) ઘટાડી નાખવા તેણે તને દબાવવા માંડયો તે તેં જોયું ? જો તારા માબાપે પક્ષપાત કર્યા વગર ઉછેર્યા હોય તો આવું બને કે ? પણ તારા મા બાપ પણ શું કરે ? દીકરી કરતાં દીકરો હમેશા માબાપને વહાલો લાગે છે.

પ્રભાકર : એ જ મુશ્કેલી છે ને ? મારી મા કરતાં મારા બાપા, મને બહુ સારી રીતે રાખે છે. મને જે જોઇએ તે અપાવે. તે મારા મા, તથા બ્હેનને જરા ગમતું નથી. મારા બાપાએ મને પેન અપાવી, હું તે લઇ ઘરમાં આવ્યો 'તું ગાડી નાખીશ,' એમ કહી મારી માએ, કબાટમાં મૂકી દીધી. અને બીજે દિવસે, મારી બ્હેન પાસે લખવા પેન નહોતી, કહી આપી દીધી. જો કે મારાં બાપાએ, મને બીજી અપાવી, પણ મારી પેન, તેમણે કેમ, લઇ લીધી ? મેં એની પેન ચોરીને ૧૫ રૂા. માં વેચી નાખી.

સરોજ : એ રૂપિયાનું તેં શું કર્યું ?

પ્રભાકર : મારા મિત્રોને હોટેલમાં લઇ જઇ ખવરાવ્યું.

સરોજ : તારા મિત્રોને એ બહુ ગમ્યું હશે, નહીં ?

પ્રભાકર : પણ પછી તો તેઓ મને હોટેલમાં લઇ જઇ ખવરાવાની માંગણી કરવા લાગ્યા. અને હું પણ નાની નાની ચોરીઓ કરી, તેમને હોટેલમાં લઇ જતો.

સરોજ : તેઓએ તને પૂછ્યું નહિ, કે તું પૈસા કયાંથી લાવે છે ?

પ્રભાકર : પૂછેલું નહીં; પણ મેં જ કહેલું કે મારા બાપા આપે છે. અને તેઓ માનવા લાગ્યા, કે મારા બાપા ખૂબ પૈસાદાર છે.

સરોજ : અહો ! ત્યારે તો તું ખૂબ જ ફૂલાયો હોઇશ. તું છોકરાઓને ખવરાવે તેથી તો તેઓ તારુ માનતા હશે ? તું કહે તેમ કરતા હશે. અને તારી વાહવાહ બોલતા હશે બે તને બહુ ગમતું હશે, નહિ ?

પ્રભાકર : (હસીને) હા.

સરોજ : બીજા પર સત્તા જમાવવાનો તને આ ઠીક રસ્તો મળી ગયો. પણ પ્રભાકર ! તને બીજા ફૂલાવે તે માટે તારે ઘરમાંથી ચોરી કરવી પડે તે કેવું વિચિત્ર કહેવાય ! તને નથી લાગતુ કે. "ફૂલાવાની તારી માનસિક જરૂરિયાત ન હોત તો તું આ આ બધું કરતે કે ?

પ્રભાકર : ના

સરોજ : તને ખબર છે; માણસને ફૂલાવાનું મન કયારે થાય છે ?

પ્રભાકર : જ્યારે એને પોતાનામા કંઈ ઓછાપણું લાગે ત્યારે.

સરોજ : તો તારા પોતાનામાં માનસિકપણે કંઇક ઓછું છે, એમ તને લાગે છે ને ? એટલે એમ થયું ને કે, તને તારામાં વિશ્વાસ નથી એટલે જ આવા વર્તનો તારાથી થાય છે. તને જેમણે ઉછેર્યો,

તેમણે તારા મનમાં એવા ધર્ષણ ઊભા કર્યા કે તું પોતે જ તારો વિશ્વાસ ગુમાવી બેઠો. તને પોતાને જ તારામાં કંઇક ઓછું છે, એમ લાગવા માંડયું. એટલું જ નહિ, પણ તારી આ સ્થિતિ માટે તું પોતે પણ જવાબદાર છે. એવું માની તારી જાતને શિક્ષા કરવા લાગ્યો. તારે આમાંથી બચવું છે ને ?

પ્રભાકર : હા.

સરોજ : તો તું મને વારંવાર મળ્યા કરજે. તને જેને મુશ્કેલીઓ આવે, તે મને કહેજે. અને પૈસાની જરૂર પડે તો મારી પાસેથી લઇ જજે. જરાએ ગભરાઈશ નહીં.

પ્રભાકર : હું જઉં.....

સરોજ : હા, આવજે.

—ડો. રમણભાઇ પટેલ

બાળકોને રમતની અગત્ય

આજે ઘણાં માબાપ પોતાનું બાળક કેટલું ભણી ગયું તેની ભાળ લેવા હમેશ તત્પરતા દાખવે છે. ઘણી નાની વયમાં બાળક ઊંચા ધોરણમાં જાય, સારા ગુણથી પરીક્ષા પસાર કરે અને સમાજમાં કેમ "હાહું ડમરૂં" ગણાય તે જોવા ઘણાં માબાપ તલસતાં હોય છે. માબાપની આ તૃષા છિપાવવા અને પોતાના અન્તરાત્માને સંતુષ્ટ કરવા પોતાના સમગ્ર માનસનું તેઓ બાળક પર આરોપણ (Projection) કરે છે. પરિણામે બાળકને પારાવાર નુકસાન પહોંચે છે. માબાપ પોતાનો સામાજિક દરજ્જો વધારવા બાળકને પોતાનું સાધન બનાવે છે. માબાપ સભાન અવસ્થામાં તો જરૂર માને છે કે બાળકનું પરમ હિત કરવા માટે તેઓ તેની કેટલી બધી કાળજી રાખે છે ! પણ વસ્તુત: તેઓ પોતાની ઇચ્છા બર લાવવા, પોતાનો હેતુ સાધવા આ સઘળું કરે છે તેમ તેઓ સમજવા કદી તૈયાર નહિ બને; કદાચ સમજશે તો કબૂલ કરતાં ખંચકાશે.

નીચેની આછી પ્રશ્નાવલી પૂછતાં જ બાલહિત કે સ્વહેતુની સિદ્ધિ સહજ રીતે સમજાશે. માબાપને જરા પૂછી જોઇએ કે બાળકના સર્વતો વિકાસ માટે તેમણે શા શા ઉપાયો લીધા ? માબાપ કહેશે કે પોતાના બાળકને માટે સારી શાળા પસંદ કરી, તેને માટે સારા શિક્ષકોનો પ્રબન્ધ કર્યો. તેને માટે નવાં નવાં પુસ્તકો ખરીદ્યાં કે તેને માટે ખાવા પીવા કે પહેરવા માટે ઉત્તમ વ્યવસ્થા કરી. અલબત્ત માબાપે બધું કર્યું. હવે માત્ર એક જ પ્રશ્ન પૂછવાનો રહે છે; નિર્દિષ્ટ ઉપાયો યોજતાં પહેલાં કોઇ માતાપિતાએ બાળકનું અવલોકન કર્યું ? કોઇ માતાપિતાએ બાળકની રુચિનો વિચાર કર્યો ? તેની તાકાતનો અંદાજ કાઢયો ? કોઇએ બાળકને પૂછ્યું: તારી શી જરૂરિયાત છે ? કોઇએ બાળકને પૂછ્યું : તને સૌથી વધુ શું ગમે છે ? નાનું બાળક કદાચ જવાબ ન આપી શકે તે સ્વાભાવિક છે પણ તે આ બધું પોતાના વર્તનથી જરૂર બતાવે. બાળકનું વર્તન જોઇને, તેની અંગત રુચિ જાણીને તેને અનુકૂળ વાતાવરણ કોણે રચ્યું ?

બાળક સમઝણ હોય છે ત્યારે તો આ બધી ચીવટની ભાળ ન લીધી હોય તો પણ સાહજિક રીતે પરિણામ ઠીક નીવડે છે; પણ બાળકને જ્યારે પોતાની રુચિને અમલમાં મૂકવાનો કે સંતોષવાનો અવકાશ રહેતો નથી અને માબાપની ભણાવવાની તાલાવેલીમાં તેમજ તેમની અનેક અંગત સગવડો સાથે બાળકને ગોઠતાં થવું પડે છે ત્યારે બાળકને પોતાની આંતરવૃત્તિઓને દાબવી પડે છે. કેટલાંક બાળકો માબાપની ઇચ્છાનો વિરોધ કરવાની બિનતાકાતવાળા હોય છે. તેઓ તેમની વૃત્તિ જોઇને સમયાનુકૂલ બને છે અને પોતાની સઘળી લાગણીઓને દબાવી દે છે. કેટલાંક બાળકો પોતાની જરૂરી માગણીઓને જોરપૂર્વક વ્યકત કરે છે. અને માબાપનો સામનો કરે છે ત્યારે તેમને તોફાની કે જિદ્દી (aggressive) ગણી, માબાપ તેમના તરફ કઠોર બને છે, બેદરકાર બને છે કે ફટકારે છે. કેટલાંક મંદ બાળકો કે જે પોતાનો વિવેક વાપરી શકતાં નથી. તેઓ માબાપની ધાકથી વધુ મંદ બને છે. આ ત્રણેય પ્રકારના બાળકોમાં જિદ્દી (aggressive) બાળકને જો બરાબર સંભાળવામાં ન આવે તો તે કિશોરાવસ્થાએ પહોંચતાં ગુન્હેગાર (delinquent) બાળકમાં પરિણમે છે. માબાપની વૃત્તિ જોઇ સમયાનુકૂલ વર્તનારું બાળક સમય જતાં દંભી, જૂઠું,

કોઈ ન જાણે તેવી રીતે ચોરી કરનારું અને શિથિલ બને છે. મંદ બાળક સમય જતાં મુશ્કેલ બાળક બને છે. હોશિયાર અને ચકોર ગણાતું બાળક અભ્યાસમાં આગળ વધે છે પણ મોટપણે તેમાંથી સમાજને ઉપયોગી બનનાર ગણ્યાગાઠ્યાં જ હોય છે. આ બધાનું મૂળ કારણ તપાસીએ તો માલૂમ પડે કે માબાપ બાળકને જલદી ભણાવી દેવાની લાલસામાં તેની ઊર્મિને કે આન્તરપ્રવૃત્તિઓને પોષક વિકાસવાળી રમતો રમવાની તકોને મૂળથી જ દબાવી દે છે કે બાળકને તકવિહોણાં બનાવે છે.

બાળક સવારમાં ઊઠે ત્યારથી મોબાપ પૂછે, "લેસન કર્યું કે નહિ?" બાળક શાળાથી ઘેર આવ્યું તો પૂછે, "શાળામાં કેવું કામ કર્યું? વર્ગમાં શું ચાલ્યું? ચાલ, ત્યારે હવે કાલનું લેસન કરી નાખ." આમ કરીને તેમનો અંગત પ્રભાવ પાડીને બાળકને રમવાની તક મોટેરાંઓ ખૂંચવી લે છે. પરિણામે બાળકની સ્વયં વિચારણા અને કલ્પના વૃત્તિ અટકી જાય છે, નવું કામ કરવાની હિંમત (initiative) જોખમાય છે, કાર્યમાં પ્રીતિ રહેતી નથી અને હમેશ અન્યને ખૂશ કરવા પૂરતી જ કામ કરવાની વૃત્તિ જન્મે છે. પરિણામે તે કાર્યમાં તેને સરળતા મળતી નથી અને પોતાની સાચી આન્તરવૃત્તિઓને તેને ખૂબ જ દાબવી પડે છે. આ આન્તરવૃત્તિઓ દાબવાથી જ આજે સમાજમાં લોભ, અસૂયા, દંભ, છીનવી લેવાની વૃત્તિ, સ્વાર્થ, અપ્રામાણિકતા વગેરે બહુધા નજરે પડે છે. બાળક જેમ જેમ મોટું થાય છે તેમ કુટુંબમાં કે સમાજમાં પોતાના અસ્તિત્વ ખાતર પણ આ બધા દોષો તે ન છૂટકે સ્વીકારે છે.

જો દરેક મા–બાપ પોતાના બાળકને સાચો અને સ્વતંત્ર નાગરિક બનાવવાની ભાવના સેવે તો તેમણે સૌથી પહેલાં બાળકને પોતાની લાગણીઓ (emotions) સંપૂર્ણપણે વ્યકત કરવાની તક આપવી જોઈએ. આને માટે "રમત" સૌથી અગત્યનું સ્થાન ભોગવે છે. આ "રમત" શાળાના ક્રીડાંગણમાં કે અખાડામાં જ રમાય તેમ નહિ; પણ ઘરમાં, ઘરના આંગણામાં કે શાળામાં પણ રમી શકાય. આને માટે સૌ પોતાના ઘરમાં બાળકને રમત માટે એક ખૂણો પણ આપે, બાળકને આંગણામાં છૂટથી રમવા દે; અને બાળકને પુસ્તકો લાવી આપવા માટે મા-બાપ જેટલાં ઉત્સુક હોય છે તેટલાંજ ઉત્સુક તેને રમતને લગતા સાધનો કે વસ્તુઓ લાવી આપવા ઉત્સુક બને.

રમતનાં સાધનોની બાળકોને એક વાર અનુકૂળતા કરી આપો. પછી જુઓ તેમના તરફથી માબાપને કોઇ મુશ્કેલી રહે છે! આ રમતો રમે ત્યારે ઘરમાં માબાપ કે શાળામાં શિક્ષક પુરસદે તેનુ અવલોકન કરે. જો પૂરતું અવલોકન કરશે તો સમજશે કે બાળક કેવા પ્રકારનુ છે; બાળકને શુ દુઃખ છે કે શો આનન્દ છે! બાળક હમેશ રમતમાં પોતાના વાતાવરણનું, પોતાના માનસનું પ્રતિબિમ્બ પાડે છે. એક ઉદાહરણ આપું. જે ઘરમાં માબાપ ખૂબ મોટેથી બોલતાં હોય, અંદર અંદર ઝગડતાં હોય, બાળકનં વારંવાર તરછોડતાં હોય, બાળક બાળકમાં ભેદ ગણતાં હોય કે ઉદાસીન હોય, તે ઘરનું બાળક જ્યારે ઘરઘરની રમત રમશે ત્યારે તેની રમતમાં ઘરના સમગ્ર વાતાવરણનો પ્રત્યક્ષ પડઘો જણાશે. બાળકમાં ભીતિ ઘર કરી બેઠી હશે તો તે પણ રમતમાં વ્યકત થશે. તે જ પ્રમાણે શાળા શાળાની રમત રમતાં શાળાનું વાતાવરણ વ્યકત કરશે.

યુરોપનાં બાલચિકિત્સાલયો અને બાલ સુધારણા કેન્દ્રોમાં બાળકો સાથે કામ કરતાં, વાતાવરણને પ્રત્યક્ષ કરતાં અનેક દુઃખી બાળકો મેં જોયાં છે. કેટલાંક સાથે અંગત કામ કર્યું છે અને તે જોતાં મને એટલું તો જરૂર વ્યકત કરવાનું મન થાય છે કે બાળકને જન્મ આપતાં માબાપ ખૂબ વિચાર કરે. જન્મ આપ્યા પછી પોતાનું માનસ તેના પર ન આરોપે. તેની આન્તરવૃત્તિઓને પરખે અને પોતાને તેનો ઉકેલ ન મળતો હોય તો બાળક જેમ માંદું થાય છે અને ડોકટર પાસે તરત દોડે છે તેમ આન્તરવૃત્તિ પારખનાર માનસશાસ્ત્રીની સલાહ લે અને બાળકને અનુકૂળ બને કે અનુકૂળ વાતાવરણ રચવામાં મદદ કરે. બાળકને રમવા માટે પૂરેપૂરી સગવડ આપે. ચોપડીઓની જેટલી અગત્ય છે તેટલી જ રમતની અગત્ય છે. માંદા બાળકને માટે તાત્કાલિક ઉપાય શોધવાની જેટલી અગત્ય જણાય છે તેટલી જ વધુ પડતા શાન્ત, વિશિષ્ટ પ્રકારની ખાસિયત વિનાના મંદ પડતા એચેન, તોફાની કે જિદ્દી જણાતા બાળકના ઉપાય શોધવાની અગત્ય છે સમય જતાં બાળક સારૂં થઇ જશે એવો ખોટો સંતોષ બાળકના હિતમાં નથી.

બાળકની કેટલીક માંદગી જેવી કે રાત્રે પેશાબ થઇ જવો, ઊંઘમાં બોલવું, રાત્રે જાગી જવું, પથારીમા જાગતા

બેસી રહેવું, રાત્રે ઊઠી ચાલવા માંડવું, ભયકારક સ્વપ્નો જોવાં, બીક, સ્તેય, નાશકારક કે ઘાતક વૃત્તિ, બિનસામાજિક વર્તન, જાતીય વિકૃતિ, વ્યગ્રતા, ત્રાસીપાસી, વધુ પડતી શાન્તિ, અસ્થિરતા, અનાત્મવિશ્વાસ, સ્વલ્પતાનો ભય, મંદતા, જિદ્દ, જીભ અટકવી વગેરે માનસ શાસ્ત્રીય વિકૃતિઓ છે. આ વિકૃતિઓ બાળકના વિકાસને ભયંકર રીતે અવરોધે છે. બાળકમાં આવેલી વિકૃતિઓ સમય જતાં દૂર થઇ જશે એમ શ્રદ્ધા રાખી નિરુપાય બેસી રહેવું અથવા તો પોતાનું બાળક દોષપાત્ર હોય જ નહિ એવા ભ્રામક વિચારો સેવવા બાળકના હિતમાં નથી.

માબાપ, વાતાવરણ અને શાળાનો સુમેળ બાળકમાં આવતી આવી અનેક વિકૃતિઓને પાંગરતી અટકાવી શકે. માબાપને મન બાળકની શાળા પોતાના ઘર જેટલી જ ગણનાપાત્ર હોવી જોઈએ. શાળામાં અને ઘરમાં બાળકને વ્યકત થવાનો પૂરતો અવકાશ મળે તેવું ક્રીડાંગણ જ્યાં રેતી અને પાણીની સગવડ હોય, કાલ્પનિક રમતો રમવા માટે અનેક વિધ પ્રવૃત્તિઓ યોજતાં રમકડાં, ચીકણી માટી (Plasticine) કે ક્રિયાત્મક સાધનો, ચિત્ર માટે રંગ, પીંછીઓ. કળાઓ, વગેરે અને તેને માટે યોગ્ય સ્થળની વ્યવસ્થા, અભ્યાસનાં પુસ્તકો સાધનો કે ઓરડા જેટલી જ અગત્ય માગે છે તેવું શાળાઓ અને માબાપોએ વિચારવું જોઇએ. "Learning by-doing"–કાર્યદ્વારા શિક્ષણની તક આપવા માબાપે શાળાને અનુકૂળ બનવું બાળકના હિતમાં છે. ઘેર અને શાળામાં બાળકને રમત રમવા માટે પૂરતી જોગવાઇ મળે તે જોવું માબાપ અને શિક્ષકની ફરજ છે. બાળક રમે છે ત્યારે પણ પ્રગતિ જ કરે છે. તે કોઇ માબાપ કે શિક્ષક ન ભૂલે તો બાળકોના અનેક કોયડા આપોઆપ ઊકલી જાય.

—હરપ્રસાદ ભટ્ટ

લેખાંક ૧૪મો.

બાળકનું ગણિત શિક્ષણ

ગુણાકાર અને ભાગાકાર. (સામુદાયિક રમતો દ્વારા)

મૂળકૃત્યોમાં ખરા મૂળકૃત્યો બે જ છે. સરવાળો અને બાદબાકી. સૃષ્ટિજીવનના વ્યવહારમાં વૃદ્ધિ અને વ્યય એમ નામો આપીએ છીએ. સૃષ્ટિમાં આ વૃદ્ધિ અને વ્યય સતત ચાલુ હોય છે. તેનું સ્વરુપ બાળકની સામે જેટલુ વ્યાપક રીતે મૂકી શકાય તેટલુ વિવિધ રીતે તે આપણે મૂકવું જોઈએ. ગુણાકાર એ સરવાળાનું અને ભાગાકાર એ એક પ્રકારનું બાદબાકીનું જ સ્વરૂપ છે.

ગુણાકાર એટલે શું?

ગુણાકાર એટલે મૂળ વસ્તુનુ પ્રમાણમાં વધવું. મૂળ વસ્તુને આપણે ગુણ્ય કહીએ છીએ. આ ગુણ્યને જેટલા પ્રમાણમાં વધારવાનુ હોય તેને ગુણક કહીએ છીએ. ૩×૫. એમાં ૩ એ ગુણ્ય છે અને ૫ એ ગુણક છે. ગુણ્યનો કેટલીવાર સરવાળો કરવાનો છે એ ગુણક બતાવે છે. ૩×૫ એટલે ૩+૩+૩+૩+૩.

ભાગાકાર એટલે શું?

હવે ભાગાકાર એટલે એક પ્રકારની બાદબાકી કેવી રીતે થાય છે તે જુઓ. ભાગાકાર એટલે મૂળ વસ્તુને આપણે ભાજ્ય કહીએ છીએ. જે પ્રમાણમાં આ મૂળ વસ્તુના ભાગ કરવાના હોય છે તેને ભાજક કહીએ છીએ. ૧૫÷૫. આમાં ૧૫ એ ભાજ્ય છે અને પાંચ એ ભાગ કરવાનું પ્રમાણ. ભાજ્યમાંથી જેટલી વાર બાદબાકી થાય છે તે દર્શાવતા એકને આપણે ભાગાકાર કહીએ છીએ. ૧૫÷૫ એટલે ૧૫-૫-૫-૫ આ પ્રમાણે ત્રણ વાર બાદબાકી જ નહિ કે? ગુણાકાર અને ભાગાકાર એ આવી રીતે સરવાળો અને બાદબાકીના જ સ્વરૂપો છે. આ તત્વ શિક્ષકને બરાબર સમજાય એટલે ગુણાકાર અને ભાગાકારનું નિદર્શન શિક્ષક વધારે વ્યવસ્થિત રીતે કરી શકશે.

ચારે મૂળકૃત્યોમાં બાળકની દૃષ્ટિથી સરવાળો અને ગુણાકાર કરતાં બાદબાકી અને ભાગાકાર બાળકને તરત ધ્યાનમાં આવી જાય છે એવો મારો અનુભવ છે. કારણ સરવાળો અને ગુણાકાર કરતા બાદબાકી અને ભાગાકાર નો વ્યવહાર ઘરમાં નિશ્ચિતરીતે મર્યાદિત સ્વરૂપમાં રોજ રોજ સતત થતો હોય છે. કબાટમાં ચાર લાડુ હતાં તેમાંથી બે બાધા. તે બાદ થયા ને બાકી બે રહ્યાં. બાપુજી આઠ કેરી લાવ્યાં, ત્રણ આજે બાધી બાકી રહી પાંચ. આવી અગણિત બાદબાકીઓ બાળકની સામે રોજ ચાલુ હોય છે. તે જ વાત ભાગાકાર માટે છે. ઘરમાં ભાઈબહેનો હોય છે, વસ્તુના સરખાં ભાગ થતા હોય છે. સરવાળા અને બાદબાકીની ઘટનાઓ પણ

ઘરમાં થતી હોય છે પણ તે એટલી સ્પષ્ટરીતે બાળકના ધ્યાનમાં આવતી નથી. ચારે મૂળકૃત્યોમાં ભાગાકારનું મૂળકૃત્ય વધારે રસમય લાગે છે. તદ્દન સાડાત્રણ વર્ષના બાળકને પણ તેમાં ગમ્મત પડેલી મેં જોઈ છે.

ભાગાકાર ખરેખર રસમય કૃત્ય છે.

અમારી શાખામાં ચાર પાંચ છોકરાંઓ હોવાના. સવારનો પહેલો કાર્યક્રમ એટલે દરેકે બાગમાંથી ફૂલો લઈ આવવા. વરસાદના સમયમાં પારિજાતના ફૂલોનો ઢગલો ખરતો. બાળકો ૧૫–૨૦ મિનિટ ફૂલો વીણવાના. દરેક પોતાની ટોપલીમાં લાવેલા ફૂલોનો એક મોટી થાળીમાં પહેલા સરવાળો થવાનો. સરવાળાનો જવાબ કાઢવા જેટલી બાળકોની પ્રગતિ થઈ નહોતી. પરંતુ આ ફૂલો ભેગા કરીને એની રંગોળી પૂરવાનો કાર્યક્રમ થતો તેથી આ ફૂલોની સરખી વહેંચણી અમે કરતા. આ માટે અમને ભાગાકાર કરવો પડતો. આ ભાગાકારની રીત આ પ્રમાણે હતી: ભેગા કરેલા ફૂલના ઢગલામાંથી દરેક બાળકને એક એક ફૂલ વહેંચતા રહેવાનું. ફૂલો પૂરા થાય ત્યાં સુધી વહેંચતા રહેવાનું. આ વ્યવહારમાં ફૂલો એ ભાજ્ય, બાળકોની સંખ્યા એ ભાજક અને દરેકને ભાગે આવેલા ફૂલની સંખ્યા એ ભાગાકાર. કોઈ કોઈવાર આ ભાગાકાર નિઃશેષ થતો તો કોઇ કોઈ વાર ફૂલો વધતા. પિપરમીંટની ગોળી જેવો રસપ્રદ ભાજ્ય હોય તો ભાગાકારના કૃત્યની મિઠાશ ઓર જ વધતી.

ગુણાકારની રજુઆત:

સરવાળા પ્રમાણેજ આ રજુઆત નાટયપૂર્ણ હોવી જોઇએ. શરૂઆતમાં શિક્ષકે થોડી પ્રસ્તાવના (બે ત્રણ વાક્યમાંજ) કરવી: સરવાળો કોને આવડે છે? સરવાળામાં આપણે શું કરીએ છીએ? આજે એક નવી રમત કોણ કોણ શીખવાના છે? આજની રમતનું નામ છે ગુણાકાર. આજે ગુણાકાર કરવાનો છે.

સાધનઃ

સરવાળાને બાદબાકીના જ સાધનો. ફક્ત ગુણાકારના ચિહ્નોના ત્રણ કાર્ડો. શિક્ષકની ગુણાકારની પુસ્તિકા, આ પુસ્તિકાની શરૂઆતમાં વદી ન આવે એવા ગુણાકારો અને પછી ક્રમશઃ બાળકની મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને યોજેલા દાખલાઓ.

પૂર્વ તૈયારી:

ગુણાકારમાં ભાગ લેનારાને શિક્ષકે કામ વહેંચી આપવું. કોણે કયાં સાધનો ગોઠવવા તે અંગેની સૂચના આપવી. રાશિરક્ષક કાર્ડ રક્ષક, જવાબ કાઢનાર વિગેરેના કામો પહેલાના જેવાં જ રહેશે. શિક્ષકે પોતાનું કામ કાર્ડ રક્ષક પાસે લઈને જાહેર કરવું. "હું એક ગુણાકાર આપું છું |૨૧૨| |×| |૩| આ ગુણાકારના કાર્ડો નાના કાર્ડમાં લેવા. બાળકને તેની ટ્રેમાં ગુણાકાર મળે પછી તે પૂછશેઃ 'પણ મારે કરવું શું?' અથવા કયારેક શિક્ષકને જ પ્રશ્ન પૂછવો પડશે કે, "તને ગુણાકાર આવડે છે ને?" ગુણાકાર એટલે મૂળ સંખ્યા જેટલી કહી હોય તેટલી વાર લાવવાની, ત્રણના કાર્ડ ઉપર આંગળી મૂકી કહેવું, બે સો બે દશ, એક દશ અથવા (અંકપરિચય થયો હોય તો) "બસો બાર" કેટલીવાર લાવવાના? ત્રણવાર. બાળક પછી રાશિરક્ષક પાસે જશે. રાશિરક્ષક □ □ ‖ ૦ ૦ આ પ્રમાણે ત્રણવાર સંખ્યા આપશે. તે લઇ આવે. ગુણાકારનો જવાબ કાઢનાર બાળકે સંખ્યા લાવીને સોંપવી. જવાબ કાઢનાર વ્યક્તિ કહે તે પ્રમાણે જવાબ કાઢવા માટે મોટા કાર્ડના સેટમાંથી કાર્ડ લાવી આપવા. ગુણાકાર કરનાર બાળકે રાશિનું વર્ગીકરણ કરવું તથા તે પ્રમાણે કાર્ડો મંગાવવા.



કાર્ડ ભેગા કરીને કાઢેલો જવાબ ૬ ૬ ૬

વદી ન આવે એવા કેટલાંક દાખલાઓ થઈ ગયા પછી વદી આવે એવા દાખલાઓ લેવા. શિક્ષકે કાર્ડરક્ષક પાસે બેસી શરૂઆત કરવી. ત્યાર પછી શિક્ષકની જગ્યાએ એકાદા બાળકને બેસાડવો અને બાળકના દાખલાના

(અનુસંધાન પાના ૨૧ પર)

બાળ – વિભાગ



વહાલા મિત્રો,

તમારામાંથી ઘણાં બાળકોના પત્રો આવે છે. વાંચીને અમને ઘણો આનંદ થાય છે. નવા શરુ થએલા કોયડાના વિભાગમાં ઘણાં બાળકોનાં સુંદર લખાણો, ચિત્રો અને રંગપૂરેલાં ચિત્રો મળે છે. પહેલાં તો થોડાં ચિત્રોના પત્રો આવતા એટલે કાગળ લખી જવાબ અપાતો. પણ હવે તો ઘણા પત્રો આવે છે એટલે બધાંને અહીં જ જવાબ આપું છું. તમને બાલવિભાગમાં શું શું ગમે છે ને શું નથી ગમતુ એ લખશો.

બીજી વાત ચોમાસું તો આવી પહોંચ્યું. ભૂરા આકાશમાં કાળાં ને ધોળાં વાદળો આવજા કરે છે. ઘનનન.....ઘનન ..... કરતાં વાદળ ગાજે છે. સનસનાવીને પવન આવે છે ને વરસાદ વરસે છે. વરસાદમાં તમે નાંહો ને ગાજો. કાગળની નાવડી તરાવજો. બાગમાં ફૂટતા છોડને જોજો ખેતરમાં ઉગતા પાકને જોજો.

એક સરસ વાત કહું?... .....આ દિવાળીએ આપણે સરસ બાળકોને ગમે તેવાં ચિત્રો ને વાર્તાઓથી છલોછલ અંક કાઢવાના છીએ. અંક જોઈને તમે રાજીરાજી થઈ જશો. ચાલો ત્યારે આવજો!

—સંપાદક.



ગીત

૧

ઝપ ઝપ ઝપ

આવ્યો વરસાદ !

ટપ ટપ ટપ

આવ્યો વરસાદ !

ઝપ ઝપ ઝપ

ઉગ્યાં છે ઘાસ !

ચપ ચપ ચપ

ખેતરમાં ચાસ !

ઝપ ઝપ ઝપ

ડાંગર કપાસ !

ટપ ટપ ટપ

નીંદવાં છે આજે !

ચપ ચપ ચપ

થશે મોટાં અનાજ !

ઝપ ઝપ ઝપ

કોઠી ભરશું રે રાજ !

ઝપ ઝપ ઝપ

આવ્યો વરસાદ

ટપ ટપ ટપ

આવ્યો વરસાદ

—ર. કોઠારી

૨

ધીરે ધીરે
વાદળ આવે
ધીરે ધીરે
ટીપાં લાવે
ધીરે ધીરે
વીજળી ઝબકે
ધીરે ધીરે
વાદળ ટપકે
ધીરે ધીરે
થાય વરસાદ
ધીરે ધીરે
ઉગે છે ઘાસ
ધીરે ધીરે
ખેતરમાં પાક
ધીરે ધીરે
ખેડૂતનો વાસ
ધીરે ધીરે
નાચે છે આજ
ધીરે ધીરે
પાવાનો સાદ
ધીરે ધીરે
ધીરે ધીરે
ધીરે ધીરે
ધીરે ધીરે

—શ્રી કુસુમ ત્રિવેદી

મારી કાગળની હોડી

મારી કાગળની હોડી,
મારી કાગળની હોડી,

એનો લીલો પીળો રંગ,
એ તો દોડે સંગ સંગ,
ભાઈ જેવાનો રંગ
એ તો જાય દોડી દોડી.
મારી કાગળની હોડી
મારી કાગળની હોડી

જ્યારે આવે વરસાદ,
મળે મીઠો પરસાદ,
આવે નહાવાનું યાદ
અરે દોડે આખી ટોળી.
મારી કાગળની હોડી
મારી કાગળની હોડી

અરે બધાંની પાસ,
હોડી હોડી છે રાજ,
મૂકે તરવાને કાજ,
મારી પે'લી જ્નય દોડી.
મારી કાગળની હોડી
મારી કાગળની હોડી

—શ્રી સુરેશ્વર સિંહ

* * * *

રૂપીએ થેલો ભરી આપોને !

અસાઢથી આસો
ચોમાસાનો વાસો,
વાડે ઉગ્યો વેલો,
રૂપીઓ ભરો થેલો.

—શ્રી મધુસૂદન કોઠારી



કા શી ના થ

વરુની વાત તો આખા ગામમાં ફેલાઈ ગઇ. કાશીનાથની ટોળીની તો આખું ગામ વાતો કરે. ગામના પટેલોએ તો કાશીનાથની આખી ટોળીને વરુ મારી નાખવાના માનમાં એક સરસ ઉજાણી આપવાનું નક્કી કર્યું. ઉજાણીની જગ્યા પણ નક્કી થઇ. પટેલને એક ગામની બહાર વાડી. એ વાડીમાં સરસ એક કૂવો ને કૂવાની સાથે જ વાવ. વાવની ચારે બાજુ આંબાનાં લીલાં છમ ઝાડ. બાજુમાં થોડા તાડ પણ ખરા.

નક્કી થએલા દિવસે તો કાશીનાથની ટોળી પટેલની વાડી તરફ ચાલવા માંડી. ચેતન સૌની આગળ, શાંતિ મનુ ને બધાં નાનાં છોકરાં વચમાં ને બધાંની પાછળ કાશીનાથ. ઉજાણીના વખત કરતા તો ટોળી ઘણી વહેલી નીકળેલી, સરસ પવન આવતો હતો. આકાશમાં થોડાં વાદળાં જતાં હતાં. સૂરજ ઉપર આવેલાં વાદળાનો પડછાયો છોકરાંઓને ઘણો ગમતો હતો. જાત જાતનાં પંખીઓ ઊડતાં હતાં.

ચાલતાં ચાલતાં
બધાં રસ્તામાંની તલાવડી
પાસે આવ્યાં. તલાવડીને
કિનારે એક જાંબુડો.
જાંબુડો એક ડોસો સાચવે. છોકરાઓ ને કાશીનાથને જોઇને ડોસાએ બૂમ પાડી; 'કાશીનાથ' ઓ કાશીનાથ! જરા અહીં આવજે ભાઇ, મારા જાંબુડા પર વાંદરાં ચઢી ગયાં છે.' આ વાત સાંભળીને કાશીનાથ અને એની આખી મંડળી આજુબાજુના પથરા વીણીને જાંબુડા પાસે દોડી ગઇ. બધાએ તો પથરાબાજી શરુ કરી. વાંદરાને તો પરસાદ મળ્યો ને ભાગ્યાં બધાં વાંદરા નાસી ગયાં. પણ ઝાડ પર બિચારુ એક વાંદરાનું બચ્ચું રહી ગયું. એ તો લંગડુ હતું ચેતને એને પકડી લીધું. કાશીનાથે કહ્યું; "ચાલો આપણે એને પાળીશું. એની દવા કરીશું ને સાજું કરીશું." શાંતિએ કહ્યું; "આપણે એનું નામ રતનીયો રાજા પાડીશું." મનુએ કહ્યું; હું એને જાત જાતના ખેલ શીખવીશ ને પછી આપણે બધાં છોકરાંઓને બતાવીશું. ત્યાં તો કાશીનાથ બોલ્યો; ચાલો હવે પટેલકાકાની વાડીએ જવાનો વખત થઈ ગયો. બધાં ચાલવાં માંડ્યાં ત્યાં જાંબુડાવાળા ડોશાએ બધાં ને ઉભાં રાખી એની પોટલીમાંથી મુઠી મુઠી જાંબુ આપ્યાં: બધાં જાંબુ ખાતાં જાય ને ગાતાં જાય:

ઉજાણી ઉજાણી,
બહુ શાણી બહુ શાણી
તારી પાસે આવતાં,
જાણું મળ્યાં ભાવતાં,

ઉજાણી ઉજાણી,
બહુ શાણી બહુ શાણી
મળે રતનીયો રાજા,
વગાડશે એ વાજાં,

ઉજાણી ઉજાણી
બહુ શાણી બહુ શાણી
અમે બધાં ઝાઝાં
ખાશું ગોળને ખાજાં
ઉજાણી ઉજાણી.

—શ્રી ર. કોઠારી

બેં બેં ચીં

એક હતી બકરી.
બકરી બેં બેં બોલી.
એક હતી ચકલી.
ચકલી ચીં ચીં બોલી.
બેં બેં ને ચીં ચીં
બેં બેં બેં બેં ને ચીં ચીં ચીં ચીં
બકરી ને ચકલી એટલું બોલી કે
ગામના લોકોના કાન ફૂટી ગયા. બધાં
લોકો તો ગભરાયા કે આ શેનો
અવાજ ? વરસાદ કે તોફાન. બંદુક
કે તોપ. બધા ઘરની બહાર નીકળ્યા.
ત્યારે તો બકરી ને ચકલી વાતો
કરતા હતા. બધા હસી પડયા.

—શ્રી નરેન ભટ્ટ.

ઝંડા સદા ઊંચા રહે હમારા....



ટકો

ચકલીબાઈ

ચકલીબાઇ
ચકચક કરતી
મારે આંગણ
ઉડતી ફરતી.
ચકલીબાઇ
ખરરર ખટ
ઉડે એ તો
ફરરર ફટ.
ચકલી બાઇ
રોજ ઉમંગે
ચણ રોજ ચણતી
બચ્ચા સંગે.
ચકલી બાઈ
તીણી ચાંચ
પીછાં સુંદર
ઝીણી આંખ
ચકલી બાઇ
બહુજ ભારી
રંગે એ તો
ધોળી કાળી.
ચકલીબાઇ
છે કદમાં નાનાં
કામ કરે એ
બૂબ મઝાના.

કુત્તા કાકા

કુત્તા કાકા
ભારે ગાંડા
જે આવે તેના
કરડે કાંડા.
કુત્તા કાકા
કાબર ચિતરાં
રંગે કાઈવળી
ધોળાં ભૂખરાં
કુત્તા કાકા
મોઢે મૂછ
સીધા કાન ને
વાંકી પૂછ.
કુત્તા કાકા
ના ના ચુપ
ખાય એ તો
રોટી દૂધ.
કુત્તા કાકા
ચોકી ભરતા
ચોર આવે તો
ભસભસ કરતા.

—શ્રી પ્રવીણ ભટ્ટ

આમાં છે ચાંદામામાની વાત



નંબર એકથી જોડો ને નંબર ૨૨ પર પહોંચો. એમાં બોવાય છે એક હસનાર ને હસાવનાર. જોડીને ચિત્ર અમને મોકલો. તમે હસીને મોકલજો, અમે જોઇને હસીશું. અમારું સરનામું:

બાલ વિભાગ, કેસરબાગ, વડોદરા રેસીડેન્સી.

પતંગિયું ને ફૂલ

આ પતંગિયું ભૂલભૂલામણીમાં છે. ભૂલભૂલામણીના રસ્તા બધા બંધ છે. પતંગિયું બહારના ફૂલ પાસે રોજ જાય છે. તમે શોધી કાઢો એ આ ભૂલભૂલામણીમાંથી કેવી રીતે બહાર જતું હશે? જવાબ શોધવા બુદ્ધિ ચલાવવી પડશે. જવાબ લખી મોકલજો.



—મધુસૂદન.

ચાં..દા મા...મા

ચાંદામામા, ચાંદામામા, આકાશેથી આવોને,
ઝગમગ, ઝગમગ કરતા આવો (૨)
તારલિયાં સંગાથે લા.....વો (૨)
આવો, આવો, આવો, આવો.
આકાશેથી આવોને (૨)

ઓ, ઓ, પેલી વાદળી આવી,
તેમાં સંતાઈ જાવો ને.
આવોને, આવોને, ચાંદામામા
આકાશેથી આવોને. (૨)

—અનોરમા પંડિત.

બૂચમાંથી સગર



૧. બૂચ તો ઘરમાં ઘણા રખડે છે. તેમાંથી જાત જાતનાં રમકડાં બને.

૨. નાના મોટાં બૂચ ભેગા કરી, કાણાં કરી એક વાંસની સળી કે તારમાં ઉપર પ્રમાણે લગાવી દો.

૩. મોં હળદમતના પાનાથી ઢાંકો.

૪. આંખ ને નાક ચીતરો.

૫. પૂંછડી માટે કાગળની પૂંછડી ઢાંકો.

૬. છેલ્લા બૂચમાં પૂંછડી બેસાડાય એટલો ભાગ ઢાંકો, જરા ગુંદર લગાવી પૂંછડી બેસાડી દો.

૭. પગની જગ્યાએ ચંપલ લગાવવાની બે ચૂંક આગળ ને બે ચૂંક પાછળ લગાવો.

—શ્રી. દિવ્યકુમાર ત્રિવેદી

જો ...ડ....કે... ણું

આ દાતરડું કેવું ?
ઘાસ કાપે તેવું.
આ ઘાસ કેવું ?
ગાય ખાય તેવું.
આ ગાય કેવી ?
દુધ આપે તેવી.
આ દહી કેવું ?
માખણ થાય તેવું.
આ માખણ કેવું ?
ઘી થાય તેવું.
આ ઘી કેવું ?
લાડુ થાય તેવું.
આ લાડુ કેવા ?
બધા ખાય તેવા.

—મધુલાઈ ત્રિવેદી.

કોયડા વિભાગની વાતચીત

આ વિભાગમાં ઘણા મિત્રો રસ લે છે. આ વેળાએ નીચેના ભાઇ બેનોના ચિત્રો, લખાણો ને જવાબો ધ્યાન બેંચે એવાં છે.

	નામ	ગામ
૧.	રમણભાઈ પટેલ	વરણામા
૨.	અલકકિશોરી મહેતા	મુંબઈ
૩.	પ્રવિણા રાણા	મુંબઈ
૪.	શાંતિલાલ છોવાળા	સૂરત
૫.	ઉદય મીસ્ત્રી	,,
૬.	ભરતકુમાર દવે	જસદણ
૭.	ઝફર-વાસી	સૂરત
૮.	હરેશ મહેતા	માટુંગા
૯.	વિદ્યાદેવી પટવર્ધન	મુંબઈ
૧૦.	બળવંત પટેલ	ધમીજ
૧૧.	પ્રવિણચંદ્ર ભટ્ટ	ભાદ્રોડ

અલકકિશોરી મહેતા (મુંબઇ) તમારી કવિતા સુંદર છે. ઉદય મીસ્ત્રી (તમારુ. સરનામું જણાવશો) તમારું લખાણ પણ સરસ છે. કોઇ વાર છાપીશું. છાપીશું ત્યારે તમને પત્રિકા મોકલીશું.

"બાળ માર્ગના"

ઓ—ભગવાન, ઓ—ભગવાન
અમે તમારાં બાળકો
નાનાં નાનાં બાળકો
કાલાં ઘેલાં બાળકો. ઓ—ભગવાન
સારી બુદ્ધિ આપને
સાન્તં તાન્તં રાખને, ઓ—ભગવાન
અમે લઢીયે નહિ
અમે રડીયે નહિ
અમે ભણિયે ગણિયે
ડાહ્યાં થઇયે બાળકો, ઓ—ભગવાન

—નટવરલાલ શુકલ

ભલો છોકરો

(આવી વાતો મધ્યભારતના જંગલમાં વસતા ગોન્ડ જાતના લોકો પોતાનાં છોકરાંઓને કહે છે. આપણે ત્યાં જેવા ભીલ લોકો જંગલમાં રહે છે. એવા આ લોકો છે. એમને સરસ વાતો કહેતાં, ગાતાં અને નાચતાં આવડે છે.)

એક હતો છોકરો. એ ખૂબ ભલો. એની પાસે ત્રણ પૈસા.

એક દિવસ એ જંગલમાંથી જતો હતો, ત્યાં એક શિકારીએ જાળ પાથરેલી. એ જાળમાં એક કબૂતર ભરાઇ ગએલું. છોકરાએ એ કબૂતર જોયું. એ તો બહુ રડતું હતું. છોકરો તો બહુ ભલો. એને તો દયા આવી. એ શિકારી પાસે ગયો. એણે કહ્યું; 'શિકારી, આ કબૂતરને છોડી દે તો તને પૈસો આપીશ.' શિકારીએ તો પૈસો લીધો ને કબૂતર છોડી દીધું. પછી એ તો આગળ ચાલ્યો. પેલું કબૂતર તો એની સાથે ગયું.

બન્ને આગળ જતાં હતાં. ત્યાં એક છોકરાએ એના હાથમાં એક દેડકો પકડેલો. દેડકો તો બિચારો ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રડે. આપણો છોકરો તો પેલા દેડકાવાળા છોકરા પાસે ગયો ને કહ્યું, 'આ દેડકાને છોડી દે; તને પૈસો આપું' છોકરે પૈસો લીધો ને દેડકાને છોડયો. પછી તો છોકરો, કબૂતર દેડકો, સાથે ચાલ્યા.

રસ્તામાં એક ઘોડો ભૂખે મરવા પડેલો. બાજુમાં એક ઘાસવાળી બેઠેલી પણ ઘાસ ન નાખે. છોકરાએ કહ્યું "ઘોડાને ઘાસ નાખીશ તો તને પૈસે આપીશ." ઘાસવાળીએ પૈસો લીધો ને ઘાસ નાખ્યું. ઘોડાએ ખાધું ને સારો થયો. એમ કરીને ત્રણ પૈસા પૂરા થયા.

પછી છોકરો, કબૂતર, દેડકો ને ઘોડા સાથે ચાલ્યા. ચાલતાં ચાલતાં રાત પડવા આવી. એક સરસ બાગ હતો. ત્યાં બધાં આવીને સુતાં. સવાર પડી ને જાગ્યા તો એમની ચારે બાજુએ સિપાઇઓ તલવાર ખેંચીને ઉભા રહેલા. સિપાઇ રાજા પાસે લઇ ગયા.

રાજાએ કહ્યું; 'જે મારા બાગમાં સુઈ જાય તેને ત્રણ કામ કરવાનાં.

એક તો આ કાગળને હજાર ગાઉ જઇને બે દિવસમાં જવાબ લઈ આવવાનો.

બીજું કૂવામાં મારી વીંટી પડી ગઇ છે તે શોધી કાઢવાની.

ત્રીજું આ સામી ટેકરી પર બારણા વિનાનો કિલ્લો છે તેમાં જઇને ગુલાબનું ફૂલ લઈ આવવાનું. આ બધું બે દિવસમાં થવું જોઇએ.

જે આ ત્રણ કામ કરે તેને મારું અડધું રાજપાટ ને દીકરી આપવાનાં. જે ન કરે તેને જેલમાં નાખવાનો.'

છોકરો તો ગભરાયો પણ એના સાથીઓએ કહ્યું; તું જરા ય ના ગભરા. અમે બધું કામ પલકમાં કરી નાખીશું.'

કબૂતરે કાગળનો જવાબ આણ્યો, દેડકાએ કૂવામાં ડુબકી મારી વીંટી આણી. ઘોડો કૂદીને કિલ્લામાં ગયો ને ગુલાબ લઈ આવ્યો.

ભલા છોકરાને અડધું રાજપાટ ને રાજાની રાજકુંવરી મળી, ખાધું પીધું ને મઝા કરી.

—શ્રી નિર્મળા ભટ્ટ.

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ને મોકલતાં 'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ', એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

(૧૨મા પાનાથી ચાલુ)

સેટમાંથી દાખલાઓ લેવા. આગળ કહ્યા પ્રમાણે બાળકના સેટની પાછળ દાખલાનો જવાબ લખેલો હોવો જોઇએ. બાળકના સેટમાંથી જ આપણે હવે એક દાખલો લઇએ.

વદી આવતો દાખલો

૩૪૭
× ૫

આ કાર્ડના દાખલા પ્રમાણે કાર્ડરક્ષક બાળકની ટ્રેમાં નીચે પ્રમાણે કાર્ડ આપશે.

૩ ૪ ૭	×	૫

બાળક આ ટ્રે રાશિરક્ષક પાસે લઈ જશે. ત્યાં રાશિરક્ષક | ૩૪૭ | એ રકમ બરાબર પાંચ વાર અપાય છે કે નહિ તે તપાસશે, અને પછી ગુણાકાર કરનાર બાળક પાસે રાશિ લઇ જશે. પછી પહેલાની જેમજ ગુણાકાર કરવાને બાળક રાશિનું વર્ગીકરણ કરશે. એકમની રાશિ નીચે પ્રમાણે ગોઠવશે :

o o o o o o o o
o o o o o o o o
o o o o o o o
o o o o o o
o o o o o

અહીં સરવાળાની જેમજ કોઈ પણ એક પરિમાણની ૧૦ રાશિ થાય કે ઉપરના પરિમાણની રાશિ લાવવાની. પછી

o o
o o
o

૫

| | વદી ત્રણ દશ આવી અને ટ્રેમાં ૨૦ દશ મળીને ૨૩ દશ થશે તેમાંથી ૨૦ દશના બે મો આવશે તથા ત્રણ દશનું કાર્ડ લેવું પડશે. આગળ આ બે મો અને ટ્રેમાંના પંદરમો મળીને સત્તરસો થશે. અહીં ફરી દશમોનો એક હજાર બનાવીને | ૧૭૩૫ | આ જવાબ આવશે.

વ્યવહારિક દાખલાનો નમૂનો.

એક લાઈનમાં દશ બાળકો છે તો આવી ચાર હારમાં કેટલાં બાળકો હશે ?

કાર્ડ રક્ષકે | ૩૦ | | × | | ૪ | આ પ્રમાણે કાર્ડો આપીને આગળની રીત ઉપર પ્રમાણેજ કરવી.

ભાગાકારની રજુઆત

પ્રસ્તાવના : સરવાળાની રમત થઇ. બાદબાકીની થઇ. ગુણાકારની થઇ. આજે બીજી એક નવી રમત બતાવવાનો છું. આ રમતનું નામ ભાગાકાર; આ જુઓ ભાગાકારનું ચિહન | ÷ | આ રમતમાં સાધનો પહેલાની રમત પ્રમાણે જ છે. આપણે હવે કામની વહેંચણી કરીએ. કાર્ડરક્ષક, રાશિરક્ષક, ભાગાકાર કરનાર અને ભાગ આપનાર બાળકો નક્કી કરતા પહેલા શિક્ષકે કાર્ડરક્ષક પાસે પહેલાની જેમ પોતાની જગા લેવી. શરૂઆતમાં વદી ન આવે એવો ભાગાકારનો દાખલો લેવો.

વદી ન આવે એવો ભાગાકારના દાખલાનો નમૂનો.

મોટા કાર્ડ | ૮૮૮ | | ÷ | | ૪ | નાનું કાર્ડ.

પણ કરવાનું શું ? ભાગાકાર કરનાર બાળક પૂછશે.

| ૮૮૮ | આ કાર્ડો ઉપર આંગળી મૂકીને આ રાશિ લેવાની અને તેની વહેંચણી | ૪ | બાળકોમાં કરવી. વહેચણી કેમ કરવાની તે ખબર છે ને? ખબર ન હોય તો પહેલા રાશિ લાવવાનું સૂચન કરવું. જેમને વહેંચવાનું છે એવા ચાર બાળકોને લાઇનમાં બેસાડવા. રાશિ આવે કે પહેલા શિક્ષકે વહેંચી બતાવવું. આ વહેંચણી કરતી વખતે પહેલા બધાંમાના મોટા પરિમાણમાંથી દરેકને એક આપીને શરૂઆત કરવી. આ દાખલામાં નાચે પ્રમાણે વહેંચણી કરવી.

(૦)	(૦)	(૦)	(૦)	
□ □	□ □	□ □	□ □	
| |	| |	| |	| |	૨ ૨ ૨
o o	o o	o o	o o	.. .. ..

એકને ભાગે આવે તે ભાગાકાર એમ કહીને જવાબના કાર્ડ મંગાવવા. ભાગાકારનો જવાબ બાદબાકી

પ્રમાણે નાના કાર્ડમાં આણવાનો હોય છે. બાદબાકી અને ભાગાકારમાં મૂળ સંખ્યા મહત્વની હોવાથી તે મોટા કાર્ડમાં ગોઠવવી તથા જવાબ નાના કાર્ડમાં ગોઠવવો. સરવાળો ને ગુણાકારમાં જવાબ મોટા કાર્ડમાં ગોઠવવો.

વહી આવે એવા ભાગાકારનો દાખલો.

૩૫૯	÷	૫

આ દાખલામાં ભાજ્યમાંનું સૌથી મોટું પરિમાણ સોનું છે. પરંતુ બાળકો પાંચ છે. તેથી આ પરિમાણ દરેકને એક એક આપીશું તો પૂરશે નહિ. તેથી અહિ શિક્ષકે આ ત્રણ સોના દશ કરીને લાવવાનું સૂચન કરવું. આ ૩૦ દશ, અને પહેલાના ૫ દશ મળીને ૩૫ દશ થશે. હવે આ ૩૫ દશની વહેંચણી શરુ કરવી. વહેંચણી નીચે પ્રમાણે થશે

o o o o o
( ) ( ) ( ) ( ) ( )
— — — — —
||||| ||||| ||||| ||||| |||||
o o o o o

અહી બાકી ૦ ૦ તથા જવાબ | ૬૧ | આવશે.

ભાજકમાં શૂન્ય આવે એવો દાખલો.

૫૦૯	÷	૫

આમાં પાંચ સોની વહેચણી થઈ.

o o o o o
( ) ( ) ( ) ( ) ( )
— — — — —
□ □ □ □
o o o o o

જવાબ | ૧૦૧ | બાકી ૦ ૦

બહુઅંકી ભાજક હોય એવા દાખલાઓ.

૫૪૧ ÷ ૨૧

આ દાખલામાં ૨૧ બાળકો વચ્ચે રાશિ વહેંચવાનીછે. શરૂઆતમાં બાળકોની નીચે પ્રમાણે હાર કરવી.

o o o o o o o o o o
( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( )
— — — — — — — — — —
o o o o o o o o o o
( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( ) ( )
— — — — — — — — — —

દરેક બાળકને વહેંચતા એસવું એ ખરેખર કંટાળાભરેલું થઇ જાય છે. તેથી કહેવું આ જલદીથી કરવાની એક યુક્તિ છે. ૨૧ વખત વહેંચવા કરતા ૩ વખત વહેંચી શકાશે.

"કેવી રીતે ?"

આમ જુઓ. બીજી લાઇનમાં ૧૦ બાળકો છે. આ લાઇનમાં દરેક બાળકને વહેંચતા એસવું એના કરતા ૧૦ બાળકોનો ભાગ એક સાથે જ એ લાઈનના પહેલા બાળકને આપીએ તો ?

આપણને દરેકને વહેંચવા નહિ એસવું પડે. તેથી પહેલી લાઇનના બાળકને છૂટા એક આપીએ તો બીજી અને ત્રીજી લાઇનના બાળકને એક દશ દરેકને આપવો પડશે. અથવા બીજી ને ત્રીજી લાઇનના પહેલા બાળકને દરેકને એક દશ મળે તો પહેલી લાઇનના બાળકને છૂટો એક આપવો પડશે. જે બાળકને ૧૦ ગણુ મળશે તેના ગળામા નાખવા માટે કપડાનો ભૂરો હાર કરી રાખવો. આ પ્રમાણે આગળ ભાજકમાં સો આવતા હોય તો લાલ ફૂલનો હાર કરી મૂકવો તથા વહેંચવાની શરૂઆત કરવી.

o o o
( ) ( ) ( )
— — —

પહેલી	વહેંચણી	□	□	|
બીજી		□	□	|
ત્રીજી	,,	|	|	૦
ચોથી	,,	|	|	૦
પાંચમી	,,	|	|	૦
છટ્ટી	,,	|	|	૦
સાતમી	,,	|	|	૦

છૂટ્ટા બાળકને ભાગે આવે તે જવાબ નાના કાર્ડમાં મંગાવવો.

જવાબ | ૨૫ | શેષ. | ૧૭ |

વ્યવહારિક દાખલાનો નમૂનો

> ૧૪૫ પીપરમીંટ ૧૧ બાળકોને વહેંચવાની છે તો દરેકને કેટલી પીપરમીંટ આપવી ?

કાર્ડ રક્ષક એની ગોઠવણી નીચે પ્રમાણે કરશે.

૧૪૫	÷	૧૧	

આગળનો ભાગ શિક્ષકના ધ્યાનમાં આવશે જ.

મૂળકૃત્યો ઉપરની આવી સામુદાયિક રમતો ૪॥ વર્ષથી તે ૬ વર્ષ સુધી આપી શકાય. કૃત્યોની સ્પષ્ટતા શરૂઆતમાં થતી નથી પરંતુ રમતોનું જેમ જેમ પુનરાવર્તન થતું જાય છે તેમ તેમ સ્પષ્ટતા થતી જશે અને આવી રીતે મૂળકૃત્યોના સમજણનો પાયો વ્યવસ્થિત રીતે નાખી શકાશે.

—શેષ નામલે

[પૃષ્ઠ ૪ થી ચાલુ]

રેડિયોની અપેક્ષા સિનેમા ક્ષેત્ર અંગેની બાળકોની ફરિયાદો અનેક ગણી વધુ છે. ખાનગી સાહસો દ્વારા બાળકોને ઉપયોગી એવા ચિત્રપટો રજુ કરી શકાયા નથી. સરકારી પ્રયાસોથી પણ આ દિશામાં જેટલી ઝડપી પ્રગતિ થવી જોઈતી હતી, તે થઈ શકી નથી. થોડાં દિવસ પહેલાં ભારતના પાટનગર દિલ્હીની પંદર હજાર મહિલાઓએ સહી કરીને એક મેમોરન્ડમ ભારતના વડા પ્રધાન શ્રી નેહરુ પાસે રજુ કર્યું છે જેમાં સિનેમા ક્ષેત્રે ચાલતી સરકારી નીતિ અંગે બાળકોના હિતમા પોતાનો વિરોધ વ્યકત કર્યો છે. આ માટે તેમને હાર્દિક અભિનંદન ઘટે છે.

આપણાં ચિત્રપટો જે જાતના લોક રંજનનુ કાર્ય કરી રહ્યાં છે, તે સંબંધમાં કંઈ નવું કહેવા જેવું રહ્યું નથી. આ અંગે જાતજાતના વિચારો પ્રગટ થઈ રહયાં છે મૂડીવાદી અર્થરચનામાં આમ ન બને એ કોઈ સંભવિત માનતુ નથી અને કાયદાકાનુન તે રોકી શકે અથવા તો ખૂદ સરકારી કે લોક મંત્રણા આ વસ્તુને પરિણામકારક રીતે રોકી શકે એવું આજ સુધી તો બન્યું નથી. રેડિયોની જેમ ચિત્રપટો પણ લોક રૂચિ કેળવવાનું એક પ્રભાવી સાધન છે. એક બાજુએ જેમ તેના પર સખ્ત નિયંત્રણ રાખવાની જરૂર છે તેટલુંજ બીજી બાજુએ બાળકો માટે ઉપયોગી એવા ચિત્રપટો યોજવાની અને તેમને સારા ચિત્રપટો જોવા મળે તે માટે ગામેગામ સારી સગવડો ઉભી કરવાની અનિવાર્ય અગત્ય છે.

કેળવણી પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે. ચિત્રપટોને જો કેળવણી માટે યોજનાબધ્ધ કરવામાં આવે તો ચિત્રપટ એ કેળવણીનું એક સસ્તામાં સસ્તું અને અનેકગણું અસરકારક સાધન નીવડશે તેમાં શંકાને સ્થાન નથી. આગામી નવી પંચ–વાર્ષિક યોજનામાં કેળવણીના આ પ્રભાવશાળી સાધનોને વધુ વેગ મળે અને બાળકોને પોતાના વિકાસ માટે વધુને વધુ ઉપયોગી નીવડે તેવી યોજના કરવાની જરુર છે.

બાલ અધ્યાપન પ્રવેશ માટેની ભલામણ

મુંબઇ રાજ્યના પૂર્વ પ્રાથમિક તેમજ પ્રાથમિક બાલ અધ્યાપન મંદિરોમાં મેટ્રીક પાસ થયેલાં વિદ્યાર્થિઓ માટે એક વર્ષનો અને શાળાન્ત પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થિઓ માટે બે વર્ષના શિક્ષણક્રમો હોય છે. પરંતુ શહેરોમાંથી આવતાં વિદ્યાર્થિઓનો એક મોટો વર્ગ એવો છે કે જે અપર પ્રાયમરી શાળાઓમાં જવાને બદલે હાઇસ્કૂલમાં ભણવા જાય છે. તેથી શાળાન્ત પરીક્ષા (P.S.C) આપવાની તેમને તક મળતી નથી. બીજી બાજુએ તેઓ હાઇસ્કૂલમા પણ મેટ્રીક પરીક્ષામાં બેસવાનું બને તે પહેલાં પાંચમાં, છઠ્ઠા અથવા સાતમા ધોરણમાંથી શાળા છોડી દે છે.

એક સમય એવો હતો કે જ્યારે શાળાન્ત પરીક્ષા ગુજરાતી ૭ ધોરણને સમકક્ષ ગણાતી હતી. હાઇસ્કૂલનું ધોરણ નવમું, એ કેટલાક દિવસ શાળાન્ત પરીક્ષા ઉત્તિર્ણની સમકક્ષ ગણાતું હતું. છેલ્લા બે ત્રણ વર્ષથી છઠું ધોરણ સમકક્ષ ગણાયું અને હવે ગયા વર્ષથી જે જે વિદ્યાર્થિઓ મેટ્રીકમાં બેસે અને નાપાસ થાય તેઓને જ હવે શાળાન્ત પરીક્ષા પાસની સાથે સમકક્ષ ગણાય છે. તેથી શહેરોમાથી ધોરણ ૯ અને ૧૦ પાસ થઈને આવતાને બાલ અધ્યાપન મંદિરોમાં પ્રવેશ બંધ થઇ ગયા છે શાળાન્ત પરીક્ષા પાસ થએલાઓ અને મેટ્રીક નાપાસ થએલા વિદ્યાર્થિઓ સાથે સમકક્ષ ગણવામાં સરકારને શો વાંધો હશે તે અમને સમજાતું નથી, પરંતુ એટલુ તો ચોક્કસ છે કે હાઇસ્કૂલના પાંચમાં અને છઠ્ઠી ધોરણના માટાભાગના વિદ્યાર્થિઓની કક્ષા P. S. C, કરતાં વધુ સારી હોય છે, તેમ છતાં આવા વિદ્યાર્થિઓને માટે બાળ અધ્યાપન મંદિરોના દ્વાર બંધ થઈ જાય એ સહન ન થઇ શકે એવો અન્યાય થાય છે. અધ્યાપન મંદિરમાં ઘણા વખત થી P. S. C. થયેલા વિદ્યાર્થિઓ બાલ અધ્યાપન પરિક્ષાઓમાં કેવી રીતે યશ મેળવી શકયા છે તેની તપાસ કરીને સરકારે આ કક્ષા નક્કી કરી હોત તો સરકારને વસ્તુસ્થિતિનો ચોક્કસ ખ્યાલ આવી શકત એમ અમને લાગે છે. હજુ પણ આ બાબતમાં સરકાર યથોચિત તપાસ કરીને P S. C. ની કક્ષા નિશ્ચિત કરે તો ઘણા વિદ્યાર્થિઓને યોગ્ય ન્યાય મળી શકશે. સરકાર આ અંગે યોગ્ય પગલાં લેશે એવી અપેક્ષા છે.

દેવલાલી બાલગૃહ

નાસિક નજીક આવેલા દેવલાલી કેમ્પમાં સ્વ. ગિજુભાઇના એક વખતના સહકાર્યકર્તા અને શિષ્ય શ્રી. જયતિલાલ ઓઝાએ ૧૯૩૬ માં દેવલાલી બાલગૃહ (Residential School for Children) નામની એક સંસ્થા સ્થાપિત કરી છે. પ્રેમ અને સહા-

નુભૂતિના વાતાવરણમાં બાળકોની સાથે સમજણપૂર્વક વર્તવામાં આવે તો બાળકેળવણીના સંસ્કારો બાળકો પર સિંચી શકાય છે એ સિધ્ધાંત અને શ્રધ્ધાએ આ બાળગૃહનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

શ્રી જયંતિભાઈ અને તેમના પત્નિ બન્નેને ભાવનગરના શ્રી. દક્ષિણામૂર્તિ ભવનનો સારો અનુભવ છે તેમજ બાળકેળવણી અંગેનો સ્વ ગિજુભાઇનો આદર્શવાદ છે. કુશળ અને શક્તિશાળી શિક્ષક તરીકે તેમની નામના પણ છે.

સંસ્થા શરૂ થયા પછીનો ચાર પાંચ વર્ષનો એમને જે ગાળો મળ્યો તેમા આ સંસ્થા મારી રીત જમી ગઈ હતી. પરંતુ તે પછીના લડાઇના દિવસોમાં દેવલાલી કપરું વાતાવરણ એકાએક બદલાઇ ગયું અને સંસ્થા કેટલાંક સમયને માટે બંધ કરવી પડી.

છેલ્લા કેટલાંક વર્ષોમાં આ સંસ્થા ફરીથી શરૂ કરવા માટે બાલગૃહના કેટલાંક બાળકોએ, જેઓ હવે મોટા નાગરિકો બન્યા છે તેમના પોતાના જ બાળકોને ફરી બાલગૃહ જેવી સગવડો મળે તે દ્રષ્ટિએ શ્રી જયંતિભાઇને લખ્યું હતું. આ બાજુ શ્રી જયંતિભાઇને પણ સંસ્થાને સજીવન કરવાની ઉત્કટ અભિલાષા હતી જ તેથી તેમણે સાહસ ખેડીને આ બાલગૃહને ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો. અને ગત તા. ૧૫મી જૂન ૧૯૫૪ને દિને તેમણે એ નિર્ણયને અમલમાં પણ મૂકયો છે, એ હર્ષની બીના છે.

દેવલાલી બાલગૃહે પ્રગટ કરેલી નિવેદન પત્રિકા પરથી એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે બાલગૃહના બાળકોમાં સંસ્કાર સિંચન, આરોગ્યની ઝીણવટભરી કાળજી કૌટુમ્બિક પ્રેમ ને હૂંફાળું વાતાવરણ તેમજ બાળકોના માનસ શાસ્ત્રીય સારવાર કરવામાં આ સંસ્થા એક અજોડ અને આદર્શ સંસ્થા બની રહેશે.

બાળકોના વાલીઓ, પોતાના બાળકોને તે બાલગૃહમાં દાખલ કરાવી, શ્રી જયંતિભાઇના આ ઉપક્રમને વધાવી લે તેવી અમારી ખાસ ભલામણ છે.

અમે દેવલાલી બાલગૃહના સંચાલક ભાઇ શ્રી જયંતિભાઇને તેમના આ સાહસમાં વિજય ને કીર્તિ સાપડો એવી અંતરેચ્છા વ્યકત કરીએ છીએ. –સંપાદક

બાળક ઝેરી વસ્તુઓ ગળી જાય કે પી જાય
ત્યારે શું કરશો ?

સામાન્ય રીતે લઈ શકાય એટલી બધી કાળજી ઝેરી વસ્તુઓ બાળકના હાથમાં ન આવે એવી રીતે ઘરમાં મૂકેલી હોય છે. પણ અકસ્માત કહીને થતો નથી. અને એવું કાંઇક થઇ જાય ત્યારે શુ કરવું ? ગયા છ વર્ષમાં મુંબઇની બાઈ જરબાઇ વાડિયા હોસ્પિટલમાં ૮૪ બાળકો આવા ઝેર ચઢયાના દર્દીઓ બની આવ્યા હતા. એટલે સરેરાશ મહિનામાં એક આવો ભયંકર કીસ્સો આવે જ છે. સૌથી વધારે–૨૬ કીસ્સા–ધાસલેટ પી જવાના હતા. આમ બનતા અકસ્માતોમાં શું કરવું?

ધાસલેટ તો સામાન્ય રીતે બાળકને હાથે ચઢે એવી રીતે મૂકાયેલું હોય છે. એટલે એ પી જવાનો સંભવ આપણા ઘરોમાં ઓછો નથી. ધાસલેટ પીધા પછી પંદર જ મિનીટમાં ઉલટી, ગભરામણ, સખ્ત ઉધરસ, તાવ, ઘેન અને બેચેની શરૂ થઇ જાય છે. ઉલટીની અંદર ધાસલેટની–કેરોસીનની વાસ પણ આવે. કેરોસીન જલદીથી ચૂસાઇ જાય છે તેથી ન્યુમોનીઆ થઇ જવાનો પણ સંભવ છે. આવે વખતે સોડા બાય કાર્બનું પાણી અથવા ગરમ પાણી અને ઓલીવ ઓઈલ પાવું જોઇએ. આટલું તાત્કાલિક, એટલે કે દાકતર આવતા સુધીમાં કરી શકાય. ત્યારપછી તો દાકતરની સૂચના પ્રમાણે ચાલવું.

દીવાળીના સમયમાં તડતડીયાં–જેમાં લાલ ફોસફરસ અને એવા ફોસફરસવાળા ફટાકડા ગળી જવાના, ચાટવાના બનાવો બને છે. બાળક કેટલું ફોસફરસ ગળી ગયું છે એના ઉપર એને થતી અસરનો આધાર રહે છે. પણ ઉલટી થવી, બેભાન થવું જે બારથી ચોવીસ કલાક સુધી જ ચાલુ રહે છે. કયારેક આવા બાળકોને કમળો થઈ જાય છે અને અઠવાડિયામાં શાન્ત થઈ જાય છે પણ વધારે પડતો ફોસફરસ ગયો હોય તો તે વિઘાતક બને છે. આવા બનાવોમાં ડાકટરની સલાહ પ્રમાણે વર્તવું એજ યોગ્ય છે. પણ ડોકટર આવતા સુધી ઉલટી કરાવાનો પ્રયત્ન કરવો. ૨ ચમચા મીઠું ગરમ પાણીમાં–જેમાં પા ગ્લાસ સાબુનુ પાણી હોય એવો એક ગ્લાસ પાણી પાવું.

આપણા શહેરોના મજૂર વિસ્તારોમાં અને એવા પછાત વિભાગોમા અફીણનુ ઝેર ચઢયાનો કીસ્સો પણ બને છે. આનું મુખ્ય કારણ તો એ બાળકોના માબાપોનું અજ્ઞાન છે. પણ એવું અફીણનું ઝેર ચઢે ત્યારે આપણે ત્યાં બાલવાડીના શિક્ષક તરીકે શુ કરી શકીએ ? આવા બનાવોમાં મુખ્ય-ત્વે શ્વાસ લેવાની મુશ્કેલી આવે છે. ત્યારે ખૂલ્લી હવા મળે, અને શ્વસન ક્રિયામાં મદદ કરી શકાય એવી કસરત કરાવવી વગેરે કરવું જરુરી છે. ઉપર સૂચવેલો ઉલટી કરાવવાનો પ્રયત્ન પણ કરવો. અને બને તેટલું જલ્દી નજીકની હોસ્પિટલમાં બાળકને પહોંચાડવું.

[અનુસંધાન ૩ જા કવર પર]

અલ્યા ભઈ! તે ઉધરસ છે!

ગઇ કાલે આ બાળક ત્રાસદાયક
ખાંસીથી પીડાતું હતું. આજે સ્વાયઝોડિન
ટર્પ વરાકા આપવાથી તેને
સંપૂર્ણ રાહત મળી. હવે તે રમતગમત ઉપર છે.

ડઘાઈ જાઓ ડિનો
ઉધરસ ભગાડો

એસેમ્બિક કેમિકલ વર્કસ પ્રા. લિ., વડોદરા. ૦.

GUEGEGI ૧૪૮. ૩૩. ૩૮

પ્લાસ્ટિકનાં રમકડાં

તેમજ

લેધર અને રબ્બર



બેલ્ટિંગ, મશિનરી અને
ઓઇલ એન્જિન, લુબ્રિકેટીંગ
ઓઇલ વ. માટે લખો :

જોલ્લી એન્ડ કમ્પનેરિ

જી. પી. ઓ બોક્સ નં. ૪૩૪

મુંબઈ-૧.

આળકને જીવનની શરૂઆત શી

બોવ્રિલ

નિયમિત આપી

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને
આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

નિર્મળન આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211

41-E, Parel
Chawl Road,
Industrial Estate,
BOMBAY-12.

Tel: 72475

Suryodaya Mill
Compound,
Tardeo
BOMBAY-7.

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજેજ મંગાવો
હિંદમાંજ બનેલી શુદ્ધ સ્વદેશી

રંગીન પેન્સિલો

લખો:

એકમે એજન્સીજ

(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ ચેમ્બર્સ, ત્રીજે માળે,
કપાસિયા બજાર
અમદાવાદ ૨.

તમારી જાતેજ પાવડર ચુનો!

ઑલિયા સાબુ કપડાં સફેદ કરે છે!

—ઓ. ૭૮ સે—

- હેર ઓઇલ
- શાહી
- બૂટ પોલિશ
- સફેદો

પેકીંગ કેસીસ, ક્રેટસ, શૂક્સ, વૂડન ફ્રેમ્સ
અને રાઉન્ડ વૂડન સ્ટીક્સના સ્પેશ્યાલીસ્ટ

કેલ્ન્તિ વૂડ વર્ક્સ

(લાકડાંના આગેવાન વેપારી)
પ્રો. કાન્તિલાલ વેલશીભાઈ શેઠ.

○

ઓફીસ, સો મીલ અને ફેક્ટરી:
કવે સ્ટ્રીટ, દારુખાના,
રેલ્વે સ્ટેશન પાસે,
મુંબઇ ૧૦.

"શિક્ષણ પત્રિકા" નું સંચાલક મંડળ

દીપોત્સવી વિશેષાંક

ની આગામી દીપાવલીના શુભાવસરે બહાર પાડવાની જાહેરાત કરતાં આનંદ અનુભવે છે.

આ વિશેષાંક અનેક વિશિષ્ટતાઓથી ભરપૂર અને સભર હશે. એને પાને પાને વિવિધતા અને રસિકતા હશે. એ અંગેની સવિસ્તૃત માહિતી હવે પછીના અંકમાં આપવામાં આવશે.

પ્રસ્તુત વિશેષાંકમાં આપણી લોક કથાઓ, બાળ કથાઓ, પ્રવાસ વર્ણનો, વિજ્ઞાન કથાઓ, સાહસ કથાઓ, ઉપરાંત અભિનય ગીતો, લોક ગીતો, બાળ નાટકો, કાવ્યો તેમજ સામાજિક ક્ષેત્રને સ્પર્શતા એવા રંગબેરંગી સચિત્ર વિવિધ સાહિત્યને સ્થાન અપાશે. નાનાં નાનાં બાળુડાં પણ એને સમજી શકે, એ એની ખાસિયત હશે.

આ વિશેષાંકને સમૃદ્ધ, સુંદર અને વિવિધતાભર્યો બનાવવામાં આપના તરફથી સંપૂર્ણ સહયોગ મળશે, એવી અપેક્ષા છે

—સંપાદક

[પાના ૨૪થી ચાલુ]

નેપથા બોલસ—નેપથલીનની ગોળીઓ આપણા ઊની કપડા વગેરે સાચવવાને આપણે રાખીએ છીએ તે ગળી જવાના પણ કેટલાક કીસ્સાઓ બને છે. આવું બને છે ત્યારે ઉલટી, પેટમાં દુખવું, શ્વાસ લેવામાં મુશ્કેલી વગેરે ચિહ્નો દેખાય છે. કોઈ પણ જાતનું તેલ ન આપવાની કાળજી આવા બનાવમાં લેવી જોઈએ. ઉલટી ન થાય તો કરાવવાનો પૂરો પ્રયત્ન કરવો આવે વખતે જરૂરી છે. જેમાં ઉપર દર્શાવેલા સાબુ અને મીઠાના ગરમ પાણીનો ઉપયોગ કરી શકાય.

એકંદરે ઝેરી વસ્તુ લેવાઈ જાય ત્યારે એને જલદીથી કાઢી નાખવાના પ્રયત્નમાં મદદ આપવી એ પહેલું પગથિયું છે.

["The Indian Journal of CHILD HEALTH" પરથી]

અનેરો લાભ

"શિક્ષણ પત્રિકા"ના ઓગષ્ટ માસ સુધી જેઓ ગ્રાહક થશે, તેમનો "શિક્ષણ પત્રિકા"નો દીપોત્સવી વિશેષાંક ભેટ મળશે.

આપ ગ્રાહક ન હો તો આજે જ બનો અને અન્યને બનાવો.

- વ્યવસ્થાપક,

"શિક્ષણ-પત્રિકા" ની જૂની ફાઈલો

"શિક્ષણ-પત્રિકા"ની (ગુજરાતી આવૃત્તિ)ની નીચેના વર્ષની ફાઈલો (બાઇન્ડ કરેલી) હવે મળી શકે છે:

૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, અને ૨૭.

કિંમત માત્ર રુપિયા ૨-૮-૦ પોસ્ટેજ દસ આના જુદુ. વી. પી. કરવામાં આવશે નહિ.

- વ્યવસ્થાપક.

ચિંતનની કણિકા

પ્રાકૃતિક જીવનને આપણે સ્વાભાવિક અને જ્ઞાનયુક્ત માની લેવું જોઇએ. કારણ કે કૃત્રિમતા એ દંભ અને અજ્ઞાનમાંથી જ ઉદ્ભવે છે અને તેનાથી આપણે બચવાનો પ્રયાસ કરવો જોઇએ. આપણે જ્ઞાન અને પુરૂષાર્થ વડે જ અંધારામાંથી ઉજાળામાં, દુર્ગંધમાંથી સુગંધમાં, કુરૂપતાથી સુંદરતામાં અને હિંસામય પ્રવૃત્તિઓથી પ્રેમમયી પ્રવૃત્તિઓમાં જવાનું છે, એ આપણે ન ભૂલીએ.

પણ આ બધું જાણવા કે આચરણમાં મૂકવા જતાં વિવેક પણ સાચવવો પડશે. બાળકો હજુ આ જાતના વિવેકથી અજાણ હોય છે. તેથી તેમને કેળવવામાં પણ ખૂબજ કાળજી રાખવી પડશે. તેમનામાં કઇ જાતના સંસ્કારો સીંચવા એ આપણા જ હાથની વાત છે.

—રમણિકભાઈ

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ,

મુંબઇ ૧

ટે. નં. ૨૦૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

આગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ–બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર–વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ–અકસ્માત–જિંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પ્રેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

શ્રી બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્શન પ્રિન્ટિંગ વર્કસ, મુંબઇ-૨૬.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક–૫ : ઓગષ્ટ, ૧૯૫૪

બલિદાન

—યુક્તિ બુદ્ધિને વધુ અસર કરે છે પણ હૃદયમાં પેસવા માટે તો બલિદાન જ કામ આવે તેમ છે. મનુષ્ય હૈયું કરેલા બલિદાનથી જ ખૂલી જાય છે. માણસાઈનો દીવો તલવાર નહિ પણ બલિદાન જ છે.

—ગાંધીજી

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોદક

વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન બાળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.		લેખક.
૧	સંપાદકીય નોંધ	....	સંપાદક
૨	બાળમંદિરમાં કલાનું સ્થાન	...	બાલકૃષ્ણ ભટ્ટ
૩	બાળકનું ગણિત શિક્ષણ	....	શેષ નામલે
૪	જગત જંપે છે ત્યારે	....	શ્રી. ભારદ્વાજ
૫	બાળકની કુટેવો	..	ડો. રમણલાલ પટેલ
૬	કલ્યાણ કાર્યની મર્યાદા	....	શેષ નામલે
૭	બાળનાટકોનું આયોજન	...	રમેશ કોઠારી
૮	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	....	....

બાળ વિભાગ

૧.	સંપાદકનો પત્ર	....	સંપાદક
૨.	આંધળો ને લંગડો	....	હરપ્રસાદ ભટ્ટ
૩.	ચીનુ ચોટલી	....	મધુસ્વધન
૪.	કોયડો		
૫.	ચતુરાં બિલ્લીરાણી	....	....નટુભાઇ બરાનપુરિયા
૬.	એક હતો ઉંદર	....	ર. કોઠારી
૭.	જાતી વાદલડી	....	રસીલા રાઠોડ
૮.	આવરે વરસાદ	....	.... નટુભાઇ બરાનપુરિયા
૯.	વર્ષા આવે	....	પ્રવીણ ભટ્ટ
૧૦.	કાશીનાથ	...	ર. કોઠારી

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગૂજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગૂજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ-કોલોની, દાદર, મુંબઈ ૧૪.



ઝાડોથી વાદ કરનાર બહારાય નાસદાયક
ખાંસીથી પીડાતા હોય એમ લાગે છે; તેમણે
ખાંસી મટાડવાના સચોટ ઉપાય તરીકે
વાપરવું જોઇએ...

ગ્લાયકોડિન
દર્દી વધારો

-એલેમ્બિક કેમિકલ વર્કસ મું. લિ., વડોદરા, ૩.





તમે એને પડવા દેશો નહિ એ વિશ્વાસમાં બાળક આનંદથી ઝુલે છે.

જીવનઝુલામાં ઝુલતાં–ખાસ કરીને બાળક સાહસિક હશે તો–એ કોઇ વાર ઊંચે અને કોઇ વાર નીચે પણ આવશે. જીવનની ચડતી પડતીનો સામનો એ હિંમતથી કરી શકે તે માટે અમારી ચિલ્ડ્રન્સ ડિફેન્ડ એન્ડાવમેન્ટ પોલીસીમાં એનો વીમો ઉતરાવો.

ધી ન્યુ ઇંડિયા

એશ્યોરન્સ કંપની લિમિટેડ

મહાત્મા ગાંધી રોડ મુંબઈ. ૧

તમારાં બાળકો સુંદર ચિત્રો સજે એ તમને ગમે છે?

તો આજે જ મંગાવો

હિંદમાં જ બનેલી શુધ્ધ સ્વદેશી

રંગીન પેન્સિલો

લખો:

એકમે એજન્સીજ

(પેન્સિલો બનાવનારા)

મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,

કપાસિયા બજાર

અમદાવાદ ૨.

પેકીંગ કેસીસ, કેટસ, શૂકસ, વૂડન ફ્રેમ્સ અને રાઉન્ડ વૂડન સ્ટીકસના સ્પેશ્યાલીસ્ટ

કાન્તિ વૂડ વર્કસ

(લાકડાંના આગેવાન વેપારી)

પ્રો. કાન્તિલાલ વેલશીભાઇ શેઠ.

ઓફીસ, સો મીલ અને ફેકટરી:

કવે સ્ટ્રીટ, દારુખાના,

રે રોડ સ્ટેશન પાસે,

મુંબઇ ૧૦.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલા

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૫] મુંબઇ [ઓગષ્ટ, ૧૯૫૪

ઉપાધિ પછીના પૂર્વ પ્રાથમિક અધ્યાપન :

સંપાદકીય

કેટલાક દિવસો પહેલાં વડોદરા વિદ્યાપીઠે ઉપાધિ પછીનો પૂર્વ પ્રાથમિક અધ્યાપનનો શિક્ષણ ક્રમ યોજી આ પ્રકારના કાર્યની પ્રથમ શરુઆત કરીને નામના મેળવી. આ વિદ્યાપીઠનો આ અનુકરણીય દાખલો સામે રાખીને શ્રીમતિ નાથીબાઈ દામોદર ઠાકરશી સ્ત્રી વિદ્યાપીઠે પણ પોતાના ઉપાધિ પછીના અધ્યાપન શિક્ષણ ક્રમમાં પૂર્વ પ્રાથમિક અધ્યાપનનો સમાવેશ કર્યાનું જણાય છે. શ્રી. ના. દા. ઠા. સ્ત્રી વિદ્યાપીઠ માત્ર સ્ત્રિઓ માટે ચલાવવામાં આવેલું હોવાથી એમાં શિશુ કેળવણીને સ્થાન ન રહેવું એ વ્યાજબી નહોતું જણાતું. મુંબઇ રાજ્યમાં નૂતન બાળ શિક્ષણ સંઘ જેવી સંસ્થાના ૨૮ વર્ષના પ્રચાર કાર્યથી ૬ બાલ અધ્યાપન મંદિરો સ્થાપવામાં આવ્યાં છે. અને તેમાં ઉપાધિ પ્રાપ્ત કરેલી ઘણી સ્ત્રિઓ પદવ્યોત્તર બાલ અધ્યાપનની કોઇપણ ઠેકાણે સગવડ ન હોવાને લીધે દાખલ થાય છે. બીજું આ એક જ રાજ્યમાં દેશની અડધી શિશુ સંસ્થાઓની સંખ્યા હોવાથી અહીં શિશુ કેળવણી અંગેનું અધ્યાપન, તેમજ અધ્યયન અત્યારે ચાલુ છે, તે કરતાં વધુ ઉચ્ચ ભૂમિકાએ થવાની આવશ્યકતા દિવસે દિવસે વધતી જાય છે. એથી મોડે મોડે પણ આ કાર્ય માટે ના. દા. ઠા. વિદ્યાપીઠ આગળ આવી અને એણે પદવ્યોત્તર પૂર્વ પ્રાથમિક અધ્યાપન (B. T. with pre-primary) શિક્ષણ ક્રમ ઘડ્યો અને તેના પર વિદ્યાપીઠના સિંડીકેટે પોતાની મહોર મારી. આ વસ્તુ વિદ્યાપીઠની અને આ રાજ્યના શિશુ કેળવણીની પ્રગતિની દ્રષ્ટિએ અત્યન્ત ઉચિત થઇ છે એમ અમે માનીએ છીએ. શ્રી. ના. દા. ઠા. વિદ્યાપીઠને આ નવા ઉપક્રમ માટે અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

વડોદરામાં શિશુ ભારતીનો શિશુ મેળોઃ

વડોદરાની શિશુભારતી સંસ્થાના ઉપક્રમે ગયે વર્ષે બાલ અધ્યાપન મંદિર અને ત્યાંની 'નવી ધરતી' નામની હરિજન વસતીમાં એક બાળવાડી શરુ થઇ હતી. આ. વર્ષે આ બાળવાડીના એક ભાગ તરીકે સ્વાતંત્ર્ય દિનના શુભાવસરે એક આરોગ્ય કેન્દ્ર શરુ કરવામાં આવશે. આ આરોગ્ય કેન્દ્રની પૂર્વ તૈયારી રૂપે આ શિશુ મેળો ભરવાની યોજના ઘડી છે. તે માટે આ સંસ્થાની આજુબાજુમાં આવેલી હરિજન વસતીની તપાસ કરીને ત્યાંના પૂર્વ પ્રાથમિક ઉમરના બાળકોની નોંધ કરવામાં આવી છે. તેમજ બાળકોની કૌટુમ્બિક માહિતી પણ એકઠી કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. મેળામાં આ બધા બાળકોની વૈદ્યકીય તપાસ કરવાનો મોટો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તે માટે શહેરના પંદર જેટલા ડોકટરોની આ યોજનાને સહાયતા મળી છે. ડો. જયન્તિલાલ શાહ, ડો. સનતભાઇ શાહ, એ વડોદરાના બાળરોગ નિષ્ણાતો પણ તેમાં જોડાયા છે. આ

તપાસણી યથાશાસ્ત્રં થાય, તે માટે કેટલાંક પત્રકો બનાવવામાં આવ્યા છે. આ પત્રકો તૈયાર કરવામાં ડો. સૈયદ ફકરૂદીનની ઘણી મદદ મળી છે. મેળાનો સઘળો કાર્યક્રમ સફળ કરવાની દ્રષ્ટિએ વડોદરાની અગ્રગણ્ય સંસ્થાઓ અને કાર્યકર્તાઓનો સહકાર મેળવવામાં આવ્યો છે.

શિશુભારતીએ બાળવાડીની સાથે સાથે આરોગ્ય કેન્દ્ર ચલાવવાની જે યોજના ઘડી છે તે માટે મેળાનો કાર્યક્રમ ઉચિત જ છે. શિશુ કેળવણીના ઈતિહાસમાં બાળવાડી અને આરોગ્ય કેન્દ્રનો સંયોગ આપણા દેશના ગરીબ જનતાના બાળકોની પ્રશ્નોની દૃષ્ટિએ અત્યન્ત લાભકારક જણાશે. તેથી વડોદરાના આ પ્રયોગ માટે બાળપ્રેમીઓને ઘણી ઉત્સુકતા રહેશે. વડોદરાના કાર્યકર્તાઓને આ ઉપક્રમ માટે અમે અભિનંદન આપીએ છીએ અને જનતા એવા ઉપક્રમને અનેક હાથો વડે વધાવી લેશે એની અમારી ભલામણ છે.

પ્રકૃતિ પરિચાયક બાળ સાહિત્ય

છેલ્લાં કેટલાંક વર્ષોથી બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીએ મુંબઈ સરકારની આર્થિક સહાયથી મુંબઈ શહેર અને રાજ્યના બાળકો માટે એક નિસર્ગ અભ્યાસ યોજના ઘડી છે. આ યોજનામાં બાળક અને બાળ શિક્ષકો માટે એક સચિત્ર પુસ્તકમાળા શરુ કરવામાં આવી છે. તેનું પહેલું પુસ્તક હમણાં જ પ્રગટ થયું છે. આ પહેલા પુસ્તકનો વિષય છે 'આપણા પંખી.' એમાં ફ્લેયડ, પંખાનાચણ, રાખોડી ટિકટીકી, વેયું, કાબરચિતરો લક્કડખોદ, કોયલ, સામાન્ય ચાષ અને સામાન્ય તુતારી એવા ૮ પંખીઓની ટૂંકી પણ સુબોધ માહિતી આપવામાં આવી છે. પુસ્તકના છેલ્લા પાને આ પક્ષિઓના અંગ્રેજી, ગૂજરાતી, અને હિંદી નામો પણ આપવામાં આવ્યા છે તેથી કેટલાંક પક્ષિઓના ગૂજરાતીમાં અથવા અન્ય ભાષાઓમાં જે નામકરણ કરવા પડયાં છે, તે સમજવામાં અનુકૂળતા પડે છે. આ આઠેય પક્ષિઓના સુંદર ત્રિરંગી ચિત્રોને લીધે પુસ્તકની ઉપયોગિતા ઘણી વધી જાય છે. બાળ સાહિત્યમાં પક્ષી-પરિચયના વિષય પર એટલો વ્યવસ્થિત પ્રયત્ન આપણા દેશમાં કદાચ આ પહેલોજ હશે. પુસ્તકના અંદરના ચિત્રો, તેનું મુદ્રણ, કાગળની પસંદગી, વગેરે બાબતમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે, છતાં પુસ્તકનું મૂલ્ય પણ માત્ર દશ આના રાખવામાં આવ્યું છે. આ પુસ્તક મુખ્યત્વે માધ્યમિક શાળાના નાના કિશોરો માટે યોજવામાં આવી છે છતાં તેનો ઉપયોગ બાળમંદિરો અને પ્રાથમિક શાળાઓ જુદી જુદી રીતે કરી શકશે એમ અમને લાગે છે. આ પુસ્તકનો રુપરંગ જોયા પછી આપણાં દેશમાં પણ અંગ્રેજી બાળ સાહિત્યની જેમજ આકર્ષક પ્રકાશનો નીકળવા લાગ્યા છે એમ કહી શકાય. આ પ્રકારના સુંદર બાળ–સાહિત્ય તરફ અમે બાળ–સાહિત્ય રસિક જનતાનું પાસ લક્ષ્ય દોરીએ છીએ અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી અને મુંબઇ રાજ્ય સરકારને ધન્યવાદ ઘટે છે.

કેન્દ્રિય સરકારની બાળ-સાહિત્ય પારિતોષિક યોજના

જ્યાં જ્યાં બાળકો માટે ખાસ પુસ્તકાલયો અને વાચનાલયો ચલાવવામાં આવ્યા છે ત્યાં સર્વત્ર બાળ કલ્યાણ કાર્યકરોને જે એકજ અનુભવ થાય છે. તે એ કે બાળકો વાચનાલયના પુસ્તકો પર ટૂટી પડે છે. બાળકોની વાંચન–ક્ષુધાનો અનુભવ સુશિક્ષિત અને સમજુ વાલીઓને પણ ઘેર ઘેર એવો જ થાય છે. ચોમાસામાં ઈંડામાંથી બહાર પડેલી બચ્ચો જેમ પાંદડાનો ફડચો ઉડાવે છે તે રીતે આઠથી બાર વર્ષની ઉમરના બાળકો પુસ્તકો પછી પુસ્તકો લઈને વાંચી કાઢે છે. નવાં પુસ્તકો તેઓ માગે છે. એક બાજુએ બાળકોની આ પ્રકારની પ્રખર વાંચન ક્ષુધા અને બીજી બાજુએ આ પ્રશ્ન અંગે જનતાની, બાળ સાહિત્યિકોની અને સરકારની ઉપેક્ષા જોઇને અત્યન્ત ખેદ થાય છે. સરકારે, જેને સાધારણ રીતે વાંચનની ભૂખ હોતી નથી એવા પ્રૌઢો માટે વાચનાલયોની યોજના ઘડી છે. પરંતુ બાળકોને માત્ર આ યોજનામાંથી વંચિત રાખવામાં આવ્યા છે. 'ક્ષુધાર્તને પત્થર તો સંપન્નને મેવા' વાળી કહેવત ચરિતાર્થ થતી હોય એવો પ્રકાર સરકારના ધોરણમાં દેખાય છે.

બાળ સાહિત્યના ઉત્તેજનાર્થે કેન્દ્રિય સરકારે ઉત્તમ બાળ સાહિત્ય માટે પારિતોષિકોની યોજના જાહેર કરી છે. આ યોજના મુજબ ગયા માસની ૨૦ તારીખ સુધીમાં સન ૧૯૪૮ પછીના બાળ સાહિત્યના પ્રકાશનો દરેક રાજ્યના શિક્ષણ-નિયંત્રકો પર મોકલવા માટે કહેવામાં આવ્યું હતું. આ સાહિત્યમાંથી સૌથી શ્રેષ્ઠ સાહિત્ય રચનાને કેન્દ્રિય સરકાર પારિતોષિક આપશે, એટલું જ નહિ પણ એવી રચનાની કેટલીક પ્રતો પોતે ખરીદી લઇને આ જાતના સાહિત્યને પ્રોત્સાહન આપશે. હાલની પરિસ્થિતિમાં આ જાતનું પ્રોત્સાહન આપ્યા વિના સરકારથી

બીજું કાંઇ બની શકતું નથી એમ માનીએ તો પ્રૌઢોની કેળવણી પર અને તેમનાં વાચનાલયો પર સરકાર સારી રીતે સારી એવી રકમો ખર્ચી રહી છે. બાળ સાહિત્યને પ્રોત્સાહન કેવળ પારિતોષિકથી મળશે એમ અમને લાગતું નથી. બાળકો માટે ઉત્તમ પ્રકારનું સાહિત્ય પ્રગટ ન થવાના કારણો જ્યાં સુધી આપણે જાણી લેવાનો પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી તે દિશામાં પ્રગતિ નહિ જ થઈ શકે.

અમે માનીએ છીએ કે બાળકો માટે વ્યાયક વાચનાલયોની યોજના થયા વગર બાળસાહિત્યને પોષણ મળી શકશે નહિ. બીજુ જનતાને માર્ગ દર્શન કરવા માટે બાળસાહિત્યના સર્જનમાં દેખરેખ રાખીને તેને યોગ્ય રીતે સરકારે સહાયતા આપવી જોઇએ. ઉપર મુંબઇ રાજ્યે બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીને જે જાતનું પ્રોત્સાહન આપ્યું છે તેનાથી જે કાંઇ કાર્ય થવા પામ્યું છે તેનો અનુભવ આપણી સામે છે. સરકારે પોતે બાળ સાહિત્યની યોજના કરવા કરતાં આ ક્ષેત્રમાં જે સંસ્થાઓ અનુભવી અને ઉત્સાહી છે એમને ઉદાર હાથે મદદ આપવી જોઇએ એમ અમને લાગે છે. અમારી આ નમ્ર સૂચના ધ્યાનમાં લેવાય એમ અમે વિનંતિ કરીએ છીએ.

બાળમંદિરમાં કલાનું સ્થાન

બાલમંદિરમાં યોગ્ય શિક્ષણ વિષયક પૂર્વ ભૂમિકા સર્જવામાં અને બાળકોમાં સ્વયંસ્ફૂર્તિનું જીવંત વાતાવરણ રચવામાં કલાત્મક પ્રયોગો અને પ્રવૃત્તિઓનું અગ્રગણ્ય સ્થાન છે. આવી કલાવિષયક બાબતોનું નિયોજન તે વિષયની ઊંડી અભ્યાસાત્મક દ્રષ્ટિ અને અનુભવજન્ય સંશોધન માગી લે છે. કલાને વિશાળ સ્વરૂપે વિચારીએ તો સારોય સંસાર તેની અજબ પ્રતિભાથી વંચિત નહિ લાગે.

નાટયકલા, સંગીત, નૃત્ય, અભિનય ચિત્ર, કાતર કામ, કાગળકામ, માટીકામ, સીવણ, ભરત ગુંથણ વગેરે કલા–પ્રવૃત્તિઓ બાલમંદિરમાં આવકારપાત્ર છે. બાલમંદિરોએ થોડેવ-તે અંશે પણ આવી પ્રવૃત્તિઓની આવશ્યકતા સ્વીકારવી રહી. નિસર્ગના લીલાંછમ વૃક્ષો વિનાના આલિશાન મહેલ જેવી કલા વિનાની પરિસ્થિતિ થાય!

બાળક બાલમંદિરમાં પ્રવેશે ત્યારે, ભીંત પરનાં નાનાં મોટાં ચિત્રો, ફોટા, શણગાર, સુઘડ અને સ્વચ્છ વાતાવરણ તેમજ સાધન સાહિત્યોની કલાત્મક રીતની આકર્ષક ગોઠવણી તેના માનસ પર એક સરસ છાપ પાડે છે. વાતાવરણ અનુકૂળ લાગતાં બાળક ધીમે ધીમે આનંદથી આવતું થાય છે. સાથે સાથે વિશિષ્ટ સંગીત નૃત્યના રંગીલા વાતાવરણથી તેનો આત્મા કંઇક શાંતિ આનંદ અને એકાગ્રતાનો અનુભવ કરે છે. બાલમંદિરના આત્માને યોગ્ય રીતે સમજ્યા પછી બાળક સ્વાભાવિક ઉત્સાહભેર પોતાની સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિઓ દ્વારા ક્રમશઃ વિકાસના–ઘડતરના માર્ગે પ્રયાણ આદરે છે.

બાળકોની આ વિવિધ ઊર્મિઓને યોગ્ય રીતે સમજી તેનો પ્રગતિનો માર્ગ સરળ, સ્વચ્છ અને અનુકૂળ કરી આપવામાં સંસ્થાના શિક્ષકોએ સદાયે જાગૃત, અદ્યતન અને ઉત્સાહિત રહેવું પડે છે. આવી ભારે જવાબદારી ઉઠાવનાર શિક્ષકે માનસ શાસ્ત્રની દ્રષ્ટિએ અને સુક્ષ્મ અવલોકનની ટેવ કેળવવી રહી. આવી કળા વિષયક બાબતોના અભ્યાસ અને ચિંતન પછી શિક્ષકનું કાર્ય અત્યંત સરળ અને ઉર્ધ્વગામી બને છે. બાળકો સાથેના વ્યવહારમાં તે વધુ ઉપયોગી થાય છે એટલું જ નહિ પણ તેને પોતાનું કાર્ય અત્યંત રસિક અને પ્રેરણાદાયી માલુમ પડે છે.

જ્યારે જ્યારે કલા વિષે વિચારીએ છીએ ત્યારે બાલમંદિરમાં વિવિધ પ્રસંગો ને પ્રવૃત્તિમાંથી સર્જાતાં કલાત્મક દર્શનો દ્રષ્ટિ સમક્ષ આવી ખડાં થાય છે! સંગીતમાં હાથપગનો તાલ આપી અભિનય કરતાં ભુલકાંઓ, નૃત્ય કરતાં બાળકો, સ્વાભાવિક અંગમરોડથી રાસ લેતી બાળાઓ, નાટયકલામાં વકતૃત્વકળાથી ને હાવભાવથી પાઠ ભજવતાં નાના પાત્રો, સીધી લીટી પર ટટકતી ચાલે ચાલતાં બાળકો, આરીસામાં જોઇ માથું ઓળતાં બાળકો, ફૂલદાનીમાં ફૂલ ભરી ગોઠવતાં બાળકો, રંગોળીમાં રંગ પૂરતાં બાળકો, અને સુંદર ચિત્રો જોઇ નાચી ઉઠતાં બાળકો આ સૌમાં ઓછેવ-તે અંશે કલાદર્શન રહેલું છે.

સાચી કલાનું યથાર્થ જ્ઞાન ધરાવનાર કલારસિકો જીવનમાં અહીંતહીં અનેક સ્થળે આવી કલાસૃષ્ટિનો અનુ-

(અનુસંધાન કવર પેજ ૩ પર)

લેખાંક ૧૪મો

બાળકનું ગણિત શિક્ષણ

એકાંકી મૂળકૃત્યો.

આ પહેલાંના એ ત્રણ લેખમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર ને ભાગાકાર એ મૂળકૃત્યો સામુદાયિક રીતે બાળક આગળ કઇ રીતે રજૂ કરી શકાય તે આવી ગયું છે. બાલમંદિરમાં આ વિષય પ્રત્યક્ષ ચાલુ થયો એટલે તેની સાથે જ બાળકને એકાંકી મૂળકૃત્યો મોઢે થશે એવો પ્રયત્ન થવો જોઇએ. એકાંકી સરવાળો એટલે વધારેમાં વધારે નવ સંખ્યા સુધીની બે સંખ્યાઓ લક્ષ તેનાથી થતો સરવાળો. એકાંકી બાદબાકી એટલે જે બે સંખ્યાની બાદબાકીનો જવાબ નવ કે એ સંખ્યાથી વધારે ન હોય, એવી બાદબાકી. એકાંકી ગુણાકાર એટલે જ્યાં ગુણ્ય અને ગુણક વધારેમાં વધારે નવ સુધી જ હોય છે એવા પ્રકારનાં ગુણાકાર. આવા પ્રકારનાં ગુણાકારને જ આપણે ઘડિયા કહીએ છીએ. એકાંકી ભાગાકાર એટલે ભાજ્યને ભાજક વડે ભાગવાથી વધારેમાં વધારે નવ ઉત્તર આવે તેવો ભાગાકાર.

એકાંકી મૂળકૃત્યો મોઢે થવાં જોઈએ.

બાળકની ગણિતિક ગતિ વધારવાની દૃષ્ટિથી એકાંકી મૂળકૃત્યો મોઢે થાય એ મહત્વનું છે. જેમ જેમ એકાંકી મૂળકૃત્યો વધે છે તેમ તેમ સામુદાયિક રમતો અથવા તેના પહેલાંની રમતોના દાખલા બાળક જલદી જલદી કરી શકે છે. પણ આ મોઢે કરવું બાળકને કંટાળાજનક ન લાગે તે તરફ ખાસ ધ્યાન આપવું જોઇએ. મોન્ટેસોરી પધ્ધતિમાં આથી બાલસ્વભાવ ધ્યાનમાં લઈ અનેક પ્રકારનાં સાધનો યોજાયાં છે. તે વિષે આ લેખમાં કહીશ.

એકાંકી મૂળકૃત્યોની રમતોની યોજના.

આ સમગ્ર યોજનામાં કુલ ત્રણ પગથિયાં છે. (૧) પાટિયા રમત (૨) ટોપલી અને તકતાની રમત અને (૩) ટોપલીની રમત. આ દરેક પગથિયે સરવાળો બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ દરેક મૂળકૃત્યને લગતાં સાધનો યોજ્યાં છે. શરૂઆતમાં પ્રત્યક્ષ રાશિ પરથી, બીજાં પગથિયાંમાં માત્ર ચિન્હ પરથી એકાંકી મૂળકૃત્યો મોઢે કરવામાં મદદ થાય-છે. ત્રીજું પગથિયું એટલે ટોપલીની રમતમાં પાઠાન્તર, એક પ્રકારની પરીક્ષા લેવાય છે.

પાટિયાની રમતનાં સાધનો : સરવાળાનું પાટિયું.

૮" × ૧૪" એક લાકડાનું પાટિયું હોય છે જેની પર $\frac{3}{4}$" ચોરસનો આલેખ કાઢયો હોય છે. આ આલેખમાં કુલ ૧૦×૧૮ ચોરસ ખાના હોઇ સૌથી ઉપરનાં ખાનામાં ૧ થી ૧૮ સુધી અંક, એક ખાનામાં એક એ પ્રમાણે હોય છે. ૧ થી ૧૦ સુધીમાં અંક લાલ રંગમાં અને ૧૧ થી ૧૮ સુધીના અંક ભૂરા રંગમાં લખેલા હોય છે. જ્યાં પહેલાં દસ ખાનાં પૂરાં થાય છે ત્યાં એક ઉભી લાલ રંગની લીંટી દોરેલી હોય છે. આ સરવાળાનાં પાટિયા સાથે એકથી નવ સુધીની સંખ્યા બતાવનારી પટ્ટીઓની બે જોડ હોય છે તેમાંથી એક જોડ સંપૂર્ણપણે લાલ હોઇ તેની પર પોણે પોણે ઇંચને અંતરે ભૂરી લીંટી હોય છે. બીજી જોડ ભૂરા રંગની હોઇ તેની દરેક પટ્ટીને છેડે તે પટ્ટીનો અંક લાલ રંગમાં લખ્યો હોય છે. આ સિવાય નીચેનાં નમૂના પ્રમાણે બતાવેલી એકાંકી સરવાળાની ચિઠ્ઠીઓની પુસ્તિકાઓની જરૂર પડે છે.

એકાંએકી સરવાળો
૯ + ૧ =
૯ + ૨ =
૯ + ૩ =
૯ + ૪ =
૯ + ૫ =
૯ + ૬ =
૯ + ૭ =
૯ + ૮ =
૯ + ૯ =

આ ચિઠ્ઠી નવની અંદર એક ઉમેરવાથી માંડી નવ સુધીનાં સરવાળાની હોય છે. તે જ પ્રમાણે ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨ ને ૧ આ સંખ્યાની સરવાળાની ચિઠ્ઠીઓ ભેગી કરી સર્વ પ્રકારની એકાંકી સરવાળાની ચિઠ્ઠીની પુસ્તિકા બનાવી હોય છે. સરવાળાનાં પાટિયાં પર એકની આગળ બીજી રાશિ મૂકવાથી જે ઉત્તર આવે તે ઉત્તર બાળકો આ ચિઠ્ઠી પર લખે છે. પછી આ જવાબ ખરા છે કે નહિ તે પોતાની મેળે જ જાણી શકે તે માટે સરવાળાનો પહેલો તકતો ભીત પર લગાડવામાં આવ્યો હોય છે.

(અનુસંધાન પાના ૨૨ પર)

"જગત જંપે છે ત્યારે"

રાત્રિના દશ વાગ્યા છે. આજુબાજુનું વાતાવરણ શાંત છે. કોઇ વખત દૂરથી કોઇ કૂતરાના ભસવાનો અવાજ તો કોઇ વખત બાજુની ખુલ્લી જગામાં ફરતા કોઈ ગધેડાના ભૂંકવાનો અવાજ સંભળાય છે. તે સિવાય શાંતિ છે.

હું પણ થાકયો પાકયો હાથપગ ધોઇ પથારીમાં પડું છું. થાક તો એવો લાગ્યો છે અને આંખ પણ એવી ઘેરાય છે કે જાણે હમણાંજ ઊંઘી જઈશ પણ એમ ઊંઘ આવે કેમ ?....ત્યાં તો હૃદયમંદિરમાંથી આત્મ-રામ બોલતો સંભળાય છે કે "ભલા માણસ, આમ જાણે કે સાચા શ્રમજીવીની માફક યોગ્ય રીતે ભારે શ્રમ કરીને થાકયો પાકયો પથારીનો આશરો લેવા આવ્યો છે ત્યારે વિચાર તો ખરો કે આજનો આખોયે દિવસ યોગ્ય રીતે-ગાળ્યો છે ને ? બાળકોના શિક્ષક તરીકે તારી આજીવિકા મેળવે છે, તેમના મિત્ર હોવાનો, હિતેચ્છુ હોવાનો દાવો કરે છે અને તેમના પ્રત્યે અઢળક માયા મમતા રાખી રહ્યો છે તેવો મનમાં ફાંકો રાખે છે તો બાળકોને માટે આખાયે દિવસ દરમ્યાન તેં કર્યું શું ?" આ પ્રમાણે અંદરથી સળવળાટ થયો અને હું વિચારે ચડયો. ઊંઘ તો ઊડી ગઈ.

આખાયે દિવસ દરમ્યાનનું સવારથી માંડીને તે રાત્રે સૂતા સુધીના કાર્યનું એક ચિત્રપટ આંખ સામેથી પસાર થઈ ગયું. તેમાં બાળકોનાં ખરા હિતની દૃષ્ટિએ જે કાંઇ પણ ભલે પછી અલ્પ મારાથી બન્યું હોય તે ધારી ધારીને જોવા માટે મેં બહુ કોશીષ કરી પણ અફસોસ તેમાં હું સફળ ન થઈ શકયો.

કામ તો બધાં જ કર્યા. બાલમંદિરે ય ચલાવ્યું અને ટ્યુશનો પણ કર્યાં. બાળકોને ભાષા-ગણિતમાં સાધનો આપ્યા. અને કાતર કામ અને માટી કામ પણ આપ્યું. વાર્તાઓ કહી, ગીતો પણ ગાયા. અને અભિનય પણ કર્યા. સ્વચ્છતાની તપાસેય કરી અને નાસ્તો પણ આપ્યો. આવું આવું બધુંયે કર્યું. જરૂર કર્યું....પણ.... પણ અત્યારે આત્માની સાક્ષીએ વિચાર કરતાં લાગ્યું કે જે પ્રાણ સાથે, જે થનગનાટ સાથે, જે ઉત્સાહ સાથે આ બધુ કરવું જોઇતું હતું તે પ્રાણ, તે ઉત્સાહ કે તે થનગનાટ મારામાં કયાં હતો ? આ બધા કાર્ય દરમ્યાન મારી સામે બાળકો હતા. કેવા એ બાળકો ? સદાયે જીવંત, ચેતનવંતા, થનગનતા અને પ્રાણવાન. તેમની આ શક્તિઓનો પ્રવાહ ઝીલી એ પ્રવાહને વધારે ગતિમાન કરવા જેવું ચેતન મેં રાખ્યું હતું કે ? કે પછી ઉલ-ટાનું એ પ્રવાહનું રૂંધન થાય, પ્રાણ ઘીજી જાય અને ઉત્સાહ ઓસરી જાય તેવી ઠંડકતા, જડતા, પ્રમાદ અને આળસ જ મારી પાસેથી તેમને મળ્યા હતા ? હું કંપી ઉઠયો.

પણ આ બાળકો તો પ્રભુના પયગંબરો. બધું જે માફ કરે તેવા. થોડું મળતાં ખૂબ રીઝે એવા. જો કોઇ કોલેજના વિદ્યાર્થીઓ હોત અને પ્રોફેસરે જરાક ગાફેલ-પણું બતાવ્યું હોત કે પૂર્વ તૈયારીની ખામી બતાવી હોત તો ? તો તે પ્રોફેસરની જોવા જેવી જ બનત ને ? પણ આ તો બાળદેવો. જે આપીએ, જેવું આપીએ તો મૂંગે મોઢે ગળી જાય. એટલે મારા આખા દિવસનું ગાડું તો ગબડી ગયું. પણ કયાંએ મારાથી તેમનું હિત સાધવા માટે ધગશભર્યા પ્રયત્ન થયા હોય તેવું દેખાયું નહિ. મને થયું કે આમ કેમ થયું ? કારણમાં જણાયું કે મારામાં આખાયે દિવસ દરમ્યાન પ્રસન્નતાનો અભાવ રહયો હતો. મારી અંગત મૂઝવણો, મારી કૌટુમ્બિક જવાબદારીઓ, મારા જીવનના અસંતોષો વગેરે મારી પ્રસન્નતાને હરી ગયા હતા. અને પ્રસન્નતા વગર તો એક પણ કાર્ય એના સાચા સ્વરૂપમાં થાય જ કયાંથી ? ઉપર છલ્લી રીતે ખોટો ડોળ કરી, ખોટા હાસ્ય દ્વારા જાગૃત બનાવવાનો અને ઉત્સાહ રાખવાનો છીછરો પ્રયત્ન તો બાળકો સમક્ષ કરતો હતો પણ તેની અસર કયાં સુધી રહે ? બાળકો તો પારખું રહયા. મારા આ દંભને અને નિરુ-ત્સાહીપણાને તો પલકવારમાં પારખી ગયા અને પરિણામે સારાએ સમય દરમ્યાન મારાથી વિમુખ જ રહયા. આ વાત અત્યારે મારી નજર સામે તરવા લાગી. મનમાં દુઃખ થવા લાગ્યો. અને મને થયું કે આમ ન ચાલે-ન જ ચાલે. બાળદેવોની આરાધના આમ ન જ થાય.

આજીવિકા માટે કે ધનની લાલસા માટે કે અન્ય કોઇ દુન્યવી ઇચ્છાઓની તૃપ્તિ માટે ગમે તે જાતનો ધંધો કરનારા માણસોના જેટલો પણ જો હું જાગૃત ન રહું તો કેમ ચાલે ? પૈસાની હારજીત કરી રહેલા સટોડિયાની

શોભા— જે બાળકને માનું ધાવણ ધાવતાં અસંતોષ રહી ગયો હોય, અને ધાવણ ધાવ્યા જેવો સંતોષ મેળવ્યા કરવાની ઇચ્છા એને થયા જ કરતી હોય, તો તે બાળક અંગૂઠો ચૂસ્યા જ કરે છે.

રમા— આ તો તમે કંઇ નવી જ વાત કરી. ધાવણ ધાવવું, અને અંગૂઠો ચૂસવો, એ બંને વચ્ચેનો સંબંધ મને નથી સમજાતો.

શોભા— જુઓ હકીકત એમ છે કે જ્યારે બાળક ધાવણ ધાવે છે ત્યારે એની માના પયોધરની ડૂંડી એના બે હોઠ વચ્ચે એ રાખે છે. ત્યારે એ સ્પર્શથી એને જે સુખ મળે છે. તે વારંવાર મેળવવાની ઇચ્છા થઇ આવે છે. પછી તો અંગૂઠો ચૂસવાથી મઝા આવે, એવું ભાન થતાં જ વારંવાર સતત અંગૂઠો ચૂસ્યા કરે છે.

રમા— એટલે કે ડૂંડીને સ્થાને અંગૂઠો કે આંગળી આવી જાય.

શોભા— હા, આ કારણે જે સમય સુધી બાળકનો બધો આધાર ધાવણ પર હોય છે, તે સમય ઘણો અગત્યનો છે. જન્મ થયા પછી માનું દૂધ પીવાની ક્રિયા એ તેનું પ્રથમ પોતાના સિવાયની બીજી વ્યકિત સાથેનું વર્તન છે. તેથી મા અને બાળક વચ્ચે આ પ્રાથમિક સંબંધ .....સામાજિક સંબંધ પરથી નિશ્ચિત થાય છે. આ કારણે એ ક્રિયા કરતાં જો બાળકને સંતોષ મળે તો જે પ્રકારનું એનું ચારિત્ર્ય ઘડાય, તેના કરતાં તે વખતે અસંતોષાયેલાં બાળકનું ચારિત્ર્ય જુદા પ્રકારનું ઘડાય છે. ખરી રીતે તો આખા જીવન પર્યંત થનારા વર્તનો ધંધાની પસંદગી વિગેરેનું મૂળ, માના દૂધ પર આધાર રાખે છે.

રમા— માના દૂધની આટલી બધી ઊંડી અસર માણસના જીવન પર થાય છે.

શોભા— તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે, માણસનાં જુદા જુદા વલણો, તેની બાલ્યાવસ્થામાં તેણે કેવી રીતે માતાનું દૂધ મળ્યું છે. એ કારણોથી બાળકનું ઘડતર થાય છે. જે બાળકને ધાવણ ધાવતાં હેરાન કરવામાં ન આવ્યું હોય, અને શાંતિ હોય તો તે સર્જક અને આશાવાદી બને છે. કુશળતાથી કામ લેવાની આવડત અને વાસ્તવિકતાની સમજ એનામાં આવે છે.

રમા— તો જે બાળકને સંતોષપૂર્વક ધવડાવ્યું ન હોય તે તે શું નિરાશાવાદી બને?

શોભા— હા, એટલું જ નહીં પણ, અસંતોષાયેલું બાળક બચકાં ભરી, તેનો તે માટેનો ક્રોધ વ્યકત કરે છે. આમાંથી એને ચિઢિયા થઇ જવાનું વલણ બંધાય છે. જરાપણ મનોભગ્નતા કે નિરાશા તે સહન કરી શકતું નથી. મોટી ઉંમરે જ્યારે કંઈ મુશ્કેલીમાં આવી પડે, ત્યારે તેને વધારે પડતો આઘાત લાગે છે, અને આથી ઉદાસીન બની જાય છે, તેની હંમેશાં એક જ ફરિયાદ હોય છે, કે બીજા એને માટે કશું જ કરતાં નથી. તે અધીરો બની જાય છે, એને જ્યાં ત્યાં મુશ્કેલીઓ દેખાય છે. આખી જિંદગી પ્રત્યે ભયની નજર જુએ છે, તેને કશાથી સંતોષ નથી થતો. એનામાં અણગમો, અદેખાઇ, તિરસ્કાર, વધારે પડતો હોવાને કારણે, બીજાઓ પ્રત્યે કરડી નજર રાખી કાતિલ અને કડવી ભાષા જ વાપરે છે. તેને એમ જ લાગે છે કે, બધાં જ તેની વિરૂદ્ધમાં જ છે, અને તેને નુકસાન કરવા માગે છે. અસંતોષાયેલાં બાળકમાં બીજાઓ પ્રત્યે તિરસ્કારનું વલણ હોવાથી, તેને નખ કરડવાની પણ ટેવ પડે છે. એ ટેવની પાછળ, એના મનમાં બીજાઓ પ્રત્યેનો ખાસ કરીને મા પ્રત્યેનો ગુસ્સો એના મનમાં ભરેલો હોય છે. તે સીધી રીતે કાઢે, તો મનમાં ડંખ લાગે, તેથી તેમાંથી બચવા પોતાનો નખ કરડીને, અંદર ભરેલા ગુસ્સાનો ભાર હળવો કરે છે.

રમા— મોટા માણસો ય નખ કરડે છે (હસતાં) એના બાપા છાપું વાંચતા વાંચતા નખ કરડતાં જ હોય છે. હું પણ એક સ્ત્રીને ઓળખું છું, જે કદી નખ કાપવા માટે કાતર વાપરતી જ નથી. એકલી બેઠી હોય તો આપોઆપ એના દાંત નખ કરડવા મંડી પડે છે.

શોભા— કાતરનો બચાવ કર્યો કહેવાય નહીં?

રમા— એમ ન કરે તો એ બિચારા કરે પણ શું? મનમાં ભરેલો ગુસ્સો બહાર કાઢવાનું એક સાધન છે. એવું જોયું છે કે કેટલીક મા, બાળક મોટું થાય તો પણ ધવડાવ્યા કરે છે એથી બાળકને .....

શોભા— અરે બ્હેન, એથી તો બાળકને અત્યંત નુકસાન થાય છે. જુઓને એક છોકરીને તેની માએ ચાર વર્ષની થઈ ત્યાં સુધી ધવડાવ્યા જ કર્યું. તેથી આજે તે ત્રેવીસ વર્ષની થઇ છે, છતાં એકલાં સૂતાં બીક લાગે છે. એની માનો હાથ પકડીને જ સૂઇ જાય છે. અને તમને ખોટું ન લાગે તો કહું કે આજે પણ કોઇ કોઇ વખત એને ધાવવાનું મન થઇ જાય છે તેવું તેણે મને કહ્યું છે.

રમા— ત્યારે તો લાંબા વખત સુધી ધવડાવ્યું હોય તો, બાળકનો માનસિક વિકાસ અટકી જતો હશે જ ને?

શોભા— જે મા, પોતે વધુ પડતો રસ લઇ, ધવડાવ્યા કરે છે, તેનું બાળક મોટું થાય છતાં, તેનો રસ, તેમાં જ રહી જાય છે. આવું બાળક બીનજવાબદાર અને નિષ્ક્રિય બને છે. કમાવવાનો પણ પ્રયાસ કરવો એને ગમતો નથી. જીભ ગાલ કે ઓઠ ચૂસે છે. બાવાનો શોખીન બને છે. મોમાં આંગળી, બીડી કે ભૂંગળી મૂકયા વગર નખ કરડયા વગર, પેન્સિલ, પાન કે તમાકુ કે સોપારી ચાવ્યા વગર એના કામમાં ધ્યાન દઇ શકતો નથી..... ....

તમારા કહેવા પ્રમાણે તો જે માણસ પાન ચાવ્યા કરે છે કે બીડી પીધા કરે છે, તેનું કારણ ધાવવાનો અધુરો રહી ગએલો રસ છે.

રમા— તો ધાવણ ધાવવામાં રસ ન રહી જાય તે માટે શું કરવું જોઇએ?

શોભા— ધાવણ કયારે અને કેવી રીતે છોડાવવું તે બહુ અગત્યનું છે. જ્યારે બળજબરી કરવામાં આવે છે, ત્યારે બાળકમાં જે નાસીપાસો આવે છે, તેમાંથી તે મુકત થઇ શકતું નથી અને ધાવણ આપવાનું બંધ થતાં, તેને લાગે છે કે જે એનું હતું, તે એની પાસેથી પડાવી લેવામાં આવ્યું છે. એથી એને ઊંડો ઘા લાગે છે અને ભયગ્રસ્ત બને છે. જે એનું છે, તે કોઇ પડાવી લેશે, એ ચિંતામાં જ એનું મન ભમે છે. એવા ઘણાં માણસો છે, જે દિવસ અને રાત, ભયભીત અવસ્થામાં જ રહે છે. આથી બાળકને ભૂખ લાગે ત્યારે, એનો પોતાનો સંતોષ જે કુદરતી સંયમ પર છોડી દઈ, મા હેતથી ધવડાવે તો બાળક કુદરતી ક્રમે પોતે જ છોડી દે છે. જે મા, બાળકની વિશિષ્ટતાઓ, ખાસિયતો, જરૂરિયાતો, સમજી બાળકને તેના વિકાસમાં સહકાર આપે છે, તેને અનુકૂળ થઈ તેની મુશ્કેલીઓમાં, પોતાનું ધાર્યું કરાવવાને બદલે મદદ કરે છે તેવા માબાપના બાળકો અંગૂઠો ચૂસતા નથી, નખ કરડતાં નથી, હસ્તમૈથુન કરતાં નથી, તેવા બાળકો નિર્ભય અને સર્જક બને છે.

રમા— તમે જે કહ્યું, તે મેં પહેલાં જાણ્યું હોત તો! એવો ખ્યાલ મને ઉઠે છે. કાંઇ નહિ.

શોભા— "Better late than never"—બરાબર છે ને?

હું જાઉં હવે.

રમા—આવજો.

(‘ઑલ ઇન્ડિયા રેડિયો’ના સૌજન્યથી) —ડો. રમણલાલ પટેલ

‘શિક્ષણ-પત્રિકા’ના લવાજમ બાબત

શિક્ષણ-પત્રિકા’ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ ‘શિક્ષણ-પત્રિકા’ના નામે ન મોકલતાં **‘ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ’**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

સ્ફૂર્તિ અને સંજીવનપણું કે મીલ મજૂરોની મશીનમાં પોતાનો હાથ પગ ન આવી જાય તે જાતની સાવચેતી કે સાચા ઉદ્યમ પરાયણતાનો કામ પ્રત્યેનો અનુરાગ. આમાનું કાંઇએ જ્યારે શિક્ષક તરીકે ન રાખી શકાતું હોય તો શિક્ષક થવું જ શા માટે? અંગત ઉપાધીઓનો સામનો કરી સાચી રીતે અંતરને પ્રસન્ન રાખી પળેપળે જાગ્રત રહી બાલ શિક્ષણનું કાર્ય કરી શકાતું હોય તો જ તેમાં બાળકોનું સાચું હિત છે. એટલું જ નહિ પણ મારી પોતાની પણ સાચી જ ઉન્નતિ છે. એમ સ્પષ્ટ સમજાયું અને સારાથી પ્રભુને પ્રાર્થના થઇ ગઇ:

"तमसो मा ज्योतिर्गमय" આત્માએ સાક્ષી પૂરી અને મને નિરાંતે ઉંઘ આવી ગઇ:

—ગ. મો. ભારદ્વાજ

બાળકોની કુટેવો

[લેખાંક પહેલો]

રમા —આ છોકરાથી તો હું થાકી ગઈ.

શોભા —કેમ બ્હેન, એવું તે શું છે?

રમા —જ્યારે જુઓ ત્યારે એનો અંગૂઠો એ ચૂસતો જ હોય.

શોભા —પણ એમાં તમને શેનો થાક લાગી ગયો? અંગૂઠો ચૂસી ચૂસી એને થાક લાગવો જોઇએ.

રમા —એને તો કંઇ થાક લાગતો જ નથી. એન પર ગુસ્સો કરી કરી મારું તો માથું બાલી થઇ ગયું. પણ એ તો એની એ કુટેવ ચાલુ જ રાખે છે. મને તો એવી ચીડ આવે છે! બીજાંઓ પૂછે છે. 'તમારો છોકરો આટલો મોટો થયો, તો, પણ અંગૂઠો ચૂસે છે?' ત્યારે તો શરમની મારી હું કશું જ બોલી શકતી નથી.

શોભા —અંગૂઠો ચૂસે તેમાં તમને આટલી બધી શરમ ને ગુસ્સો કેમ આવે છે? એમાં તમારો છોકરો શું મોટું પાપ કરી નાખે છે?

રમા —શું એ ખોટું નથી? ન હોય તો બધાય છોકરાંઓ કેમ ચૂસતા નથી?

શોભા —તમારી ભૂલ થાય છે બ્હેન! બધાંય છોકરાં અંગૂઠો ચૂસે જ છે.

રમા —પણ તેઓ કંઇ મોટી ઉમર સુધી ચૂસ્યા કરે છે?

શોભા —તમારી એ વાત સાચી છે. મોટી ઉમરના છોકરાં ચાલતા અને બોલતા શીખ્યા પછી અંગૂઠો ચૂસવાનું ભૂલી જાય છે ત્યારે કેટલાક ચાલુ રાખે છે. તમને ખબર છે કે મોટી ઉમરના માણસો પણ અંગૂઠો ચૂસતા હોય છે.

રમા —હા. અમારી એક સગી એકવીસ બાવીસ વર્ષની થઇ હોવા છતાં અંગૂઠો ચૂસે છે. તેથી તો મારા છોકરામાં આ કુટેવ રહી જવાનો ડર મને લાગે છે.

શોભા —બ્હેન, મેં એવા સ્ત્રી પુરુષો જોયા છે જેમનું ધાર્યું ન થાય ત્યારે અજાણે અંગૂઠો કે આંગળાં એમના મોઢામાં ચાલી જાય છે. ઘણા મોટેરાં ઓને અંગૂઠો કે આંગળા મોઢામાં મૂકી દબાવવાની ટેવ આપણે જોઇએ છીએ ને?

રમા —સાચું કહું. મને પણ એવી જ ટેવ છે.

શોભા —તમારી એ ટેવને તમે કુટેવ નથી કહેતાં જ્યારે તમારો છોકરો અંગૂઠો ચૂસે છે, ત્યારે એને કુટેવ કહો છો, ખરું ને?

રમા —કુટેવ એટલા માટે કે જો તે મોટો થાય, તો પણ ચૂસ્યા જ કરે, તો કેવું ખરાબ કહેવાય? અને એ ટેવને કારણે સમાજમાં તે હલકો પડી જાય. એક મોટી ઉમરના માણસને અંગૂઠો ચૂસતાં જોઇએ, ત્યાર તે કેવું બેહૂદું દેખાય છે! એનું

એ વર્તન આપણને ખૂંચે છે. એ ચિત્રમાં કંઈ કદરૂપતા નથી પણ અસ્વભાવિકતા જરૂર છે.

શોભા —મોટી ઉંમરે માણસ બાટલી વડે દૂધ પીએ ત્યારે અણઘટતું લાગે ?

રમા —મારે તો મારા છોકરાની એ ટેવ છોડાવવી જ છે. પણ એ છોડતો નથી હું શું કરું ? મેં એને ઢોરનો માર માર્યો, અંગૂઠે કવીનાઇન લગાડયું, ડામ દીધો. હાથ બાંધી રાખ્યો, પણ કશું જ વળ્યું નહીં.

શોભા— જુઓ બેન, અંગૂઠો ચૂસવાની બાળકની જરૂરિયાતને બળજબરીથી અટકાવી દેવામાં આવે છે ત્યારે બાળકને ઘણું જ નુકસાન થાય છે. બાળક જે કંઇ કરે છે તે મઝા મેળવવા માટે કરે છે. તેથી જે મઝા મેળવવાની ઇચ્છાથી તે અંગૂઠો ચૂસે છે, તે અટકાવી દેતા, તેવી જાતની મઝા મેળવવા, એ ઝંખ્યા કરે છે અને આખરે તે વૃત્તિ, જનનેંદ્રિય સાથે રમત કરાવે છે. એ હસ્તમૈથુન કરતું થઇ જાય છે. અંગૂઠો ચૂસતો હતો ત્યારે જે મૂંઝવણ હતી, તેનાથી અનેક ગણી મૂંઝવણ માબાપની વધી જાય છે. એ અટકાવવા માબાપ બાળકને અટકાવે છે, ડોળા કાઢે છે, કપડા પહેરાવી રાખે છે છતાં તે જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તે ટેવ વધતી જાય છે.

રમા— એક દિવસ મારા મોટાં છોકરાને એ ખરાબ ટેવ બદલ મારી પડોશણે ધમકાવ્યો, ત્યારથી તે ચડ્ડી પહેર્યા વગર બહાર જતો નથી. મને તો થયું કે પાડોશણે ધમકાવ્યો, તેથી સારૂ થયું પણ તમારા કહેવા પ્રમાણે તો એને મોટું નુકસાન થયું.

શોભા— તમારા છોકરાંને એ ધમકીથી નુકસાન થયું છે, તે તો એ છોકરો મોટો થશે ત્યારે એને દેખાશે મોટી ઉમરના કોઇ માણસને કોઇ બીજાને તાવ આવેલો સાંભળી, એને પોતાને તાવ આવશે, તેમ થઇ આવતું. સામાન્ય શરદી થાય, અને એને ક્ષય થઈ જશે તેવી બીક લાગવા માંડે.

એક દિવસ એની જીભ પર એનો દાંત વાગી ગયો. અને એને કેન્સર થઇ જવાનો ડર લાગી ગયો. આમ મહિનામાં વીસ વખત તે જુદા જુદા ડોકટરો પાસે જઇ, શરીર તપાસરાવી આવતો. એ એક માનસિક રોગ છે. તેની ચિકિત્સા કરતાં એને જબ્બર આઘાત આપનાર એક પ્રસંગ યાદ આવ્યો. તે ચાર પાંચ વર્ષનો હતો, ત્યારે એના બાપે વારંવાર, ધમકાવ્યા હોવા છતાં એક દિવસ ઇંદ્રિય સાથે રમતાં રમતાં એના બાપ જોઇ ગયા. એનાં બાપે ગુસ્સે થઈને મોટાં કબાટમાં થોડીવાર પૂરી દીધો. એ વખતે બાળકનાં મનમાં કેવો ગભરાટ થયો હશે, એનો ખ્યાલ આપણે કરી શકીએ. કબાટમાં પૂરાઈ જતાં ઈંદ્રિય સાથેની રમત એ કાળું પાપ અને મૃત્યુનો ડર એના મનની મૂખ્ય ભૂમિકા થઇ ગયા. જ્યાં સુધી એણે મનોવિશ્લેષણ પધ્ધતિએ થતી સારવાર કરાવી નહીં ત્યાંસુધી કોઇ ભયંકર રોગ થઈ જશે. એ ડરથી પીડાયા કર્યો, અને લગ્ન પણ કરી શકયો નહિ.

રમા— આવા પ્રસંગોની જીવનભર આટલી ભારે અસર રહે છે, એવી તે માબાપને ખબર કયાંથી હોય ? અને ખબર હોય, તો પણ શું કરે ? આ બધું સાંભળીને મારી મૂંઝવણ વધી ગઇ છે.

શોભા— એટલા માટે જ હું કહું છું કે બાળકમાં એવી કોઈ કુટેવ દેખાતા, આવેશમાં આવી વર્તન કરવા કરતાં, એનામાં રહેલી જીવનશકિતમાં જે આપણે વિશ્વાસ રાખીએ, તો આવી મૂંઝવણો, આપોઆપ ચાલી જાય છે. બાળકની ઉછેરમાં જે માબાપ, બાળક પાસે ધાર્યું કરાવાને બદલે, બાળકને એની જીવનશકિતની ખીલવણીમાં જ મદદ કરે તો, કોઈ પણ કુટેવોનો ભોગ થયા વગર બાળકમાં સ્વસ્થતા, અને આત્મવિશ્વાસ આવે છે. આથી એક વખત ટેવ પડી ગયા પછી એ ટેવ છોડાવવાની બળજબરી કરવાને બદલે, ટેવ શા કારણે પડી છે તે, તરફ આપણું લક્ષ જવું જોઇએ.

રમા— તો મારા છોકરાને ટેવ પડવાનું શું કારણ હશે ?

શોભા— જે બાળકને માનું ધાવણ ધાવતાં અસંતોષ રહી ગયો હોય, અને ધાવણ ધોવા જેવો સંતોષ મેળવ્યા કરવાની ઇચ્છા એને થયા જ કરતી હોય, તો તે બાળક અંગૂઠો ચૂસ્યા જ કરે છે.

રમા— આ તો તમે કંઇ નવી જ વાત કરી. ધાવણ ધાવવું, અને અંગૂઠો ચૂસવો, એ બંને વચ્ચેનો સંબંધ મને નથી સમજાતો.

શોભા— જુઓ હકીકત એમ છે કે જ્યારે બાળક ધાવણ ધાવે છે ત્યારે એની માના પયોધરની ડૂંડી એના બે હોઠ વચ્ચે એ રાખે છે. ત્યારે એ સ્પર્શથી એને જે સુખ મળે છે. તે વારંવાર મેળવવાની ઇચ્છા થઇ આવે છે. પછી તો અંગૂઠો ચૂસવાથી મઝા આવે, એવું ભાન થતાં જ વારંવાર સતત અંગૂઠો ચૂસ્યા કરે છે.

રમા— એટલે કે ડૂંડીને સ્થાને અંગૂઠો કે આંગળી આવી જાય.

શોભા— હા, આ કારણે જે સમય સુધી બાળકનો બધો આધાર ધાવણ પર હોય છે, તે સમય ઘણો અગત્યનો છે. જન્મ થયા પછી માનું દૂધ પીવાની ક્રિયા એ તેનું પ્રથમ પોતાના સિવાયની બીજી વ્યકિત સાથેનું વર્તન છે. તેથી મા અને બાળક વચ્ચે આ પ્રાથમિક સંબંધ .....સામાજિક સંબંધ પરથી નિશ્ચિત થાય છે. આ કારણે એ ક્રિયા કરતાં જો, બાળકને સંતોષ મળે તો જે પ્રકારનું એનું ચારિત્ર્ય ઘડાય, તેના કરતાં તે વખતે અસંતોષાયેલાં બાળકનું ચારિત્ર્ય જુદા પ્રકારનું ઘડાય છે. ખરી રીતે તો આખા જીવન પર્યંત થનારા વર્તનો ધંધાની પસંદગી વિગેરેનું મૂળ, માના દૂધ પર આધાર રાખે છે.

રમા— માના દૂધની આટલી બધી ઊંડી અસર માણસના જીવન પર થાય છે.

શોભા— તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે, માણસનાં જુદા જુદા વલણો, તેની બાલ્યાવસ્થામાં તેણે કેવી રીતે માતાનું દૂધ મળ્યું છે. એ કારણોથી બાળકનું ઘડતર થાય છે. જે બાળકને ધાવણ ધાવતાં હેરાન કરવામાં ન આવ્યું હોય, અને શાંતિ હોય તો તે સર્જક અને આશાવાદી બને છે. કુશળતાથી કામ લેવાની આવડત અને વાસ્તવિકતાની સમજ એનામાં આવે છે.

રમા— તો જે બાળકને સંતોષપૂર્વક ધવડાવ્યું ન હોય તે તે શું નિરાશાવાદી બને ?

શોભા— હા, એટલું જ નહીં પણ, અસંતોષાયેલું બાળક બચકાં ભરી, તેનો તે માટેનો ક્રોધ વ્યકત કરે છે. આમાંથી એને ચિઢિયા થઇ જવાનું વલણ બંધાય છે. જરાપણ મનોભગ્નતા કે નિરાશા તે સહન કરી શકતું નથી. મોટી ઉંમરે જ્યારે કંઈ મુશ્કેલીમાં આવી પડે, ત્યારે તેને વધારે પડતો આઘાત લાગે છે, અને આથી ઉદાસીન બની જાય છે, તેની હંમેશાં એક જ ફરિયાદ હોય છે, કે બીજા એને માટે કશું જ કરતાં નથી. તે અધીરો બની જાય છે, એને જ્યાં ત્યાં મુશ્કેલીઓ દેખાય છે. આખી જિંદગી પ્રત્યે ભયની નજર જુએ છે, તેને કશાથી સંતોષ નથી થતો. એનામાં અણગમો, અદેખાઇ, તિરસ્કાર, વધારે પડતો હોવાને કારણે, બીજાઓ પ્રત્યે કરડી નજર રાખી કાતિલ અને કડવી ભાષા જ વાપરે છે. તેને એમ જ લાગે છે કે, બધાં જ તેની વિરૂદ્ધમાં જ છે, અને તેને નુકસાન કરવા માગે છે. અસંતોષાયેલાં બાળકમાં બીજાઓ પ્રત્યે તિરસ્કારનું વલણ હોવાથી, તેને નખ કરડવાની પણ ટેવ પડે છે. એ ટેવની પાછળ, એના મનમાં બીજાઓ પ્રત્યેનો ખાસ કરીને મા પ્રત્યેનો ગુસ્સો એના મનમાં ભરેલો હોય છે. તે સીધી રીતે કાઢે, તો મનમાં ડંખ લાગે, તેથી તેમાંથી બચવા પોતાનો નખ કરડીને, અંદર ભરેલા ગુસ્સાનો ભાર હળવો કરે છે.

રમા— મોટા માણસો ય નખ કરડે છે (હસતાં) એના બાપા છાપું વાંચતા વાંચતા નખ કરડતાં જ હોય છે. હું પણ એક સ્ત્રીને ઓળખું છું, જે કદી નખ કાપવા માટે કાતર વાપરતી જ નથી. એકલી બેઠી હોય તો આપોઆપ એના દાંત નખ કરડવા મંડી પડે છે.

શોભા— કાતરનો બચાવ કર્યો કહેવાય નહીં ?

રમા— એમ ન કરે તો એ બિચારા કરે પણ શું? મનમાં ભરેલો ગુસ્સો બહાર કાઢવાનું એક સાધન છે. એવું જોયું છે કે કેટલીક મા, બાળક મોટું થાય તો પણ ધવડાવ્યા કરે છે એથી બાળકને .....

શોભા— અરે બ્હેન, એથી તો બાળકને અત્યંત નુકસાન થાય છે. જુઓને એક છોકરીને તેની માએ ચાર વર્ષની થઈ ત્યાં સુધી ધવડાવ્યા જ કર્યું. તેથી આજે તે ત્રેવીસ વર્ષની થઇ છે, છતાં એકલાં સૂતાં બીક લાગે છે. એની માનો હાથ પકડીને જ સૂઇ જાય છે. અને તમને ખોટું ન લાગે તો કહું કે આજે પણ કોઇ કોઇ વખત એને ધાવવાનું મન થઇ જાય છે તેવું તેણે મને કહ્યું છે.

રમા— ત્યારે તો લાંબા વખત સુધી ધવડાવ્યું હોય તો, બાળકનો માનસિક વિકાસ અટકી જતો હશે જ ને?

શોભા— જે મા, પોતે વધુ પડતો રસ લઇ, ધવડાવ્યા કરે છે, તેનું બાળક મોટું થાય છતાં, તેનો રસ, તેમાં જ રહી જાય છે. આવું બાળક બીનજવાબદાર અને નિષ્ક્રિય બને છે. કમાવવાનો પણ પ્રયાસ કરવો એને ગમતો નથી. જીભ ગાલ કે ઓઠ ચૂસે છે. બાવાનો શોખીન બને છે. મોમાં આંગળી, બીડી કે ભૂંગળી મૂક્યા વગર નખ કરડ્યા વગર, પેન્સિલ, પાન કે તમાકુ કે સોપારી ચાવ્યા વગર એના કામમાં ધ્યાન દઇ શકતો નથી... ....

તમારા કહેવા પ્રમાણે તો જે માણસ પાન ચાવ્યા કરે છે કે બીડી પીધા કરે છે, તેનું કારણ ધાવવાનો અધુરો રહી ગયેલો રસ છે.

(‘ઑલ ઇન્ડિયા રેડિયો’ના સૌજન્યથી)

રમા— તો ધાવણ ધાવવામાં રસ ન રહી જાય તે માટે શું કરવું જોઇએ?

શોભા— ધાવણ ક્યારે અને કેવી રીતે છોડાવવું તે બહુ અગત્યનું છે. જ્યારે બળજબરી કરવામાં આવે છે, ત્યારે બાળકમાં જે નાસીપાસો આવે છે, તેમાંથી તે મુક્ત થઇ શકતું નથી અને ધાવણ આપવાનું બંધ થતાં, તેને લાગે છે કે જે એનું હતું, તે એની પાસેથી પડાવી લેવામાં આવ્યું છે. એથી એને ઊંડો ઘા લાગે છે અને ભયગ્રસ્ત બને છે. જે એનું છે, તે કોઇ પડાવી લેશે, એ ચિંતામાં જ એનું મન ભમે છે. એવા ઘણાં માણસો છે, જે દિવસ અને રાત, ભયભીત અવસ્થામાં જ રહે છે. આથી બાળકને ભૂખ લાગે ત્યારે, એનો પોતાનો સંતોષ જે કુદરતી સંયમ પર છોડી દઈ, મા હેતથી ધવડાવે તો બાળક કુદરતી ક્રમે પોતે જ છોડી દે છે. જે મા, બાળકની વિશિષ્ટતાઓ, ખાસિયતો, જરૂરિયાતો, સમજી બાળકને તેના વિકાસમાં સહકાર આપે છે, તેને અનુકૂળ થઈ તેની મુશ્કેલીઓમાં, પોતાનું ધાર્યું કરાવવાને બદલે મદદ કરે છે તેવા માબાપના બાળકો અંગૂઠો ચૂસતા નથી, નખ કરડતાં નથી, હસ્તમૈથુન કરતાં નથી, તેવા બાળકો નિર્ભય અને સર્જક બને છે.

રમા— તમે જે કહ્યું, તે મેં પહેલાં જાણ્યું હોત તો! એવો ખ્યાલ મને ઉઠે છે. કાંઇ નહિ.

શોભા— “Better late than never”—બરાબર છે ને?

હું જાઉં હવે.

રમા—આવજો.

—ડો. રમણલાલ પટેલ

‘શિક્ષણ–પત્રિકા’ના લવાજમ બાબત

‘શિક્ષણ-પત્રિકા’ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ ‘શિક્ષણ–પત્રિકા’ના નામે ન મોકલતાં **‘ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ’**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —**વ્યવસ્થાપક.**

કલ્યાણ કાર્યની મર્યાદા

ભારત સરકારની પ્રેરણાથી શ્રી દુર્ગાબાઇ દેશમુખનાં અધ્યક્ષસ્થાન નીચે કેન્દ્રિય સોશ્યલ વેલ્ફેર બોર્ડ સ્થપાયા પછી સમાજ-કલ્યાણ-કાર્યની યોજનાને અને કલ્પનાને પ્રોત્સાહન મળવાની શકયતા ઉત્પન્ન થઇ છે. અત્યાર સુધી આપણા દેશમાં અનેક સંસ્થાઓ આ પ્રકારનું કાર્ય કરી રહી હતી. તેઓના આ પ્રયત્નને મદદ કરવા માટે ભારતમાં કુલ ૩૦૦ કલ્યાણવિકાસ યોજનાઓ શરુ કરવાની ઘોષણા થોડા મહિના પહેલાં શ્રી. દુર્ગાબાઇએ કરી હતી.

આ ૩૦૦ યોજનાઓમાંથી ફકત ૧૭ યોજનાઓ મુંબઇ રાજ્યને ભાગે આવવાનો સંભવ છે એમ શ્રી. દુર્ગાબાઇએ અહીં બોલાવેલી સામાજિક કાર્યકર્તાઓની સભામાં કહ્યું હતું. આ પ્રત્યેક યોજનાની રૂપરેખા આપતાં તેઓ બોલ્યાં, 'એક યોજનામાં ૨૦ હજાર લોકવસ્તીવાળાં લગભગ ૨૦ ગામડાંઓ આવશે.' આ યોજના માટે આવતા બે વર્ષમાં કુલ ૫૦ હજાર રૂપિયા ખર્ચ થશે એવી કલ્પના છે. આમાંથી અડધી રકમ દાનનાં રૂપમાં કેન્દ્રિય સોશ્યલ વેલફેર બોર્ડ આપશે અને બીજી અડધી રકમ સંસ્થાએ પોતે જ મેળવવી પડશે. આ યોજના પાર પાડવા જે સંસ્થાઓ ચૂંટાશે તેને નીચેનો કાર્યો કરવા પડશે :— (૧) યોજનાનાં ક્ષેત્રની તપાસ કરવી. (૨) આ ક્ષેત્રમાં યોગ્ય કામની ચૂંટણી કરવી. (૩) તે માટે યોગ્ય કાર્યકર્તાઓ નીમવા. (૪) કેન્દ્રિય સોશ્યલ વેલ્ફેર બોર્ડના નિયંત્રણ નીચે કાર્યપર દેખરેખ રાખવી. શરૂઆતમાં આ કાર્ય (૧) બાલકલ્યાણ (૨) સ્ત્રી કલ્યાણ (૩) વિકૃત બાળકોનું સંવર્ધન (૪) અપંગ બાળકોનું સંવર્ધન; આ ચાર ક્ષેત્રવિભાગ પૂરતું મર્યાદિત રાખવામાં આવશે

કેન્દ્રિય સોશ્યલ વેલ્ફેર બોર્ડની કલ્યાણ યોજનાની રૂપરેખા ધ્યાનમાં લઇ કલ્યાણ કાર્યની દ્રષ્ટિએ આપણાથી શું શું કરી શકાય તેની વિચારણા કરવા માટે આ લેખ લખાયો છે. મને ગ્રામ્ય જીવનનો અનુભવ નથી, પણ બોર્ડીમાં શ્રી. તારાબેન મોડકની પ્રેરણાથી નૂતન બાળ શિક્ષણ સંઘે જે ગ્રામ-બાલશિક્ષા કેન્દ્ર શરૂ કર્યું છે તે કાર્યનો અને શ્રી. સરલાદેવી દ્વારા અમદાવાદ પાસે કોબા ગામમાં કસ્તુરબા રાષ્ટ્રીય-સ્મારકનું ગ્રામ કલ્યાણનું જે કાર્ય થઇ રહ્યું છે તેનો અપ્રત્યક્ષ અનુભવ મળ્યો છે. તેને આધારે જ આ વિષય સંબંધી હું ટૂંકમાં મારા વિચારો મૂકું છું.

કલ્યાણ કાર્યમાં કુટુંબ, સ્ત્રી ને બાળકોનાં કલ્યાણ સંબંધી આપણે આપણી કલ્પના વિકસાવી છે. તેમાં કુટુંબને વૈદ્યકીય મદદ આપવાની દ્રષ્ટિથી યોજના કરવી; બાળકનાં સંવર્ધન અને શિક્ષણનો પ્રશ્ન ઉકેલવો, લોકોમાં આરોગ્ય સંવર્ધક ટેવો ઉત્પન્ન કરવી અને લોકરંજનને યોગ્ય વલણ આપવું અને તેમનાં દુઃખ અને મુશ્કેલીઓનો વિચાર કરી તેમને યોગ્ય માર્ગદર્શન આપવું વગેરે કામોનો સમાવેશ કરીએ છીએ. શહેરોમાં મજૂરકલ્યાણ કેન્દ્રો આ પ્રકારનું કામ વર્ષોથી કરતાં આવ્યાં છે. તેમનાં અનુભવમાંથી થોડાક ફાયદા આપણને ગ્રામ્ય જનતાની કલ્યાણ યોજનામાં જરૂરી થશે પરિસ્થિતિને લઇને ગ્રામ્ય જનતાનો કલ્યાણનો પ્રશ્ન શહેરની કલ્યાણ યોજનાઓ કરતાં કંઇક જુદા સ્વરૂપનો છે.

ગ્રામ્ય વિભાગમાં જેને પોતાની ખેતી નથી, પોતાનો ધંધો નથી એવો પોતાની આજીવિકા માટે ફરતી મોલમજૂરી કરનારો વર્ગ આર્થિક દ્રષ્ટિએ એટલો નબળી અવસ્થાએ પહોંચ્યો છે કે તેના જીવનમાં કઇ રીતે જીવાશે તે સિવાયનાં બીજા કોઇ વિચારો આવી શકતા નથી. આવા લોકો માટે કલ્યાણ કાર્ય એટલે વૈદ્યકીય મદદ આપવાથી અથવા શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વધારવાથી પણ તેમનાં જીવનને તે સ્પર્શ કરી શકતી નથી. આ બધી વસ્તુઓ તેમને મહત્વની લાગતી નથી.

ફરતું દવાખાનું રાખી વૈદ્યકીય મદદ વ્યવસ્થિત રીતે જો આપણે આપી શકીએ તો પણ જ્યાં સુધી આપણે તેમનાં રોગનું મૂળ ધ્યાનમાં લઇએ નહિ ત્યાં સુધી આપણે જે વૈદ્યકીય મદદ આપીએ તેનો ખાસ ઉપયોગ રહેતો નથી એટલું જ નહિ પણ કોઇવાર તો એમ થાય છે કે, ફરતાં દવાખાનાંનો ખર્ચ આપણે નકકામો જ કરતાં હોઇએ છીએ. આવા લોકોના બાળકો માટે જો આપણે બાલવાડીઓ કાઢીએ, પ્રાથમિક શાળાઓ કાઢીએ અથવા સાક્ષરતા પ્રચાર કે સામાજિક શિક્ષણનાં વર્ગ કાઢીએ તો પણ તેનો કોઇ જાતનો ઉપયોગ જણાતો નથી અને તેથી કાર્યકર્તાઓનાં

મનમાં પોતાના કાર્ય પ્રત્યેની શ્રધ્ધા ડગમગી જાય છે. તેથી ગ્રામ્ય વિભાગ માટેની કલ્યાણ યોજનાઓનો જુદા જ દ્રષ્ટિકોણથી વિચાર કરવો જોઈએ.

બોર્ડીની આસપાસ જે ભાગોમાં પૂ. તારાબેનનું કાર્ય ચાલે છે તેમાંની એક ઝુપડીનાં આંગણામાં બેસી એક દિવસ અમે આદિવાસી લોકો સાથે ગપ્પા મારતા બેઠા હતા. સાંજનો સમય હતો. ચોમાસાનો વખત હતો. એટલે તેએ ને બેતરમાં ડાંગર રોપણીનું કામ મળ્યું હતું. દિવસભર મજૂરી કર્યા પછી તેમાના એક જણને બાર આના મળ્યા હતા. એ લઇ તે મોદીની દુકાનેથી હમણાં જ પાછો આવ્યો હતો. તેના હાથમાં મીઠા તેલની આટલી હતી. તેમ જ એક પડીકામાં મીઠું, મરચું ને મગ હતા. આ વસ્તુઓ આમ જ જોઇને તેની કિમત પૂછવાનું અમારામાંથી એક જણે શરૂ કર્યું. તે તેલમાં કંઈક વાસ આવતી હતી. મીઠું કાળુ મેશ હતું, મરચું પણ જૂનુ પૂરાણું અને મગ પણ હલકા પ્રકારનાં હતાં. દિવસભર શ્રમ કરી મેળવેલા પૈસાનું કુપોષક અન્નમાં રૂપાન્તર થએલું જોઇ મારા મિત્ર બોલ્યા, "આ લોકોને કુપોષક અને પૂરતું અન્ન નહિ મળવાથી તમારી દવાઓ કે વૈદ્યકીય મદદથી અહીં કેટલું અને કઇ જાતનું કલ્યાણ થઇ શકશે તે શુ ચોખ્ખું દેખાઇ આવતુ નથી?" તમારી દરેક શિક્ષણ સંસ્થા અને સામાજિક સંસ્થાની આ ઉપરછલ્લી મલમપટ્ટી ચાલે છે. હેલ્થ આફિસર અને વેલફેર ઓફિસર, શિક્ષક, શિક્ષિકા અહીના સમાજના મૂળભૂત પ્રશ્નને જ્યાંસુધી હાથમાં લેશે નહિ ત્યાં સુધી કલ્યાણ યોજના માટે કાઢી રાખેલાં બધા પૈસા નકકામા જ જશે."

બીજા મિત્ર બોલ્યા, 'આપણાં કાર્યક્ષેત્રની પ્રત્યક્ષ પરિસ્થિતિ સામે આંખો બંધ કરવાથી ચાલશે નહિ. અહી આજુબાજુના સો-સવાસો ઝુંપડીનાં આ લોકોનો સહકાર સાધીને તેમને માટે એક સહકારી દુકાન ચલાવવી તે પણ એક કલ્યાણ કાર્ય જ માની શકાય. ' મને લાગે છે,' તે બોલ્યા, 'આપણે આપણી કલ્યાણ કાર્યની કલ્પના બદલવી જોઇએ. આ લોકોનો મુખ્ય પ્રશ્ન એ છે કે એમની ઉત્પાદનશકિત વધારવી. તેમની જે કંઇ આર્થિક ઉપજ હશે તેટલામાંથી જ તેમના જીવનની અત્યંત જરૂરી વસ્તુઓ યોગ્ય ભાવે અને સારા પ્રકારની તેમને મેળવી આપવામાં મદદ કરવી, તેનો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરાય તેનું શિક્ષણ આપવું, આ જ વસ્તુઓ પ્રથમ મહત્વની છે. આ લોકોને રોજ મજૂરી મળશે જ એની ખાત્રી ન હોવાથી શકય તેટલાં ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગ નાં 'કેન્દ્રો ચલાવી તેમને મજૂરી મળે એમ કરવામાં પણ એક કલ્યાણ યોજનાનું કાર્ય જ થઇ શકે છે એમ સમજવું. આ બધીં સંસ્થાઓ સહકારી પદ્ધતિથી ચલાવવાથી લોકોનો રોજને રોજ સંસ્થા સાથે પ્રત્યક્ષ સંબંધ રહેશે અને આ પછી આ પ્રકારની સંસ્થા દ્વારા બીજાં કલ્યાણકાર્યની યોજનાઓ આપણે આ લોકોનાં સહકારથી યશસ્વી કરી શકીશું.'

કેન્દ્રિય સોશ્યલ વેલ્ફર બોર્ડની કલ્યાણ યોજનામાં દરેક કેન્દ્રને એક જીપ ગાડી આપવી એવી કલ્પના છે, તે ખૂબ મહત્વની છે. કારણ થોડા કાર્યકર્તાઓ પાસેથી અનેક ઠેકાણે કાર્ય ચાલુ રાખવું હોય તો તેઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ આવવા જવાની સગવડ મળી જ જોઇએ. બોર્ડની યોજના પ્રમાણે વીસ ગામડાંઓ વચ્ચે કલ્યાણ કાર્ય માટે એક વર્ષમાં આપણને ૨૫ હજાર સુધીનાં ખર્ચની છૂટ આપશે. આમાંથી 'જીપ' નો વાર્ષિક ખર્ચ આશરે ચાર હજાર બાદ કરતાં કલ્યાણ કાર્ય માટે ૨૧ હજાર રૂપિયા આપણને મળશે.

આ રકમમાંથી પહેલા વર્ષમાં નીચે પ્રમાણે સંસ્થાઓ ચલાવી શકાશે :

(૧) કેન્દ્રિય સંસ્થા : અહીં પારણાંઘર, બાલવાડી, સ્ત્રીઓ માટે ઉદ્યોગમંદિર, પ્રસુતિગૃહ, વેચાણકેન્દ્ર, ટેમ્બલ ડિસ્પેન્સરી વગેરે સંસ્થાના અંતર્ભાવ હશે

(૨) ઉપકેન્દ્રો

ઉપકેન્દ્રમાં જીવનોપયોગી વસ્તુનું વેચાણ કેન્દ્ર; ટેમ્બલ ડિસ્પેન્સરી, અંશતઃ ઉદ્યોગ મંદિર. આ સંસ્થા પહેલાં વર્ષમાં ચલાવી બીજા વર્ષમાં આ કેન્દ્રમાં દરેક ગામડાની પરિસ્થિતિ પ્રમાણે હજુ વધારે રચનાત્મક કાર્ય કરી શકાશે, વિક્રી કેન્દ્ર અને ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે કંઇ ફાયદો થશે તેનો ઉપયોગ કેન્દ્રનો વિસ્તાર કરવા માટે વાપરી શકાય. બીજા વર્ષના કાર્યક્રમમાં આ કેન્દ્રના કાર્યમાં હજુ વધારો કરી શકાશે અને તેનો પણ મૂળ કેન્દ્ર પ્રમાણે વિસ્તાર કરી શકાશે. આ સર્વ કાર્યમાં 'જીપ' ગાડીનો કેટલો જુદો ઉપયોગ થઇ શકશે એ કહે-

વાની જરૂર નથી. માલ અને માણસો લઇ જવા લાવવા માટે કદાચ એક ગાડી પણ પૂરતી ન કહેવાય. મુખ્ય કેન્દ્ર અને ઉપકેન્દ્રના કાર્ય વિષેની ચર્ચા હવે પછીના લેખમાં કરીશ.

શરૂઆતમાં કહ્યા પ્રમાણે આ લેખ વાંચીને કોઈને આ સંબંધી કંઇ સૂચના કરવી હોય તો મને તે ઘણી ઉપયોગી થશે. તો આ માટેની સૂચનાઓ ગ્રામ્ય-કાર્યકર્તાઓએ જરૂર મોકલી આપવી. —શેષ નામલે

બાળનાટકોનું આયોજન

બાળનાટક રજૂ કરતાં આપણે ખ્યાલ રાખવો જોઇએ કે આ નાટક મોટાં માટે નથી પણ બાળકો માટે જ છે. અને જેમ બને તેમ બાળનટો જ એમાં ભાગ લે એ પણ જરુરી વાત છે.

બાળનાટકના ગુણ બાળવાર્તાના ગુણને જ મળતા આવે છે. પણ આખીએ બાળવાર્તા રંગભૂમિ પર રજૂ કરવાના કોણથી જોવી પડે અને રજૂઆત કેમ કરી વધારે રસમય બને એ ધ્યાનમાં રાખવું પડે જેમ બને તેમ વધારે બાળકોને રંગભૂમિ પર આવવાનો અવકાશ મળે તે ધ્યાનમાં રાખીએ તો આખી પ્રવૃત્તિ વધારે બાલોપયોગી થઇ પડે. પણ વાર્તાને વધારે સચોટ રીતે રજૂ કરવા થોડાં પાત્રોથી જ ચલાવવું યોગ્ય હોય તો એમ કરવું યોગ્ય છે. ઘણીવાર લોકો સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરાતાં બાળનાટકોમાં બાળનટોની સંખ્યા જરુર પૂરતી મર્યાદિત હોય તો કાર્ય સરલ અને સુંદર થઇ શકે છે.

બાળનાટક કરતાં પહેલાં :

નાટકની વાર્તા પસંદ કરાય કે નિર્માણ કાર્ય કરનારે પોતાનાં નટો મેળવવાનું કાર્ય શરુ કરવું રહે. બાળનટો પસંદ કરવાનું સુક્ષ્મ છે એમાં કંઇ શંકા નથી. બાળકના હલન ચલન અને પ્રવૃત્તિઓની બરાબર નોંધ રાખીએ અને અભ્યાસ કરીએ તો બાળકના વ્યકિતત્વનો આપણને સહેજે ખ્યાલ આવી જાય. જે બાળકનું જેવું વ્યકિતત્વ હોય તેવા પાત્ર માટે એને પસંદગી આપવી. આ રીતે પાત્રો પસંદ કરાય કે તરત જ આખા સમુહને નાટકના હેતુ ઉપર જ એકત્ર કરવો એ મુખ્ય કાર્ય છે. જેટલાં બાળકો એક નાટકમાં કામ કરવાનાં હોય તેમની અંદર મિત્રાચારી અને સહકાર્યની ગાંઠ હોવી જોઇએ. આ સંબંધ એમને શરુઆતમાં આ ટોળામાં બાળકો એક બીજા સાથે બંધનપણે ન બેસી શકે, એક બીજાના દ્રષ્ટિકોણ સમજી ન પણ શકે અને તેથી જ નાના નાના ઝગડા થાય. આવા ઝગડાથી નિરાશ થઇને કાર્ય છોડી મૂકવાનું મન પણ કાર્યકરને થાય એ સ્વાભાવિક છે. પણ આવા નાના ઝગડાના અંતે ઉલટી વધારે સમજ પેદા થાય છે. ખરી રીત તો એ છે કે ઝગડો કરનાર બન્ને વ્યકિતના અંતરની ગૂંચ ઉકેલી નાખવી. ત્યારે બાળનટો એ મોટા નટોથી જુદા છે એ ધ્યાનમાં રાખવું અને એમની સાથેનો વ્યવહાર પણ વધારે વિચાર કરીને કરવો. આ પ્રસંગે એક વસ્તુ લક્ષમાં રાખી હોય તો સારું કે બાળક કદીય અસામાજિક બનવા નથી માંગતુ પરંતુ એના અંતરની ગૂંચ એને અસામાજિક બનાવે છે. અમારા બાલનટઘરમાં અમે પહેલા બે મહિના તો આખા ટોળાને એક ખાસ દોસ્તદારની ટોળકી બનાવવામાં કાઢીએ છીએ. નીચેની નોંધ બે બાળનટો વિષે છે અને રસ પડે એવી છે.

નટ : શઇદ અને મહેશ શુકલ.
(ઉમર ૧૦) (ઉમર ૧૦)

વિષય : બન્નેની તકરાર

કારણ : બન્નેને પોતાનું મહત્વ બતાવવું જોઇએ. બન્નેને ઘણીયવાર અવકાશ ન મળે.

ઉપાય : થોડાં અઠવાડિયાં પછી શઇદને એને લાયક તલવારબાજીનું કામ અપાયું... મહેશને તાલનું ભાન વધારે એટલે એને ઢોલક મળ્યું.

પરિણામ : તકરારની નોંધ

અઠવાડિયું :	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
તકરારની સંખ્યા :	૩	૩	૨	૩	૨	૨	૧			

(અનુસંધાન પાના ૨૧ પર)



પ્રિય દોસ્તો,

હવે તો વરસાદની રમઝટ ઉડે છે. વાદળાં ઘનઘોર છવાઇ જાય છે. વરસાદનાં ઝાપટાં સમ સમાવીને પડે છે. ચારે કોર લીલું ઘાસ ફૂટી નીકળ્યું છે. અમે અમારા આંગણે મોટાં પાનની વેલ વાવી છે. આજ છ સાત દિવસ થયા. બેચાર દિવસ વેલ ફૂટી જ નહિ. અમને થયું કે હવે વેલ ફૂટે જ નહિ. પણ એક દિવસ વહેલી સવારે ઉઠીને જોયું તો એક વેલને કુંપળ ફૂટેલી. પછી બે ત્રણ દિવસમાં બધી વેલ ફૂટી ગઇ. તમારે વવાય એવું આંગણું હોય તો તમે પણ વાવજો. બાગકામ કરવામાં બહુ મઝા આવે છે.

ચોમાસાના દિવસોમાં અમારા ઘરની સામેના આંબાના ઝાડની આજુબાજુ થોડા નવાં દોસ્તે આવે છે. એ કોણ, બબર છે તમને? એ છે અમને દૂધ આપી જતી કમુ રબારણની ગાઇનાં વાછરડાં. ધોળાં ધોળાં શંખલા જેવાં નાનાં વાછરડાં ગજબનો ગેલ કરે છે. એક ખૂણેથી બીજે ખૂણે દોડે. પકડવા જઇએ તો પકડાય જ નહિ. પણ ઘાસ બતાવીએ તો પાસે આવી ને બાવા માંડે. વાછરડાં સાથે દોસ્તી કરવાની મઝા આવે છે. આવાં તો અમારા ઘરની આજુબાજુ ઘણા દોસ્તો છે. આવતા અંકે બીજની વાત.

તમારા પત્રો આવે છે. તમે ગયા વખતના 'પતંગિયા'ના કોયડાનો જવાબ જાણવા બહુ તલપાપડ છોને?.....ચાલો જવાબ કહું. વાત એમ છે કે પંતગિયાને ફૂલ ઉપર જવા કંઇ રસ્તાની જરૂર ન પડે. એ તો પોતાની પાંખોથી ઉડીને ફૂલ ઉપર બેસી જાય. આ વખતના કોયડા પણ મઝા પડે એવા છે. એ જ પાના ઉપર એક રમુજ આવે એવી ચીજ છે.

ચાલો, ત્યારે લખતા રહેશો!

બાલવિભાગ વાંચતા રહેશો!

—સંપાદક

આંધળો અને લંગડો

એક આંધળો હતો.

એક વાર તે ભૂલો પડયો.

લાકડી ઠોકતો ઠોકતો તે ગામની બહાર જતો રહ્યો. પછી તો કોઇનો અવાજ પણ તેને કાને પડયો નહિ. લાકડી આમ ઠોકે ને તેમ ઠોકે.

ઘણોય મૂંઝાય પણ રસ્તો જડે નહિ.

સાંજ પડવા આવી.

પંખીઓ કિલ્લોલતાં માળા તરફ જવા લાગ્યાં.

આંધળાને થયું નક્કી સાંજ પડી.

મનમાં ગણગણ્યો, "રાત પડશે તો હું ક્યાં જઇશ?

'વનવગડાનાં પશુઓ મને મારી નાંખશે.'

લાકડી ઠોકી ઠોકીને તે થાકી ગયો હતો.

ફરી ફરીને તે થાકી ગયો હતો

રસ્તો નહિ જડતાં મૂંઝાઇ ગયો હતો.

એવામાં એક માણસનું રડવું સંભળાયું.

આંધળાએ બૂમ પાડી, 'ભાઈ, કોણ હશે એ?'

પેલા માણસે કહ્યું, 'ભાઇ હું લંગડો છું.

મારે ગામમાં જવું છે

પણ

મને કોણ લઇ જાય?'

આંધળો કહે, 'ભાઈ ગભરાઇશ નહિ.

હું આંધળો છું પણ મારું શરીર મજબૂત છે.

મારે પણ ગામમાં જવું છે.

તમે મારે ખભે બેસો

અને

ગામનો રસ્તો બતાવો.'

લંગડો આ સાંભળી રાજી રાજી થઇ ગયો.

લંગડો આંધળાના ખભા પર બેઠો.

આંધળો ઝપાટાભેર ચાલવા લાગ્યો.

ચાલતાં ચાલતાં ગામની ભાગોળે આવ્યા.

લંગડો કહે, 'હવે મને ઉતરવા દો.

આપણે ગામ નજીક આવ્યા છીએ.

હવે હું ધીમો ધીમો ગામમાં પહોંચી જઇશ.'

આંધળો કહે, 'ના ભાઈ, હવે તો આપણે સાથે ગામમાં જઇશું.

સાથે જ ફરીશું

અને

સાથે જ રહીશું.

થોડીવારમાં બન્ને ગામમાં પહોંચ્યા.

ગામના લોકોએ તેમને આવકાર આપ્યો.

બધા તેમની વાત સાંભળીને ખુશ થયા.

બધાં તેમની અકકલના વખાણ કરવા લાગ્યા.

માંહે માંહે કહેવા લાગ્યા.

'એ તો ભગવાનના સાચા દીકરા છે.

સૌ એકબીજાને આવી મદદ કરે તો કેવું સારું!'

—શ્રી હરપ્રસાદ ભટ્ટ



ના ઓળખ્યા ?
ઓળખવા પડશે દોસ્તો !.
અમારામાં એકનું નામ
ચીનુ ચોટલી

ચીનુ : મારૂં બરુ નામ તો ચીનુ
પણ
ગીન્નુ ગોટલી મને ચીનુ ચોટલી
કહે છે, એટલે ગીન્નુને હું
ગોટલી કહું છું.
અમે ખાસ દોસ્ત છીએ.
અમે રોજ નવાં પરાક્રમો
કરીએ છીએ.
અમે તમારે ત્યાં આવવાના
છે.
ક્યારે બગર છે ?
દિવાળીને દિવસે.

ગીન્નુ : તમે વિચાર કરતા થઇ ગયા
હશો કે અમે કેવી રીતે
આવીશું.
અમે આવીશું શિક્ષણ
પત્રિકાના દીપોત્સવી અંકમાં.
તમે બરીદજો, તમારા મિત્રો પાસે
બરીદાવજો. સરસ વાતો, સરસ ગીત.



આમાં મારી બે વસ્તુ બોવાઇ છે.
મેં એ પૂંઠામાંથી કાપીને બનાવી
છે. એક વસ્તુમાં આપણે બધા
રહીએ છીએ. બીજી ઉપર આપણે
બધા ચઢીએ છીએ.
શોધી કાઢીને જવાબ મોકલો :

સરનામું :
બાલ વિભાગ, ફેસરબાગ વડોદરા રેસીડેન્સી



ઉંદર કયા રસ્તે લાડુ બાવા ગયો ?
કાપીને રસ્તો બતાવી અમને મોકલો.

—શ્રી. મધુસૂદન

ચતુરાં બિલ્લીરાણી

પર્વતની તળેટીમાં એક મોટુ ઘાટુ વન છે. એમાં વનનો રાજા સિંહ રહે છે. રાજા બધી વાતે સુખી છે. પણ એક વાતનું ભારે દુઃખ છે. કે —શહેર ને ગામડાંમાંથી ભાગી આવેલા ઉંદરો વનરાજને બહુ સતાવે છે. વનરાજ ઉંદરોના ત્રાસથી થાકીને અકળાઈ જાય છે. એકદમ મોટેથી ત્રાડ નાખે છે.

વનરાજ—વાઘજીભાઈ!

વાઘજીભાઈ—જી, મહારાજ, આજ્ઞા આપો.

વનરાજ—વાઘજીભાઇ, હું વનનો રાજા કહેવાઉં. ભલભલા મારી હાકથી પોટલું થઇ જાય છતાં મારે દુઃખ!

વાઘજીભાઇ—મહારાજ! આજ્ઞા આપો એવો તે કયો બે માથાનો કપૂત પાક્યો છે જે આપ શહેનશાહને રંજાડે છે!

વનરાજ—વાઘજીભાઈ મોટો નથી. શિકાર કરીને જરા ગાડે પડખે થાઉં છું, ત્યાં તો આ માળાં નાનાં ઉંદરડાં, મારી ઉપર દોડા દોડી કરીને મને પજવી ખાય છે. એનો કંઇ જલદી ઉપાય કરો.

વાઘ—જેવી આજ્ઞા મહારાજ. એ નિંદેડીઓના શા ભાર છે. આવતી કાલેજ સભા બોલાવી એનો નિકાલ કરી નાખીએ. કોઇ ચતુર એનો તરત જ તોડ લાવશે. આપ બેફિકર રહો મહારાજ.

(જાય છે)

* બીજે દિવસે વાઘજીભાઈના હુકમથી આખા વનમાં ઢંઢેરો પિટાય છે. વિશાળ વડલાની છાયામાં સભા ભરાઈ છે. હાથીભાઈ, રીંછલાલ, સસા રાણા, કુત્તાપ્રસાદ, બિલ્લીરાણી, સાહુડીકુમારી, દીપડા કુમાર વગેરે પ્રાણીઓ ભેગા થઇ ગયા છે. બધા વનરાજ પધારવાની આતુરતાપૂર્વક રાહ જુએ છે. અંદર અંદર ગુસપુસ ચાલે છે કે અચાનક શા માટે સભા બોલાવી છે. મોટી ત્રાડ પડી ને વનના રાજા સિંહ અને વાઘજીભાઇ સભામાં પધારે છે. બધા શાંત થઈ જાય છે.

આસ્તેથી વાઘજીભાઈ ઉભા થાય છે.

વાઘ—વહાલા પ્રજાજનો, આજે આપણા બાદશાહ સલામતને માથે એક ભયંકર આફત ઉભી થઇ છે. અને એનો ઉકેલ લાવવા માટે જ આપને બધાને આમંત્રણ આપ્યું છે.

પ્રજા —બોલો, બોલો, વનરાજ માટે અમો પ્રાણ આપવા પણ તૈયાર છીએ.

વાઘ —પ્રેજાજનો, વાત એમ છે કે ઉંદરડા નામના હરામખોર પ્રાણીઓ બાદશાહ સલામતને આરામના સમયે બહુ હેરાન કરે છે. સભાજનોમાંથી જે કોઇ બહાદુર બળીયો એ ઉંદરડાના ત્રાસમાંથી બાદશાહ સલામતને મુક્તિ અપાવશે તેને રાજા બહાદુર સારો એવો પગાર અને જીંદગી સુધી જીવનની સલામતિની બાત્રી આપશે.

* સભામાં માંહે માંહે ચર્ચા થાય છે. એવાં તે કઈ જાતના ઉદરડા છે જેથી વનના રાજાને પણ ગભરાવું પડે છે. સભામાંથી કોઇ બોલતું નથી. ધીમેથી "મ્યાઉં" કરીને ઉંદરોના જુના અને જાણીતા ઓળખાણવાળાં અને કહેવાતાં દુશ્મન બિલ્લીરાણી ઉભા થયાં. સલામ કરીને ...

બિલ્લી—નામદાર! એ હરામખોર ઉંદરડા નામના પ્રાણીને શિક્ષા કરવાની જવાબદારી હું લઉં છું. અને બાદશાહ સલામતને આજથીજ એ ચિંતામાંથી મૂકત કરવાની પ્રતિજ્ઞા લઉ છું.

વાઘજીભાઇ—(પીઠ થાબડી) શાબાશ બહાદુર બિલ્લી રાણી. આજથી જ બાદશાહ સલામતની સેવામાં હાજર થઈ જાવ. જાવ ફ-તેહ કરો.

(વધુ રસમય ભાગ આવતા અંકે)

—શ્રી. નટુલાઈ બરાનપુરિયા

ઉંદર ને ડોશી

એક હતો ઉંદર,
ચીકી એનું નામ,
દોડવું એનું કામ,
કાતરવું એનું કામ.
લોકોને સતાવવું એનું કામ.
ચીકી 'ચીં ચું' બોલે,
ચીકી કચકચ કાપે,
ચીકી દડબડ દોડે.
ચીકી કપડાં કાપે,
ચીકી ચોપડાં કાપે,
ચીકી કાપ્યા કરે.
એક દિવસ,
એક ડોસીને ઘેર,
ચીકી પેઠો,
કરવા લેર.
ડોશીની તો
ડગલી કાપી,
જુની જુની,
સાડી કાપી.
ડોશી પાસે આવા કાજ,
આગેલી છે પૂરી આજ,
એક પૂરી,
ને ડોસી એક,
ડોશીનું ભરાશે પેટ.

પણ
પૂરી જાદુ
બોચી લીધી
લાગ જ જોઈ
ચીકી તો ખુશ
રોજ ડોશીને ઘેર જાય
રોટલો હોય તો રોટલો ખાય.
ને રોટલી હોય તો રોટલી ખાય
ડોશી બિચારાં,
ભૂખે મરે.
કોને જઈને
દુઃખડાં કહે.
રડતાં ડોશીને જોઈ
એકવાર એક ચમત્કાર થઈ.
ડોશીએ દુઃખની વાત
કરી.
મમતાએ ડોશીને મદદ કરી
ચીકી રોટલી બનાવતા ગયો
ત્યાં તો બારે ડબ્બા ભરાયો
ચીકી તો કુદયો.
એ તો બોલ્યો
'રોટલીનો બદલાયો ભાવ.
રોજ-રોજ ને તીખી ચાર!
ત્યાં તો બીજો ડબ્બો,
ત્રીજો ડબ્બો
ને ચોથો ડબ્બો.
ચીકી હોડ્યો
જલ્યો રંગ
મમતાએ બબ્બા બરડા બાર
ચીકીની - ાણે ી ાસુ ાા
ચીકી બોલ્યો
'જવા દો એ મમતાબેન આવી
આપો તો કે જાન જ જાય.
હવે કરી ુ ચારીના તુ
ડોશીને બનાવ્યા નહિ.

ધોધતી વાદલડી

ધોધતી જાતી વાદલડી
ગાજતી ગાતી ઝબકતી જાતી ..વાદલડી

ધીરા ડગ ભર શિર ગાગર છલકાશે,
નીતરશે સાળુ-રંગ દુનિયા રંગાશે
અવનિને નીરથી ભીંજવતી દોડતી જાતી...વાદલડી

સુણ્યાં ઘનરાજ નાદ નભનાં અંધેરમાં
દીઠો સુહાગી રાજ ચપળા ચમકારમાં
હૈયાના હેત, ઉભરાવતી દોડતી જાતી....વાદલડી

—શ્રી રસીલાબેન લાલજી રાઠોડ.



ધર્મરાજ બોલ્યો,
કોઈને નહિ
ને
કોઈને પણ નહિ
સતાવવાની વાત જ નહિ.'
ચીકી તો કૂદતી ઉછળતી,
'જા! ભાઈ, જા! શાણો થા.'
ચીકી તો દોડી ગયો
ને પોતાના દરમાં સંતાઈ ગયો.
ત્યારથી કોઈને સતાવતો નથી.
ત્યારથી કોઈને ગભરાવતો નથી.

—ઇ. કોઠારી.

આવ રે વરસાદ !

આવ રે વરસાદ
આપુ ઘેબરીયો પરસાદ—
મારે કરવું છમ છમ,
ફોરાં પાડો ટપ ટપ—આવ રે.

❀

સૂકી ધરતી લીલી કર
સુખ મલકતું જગતું કર
નદી નાળાંનો નાદ
આવ રે વરસાદ—આવ રે.

❀

ખેતર પાદર લીલાંછમ
ખેડૂત રાચે હરખે મન
પાકે ખેતર તું લાદ
આવ રે વરસાદ—આવ રે.

❀

ઝબુક વિજળી સાથે લાવ
વાદળ ભરી વરસી આવ
રંગ ધનૂષે છે સાત,
આવરે વરસાદ—આવરે.

—શ્રી નટુભાઈ બ્રહ્મભટ્ટ

વર્ષા આવે

(બાલ-ગીત)

વર્ષા આવે
મોરલાં નાચે
આનંદમાં તો
બાળકો રાચે.

વર્ષા આવે
વીજ ઝબુકે
ફૂ....ફૂ કરતી
ઠંડીલ ટહુકે.

વર્ષા લાવે
પાણી પાણી
સંભળાય છે
દેડકાંની વાણી.

વર્ષા આવે
અનાજ થાયે
ખેડૂતને મને
દુઃખ ના થાયે.

વર્ષા આવે
સહુને ભાવે
તેના જેવી કોઈ
મઝા ના આવે.

—શ્રી પ્રવીણ બદ્રુ

...ીનાથની ટોળી તો પોતાના નવા સાથીદાર ...ંદરાને લઈ આવવા માંડી. પટેલ કાકાની ...ાંચેથી પેખારી હતી.

...ાં રીતનાં લીલાં જાતજાતનાં ઝાડો ...લ્લાં હરાં. આંબા તો ઘટાદાર. જાંબુડા તો ...ચતાં. પાની- નાળીએરીઓનો આખો ઝુંડ ...ો ભાગ તો જાણે જોયા જ કરીએ. અંદર ...લીલા ઉછતાં પોપટ, ટ્વીટ ટ્વીટ ટ્વીટ ...તી સુંદર ચકલીઓ. આવી મજાની વાડી વચ્ચે ...ની ગંગલી. ગંગલીને ...ા ઓટલા ઉપર તો ગંગલીની ...ાનુસાં ...ા ઘેરાટ ગટાનો પડછાયો પડે, આખો દિવસ ...ાગતી ઠંડક રહે.

ખેતરોમાંથી નાનો પગ રસ્તો વાડી તરફ ...હતો છોકરાની આખી લંગાર ખેલતી કૂદતી ...તી હતી. ત્યાં તો શાંતિએ બૂમ મારી: ...ો ! ચણીબોરની ... કાશીનાથ બધાએ આપણે ? કાશીનાથે કહ્યું, ..., પણ બધાં ...લહી કરજો. પછી ઉજાણીએ ...ંતુ પોહું ... પાય!' આખી ટોળી તો દોડી ચણીબોરના તો લચ્છા ને લચ્છા. લાલમ લાલ ...ા પીઠા ચાલ. બધાંએ તો પોતાની આંગળી ...ી ...ય ગપ તોડવાં માંડ્યાં. જોતજોતામાં તો ...લાયા. બધાં બોલ્યાં; 'ચાલો હવે ખૂબ મજા ... બધાં ચાલવા માંડ્યાં. પણ ચેતન ઝાડ ...ાં કાંઈ સાંભળતો હોય એમ ચણીબોરની ઝુંડ ...ો ઉભો રહ્યો. કાશીનાથે પૂછ્યું; 'કેમ ચેતન ...ું છે ?'

'પેલું અંદર સળવળતું હોય એમ લાગે છે?' ...ો-ચો.

'અલે ચાલ ભાઈ! તને તો જ્યાં જઈએ ત્યાં ... પડાળાય છે ...?'

'ચાલ ...ા ...ા જરા ચૂપ કાશીનાથ તો ... સળવળશે'.

ચેતન ઝુંડની પાછળ ધીરે પગલે ગયો. ...ીને અંદર જોયું. પછી તો નાક પર ચુપની

નીશાની મનાવતી આંગળી મૂકી. એણે ચેતનને ઇશારાથી જ બોલાવ્યો.

કાશીનાથ પણ પાસે આવ્યો. શાંતિ ને બધાં છોકરાં દૂર જ ઉભા રહ્યાં. ચેતને જરા ઝુંડની બખોલમાં હાથ નાખ્યો. અંદર શું નીકળ્યું બબર છે ? સસલાનું એક નાનું બચ્ચું. અંદર બીજું બચ્ચું પણ દોડાદોડ કરતું. કાશીનાથે હાથ નાખી એને પણ પકડી લીધું. સસલાંની જોડી મળી. આખી ટોળી ખુશ ખુશ થઇ ગઈ.

આખી ટોળીમાં ભારે ઉત્સાહ આવી ગયો. બે સસલા ને એક વાંદરો. ટોળી તો આનંદે નાચતી કૂદતી વાડીએ પહોંચી, ચેતને તો સસલાંને કૂવા પાસેની ધરોવાળું ઘાસ બવડાવવા માંડ્યું. શાંતિએ રતનિયાને જામફળના ઝાડ પરથી મોટાં મોટાં બે જામફળ તોડી આપ્યાં. બીજાં છોકરાંઓએ ઓટલો સાફ કરી નાખ્યો. કેળનાં પાન તોડીને ઘોઇ નાખ્યાં. કોઇએ આસન બાંધી દીધાં કાશીનાથે પટેલ કાકાને ને પટેલકાકાની વહુને બાવાનું કાઢવાને પીરસવામાં મદદ કરી.

આખી ટોળી બેસી ગઈ. શાંતિ રતનિયાને લઈને બેઠી. ચેતન સસલાંને લઇને બેઠો. ઉજાણીમાં સરસ બાવાનું મીઠા મીઠા દૂધ પાક ને પૂરી. આવી મજાની વાનગી કોને ન ભાવે ! સાથે બટાટાનું શાક ને તાજાં મરચાંની ચટણી. બધાં છોકરાંએ તો બવાય એટલું બાધું.

જમ્યા પછી બધાં છોકરાં વડ ઉપર ચઢીને થોડું રમ્યાં. ધીમે ધીમે સાંજ પડવા આવી. પટેલ-કાકા ને કાકી સાથે આખી મંડળી પાછી ઘર તરફ ચાલવા માંડી. શાંતિએ એક ગીત જોડી કાઢયું... ....

'પટેલ કાકીની વાડી બે રે લોલ,
બાલોને મોજે ઉડાવીએ રે લોલ.'

ધીમે ધીમે બંધારું થયું. બધાં છોકરાં ગામમાં આવ્યાં. પોતપોતાને ઘેર જઇને સુઇ ગયાં.

—શ્રી. ર. ઠાકોરી

(૧૨ મા પાનાથી ચાલુ)

ટોળી જમી એટલે નાટક તૈયાર કરવાનું કામ શરુ થાય.

૧: પહેલાં તો આખી મંડળીને નાટક ચાર પાંચ વાર વાંચી બતલાવવું. આ વેળાએ નાટક સાંભળતા દરેક બાળકના મુખના ભાવ કેવા બદલાય છે એ જોવું. વાર્તાનાં પાત્રો સાથે પોતાની જાત એકરૂપ કરે છે અને તેથી જ જે પાત્ર સાથે એ વધારે એકરુપ થાય છે એ પાત્ર એને માટે વધારે યોગ્ય. નટઘરના નાટકમાં મીનાને બહેનનું પાત્ર વધારે ગમ્યું ને મહેશને તોફાની છોકરાનું. નાનો ગુરુદર્શન જાતે જ બિલ્લી થઈ ગયો ને ગફર પોપટ બન્યો. બાળકોની પસંદગીનું પાત્ર બાળકો વધારે સારી રીતે રજૂ કરી શકે છે.

૨: મહાવરો એ નાટકનો પાયો છે. આ ગાળા દરમ્યાન બાળકો પોતાનો અભિનય શોધી કાઢે. નવા અખતરા કરે ને ભાષા ઉપર વધારે સ્વામિત્વ મેળવે. નાટકમાં મહાવરા વેળાએ બધાં જ પાત્રો હાજર હોવા જોઇએ. આખી વાર્તાની પૂરેપૂરી સમજ બાળકના મનમાં ઉભી થયા પછી જ એ યોગ્ય અભિનય કરી શકે. બાળકો માટે શું પણ મોટા નટો માટે પણ આ જ રીત યોગ્ય છે.

૩: બાળનાટકનો સામાન્ય મહાવરો આઠ અઠવાડિયાં રાખી શકાય. અને મહાવરાની ખરી કસોટી એ કે જ્યારે પાછળની જરાય મદદ વિના નટો આખું નાટક રજૂ કરી શકે.

૪: મહાવરાનો સમય બાળકોના રમતના વખતમાં રાખવો અને મહાવરો બાગમાં કે એવી ખૂલ્લી જગ્યામાં કરવો જરૂરી છે. છેલ્લાં બે અઠવાડિયા રંગભૂમિ ઉપર હલનચલનની વિગતો નક્કી કરવા કાર્ય કરવું.

૫: વસ્ત્ર આયોજન, રંગભૂષા, પ્રકાશ, સંગીત, વ્યવસ્થા અને પ્રચાર જેવાં કાર્યો બાળકો પાસે જ કરાવવાં. આમાં ૧૫, ૧૬ વર્ષના વિદ્યાર્થિઓ પણ કાર્ય કરી શકે. અલબત્ત મોટા કાર્યકરો પાછળ ઉભા રહે.

આ રીતે બાળનાટકની પ્રવૃત્તિ એક બાજુ કાર્યની મહત્તા સમજનાર સામાજિક માનવીઓ સર્જે અને બીજી બાજુ બાળકોને આનંદનુ સાધન ઉભું કરી આપી શકે.

—રમેશ કોઠારી

પ્લાસ્ટિકનાં રમકડાં

તેમજ

લેધર અને રબ્બર

બેલ્ટિંગ, મશિનરી અને

ઓઇલ એન્જિન, લુબ્રિકેટીંગ

ઓઇલ વ. માટે લખો :



જોલ્લી એન્ડ ઓનેસ્ટ

જી. પી. આ બોક્સ નં. ૪૩૪

મુંબઈ–૧.

બાળકને જીવનની શરૂઆતથી

બાલ

પિયૂષ

નિયમિત આપો

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને

આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

ત્રિભુવન આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

(પાના ૪ થી ચાલુ)

રમતનો હેતુ :– પ્રત્યક્ષ રાશિની મદદથી એકાંકી સરવાળાની કલ્પના એક સામુદાયિક રમત તરીકે બાળક સામે રજુ કર્યા પછી એકાંકી સરવાળાનું નિદર્શન કરવું. તેથી તે સરવાળાની કલ્પનાના વિકાસમાં મદદરૂપ થાય છે. સામાન્યતઃ આ સમયે બાળકની ઉમર પાંચની આજુબાજુ હોય છે. શરૂઆતમાં ઉપર કહયા પ્રમાણેના સાધનોમાંથી સરવાળાનું પાટિયું બાળકની ટેબલ ઉપર મૂકવું. આ પાટિયું જે પેટીમાં હોય છે તેના ઢાંકણામાં અંક પટ્ટીઓની બન્ને જોડ નીચે સૂચવ્યા પ્રમાણે વ્યવસ્થિત રીતે ગોઠવવા બાળકને કહેવું.



ભૂરી જોડ લાલ જોડ

ડાબી બાજુએ ભૂરી જોડ ને જમણી બાજુએ લાલ એમ નિશ્ચિત ગોઠવણી રાખવી. એક પેન્સલ અને સરવાળાની પુસ્તિકા સાથે લઇ બેસવું. આ પ્રમાણે પૂર્વ–તૈયારી કર્યા પછી 'અત્યાર સુધી આપણે મોટા સરવાળા કર્યા. હવે નાના સરવાળા કેમ કરવા તે બતાવું છું' એમ કહી સ્વાધ્યાયની શરૂઆત કરવી.

સ્વાધ્યાય નિદર્શન.

પ્રથમ એકની ભૂરી પટ્ટી લઇ અંક લખ્યા છે તેની નીચે ડાબી બાજુનાં પહેલાં ચોરસમાં મૂકવી. પછી લાલ જોડમાંથી ક્રમશઃ એકથી માંડીને નવ સુધીની પટ્ટીઓ નીચે પ્રમાણે સરવાળાનાં પાટિયા પર ગોઠવવી.

સરવાળાની ગોઠવણી.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮

ત્યાર પછી ચિઠ્ઠીઓવાળી પુસ્તિકાના પહેલ પાના પર આપેલા દાખલાનો જવાબ શોધી તે ચિઠ્ઠી પર લખવાની બાળકને સૂચના આપવી.

દાખલા તરીકે : ૧+૫ આ સરવાળાનો જવાબ આપણાં પાટિયા પરથી શોધવાનો છે, તો લાલ પટ્ટીને છેડે બાણ બતાવે છે તે પ્રમાણે સામે આવતો આંકડો જોવો. જે અંક દેખાય તે ચિઠ્ઠી પર લખવા કહેવું. આમ એક ચિઠ્ઠી પૂરી થાય કે બીજી લેવી. આ ચિઠ્ઠી માટે શરૂઆતમાં એકની ભૂરી પટ્ટીને બદલે બેની ભૂરી પટ્ટી લેવી પડશે અને લાલ પટ્ટીની આખી રચના એક ઘર આગળ ખસેડવી પડશે જેથી બીજી ચિઠ્ઠીનાં જવાબ શોધી શકાશે. પહેલાની જેમ જ આ બેનાં સરવાળાની ચિઠ્ઠીઓ પર જવાબ લખવા. આવી જેટલી ચિઠ્ઠીઓ ભરાય તેટલાંનો જવાબ તપાસવા ભીંત પર લટકાવેલો સંદર્ભ તખ્તો જોઈ જો જવાબ બરોબર હોય તો તેની આગળ (√) એવી નીશાની કરવાની બાળકને સૂચના આપવી.

આમ એકાંકી સરવાળા કરવાની બીજી એક રીત બાળકોને મઝા પડે તે માટે સૂચવી શકાય. એમાં શરૂઆતમાં એકની ભૂરી પટ્ટી મૂકવાને બદલે સંપૂર્ણ જોડ પ્રથમ ડાબી બાજુએ ગોઠવવાની સૂચના આપવી. પછી લાલ જોડમાંથી પહેલાં એકની પટ્ટી લઇ તે પહેલાં એકની ભૂરી પટ્ટી પાસે પછી બેની પાસે આમ ક્રમવાર બધી પટ્ટીઓ પાસે મૂકી ૧+૧=, ૨+૧=; ૩+૧=, ૪+૧= એવા દાખલાનાં જવાબ મેળવવાની અને તે પ્રમાણે સરવાળાનાં જવાબ લખી શકાય એવી સૂચના બાળકને આપી શકાય છે.

સરવાળાનો સંદર્ભ તખ્તો

૧+૧=૨	૨+૧=૩	૩+૧=૪	૪+૧=૫	૫+૧=૬	૬+૧=૭	૭+૧=૮	૮+૧=૯	૯+૧=૧૦
૧+૨=૩	૨+૨=૪	૩+૨=૫	૪+૨=૬	૫+૨=૭	૬+૨=૮	૭+૨=૯	૮+૨=૧૦	૯+૨=૧૧
૧+૩=૪	૨+૩=૫	૩+૩=૬	૪+૩=૭	૫+૩=૮	૬+૩=૯	૭+૩=૧૦	૮+૩=૧૧	૯+૩=૧૨
૧+૪=૫	૨+૪=૬	૩+૪=૭	૪+૪=૮	૫+૪=૯	૬+૪=૧૦	૭+૪=૧૧	૮+૪=૧૨	૯+૪=૧૩
૧+૫=૬	૨+૫=૭	૩+૫=૮	૪+૫=૯	૫+૫=૧૦	૬+૫=૧૧	૭+૫=૧૨	૮+૫=૧૩	૯+૫=૧૪
૧+૬=૭	૨+૬=૮	૩+૬=૯	૪+૬=૧૦	૫+૬=૧૧	૬+૬=૧૨	૭+૬=૧૩	૮+૬=૧૪	૯+૬=૧૫
૧+૭=૮	૨+૭=૯	૩+૭=૧૦	૪+૭=૧૧	૫+૭=૧૨	૬+૭=૧૩	૭+૭=૧૪	૮+૭=૧૫	૯+૭=૧૬
૧+૮=૯	૨+૮=૧૦	૩+૮=૧૧	૪+૮=૧૨	૫+૮=૧૩	૬+૮=૧૪	૭+ ૮=૧૫	૮+૮=૧૬	૯+૮=૧૭
૧+૯=૧૦	૨+૯=૧૧	૩+૯=૧૨	૪+૯=૧૩	૫+૯=૧૪	૬+૯=૧૫	૭+ ૯=૧૬	૮+૯=૧૭	૯+૯=૧૮

દસ સુધીના જ અંક અને વચલી લીટી લાલ કેમ?

સરવાળાના પાટિયા પર પહેલાં આપણે ભૂરી જોડમાંથી જ પટ્ટીઓ ગોઠવીએ છીએ. આ પટ્ટીઓના રંગ જેવા જ ઉપરના અંક હોય છે. જેથી તે બરાબર ઉઠતા નથી. તેથી તે ઉઠી નીકળી બરોબર દેખાય તે માટે વિરોધી રંગનો ઉપયોગ છે. આગળના ભાગમાં લાલ પટ્ટીઓ વાપરવાની હોવાથી તેની બાજુ પર અંક ભૂરા રંગમાં લખેલા હોય છે. દસ પછી જે લાલ લીંટીઓ પાટિયા પર દેખાય છે તેને લીધે કયા કયા અંક મળીને દસ થાય છે તેની કલ્પના દરેક દાખલા વખતે સ્પષ્ટ રીતે આવે છે. દાખલા તરીકે ૭+૮નો સરવાળો જુઓ અહીં પહેલી પટ્ટી સાતની છે આની આગળ લીંટીવાળી લાલ પટ્ટી મૂકી કે સાત અને આગળ પટ્ટીમાંના ત્રણ ભાગ મળી દસ થાય છે એમ તરત જ સમજાય છે. ૭+૮ એટલે ૧૦+૫ એમ સમજવું પણ આ લીંટીને લીધે મદદરૂપ થાય છે.

ટોપલી અને તકતાનો ઉપયોગ

આમ સરવાળાનાં પાટિયાંનો થોડા દિવસ ઉપયોગ થવાથી જુદા જુદા એકાંકી સરવાળાની કલ્પના સ્પષ્ટ થાય છે. તેથી આગળ જતાં પટ્ટીઓ ગોઠવી જવાબ લખવાને બદલે તેઓ મનમાં જ જવાબનો ક્રમ ધ્યાનમાં રાખી જવાબ લખી નાખે છે. આ સમયે પુસ્તકોમાંથી સરવાળાની ચિઠ્ઠીઓ કાપી, તેની છૂટી ચિઠ્ઠીઓ બનાવી ઘડી વાળી બધી ચિઠ્ઠીઓ એક ટોપલીમાં મૂકવામાં આવે છે. તે વખતે જવાબ લખવા ડબલ લાઇનની ચોપડીઓ આપવામાં આવે છે. બાળક પહેલાં મૂઠ્ઠીમાં ચિઠ્ઠીઓ ઉપાડે છે પછી એક પછી એક ચિઠ્ઠી, ખોલી પોતાની ચોપડીમાં દાખલો ઉતારી લે છે. આ દાખલાનો જવાબ મોઢે આવડતો હશે તો તે લખી લેશે. જેનો જવાબ તેને યાદ ન હોય તે ચોરસ, અર્ધચોરસ અથવા વિમાનનાં તકતા પરથી શોધી કાઢી ચોપડીમાં દાખલા સામે લખી લે છે. જુદા જુદા તકતાઓ આપવાનો હેતુ એટલો જ કે બાળક એકાંકી સરવાળાનું વધુ ને વધુ પુનરાવર્તન કરી શકે.

ધારો કે ૪+૭ના સરવાળાનો જવાબ બાળકને શોધવો છે. આ તકતાનો ઉપયોગ કરતી વખતે બાળક માટે બે જુદા રંગની સળીઓ કરી લેવી. આ બેમાંથી એક સળી ઉભા ખાનામાં ગોળ (૪) ઉપર મૂકવી અને બીજી સળી ઉપરનાં ઉભા ખાનાનાં (૭) ઉપર મૂકવી, પછી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે આ બે સળીઓ જે ખાનામાં ભેગી મળે તે જ આ સરવાળાનો જવાબ.

સરવાળાનો ચોરસ તકતો.

(૦)	(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)
(૧)	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
(૨)	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
(૩)	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
(૪)	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
(૫)	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
(૬)	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
(૭)	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
(૮)	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
(૯)	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮

આ જવાબ બાળક એની ચોપડીમાં દાખલાની સામે લખે છે. થોડો વખત આ તકતાનો ઉપયોગ કર્યા પછી બાળકને બીજો તકતો આપવામાં આવે છે.

સરવાળાનો અર્ધચોરસ તકતો



ધારો કે પહેલાના જ દાખલાનો જવાબ આ તકતા પરથી શોધવો છે. એક સળી ગોળમાંનાં (૪) ઉપર મૂકવી પછી તે જ સળી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સીધી સરકાવતા છેક છેવટનાં ૮ ના ખાના સુધી જવુ પછી નીચે (૬) નાં ખાનાની સામેના ખાના સુધી ઉતરવું જેથી જવાબ મળી આવશે. એકાંકી સરવાળાનો કોઇપણ દાખલાનો જવાબ આ જ રીતે એટલે પહેલા જમણી બાજુ છેડા સુધી જઇ પછી બીજી સંખ્યાની સામેના ખાનામાં ઉતરવાથી મળે છે.

જવાબ મેળવવા આ ચમત્કાર કઈ રીતે થાય છે તે માટે બાળકોની જિજ્ઞાસા જાગૃત થાય છે અને જુદા જુદા દાખલાના જવાબ મેળવવાના પ્રયત્નને પ્રોત્સાહન મળે છે.

વિમાનનો તકતો.

(૧)[૨]
(૨) .. ૩[૪]
(૩).....૫ [૬]
(૪) ... . ૭ [૮]
(૫) .... ૯ [૧૦]
(૬) ....૧૧[૧૨]
(૭)..... .....૧૩[૧૪]
(૮)..... .... ૧૫[૧૬]
(૯) .... ૧૭[૧૮]

આ રમતી વખતે જિજ્ઞાસા વધે એ દ્રષ્ટિથી વિમાનની વાત દ્વારા આની કઇ રીતે રજૂઆત કરાય તેની ટૂંકમાં કલ્પના નીચે પ્રમાણે છે.

આ કૌંસમાં અંક છે. એ તે જ નંબરનાં વિમાનનું ઘર છે. ૪+૭નો સરવાળો કહ્યા બરાબર જ નં. ૪નાં ઘરમાંથી બર્રર્ર ડડડ અવાજ કરતું વિમાન નીકળી સીધું આઠનાં ખાનામાં આવે છે. તેમજ બીજું વિમાન બર્રર્ર ડડડ બર્રર્ર ડડડ કરતું ૧૪ના ખાનામાં આવે છે. ત્યાંથી તેમનું ઉડવાનું શરૂ થાય છે. ત્યારે ૮ પરનું વિમાન ઉડીને દસના ખાનામાં આવે છે અને ૧૪નું વિમાન ૧૨ના ખાનામાં આવે છે. ત્યાંથી ફરી ઉંચે ઉડે છે પણ ખાલી ખાનુ દેખાતું નથી ત્યારે બન્ને વિમાનને આકાશમાં ટકકર લાગે છે અને બન્ને એક ઉપર એક દસ ને બારની વચ્ચે પણ પાછળ ૧૧ નંબરના ખાનામાં પડે છે. આમ વિમોન જે ખાનામાં આવીને પડે તે જ સરવાળાનો જવાબ ૭+૪=૧૧. કોઇકવાર ૮+૪ જેવા સરવાળામાં બન્ને વિમાન ૧૨ના ખાનામાં ટકકર માર્યા વગર જ ઉતરે છે.

આ જુદા જુદા તકતાઓથી એકાંકી સરવાળાનું ખૂબ પુનરાવર્તન આપોઆપ થઈ તે મોઢે થઇ જાય છે. પછી તકતાની મદદ વગર બાળકો જવાબ લખી શકે છે. અને તે બરોબર છે કે નહિ તે માટે સંદર્ભ તકતો નં. ૨. નો ઉપયોગ કરે છે.

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211 — 41-E, Parel Chawl Road, Industrial Estate, BOMBAY-12.

Tel: 72475 — Suryodaya Mill Compound, Tardeo BOMBAY-7.

મોન ફેબ્રીક્સ

(રજિસ્ટર્ડ)

પ્રથમ-થી જ — સંકોચાયેલી

અમીશા, ખુશાશર્ટ અને જીઓના

પહેરવેશ માટેની

ખાસ અનુકૂળ

પોપલિન

બનાવના:

ધી અમદાવાદ જયભારત કોટન મિલ્સ કું. લિ.

અમદાવાદ.

ટેલીગ્રામ : "JAYABHARAT"

ટેલીફોન : 5333

જિંદગીનો વીમો એટલે બાકીનું સૌથી

સુધરેલ અને સલામત સેફગાર્ડ

ની

ઈન્ડસ્ટ્રિયલ

એન્ડ

પ્રુડેન્શિયલ

વીમા કંપનીમાંજ તમારો વીમો ઉતરાવો

—

૧૯૫૨ માં પૂરૂં થયેલું કામકાજ: રૂા. ૨,૫૪,૨૪૦૦૦

૧૯૫૨ માં આખરે ચાલુ કામકાજ : રૂા. ૨૦ કરોડથી વધારે.

૧૯૫૨ માં આખરે જિંદગીના વીમાનું ફંડ રૂા. ૫,૮૨,૦૦,૦૦૦

પાંચ કરોડ, બ્યાશી લાખથી વધારે.

વધુ વિગતો માટે લખો :

મેનેજિંગ ડાયરેક્ટર

ઈન્ડસ્ટ્રિયલ એન્ડ પ્રુડેન્શિયલ વીમા કંપની

ઈન્ડસ્ટ્રિયલ બિલ્ડિંગ, ચર્ચગેટ સ્ટેશન સામે,

મુંબઈ.

(પાન ૩ થી ચાલુ)

ભવ મેળવે છે. કલામાત્ર તેના સતત અભ્યાસ ને મનનથી માનવીને જીવનની ઉચ્ચત્તર કક્ષાની અલૌકિક સ્વપ્નભૂમિ પર લઈ જાય છે. જ્યાં તે સ્વર્ગીય સુખ અને આત્માની પરમ પવિત્ર શાંતિનો અનુભવ કરે છે. નાનપણથી જ બાળકોને સાચી કલાના વિવિધ પાસાંનો અભ્યાસ કરાવવા ઇચ્છતા હોઇએ તો આપણે તો સારા કલા પરીક્ષકો ને કેળવાયેલો સંસ્કારી શિક્ષક સમુદાય જોઇશે. માત્ર બાળક અને શિક્ષણના વિરલ રંગે રંગાયેલા આવા ભેખધારી નીતિવાન શિક્ષકો જ સતત અભ્યાસ ને ઉત્સાહથી અદ્યતન રહી કલાનું હાર્દ સમજશે અને બાળકોને સૃષ્ટિ સમગ્રમાં વ્યાપી રહેલી કલાનું સાચું રસપાન કરાવશે.

બાલમંદિરની કલાદ્રષ્ટિમાં તો એટલા બધા વૈવિધ્યને અવકાશ છે કે તેની કોઇ એક મર્યાદા આંકી શકાય નહિ. સાધન સાહિત્યો ને ચિત્રો તથા ઇતર ફરનીચરની બાલમંદિરની ગોઠવણીમાં હરહંમેશ કંઇક નવીનતા, વિવિધતા અને તાજગી લાવવાની જરૂરિયાત રહેલી છે. માત્ર સાધનોના વિપુલતા એ કંઇ બાલમંદિરનો શણગાર નથી; પરંતુ યોગ્ય કલાત્મક દ્રષ્ટિકોણથી આકર્ષક રીતે, વ્યવસ્થિત રીતે, સફાઇબંધ રીતે અને પ્રમાણસર ગોઠવેલાં થોડાં ઘણાં ચિત્રો કે સાધનોમાં પણ કલાનું અસ્તિત્વ જણાઇ આવે.

આવા કલાત્મક વાતાવરણમાં રહી બાળક તેના દિલમાં છૂપાયેલો કલાપ્રેમી આત્મા જાગૃત બને છે. પરિણામે આવાં બાળકોમાં ધીમે ધીમે આવી સર્જનાત્મક દ્રષ્ટિ આવતી જાય છે; ને તેને યોગ્ય પરિસ્થિતિ આપવાથી ભવિષ્યમાં લાંબે ગાળે તેનો સારો વિકાસ થયેલો માલુમ પડે છે. આવાં કલાત્મક વાતાવરણમાં જીવવાનો બાળકનો સર્વમાન્ય અધિકાર હોવાથી આપણે સૌએ તેના યોગ્ય કલાત્મક જીવન ઘડતર માટે વિશિષ્ટ માર્ગદર્શક પરિસ્થિતિ સર્જવી જોઇએ. —બાલકૃષ્ણ છ. ભટ્ટ.



—એ જ રસ—

- હેર ઓઇલ
- શાહી
- બૂટ પોલિશ
- સફેદો

સરવાળાનો સંદર્ભ તકતો નં. ૨.

૧+૧ =૨								
૧+૨ =૩								
૧+૩ =૪	૨+૨ =૪							
૧+૪ =૫	૨+૩ =૫							
૧+૫ =૬	૨+૪ =૬	૩+૩ =૬						
૧+૬ =૭	૨+૫ =૭	૩+૪ =૭						
૧+૭ =૮	૨+૬ =૮	૩+૫ =૮	૪+૪ =૮					
૧+૮ =૯	૨+૭ =૯	૩+૬ =૯	૪+૫ =૯					
૧+૯ =૧૦	૨+૮ =૧૦	૩+૭ =૧૦	૪+૬ =૧૦	૫+૫ =૧૦				
	૨+૯ =૧૧	૩+૮ =૧૧	૪+૭ =૧૧	૫+૬ =૧૧				
		૩+૯ =૧૨	૪+૮ =૧૨	૫+૭ =૧૨	૬+૬ =૧૨			
			૪+૯ =૧૩	૫+૮ =૧૩	૬+૭ =૧૩			
				૫+૯ =૧૪	૬+૮ =૧૪	૭+૭ =૧૪		
					૬+૯ =૧૫	૭+૮ =૧૫		
						૭+૯ =૧૬	૮+૮ =૧૬	
							૮+૯ =૧૭	
								૯+૯ =૧૮

એકાંકી સરવાળા જેમ બાદબાકીની આવી જ યોજના વિષે આગળ ચર્ચા કરીશું. —શેષ નાસલે.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

ખેડા : તા. ૨-૭-૫૪ના રોજ હેડો લાયબ્રેરીના મકાનમાં શેઠ શ્રી બકુભાઈ મણીલાલના શુભ હસ્તે બાલ-મંદિરની ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી હતી.

બાલકલ્યાણ સંસ્થાઓને નિમંત્રણ: ભારતીય બાલ સેવા સમિતિ તરફથી બાલકલ્યાણકારી સંસ્થાઓની એક માર્ગદર્શિકા (All India Directory) પ્રકાશિત કરવાની એક યોજના હાથ ધરવામાં આવી છે. આ માર્ગ-દર્શિકામા બાળક માટે કોઈપણ કામ કરતી સંસ્થાનું નામ રહી ન જાય એ હેતુથી આ સંસ્થા, બધી બાલ કલ્યાણ સંસ્થાઓને પોતાના સરનામાં જણાવવા તેમજ આ કાર્યમાં સહકાર આપવા નિમંત્રણ આપે છે. આ સંબંધમાં Dr. Jyotsna H. Shah, Hon. Child Welfare Organiser, Rooms Nos. 14 and 15, Barracks "B", Block "A", Queensway Barracks, New Delhi લખે.

ભાવનગર : નૂતન બાળ શિક્ષણ સંઘના બંધા-રણ મુજબ અહીં વનિતા વિકાસ બાળમંદિરમાં તેની એક સ્થાનિક શાખા સ્થાપવામાં આવી છે. તેનું ઉદ્‌ઘાટન તા. ૨૪-૭-૫૪ ના રોજ શિશુવિહારના સંચાલક શ્રી માનભાઇ ભટ્ટે કર્યું હતું. આ પ્રસંગે બાળકોનો મનો-રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઈ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ન. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૨૯.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક–૬ : સપ્ટેમ્બર, ૧૯૫૪

નવી નિશાળનું સ્વરૂપ

આપણી શાળાનો શિક્ષક આખા ગામનો સેવક બને. આપણી શાળા સેવાનું કેન્દ્ર બને. દવા દેવાની હોય તો એ શાળાની મારફત દેવાય. એમાં છોકરાઓ પણ મદદ આપે. સફાઈ કરવાની હોય તો છોકરા અને શિક્ષકો એમાં ગામવાળાને મદદ આપે. ગામમાં ઝગડા હોય તો એના ઉકેલ વાસ્તે ગામના માણસો શિક્ષકની પાસે જાય. ગામમાં કોઇ ઉત્સવ કરવાનો હોય તો એની યોજના શાળા કરે. આ પ્રમાણે શાળા ગામનું કેન્દ્રસ્થાન બને. –વિનોબાજી

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખઃ શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખઃ આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષઃ શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષઃ શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓઃ શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન બાળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.	લેખક.
૧	સંસ્કારનો વારસો : કયા ભવનાં પાપ	એાજસ
૨	જૂઠું બોલતું બાળક	.... ડો. ર. પટેલ
૩	પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ	શુભદા
૪	ઇનામ અને શિક્ષાથી કંઇ ફાયદો થાય છે	ડોરોથી થોમસન
૫	શિ. પ. અને વિશેષાંક પ્રચાર યોજના	..
૬	ટુંકી મુદતના વર્ગો	.... વિચારક
૭	બાળકલ્યાણ કાર્ય આગળનો પહેલો પ્રશ્ન	શેષ નામલે

બાળ વિભાગ

૧	પત્ર	.... શ્રી નરેન ભટ્ટ
૨	બા મને	.... ર. કોઠારી
૩	વન વગડે	શ્રી કુમાર ત્રિવેદી
૪	ચતુરાં બિલ્લીરાણી	નટુભાઇ સુરાનપુરિયા
૫	ચાંદમિયાં	ઇબ્રાહીમ વોરા

'ઝરણુ' થી વાળને બરતા અટકાવી, વધારવાનો અનેક ગુણ ધરાવનારૂ, સુગંધીદાર તેલ તદ્દન સહેલાઇથી બનાવી શકાય છે.

કોઇપણ એક રતલ તેલમાં ઝરણુ ની એક બાટલી મીકસ કરવાથી ઉપરના ગુણોવાળું તેલ જાદુઇ રીતે બની જાય છે.

બધેજ ઠેકાણે વેચાય છે.

: સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

સુગંધ ઘર

જેઠાભાઈની પોળ, બહિયા, અમદાવાદ

: ડીસ્ટ્રીબ્યુટર્સ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગળદાસ રોડ, મુંબઈ-૨.

શાહ બાવીસી એન્ડ કું.

૧૨૯, રાધાબજાર સ્ટ્રીટ, કલકત્તા

સૂચના

★

"શિક્ષણ પત્રિકા" નો હવે પછીનો એટલે કે ઓકટોબરનો અંક દીપોત્સવી અંકને નિમિત્તે બંધ રહેશે અને જે દીપોત્સવી વિશેષાંક પ્રગટ થશે, તે ઓકટોબર-નવેમ્બરને સંયુકત અંક ગણાશે. ગ્રાહકોને આ ધ્યાન લેવા વિનંતિ છે.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૬] મુંબઇ [સપ્ટેમ્બર, ૧૯૫૪

સંસ્કારનો વારસો

કયા ભવનાં પાપ?

'સુમનભાઇ, આ જરા આટલો કાગળ વાંચી દીયો ને?'

મોતીમા ઘરમાં આવતાં જ બોલ્યાં.

મોતીમા અમારી ચાલના દાદર નીચેની નાની ઓરડીમાં રહે છે. અને સેનિટોરિયમમાં તબિયત સુધારવા આવનાર લોકોનું દળણું દળીને પોતાનું ગુજરાન ચલાવે છે.

મેં પત્ર વાંચી આપ્યો અને મોતીમા સાડલાને છેડેથી આંખો લૂછતાં બેઠાં રહ્યાં.

મોતીમાને હું વર્ષોથી ઓળખું છું. મોતીમાનો પુત્ર મણિભાઇ મારો સહાધ્યાયી હતો અને એ શાળા-દિવસોમાં હું એમને ઘેર જતો.

ત્યાર પછી તો મણિભાઇ મુંબઇ ગયા અને ત્યાં જ સ્થિર થયા. અને મોતીમા પણ ત્યારથી મુંબઇ જ રહેતાં હતાં.

એટલે પછી તો અમે પાંચ વરસ સુધી કંઇ મળી ન શકયા. અને પાંચ વર્ષે હું જ્યારે મુંબઈ એમને ત્યાં ગયો ત્યારે હું તો મુંઝાઇ ગયો.

આજ પણ મોતીમાને રડતાં જોઇ એમને કેમ આશ્વાસન આપવું એના વિચારમાં હું મુંઝાઇ ગયો.

પત્ર ઉપરથી સમજાયું કે મણિભાઇને ત્યાં પુત્રજન્મ થયો છે એ ખબરથી હરખાઇને ડોસીએ પૌત્રને જોવા જવા દીકરા પાસે દશ રૂપિયા મગાવેલા અને જવાબમાં પુત્રે ડોસીમાને સુસ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધેલું કે મોતીમાએ એ તસ્દી લેવાની જરૂર નથી અને એટલે દશ રૂપિયા પણ મોકલવાની જરૂર નથી.

મને આ પત્રથી જરાકે આશ્ચર્ય ન થયું અને હું એ ઈતિહાસ પૂરો જાણતો હોઈ મારા મ્હોંમાંથી જે શબ્દો નીકળ્યા તે જરાકે અસરકારક નહોતાં.

'મોતીમા, હવે એમાં રડવાની શી જરૂર છે? દીકરાને ઘેર દીકરો આવ્યો એ જ મોટી વાત છે. તમારે એટલો આનંદ કંઇ ઓછો છે? વિશેષ શા માટે આશા રાખવી જોઇએ? —હવે તો તમારી અવસ્થા ભગવાન ભક્તિની છે. હવે આ અવસ્થાએ દીકરા શું ને પૌત્રો શું? તમે તમારે ગંગાજીમાં નાઓ ને રામની ભક્તિ કરો.'

પણ ડોસીમાને એથી સંતોષ ન થયો. એ તો જરા ગુસ્સામાં બોલ્યા.

'હાસ્તો, હવે એ સિવાય બીજો આરો છે?'

અને જાણે હું ગુનેગાર હોઉં એમ એક ક્રોધ-ભરી દ્રષ્ટિ મારા તરફ નાખી ચાલ્યાં ગયાં.

હું એમની પાછળ શૂન્ય દ્રષ્ટિએ જોઇ રહ્યો. અને એમ જ ખુરશીમાં પડયો પડયો ભૂતકાળની ફીલ્મ જોવા લાગ્યો:

એ શાળા દિવસોમાં આ ડોશીની હાક વાગતી. મણિભાઇ એનાથી છડકિયા નાખતા! હું પણ ખૂબ ડરતો.

પણ છતાં મને મણિભાઈ બહુ ગમતા. એ એવા શાન્ત અને ઉદ્યોગી હતા કે ભણવામાં એ હમેશાં મોખરે જ રહેતાં. અને એ જરાકે રમવા જાય તો આ ડોશી એમને ધમારી જ નાખતી. એટલે એ મોટે ભાગે ઘરમાં અભ્યાસ જ કરતાં હોય.

મણિભાઇ શાળામાં પણ ભાગ્યે જ બીજા સાથે બોલે. એ સદાય મૂંગા જ હોય. હું જ એમને સામે ચડીને બોલાવું, ત્યારે જ એ થોડું બોલે.

પાંચ વર્ષ પછી હું જ્યારે મુંબઇ ગયો ત્યારે મણિભાઇનાં લગ્ન થઇ ગએલાં હતાં અને મણિભાઈ શિક્ષકની નોકરી કરતાં હતાં.

મેં ઘરમાં પગ મૂક્યો ને પહેલાં મળ્યાં મોતીમા.

મને જોઇને એમને કંઈ આનંદ થયો હોય એમ ન લાગ્યું. કપાળમાં કરચલીઓ પડી પણ જીભ બીજું જ બોલી:

'આવો.

આ 'આવો' એ કોઇ માનવાચક આવકાર નહોતો. પણ પરાણે પુણ્યનો પ્રકાર હતો!

પણ મેં તો હસતું મ્હોં રાખીને જ નમસ્કાર કરતાં કહ્યું:

'કેમ, મણિભાઇ છે કે

'અરે મણિ, આ સુમન આવ્યો છે.'

આમ કહી ડોશી રસોડા તરફ ચાલી ગઇ.

મણિભાઇ હરખાતા બહાર દોડી આવ્યા. અને એની પાછળ જે આવ્યું એ મણિભાઇના પત્ની હશે એમ મેં કલ્પી લીધું.

મણિભાઇએ ખૂબ પ્રેમથી મારા હાથમાંથી બેગ લઇ લીધી અને મને અંદર લઇ ગયા. અને મને ખુરશી બતાવતાં પોતાની પત્નીને મારી ઓળખાણ આપી.

'રસુ, આ સુમનભાઇ, મારાં જૂના મિત્ર.'

અમે બેયે પરસ્પર નમસ્કાર કર્યા. રસુબેન સ્મિત કરતાં બોલ્યાં.

'એ ઘણીવાર તમને સંભારે છે...

અને આગળ બોલવા જાય ત્યાં અંદરથી મોતીમાનો તાર સપ્તકમાં સાદ સંભળાયો:

'વહુ, અહીં રસોડામાં આવો. આમ ખૂલ્લા મ્હોંએ જેની તેની સાથે તડાકા મારવા ઇ અમારા ઘરની રીત નથી.'

બિચારાં રસુબેન ચમકી ગયાં. અને પછી મણિભાઇ સામે જોઇ રહ્યા. એમની આંખોમાં તરત આંસુ દોડી આવ્યાં.

મણિભાઇએ બોલ્યા વગર જ ઇશારાથી રસુબેનને ચાલ્યા જવાનું કહ્યું અને એ ચાલ્યાં ગયાં.

પછી મણિભાઇ કંઈ જ બોલ્યા વગર સામે જોતા બેસી રહ્યા. હું પણ મૂગો થઇ ગયો.

આગ્રહ કરીને મણિભાઇએ મને ચાર દિવસ રોકી રાખ્યો. પણ એ ચાર દિવસ મારે માટે બહુ જ કપરા હતા. મારે બહુ જ સંભાળીને બોલવું ચાલવું પડતું હતું.

એ દિવસો દરમ્યાન રસુબેન ભાગ્યે જ મારી સાથે બોલી શકેલાં. મણિભાઈ મારફત જાણ્યું કે રસુબેન પણ મેટ્રિક થયેલાં છે અને આગળ ભણવા માગે છે પણ મોતીમા ભણવા દેતાં નથી.

એ ચાર દિવસો, મેં તો 'કયાંક મોતીમાના વાંકમાં આવી જઈશ તો?' એ બીકમાંજ કાઢયા!

અને પછી છૂટયો તે છૂટયો જ! ત્યારપછી તો મુંબઇમાં લોજમાં ઉતરું પણ મણિભાઇને ત્યાં જવાની હિંમત ન કરું.

અને આમ ફરી પાંચ છ વર્ષ નીકળી ગયાં. પણ પછી એકાએક એક દિવસ હું સપડાઈ ગયો. મણિભાઈ સ્કૂલમાંથી ઘર જવા જે બસમાં ચડયા એમાં જ હું બેઠેલો! અને તે દિવસે તેમનો આગ્રહ કોઈ ઓર વધી ગયેલો એટલે મારે લાચારીએ એમને ઘેર જવું પડયું!

અમે ઘરે પહોંચ્યા ને બારણાંમાંથી જ મણિભાઇએ બૂમ મારી:

'રસુ!'

'એ આવી.'

અંદરથી જવાબ આવ્યો. એ જવાબમાં પણ મને પેલાં દબાઈને મુંઝાયેલા રસુબેનનો અવાજ ન સંભળાયો. એ તો હતો એક હર્ષની છોળો ઉડાડતી કોયલનો.

હું સહેજે બોલી ઊઠ્યો:

'કેમ મણિભાઈ, મોતીમા દેશમાં ગયાં છે કે શું?'

ત્યાં તો રસોડાના દરવાજા પાસેથી જવાબ આવ્યો. એ અવાજમાં પણ ભૂતકાળની કર્કશતા નહોતી.

'ના. સુમનભાઈ, હું દેશમાં નથી ગઈ.

છતાંય એ જૂનો પરિચિત સાદ સાંભળી હું ચમકી ગયો અને રસોડા તરફ મેં મ્હોં ફેરવ્યું

પણ ત્યાં પેલી કપાળમાં ઝાઝી બધી કરચલીઓવાળી, મિજાજનું પૂતળું મોતીમાને જોઈ; પણ હસતી ડોશી ઊભેલી જોઈ.

એટલામાં રસુબેન પણ દોડતાં અંદરથી બહાર આવ્યાં. એના હાથમાં કોઈ મોટું થેાથું હતું અને પાનાં વચ્ચે એ ધાણી માટે એમણે એમની એક આંગળી રાખી હતી.

એ આવતાં જ નમસ્કાર કરતાં બોલી ઉઠ્યાં:

'ઓહો સુમનભાઈ, તમે તો ઘણે વર્ષે દેખાયા.

એ અવાજમાં કયાંય મોતીમાની હાજરીની અસર નહોતી.

મણિભાઈ બોલી ઊઠ્યા:

'અરે એ તો ચોરી છુપીથી, બહાર ને બહાર મુંબઈ આવી ચાલ્યા જાય છે. એ તો આજ બસમાં મેં પકડી પાડયા.'

'ત્યારે કહેાને!'

મોતીમા એવું જ મરકતું મ્હોં રાખી બોલ્યાઃ

'સુમનભાઈ, ભાઈ તો તમને ખૂબ યાદ કરતાં હતાં.'

આ 'ભાઈ' સંબોધન પણ નવિન હતું. અમે અંદર બેઠકમાં જઈ બેઠાં. મેં આસપાસ જોયું તો ઘરમાં ફરનીચર પણ નવું વસાવેલું હતું

મોતીમા બેઠક સુધી આવ્યાં અને ઉભાં ઉભાં જ બોલ્યા:

'ભાઈ, ચહા કરી લાવું છું હેા!'

એમની બાજુમાં જ ખુરશી ઉપર રસુબેન બેઠાં હતાં એ જ બોલી ઉઠ્યાં:

'ના બા. કોફી કરી લાવેા. કાઠલીમાં કરજો હેાં. સુમનભાઈને તમારી ઉકાળેલી નહીં ચાલે.'

અને એ જ મરકતા મ્હોંએ મોતીમા રસોડામાં ચાલ્યાં ગયાં.

મારે માટે આ દર્શન ચમત્કારપૂર્ણ હતું.

આ આવેા નાટકીય ફેરફાર કેવી રીતે થયેા એ મારા સમજવામાં ન આવ્યું.

રસુબેન અને મણિભાઈ મારા આશ્ચર્યને સમજી ગયેલાં અને એ બંને મારા અચંબાને માણી રહ્યાં હતાં.

ત્યારપછી વાતો ચાલી અને હું જાણી શકયેા કે રસુબેન ગ્રેજ્યુએટ થઈ ગયાં હતાં અને આગળ અભ્યાસ કરતાં હતાં.

થેાડીવારે મોતીમા ટ્રે લઈને આવ્યાં અને વચ્ચે ટીપાઇ પર મૂકી. અને પેાતાના સાડલાને છેડેથી કાઠલી ઉપર પડેલા કોફીના ડાઘ લૂંછવા લાગ્યાં.

રસુબેન જરા કંટાળાથી બોલી ઉઠ્યાં:

'બા, તમે હજુય એના એ રહ્યાં: એમ સાડલાથી તે કંઈ લૂછાતું હશે? નેપકીન તો ઘરમાં સત્તર છે પણ તમને સાડલેા જ મળે છે!'

મોતીમા શરમાતાં બોલ્યાંઃ

'ખરૂં વહુ, મારેા તો માનખેા બૂડયેા! હું મૂઇ તેા એવી જ રહી. સાડલેા ખરાબ થાય છે એનું ભાન પણ નેા રહ્યું.'

'ના બા, સાડલેા તેા ખરાબ થાય જ છે. પણ ખરૂં તેા કારણ એ ગંધાતા છેડેથી લૂછવું એ આરેાગ્યની દ્રષ્ટિથી જ ખરાબ કહેવાય.'

મોતીમા કંઇ સમજ્યા હોય એવું ન લાગ્યું; છતાં ગુન્હો માથે ચડાવતાં હોય તેમ માથું હલાવ્યું.

ત્યારપછી સહાંજે ભોજન કરવા બેઠાં ત્યારે પણ જોયું કે રસુબેન અમારી સાથે જ પાટલે જમવા બેઠાં અને મોતીમાએ અમને જમાડયાં.

વચ્ચે વચ્ચે રસુબેન અનેક સૂચનાઓ આપતાં અને એ મોતીમા સવિવેક પાર પાડતાં. કેટલીક વાર રસુબેન મિજાજથી ટીકા કરતાં છતાં મોતીમા એ બધું સાંભળી લેતાં હતાં.

મારે ત્યારપછી એમને ત્યાં જ રોકાઇ જવું પડયું.

બીજે દિવસે હું બપોરે એકલો જ પુસ્તક વાંચતો બેઠકમાં આરામ ખુરશીમાં પડયો હતો. મણિભાઇ સ્કૂલે ગએલાં અને રસુબેન કોલેજે.

મોતીમા અંદર રસોડામાં વાસણ ઘસતાં હતાં હું એમ જ વાંચતો તંદ્રામાં પડી ગયો.

પણ કંઇ અવાજ થતાં જાગ્યો અને જોયું તો મોતીમા પોતાને છેડેથી હાથ લુછતાં મારી તરફ આવતાં દેખાયાં.

એ આવીને મારી ખુરશી સામે નીચે જ જમીન ઉપર બેસી ગયાં.

કેટલીક વાર સુધી એ એમ જ મૂંગાં બેઠાં રહ્યાં. અને હું પણ શું બોલવુ એ ન સૂઝતાં બેસી રહ્યો.

આખર મોતીમા બોલ્યાઃ

'સુમનભાઇ, ભાઇ કહેતા'તા કે તમે નાસકમાં રહો છો?'

મેં હા પાડી.

'ઘણું મન છે કે એકવાર નાસકત્રંબકની જાત્રા કરી આવું.'

'તે ચાલોને મોતીમા. કાલ જ આપણે જઇએ.'

'એ ખરું. પણ પછી અહીં કેમ ચાલે? ભાઈને રાંધી કોણ દીયે? ને વહુને પણ કોલેજમાં જવાનુ. એને પણ કોણ કરી દીયે?'

હું મૂંગો બેઠો રહ્યો.

પણ મોતીમાએ આગળ ચલાવ્યું. એમાં શબ્દે શબ્દે 'ભાઈ, ભાઇ' આવતું' તું. ભાઇ કેવા વિદ્વાન છે! ભાઇ કેવા પાંચમાં પૂછાય છે! ભાઇને મળવા કેવા મોટા માણસો આવે છે!—એજ બધી વાતો હતી. વચ્ચે વહુની વાત આવે પણ એમાં ખાસ કંઈ વખાણ ન હોય. અલબત્ત કઈ ટીકા પણ નહોતી.

હું મૂંગો સાંભળ્યા કરતો'તો. છેવટ એ થાકયાં અને મારી આંખો મીંચાતી જોઈને ઉઠયાં.

'લ્યો, તમે ય બેઘડી આડા પડો.'

બીજે દિવસે હું નીકળી ગયો.

ત્યાર પછી મારે કલકત્તા તરફ જવાનું વિશેષ થતાં ફરી મણિભાઇને મળવા જતાં વચ્ચે બે વરસ નીકળી ગયાં.

અને બે વર્ષના ગાળા પછી હું એક દિવસ મારી બેગ લઇને એમને ઘર આવી ઉભો રહી ગયો.

હોંશમાં હું બહારથી જ મણિભાઇને બૂમ મારવા જતો'તો ત્યાં અંદરથી જે અવાજ આવ્યો તેનાથી હું ચમકીને મૂંગો ઉભો રહી ગયો :

'હવે તો મને મોત આવે તો સારું. કયા ભવના આ પાપ આ ઘરડે ઘડપણે મારે ભોગવવાં પડે છે?'

સામે રસુબેનનો અવાજ આવ્યો :

'હવે બસ્સ કરો. તમારી તો એકવાર બડબડ ચાલી એટલે એ અટકશે જ નહીં. તમે કયે ભવ પાપ કર્યા એ તમે જાણો. પણ હવે આમ જરાકે ચાલશે નહીં.'

'મારેય હવે તો નથી રહેવું. હું ગળા સુધી ધરાઇ ગઇ છુ. ભાઇ, તુ મને દેશમાં મૂકી આ. હવે મારાથી અહીં નહીં રહેવાય.'

પણ મણિભાઇનો અવાજ ન આવ્યો. રસુબેન ફરી ગાજી ઉઠયાંઃ

'હા, તમારે જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જાઓ. એ કંઇ તમને મૂકવા બૂકવા આવશે નહીં. તમે જાઓ એટલે અમેય કાંઈક નિરાંત પામીએ.'

મોતીમા ચીસ પાડી બહાર નીકળતાં બોલ્યાં:

'હા, હા, હું તને, વહુ, આંખમાં ખટકું છું.'

મોતીમા રડતાં જ બોલતાં હતાં. એ બહાર આવ્યાં ને એમણે મને બારણામાં જોયો. એ એકદમ મારી પાસે દોડી આવીને મારા પગમાં પડતાં બોલી ઉઠ્યાં:

'અરે સુમન, ભાઇ, તું મને લઇ જા. હવે મારે અહીં નથી રહેવું. મને તું જોઇએ તો કૂવામાં ફેંકી આવ. પણ હવે મને આ નરકમાંથી છોડાવ.'

મારું નામ સાંભળી રસુબેન અને એની પાછળ મણિભાઈ પણ બહાર આવ્યા. હું તો મૂઢ જેવો બધા સામે જોઇ રહ્યો.

હું શું બોલું ?

પણ ત્યાં રસુબેન બોલી ઉઠ્યાં:

'હા, હા, સુમનભાઇ, હવે તમે જ એને કયાંક લઇ જાઓ. અમે હવે એનાથી ત્રાસી ગયાં છીએ.'

મેં બધાંને શાંત પાડ્યાં.

મારા નીચા અવાજથી એ બધાં પણ શાન્ત થયાં.

પછી મારી પાસે મોતીમા કેટલાં જંગલી છે, સંસ્કારી લોકો આવે ત્યારે કેવી જંગલી રીતે વર્તે છે– વગેરેનું બારીક વર્ણન રસુબેને કરી બતાવ્યું.

મણિભાઇ તો બધાય વખત મૂંગા જ ઉભા રહ્યા. શાળા–દિવસોના મૂંગા મણિભાઇ એવા જ ત્યારે પણ મને દેખાયા. એમાં તલભાર પણ ફેર નહોતો પડ્યો.

ત્યારપછી મેં એ સ્વીકારી લીધું.

મને પણ ત્યારપછી ત્યાં રહેવું ગમ્યું નહીં. મારું કામ તરત પતાવી બીજે જ દિવસે હું મોતીમાને લઇને અહીં ચાલ્યો આવ્યો.

થોડા દિવસો મોતીમા અમારે ત્યાં રહ્યાં. બિચારાં ભારતીને દરેક કામમાં મદદ કરવા દોડે. અને પોતાનો જાણે અહીં હક્ક નથી–પોતે નિરાધાર છે એમ ડગલે ને પગલે દેખાડે.

આ અમને ખૂબ ખટકે.

એ પોતાને કંઇ કામ મળે તો સારૂ એમ કહ્યા કરે. આખર અમારી ચાલની એ નાની ઓરડી એમને માટે ભાડે રાખી. એક ધંટી ખરીદી અને મોતીમા પોતાના ઘરમાં એક દિ' રહેવા ગયા.

એ વાતને આજે બે ત્રણ વર્ષો થઇ ગયાં છે.

ડોશી હાડકાં તોડીને હાડકાં જળવી રહી છે.

જોકે હજુય વાતોમાં એ દીકરાને લાવ્યા વગર રહેતાં નથી અને એ જ ઉભળકામાં ભારતી પાસેથી મણિભાઇને પત્ર લખાવી બેઠી અને આજ એનો આ જવાબ મારે વાંચી સંભળાવવો પડ્યો !

હું મુંબઇ જાઉં છું અને મણિભાઇને પણ મળું પણ હું કયારેય મોતીમાને એ વાત કરતો નથી.

પણ ભારતી ડોશીની પાસે પૌત્ર જન્મનો 'હરખ' કર્યા વગર ન રહી શકી. અને પરિણામમાં ડોશીને હરખ તો ન મળ્યો–ઉલટું એનો રુઝાતો ઘા ફરી ઉઘડી પડ્યો.

અને એ ઘા ઉપર મારા મલમપટ્ટા કંઇ જ કામ કરે એમ નહોતા. —ઓજસ્

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211
41-E, Parel
Chawl Road,
Industrial Estate,
BOMBAY-12.

Tel: 72475
Suryodaya Mill
Compound,
Tardeo
BOMBAY-7.

જૂઠું બોલતું બાળક

[એક સંવાદ]

પત્ની— તમે આ છોકરાને આટલું બધું માર્યું, તે વ્યાજબી કર્યું કે ?

પતિ— વ્યાજબી કે અવ્યાજબી. કોઇ જૂઠું બોલે તે મારાથી સહન નથી થતું.

પત્ની— કોઈ જૂઠું બોલે છે, તે સહન નથી થતું, તો તમે પોતે જ જૂઠું બોલો છો, તે કેમ સહન થાય છે ? તે દિવસે બપોરે ફોન પર તમે જ એની પાસે જૂઠું કહેડાવ્યું કે તમે ઘરમાં નહોતા. તમે એની પાસે જૂઠું બોલાવી શકો. પણ એ જૂઠું બોલે તે જાણે એણે તમારો ગુન્હો કરી નાખ્યો. જૂઠું બોલવું તમારાથી સહન નથી થતું, કહી શિક્ષા કરશો તો તે સાચું બોલતું થઈ જશે ?

પતિ— ત્યારે એ સાચું બોલે તેવું તું જ કરી દે ને !

પત્ની— મારાથી એને સાચું બોલતો કરી દેવાય તેમ હોત તો, તમે માનો છો કે આટલો બધો તમારો માર ખાવા જેવી સ્થિતિ હું ઉભી થવા દેત ? પણ હું લાચાર છું. તમારી એના પરની કડકાઇ મારાથી સહન થતી નથી.

પતિ— તો તું આટલી બધી આળપંપાળ કરે છે, એ પણ મારાથી સહન થતું નથી. હું તો તને કહું જ છું કે આ છોકરાને તેં બગાડી મૂક્યો છે.

પત્ની— એટલે એમ જ ને કે જે જે છોકરામાં સારું તે બધું તમારું છે. પણ એટલું ધ્યાનમાં રાખજો કે, છોકરો બગડશે તો, આપણાં બંનેને લીધે જ બગડશે અને સારો થશે તો પણ આપણાં બંનેનાં લીધે જ સારો થશે. પરંતુ આપણા એની સાથેના જે વર્તનો છે, તે એને નુકસાન કરનાર છે, તે આપણે જાણવું જોઇએ. તમે એની સાથે કડક થાઓ છો, તેથી મારાથી એને લાડ થઇ જાય છે. હું જાણું છું, કે લાડ નુકસાન કરે છે. પણ મારાથી એમ થઇ જાય છે. આથી હું તમને કહું છું કે, મારા એની સાથેના વર્તનોનો આધાર, તમારા એની સાથેના વર્તનો પર ઘણો જ છે.

પતિ— તો મારા એની સાથેના વર્તનોનો આધાર તારા એની સાથેના વર્તનો પર છે એમ હું કહું તો શું ખોટું છે ?

પત્ની— કંઇ ખોટું નથી, પણ એટલું તો આપણે જાણવું જોઇએ કે, મારા અને તમારાં એક બીજાના વિરોધી વર્તનો છોકરાના મનમાં શી શી મૂંઝવણો ઉભી કરતા હશે ? આપણું છોકરું જૂઠું બોલતું થયું, એનું કારણ આ જ છે. બાળકને જો આપણામાં વિશ્વાસ હોય, આપણા પર પ્રેમ હોય, તો કદી જૂઠું બોલે કે ?

પતિ— તો આપણે કોઈ સમજ પર જરૂર આવવું જોઇએ. હું બાળક પર સખ્ત ન થાઉં, અને તું બાળકને લાડ ન કરે, તો છોકરાને આપણા પર જરૂર વિશ્વાસ આવશે.

પત્ની— પછી એ છોકરો જૂઠું નહિ બોલે, અને બોલે તો પણ આપણે એને સાચું બોલવા તરફ વાળી શકીશું. હું એને એક બાજુ ખેંચું, તમે એને બીજી બાજુ ખેંચો, એમાંથી ગભરાઈ જઇને, કે એ કારણે લાભ ઉઠાવવા તે જૂઠું બોલતો થયો છે.

પતિ— તો એને માટેની તારી જવાબદારી સ્વીકારવા તું તૈયાર નથી. પરમ દિવસે જ્યારે મેં, દાખલા ગણે નહિ, ત્યાં સુધી ખાવાનું નહીં મળે, એમ કહેલું છતાં, તેં એને ખાવાનું આપ્યું. પછી તેને મારે માટે માન કયાંથી રહે ? એને એમ જ લાગે કે હું ખરાબ છું, અને તું સારી છે.

પત્ની— તમે જ એની પાસે કડક શિસ્ત પળાવો, એ મારાથી સહન થતું નથી. મેં માનસશાસ્ત્રની ચોપડીમાં વાંચ્યું છે કે કડક શિસ્ત બાળકને જૂઠું, લુચ્ચું અને છેતરપીંડી કરતું બનાવી મૂકે છે.

પતિ— ચોપડીમાં લખવું, એ તો બહુ સહેલું છે. તું જ કહેને કે તે દિવસે મહેમાન આપણે ત્યાં આવ્યા ત્યારે, તેં એને ત્યાં બેસી રમવાનું કહ્યું, છતાં એણે ત્યાં જ રમ્યા કર્યું, ત્યારે શું તું એના પર ચિઢાઇ નહોતી ?

પત્ની— ના, હું એના પર ચિઢાઈ નહોતી. મેં એને અંદર જઇ રમવાનું કહ્યું, ત્યારે તમે જ એની સાથે રમવા લાગ્યા. મને તો તે વખતે તમારા પર એટલી બધી ચીઢ આવી હતી. પણ શું કરું ? તદ્દન લાચાર હતી.

પતિ— આવું થાય છે, તે માટેનું તારું માનસશાસ્ત્ર શું કારણ કહે છે ?

પત્ની— આપણો છોકરો જૂઠું બોલતો થયો, કારણ કે તેનામાં આપણે માટે પ્રેમ અને વિશ્વાસ ઉપજાવી શકયા

નથી. એનું મુખ્ય કારણ તો એ છે કે, આપણાં એની સાથેના વર્તનો "શિયાળ એંચે સીમ ભણી અને કૂતરું એંચે ગામ ભણી" એના જેવા છે. આપણા બંને વચ્ચે સમજમાં અને સ્વભાવમાં જે વિરોધ છે તેને કારણે હું જે બાળક પાસે કરાવવા માગુ છું, તેના કરતા તમે ઊલટું કરાવવા માગો, તેમાંથી જ એની બગડવાની શરૂઆત થઈ છે. એક હકીકત હંમેશા આપણા બંને વચ્ચે બને છે. હું વઢું છું ત્યારે તમને એમ લાગે છે કે તેમાં મારો વાંક છે. તેમ તમે એને વઢો, ત્યારે મને તમારો વાંક લાગે છે. એમ ન માનતાં, કે છોકરો આ જાણતો નથી.

પતિ— આમાંથી કોઇ રસ્તો તો કાઢવો જ પડશે ને ?

પત્ની— સૌથી પહેલાં તો છોકરો જૂઠું બોલે, તે તમારે સહન કરવું પડશે. કોઇ જૂઠું બોલે તે તમારાથી સહન ન થાય, તો તેમાં જૂઠું બોલનારનો દોષ છે કે તમારો ?

પતિ— એટલે તારું કહેવું એમ છે કે છોકરાઓ જૂઠું બોલે ત્યારે હું ચિઢાઉં, એમાં મારો કાંઇ દોષ છે ?

પત્ની— જરૂર.

પતિ—મને તો તું આ કહે છે એ કંઇ સમજાતું નથી.

પત્ની— છોકરું જૂઠું બોલે, તે માબાપ સહન ન કરી શકે, તો માબાપ શિક્ષા કરવાનો સહેલામાં સહેલો ઉપાય અજમાવવા તરફ દોરવાઇ જાય છે, અને ધીરજ રાખ્યા વગરનું, આવેશમાં આવી જઈ વર્તન કરે છે. તે ગુસ્સો માબાપ પર તો ઠાલવી શકતું નથી, તેથી મનમાં ભરી રાખે છે. તેથી ત્યાર પછીના તેનાં બધાં વર્તનો માબાપ પ્રત્યેના ગુસ્સાથી પ્રેરાઇને થાય છે. આથી માબાપ જ્યારે, પોતે સર્વશક્તિમાન છે, સંપૂર્ણ છે, એમ માની બાળક સાથે વર્તનો કરે છે, તેનું પરિણામ હંમેશાં વિપરીત જ આવે છે.

પતિ— તારા કહેવાનો અર્થ એમ થાય છે કે, મારું બાળક જૂઠું બોલે છે, કારણ કે હું એની સાથે, કડક રીતે વર્તું છું. એનું જૂઠું બોલવાનું હું સહન કરી શકતો નથી, એમાં મારો દોષ છે. એટલે એ જૂઠું બોલે તો પણ, મને ગુસ્સો ન આવે તો જ હું એ છોકરાને સાચું બોલતો કરી શકું.

પત્ની— બરાબર એમ જ.

પતિ— શું ધૂળ એમ ? છોકરો જૂઠું બોલે ને, હું ગુસ્સો ન કરું, તો પછી એને એમ જ થઇ જાય, કે એ જૂઠું બોલે છે એમાં મારો ટેકો છે. મારાથી એવું ન બને. એને કહી દેજે કે એ ફરી જૂઠું બોલશે, તો ઘર બહાર કાઢી મૂકીશ.

પત્ની— તમે એને કાઢી મૂકવાની વાતો કરો છો ધારો કે તમે એને કાઢી મૂક્યો, તો તે બગડશે કે સુધરશે ? એટલે જ હું કહું છું કે છોકરું જૂઠું બોલે ત્યારે ગુસ્સે થયા વગર, એ શા માટે જૂઠું બોલ્યો, તે શોધી કાઢવું જોઇએ. આપણા છોકરામાં જ્યારે કોઇપણ કુટેવ આવે, ત્યારે આપણો એમાં કયો હિસ્સો છે, તે તરફ પહેલી નજર કરવી જોઇએ. અને તે તરફ નજર રાખવામાંથી જ આપણને એવો માર્ગ જડી આવે છે કે તેથી બાળકને તેમ જ માબાપને, બનેને લાભ થાય છે. બાળકની ઉછેર કરવામાંથી જ જે પ્રશ્નો થાય છે, તેમાં માબાપનો પોતાનો કયો હિસ્સો છે, એ શોધન, આતર-સંશોધન કરે, આત્મવિશ્લેષણ કરે, તો તેમને ઘણો જ માનસિક, આધ્યાત્મિક લાભ મળે છે.

પતિ— તારામાં આટલી બધી સમજ છે, તો તેં મને પહેલેથી જ કેમ ન ચેતવ્યો ?

પત્ની— એ તો વખત આવ્યે જ વાજાં વાગે. મારે તો તમારી પાસે એટલું જ માગવાનું છે. આ બાળક સાથે તમે દોસ્તી બાંધો, વાતો કરો, પ્રશ્નો પૂછો, એના સાદા સાચા જવાબ આપો, તો તમને અકળાવે એવી મૂંઝવણો તે કદી નહીં ઉભી કરે.

પતિ— જા, આજથી તને વચન આપું છું.

પત્ની— તમે માનો છો, તેટલું એ સહેલું નથી.

પતિ— પ્રયત્ન તો કરતો જ રહીશ.

—ડો. રમણલાલ પટેલ

[ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી]

—જે દિવસે જાહેર સ્થાન, ચીજ કે કામ તરફ પણ આપણે પોતીકો ભાવ અનુભવીશું, તે દિવસે આપણા સમાજનું ભાગ્ય ઉઘડી ગયું સમજજો

—ન. પટેલ

પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું મહત્વ

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ને દિવસે આપણું ભારત સ્વતંત્ર થયું. અનેક વર્ષો પિંજરામાં પૂરાએલું પક્ષી જે પ્રમાણે નિલગગન તરફ લોભની દ્રષ્ટિથી જુએ છે તે જ પ્રમાણે આપણે બધાએ આ દિવસની કેટલાંએ વર્ષોથી માર્ગ પ્રતિક્ષા કરી હતી. એ સુવર્ણ દિન આખરે ઉગ્યો! પરંતુ સ્વાતંત્ર્યની સુખપ્રાપ્તિની સાથે સાથે જ આજે આપણી ઉપર અનેક કઠિન જવાબદારીઓ આવી પડી છે. સામાજિક પુનર્રચના કરવી એ આજે આપણું એક મહત્વનું કર્તવ્ય છે. પરંતુ જે પરતંત્રતાનો આપણે આટલા વર્ષ સંપૂર્ણપણે અનુભવ લીધો છે તેના વારસા તરીકે આપણી પાસે અતિશય દારિદ્ર, અજ્ઞાનનો અંધકાર, નિરાશા તથા ક્રિયાશૂન્યતા છવાયા છે.

પરંતુ આ બધી મુશ્કેલીઓ બાજુએ કરીને પણ સામાજિક પુનર્રચના કરવાનું મોટું કામ આપણી સામે છે. આજ સ્વાતંત્ર્યકાર્યને અનુરૂપ એવો એક નવો જ હિન્દી મનુષ્ય આપણે નિર્માણ કરવાનો છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું કંઇક કર્તવ્ય છ એનું ભાન આજ કેટલાં લોકોને છે? કયાંય પણ ગમે તે નોકરી કરીને પોતાની પત્ની તથા બાળકોનુ પેટ ભર્યા સિવાય સર્વ-સામાન્ય માણસોની સામે બીજી કંઇ આકાંક્ષા હોતી નથી. આપણે જેને મહત્વાકાંક્ષી કહીએ છીએ તે પણ બહુ તો I. C. S. ની પરીક્ષામાં પાસ થઈને ખૂબ પૈસા-દાર થવાની ઇચ્છા રાખતો હોય છે!

નવા હિંદી મનુષ્યના ઘડતર માટે સંપૂર્ણ ખાત્રીનું કોઈ પણ સાધન હોય તો તે શિક્ષણ છે. મારા આ સિધ્ધાંતને આજ પ્રત્યક્ષ ચોકકસ પૂરાવો પણ ઉપલબ્ધ છે. ૧૯૧૭ની સાલમાં રશિયામાં રાજ્યક્રાંતિ થઇ તે સમયે ત્યાં નિરક્ષરતાનુ પ્રમાણ ૯૦ % હતું. કોઈ કોઇ પ્રાંતમાં તો લિપીનો પણ અભાવ હતો. રાજ-કીય બાબતોનું અજ્ઞાન, દારિદ્ર વગેરે ખૂબ સામાન્ય થઇ પડયા હતા. લોકો ખૂબ પછાત હતા. આ અંધકારને દૂર કરી પ્રકાશ ફેલાવવાનું કામ ઉપાડવાનું લેનિનના પક્ષે ઠરા-વ્યું. અને તે માટે મુખ્ય સાધન તરીકે એમણે જેનો ઉપયોગ કર્યો તે હતું શિક્ષણ–કાર્ય. નવ–સમાજની રચના કરવા માટે નવા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ એમ એમને લાગ્યું. શિક્ષણમાં રહેલી સુપ્ત શક્તિને લેનિનના પક્ષે ઓળખી; અને આર્થિક અને બીજી અન્ય અડચણો દૂર કરીને શિક્ષણને પ્રાધાન્ય આપ્યું.

ગયા સાત વર્ષમાં આપણને આપણી શિક્ષણ પધ્ધતિમાં કાંઇ વિશેષ મૂળભૂત ફેરફાર થએલા દેખાઇ આવતા નથી. વિપરીતે એના કદાચ એમ કહી શકાય કે સરકાર, સમાજ, શિક્ષક તથા વાલી બધાં જ શિક્ષણ પ્રત્યે થોડા ઘણાં ઉદાસ છે. કેટલા લોકો આજ શિક્ષણ માટે કર આપવાને ખુશીથી તૈયાર થશે? કેટલા શિક્ષ-કોમાં શૈક્ષણિક ઉત્સાહ ને ઉદાસીનતા છે? પણ આ ઉદાસીનતાને જડમૂળથી ઉખેડી નાખ્યા સિવાય આપણે સામાજિક પુનઘર્ટના કરી શકવાના નથી. તેથી આ દ્રષ્ટિએ જે શિક્ષણ સમાજ–સુધારક હોય તેનું મહત્વ આપણે ઓળખવું જોઇએ.

શિક્ષણનું સૌથી પહેલું પગથિયું એટલે જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ. ૬ વર્ષ પછી બાળકો શાળામાં જવા લાગે છે. પણ ત્યાં સુધી શું? બાળક સમજવા માંડે છે ત્યારપછીનો (એટલે કે સાધારણ રીતે દોઢ વર્ષથી તે ૬ વર્ષ સુધીનો) કાળ એ અત્યંત મહત્વનો છે. આ કાળમાં બાળકો ઉપર જે સંસ્કારો પડે તેનું પરિણામ તેના સમગ્ર જીવન ઉપર પડે છે. પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું મહત્વ સમજીને જ રશિયા એના નાના બાળકોની આ વયમાં હથોડી તથા દાતરડાની ઓળખાણ કરાવી આપે છે. આ વયમાં જ તેના મન ઉપર રાષ્ટ્ર-ફરજ પ્રતિ ઊંડી છાપ પાડવામાં આવે છે. જ્યાં જીવવાનું છે તે રાષ્ટ્ર માટે, વ્યકિતગત હિત તરફ ન જોતા, સમાજના હિત તરફ પહેલાં ધ્યાન આપવું જોઇએ, વિગેરે તત્વો લેનિન, સ્ટેલિન વિગેરેની વાતોમાંથી અથવા અનેક પ્રકારના આકર્ષક ગીતો રૂપે તેમના હૃદય ઉપર કોતરવામાં આવે છે. આપણી સામે નવી મનોવૃત્તિવાળો હિંદી મનુ-ષ્ય ઘડવાનું જે કાર્ય છે તે પણ આપણે આવી જ રીતે પૂર્વ–પ્રાથમિક અવસ્થાથી જ શરૂ કરવું જોઇએ. જે પ્રમાણે આપણો માતાપિતા પ્રત્યે, પત્ની પ્રત્યે કંઈ કર્ત-વ્ય છે તે જ પ્રમાણે રાષ્ટ્ર પ્રત્યેની આપણી કર્તવ્ય-નિષ્ઠા બજાવવી જોઇએ. વ્યકિતગત હિતનો માર્ગ જો સમગ્ર સમાજના હિતને તોડી પાડનાર હોય તો તે માર્ગ છોડી દેવા સુધીની તૈયારી, દરેક બાબતમાં સામુદાયિક રીતે મળી સંપીને સમાજના હિત માટે કામ કરવાની ઇચ્છા, તત્પરતા, નિષ્ઠા વિગેરે અનેક બાબતોનું આજ ચાળીસ પિસ્તાળીસ વયના સ્ત્રી પુરૂષોમાં બીજારોપણ કરીએ તો તે જલ્દીથી ફળશે નહિ, તેમ રાષ્ટ્રને પણ તેનો ખાસ

ઉપયોગ થશે નહિ. પરંતુ પૂર્વ–પ્રાથમિક શાળાના બધાં શિક્ષકો જો ઉપરની બાબતોથી વાકેફ હોય અથવા તાલિમ આપી હોય તો રાષ્ટ્રને તેનાથી ઘણો ફાયદો થશે. આવી રીતે પૂર્વ–પ્રાથમિક શિક્ષણને આજ એક રીતે રાષ્ટ્રીય મહત્વ પ્રાપ્ત થયું છે.

આ મહત્વ લક્ષમાં લઇને જ આપણે શિક્ષકોએ કામ કરવું જોઇએ. ફકત તંત્રને મહત્વ ન આપતા, મંત્ર તથા એના અર્થને બાળકના મનમાં કેમ ઉતારી શકાય એનો સતત વિચાર કરીને, જરુરિયાત મુજબ શિક્ષણ પધ્ધતિમાં યોગ્ય ફેરફાર કરવા જોઇએ.

બીજી એક દ્રષ્ટિથી પણ પૂર્વ–પ્રાથમિક શિક્ષણને મહત્વ મળતું જાય છે. પહેલા સ્ત્રીઓએ કમાવવું એ એક શોખની વાત હતી. પણ આજના આર્થિક મુશ્કેલીના સમયમાં એકલા પુરુષોની કમાણી વધતા જતા કુટુમ્બને પૂરી પડવી અશકય છે. નીચલા વર્ગની ઘણી બધી સ્ત્રીઓ ખેતરમાં કે મીલમાં કામ કરવા જાય જ છે. પરંતુ મધ્યમ વર્ગની અનેક સ્ત્રીઓ પણ શકય તે માર્ગે કમાવવાનાં પ્રયત્ન કરતી હોય છે. આવે સમયે એમની કમાવવાની ધાંધલમાં તેમના નાના બાળકો તરફ દુર્લક્ષ સેવાય છે. મોટાં મોટાં શહેરમાં બાલ ગુન્હેગારોની સંખ્યા વધારે જણાય છે, તેનું કારણ શું ? ઘરમાં ખાવા પીવાનું આપનાર કોઇ નહોતું. એકાદા મજૂરના બાળકે રોટલો ચોર્યો તો એનો દોષ કોને માથે ? બા શાળામાં જાય છે, હોસ્પિટલમાં નોકરી નિમિ-તે વારંવાર તેને બહાર જવું પડે છે, આવ્યા પછી પોતાના બાળકો તરફ આપવું જોઇએ એટલું ધ્યાન આપી શકાતું નથી. આવી પરિસ્થિતિમાં બાળકના મનમાં દુઃખનો વિચાર આવે અને એને લીધે તેના માનસિક તથા શારીરિક વિકાસ ઉપર અસર થાય, તેમના બાલમનમાં કોઇ ગંડ (Complexes) નિર્માણ થાય અને એને લીધે એનુ ભવિષ્યનું જીવન દુઃખી થાય તો આપણે એને માટે જવાબદાર કોને ગણીશું ?

આ દ્રષ્ટિબિન્દુથી જોઇશું તો પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું મહત્વ બધાંના ધ્યાનમાં સહેજે આવી શકશે. બાળમંદિર જેવી સંસ્થામાં બાળકો યોગ્ય વાતાવરણમાં વિકાસ પામશે તથા તેમના વિકાસ તરફ પૂરતું લક્ષ આપવામાં આવશે. બા શાળામાં ગયા પછી આજુબાજુની સારી ખરાબ વસ્તીમાં કોઇ કોઇ વાર પોતાના કરતા મોટી વયના બાળકોમાં રમવાથી બાળકો અપશબ્દો બોલતા શીખે છે એ ઉપરાંત એ ન સમજી શકે, એમને ન ઇચ્છવા યોગ્ય વાતચીત નાનપણમાં સાંભળવાથી તેમના કુમળા મન ઉપર બીનજરુરી ખેંચ પડે છે.

આ બધી દ્રષ્ટિએ જોતા નાના બાળકોના શિક્ષણનો પ્રશ્ન ખૂબ જ મહત્વનો છે. આજકાલ ૨ થી ૬ વર્ષની વયના બાળકોને શિક્ષણ આપનારી કેટલીક સંસ્થાઓ છે, પણ આવી સંસ્થામાં વસ્તીના પ્રમાણમાં કેટલા બાળકોનો સમાવેશ થાય છે ? આવી શાળાઓમાં સાધારણ રીતે કોના બાળકો આવે છે ? ખાસ કરીને ઉપલી કક્ષાનો મધ્યમવર્ગ તથા શ્રીમંત વર્ગના જ ને ! આ ઘરની સ્ત્રીઓને ઘરમાં ખાસ કામ પણ હોતુ નથી. એમને કમાવા માટે બહાર પણ જવુ પડતુ નથી. એટલે એ સ્ત્રીઓ પોતાના બાળકની સંભાળ રાખી શકે છે. પણ એનો અર્થ એમ નથી થતો કે એમના બાળકોને શાળામાં ન જવું પણ એમની સાથે સાથે ગરીબ, મધ્યમ વર્ગ તથા દલિત વર્ગના બાળકોને એમની સાથે શાળામાં જવાનું શકય બનવું જોઇએ. એક ઘરમાં પાંચ વર્ષનું એક તથા બે વર્ષનું એક એવા બે બાળકો છે. આવા આ બન્ને બાળકોના શિક્ષણ પાછળ દર મહિને ચૌદ પંદર રૂપિયા જેટલો ખર્ચ કરવો પડે તે કેટલા માતા–પિતાને પોષાશે ? તો પછી એમના બાળકો એમ જ આવી સંસ્થાનો લાભ લીધા વિના જ મોટાં થશેને ? સમાજવાદ આવ્યા સિવાય આવી બધી બાબતો શકય થવાની જ નથી. પરંતુ સમાજવાદનું સોનેરી સ્વપ્ન પ્રત્યક્ષ અમલમાં આવે ત્યાં સુધી સમાજવાદમાં ન માનનાર સરકારને પણ ઉપરની બાબતનું મહત્વ સમજવાને વાંધો નથી.

ખરું પૂછો તો ૨ થી ૬ વર્ષના બધાં બાળકો માટે શિક્ષણની સગવડ તો થવી જ જોઇએ. એ ઉપરાંત કારખાના–મીલો વગેરે ઠેકાણે બે મહિનાથી તે બે વર્ષના બાળકો માટે સંગોપન કેન્દ્ર (Creches) સ્થપાવા જોઇએ. અમારી શાળાઓ પણ આ કામમાં થોડી મદદ કરી શકશે. આજ મોન્ટેસોરી શાળામાં સાધનો ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. જ્યાં આવા સાધનોની સંખ્યા થોડી ઓછી છે, પણ પ્રેમાળ, ઉત્સાહી તથા ધગશવાળા શિક્ષકો છે તથા જે સંસ્થામાં ફી થોડી ઓછી હોય એવી શાળાઓ ન કાઢી શકાય ? બધા બાળકોના માનસિક તથા શારીરિક વિકાસ તરફ પૂરતું ધ્યાન આપીને તેમના મન ઉપર રાષ્ટ્રને આવશ્યક એવા સંસ્કાર આપનાર શાળાની સંખ્યા કયારે વધશે ? આજ ભારતને સ્વરાજય મળ્યું છે પણ આ સ્વરાજયનું સુરાજય થવાનું હશે તો તે માટે કર્તવ્યદક્ષ, અને પ્રમાણિક નાગરિક થવું જરુરી છે અને એ માટે જ પૂર્વ–પ્રાથમિક શિક્ષકને બહુ મહત્વનું સ્થાન મળી રહે છે.

—શુભદા

ઈનામ અને શિક્ષાથી કંઈ ફાયદો થાય છે ?

[ઇનામ અને શિક્ષાની બાળકના મન ઉપર કેવી અસર થાય છે એ આ લેખના લેખિકાબ્હેને પોતાના બાળપણના અનુભવ ઉપરથી આ લેખમાં પોતાના વિચારો માર્મિક રીતે રજૂ કર્યા છે. મૌલિક અનુભવ મોકલવાથી આ વિભાગમાં આ પ્રકારના વિચારોને સ્થાન આપવામાં આવશે. તેથી વાંચકોએ પોતાના અનુભવો જણાવવા એવી વિનંતી છે. —સંપાદક]

બાળક ઉપર આદર્શત્વનો આરોપ કરવાથી જ ફ્રોઇડના કહેવા પ્રમાણે સુસંસ્કૃતિનું નિર્માણ નૈસર્ગિક (કુદરતી) નથી. મનુષ્ય બનાવવા માટે પ્રયત્નપૂર્વક સંસ્કાર નાખવા જ જોઇએ. અને આ સંસ્કાર નાખવા એટલે એ નાખવાનો અધિકાર કોઇએ પણ સ્વીકારવો જ જોઇએ.

કદાચ આપણાથી તેની ઉપર વધારેમાં વધારે અન્યાય થતો હશે ! આધુનિક પુસ્તકોમાં બાળકોના સુધારવાની કદી વાત જ આવતી નથી. એનાથી ઉલ્ટું જગતમાં બાળક હિમ જેવા વિશુધ્ધ સ્થિતિમાં જન્મે છે અને પછી એનામાં જે ગુણ કે અવગુણો દેખાય છે તેના મૂળમાં તેના આજુ-બાજુની વ્યક્તિ તથા વાતાવરણ જવાબદાર છે તેથી માનસ-ચિકિત્સકની મદદથી વાલીઓએ સુધરવું જોઇએ એવી માન્યતા થતી જાય છે.

હાલમાં એક ચર્ચામંડળમાં નીચેના પ્રશ્ન ઉપર ચર્ચા થઇ. "બાળકના મનમાં પ્રૌઢો માટે શેનાથી વૈરભાવ ઉત્પન્ન થાય છે ?" એના જવાબો આ પ્રમાણે હતા. 'ઘરનો ભાવનાત્મક સંઘર્ષ', 'બાળક માટેની વધુ પડતી અપેક્ષાઓ,' અને 'વાલીઓનું બાળકો માટેનું પક્ષપાતી ધોરણ'..... આ બધાં જવાબોમાં વૈરભાવનું કારણ બાલ્યાવસ્થા પણ હોઇ શકે એવું કોઇએ દર્શાવ્યું ન્હોતું. વૈરભાવ જાગૃત થવો એ બાલ્યાવસ્થાનો પ્રાકૃતિક (કુદરતી) ગુણ છે, એવું કોઇ જ કહેતું નથી.

અન્ય બાળકો માટે પણ બાળકમાં વિરોધી ભાવ હોય છે. તે જ પ્રમાણે તેના માતા–પિતા અને મોટી વ્યક્તિઓનો પણ એ વિરોધ કરતા હોય છે. નાના છોકરાઓ નજીવા કારણો ઉપરથી પણ એકબીજા સાથે ઝગડે છે. તેવી જ રીતે છોકરીઓ ઢીંગલી જેવી રમતમાં પણ આંખમાં પાણી આવી જાય ત્યાંસુધી અંદર અંદર ખૂબ જૂસ્સાથી ઝગડે છે. વસ્તુસ્થિતિ એમ છે કે નાના બાળકો પણ એક પ્રકારના નાના પ્રાણી જ છે. તેમનો ધીરે ધીરે વિકાસ થઇને છેલ્લે એઓ સુસંસ્કૃત બને છે.

આ નાના અસંસ્કૃત પ્રાણી આપણી સાથે સુખમાં રહી શકે અને એમાંથી સંસ્કારશીલ પ્રૌઢ તૈયાર થાય એ દ્રષ્ટિથી તેમનું નિયમન કરવું તથા એમને યોગ્ય વલણ આપવું એ જ વાલી તથા શિક્ષકનું કાર્ય છે.

મારા આ મત માટે જેમને જેમ વિચારવું હોય તેમ વિચારે પરંતુ બાળક માટેનું મારું આ જ્ઞાન મેં મારા પોતાના જ બાલ્યાવસ્થાના અનુભવ ઉપરથી મેળવ્યું છે. મને જે કંઈ યાદ આવે છે તથા એના પરથી હું જે કંઈ કહી શકું છું તે એ છે કે મારા વાલીઓએ તથા શિક્ષકોએ મારી કેટલીક સ્વભાવિક પ્રવૃત્તિઓને જો યોગ્ય સમયે જ નિયમિત ન કરી હોત અને શિક્ષા, ઇનામ અને માનવી અથવા દૈવી શકિતનો ઉપયોય કર્યો ન હોત તો કદાચ હું સમાજને તથા મને પોતાને શ્રાપરૂપ બન્યો હોત.

તેમ છતાં હું ચોક્કસ એક 'સમધારણ' આરોગ્ય સંપન્ન ઉત્સાહી તથા હોશિયાર છોકરો હતો. તેમાંય મારા સાતમે વર્ષે મારી માતા ગુજરી ગઇ. તેમ છતાં મારા ઘરનું વાતાવરણ સુખી અને ખૂબ પ્રેમાળ હતું. માતાની જગ્યાએ મારા ફોઇએ મારી સંભાળ રાખી હતી. મારા પિતા કરતા મારા ફોઇ વીસ વર્ષે મોટાં હતા. પોતાના બાળકોના સંગોપનનો એમને સારો અનુભવ મળ્યો હતો. અને બાળકોના સંગોપન અંગે એમનામાં અલૌકિક ગુણ હતા. તેમના આ કૌશલ્યથી મારો ભાઇ, મારી બ્હેન તથા હું અમે સંપીને રહેતા હતા. અમને તેઓ કદી પણ 'ખોટા લાડ' કરતા ન્હોતા.

ઘરમાં અને શાળામાં માયાળુ સર્વાધિકારશાહી હોવી જોઇએ, અને એ જ વાતાવરણમાં બાળકોએ કઈ રીતે વર્તવું એ શીખવું જોઇએ એવી મારા ફોઇની શિક્ષણ અંગેની કલ્પના હતી. એ સ્વચ્છતા અને વ્યવસ્થાના આગ્રહી હતા. અને અવ્યવસ્થિત બાળકોનું કામ કરીને પોતે માનસિક યાતના બ્હોરી ન લેતા. અમે થોડા મોટા થયા ત્યારથી અમારી પથારી અમારે કરી લેવી

પડતી. ગંદા પગે ઓરડામાં દાખલ થઇએ કે ફ્રોઇ અમને જમીન લૂછવાનું સાધન બતાવી એનો ઉપયોગ કરવાની ફરજ પાડતા. અમે રમકડાંથી રમી રહ્યાં પછી અમારે તે પાછા જગ્યા ઉપર મૂકવા પડતા.

મોટી મંડળીનું સુખ અને સગવડ પણ બાળકોએ ધ્યાનમાં લેવા જોઇએ એવો આજના જગતને વિરોધી લાગે એવો મારા ફ્રોઇનો મત હતો. એકાદા બાળકે 'હું નહિ કરું' કહ્યું કે તેનો જવાબ તરત ને ગંભીર જ હોય. સોળ ઉઠે એવી રીતે એ ફટકારતા. ફ્રોઇ કોઇ દિવસ વિચાર કરવા રહેતા જ નહિ. એ કરીને દેખાડતા. એ કદી ચર્ચામાં ઉતરતા જ નહિ. પોતાનો નિર્ણય તરત જણાવી દેતા. એમની પીઠ પાછળ અમે એની સામે મુકકીઓ ઉગામતા પણ અમે હવે જ્યારે પોતે જ માતા, પિતા, દાદા, દાદી તરીકે ભેગા મળીએ છીએ ત્યારે અમે ફ્રોઇ વિષે પ્રેમથી જ વાતો કરીએ છીએ અને એનું વ્યકિતત્વ સામે ખડું થાય છે ને વિચારમાં ડૂબી જઇએ છીએ.

એમને અમારે માટેની ચોકકસ કલ્પના હતી. તે કદી ખોટું બોલેલું ચલાવી લેતા નહોતા. બળદ–મરઘાંની એ વાત પૂરી થઈ પણ તેમાં પ્રત્યક્ષ થયું શું? એ સીધો પ્રશ્ન પૂછતાં. આવી વાર્તા વાંચવી એટલે કોઇ ભયંકર ગુનો છે એમ એમને લાગતું નહિ. અમે ખોટું બોલીશું જ એ એમને ખબર હોય જ અને એમના ધોરણ પ્રમાણે એ અમારી સાથે વર્તવાના. આ કેટલું આશ્વાસનરૂપ હતું!

ઇનામ અને શિક્ષા આ બન્નેનો ઉપયોગ એ તરત કરતાં. શાળામાંથી મારો અહેવાલ સારો આવે કે મારા માનમાં અમને આઇસક્રીમ પાર્ટી મળવાની જ. મારી પ્રગતિ ઓછી હોય તો મારા ઉપર ગુસ્સે થતાં નહીં.

એમના આ વ્યવસ્થિત કૃપાળુ અને નિયંત્રિત જગતમાં શું અમારી 'ભાવનાઓ દબાઇ જતી હતી? કે 'અમારા મન ઉપરના દબાણભારને પૂરતો અવકાશ મળતો નહોતો?'

મન ઉપરનો ભાર ઓછો કરવા માટે ઘરની પાછળના જંગલમાં ને રસ્તા ઉપર અમારી પ્રવૃત્તિઓ ચાલુ રહેતી. વચ્ચે વચ્ચે અમારા પડોશીઓ પોતે પોતાની બારીમાંથી ડોકીયું કરીને અમને જોઇ લેતા એ જ આ સમયે અમારી દેખરેખ રાખતા. અમારી મસ્તી તોફાનમાં અમે કુદરતના નિયમનું ઉલ્લંઘન કરતા. ઘાસની ગંજી ઉપરથી છત્રીનું પેરાસ્યુટ કરીને કૂદકા મારતા. ઝાડની સીધી ડાળીઓ ઉપરથી ચાલતા જવાનો વિક્રમ કરતાં, બરફના પાતળા પડ ઉપરથી સ્કેટીંગ કરવાનો પ્રયત્ન કરતા. એમાં ઘણા અકસ્માતો થતા. નવથી બાર વર્ષની વયમાં પાટો બાંધ્યા વગર તથા દવા લગાડ્યા વગરનો એક પણ દિવસ ગયો હોય એવું મને યાદ નથી.

રજાના દિવસમાં અમે કેટલાએ અસંસ્કૃત તથા જંગલી તોફાનો કરતા હશું કે જે અમારા વાલીને બિલકુલ પસંદ પડતા નહોતા. અમે વિચિત્ર રીતે એ રીતે જીવતા હતા. એક શાળા અને ઘરનું પ્રેમાળ અને કડક વાતાવરણ અને બીજા બંધન રહીત અમારાં ટોળીના વાતાવરણમાં. તેમાં આરોગ્ય પોષક કાળજી અને નિષ્કાળજીનું મિશ્રણ હતું. પરંતુ તે એક બીજાને પોષક નીવડતું હતું.

જ્યારે અમે રમીને ઘરે આવતા ત્યારે કયાંક કંઇક ઉઝરડો લઇને કે દઇને આવતા ત્યારે "આવું તમે કરશો તો એનું પરિણામ પણ તમને ભોગવવું પડશે." એમ કહીને ઘા ઉપર આયોડીન લગાડવામાં આવતું. ખરેખર ઘર એટલે આશ્રય અને સ્વર્ગ સુખની છાયા. ફ્રોઇ ગરમાગરમ ખાવાનું આપતી, મોટી મોટી વાર્તાઓ વાંચી સંભળાવતી, સ્વાસ્થ્ય અને રક્ષણની દ્રષ્ટિથી ઉપદેશ આપતી. અમે આભારવશ થઇ જતા.

અને તેથી આપ માનસશાસ્ત્રજ્ઞોની પાસે તમારા કે બાળકના ગંડ (Complex) અંગે સલાહ લેવા માટે દોડો એ પહેલા આપણે નાનપણમાં કેવા હતા, એ વિચારવું જોઇએ એવું મને લાગે છે.

[રી. ડાયજેસ્ટમાંના ડોરોથી થોમસનના લેખના આધારે.]

—કોઇપણ ધ્યેયની સિધ્ધિ મેળવવી હોય તો તે પૂજારી બનીને જ મેળવી શકાય છે. શિકારી બનીને કદી જ નહિ.

—ચોર નહિ ચોરી શકે, હરી શકે ના ભૂપ,
સ્વજન શકે ના ભાગ લઇ, એવો નિધિ અનૂપ;
જરીએ ભાર કરે નહિ, વધે દીવાથી નેટ,
પામે કદી ના નાશ તે, વિદ્યાધન ધનશ્રેષ્ઠ.

બાળકોની સર્વપ્રથમ આવશ્યકતાઓ કઈ?

આ પ્રશ્ન ૧૯૫૨ માં અમેરિકાની ઈન્ટરનેશનલ એસોસીએશન ફોર ચાઈલ્ડહૂડ એજ્યુકેશન (આંતરરાષ્ટ્રીય બાળશિક્ષણ સંઘ)ની શાળા અને સભ્યોને વિચાર વિનિમય માટે પૂછાવવામાં આવ્યો હતો. આ પ્રશ્નના જે કેટલાક જવાબો આવ્યા તેમાંના મોટા ભાગના જવાબોમાં શાળાઓમાં જણાતી ગીદીંનો એટલે કે નિશાળમાંના દરેક ઓરડામાં વધુ પડતા બાળકો બેસાડવામાં આવતા હોવાથી વર્ગમાં અને વર્ગની બહાર દરેક વિદ્યાર્થીના ફાળે જે અત્યંત ઓછા પ્રમાણમાં જગ્યા આવતી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ બાબત અંગે વર્ગનું ક્ષેત્રફળ કેટલું હોવું જોઇએ અને દરેક બાળકને વર્ગમાં અને વર્ગની બહાર ખરેખર કેટલી જગ્યા આવશ્યક છે તેનું નિરાકરણ કરવા માટે સંશોધન પત્રિકાઓ, પુસ્તકો અને કેટલાક શિક્ષણ વિષયક સામયિકોનો અભ્યાસ કરવામાં આવ્યો. અમેરિકાના શિક્ષણખાતા, રાષ્ટ્રીય શિક્ષણનું સંશોધન-વિભાગ, રાષ્ટ્રીય સ્કૂલ, જૂદા જૂદા મંડળો અને નિષ્ણાતોના અભિપ્રાય માંગવામાં આવ્યા. આ સૌના જવાબ પણ એકસરખા જ આવ્યા. સૌએ જણાવ્યું કે, "આ પ્રશ્નનું સાચેસાચું સંશોધન થયું જ નથી." આ અંગે જે કાંઇ ધોરણો સૂચવવામાં આવે છે તે મુખ્યત્વે નિષ્ણાતોના અનુભવના આધારે જ સૂચવાયા છે.

બાળશિક્ષણ મંડળે ૧૯૫૩–૫૪ ના વર્ષો માટે પોતાની જે યોજના ઘડી તેમાં નીચેની બાબતો અંગે મંડળમાં સર્વસામાન્ય સંમતિ જણાઇ.

બાળકોની નિશાળનું સ્થળ તથા નિશાળમાં દરેક બાળકને મળતી જગ્યા એના પર બાળકોના સર્વ-સામાન્ય વિકાસનો આધાર રહેલો છે. તેથી વર્ગના ઓરડામાં દરેક શિક્ષક હેઠળ નીચે પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા હોવી જોઈએ એવી ભલામણ કરવામાં આવી છે.

શાળા	શિક્ષક	વિદ્યાર્થીઓની સંખ્યા
નર્સરી સ્કૂલ	૧ શિક્ષક અને ૧ મદદનીશ	૧૫
કિંડર ગાર્ડન સ્કૂલ (પાંચ વર્ષથી વધુ ઉમરના બાળકો)	૧ શિક્ષક	૨૦
પ્રાથમિક શાળા	૧ શિક્ષક	૨૫

શાળાની જગ્યાના ધોરણો નીચે પ્રમાણે સૂચવવામાં આવ્યા છે.

નર્સરી સ્કુલમાં	દરેક બાળક દીઠ	૫૦ ચો. ફૂટ
કિંડર.ગાર્ટનમાં સ્કૂલમાં	દરેક બાળક દીઠ	૪૦ ચો. ફૂટ
પ્રાથમિક શાળામાં	દરેક બાળક દીઠ	૪૦ ચો. ફૂટ

શાળાની બહારના ક્રીડાંગણની જગ્યા સુરક્ષિત, આકર્ષક અને મોકળી હોવી જોઈએ. તેના ધોરણો:–

નર્સરી સ્કૂલ અને કિંડર ગાર્ટન સ્કૂલમાં દરેક બાળક દીઠ ૭૫ થી ૧૦૦ ચોરસ ફીટ. પ્રાથમિક શાળા માટે ઓછામાં ઓછી પાંચ એકર જગ્યા હોવી જોઈએ. અને પ્રાથમિક શાળામાંના બાળકોની સંખ્યા વધારવામાં આવતાં ૧૦૦ બાળક પાછળ એક એક વધુ જગ્યા હોવી જોઇએ.

વિદ્યાર્થીઓથી ભરચક રહેતી શાળાઓમાંના બાળકો પર કયા ખરાબ પરિણામો થાય છે? શાળાને મળેલી જગ્યાના દરેક ભાગનો શાળા પૂર્ણ ઉપયોગ કરે છે? એ અંગે કાંઇ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે? આવા કેટલાક પ્રશ્નો વિષે શિક્ષણ મંડળની શાળા વિચારવિનિમય કરી તેના જવાબો શોધવાના પ્રયાસો કરી રહી છે. આપણે ત્યાંની શિક્ષણ–સંસ્થાઓએ પણ આ દિશામાં વિચાર કરવો જોઇએ એવા આ પ્રશ્નો છે ખરા?

('ચાઇલ્ડહૂડ એજ્યુકેશન' પરથી)

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —**વ્યવસ્થાપક.**



ત્રણ દોસ્તો

ચોમાસાનાં વાદળાં [illegible] છે કાળાંધોળાં વાદળાં એક [illegible] પર સડસડાટ ધસી આવે છે. [illegible] રાઈ જાય છે ને વરસાદની દડાઈટ જામી જાય છે. વળી પાછો પવન [illegible] હાથ પોતાનું સોનેરી તેજ ફેલાવતા ને હસતા હસતા કંપકુ ખોલ [illegible] ખું લાગે છે કુદરત એ પોતાના કહેશે : "બહેનો આજ કાવતાં વાદળ તમે મારા જેવાને કયાં [illegible]"

કેસરબાગના [illegible] નાનકા કુમારને મન [illegible] બધું લીલું છમ થઇ ગયું છે ઘણા નાના છોડને ઉપર [illegible] ગાના હસ્ત બધુ આનંદ [illegible] ફલ ઉપર મોર ને પીળાં પત. ગિયાં બેસવા આવે છે. [illegible] ગાં કોકડાં ગિલાનાં [illegible] ડાં પત્તાગાને પારી નાખે છે. હવે તો એ છોકરાંની અમે [illegible] ગના કોન-[illegible] કોન્ત હતાં, આપણે રમતાં હોઇએ ને કોઈ આપણને લાકડી મારીને [illegible] ા હુને કહ્યું દુઃખ [illegible] એ બધાના દોસ્તો સમજી છે તરત જ વાતનો મુદ્દો સમજી [illegible].

પણ અમારાં બીજાં [illegible] ત [illegible] અમારી [illegible] ી મહામહેનત કરીને અમે આંગણામાં વેલ ઉગાડ [illegible] ડીને [illegible] ફોગ ખાઈ ગયુ હતા. પણ થોડી વારે [illegible] ું [illegible] ેનો નાસ્તા કરી ગયેલાં. વાછરડાં આપણાં દોસ્ત છે પણ અમારા [illegible] ાં [illegible]

ચાલ ભાઈ એમ તો એમ, [illegible] પાછા [illegible] ીશું. ઘણા દોસ્તો ફોયડા વિભાગમાં રસ લે છે તેથી આનંદ થાય [illegible]

—શ્રી નરેન ભટ્ટ.

બા મને.....

બા મને રોજ રોજ
રોજ એક ચુમી દેજે,
બા આરી ચુંપડીએ
આવી વાત કેજે

નાની જો ચુંપડીએ,
ઘુઘરીઓ બાંધજે,
ચાંદીની બાંધજે,
સોનાની બાંધજે. બા મને....

નાની ચુંપડીમાં,
નાની એ દીવડી,
દિવડીને રોજ રોજ,
સળગાવી દેજે. બા મને....

ચુંપડીમાં મારી છે,
નાની પલંગડી,
ઉંઘ મને ના'વે તો,
હાલરડાં દેજે. બા મને....

હાલરડાં દે તો તું,
પરીઓનાં દેજે,
સપના જે સપનામાં,
દહેર આવે સ્હેજે. બા મને....

—શ્રી ર. ઠેકારી

વનવગડે

એક:

વનવગડે ભઇ,
કોણ રે.....?
ચીં ચીં ચીં ચીં
ચકલી બાઇ

એક:

ચકલી બાઇ ભઇ
કેવાં છે.....?

બધાં:

ચીં ચીં ચીં ચીં
જાડાં છે.

એક:

જાડાં જાડાં ભઇ
કેમ છે.....?

બધાં:

ચીં ચીં ચીં ચીં
અમર નથી?

એક

એમને તો ભઈ
પુછે કોણ.....?

બધાં:

ચીં ચીં ચીં ચીં
અમે બધાં.....

એકઃ

ચકલી પાસ ભઇ,

આવે કોણ.....?

બધાંઃ

ચીં ચીં ચીં ચીં

સૌ સંગાથે.....

(આ વખતે ખુલ્લામાં એક જણ ચકલી બનીને ઉભું રહે. બધાં એની પાસે જાય. ચકલી પુછે બધાં જવાબ દે.)

ચકલીઃ

વનવગડે ભાઇ

આવ્યા કેમ.....?

બધાંઃ

ચીં ચીં ચીં ચીં

ચણવા.....

ચકલીઃ

આવો આવો ભાઇ,

આંગણમાં બીરાજો ભાઈ,

ખાવા આપું મીઠું કંઈ,

ખાજોને ખુશ ખુશ થઇ.

(બધાં છોકરાંની પંગત થઇ જાય ચકલી પીરસતી હોય એવા ચાળા કરે. બધાં ખાતાં હોય એવા ચાળા કરે.)



એકઃ

ચકલીબેન ચકલીબેન

પુછું તમને વાત?

આવું સારું અન તમારું

મીઠી કેમ છે વાત?

બીજોઃ

ચકલી બેન ચકલી બેન

પુછું તમને વાત?

આવું સારું વન તમારું

શું આવો છો વાત?

ત્રીજોઃ

ચકલી બેન ચકલી બેન

પુછું તમને વાત,

આવું સારું ઘર તમારું

સાથી રાખો સાથ

ચકલીઃ

રોજ રોજ ગાઉં છું,

મીઠું મીઠું ખાઉં છું,

આળો બાંધુ ખંતથી,

રહીએ છીએ સૌ સંપથી,

તેથી આતો લીલા'લેર.

હસીએ કુદીએ કૂદળી ફેર

બધાંઃ

(ઉભા થઇને નાચે ને ગાય)

હસો કુદો બેસો,

દૂઠો બને દીર્ઘો.

શ્રી કુસુમ નિવેદી

શ્રી કુમાર નિવેદી

ચતુરાં બિલ્લીરાણી

[ગયા અંકથી ચાલું]

બિલ્લી— જેવી આજ્ઞા. એક જ ચપટીમાં એ બદ્દ-માસોને હું ઠેકાણે લગાવી દઇશ.

સભા બરખાસ્ત થાય છે. બિલ્લીરાણી રાજા સાહેબના મહેલમાં વનરાજની આસપાસ ચોકી પહેરો કરે છે.

ઉંદરડા દરમાંથી નીકળી રાજા ઉપર ચઢવા જાય છે કે તરત જ "મ્યાંઉ" કરીને બિલ્લી રાણી ભગાડી મૂકે છે. ખુબી એ છે કે એક પણ ઉંદરને પકડતાં નથી. પણ એમાં બિલ્લી બાઇની ચતુરાઇ છે. જો ઉદરડા પકડવા માંડે તો થોડા વખતમાં ઉદરોનો નાશ થઈ જાય અને ઉંદરનો નાશ થાય એટલે નોકરીમાંથી રજા મળે. એટલે બિલ્લી રાણી ઉદરને પકડવાને બદલે ભગાડી મૂકતાં.

વનરાજને હવે કોઇ જાતનું દુઃખ નથી. આરામથી પોઢે છે. રાજા અને વાઘજીભાઇ બિલ્લી-રાણીની સેવાથી ખુશ રહે છે.

પણ એક દિવસ બિલ્લીરાણી માંદા પડયા. બિલ્લારાણાને બોલાવ્યા.

બિલ્લી— બિલ્લા રાણા, બે દિવસથી મારી તબિયત ઠીક નથી આજ તમે મારે બદલે વનરા-જની ચોકી કરવા જજો.

બિલ્લા— જરુર, જરુર, તું કોઈ જાતની ચિંતા રાખીશ નહિ. બરાબર આરામ કરજે.

બિલ્લી— પણ એટલું ધ્યાન રાખજો કે એક પણ ઉંદર વનરાજના શરીર ઉપર ચઢે નહિ, નહીં તો!

બિલ્લા— અરે તું જરાયે ચિંતા રાખીશ નહિ. હું બધું બરાબર જ કરીશ.

(જવા માંડે છે)

બિલ્લી— અરે! અરે! ઉભા રહો. એમ ઉતાવળા બહાવરા ચાલ્યા શું માંડો છો? જરા કાન ખોલીને બરાબર સાંભળતા જાઓ. ચોકી કરતાં એક પણ ઉંદરને પકડશો નહિ. નહીં તો નોકરીમાંથી કૂટ રાજીનામું મળી જશે.

બિલ્લા— હો હો એમાં શું મને નહિ કહેવું પડે. તારી શિખામણ બરાબર પાળીશ (જાય છે.)

બિલ્લારાણા વનરાજની બરાબર ચોકી કરે છે. ઉંદરડા આવે તો બિલ્લી રાણીની સૂચના પ્રમાણે "મ્યાઉ" કરીને ભગાડી મૂકે છે. એક દિવસ તો સંયમ રાખ્યો. પણ ચોથે દિવસે બિલ્લારાણાની જુની ટેવ પ્રમાણે દાઢ સળકી અને લાગ જોઇને એક બે ઉદર પેટમાં પધરાવા માંડયા અને અઠવાડિયામાં તો બે ચાર ઉંદર સિવાય બધાં હોઇયાં કરી ગયા. ઉંદરો પણ ધાકથી નાસી ગયા.

વનરાજને ખબર પડી કે હવે તો એક પણ રહ્યો નથી. એટલે વાઘજીભાઇને બોલાવ્યા.

વનરાજ—વાઘજીભાઈ!

વાઘ —જી, મહારાજ, આજ્ઞા કરો.

વનરાજ—હવે તો આપણા મહેલમાં એક પણ ઉંદર રહ્યો નથી.

વાઘ —જી, મહારાજ ઘણા આનંદની વાત છે.

વનરાજ—તો હવે બિલ્લીરાણીની સેવાની આપણે કાંઈ જરૂર નથી. એમણે છુટા કરો

વાઘ —જેવી આજ્ઞા મહારાજ! હમણાંજ બોલાવી છુટા કર્યાનો હુકમ આપી દઉં છું. બિલ્લારાણા!

બિલ્લા —જી હજુર.

વાઘ —હવેથી હરામખોર ઉંદરનો ત્રાસ રહ્યો નથી. માટે બિલ્લીરાણીને કહી દેજો કે આજથી તમે છૂટા છો. લ્યો આ હુકમ.

વીલા મોઢે ઢીલા પગલે બિલ્લા રાણા ઘેર આવે છે. બિલ્લીરાણી હુકમ જોઇને બિલ્લા-રાણાના પરાક્રમ તરત જ સમજી ગઈ છે. કહ્યું "ફટરે

ભૂંડા હજાર વાર કહ્યું, પણ મારૂં કહેવું ન માન્યું. તે ન માન્યું, હવે કર્યા કરમ ભોગવો ”

નિરાંતનો રોટલો હાથે કરીને ચૂમાવી દીધો.

બિચારા બિલ્લારાણા શું બોલે ! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. માથું ફૂટતા રડી પડ્યા, પસ્તાવા લાગ્યા. હવે શું થાય ! ચતુર બિલ્લીરાણીએ છેલ્લો પાસો અજમાવી જોવાનું મનમાં નક્કી કરી વનરાજ પાસે પહોંચી.

બિલ્લી —મહારાજ ! ને પ્રમાણ.

વનરાજ—કહો બિલ્લીરાણી કેમ આવવું થયું ?

બિલ્લી —મહારાજ ! મને છુટી કરી તે મારે ધન્યવાદ પણ.....(ચાર પાંચ મરેલા ઉંદર બતાવી) હજી આ દુષ્ટો અહીંથી બસ્યા નથી. પાછળથી મને ઠપકો ન મળે તે માટે આપને હું બાસ ચેતવણી આપવા આવી છું. બાદશાહ સલામતનો જય હો હું જાઉં છું. (જવા માંડે છે.)

વનરાજ—અરે બિલ્લીરાણી ! જરા ઉભા રહો (બુમ પાડે છે) વાઘજીભાઈ!

વાઘ —જી, હજુર !

વનરાજ—(ઉંદર બતાવી) હજી આ દુષ્ટ રાક્ષસો બસ્યા નથી. બિલ્લી રાણીને નોકરીમાં ચાલુ રાખવાનો હુકમ આપી દો. મારાથી ઉંદરનો ત્રાસ નહિ વેઠાય

વાઘ —જેવી આજ્ઞા મહારાજ. અત્યારે જ હુકમ આપી દઉ છું.

બિલ્લીરાણીની નોકરી પાછી ચાલુ થઈ જાય છે. પોતાની યુક્તિ પાર પડેલી જોઇ બિલ્લીરાણી કૂલ્યાં સમાતાં નથી. બિલ્લારાણાને ભવિષ્યમાં ભૂલ ન કરવાની ચેતવણી આપી દીધી છે. હવે તો બિલ્લા રાણાને બિલ્લીરાણી વનરાજની ચોકી કરે છે. બાય છે, પીએ છે, ને મઝા કરે છે.

વાહ બિલ્લીબાઇ વાહ !

—શ્રી. નટુભાઈ બુરાનપુરિયા



મધુસુદન

ટપકાં ટપકાંવાવાં બાનાં,
ભરજો રંગ છાનાં માનાં,
વાઘ છે? કે સિંહ છે?
કે મોટું મોટું મોટું રીંછ છે?

નીકળે તો કંઈ
બીશો ના,
જોજો પાડો
ચીસ ના.
ચાલો શરૂ.

—શ્રી મધુસુદન

અનેરો લાભ

“શિક્ષણ પત્રિકા” ના સપ્ટેમ્બર માસ સુધી જેઓ ગ્રાહક થશે, તેમને “શિક્ષણ પત્રિકા”નો દ્વીપોત્સવી વિશેષાંક ભેટ મળશે.

આપ ગ્રાહક ન હો તો આજે જ બનો અને અન્યને બનાવો. —વ્યવસ્થાપક,

“શિક્ષણ-પત્રિકા” ની જૂની ફાઈલો

“શિક્ષણ-પત્રિકા”ની (ગૂજરાતી આવૃત્તિ) ની નીચેના વર્ષની ફાઇલો, (બાઇન્ડ કરેલી) હવે મળી શકે છે :

૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, અને ૨૭. કિંમત માત્ર રુપિયા ૨-૮-૦ પોસ્ટેજ દસ આના જુદુ. વી. પી. કરવામાં આવશે નહિ. —વ્યવસ્થાપક.

ચાંદમિયાં

[આ વાર્તા એક બાલ મિત્રે લખી છે. બાર તેર વર્ષની ઉમરે લખેલું આ લખાણ રસ પડે એવું છે. બીજા બાલમિત્રો પણ આવું સરસ કાંઈ લખી મોકલે.—૨ કો.]

નાના એવા ગામમાં એક મિયાં રહે. તેમનું નામ ચાંદમિયાં. ચાંદમિયા ફ્રોસી તો એટલા કે ન પૂછો વાત. પણ ગામમાં ડંફાસ મારવામાં પહેલો નંબર આવે.

એક દિવસ મિયાં દરબારની ડેલીએ બેઠેલાં કંઇ ચારણો, ને ગ્રામજનો બેઠેલાં. દરબારે મિયાંની કસોટી કરવા કહ્યું, 'મિયાં! તમારા બહાદુર મિંયાઓ તો જીવતા સિંહને મારતાં! ને તમે આમ રાંકની માફક બેસી રહો! હટ્ટ! તમે તો બાપનું નામ બોળ્યું.'

'અરે! આ ચાંદમિયાંના બાપાએ જ તમારા બેતરમાં સિંહ મારેલો, સાચુંને દરબાર!' એક ચારણે કહ્યું.

'સાચી વાત! એતો શૂરવીર હતો. પણ આ તો બાયલો છે. સમજ્યા! એના બાપનું બાઇ બગાડ્યું છે?' દરબાર બોલ્યા.

અને મિયાંને ચડ્યું ઝનૂન. ઉભા થઇને બોલ્યાં, 'અમે તો કાંઈ બાઇ નથી બગાડ્યું! લાવો તમારો સિંહ. મારી નાખીએ છીએ કે નહિ.'

'હવે માર્યા! માર્યા! બેસ!' દરબાર બોલ્યા.

'પણ, લાવો સિંહ! તમારી બબર પડે!'

'ત્યારે ઠીક!'

દરબારને લાગ્યું કે મિયાંને બરાબર પાણી ચડ્યું છે. હવે ઘા ભૂલવો નહિ.

'જમાલખાં સિંહને હાજર કરો.'

દરબારનો હુકમ થતાં જ જમાલખાં અંદર ગયા ત્યાં સિંહ તો હતો નહિ! તેથી જમાલખાંએ શરીરે સિંહનું ચામડું વીંટાળી લીધું, માથે સિંહનું માથું ચડાવી બરાબર લાગે છે કે નહિ તે અરીસામાં જોયું....જમાલખાંએ બરાબર સિંહની કોપી કરી હતી.

જમાલખાં ચાર પગે ચાલતાં આવ્યા મેદાનમાં—જ્યાં દરબાર બેઠા હતા ત્યાં—અને મિયાં પાસે ગયા. સિંહ મિંયાની પાસે આવતો જોઈ બધા દરબારીઓ પાછા બસી ગયા. પણ મિંયાથી બસાય નહિ. જો બસે તો આબરૂ જાય! આમે તો મિયાંના છક્કા જ છુટી ગયા હતા!

'મિયાં આવો મેદાનમાં' દરબારે કહ્યું

મિંયા ઉઠી મેદાનમાં આવ્યા. ને કુસ્તી શરૂ કરી. કુસ્તી શરૂ થતાંની સાથે પહેલા મિયાંએ સિંહને ઉલાળ્યો ને ફેંકયો દુર! દુર પડવાથી જમાલમિયાંને વાગેલું, પણ તેમનો ક્રોધ વધી ગયો ને ઉઠયા. ને ઉઠતાની સાથે જ તેમણે મિયાંના સુકકડ લકડી શરીરને બે હાથમાં પકડયું ને બહુ જ દબાવ્યું. મિયાં તો જાણે જાપ કરતા હોય તેમ કરવા લાગ્યા. પણ બધાં દરબારીઓને નવાઇ લાગી કે સિંહ બે પગે ઉભો થયો! અને વળી માણસની માફક બોલવા લાગ્યો! જમાલખાંએ જોર વધાર્યું ને વળી ખૂબ જ દાબવા લાગ્યો ને મિયાં બેભાન થઇ ગયા!

થોડીવારમાં દરબાર દોડી આવ્યા ને મિંયાને છોડાવ્યા. પણ મિયાં બોલે શાના! બિચારા મિયાં બેભાન થઇ ગયેલા. તરત જ મિયાંને પાસેના શહેરની હોસ્પીટલમાં મોકલી દીધાં.

જમાલખાંએ પોતાનો સિંહનો વેશ કાઢી નાખ્યો. ને પડી ગયા હતા તેથી થોડું વાગ્યું હતું. ત્યાં 'હળદળ' લગાડી દીધી!

હજુ મિયાં તો એમ જ માને છે કે એ જમાલખાં નહોતો પણ સાચો સિંહ હતો, હું કંઇ જમાલથી ડરી જાઉં એવો ફ્રોશી નથી સમજ્યા!'

'મોટી ડંફાસ મારવી નહીં.'

'કોઇ જરા મસ્કો લગાવે તો કોઇની સાથે બાઝવા તૈયાર થવું નહીં.'

મસ્કા=વખાણ કરવા.

—ઇબ્રાહીમ વોરા

બાળશિક્ષણ અને સંઘ સમાચાર

વડોદરા:– શ્રી શિશુભારતી બાલવાડી: નવી ઘરતી, આરોગ્ય કેન્દ્રનું ઉદઘાટન સમારંભ ગત તા. ૧૫મી ઓગષ્ટ ને રવિવારે શ્રી મગનભાઈ શંકરભાઇ પટેલના પ્રમુખપદે ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાયો હતો.

ખડકી ડુંગરી:– ઉદવાડા સ્ટેશન પાસે આવેલ ખડકી ડુંગરીમાં, ભારત અને મુંબઇ રાજ્ય સરકારની આદિવાસી બાળકોની પાયાની કેળવણી અંગેની આશ્રમ શાળાઓની યોજના અનુસાર એક આશ્રમશાળા–મુંબઇના ભંગિની સમાજને હસ્તક ચલાવવાનું સરકારે મંજૂર કર્યું છે. તે મુજબ ઉપરોકત આશ્રમશાળાનું ઉદઘાટન સૂરત જિલ્લા સ્કૂલ બોર્ડના પ્રમુખ શ્રી લલ્લુભાઇ હ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમયે આસપાસના ગામડા અને શહેરોમાંની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

(અનુસંધાન માટે કવર પેજ ચાર જુઓ)

શિક્ષણ પત્રિકા અને વિશેષાંક પ્રચાર યોજના

આવતે મહિને દિવાળીનો શુભ અવસર આવે છે. ગયે વર્ષે આ શુભ અવસરે પત્રિકાનાં બાલવાંચકો માટે બાલવાર્તા વિશેષાંક પ્રકાશિત થયો હતો. હજારો બાળકો અને વાલીઓએ તેના આ નવા સ્વરૂપનું જે આત્મીયતાથી તથા ઉત્સાહથી સ્વાગત કર્યું હતું તેથી આ વર્ષે આ દિશામાં બે ડગલાં આગળ વધીને સંપાદકોએ આ વખતનાં વિશેષાંકની તૈયારી શરુ કરી છે. કદમાં આ વર્ષનો અંક ગયા વર્ષના અંક જેટલો જ હોવા છતાં તેનાં અંદર અને બહારના રૂપમાં અનેક ફેરફારો કર્યા છે. આ વર્ષનાં અંકમાં ફકત બાલવાર્તાઓ નથી પરંતુ બાલસાહિત્યનાં ઉત્તમમાં ઉત્તમ વિવિધ પ્રકારોને તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. એક જ થાળમાં ખુબ કૌશલ્યથી વિવિધ પ્રકારની વાનીઓ મૂકી હોય તેવો જ આ પત્રિકાનો વિશેષાંક લાગશે.

આ જુઓ કેટલાંક લેખો: 'ગગન ગોખ', 'સાગર તળીએ', 'હિમાલયનો હિમ માનવ', 'હીરાનો ચરૂ', 'કલમ ને કાગળ લઢી પડયા', 'નીલ કળી', 'ગીરવનનાં સિંહની શિરગણત્રી', 'ચીનુ ચોટલી ને ગિજુ ગોટલી', 'વિદ્યુતરાજ ફેરાડે', 'સૌથી પહેલી હોડી', 'પૃથ્વીનો જન્મ', 'દિવાળી કોની?', 'બાળકોનો ટેલીફોન', 'દીવાઓની શોધમાં.

કોને ગમ્મત પડે એવા વિષયો? એમાં જુદી જુદી બાલકથાઓ, નાટકો, સંગીતિકા, નાટય છટા, પ્રાસ-ગીત, ગમ્મત ગીત, રમત ગીત, ઉત્સવ ગીત, અભિનય ગીત, કંઇ રંગવા માટે, કંઇ કસોટીઓનો ઉકેલ, કંઇ કાપવા માટે, અને ઘણું જાણવા જેવું, ને ગમ્મત પડે એવું વાંચનીય સાહિત્ય સુશોભિત કરી રજુ કર્યું છે.

મુખપૃષ્ઠ પર સુંદર ત્રિરંગી ચિત્રો છે. શું છે આ ચિત્રમાં? ભારતે દેશદેશમાં પ્રગટાવેલી જ્ઞાન દીપાવલી તો નાહ ને?

અંક લેજો અને જોજો

શિક્ષણ પત્રિકાનો પ્રચાર એટલે બાલકલ્યાણ અને શિક્ષણની ચળવળનો જ પ્રચાર. આ પ્રચારને મદદ કરવી એ દરેકનું કર્તવ્ય છે. જેમ જેમ પત્રિકાનું સ્વરૂપ વધતું જશે તેમ તેમ તેની કાર્યક્ષમતા વધારવી શકય બનશે.

પત્રિકાનાં વાંચકોને

તમે પત્રિકાનાં માત્ર વાચક જ નથી પણ નૂતન બાલ શિક્ષણ સંઘનાં સભાસદ પણ છો. પત્રિકાએ પોતાનું જીવન જે કાર્યને સોંપ્યું છે તે કાર્ય તરફ આપના અંતઃકરણમાં સહાનુંભૂતિ છે. તેથી રોજ તમારો થોડો સમય કાઢી તમારા મિત્રોમાં પત્રિકાનો પ્રચાર કરો તો પત્રિકા આપની વધુ સારી કરવા સમર્થ બનશે.

પત્રિકા પ્રચારની યોજના

અત્રે અમે ત્રણ પ્રકારની કુપનો યોજી છે. તેમાંની પહેલી યોજના તે 'શિક્ષણ પત્રિકાની ભેટ' અંગેની. આ યોજના પ્રમાણે તમારા મિત્ર મંડળમાં શિક્ષણ પત્રિકાના પાંચ ગ્રાહકો મેળવી તેનું લવાજમ રૂા. ૨૦ તેમજ તેમના સંપૂર્ણ સરનામા મોકલી આપશો તો તમે જણાવશો તે કોઈપણ એક વ્યકિતને તમારા તરફથી દિવાળીના શુભ અવસર પર પત્રિકાનો બાલસાહિત્ય વિશેષાંકની ભેટ મોકલવામાં આવશે અને તે ઉપરાંત ૧૯૫૫ના સપ્ટેમ્બર મહિના સુધી પત્રિકાના અંકો મોકલવામાં આવશે.

બીજી યોજના તે દીપાવલિ વિશેષાંક ભેટના. દૂર-દૂરનાં સગા વ્હાલા અને મિત્રોના બાળકોને દિવાળી પર શું મોકલવું એનો જો તમે વિચાર કરતાં હશો તો શિક્ષણ પત્રિકાનો 'દીપાવલિ વિશેષાંક' ધ્યાનમાં લેજો. બાળકો માટે જ આ અંક યોજ્યો છે. આ અંક મોકલવો હોય તો કુપન નં. ૨ ભરીને મોકલશો અને તેની સાથે જે જે બાળકોને આ અંકોની પ્રતો તમારા તરફથી ભેટ મોકલવા માગતાં હો તેમનાં સરનામાં અને દરેક પ્રત માટે રૂા. ૧ પ્રમાણે રકમ મોકલશો. કાર્યાલય તે બાળકોને દિવાળીને દિવસે જ તમારી ભેટ મળે તેવી વ્યવસ્થા કરશે.

શાળા અને સંસ્થા માટે

પત્રિકાનો બાલસાહિત્ય વિશેષાંક એ એક રીતનું કાયમી સ્વરૂપનું બાલસાહિત્ય છે. તે માટે આ સાહિત્યનો ઘરે ઘરે પ્રચાર થાય તો સારા બાલ સાહિત્યને ઉત્તેજન મળશે. આ માટે અમે બાલમંદિરો અને પ્રાથમિક શાળા દ્વારા વાલીઓને આ અંકની માહિતી આપનારા હસ્તપત્રકો છપાવ્યા છે. જે સંસ્થા આ કુપન નં. ૩ ભરીને અમારી ઉપર પાંચમી ઑક્ટોબર સુધીમાં મોકલાવશે તેને વિશેષાંકની તેમની માગણી પ્રમાણે નકલો મોકલવાની વ્યવસ્થા કાર્યાલય તરફથી કરવામાં આવશે.

શિક્ષણ પત્રિકાનો હજારો હાથેથી પ્રચાર થાય અને સંઘ તરફથી બાલસાહિત્યની દિવસે દિવસે વધુ ઉજ્જવળ સેવા થાય એ જ માત્ર ઉદ્દેશથી આ જુદી જુદી યોજનાઓ ઘડવામાં આવી છે તેની સફળતા કાર્યકર્તાઓના સ્વયંસ્ફૂર્ત સહકાર ઉપર જ અવલંબે છે. તેથી દરેકને આ કાર્યમાં પોતાની શક્તિ મુજબ ફાળો આપવા વિનંતી છે.

—વ્યવસ્થાપક

કાપીને ભરીને મોકલવા માટે

કુપન નં. ૧

'શિક્ષણ પત્રિકા' ભેટ યોજના

વ્યવસ્થાપક,
શિક્ષણ પત્રિકા કાર્યાલય
દાદર મુંબઈ ૧૪

શિક્ષણ પત્રિકા માટે પાંચ નવા ગ્રાહકો મેળવી મેં તેનો યથાશક્તિ પ્રચાર કર્યો છે. એ પાંચે ગ્રાહકોના સંપૂર્ણ સરનામા તથા તેમનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦ આ સાથે મોકલું છું નીચે જણાવ્યા મુજબના સરનામે એક વર્ષ માટે વિશેષાંક સાથે ભેટ અંક મોકલવાની વ્યવસ્થા કરશો.

લી.,

મારું સરનામું.....
.....
.....

જેને ભેટ મોકલવી છે તેનું સરનામું
.....
.....
.....

કુપન નં. ૨

'દીપાવલિ વિશેષાંક' ભેટ યોજના

વ્યવસ્થાપક,
શિક્ષણ પત્રિકા કાર્યાલય
દાદર, મુંબઈ ૧૪

આ સાથે આપેલા સરનામા પર શિક્ષણ પત્રિકાના બાલસાહિત્ય દિવાળી વિશેષાંકો મારા તરફથી ભેટ તરીકે મોકલશો. અંક દીઠ રૂ. ૧-૦-૦ પ્રમાણે આ સાથે રૂા. મનિ. ઑ./અથવા ટિકિટોના રૂપમાં/ચેકથી/મોકલ્યા છે. બેસતાં વર્ષના શુભ અવસરે અંક બારોબાર પહોંચે એવી વ્યવસ્થા કરશો.

લી.,

મારું સરનામું.....
.....
.....

કુપન નં. ૩

વિશેષાંક પ્રચાર યોજના

વ્યવસ્થાપક,
શિક્ષણ પત્રિકા કાર્યાલય
દાદર, મુંબઈ ૧૪.

અમારી સંસ્થામાં બાર વર્ષ સુધીના બાળકોની સંખ્યા .....છે. તે ધ્યાનમાં લઈને શિક્ષણ પત્રિકાના બાલસાહિત્ય દીપાવલી વિશેષાંક સંબંધમાં માહિતી આપતી આપેલી ચિઠીઓ મારા સરનામે મોકલશો. આ ચિઠીઓ બાળકો દ્વારા વાલીઓપર મોકલીશું અને તે પ્રમાણે અમારી સંસ્થા માટે વિશેષાંકની જેટલી પ્રતો જોઈતી હોય તે માટે આપને લખીશું. આ અંકનો અમારાથી બનતો પ્રચાર કરીશું. તે બદલ વળતર આપવાની આપણી જે કંઈ યોજના હોય તે પ્રમાણે અમારી સંસ્થાને વળતર આપશો.

એજ લી.

મારું સરનામું.....
.....
.....

ટૂંકી મુદ્દતના વર્ગો

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જાણીતા બાળ-કેળવણીકાર પ્રો. શ્રી ભામરાએ ૧૫મી એપ્રિલથી જૂન સુધી બાળ અધ્યાપન વર્ગો ચલાવ્યા હતા. આ ટૂંકી મુદ્દતનો અભ્યાસક્રમ પૂર્ણ થયે એની પરીક્ષા લેવાઇ અને જેઓ આ પરીક્ષામાં પસાર થયા તે વિદ્યાર્થીઓને કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા આપવામાં આવતા પ્રમાણ-પત્રોના શિરસ્તાને આ વર્ષે પણ જાળવી રાખવામાં આવ્યો હતો. આ વર્ષના પ્રમાણ-પત્રો નૂતન બાલ શિક્ષણ સંઘના પ્રમુખ અને મુંબઈ રાજ્યના પંત પ્રધાન માનનીય શ્રી મોરારજીભાઇના હસ્તે આપવાનો એક સમારંભ થોડાક જ દિવસો પહેલાં મુંબઇમાં યોજાઇ ગયો.

અતિ અલ્પ સમયમાં બાળ શિક્ષણની અધરી વિદ્યા આ જાતના વર્ગોમાં આપવામાં આવે છે, અને તેની ફી પણ વધારે હોય છે. વિદ્યાર્થી વર્ગ પણ આટલી ભારે ફી ભરીને ટૂંકી મુદ્દતમાં જ બાળશિક્ષકનું પ્રમાણ-પત્ર મેળવી લેવા ખૂબ જ આતુર હોય છે. વિદ્યાર્થીઓની વર્ષે વર્ષે વધતી જતી સંખ્યાને લક્ષ્યમાં લઇ, જનતા તરફથી આ જાતના વર્ગોને કેવો અને કેટલા પ્રમાણમાં સહયોગ મળે છે, તેનો ઉલ્લેખ પ્રો. ભામરાના સહકાર્યકર્તા શ્રી શાંતિભાઈ પંડ્યાએ, ઉપરોકત સમારંભ પ્રસંગે કર્યો હતો; મેડમ મોન્ટેસોરીએ પણ આવા ટૂંકા ગાળાના વર્ગો ઘણી વખત ચલાવ્યા હતાં અને એમાંથી, કહેવાય છે કે તેમને રૂા. પચાસ હજારથી સાઠ હજાર સુધીનું વળતર મળી રહેતું. મેડમ મોન્ટેસોરીના જ એક શિષ્ય શ્રી યૂસ્ટન પણ આ જાતના ટૂંકી મુદ્દતના વર્ગો હાલમાં કલકત્તા ખાતે ચલાવી રહ્યાં છે. પ્રો. ભામરા અને યૂસ્ટનના વર્ગોને કેટલીક પ્રાદેશિક સરકારોએ માન્ય રાખ્યા છે, એવું પણ સંભળાય છે. જો કે આ બંને વર્ગોને મુંબઈ રાજ્યે તો આજ સુધી માન્યતા આપી જ નથી.

નૂતન બાળ શિક્ષણ સંઘે પણ કેટલાંક વર્ષો પહેલાં આ જાતના વર્ગો ચલાવી અમુક પ્રયોગો કર્યા હતાં. એ પ્રયોગોને અંતે એમ જણાયેલું કે એક તો એ બાળશિક્ષકોનો દુરુપયોગ કરાયો અને બીજું એ હતું કે આ શિક્ષણક્રમ મદદનીશ શિક્ષકો માટે જ યોજાયો હતો. પરંતુ આનો બાળમંદિરોમાં ગેરલાભ લેવામાં આવ્યો, અને પરિણામે બાળમંદિરોનું ધોરણ નીચે પડતું ચાલ્યું. આ પરિસ્થિતિ સદંતર દૂર કરવા માટે સંઘે આવી જાતના ટૂંકી મુદતના વર્ગો ચલાવવાનું ત્યારથી જ બંધ કર્યું.

હવે આપણે જરા ઉપરના સમારંભ પર ઉડતો દૃષ્ટિપાત કરીએ. માનનીય શ્રી મોરારજીભાઇના શુભ હસ્તે જ્યારે પ્રાધ્યાપક ભામરા સંચાલિત વર્ગોના વિદ્યાર્થીઓને પ્રમાણ-પત્રો આપવાની જાહેરાત થઇ ત્યારે સંઘના અમારા જેવા કેટલાંયે કાર્યકર્તાઓએ ખૂબ જ આશ્ચર્ય અને સંદિગ્ધતા અનુભવ્યા. એક બાજુ જે રાજ્ય આવા વર્ગોને માન્ય રાખતું નથી તે જ રાજ્યના વડા પ્રધાન તરીકે અને જે સાર્વજનિક સંસ્થાએ આવા વર્ગોથી થતી મેહાલીને લીધે તેવાં વર્ગો બંધ કર્યા તેના જ પ્રમુખ તરીકે માનનીય શ્રી મોરારજીભાઇએ આ સમારંભમાં ભાગ લેવાનું કઈ દૃષ્ટિએ સ્વીકાર્યું, એજ વસ્તુથી સૌ કોઈ કાર્યકર્તાઓ દુવિધામાં પડયાં હતાં. સાર્વજનિક કાર્યો અંગે પોતાનું એક શિસ્તબધ્ધ વિશિષ્ટ ધોરણ નક્કી કરી વ્યવહાર કરવા માટે અને તે કરતાં થતી કોઇની પણ ટીકાઓ પર લક્ષ્ય ન આપતાં, પોતાને જે સત્ય જણાય, તે જ વ્યકત કરવા માટે જેઓ જાણીતા છે, એવાં માનનીય શ્રી મોરારજીભાઇ આ પ્રમાણ-પત્ર પ્રદાન સમારંભ પ્રસંગે શું બોલશે, એ પણ એક કુતૂહલનો વિષય બની રહ્યો હતો.

ધારેલા મુજબ સમારંભની શરુઆતમાં આ શિક્ષણક્રમના સંચાલકો અને સલાહકાર મંડળમાંના કેટલાંક અગ્રગણ્ય વ્યક્તિઓના, વર્ગ સંચાલન અંગે અને મોન્ટેસોરી પધ્ધતિના શિક્ષણક્રમ અંગે ભાષણો થયાં હતાં. આ પ્રસંગે પ્રો. ભામરાએ શ્રી મોરારજીભાઇના આવા વર્ગો અંગે શા વિચારો હશે એની આગાહી જાણે થઈ હોય તેમ, પોતાના વર્ગોનું બચાવ કરતું અને મુંબઇ રાજ્યે માન્યતા ન આપી તેની ટીકા કરતું એક આવેગપૂર્ણ વકતવ્ય કર્યું હતું.

પોતાના વર્ગનું સમર્થન કરતાં તેઓએ જણાવ્યું કે આ જાતના વર્ગોને કોઇ માન્યતા આપે કે ન આપે, પરંતુ હું તો મારું કામ કરતો જ રહીશ. મારો આ શિક્ષણક્રમ સંપૂર્ણ છે એવો મારો દાવો નથી, પરંતુ હું

જે કાંઇ કરું છું તે બાળકો માટે જ કરું છું. શિક્ષણ-ક્રમ ટૂંકી મુદતનો હોય કે લાંબી મુદતનો હોય, પરંતુ તેથી કાંઇ શિક્ષકના વ્યક્તિ-ત્વ પર કશો ફેરફાર કરી શકાતો નથી. જે શિક્ષકનું વ્યક્તિ-ત્વ ત્રણ માસમાં બદલાતું નથી, તેને ત્રણ માસને બદલે ત્રીસ મહિના લગી શિખવીએ તો પણ તેમાં કાંઇ ખાસ ફેર થતો નથી, એવું મારું માનવું છે. એટલે શિક્ષકના શિક્ષણનો પ્રશ્ન એ કોઇ સમયની મર્યાદા પર આધાર રાખતો નથી. મુંબઈ રાજ્યની સઘળી યોજનાઓમાં બાળકોને છેવટનું સ્થાન મળ્યું છે. રાજ્યમાં ચાલતાં અનેક બાલમંદિરો એવી વ્યક્તિઓ દ્વારા ચલાવાતાં હોય છે કે જેમને બાલ શિક્ષણની કાંઇ ગમ પણ હોતી નથી. મારા આ જાતના વર્ગોથી કંઈ નહિ તો પણ બાળશિક્ષણની થોડી ઘણી માહિતી શિક્ષકોને મળી શકશે. અને સરકાર મારા આ કાર્યને માન્ય રાખે કે નહિ, પરંતુ બાળકના અંતરમાં રહેલા ઇશ્વરના ન્યાયાલયમાં આ કાર્યને ન્યાય મળશે જ, એવી મારી શ્રધ્ધા છે. આ જાતનું મારું કાર્ય કોઇને રુચે અથવા ન રુચે, પરંતુ હું આ કાર્ય આજન્મ કરતો જ રહીશ.'

આ પછી શ્રી મોરારજીભાઇએ સફળ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યાં હતા.

શ્રી મોરારજીભાઇના સ્પષ્ટ વિચારો:

પ્રમુખસ્થાનેથી શ્રી મોરારજીભાઇ આ જાતના ટૂંકી મુદતના વર્ગ અંગે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતાં બોલ્યા કે :

આજના પ્રસંગ માટે જ્યારે મને આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે મેં અહીંના કાર્યકર્તાઓને એ માટે ના પાડી હતી. પરંતુ જ્યારે એમણે, મારે આવવું જોઇએ એવો વધુ આગ્રહ કર્યો ત્યારે મેં આ જાતના વર્ગો માટેના મારા વિચારો તેમની સામે મૂક્યા. છતાંય—આ જાતના વર્ગની વિરૂધ્ધ આપ આપના વિચારો જણાવશો તો પણ અમને વાંધો નથી, પરંતુ આપ આવો જ, એ જાતનો સતત આગ્રહ થતાં મેં અહીં આવવાનું સ્વીકાર્યું. અહીં આવ્યા બાદ મેં મારા વિચારો વ્યકત કરતાં પહેલાં મારે અસંદિગ્ધ રહેવું એમ મેં વિચારેલું પરંતુ પ્રો. ભામરાએ જે રીતે પોતાના આ જાતના વર્ગો માટે બચાવ કર્યો, તે અંગે મારે કંઇક સ્પષ્ટીકરણ કરવું જોઇએ એમ હું માનુ છું અને હું ન કરું તો કાયર ગણાઉં. પ્રો. ભામરા ચાહે તો આ જાતના વર્ગો ચલાવવાનો પોતાનો ધંધો ખુશીથી ચાલુ રાખી શકે છે, પરંતુ તમે જ્યારે મને આગ્રહ કરીને અહીં બોલાવ્યો છે, ત્યારે મને તમને કંઇક કહેવાનો અધિકાર પણ મળી રહે છે. મારે આ અંગે એટલું જ કહેવાનું છે કે જે બાબત આપણને સારી રીતે કરતાં આવડતી નથી, તે બાબત અંગે ગમે તેમ કરતાં, આપણે તેને ન અપનાવીએ, તો તે વધુ સારું થયું ગણાશે. લોકશાહીમાં પ્રત્યેક માનવીને પોતાના વિચારો પ્રમાણે વર્તવાનો અધિકાર છે તેથી આવા પ્રકારના વર્ગોને હું કંઇ બંધ કરી શકતો નથી. અહીં એમ પણ કહેવામાં આવ્યું છે કે આવી જાતના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ દિવસે દિવસે વધતી જાય છે ત્યારે મારે કહેવું જોઇએ કે આ વસ્તુ સમાજની વિવેક શકિત ક્ષીણ થયાનું પણ દ્યોતક હોઇ શકે છે. આપણાં દેશમાં સાધુ કરતાં ઢોંગી પાછળ જ લોકોની ઠઠ જામેલી આપણે જોઇએ જ છીએ.

પ્રો. ભામરાએ લોકોની વિવેકશકિત જગાડવાનું છોડી દઇને બાળકને ઠેકાણે ઇશ્વર હોય છે એમ કહીને તેઓ ઇશ્વરના નામે જે પ્રચાર કરે છે, એ જાણીને મને ખૂબ આશ્ચર્ય થયું છે. ઇશ્વરના નામનો ઉપયોગ પણ સાધુ કરતાં ઢોંગી લોકો જ વધારે કરતાં હોય છે, આવી આપણા દેશની સ્થિતિ છે. ઇશ્વર એકલો કંઇ બાળકમાં જ છે એવું તો છે નહિ. તે તો પ્રૌઢોમાં પણ છે અને સચરાચર સૃષ્ટિમાં પણ છે. બાળકને ઇશ્વર કે ગુરૂ માનવાની પાછળ કઇ ભાવના રહેલી છે તે હું સમજી શકતો નથી. બાળક કરતાં પ્રૌઢોમાં સારાસારનો વિવેક ઓછો હોય છે, એવું જ્યારે હું સાંભળું છું ત્યારે તો મને એથી પણ વધુ આશ્ચર્ય થાય છે. બાળકની જ્યાં અને જ્યારે એની ભૂલ થાય છે અને જ્યાં એના રક્ષણનો પ્રશ્ન છે ત્યાં પ્રૌઢો નિયમન કરે છે, એવો મારો મત છે. શિક્ષક શેને લીધે એ માટે લાયક બની શકે છે એ પ્રશ્નને આપણે બાજુએ મૂકીએ તો પણ મારે કહેવું જોઇએ કે બાળકનું ખરું શિક્ષણ તો તેમના વાલીઓ અને માતાપિતાઓ પર જ વધુ આધાર રાખે છે. તેમના જેવું બીજું કોઇ શિક્ષણ આપી શકતું નથી. તેથી બાળકના હિતની દૃષ્ટિએ પણ વાલીઓના શિક્ષણનો પ્રશ્ન આપણે પ્રથમ હાથ પર લેવો જોઇએ.

સત્ય શું છે એ કદાચ મને શોભતા નહિ આવડે પરંતુ અસત્ય શું છે તે હું કહી શકું છું. પ્રો. ભામરા માટે મને કશો પૂર્વગ્રહ નથી. પરંતુ લોક કલ્યાણની દૃષ્ટિએ મને જે યોગ્ય લાગે તે મારે કહેવું જ જોઇએ, અને એ મારું કર્તવ્ય પણ છે.'

શ્રી મોરારજીભાઇના આ સ્પષ્ટ વિચારો પરથી, અહીં સ્વ. ત્રિભુવનદાસ લિખિત એક કાવ્યનું અવતરણ મૂકવું યોગ્ય લાગે છે :—

તેઓ કહે છેઃ

ઘણીવાર માણસો પોતાની દુર્બળતા ઢાંકવા માટે જ બળની વાતો કરે છે. અસંસ્કારી જ સંસ્કારની વાતો કરે છે. અસંયમી જ સંયમની વાતો બહુ કરે છે. અને અધર્મી જ ધર્મની વાતો બહુ કરે છે. આવા માણસોને ઓળખતાં ન આવડે તો આપણે દ્વેષના ભોગ થઇ પડીએ છીએ. આવા માણસોને ઓળખીને તેમનાથી દૂર રહેવાથી આપણે બચીએ છીએ. આવા માણસોને ઓળખીને તેમને ઉઘાડા પાડવામાં જગત ઉપર ઉપકાર કરીએ છીએ.

આપણાં રાષ્ટ્રનાં અને નવરચનાના કાળમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આપણે જે કંઇ લોકહિતની પ્રવૃત્તિ આદરીએ તે દૂરંગામી અને જનહિતને ઉપયોગી બને એવી હોવી જોઇએ. જીવનના કોઇપણ ક્ષેત્રમાં પોલાણવાળી ઇમારત ચણી તેનો પ્રચાર કરવા પ્રયત્ન કરીશું તો તેનો કશો ઉપયોગ સરશે નહિ. જે કંઇ પણ આપણે કરીએ, તેની પાછળ નક્કર યોજના અને ચોકકસતા માટે આપણે આગ્રહ રાખીશું તો જ આપણે તે કાર્યમાં સાફલ્યની મંગળ ઘડી સુધી પહોંચી શકીશું. સંઘના પ્રમુખ શ્રી મોરારજીભાઇની આ સ્પષ્ટ મંગળ મર્મવાણીને આપણે સમજવા પ્રયત્ન કરીએ અને એ રાહે ચાલીએ, તો આપણી મંઝીલ સમીપ જ હશે.

—વિચારક.

પ્લાસ્ટિકનાં રમકડાં

તેમજ

લેધર અને રબ્બર

બેલ્ટિંગ, મશિનરી અને
ઓઇલ એન્જિન, લુબ્રિકેટીંગ
ઓઇલ વ. માટે લખો :



જોલ્લી એન્ડ બ્રોનેસ્ટ

જી. પી. ઓ બોકસ નં. ૪૩૪

મુંબઇ-૧.

બાળકને જીવનની શરૂઆતથી

બાલ

પિયૂષ

નિયમિત બાંધી

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને
આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

ત્રિભુવન આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

કલ્યાણ કાર્ય આગળનો પહેલો પ્રશ્ન

જ્યારે જ્યારે એ સવારે સંડાસ–મોરી સાફ કરવા આવે ત્યારે ત્યારે પોતાની લાચારી પ્રગટ કરીને એકની એક માંગણી એ ફરી ફરીને કરતી.

" બાઇસાહબ મૈં આપકી દયા કભી ન ભૂલુંગી અપની સંસ્થામેં મુઝે રહેનેકે લીયે થોડી જગહ દે દો કયસાભી કરો મુઝ પર ઇતની દયા કરો." બબ્બે વાર હાથ જોડીને આ એક જ વાત મુખ્ય શિક્ષિકાને એ દરરોજ કહેતી.

તે સમયે તેને આઠમો મહિનો જતો હતો. દેખાવમાં તથા તંદુરસ્તીમાં એ માઈ સારી હોવાથી આવે સમયે એ વધારે ભવ્ય દેખાતી હતી. સ્વભાવમાં એ આમ ખૂબ જ કડક હતી. તેના પતિ તથા તેના ત્રણ બાળકો ઉપર તો એ હકકથી રાજ્ય કરતી હતી. પણ કોઇ કામમાં જરા ભૂલ થાય તો તેના ઉપર એના વાકપ્રહારની ઝડી વરસાવતી.

સંસ્થામાં એ આવે કે સંસ્થાને ખૂણે ખૂણે જાણ થતી કે રાણી મહેતરાની આવે છે.

અમારી સંસ્થાના કામના તેને પંદર રૂપિયા મળતા. આજુબાજુનાં કેટલાંએકને ઘરે પણ તે આજ કામ કરતી. એના બીજા કેટલાંક રૂપિયા એને મળતા.

એક દિવસ કોઇએ એને પૂછયું, 'રાણી મહિનાના કેટલા રૂપિયા મેળવે છે?' તે કહેતી, 'બાબુ–સાબ કામ તો બહોત મિલતા હય ઇધર ઉધર મેં, મેરા આદમી, મેરી લડકી, લડકા હમ સબ કામમેં લગે રહતે હૈ. ભગવાનકી દયા હૈ. લેકીન રહનેકે લિયે જગહ નહિ ઇસ લિયે મૈં બહોત પરેશાન હું."

જેમ જેમ સુવાવડના દિવસો પાસે આવતાં ગયા તેમ તેમ તે અમારામાંના દરેક જણ પાસે કરગરતી.

એક બે વાર તેણે કોઇની પાસેથી અમારી સંસ્થાના મંડળને લિખિત અરજી કરીને જોઇ પરંતુ એને દાદ આપે કોણ? ચોક્કસ પ્રકારના ઉત્તરો એના તરફથી મળતા.

"અહીં જગા બગા કંઇ નથી. મ્યુનિસિપાલટી ઝુંપડી બનાવવા માટે રજા આપતી નથી. અહીં જગા નહિ મળી શકે."

એક દિવસ જાણવા મળ્યું કે "રાણી પ્રસૂતા અવસ્થામાં હતી અને આ વખતે એને ખૂબ કષ્ટ થયું હતું. એનો પતિ ગભરાતા ગભરાતા અમારી સંસ્થામાં આવ્યો, અને કહે, "રાણીની તબીયત બહુ ખરાબ છે. હવે હું શું કરું? રાણીને કેવી રીતે બચાવું? મે એના પતિને ઉપદેશ આપ્યો "અરે દવાખાનામાં શા માટે નહિ લઇ ગયો? જા જલદીથી એને દવાખાનામાં લઇ જા, તમે લોકો બહુ અણઘડ છો. જા હવે ઉતાવળ કર."

'અમારા ગરીબનું કોણ બેલી છે અમે એને કહ્યું. "ગરભરાતો નહિ. દવાખાને લઇ જશે એટલે એને સારું થઇ જશે."

બીજા ચાર પાંચ દિવસ પછી જાણવા મળ્યું કે રાણીનો પતિ એને દવાખાને લઇ ગયો હતો પણ ચાર છ દિવસમાં એ ત્યાં જ ગુજરી ગઈ હતી."

જે રાણી મહેતરાનીનું થયું તેવું જ અમારા રામાનાં છોકરાનું થયું.

દશ વર્ષ પહેલા રામો પંદર–સોળ વર્ષનો હતો ત્યારે મુંબઈમાં આવ્યો. તે સમયે ખાવા સાથે ૧ મહિનાના રૂા ૩૦) ને પગારે એક શેઠિયાને ઘેર નોકરીએ રહ્યો. તેની આ કમાણીમાંથી બે ત્રણ વર્ષને અંતે રૂા. ૬૦) જેટલી મુડી ભેગી કરી. તેના મામાએ તેમાં રૂા. ૪૦) ઉમેર્યા. આ રૂા. ૧૦૦) માં રામાનાં ધામધૂમથી લગ્ન થયાં.

હવે રૂા. ૩૦) માં કેમ પૂરું થાય. રામો બીજી નોકરીની શોધમાં પડયો. કોઇ હિસાબે મળતી ન હતી. આખરે ૫ વર્ષ પહેલા તે અમારી સંસ્થામાં આવ્યો. ત્યાં દર મહિને તેને રૂા. ૪૫) મળવા લાગ્યા. રામાને ખૂબ આનંદ થયો, નવા સંસારના સુંદર મનોરથો ઘડવા માંડયો કોંકણમાંથી કેટલા ઉત્સાહથી તેની વહુને મુંબઇ બોલાવી. વહુને બોલાવી તો ખરી! પણ મુંબઈમાં રહેવું કયાં? એ પ્રશ્ન રામા સામે ઉપસ્થિત થયો. તેણે સંસ્થાના માળી સાથે દોસ્તી બાંધી. માળીના ઘરમાં ઘર કરીને રામાનો સંસાર શરૂ થયો. એક દિકરી થઇ. સંસાર વધ્યો. મહિનાને અંતે પગાર પૂરો પડતો નહિ. વહુને ફરીથી ગર્ભાધાન રહયો. હવે શું કરે? કરજ કરીને દિવસ વિતાવવા લાગ્યો. આખરે વિચાર કર્યો, આવતી

સુવાવડ, કોંકણમાં જ કરવી. કોકણમાં વહુને લઈ ગયો ને બધી વ્યવસ્થા કરી આવ્યો.

થોડા દિવસ બાદ સમાચાર મળ્યા કે વહુને છોકરી અવતરી છે. અનેક મુશ્કેલીઓ વેઠીને પણ, બે ઘરનાં વાસણ માંજવાનું કામ માથે લીધું અને કોંકણમાં પૈસા મોકલાવ્યાં. થોડા દિવસ પછી સમાચાર આવ્યા કે છોકરી મરી ગઇ.

પોતાની પાછળ કોંકણમાં બરાબર વ્યવસ્થા થતી નથી એ જોઇને રામાએ તેની વહુને પાછી બોલાવી લીધી. પણ હવે માળીના ઘરમાં તેની પણ વહુ આવી હોવાથી રામાને રહેઠાણની મુશ્કેલી પડવા માંડી. ગમે ત્યાં સૂવું, ગમે ત્યાં રસોઇ કરવી એવું જીવન શરૂ થયું. ફરી વહુને દિવસ રહ્યાં. હવે શું થશે? હવે દિવસ કયાં કાઢવાં? સુવાવડનો સમય નજદીક આવતો ગયો તેમ, એ સંસારના વિચારથી તેનું કાળજું ધડકવા માંડયું. કોંકણનો અનુભવ ઉપર પ્રમાણે હતો અને અહીં કુતરા-બિલાડાની જેમ થોડા દિવસ આના ઘરમાં, થોડા દિવસ તેના ઘરમાં એમ કરવાથી આગળના દિવસો કેમ કાઢી શકાય?

ટૂંકો પગાર. સંસ્થામાંથી આખો રૂા. ૪૭) પગાર મળતો હતો. રૂા. ૧૫-૧૬ નું બીજું બહારનું કામ કરતો હતો. સવારથી ઉઠતાં તે રાત્રે દશ વાગ્યા સુધી મહેનત મજૂરી કરે ત્યારે તેને મહિનાની આખરે રૂા. ૬૩ મળતાં હતાં.

ઓરડો મેળવવા માટે એને રાણી મહેતરાણીની જેમ જેને તેને વિનવણી કરી જોઇ. વિયાવાનો સમય આવે એટલે બિલાડી જેટલી ઉત્સુકતાથી આશરો શોધે એ જ રીતે રામો ઘર શોધવા લાગ્યો. અને પૂછતો, વિનંતી કરતો તે રોજ ફરતો. છતાં કયાંયે જગ્યા મળતી ન હતી. આખરે ગામ બહારની ઝૂંપડીઓમાંની એક ઝૂંપડી, રૂા. ૧૨) ના ભાડે મળી. ૮ × ૧૦ ની પતરાની એ ઝૂંપડી હતી. સમુદ્રમાં જ્યારે ભરતી આવે ત્યારે પાણી ઓરડીમાં આવતુ. આજુબાજૂમાં ખૂબ જ ગંદકી હતી. કેટલીય મુશ્કેલીએ એણે આ ઝૂંપડી મેળવી હતી! બાળમંદિર જેવી સંસ્થામાં નોકરીમાં રામાની સ્વચ્છતાની કલ્પના ઘણી વિકસી હતી. એથી પોતે જે ઉકરડામાં આવી પડયો હતો તે તેને ગમતું ન હતું પણ કરે શું?

આખરે આજ સ્થિતમાં રામાની વહુને સુવાવડ આવી આ વખતે તેને છોકરો આવ્યો. પુત્ર પ્રાપ્તિનો એને ખૂબ આનંદ થયો. પોતાના મિત્રોને એણે આ ખબર ખૂબ આનંદથી આપ્યાં.

પણ એનો આ આનંદ પણ ક્ષણિક નીવડયો. આઠ જ દિવસમાં આ પરિસ્થિતિમાં એનો પુત્ર મરી ગયો.

કંઇ નહિ તો સાર્વજનિક સંસ્થાએ સમાજ કલ્યાણની શરૂઆત કયાંથી કરવી એ ધ્યાનમાં લાવવાની દૃષ્ટિએ રાણી અને રામાના છોકરાનું મૃત્યુ દરેકને ઉદ્બોધક થઈ પડશે. આપણી આજુબાજુ જ સમાજમાં કલ્યાણ ક્ષેત્ર કેટલું પડયું છે. એ કાર્ય સમજીને જો કલ્યાણ કાર્યની વિચારણા થાય તો સમાજ કલ્યાણની કેટલાંએ પ્રશ્નોનું નિરાકરણ થશે. જેનું શ્રમ લઇએ છીએ, જેના શ્રમ ઉપર સંસ્થા ચલાવવાની હોય છે તેનાજ કલ્યાણ તરફ ઉપેક્ષા કરીને નવા કલ્યાણ કાર્યની યોજના કઇ રીતે થઇ શકશે? —શેષ નામલે



(પાન ૧૯ પરથી આગળ)

ભાવનગર :– અહીંના તખ્તેશ્વર પ્લેાટ ખાતેની નૂતન બાલ શિક્ષણ સંધ્યી સ્થાનિક શાખા તા. ૯-૮-૫૪ના દિને સ્થપાઇ છે. જેનું ઉદઘાટન ગેાહીલવાડ જિલ્લાના કલેકટર શ્રીયુત જમનાદાસભાઇ શાહે કર્યું હતું. સભાનું પ્રમુખસ્થાન જાણીતાં બાળકેળવણીકાર શ્રી તારાબેન મેાડકે લીધું હતું.

વડેાદરા :– મુકુલ ભારતી બાળનિકેતન, વડેાદરાનેા ૬ ઠ્ઠેા વાર્ષિકેાત્સવ રવિવાર તા. ૨૨–૮–૫૪ ને દિને વડેાદરા જિલ્લાના કલેકટર સાહેબ શ્રી ઇશ્વરલાલ ઠાકેારલાલ અલમૌલાના પ્રમુખસ્થાને ઉજવાયેા હતેા.

ભાવનગર :– વનિતા વિકાસ નૂતન બાલ શિક્ષણ સંધ શાખા તરફથી બાલસભા યેાજવામાં આવી છે. તેની પહેલી બાલસભાનું ઉદઘાટન તા. ૬૧-૭–૫૪ ને શનિવારના રેાજ શ્રી વિમુબહેન બધેકના શુભ હસ્તે થયું હતું અને તેમાં બાળકેાને ગીતેા, અને વાર્તાનેા કાર્યક્રમ આપવામાં આવ્યેા હતેા. આ બાલસભા દર શનિવારે મળે છે. અને જુદા જુદા કાર્યક્રમેા યેાજી બાળકેાનેા શૈક્ષણિક વિકાસ સાધે છે.

હિન્દનેા અગ્રગણ્ય

સ્વદેશી સ્ટેાર

તમારી જરૂરિયાતેા ખરીદવાનું એક માત્ર ભરેાસાપાત્ર સ્થળ

: આજે જ પધારેા :

ધી બેામ્બે સ્વદેશી

કેા–ઓપરેટિવ સ્ટેાર્સ કું. લિ૦

સર ફિરેાઝશાહ મહેતા રેાડ,

ફેાર્ટ, મુંબઈ ૧

ફેાન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રેાડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ–બેનેા પત્ર વ્યવહાર કરતી વખતે પેાતાનેા ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર–વ્યવહાર કરતી વખતે આપનેા ગ્રાહક નંબર લખવાનું ચૂકશેા નહીં.

—વ્યવસ્થાપક.

આગ–અકસ્માત–જિંદગી

મેાટર, દરયાઈ, વર્કમેન્સ, કેામ્પેન્સેશન સર્વ પ્રકારનું વીમાકામ સરળ શરતેાથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્ત્તાને સંતેાષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવેા.

ધી ઈન્ડીઅન ગ્લેાબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રારપેકટ ચેમ્બર્સ, હેાર્નબી રેાડ, મુંબઇ.

ન. વા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખેયા, ૧૧૮, હિન્દુ કેાલેાની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેકટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઇ-૨૨.


૧
ઋષિયો



નૂતન બાલ શિક્ષણ સંઘ

વાલીઓ, શિક્ષકો અને બાલપ્રેમીઓનું બનેલું અખિલ સંગઠન.

: સંઘના પદાધિકારીઓ :

પ્રમુખ. માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇ

ઉપપ્રમુખઃ આચાર્ય શ્રી. શં. રા. ભિસે

કાર્યાધ્યક્ષઃ શ્રી. સરલાદેવી સારાભાઇ

કોષાધ્યક્ષઃ શ્રી. વા. રા. પટવર્ધન

મુખ્ય મંત્રીઃ શ્રી. શેષ નામલે

ઉપમંત્રીઃ શ્રી યશસ્વતિબેન ભટ્ટ

: સંઘની કાર્યપ્રવૃત્તિઓ :

(૧) સામાન્યતઃ બાલ કલ્યાણ અંગે અને વિશેષતઃ બાળ કેળવણી અંગે પ્રચાર કરવો.

(૨) ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રનું સંચાલન કરવું. આ કેન્દ્રમાં ગ્રામીણ તેમજ આદિવાસી જેવા પછાત બાળકોના પ્રશ્નો અંગે સંશોધન થાય છે. કેન્દ્રમાં ગ્રામીણ બાળકોના પ્રશ્નો ધ્યાનમાં લઇને (૧) બાલવાડી (૨) આંગણવાડી (૩) વિકાસવાડી અને (૪) ગ્રામ બાલ અધ્યાપન મંદિર જેવી જુદી જુદી સંસ્થાઓ પ્રયોગ રૂપે ચલાવવામાં આવે છે.

(૩) 'શિક્ષણ--પત્રિકા' ની ગુજરાતી, મરાઠી અને હિંદી આવૃત્તિઓ દ્વારા દર મહિને વાલીઓ, શિક્ષકો અને બાળકોને ઉપયોગી એવું સાહિત્ય પહોંચતું કરવામાં આવે છે.

(૪) બાળકેળવણીની ૧૫૦ જેટલી સંસ્થાઓને માગદર્શન અને સલાહ સૂચન આપવામાં આવે છે.

(૫) વાલીઓ અને શિક્ષકો માટે શિક્ષણક્રમો તેમજ સંસ્કાર વર્ગો યોજવામાં આવે છે.

(૬) બાળકેળવણીના સાધનો ઉપજાવી વાલીઓ, શિક્ષકો અને બાળકો માટે ફરતા પ્રદર્શનની યોજના કરવામાં આવે છે.

(૭) સંઘના જુદા જુદા પ્રદેશોમાં વાલીઓ, શિક્ષકો અને બાળકો માટે સભાઓ, સમેલનો અને શિબિરો યોજાય છે.

૮) પૂર્વપ્રાથમિક શિક્ષણ સસ્થાઓ અને અધ્યાપન સસ્થાઓ તપાસીને પ્રમાણિત કરવામાં આવે છે.

(૯) ઉપર મુજબની સંસ્થાઓ માટે શિક્ષણક્રમો રચાય છે.

(૧૦) બાલશિક્ષકોની પરીક્ષાઓ લઇને તેમને પ્રમાણપત્રો અપાય છે.

: સંઘની સ્થાનિક શાખાઓ :

કોઇપણ બાળકેળવણીની સસ્થા વાલીઓ, નાગરિકો અને શિક્ષકોમાંથી સંઘના ઓછામાં ઓછાં ૨૫ સભ્યો બનાવી સઘની સ્થાનિક શાખા, પ્રાદેશિક અથવા તો કેન્દ્રની સંમતિથી સ્થાપિત કરી શકે છે.

: સઘની પ્રાદેશિક શાખાઓ :

કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખાઓ સ્થપાય કે કેન્દ્રની સંમતિથી તે પ્રદેશમાં પ્રાદેશિક શાખાઓ સ્થાપી શકાય છે.

: આજનું સંઘ બળ :

સ્થાનિક શાખાઓ ૮૦; પ્રાદેશિક શાખાઓ ૧૦; જોડાએલી અને પ્રમાણિત સંસ્થાઓ ૧૫૦; કુલ સભ્યો ૫૦૦૦ ઉપરાંત.

સંઘના પત્યાર અને માહિતીના સાહિત્ય માટે કાર્યાલયના સીરનામે લખવા વિનતિ છે.

મંત્રી, નૂ. બા. શિ. સંઘ, ૧૧૮ હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪

શાખાઓ, કેન્દ્રો અને ડીપો:

મુંબઇ, વડોદરા, અમદાવાદ, રાજકોટ,
ભાવનગર, જોધપૂર, અકોલા, પૂના
અને બીજા અનેક ઠેકાણે.

અત્યંત મનમોહક સાડીઓ અને
બીજા દરેક જાતના કાપડ માટે

❀❀

શ્રીધર ભાલચન્દ્ર એન્ડ કું.

❀❀

(સ્થાપના : ૧૯૧૭)

પ્રાર્થના સમાજ (નાકા)

ગિરગામ, મુંબઈ, ૪.

નૂતન વર્ષાભિનંદન



ઘડિયાળની બીમાની યોજનામાં

દરેક પોલીસી હોલ્ડરને આવું
સુંદર ઘડિયાળ મફત આપવામાં
આવે છે.

વિગતો માટે લખો:

નેપચુન એસ્યોરન્સ કંપની લી.

ભારત હાઉસ, ૧૦૪, એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧: ગુજરાત શાખા–પાંચ કુવા, અમદાવાદ

શિક્ષણ-પત્રિકા

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા,
રમેશભાઇ કોઠારી, હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી.

~~સાં~~ કે ~~પી~~ ~~યું~~

ક્રમ	લેખ		લેખક	પાનું
૧	(ચિત્ર પરિચય)	....	સંપાદક	૩
૨	સંપાદકીય	....	સંપાદક	૪
૩	દિવાળી આવી	....	ર. કોઠારી	૫
૪	આલો પંખીડાં, દિવાળી જેવા	....	ગુલામમહંમદ શેખ	૬
૫	પ્રકાશની શોધમાં	....	મોંઘીબેન બધેકા	૧૦
૬	ઝરણું	....	રાયમુકુન્દ	૧૩
૭	વિનોબાજીની પ્રસાદી	....	તારાબેન મોડક	૧૩
૮	તોડાવાળો દિવાળી ઘોડો	...	સિબિલ બેન્જમીન	૧૬
૯	ચાંદની રાતનો વાર્તાલાપ	....	શેષ નામલે	૨૧
૧૦	હીરાનો ચરુ	....	લાલશંકર વ્યાસ	૨૫
૧૧	કલમ ને કાગળ લડી પડયા	....	નરેન ભટ્ટ, મધુ કોઠારી	૩૦
૧૨	રોકેટમાં મુસાફરી	....	લીલી જોષી	૩૨
૧૩	બુદ્ધિશાળી રોહિતા	....	સૌભાગ્યચંદ જૈન	૩૫
૧૪	અમે પતંગિયા	....	અનસૂયા પંડિત	૩૭
૧૫	બકાલી	....	માધવજી રો. પટેલ	૩૭
૧૬	મૂળજીભાઈનો મૂળો	....	જયંતભાઇ ઓઝા	૩૮
૧૭	નીલ કળી	....	સં. આશા ગવાણકર	૪૪
૧૮	વિદ્યુતરાજ ફેરાડે	....	મોંઘીબેન બધેકા	૫૦
૧૯	ભસ, ભસ, ભસ		કુમાર ત્રિવેદી, રમેશ કોઠારી	૫૩
૨૦	બાળકોનો ટેલીફોન	....	મોંઘીબેન બધેકા	૫૫
૨૧	ફેર ફૂદરડી	....	પ્રદ્યુમ્ન અ. તન્ના	૫૭
૨૨	એ વહુ કોની?	....	સં. મંજરીબેન રાયજી	૫૮
૨૩	ચોરી તો ના થાય	....	ર. કોઠારી	૬૦
૨૪	મારું વહાણ	....	સુરેશ્વરસિંહ	૬૧
૨૫	સાગરને તળીએ	....	રમેશ કોઠારી	૬૨
૨૬	અમારું છાપું	...	અરવિંદકુમાર પરીખ	૬૫
૨૭	બાપુજીની મજેદાર વાતો	....	દેવદૂત	૬૮
૨૮	હિમાલયનો હિમ માનવ	....	ઓજસ	૬૯
૨૯	બુલબુલની વાત	....	ર. કોઠારી	૭૩
૩૦	બે બહેનો	....	ચુનિલાલ વ. શાહ	૭૫
૩૧	સાપ ને દેડકો	....	રમણિક તુરખિયા	૭૭
૩૨	ન્યાય	....	રતિલાલ સાં. નાયક	૭૭
૩૩	ગોરધનકાકા	....	રમણિક તુરખિયા	૭૮
૩૪	ટબૂડીબાર દૂધ	....	વિ દેશપાંડે	૮૨

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો!

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

મુખપૃષ્ઠ પરનું ચિત્ર

—આ વિશેષાંકના મુખપૃષ્ઠ પર જે ચતુરંગી ચિત્ર આપવામાં આવ્યું છે તેને ચિત્રકારે 'વન-મહોત્સવ'નું નામ આપ્યું છે.

ફળફૂલોથી લચી પડેલા આ વડવૃક્ષને કેટલીક વડવાઇઓ ફૂટી છે. જ્યાં એ વડવાઇઓ જમીનમાં પેસી ગઈ છે ત્યાં ફરી બીજા વડપૌધા ઊગ્યા છે. વડવૃક્ષની આજુબાજુ ઉભેલા માણસો તેને નમન કરે છે.

પણ આ લોકો એક જ દેશના હોય તેમ દેખાતાં નથી. ખરું ને ?

જુઓ, વચ્ચે નીચેની બાજુએ જ્યાં જુના વૃક્ષના મૂળિયાં દેખાય છે તે ઉભેલા માણસો ભારતના છે. જમણી બાજુએ છે તે છે ચીના લોકો અને ડાબી બાજુના છે તે બર્માના રહેવાસીઓ.

વૃક્ષની ઉપર મધ્ય ભાગમાં જે મૂર્તિ દેખાય છે તે છે બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધની. એમના પર ઉપરથી ફૂલોનો વરસાદ થતો દેખાય છે.

લંકા, બર્મા, નેપાલ, ભૂટાન, ચીન, કોરિયા, જાપાન. સિયામ, જાવા, સુમાત્રા, વગેરે પૂર્વ એશિયાના દેશોમાં જે બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો છે તે ધર્મની જન્મભૂમિ છે આપણો ભારત દેશ.

ગૌતમ બુદ્ધનો જન્મ ભારતની પ્રાચીન નગરી 'કપિલવસ્તુ' ના 'લુંબિની' નામના રાજાને ત્યાં થયો હતો. આ સ્થળ નેપાળ અને સંયુકત પ્રાંતની સરહદે આવેલો છે. આ બૌદ્ધ ધર્મની સ્થાપના સર્વ પ્રથમ અયોધ્યા અને બિહાર પ્રાંતમાં થઇ. ત્યાંથી એનો પ્રચાર અને પ્રસાર સારાયે ભારત દેશમાં થયો અને ધીરે ધીરે તે પૂર્વ એશિયા સુધી ફેલાવો પામ્યો.

એક દીપક વડે જેમ અનેક જ્યોતિઓ પ્રગટાવાય છે તેમ બુદ્ધના જ્ઞાનદીપ વડે કોટી કોટી જ્ઞાનદીપો જગ્યા છે.

દુનિયાની કુલ વસતિમાંથી અડધી સંખ્યા કેવળ પૂર્વ એશિયામાં વસે છે. એમાં બહુ સંખ્યક લોકો બુદ્ધ ધર્મના અનુયાયી છે.

ભારતમાં સ્થપાયેલ આ બૌદ્ધ ધર્મનો ફેલાવો દૂર દૂર થયો એ એક ગૌરવની વાત છે.

વડીલો કે મોટેરાઓ પાસેથી આ અંગે વધુ જરુર જાણી લેશો. —સંપાદક

નૂતન વર્ષે.....

નૂતન વર્ષના આજના આ સોનેરી નવલ પ્રભાતે અમે અમારા સભ્યો, ગ્રાહકો, શુભેચ્છકો અને વાંચકોને અભિનંદન આપવાની તક લઇએ છીએ.

આપના તરફથી જ સતત મળતા પીઠબળ ને પ્રેરણાથી જ અમે આ વિશેષાંક સાદર કરી શકયાં છીએ.

આજની આ જગમગતી દીપમાળાની જ્યોતો અમોને વધુને વધુ પ્રેરણા અને ઉત્સાહ આપતી રહે એ મનોકામના સાથે આપ સૌને

અમારા

નૂ..ત..ન વ..ર્ષા..ભિ..નં..દ..ન

—સંપાદક.

મુંબઇ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ-૨૯ : અંક ૭-૮] મુંબઇ [ઓક્ટો.-નવે. ૧૯૫૪

સંપાદકીય....

પ્યારા બાલમિત્રો,

દિવાળીના આ શુભ અવસરે આ 'બાળ સાહિત્ય વિશેષાંક' તમારી સામે મૂકતાં અમે અરેખર ખૂબ જ આનંદ અનુભવીએ છીએ.

આ વર્ષના આ વિશેષાંકની તૈયારી માટે અમોને પૂરતો સમય મળ્યો એટલે ગયા વર્ષના વિશેષાંકમાં રહી ગયેલી કેટલીક ત્રૂટિ ઓ અમે આ વિશેષાંકમાં ન બેવડાય એની તકેદારી રાખવા પ્રયત્ન કર્યો છે.

આ અંકમાં તમને સૌને ગમે તેવું જાત-જાતના વિષયોવાળુ સાહિત્ય આપ્યું છે એટલે એમાં વિવિધતા પણ તમને જરુર દેખાશે.

વાર્તાઓમાં વિજ્ઞાન વાર્તાઓ છે. જેમાંથી તમને મનોરંજનદાયી વાતો પણ જરુર જાણવા મળશે.

'સાગરને તળીએ' થી તમે ઠેઠ ઉપર આકાશમાં 'રેકેટમાં મુસાફરી' ની વાર્તા મારફત પહોંચી શકશો.

—જંગલના સિંહો, અને હિમાલયના હિમ-માનવ અંગે પણ થોડુંક જાણવા મળશે.

—સારી દુનિયાનો ફેરો મારતા પક્ષિઓની વાતોય જાણવા મળશે.

—એ ઉપરાંત 'બાળકોનો ટેલીફોન' બાળકોનું છાપું, બાળકોની હસ્તકળા વિકસાવવા માટેનું કેટલુંક અવનવું તમને જરુર જાણવા મળશે.

અને.....

નીલકળીની નાટિકા વાંચી ને તો તમને દિવાળી ટાણે એ ભજવી બતાવવાની હોંશ ને ઉમંગ પણ થશે.

આ અને આવી તો આનંદ આપતી બીજી કેટલીયે વાતો આ અંકમાં તમે જોઇ શકશો.

આભાર.....

આ અંકના મુખપૃષ્ઠ પર જે ચતુરંગી ચિત્ર આપવામાં આવ્યુ છે. તે જે. જે. સ્કૂલ-ઓફ્ આર્ટ તરફથી અમોને મળ્યું છે જે માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

આ અંક માટે જે જે ભાઇ બ્હેનોએ, લેખો કે વાર્તાઓ લખી કે ભાષાંતર કરી આપવામાં ગત વર્ષ કરતાં પણ જે વિશેષ સહયોગ આપ્યો છે તેમનો તો અમારે આભાર માનવો જ રહ્યો! સાથે આશા પણ રાખીએ કે આગળ પણ જરુર આ જાતનો સહયોગ તેઓ વખતો-વખત અમોને આપતા રહેશે.

'પ્યારા બાળમિત્રો, તમે આ અંક પહે-લેથી તે છેલ્લે સુધી નિરાંતે બેસીને વાંચી જુઓ. તમને તે કેવો ગમે છે અને શું ગમે છે તે પણ જરુર, તમારે જ હાથે લખી મોકલશો. અમે જરુર આવકારીશું.

નવું વર્ષ તમારા વિકાસમાં સંપૂર્ણ સહાય-ભૂત નીવડે એ કામના.

—સંપાદક.



દિવાળી આવી
ધમ ધમ ધમ
દિવાળી ઘરમાં
ઘમ ઘમા ઘમ
મેઠી ફૂટે છે
સર સર સર
ઉછળે તારલા
ફર ફર ફર
દિવાળી આવી.....

ફૂટે ફટાકડા
ધમ ધમ ધમ
તડતડીયા ફોડો
તડ તડ તડ
દિવાળી આવી.....

બેની નાચે છે આજે
છન છન છન
બંદૂક ફોડે છે ભાઈ
ધૂન ધૂન ધૂન
દિવાળી આવી.....

આવે ફોરમ છે
રંગ રંગ રંગ
નાચે કૂદે છે સૌ
સંગ સંગ સંગ
દિવાળી આવી.....

—શ્રી ર. ઠોકાણી



ચાલો પંખીડાં....

ઘણી ઓઢી શીત સવારે, જંગલ કેરી ઝાડીમાં,
પંખીનો મેળો ભેગો, ગાયે-કલબલાટ ચૂર-વાડીમાં,
તેતર, ચડલાં, ગજર, દોલાં બકુચડ ગાયે કોર કરે;
કેયલ, મોર, બપૈયા ઝીણા સૂરથી કલશોર કરે,
ગીત, સારડી ને ગરૂડા રાજન સૌની આગળ તોર કરે,
બગલાં, ટીંટોડી ને હંસો ઝીણો ઝીણો કોર ચરે.
કાગડો રાણો કા કા કરતા, પોપટ જો કરતો પીંપીં'
ગાય પણે જો, કાકાડોવો સૂરોને ચીચીચીપી.
રંગીન જો, અદ્ભુત પીંછાઓ, સૂર નવીન મધુરા.
જો પેલી મેના કરતી ત્યાં બાબરીઓના ગૂરા,
રોજ સવા, ગુલતાન મહીં, મરકરીઓના ઝૂંડ ભળ્યાં.
અતિમાનમાં ઉડતાં ઉડતાં એકે બીજાં નિંદામાં ડૂબ્યાં.
મોજ અને આનંદમાં જ્યારે
સર્વ પંખીઓ નહાતાં'તા....
ત્યારે કાળા ઘુંઘળ માળે—
ઊંઘમાં ઝોલાં ખાતાં'તા..
કાગડાશાને કૂથલી સૂઝી,
મોટેથી તે બોલ્યે જી...
એની નિંદાનો સૂર ગોટો
સર્વે પંખીએ ઝીલ્યો જી....
કાગડો: કોણ સૂએ? .. કોણ સૂએ? ..
શીતળ સવારે કોણ સૂએ?

....દિવાળી જેવા

બધાં પંખી : કોણ સૂએ !... કોણ સૂએ ?
શીતળ સવારે કોણ સૂએ ?...

કાગડો: કોડા જેવી આંખો...
ને ધૂળ ભરી પાંખો
શીતળ સવારે કોણ સૂએ ?....

બધાં પંખી .. (ઝીલતાં) શીતળ સવારે કોણ સૂએ ?...

કાગડો: ગુસ્સા જેવાં જડબાં !
ને ઉપર મેલતણાં દડબાં ! ..
શીતળ સવારે કોણ સૂએ ?....

બધાં પંખી: શીતળ સવારે કોણ સૂએ ?....

કાગડો: બાવા જેવી મૂછ,
ને નાનકડી પૂંછ
ઘોળે હિ'એ ઘુ'ડ રાણા સૂએ ?...

બધા પંખી. શીતળ સવારે કોણ સૂએ ?..

અભિમાનમાં ડોલી ફાલતો
આવ્યો કળામય ચોર
ટેહુક'થી હુરિયો બોલાવી
કરી મૂકયો કલશોર
ચોર ભીઠી શરણાઇ ચેધની વાગી
કે ઘુ'ડ રાણા જાગો છો કે ?
ભીની માટીમાં ફોરમ રે ફાગી !
કે ઘુડ રાણા જાગો છો કે ?...
બધે હુરિયાળી ફુંપળ ફવાઈ...
કે ઘુ'ડ રાણા જાગો છો કે ?
ઘુગો ઘૂળ ઘૂ ઉડારાઇ
કે ઘુ'ડ રાણા જાગો છો કે ?...

બધાં: વાહ રે વાહ - વાહ વાઈ વાહ !
કીધી રે ચોર વાઈ તમે તો કમાલ..

પંખીઓના ગજબ-શોરથી
ઘણે ઘણાં ગાજે
ઘુ'ડ ફાદા-ની પાંપણ ના ઘૂલતી,
પણ હઈયું ફાગે. .

ચોર તણા ઘૂણ શોરથી જ્યાંને ગલ ચૂક્યુ ગામ્યું રે ...
ફાદાનું ગળસુ સુણી સર્વે હુરિયાં તાળીજી
પછી ધીમેથી ફા-ફા-હુરતી આવી કોયલ વાળીજી....

કોયલ: ગાન ! ગાવા ઘુ ઉ ફાદાને નિંદ ગાઓ રે કોયલ
ફાદાનું ઘાલ (ગોળ) ચોકુ તાબોટ ગાઓ
રખે ભેરા - રે તાંબા ઝંપા ઉઘાડો !
જાગે ! ઘુડાં ઘૂટી જાય રે કોયલ

બધાં પંખી: આવ ! મારા ઘુ'ડ ફાદાને નિંદ ગાવે રે
રે કોયલ

કોયલ: ફાદા ! ઉઠો તો ફોડિયાને ચાટે,
નળિયા જેવા નાક (ગાંચ)થી ફાદા ધી ચાટે,
જાગે, રે ઉર્યાં ઘૂટી જાય રે રે કોયલ

કોયલ બેઠી જ્યાં નીચે ત્યાં
ઉઠ્યો કાકાકૌવો....
કાકાકૌવા : રોજ તમ્મારે હિ'ના ઊંઘણાં રે....
હો! દાદા!...
ને રાતે અંધારાના ચૂંથણાં રે....
હો! દાદા!
તમારી કોડા જેવી આંખ દેખે રાતે રે...
પણ દિનસે ઊંઘી જાય ફૂડી ભાતે રે
હો! દાદા!
હું તો દિન આખોય ફરું ને કુદરત-અમૃત પીઉજી...
લીલ ઘટામાં ફળો આઉં ને, મીઠું મીઠું ગાઉ જી...
દાદા! અમ્મારે હિ'ના બેસણાં રે....
હો! દાદા!
બગલો : એક પગથી કરું હું તપ રૂડું,
થાય ના મારાથી એકે કામ કુડું....
ઊંચા ઊંચા આભે ઊંડું,
શીત સમીરમાં ન્હાઉ...
ધોળો ધોળો વાન રે મારો,
મોજ-મગન બસ, રહાઉં...



કોયલ બેઠી જ્યાં નીચે ત્યાં
ઉઠ્યો કાકાકૌવો....
કાકાકૌવા : રોજ તમ્મારે હિ'ના ઊંઘણાં રે....
હો! દાદા!...
ને રાતે અંધારાના ચૂંથણાં રે....
હો! દાદા!
તમારી કોડા જેવી આંખ દેખે રાતે રે...
પણ દિનસે ઊંઘી જાય ફૂડી ભાતે રે
હો! દાદા!
હું તો દિન આખોય ફરું ને કુદરત-અમૃત પીઉજી...
લીલ ઘટામાં ફળો આઉં ને, મીઠું મીઠું ગાઉ જી...
દાદા! અમ્મારે હિ'ના બેસણાં રે....
હો! દાદા!
બગલો : એક પગથી કરું હું તપ રૂડું,
થાય ના મારાથી એકે કામ કુડું....
ઊંચા ઊંચા આભે ઊંડું,
શીત સમીરમાં ન્હાઉ...
ધોળો ધોળો વાન રે મારો,
મોજ-મગન બસ, રહાઉં...
ગીધ : ઊંડું હું... આભલિયાનું પાણી....
મને કોઈ ના શકતું જાણી ..
મારી રીત બધાં લો જાણી....ઊંડું હું
કળા કરતો મોર વહે ત્યાં—
મોર : ગડગડ ગડગડ ગાજે નોખત આભલિયાની કોર
'કેહુંક કેહુંક' ત્યાં કરતો હું મીઠલડો કલશોર.
કળા કરેલા પીંછાં રંગીન, ઢાળું હું હરિયાળીમાં,

અહા! એની શું મજા કંઈ છે! આકળની સરવાણીમાં.
બધા પંખી : દાદા રે દાદા!
જીવન તમારું કોરાકું ધા કોર....
ક્યાંય મળે ના કલશોર....
દિનમાં જે છે ખુશી મજાની
રાતે ક્યાંય ન મળતી!...
દિનની મોજમજાની સુરખી
રાત પડે ના જડતી....
અનુભવી ઘુ'ડદાદા ત્યાં તો બોલ્યા મોટી આંખ મીંચી,
'વાત તમારી ખોટી નથી, પણ પૂરી નહિ તોયે સાચી।
બધાં પંખી : શું રે દાદા?

કેમ રે દાદા ?
તમ્મારે અમારાથી વધારે મજા ?
ધ્રુવડ: આજ નહિ કે'ક દિ'જ બતાવીશ હું....
બધાં પંખી: ડીંગ મારો શું દાદા! એવી—
શું હારો? જો બતાવો ...

રોજ દિને મશ્કરીઓ કરતું પંખીગણ દાદાની જી ...
વાત ટાળતાં દાદાની એક દિ' યાંપણ ગલકાણીજી
આવી તહેવારોની રાણી ..
હોળી ધુળેટી સવે પર્વો એની પાસે પાણી....
આવી તહેવારોની રાણી....

એના આગમને સહુસ્થાને
દીપક પેટાવાય
જ્યાં જુઓ ત્યાં, સઘળે જોરથી,
ધડીમ ધડાકા થાય ...
હડીમ છૂટે, ટેટાં ફટાકડાં
ફટફટ ફૂટતાં જાય .
રંગરાગને રોશની કેરી ઝકઝમાળ છવાણી....
આવી તહેવારોની રાણી..
રાત પડીને સૌ પંખીની આંખલડી મીંચાણી જી....
ત્યારે ધ્રુવદાદાની આંખો આનંદે હરખાણી જી...

પંખીઓના માળે,
ઊંચા ઊંચા ઝાડે
જઈને દાદા બોલ્યાં જી....
ધ્રુવડ: કાગડે રાણા ! કાગડે રાણા !....

ચાલોને આવી દિવાળી...
મોર-બપૈયા... ..મોર બપૈયા !
ચાલો રચીએ સાતતાળી ..
કોયલ બાઇ .. ... કોયલ બાઈ
કરો ને મધુરા ટહુકાર....
કાકાકૌવા રે .. . કાકાકૌવા. ....
સહુને કૃપાળા શણગાર .. ....
બગભગતજી..... બગભગતજી.....
આવો ને ! જઈએ જોવા દિવાળી....
ચાલોને ! આવી રે દિવાળી ...

ઘેર ઘેર દીપક જો પગટયાં,
રંગ-રાગને રોશની ઝળકયાં,
શરણાઇઓનાં સૂર ઉમટયાં,
ઢોલ તણાં ગગડાટ ગગડયાં,
રંગેરંગીન જો ચીર ઉભરાય ...
આનંદ-મંગળ જો વરતાય ...
જન સૌ આનંદે હરખાય .
ટેટાં ફટાકાં ફૂટયે જાય

ચાલો પંખીડાં ! જોવા દિવાળી ...
ઉપર ઉપર ઉડતાં જાશું....
આનંદનાં રસ પીતા જાશું....

કાગા કાકા ઘણા મથે પણ આંખ જરી ના ઉઘડે....
ઉઘડે તો દીપક ઝાંખવાળે આંખું સઘળુંય ભાસે....

પ્રકાશની શોધમાં

દિવસ આથમે છે ને રાત પડે છે. દિનભરના શ્રમિત લોકો રાતના અંધકારમાં વિશ્રામ કરે છે. કુદરતે કદાચ એજ કારણે રાત બનાવી હશે.

કુદરતનો ક્રમ ચાલુ જ છે. લોકો ગમે તેટલું ઇચ્છે તોયે કુદરત તેનો સૂર્યદીપ રાતે ઓલવી નાખે છે, ને સવારે જ સળગાવે છે.

માણસ જાતને આ ન ગમ્યું; એ ગિડાઇ ગઇ, એને રાતે પ્રકાશ જોઇએ છે. રાતે કામ કરવું છે, પણ એની પાસે અજવાળું કરવા એકેય ઉપાય નથી.



અને એ વિચારવા લાગી.

જંગલના દાવાનળનો પ્રકાશ એણે જોયો હતો. એને વિચાર આવ્યો કે એવો પ્રકાશ હંમેશા ઘરમાં રાતે મળે તો કેવું સારું ? પણ હંમેશા સળગતું રાખવા માટે તો મોટાં જંગલો બાળી નાખવા પડે.

પછી દાવાનળ તો નહિ પણ છેવટે તેણે નિર્ણય કર્યો કે જંગલમાંથી લાકડાં લાવીને તેની મોટી તાપણી કરવી. તેની આસપાસ બેસી બધાંએ કામ કરવું, પણ એ તાપણીને ચાલુ રાખવા ઘણાં લાકડાં લાવવા પડતા. છતાંએ રાતે ઘેર ઘેર તો અજવાળું થઇ શકતું નહિ. બાકી દસ ઘરના માણસો જ ભેળા મળી કામ કરી શકતા.

માણસ જાતને આથી સંતોષ નહોતો. તેણે પાછી શોધ ચલાવી.

અને એણે શોધી કાઢયું.

શું ?

દીવો !

જનાવરોની ચરબીનો કે ઘી નો દીવો બાળી ઘરમાં અજવાળું કરવાનું એણે શોધી કાઢયું. આ શોધને માટે તો કોઇએ ચોળલ-માઇઝ આપ્યું નહોતું, પણ તેથી કાંઈ તે શોધની કિમ્મત ઓછી ન હોતી

પછી તો એરંડી, સરસવ, તલ એવા તેલી-

ચોર-બચેયા-કોયલને તો ઓકાં કૂડાં(!) બાવે !
કાગર-ચકલાં-હોલાં-કબૂતર ઉઠવા પથતા જાવે !....
ગીધ-સમડી ને બગલાં સહુની આંખે ઊંઘ ઘેરાયે,
કોઇથી ના દિવાળી કેરી ચોજનો રસ પીવાયે.
સહુની દિવાળી જોવાની ખાંત ...
તોય ના ઉઘડે કૂડી આંખ-કુજાત !
ઘુવડજીને બીજવવા ને ચણિયાં તો ત્યાં મોટાંજી
આજે દાદા આગળ જે તે પડયાં ભૂંડા ભોંઠા જી....

આંખી આંખી સહુની બાંગડી ભાળે ...
ઘુ'ડ દાદા દિવાળી માણવા ઢોકે ...
ઘુ'ડ દાદાના જાતાં જાતાં શબ્દો સૌને સંભળાયાં,
સૌનાં મોઢાં કરમાયાં ને ભોંઠપણાથી શરમાયાં....
"અભિમાન ના મોટું કરીએ,
ના કરીએ કોઇની કથલીજી ...
બીજાને પછાડવા જઇએ
તો આપ જ પડીએ ઉથલીજી...."

—ગુલામ મોહમ્મદ શેખ

બીયાંની શોધ થઇ. એના તેલથી માટીના કોડિયામાં દીવા બળવા લાગ્યા ઘણાં લોકો દીવા બાળવા માટે ઘેર જ એરંડી પીલીને એરંડિયું કાઢતા. એરંડી પીલી-પીલીને સાવ વાંકું વળી ગયેલું એક સાંબેલું મેં એકવાર એક ગામડામાં જોયું હતું.

વરસો સુધી તેલના જ દીવા બળ્યા. બરબીમાંથી મીણબત્તી બનાવીને એના દીવા પણ લોકો વાપરતા હતા.

ઘાસલેટ, પેટ્રોલિયમ, વગેરે બનીજ તેલોની હસ્તીની ત્યારે કોઇને ખબર નહોતી.

વરસો પછી એની શોધ થઇ.

ઉત્તર અમેરિકાના મૂળ વતનીઓ આ તેલને જાણતા હતા. જ્યારે ગોરા લોકો ત્યાં જઇને વસ્યા ત્યારે તેમણે જોયું કે તે લોકો આ તેલનો દવા તરીકે ઉપયોગ કરતા હતા.

એ તેલના ઝરણાં હતાં.

ત્યારપછી કોઇએ શોધી કાઢયું કે ઝરણાંમાંથી નીકળતું અને દવા તરીકે વપરાતું તેલ દીવામાં બળી શકે છે. અને પછી જમીનમાંથી નીકળતું તેલ દીવામાં બળવા લાગ્યું.

દીવા માટે વધારે તેલ મેળવવા એક માણસને પહેલવહેલો તેલનો કૂવો ગાળવાનો વિચાર આવ્યો.

ડ્રેક નામના માણસે કૂવો ગાળવાનું કામ માથે લીધું. એણે કૂવા માટે જમીન તપાસવા માંડી અને ૧૯૫૯ની સાલમાં પેન્સીલ્વેનિયાના એક નાનાં ગામડામાં કૂવો ગાળવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

ડ્રેકની સાથે તેના બે મિત્રો પણ હતા. આસપાસના માણસો તેમને કૂવો ગાળતા જોઇ હસતાં હતાં. તેલનો કૂવો ગાળવાનું કામ તેમને મૂર્ખાઇ ભરેલું લાગતું હતું. પાણીના કૂવા હોય પણ તેલના કૂવા કદાપિ ભાળ્યા છે? તેઓ એ કૂવાને 'ડ્રેકની મૂર્ખાઇ' એ નામે ઓળખતા.

પણ ડ્રેક પોતાનું કામ છોડે એવો નહોતો. એણે પોતાનું કામ ચાલુ જ રાખ્યું. પચાસ જગ્યા-નમાં કૂવો ગાળવાનું કામ ઘણું અઘરું હતું. ત્રણ મહિનાના બોદકામ પછી દસ ફૂટની ઊંડાઇએ એક કાળો અને ચિકાશવાળો પ્રવાહી પદાર્થ નીકળ્યો, ને કૂવો ભરાઇ ગયો!

ડ્રેકની મહેનત સફળ થઇ. આખરે એને તેલ મળી ગયું.

જેઓ ડ્રેકને હસતાં હતા તેઓ પણ હવે કૂવા ગાળવા લાગ્યા. આખું પેન્સીલ્વેનિયા તેલનું મોટું મથક બની ગયું.

એમાંથી આપણને ઘાસલેટ મળ્યું. ઘાસલેટના જાતજાતના દીવાઓ બળવા લાગ્યા. સાદા લોઢાનાં લાલાં ડબ્બાઓ, ગોરસ મૂકવા, હરિકેન ફાનસો, લીંત ચીસનીઓ, ટેબલ લેમ્પો, વગેરેમાં ઘાસલેટ બળવા લાગ્યું.

પણ એને થોડો વખત વીત્યો ન વીત્યો ત્યાં તો સૂરજ તેજની હરિફાઇ કરતા ગેસના દીવાની શોધ થઇ. મોટાં મોટાં શહેરો ગેસના દીવાના તેજથી ઝળહળી ઉઠયાં.

અને પછી તો દીવાની દુનિયામાં નવો જ યુગ શરૂ થયો. એ યુગ વિજળીનો હતો. કોઇપણ જાતના ચકમક કે દિવાસળી વિના દીવો પ્રગટાવવાની વાત વરસો પહેલા કોઇએ માની જ ન હોત. એવી વાત કરનારને લોકો ગાંડા જ ગણી કાઢત પણ વિજળીનો યુગ શરૂ થયા પછી દીવાસળી વિના જ દીવા સળગવા લાગ્યા. માણસની બુદ્ધિ પાસે આ કુદરતની જેવી તેવી હાર નહોતી.

વિજળીના દીવાની શોધ પછી બધી જાતના દીવાઓને એની આગે હાર સ્વીકારવી પડી. ગેસના દીવાનું પણ વિજળી આગળ ડાંડ ચાલ્યું નહિ.

ગેસના અને વિજળીના દીવામાં કોનું તેજ વધારે એ હજી ચર્ચાનો વિષય જ રહ્યો છે. વિજળીના દીવાનું તેજ આપણે મોટાં મોટાં રેલગાડીના સ્ટેશનોમાં જોઇએ છીએ. મોટાં ઉત્સવમાં કે વિવાહ વરઘોડામાં ગેસના દીવાઓ પણ કાંઈ ઓછું તેજ આપતાં નથી.

આ બેની હરિફાઇમાં ભવિષ્યમાં કોણ જીતશે એ કહી શકાય નહિ.

હજારો વરસના અંધકારને માણસે ધકેલી દીધો છે. હવે એને અંધારાની પરવા રહી નથી. મન ફાવે ત્યારે અને મને ફાવે ત્યાં પ્રકાશ મેળવવો એ એના હાથની વાત બની ગઇ છે.

કુદરત ભલેને એનો સૂર્યદીપ ઓલવી નાખે. એનાં તેજની હરિફાઇ કરતાં દીવા માણસ જાતે શોધી કાઢયા છે. દીપોત્સવીના ઉત્સવમાં આપણે પ્રકાશની શોધ કરનાર માણસની બુદ્ધિને જ તો માનવંદના નથી કરતાં ને ?

—મોંઘીબેન પંચોલી

કરી જુઓ



ઉપર કાળા રંગનું જુદું લાગે એવું હથિયાર છે. તમારે તો એ પૂંઠાનું જ બનાવવાનું છે. ઉપરના પહેલા ચિત્રમાં જેમ હાથ ઉપર ચૂકયું છે તેમ ચૂકજો ને બીજા ચિત્રમાં બતાવ્યું છે તેમ બીજા હાથથી ઉડાડજો. તમારું આ હથીઆર દૂર જઇને ફરતું ફરતું તમારી પાસે આવી જશે. શરૂઆતમાં જરા સારી રીતે ન ઉડે તો નિરાશ ન થશો. પણ થોડા અભ્યાસ પછી તમને બરાબર આવડી જશે.

૬ ૨ ૬

ઝર, ઝર, ઝર, ઝર, ઝરણું વહે !
અવિરામ ગતિથી,
એની મતિથી,
મસ્ત અદાથી,
કલ, કલ, કલ, કલ, અવાજ કરે !

ઉંચે નીચે,
આમ તેમ,
આગે વહે,
કલ, કલ, કલ, કલ, અવાજ કરે !

સદા એક,
નૂતન ગીત,
સૌ ગાઇ,
ઝર, ઝર, ઝર, ઝર, ઝરણું વહે !

—શ્રી રાયચુકર

વિનોબાજીની પ્રસાદી

પૂ. બાપુજી ને આપણે જોયાં. એમની વાણી સાંભળી. ખરેખર આપણે ભાગ્યવાન છીએ.

હવે બાપુજી આપણી વચ્ચે નથી. પણ એમના પટશિષ્ય આચાર્ય વિનોબા ભાવે અત્યારે એમના જેવુંજ ઉત્તમ કામ કરી રહ્યાં છે. ગાંધીજી જેવાજ તેઓ એક મોટા સાધુ પુરુષ છે. આ એમનો ફોટો આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ.



ગાંધીજીએ અહિંસાના માર્ગે સ્વરાજ્ય માટે કેમ લડવું તે આપણને શીખવ્યું ને સત્યાગ્રહ આદરી સ્વરાજ્ય મેળવ્યું.

પણ આપણાં હાથમાં રાજ આવ્યું તેથી કાંઇ આપણાં ગરીબ લોકોની હાલત નો અંત આવી જતોનથી ! એમની પાસે નથી જમીન. નથી કામ કે નથી બાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર અને નથી રહેવા માટે સારું ઘરો.

ગાંધીજીની જેમ વિનોબાજી ગરીબોનું કામ કરી રહ્યાં છે. એમણે લોકોને એક નવોજ માર્ગ સૂચવ્યો છે. લોકોને તેઓ કહે છેઃ 'આ ગરીબ લોકો તમારાંજ ભાંડુઓ છે. એટલે એમનો હિસ્સો એમને આપો. જેની પાસે જમીન હોય તેમણે જમીન આપવી, પૈસા હોય તેમણે પૈસા આપવા અને કશું ન હોય તો શ્રમ આપી ગરીબની કંઇક સેવા કરવી.

ભૂદાન, સંપત્તિદાન અને નહિ તો શ્રમદાન અથવા શક્ય હોય તો ત્રણે પ્રકારનું દાન કરવું.

અને પ્રેમ તો બધાયે આપવો.'

કેટલું સરસ તેઓ કહે છે !

વિનોબાજીને ગીતા બહુ પ્રિય છે. એમણે ગીતા પર પ્રવચનો આપ્યા છે. ક્યાં આપ્યા હતા. બહાર છે? ધૂળીયાની જેલમાં.

મરાઠીમાં મીઠી વાર્તાઓ લખનાર સાને ગુરૂજી અને એવા કેટલાય લોકો સત્યાગ્રહ કરીને જેલના મહેમાન બન્યા હતા. ત્યાં વિનોબાજીના પ્રવચનો થતાં. આ પ્રવચનોની ભાષા ખૂબ સહેલી ને સાદી હતી. એમનાં પ્રવચનોમાં એમણે પશુ—પંખીઓ વિષે ઘણું સુંદર કહ્યું છે. એમાંથી થોડીક પ્રસાદી અહીં રજૂ કરી છે. વિનોબાજીની કલમની આ પ્રસાદી કેટલી મીઠી છે! વાંચી જુઓ તો મઝા આવશેઃ—

'આપણુ કામકાજ કરતાં પ્રાણીઓ—

એ ગાય, કેટલી વત્સલ, માયાળુ ને પ્રેમાળ છે!

અને પેલો ઘોડો, કેટલો ઉમદા, કેટલો પ્રમાણિક અને કેટલો સ્વામિભક્ત છે!

ઘોડાને પંપાળો, ને તે તમારે માટે પ્રાણ આપશે. તમારો મિત્ર થશે!

પેલો સિંહ, એની એ ધીરોદાત્ત, એ દિલાવર મુદ્રા! એનો એ બાદશાહી ઠાઠ,

એની ભવ્ય અને સુંદર યાળ,

જાણે ચમરો વનરાજ પર ઢળતા ન હોય!

અને વાઘ કયાં ઓછો ઉતરે એમ છે?

એના પીળા દમરક શરીર પર કાળાં કાળાં પટાં હોય છે. એનામાં ઇશ્વરીય તેજ પ્રગટ થયું છે. જની ઘ્રાણેન્દ્રિય તીક્ષ્ણ તેનું નામ વ્યાઘ્ર એમ કહેવાય છે.

તેવો જ પેલો સાપ. એ તો પરમ પવિત્ર બ્રાહ્મણ.

કેટલો સ્વચ્છ, કેટલો સુંદર!

નિર્મળ, સતેજ, મનોહર હાર જેવો આ સાપ છે. એનાથી કંઇ બીવાય!

બિચારાનું ઘર વરસાદમાં ભીંજાય છે પછી તે શું કરે? અતિથિ તરીકે શ્રાવણમાં તે આપણા ઘેર આવે છે. અને ઘરના નેવાની બખોટામાં ભરાઈ રહે છે. એ આપણી ખેતીનું રક્ષણ કરે છે. ખેતીનો નાશ કરનારા અસંખ્ય જીવડાં પર તે જીવે છે. એવો આ ઉપકારી, શુધ્ધ તેજસ્વી એકાંતપ્રિય સર્પ તે ભગવાનનું જ રુપ છે ને!

* * *

રામે વાનરો સાથે મૈત્રી બાંધી. રામ ટેકથીજ તો તેઓ કૃષ્ણા નદીનાં કાંઠા સુધી જમીન પર પગ મૂકયા વગર વૃક્ષો પરજ કૂદતાં ગયાં અને રમતાં ગયાં.

* * *

પેલો મોર!

મહારાષ્ટમાં બહુ મોર દેખાતા નથી. ગુજરાતમાં ઘણાં મળે છે. આકાશે વાદળાં છવાયાં હોય, વરસાદ પડવાની તૈયારીમાં હોય ને વાદળાનો કાળા મેષ જેવો રંગ દેખાય ત્યારે મોર ટહૂકે છે.

મેઘની ગડગડાટ શરુ થાય કે એના પીંછા ઉભા થઇ જાય છે અને કળા કરે છે. અહાહા! કેટલું સુંદર દ્રષ્ય! એના આ પીંછાની કળા સામે માનવીની કળા કંઇજ વિસાતમાં નથી. બાદશાહ શણગાર સજે પણ મોરની આ કળા સામે એના શણગાર શા? કેટલો મોટા ભવ્ય એના પીંછાનો ફેલાવો! માનો કે સેંકડો આંખો ન હોય! એના પીંછાના વિવિધ રંગો, અનંત છટાઓ, એ અદભૂત સુંદર અને રમણીય રચના, કેવી સરસ લાગે છે!

* * *

અને એ કોયલને પણ હું કેમ ભૂલું?

તે કોને બોલાવતી હશે?

ઊનાળામાં નદી-નાળાંઓ સુકાઇ જાય છે, વૃક્ષોને કૂંપળો ફૂટે છે, કોણ આપતું હશે આ વૈભવ! કયાં છે પેલો વૈભવનો દાતા? શું એવું તે પૂછતી હશે? કેવો છે એનો ઉત્કટ મધુરો અવાજ!

* * *

કોયલ સુંદર છે તો કાગડો શું કદરૂપો છે? કાગડા પર પણ મમતા રાખો. એ તો મને બહુ ગમે છે. એનો કાળો ચળકતો રંગ.

એનો પેલો તીણો અવાજ! શું એ અવાજ ખરાબ છે? એ પણ મીઠો છે! પાંખ ફફડાવતો તે આવે છે ત્યારે કેટલો સુંદર દેખાય છે એ કાગડો!

નાના બાળકો તેના તરફ આકર્ષાય છે નાના બાળકો નાના ગંધાતા ઘરમાં જન્મતાં નથી. આંગણામાં લઇ જઇને એમને ખવરાવવું પડે છે. કાગડા ને ચકલીની વાતો સંભળાવી તેમને મોંમાં કોળીયા ઉતરાવવા પડે છે!

—તારાબેન મોડક

પેકીંગ કેસીસ, કેટસ, શૂકસ, વૂડન ફ્રેમ્સ અને રાઉન્ડ વૂડન સ્ટીકસના સ્પેશ્યાલીસ્ટ

ક્રાન્તિ વૂડ વર્કર્સ

(લાકડાંના આગેવાન વેપારી)

પ્રો. કાન્તિલાલ વેલશીભાઈ શેઠ.

ઓફીસ, સો મીલ અને ફેકટરી :

કવે સ્ટ્રીટ, દારુખાના,

રે રોડ સ્ટેશન પાસે,

મુંબઇ ૧૦.

તમે એને પડવા દેશો નહિ એ વિશ્વાસમાં બાળક આનંદથી ઝુલે છે.

જીવનઝુલામાં ઝુલતાં–ખાસ કરીને બાળક સાહસિક હશે તો–એ કોઇ વાર ઊંચે અને કોઇ વાર નીચે પણ આવશે. જીવનની ચડતી પડતીનો સામનો એ હિંમતથી કરી શકે તે માટે અમારી ચિલ્ડ્રન્સ ડિફેન્ડ એન્ડાવમેન્ટ પોલીસીમાં એનો વીમો ઉતરાવો.

ધી ન્યુ ઇંડિયા

એશ્યોરન્સ કંપની લિમિટેડ

મહાત્મા ગાંધી રોડ મુંબઈ. ૧

તોડાવાળો દ્વિવાળી ઘોડો :

લેખક :
સિબિલ એન્જમૅન.



'મીના, મીના!' તેની મા બૂમ પાડીને બોલાવતી હતી. પણ મીનાનું ધ્યાન કયાં હતું એની તરફ?

એના ઘર સામેના મેદાનમાં આજે સવારે એણે એક દ્વિવાળી ઘોડો જોયો હતો. તેના જમણા પગમાં એક નાનકડો તોડો હતો.

આજસુધી એણે ઘણાં દ્વિવાળી ઘોડા જોયા હતાં. પણ આ પંખીના પગમાં તોડો કયાંથી આવ્યો હશે?

કોઇએ તોડો પહેરાવી આ પંખીને છોડી મૂકયું હશે! કે એ કોઇની પાસેથી છટકી ગયું હશે!

બપોરે આ પ્રશ્નો એણે એની માને પૂછયાં હતાં. પણ તેં કંઇ જ જવાબ દઇ શકી નહિ. હવે રાત પડી હતી. મીના હજી પણ પેલા દ્વિવાળી ઘોડાના જ વિચાર કરતી હતી.

'હશે, તે કયાંક ઘરના છાપરા પર! અથવા બાજુના શિમળા પર સૂતું હશે. હવે તૂં પણ સૂઇ જા.' એની માએ કહ્યું.

મીના પથારી પર પડી હતી પણ એને ઊંઘ આવતી ન હતી. તોડા પહેરેલા પેલા દ્વિવાળી ઘોડા વિષે એને કેટલાય વિચારો આવી જતાં અને વહી જતાં. છેવટે તે ઊંઘી જ ગઇ. કેટલો સમય ઊંઘી હશે તે તો કોણ જાણે, પણ વ્હેલી સવારે તે કંઇક પથારીમાં પડી પડી બબડતી હતી. એને એક સ્વપ્ન આવતું હતું.

'સવારમાં તે એક મેદાનમાં ઉભી હતી. તોડાવાળો દ્વિવાળી ઘોડો એની નજીક જ થોડા અંતરે ઉભો હતો. મીના એની પાસે જવા લાગી ત્યાં તો પેલું પંખી પણ પગ પટપટાવતું આગળ ને આગળ ચાલ્યુ જતું ને વચ્ચે તે ઉડતું. એનું ઉડ્યન પણ બહુ અજબ હતું. જમીનથી એક બે ફીટ પર લ્હેરની જેમ તે ઊંચું નીચું થતું. વચ્ચે એકાદું કીડું પકડતું ત્યારે તેની ચાંચનો ટપ એવો અવાજ સંભળાતો.

'એ, જરા થોભને!' મીનાએ કહ્યું

એ સાંભળી સાચે જ દ્વિવાળી ઘોડો થંભી ગયો અને પાછો વળ્યો. મીના એક પથરા પર બેઠી કે તરત જ પેલો દ્વિવાળી ઘોડો સામે આવ્યો.

મીના કહે: 'હું કંઇ તને પકડવા માટે આવી નથી! તારા પગમાં પેલો તોડો કોણે નાખ્યો તે તો મને કહે."

ઘોડો ઘણો પાસે આવ્યો, અને કહેવા લાગ્યો:

'ત્રણ વર્ષ પહેલાં બરાબર આજ દિવસે અને અહીં જ બનેલો પ્રસંગ છે. એ યાદ આવતાંજ હું થરથરી જાઉં છું. મને આજ મેદાનમાં આવ્યાને એક બે દિવસ થયાં હતાં. મેદાનના ખૂણામાં એક નાનકડું તારનું ઘર કોઇએ મૂકયું હતું. એમાં એક મારા જેવું જ પંખી મેં જોયું. મને થયું કે આ કોઇ મારો પ્રતિસ્પર્ધી છે. હું એના ભણી દોડી ગયો. અમે હિમાલયમાં માળા બાંધીએ છીએ ત્યાં અમારા માળા પાસે કોઇ નર પંખી આવે કે અમારો

ઝગડો થાય જ. આ અમારી પહેલાની ટેવ હતી. તેથી હું પેલા પંખી તરફ દોડી ગયો અને તરત જ પેલા ઘરમાં ઘુસી ગયો. તો એકાએક ઘરનું બારણું બંધ થયું. અંદર બીજું કોઇ પંખી હતું જ નહિ, પણ એક અરીસો મૂકેલો હતો. એમાં મારું જ પ્રતિબિંબ મેં જોયું. તરત જ બે માણસો પાસે આવ્યાં. મારું કાળજું ધડકતું હતું. એકે ઘરમાં હાથ નાખ્યો. મેં ઘણી પાંખો ફફડાવી. પેલા ઘાતકી હાથ પર ચાંચ વડે ઘણો પ્રતિકાર કર્યો, પણ એનો કોઇ ઉપયોગ સર્યો નહિ. એણે મને પકડી લીધો. બીજાએ ગજવામાંથી કંઇક પટ્ટી જેવું કાઢયું. પટ્ટીના અંદરના કાગળમાં એણે કંઈક લખ્યું. પછી તે પટ્ટી મારા પગ ફરતી તેણે વીંટી. પહેલા માણસે તે પટ્ટી કઠણ રીતે બાંધી ત્યારે બીજાએ કહ્યું: "માધવ કઠણ બાંધીશ નહિ. તોડો ઢીલો રહેવો જોઇએ. નહિતર એનો પગ દુઃખશે."

'એ રીતે આ તાડો મારા પગમાં મૂકાયો. તેઓ જાતજાતના પ્રશ્નો પૂછતા હતાં. અમારી માહિતી પેલ માણસો છોકરાઓને કહેતાં હતાં. અમે બરાબર આજ સમયમાં આ મેદાનમાં કઇ રીતે આવીએ છીએ, રોજ કેટલું અને કયાંથી ઉડીએ છીએ, વગેરે વાતો કહ્યા પછી પેલા માણસે કહ્યું:

'માધવ છોડી મૂક એને હવે!'

અને હું જીવ લઇને નાઠો. આ મુક્તિને લીધે હું ઘણો આનંદિત બન્યો. જીવ પર આવેલો પ્રસંગ વીતી ગયો એવું મને લાગ્યું.

'સાચે જ તું હિમાલયથી આવે છે?' મીનાએ આશ્ચર્યથી પૂછ્યું.

'એટલે શું તને હજુય ખોટું લાગે છે? હું તો હિમાલયથી આવું છું પણ અમારામાંના કેટલાંક તો સાયબેરિયાથી આવે છે.' પંખીએ જવાબ આપ્યો.

'સાયબેરિયામાંથી ઠે. ઠ!' મીનાએ વધુ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું.

'અરે, તારી લાંબી પૂંછડી ન ગણીએ, તો તું ચકલી જેવડો જ દેખાય છે અને એવા હજારો માઇલ કેવી રીતે ઉડીને આવતો હઇશ!'

'મને નાનો કહે છે પણ મારા કરતા પણ સેંકડો નાના પંખી દૂર દૂરનાં પ્રવાસો ખેડે છે. એક પંખીનું નામ છે, આર્ક્ટીકટર્ન. એ તો ઉત્તર ધ્રૂવથી નીકળી દક્ષિણ ધ્રૂવ સુધીનું ચક્કર મારે છે. ૧૧૦૦૦ માઇલનું આ અંતર છે. જતાં આવતાં એનો પ્રવાસ બાવીસ હજાર માઇલનો થાય. આ પક્ષિઓના હજારોના ટોળાં આવ જા કરે છે.

'પણ જો તું જ્યારે અહીં હોય છે ત્યારે સાયબેરિયાના કોઇ પંખીની દોસ્તી કરીને તું કેમ નથી જતો સાયબેરિયા' મીનાએ પૂછ્યું.

દિવાળી ઘોડો મીનાના આ પ્રશ્નથી હસી પડયો. અને એને હસવું આવે, એટલે તે પોતાની પૂંછડી

- વૈયુ

ઝટઝટ નીચે ઊંચે હલાવી થોડુંક પગ પટાવતું ચાલવા લાગતું.

'એમ નહિ થાય' તેણે કહ્યું. 'જ્યાં અમારો જન્મ થાય ત્યાં જ અમે જઇએ છીએ. પેલું તુતારી પંખી અમારી જેમ જ કેટલાંક હિમાલયથી આવે છે અને કેટલાંક સાયબેરિયાથી આવે છે.'

'પેલું ચોકલેટી અને નીચેની તરફ સફેદ અને ઝીણી ચાંચવાળું પંખી છે તે જ ને? નાનકડી કૂકડીના બચ્ચાં જેવડું તે હોય છે. એને જોઉ છું કે મને તારી યાદ આવે છે. તારી જેમ જ એ પૂંછડી પટપટાવે છે. અને પેલું વૈયું, એ ક્યાંથી આવતું હશે?' મીનાએ પંખીઓના રંગરુપને યાદ કરતાં પેલાં દિવાળી ઘોડાને પૂછ્યું.

'તેઓ મધ્ય એશિયાથી આવે છે.' દિવાળી ઘોડાએ જવાબ આપતાં કહ્યું: 'એ પ્રદેશમાં કરોડો તીડ ઈંડા મૂકે છે, એટલે એમને એ ઈંડા ખાવાની મઝા આવે છે.'

પણ આ પંખી જેવું કજિયાખોર પંખી બીજું મેં એકેય નથી જોયું. દેખાવમાં ડાહ્યું, ગુલાબી મેના જ કહોને! કાળું માથું, એનાં પરનો એનો કાળો તુર્રો, પાંખ, પૂંછડી ને બીજા શરીરના અંગો ગુલાબી. તમારા ઘરની પાસે જ શીમળાને જ્યારે બહાર આવે છે ત્યારે સવાર સાંજ એ ત્યાં જ હોય છે. ત્યાં બીજા ઘણાં પંખી મધુરસ પીવા આવે છે. પણ આ વૈયું બધાં સાથે લડતું જ હોય છે. જાણે પેલો શીમળો એના બાપનો જ ન હોય! આપસ આપસમાં તે લડયા જ કરે છે. આ વૈયાને જવા દો. મારે બીજું જ કંઇ પૂછવું છે.' મીનાએ લંબાવ્યું.

'જરુર પૂછ', દિવાળી ઘોડાએ કહ્યું.

"દર વર્ષે તમે આજ મેદાન પર આવો છો તેમ કહે છે, પણ તને રસ્તાની કેમ ખબર પડતી હશે? વર્ષમાં એક વાર આવવાનું એટલે તું રેલ્વેના પાટા જોઇ જોઇને જ આવતો નથી ને?" મીનાએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું.

દિવાળી ઘોડો પોતાની પૂંછડી ઊંચી નીચી કરતો આગળ ગયો. અને પગ પટપટાવતો પાછો આવ્યો. એની આ હિલચાલ જોઇને મીના પોતાના હસવાને ખાળી ન શકી. એણે આગળ કહ્યું :—



તુતારી

"સાચે જ, આપણો દેશ કેટલો મોટો! અને રેલ્વે તો બહુજ ઓછા ભાગમાં છે. ત્યારે આખા દેશમાં તમે કેમ પથરાતાં હશો? કોણ તમને રસ્તો બતાવતું હશે?"

દિવાળી ઘોડાએ જવાબ આપ્યો :

"રસ્તાની કેમ ખબર પડે છે તે હું કહી શકીશ નહિ. તે તો આપમેળે જ સૂઝે છે. અમારી સાથે અમારા બચ્ચાં પણ હોય છે. પણ કેટલાંક પંખીઓમાં બચ્ચાં આગળ જાય છે અને એના મા–બાપો પાછળથી જાય છે, ત્યારે કેટલાકમાં મા – બાપો પહેલાં જાય છે અને બચ્ચાં પાછળથી જાય છે."

મીનાને આ બધી માહિતીથી ઘણું આશ્ચર્ય થયું. થોડી વાર તે મૂંગી જ રહી.

"શું તને ખોટું લાગે છે?" દિવાળી ઘોડાએ પૂછ્યું.

"ખોટું નથી લાગતું, પણ નવાઈ લાગે છે." મીનાએ જવાબ આપ્યો.

"સારું, પણ તમને આવવાના અને અહીંથી પાછા જવાના સમયની કેમ ખબર પડે છે?" મીનાએ પૂછ્યું.

દિવાળી ઘોડાએ કહ્યું: "એ પણ આપમેળે જ અમે જાણીએ છીએ. નીકળવાનો કે પાછા ફરવાનો સમય આવે કે અમને ખૂબ ઉડવાનું મન થાય. અમે એક જમાતના બધાં પંખી ભેગા થઈએ છીએ અને આકાશમાં ગોળ ગોળ ફરીએ છીએ. એક દિવસે પછી નીકળીએ છીએ."

"શું ત્યારે એકવાર ઉડવા માંડો ત્યારે ઉડયા જ કરો છો કે વચ્ચે આરામ પણ કરો છો?" મીનાએ પૂછ્યું.

'ના, બેન, એક સરખું કેમ ઉડી શકાય! ઘણાં પંખી રોજના ૬ થી ૧૧ કલાક ઊડે છે. બાકીનો સમય બાવાનું શોધવામાં જાય છે. ઉડવાનો વેગ પણ દરેક પંખીનો જુદો જુદો હોય છે. અમે ૬ કલાકમાં ૧૫૦ થી ૧૭૫ માઇલ ઉડીએ છીએ. ત્યારે પેલા તુતારી ૩૦૦ માઇલ ઉડે છે. પેલું ક્રૌંચ બગલું તો ૧૨૫ માઇલ જ જાય છે. કેટલાંક પંખી ઉડવામાં બહુ જ તેજ હોય છે. વુડકોક નામનું હિમાલયનું એક પંખી છે. તુતારી કરતાં સ્હેજ મોટું હોય છે. તે હિમાલયમાંથી નીકળે કે પછી ક્યાંય રોકાયા વિના દક્ષિણના એક નીલગીરી પર્વત પર જ ઉતરે છે. એટલે એક જ ઊડાણમાં તે દોઢ હજાર માઇલ જાય છે. જાપાનનું એવું જ એક આપણાં તુતારી જેવડું સ્નાઇપ નામનું પંખી છે. એના ઉડવાની તો વાત જ ન પૂછો. તે એકવાર નીકળે કે ત્રણ હજાર માઇલ પથરાયેલો પ્રશાંત મહાસાગર ઓળંગીને જાપાનથી છેક ઓસ્ટ્રેલિયામાં ઉતરે છે.'

'શું કહે છે. આ દિવાળી ઘોડો, એક જ ઉંડાણમાં ત્રણ હજાર માઇલ? એવું ઉડતાં તમને બહુ મઝા પડતી હશે. બરું ને'. મીનાએ પૂછ્યું.

'મઝા'! ઘોડાએ વચ્ચે જ કહ્યું. એવા ઉડાણમાં કેટલું જોખમ હોય છે? વચ્ચે વાદળો થાય છે, એવા પ્રવાસમાં કોઇવાર થાક લાગે છે, અને થાકીને જ જમીન પર પડી પડીને મરી જાય છે. કેટલાંક આકાશના શિકારી પક્ષિઓના સિકંજામાં ફસાય છે. પ્રવાસે નીકળેલા પક્ષિઓમાંથી હજારો વચમાં જ મરી જાય છે.

'તો આ હજારો માઇલો જવા આવવાની માથાકૂટ તમે કરો છો શા માટે? હિમાલયમાં કેવા સુંદર સુંદર મીઠાં ફળો છે, કીટકો છે, એમ મેં સાંભળ્યું છે?' મીનાએ કહયું.

'એ બધું સાચું છે' દિવાળી ઘોડાએ કહયું. 'પણ તે ઉનાળામાં. શિયાળામાં તો તું પોતે રહીને જો, તો તને તેનો ખ્યાલ આવશે. જમીન પર બધેય બરફ પથરાયેલો હોય છે. વૃક્ષ પર તો પાંદડું પણ ટકતું નથી તો ફળ ફૂલની તો વાત જ ક્યાં કરવી! કીટક તો ક્યાંય દટાઈ જાય છે. એવી ભયંકર ટાઢમાં જીવ પણ થીજી જશે, એવું જણાય છે. દિવસ એ વખતે નાનો હોય છે. પછી ત્યાં બાઇએ શું? ઉત્તર તરફના પ્રદેશોમાં તો એથીયે નાનો દિવસ હોય છે. એટલે અમે વિષવવૃત તરફ જઇએ છીએ. તમારા ત્યાંની ઠંડી એટલે કંઇજ નહિ. દિવસ મોટો, ફૂલે'-ફળો ને કીટકો ભરપૂર એટલે આખો દિ' બાધા કરીએ અને મઝા કરીએ.'

"હું, હવે સમજી કે તમે શિયાળામાં તમે

આ બીજું કેમ આવો છો. પણ હજી મારો એક સવાલ રહ્યો છે.” સીતાએ કહ્યું.

દિવાળી ઘોડો ફરી પૂંછડી ઊંચી નીચી કરતો આગળ ગયો અને પગ પટપટાવતો પાછો આવ્યો. એણે હસતાં હસતાં કહ્યું :—

“આટલી રામાયણ સાંભળ્યા પછી સીતા રામને શું થાય એનો તને હજુ ખ્યાલ મળ્યો નથી. અમારા આ પ્રવાસની બધી માહિતી અમારાં આ નિસર્ગ અભ્યાસકો જાણે છે. ઘણી માહિતી આ રીતે પગમાં તોડા નાખીને તેમણે મેળવી છે. આ તોડાની અંદર, તોડો ક્યારે નંખાયો, ક્યાં નંખાયો એ બધું લખેલું હોય છે. બીજે જ દિવસે એવું તોડાવાળું પંખી જો ત્રણસો માઇલના અંતરે પકડાય તો એનાથી અમે એક દિવસમાં કેટલું ઊડીએ છીએ એનો સહેજે ખ્યાલ મળે છે.”

એટલામાં દિવાળી ઘોડો એકદમ ગભરાઇ જતો દેખાયો.

“જો-જો, પેલા, તોડા નાખનારાં આવે છે. દૂરબીનથી તાકી રહ્યાં છે. હું જાઉં છું. દૂર દૂર’, એણે પાંખ ફફડાવતાં કહ્યું.

‘થોભ, થોભ’ સીતાએ બૂમ પાડી. અને ઉઠીને જુએ છે તો સવાર થઈ છે અને પોતે પથારીમાં પડી છે. ‘શું આ બધું સ્વપ્નું હતું! ના, ના, અહીં જ પેલો દિવાળી ઘોડો બોલતો હતો ને

એણે બારીમાંથી દૂર દૂર જોયું ત્યારે ગઇ કાલનું તોડાવાળું પંખી સામેના મેદાનમાં પૂંછડી ઊંચી નીચી કરતું અને પગ પટપટાવતું ચાલી જતું હતું.



ચાંદની રાતનો વાર્તાલાપ

લેખક :
શેષ નામલે

જાન્યુઆરી મહિનો અને તેમાંય તેનો છેલ્લો દિવસ હતો. સાંજનું વાળુ પત્યા પછી રાત્રે અગાસી ઉપર બધા બાળકોનો મેળો ભરાતો હતો. બાળકોને ધીરુ દાદા સાથે વાતો કરવાનું બહુ ગમે.

તેમની જોડે વાતો કરવા ને સાંભળવા માટે છેક દૂર દૂરના ઘરના બાળકો પણ આવે. એમના આવી ગયા પછી તો વાતોનો રંગ કોઇ ઓર જ જામતો.

આજે તો આસમાનની શોભા ઘણી લોભાયમાન હતી. જૂ ની જેમ આસમાનમાંના નક્ષત્રો દેખાતા હતાં. કશી પણ ગડબડ વગર બાળકો આ નક્ષત્ર–તારાઓને નિહાળી રહ્યાં હતા.

"નક્ષત્ર એટલે ઇશ્વરના બાગના ફૂલ જ; બરુ છે ને, ધીરુ દાદા !" એક નવેક વર્ષનો રવિ બોલી ઊઠયો.

રવિના આ શબ્દો ધીરુદાદાને કવિ જેવા લાગ્યા. તેઓ બોલ્યા :

"તારી આ કલ્પના ઘણી સુંદર છે, ભઇ.!

"પણ શું આ સાચું છે?" તેર વર્ષના શશીએ ઝટ સવાલ રજૂ કર્યો.

ધીરુદાદાએ સમાધાન કરતાં કહ્યું કે :

'પહેલાના વખતમાં મિશ્ર દેશના લોકોને પણ નક્ષત્રો જોવાનો બહુ શોખ હતો. ત્યારે તેઓ પણ જાતજાતની કલ્પનાઓમાં રાચતા હતા. તેઓ વિચારતા કે આસમાન તો એક મંદિરનું ગૂંબજ છે. પૃથ્વી મંદિરની ઓસરી છે. એની અગાસી પર રાત્રે રોજ ઇશ્વર જગમગીયા જગાવે છે. એને જ નક્ષત્ર કહે છે."

"શું દાદા ! આ સાચું છે?" સુનિલે પૂછ્યું.

ત્યાં તો વચ્ચે જ સુનંદા બોલી ઊઠી :

"મને આ મિશ્ર દેશના લોકોની કલ્પના સાચી લાગે છે. જ્યારે હું એક ઇશ્વરના મંદિરવાળા ડુંગરા પર ગઈ ત્યારે પૃથ્વી થાળી ની જેમ ગોળ દેખાતી હતી. આસમાન ચારે બાજુથી તેને વળગેલું દેખાતું હતું. દાદી મા પણ એમ કહેતી હતી કે બધા દેવો આસમાનમાં ખૂબ ખૂબ ઊંચે રહે છે અને તે લોકો જ આ તારાઓની બત્તિઓ ઉપર જગવે છે અને પ્રકાશ ફેલાવે છે."

ધીરુદાદા હસતા હસતા કહેવા લાગ્યા :

"મિશ્રના લોકો એવું તો જરુર માનતા હતા કે પૃથ્વી થાળી જેવી ગોળ છે, પણ તેના પડોશમાં એક દેશ છે, યુનાન. તેનો એક ગણિત નિષ્ણાત પાયથેગોરસને બતાવ્યું કે પૃથ્વી ગોળ જરૂર છે પણ તે થાળી જેવી નહિ, પણ દડા જેવી છે."

'બહુ અજબની વાત છે!' સુનંદા સાશ્ચર્ય બોલી.

'તે જ દેશના એક બીજા અરિસ્ટ્રોકસ નામના શાસ્ત્રજ્ઞે જણાવ્યું કે પૃથ્વી સૂર્ય મહારાજની આસપાસ ઘૂમે છે.'

શશી બોલ્યો: 'એનો મતલબ એમ કે મિશ્રના લોકોનું કહેવું બોટું ઠર્યું. રવિની કલ્પના પણ નકામી જ છે.

બધા બાળકો ધીરુદાદાની સામે તાકી રહ્યા.

ધીરુદાદાએ ખૂલાસો કર્યો :

"આપણા આ આકાશનો પટ બહુ વિશાળ છે. ચાંદો, સૂર્ય, પૃથ્વી, નક્ષત્ર વગેરે બધાનો એમાં સમાવેશ થયો છે. આકાશ પૃથ્વીથી ચોટી ગયેલું દેખાય છે, પરંતુ તે વાત સાચી નથી. તે તો પૃથ્વીથી ઘણું મોટું છે."

ત્યાં તો બાળકો જિજ્ઞાસાપૂર્વક વચ્ચે જ બોલી ઉઠયા :

'બહુ મોટું એટલે કેટલું મોટું, દાદા ?'

ધીરુદાદા બોલ્યા: 'પહેલા તો એટલું જ જાણી લો કે આપણી આ પૃથ્વી જ કેટલી મોટી છે!'

દાદાએ બીસ્સામાંથી એક રબરનો દડો બહાર કાઢયો. એક બાજુના ભાગ પર દક્ષિણ ભારતનું ચિત્ર બનાવ્યું. તેના પર એક ટપકું લગાવી બોલ્યા:

'જુઓ, આ છે મુંબઇ. અહીંથી આવી જ રીતે પૂર્વ તરફ આપણે જઇશું તો કલકત્તા આવશે. આના પર જ્યારે દોઢ ઇંચ આવશે ત્યારે કેટલા માઇલો થશે તે જાણો છો ?

'રેલ્વેથી કલકત્તા જતાં અમોને છત્રીસ કલાક લાગ્યા હતા.'

'કલકત્તાથી પૂર્વ બાજુ જો તમે રેલ્વે મારફત જાઓ તો કેટલા દિવસમાં પાછા પહોંચી જશો ? પૃથ્વી તો છે ૨૫,૦૦૦ માઇલના ઘેરાવામાં.'

'જો વિમાન મારફતે જઇએ તો ?' રવિએ સવાલ કર્યો.

"કલાકના ૫૦૦ માઇલના વેગે જો ઉડીએ તો પણ પૃથ્વીની પરિક્રમા કરતાં ૫૦ કલાક તો જરુર લાગી જશે." દાદા દડાની આજુબાજુ હાથ ફેરવતા બોલ્યા.

"અને આશ્ચર્યની વાત તો એ છે કે આસમાનમાં આ જે અસંખ્ય તારા મંડળો છે ને, તેમની સામે આપણી આ પૃથ્વી એક રેતીના કણ જેટલી નાની છે."

"આટલી મોટી પૃથ્વી અને તે રેતીના કણ જેવડી હોઇ શકે ?" સુનીલે તરત જ પ્રશ્ન કર્યો.

'પૃથ્વી આટલી મોટી વિશાળ હોવા છતાં એને રબરના દડા જેટલી સમજતા હતા ને ? તારાગણ એ શું છે, એ સમજાવવા માટે એક શાસ્ત્રવિદે કહ્યું છે કે પૃથ્વી ઉપર સૌથી મોટો રેગિસ્તાન છે અને તેમાં જેટલા રેતીના કણો હશે, તેટલાં બધાં નક્ષત્રો નભમાં છે.'

'ઓ હો ! આ તો આશ્ચર્ય પમાડે તેવી વાત છે!' બધાં બાળકો બોલી ઉઠયાં. પછી સુનંદા એકલી બોલી:

'પણ હેં દાદા, બધાં નક્ષત્રો દેખાતા કેમ નથી ?'

'સાચું કહો છો તમે, સુનંદા. એ નક્ષત્રો આટલી દૂરીથી દેખાતાં નથી. અરે દુરબીનથી તમે જોશો તોય કેટલાક નક્ષત્રો બિલકુલ રેતીના કણ જેવડા દેખાશે.'

'પણ રેતીના કણ જેવડા દેખાતા આ નક્ષત્રો વાસ્તવમાં કેટલા મોટાં છે દાદા..

'અરે, આ નક્ષત્ર શા માટે, એ તો વાસ્તવમાં મોટા મોટા સૂરજ સમાન જ છે. જ્યોતિષ શાસ્ત્રના જાણકારોએ નક્ષત્રોના સાત પ્રકાર બતાવ્યા છે. તેમાંથી ૫, ૬ અને ૭ નંબરના નક્ષત્રો તો આંખોથી જોઇ શકાતા નથી. બાકીના ચાર પ્રકારના નક્ષત્રોને રંગ વડે ઓળખી શકાય છે.'

"પહેલા પ્રકારના નક્ષત્રો મોટા અને સફેદ પ્રકાશવાળા હોય છે. બીજી જાતના નક્ષત્રો લાલ રંગના હોય છે. ત્રીજી જાતના નક્ષત્રો આસમાની રંગના અને ચોથા પીળા રંગના હોય છે. સૂરજ તો ચોથી જાતમાંનો એક અતિ સામાન્ય નક્ષત્ર છે. આપણી પૃથ્વી કરતાં સૂરજ હુજાર ગણો મોટો છે. આ રબરના દડા જેવા હુજાર દડા ભેળા કરીએ અને પછી જેટલો મોટો તે દડો દેખાય તેટલોજ સૂરજ આપણી પૃથ્વી કરતાં મોટો છે. કલ્પના વડે આપણે નીચેની બાબતો જાણી શકીએ છીએ :

એક હુજાર સૂરજના બરાબર એક આસમાની તારો હોય છે.

—એક હજાર આસમાની તારાની બરાબર એક લાલ રંગનો તારો હોય છે.

—એક હજાર લાલ તારાની બરાબર એક સફેદ તારો હોય છે. એટલે કે પૃથ્વી કરતાં ૧૦,૦૦,૦૦,૦૦૦ ગણો મોટો હોય છે.'

શશી તો બરે જ આ વાત સાંભળી આભો બની ગયો. તેણે કહ્યું:

'શું દાદા, તમે આ સાચું કહો છો?'

ત્યાં તો રવિ આશ્ચર્ય સાથે બોલ્યો:

'જ્યાં આટલું મોટું નક્ષત્ર રેતીના કણ સમાન મનાય છે, ત્યારે તેનું વિશ્વ કેટલું મોટું હશે?'

વળી શશી બોલ્યો:

'દાદા, જો આ નક્ષત્ર સૂરજની બરાબરના છે તો તેમનો પ્રકાશ કેમ દેખાતો નથી? તેમના પ્રકાશમાં ફેર શા માટે છે? સૂરજ તો આગ ઝરતો ગોળો છે અને નક્ષત્રો આલ્હાદદાયી ઠંડા જણાય છે તો એમ શા માટે હશે?

દાદાએ ખુલાસો કરતાં કહ્યું:

'જેમ આપણે ચુલા પાસે જઇએ છીએ ત્યારે ગરમી વધારે લાગે છે અને દૂર હોઇએ ત્યારે લાગતી નથી તેમ આ નક્ષત્રો ઘણા દૂર છે તેથી તેમની ગરમી આપણને જણાતી નથી. એ એટલા દૂરી પર છે કે તેનું માપ કાઢી શકાય તેમ નથી. કાળભાવથી જ તેમનું માપ કઢાય છે.'

"એક સેકંડમાં પ્રકાશનું કિરણ ૧,૮૬,૦૦૦ માઇલનું અંતર કાપી નાખે છે. એક મિનિટમાં ૧,૮૬,૦૦૦x૬૦ માલઈનું અંતર કાપે છે. સૂરજના પ્રકાશ કિરણો સાત મિનિટમાં પૃથ્વી પર આવી પહોંચે છે."

"સામે દેખાય છે તે છે મૃગ નક્ષત્ર. તેમાં વ્યાઘ્રનક્ષત્ર પણ છે. ત્યાંથી નીકળતા પ્રકાશ કિરણો અહીં સાડા આઠ વરસમાં પહોંચે છે. મૃગ-નક્ષત્રમાં જ બીજો એક લાહિત નામનો નક્ષત્ર છે, જેના કિરણોને અહીં પહોંચતાં ૧૫૫ વરસ લાગી જાય છે. નદીના ઝરણા જેવો આ પ્રકાશ ધોળો હોય છે. તેના તરફ જરા નજર તો નાખો!"

દાદાની વાત પૂરી થતાં જ વળી પાછો રવિએ પ્રશ્ન કર્યો:

'દાદા પેલી આકાશગંગા દેખાય છે તે જ ને?'

દાદા બોલ્યા:

"આકાશગંગાના કેટલાંય એવા નક્ષત્રો છે કે જેમના કિરણોને અહીં પહોંચતાં ત્રણ હજારથી ત્રણ લાખ વર્ષો લાગી જાય છે."

"નક્ષત્રોની સંખ્યા, તેમનો આકાર અને તેમનું અંતર જોતાં તેમને બત્તી અથવા ફૂલ કહેવામાં મૂરખપણું લાગે છે, નહિ દાદા?" શશીએ બુદ્ધિ દોડાવી.

"અરે, ભાઈ, એ તો શેના ઇશ્વરના ઘરના બાગ કે શેના મંદિર! એ તો છે આગના ગોળા. એટલું સારું છે કે તે બહુ દૂર છે. નહિતર આપણે તો કયારનાય બળી ભસ્મ થઇ ગયા હોત." દાદાએ તેમની શંકાનું સમાધાન કર્યું.

આશ્ચર્ય અને ડરના માર્યા બાળકોના ચહેરા જોવા જેવા લાગતા હતા. ધીરુદાદા તો હસતા હસતા આગળ કહેવા લાગ્યા:

'પરમેશ્વર કેવો સારો છે? તે તો કેવળ નક્ષત્રોની શોભા જ આપણને બતાવે છે, અને તેમની ગરમીથી આપણને બચાવે છે. તેમનું શિતળ અને આનંદ આપતું પ્રકાશ આપણે જોઇએ છીએ પેલો સુંદર ચાંદો આકાશની શોભા વધારે છે. જો આ બધું ન હોત તો દુનિયામાં કંઇ મઝા જેવી વસ્તુ જ ન હોત.'

બાળકો બધા આ નવી વાત જાણી બૂબ ખુશ થયા અને શાંતિથી વિખેરાઇ ગયા.

જોશી એન્ડ કંપની

ખાડિલકર રોડ, ગિરગાંવ, મુંબઇ ૪

નકશાઓનાં કારખાનેદાર

શાલોપયોગી નાના અને મોટા નકશાઓ, (નવા સુધારા સાથે) ચિત્રો, તકતાઓ, પૃથ્વીના ગ્લોબ, ભારત, મુંબઇ રાજ્ય, મધ્યપ્રદેશ અને તેના જીલ્લાઓ, હૈદરાબાદ, સૌરાષ્ટ્ર, ગુજરાત પ્રાંત, કચ્છ તેમજ બધા ખંડોના નકશાઓ, સુંદર કાપડ, વાર્નિશ, રૂળપટ્ટીસાથે તૈયાર મળે છે. ભૂમિતિનો સામાન, રોલઅપ બ્લેક બોર્ડ, આઉટલાઇન નકશા, મણકાના ચોખટાં વિ. કેળવણીનું સાહિત્ય મળે છે. ઘરોના પ્લાન્સ, નકશા વગર કાપડે રૂલપટ્ટી લગાડીને મળશે. તેમજ કેલેંડર ચિત્રો વગેરે માટે ટિનપટ્ટી મારવાનું કામ ઘણા વ્યાજબી ભાવથી કરવામાં આવે છે. માહિતી માટે ઉપરના ઠેકાણે લખો.

સ્ટોપેરિન-પાવડર : લોહી ગંળતા હરસમસા, બહાર નીકળતા મસા, તેમજ પીરશર ઉપર વાપરો.

ચોવીસ કલાકમાં લોહી પડતું બંધ થાય છે.

વસંત ઓગ્યુ મિકશ્ચર

મલેરિયા તાવથી વધેલી બરોળ તથા યકૃત ઓછાં થાય છે અને દસ્ત સાફ આવે છે.

લખો:—

વસંત ઓગ્યુમિકશ્ચર

લિમિટેડ.

એમ્પ્રેસ મહાલ, દાદર ટ્રામ નાકા,

મુંબઈ–૧૪.

ફોન :—૪૦૧૬૫, ૧૪૮૧૩

આર્ટી ટોયઝ

ગમાડીયા કોલની, તારદેવ, મુંબઈ–૧

નીચેની ચીજો અમારે ત્યાંથી મળી શકશે :—

- યાંત્રિક રમકડાં
- સંગીતના રમકડાં
- ધક્કા મારવાથી ચાલતાં રમકડાં
- સ્કૂલ ફરનીચર
- નર્સરી ફરનીચર
- બાંધકામના સેટો
- શબ્દ-બાંધવાના બ્લોકો
- ચિત્રો પાડવોના બ્લોકો
- માટીકામના સાધનો
- મૂળાક્ષર અને પશુઓના ચિત્રો
- કિંડરગાર્ડન હાથકામ
- બેડ ફ્રેમ્સ
- ઘરના બેલના સાધનો
- શૈક્ષણિક તેમજ નર્સરીને લગતાં સાધનો.

તાર : રોપ માર્ક

ટેલીફોન : ઓફીસ : ૨૫૫૬૧

એમ. બેસ્ટ કોટન રોપ

મેન્યુફેકચરીંગ કું.

(પ્રો. એમ. જે. થાણાવાલાની કું.)

૪૭-૪૯, ફોર્બસ સ્ટ્રીટ, કોટ,

મુંબઇ ૧.

નીચેની વસ્તુઓ અમારે ત્યાં બને છે:-

- કોટન ડ્રાઇવીંગ રોપ્સ
- કોટન બેન્ડીંગ્સ
- સ્પીન્ડલ ટેપ્સ
- કોપર કન્ડકટર

હીરાનો ચરુ

લેખક :

લાલશંકર વેણીશંકર વ્યાસ

એક નાનું એવું ગામ, તેમાં ત્રણ મિત્રો રહે. એકનું નામ કાન, બીજાનું નામ જ્ઞાન, ત્રીજાનું નામ દાન. ત્રણેય બહાદુર, ત્રણેય ચતુર, ત્રણેય ભેમાળ.

ત્રણે જણ સાથે રહે. સાથે રમે, સાથે જમે; સાથે ફરવા જાય. ત્રણે જણ ભેગા થઇને એક દિવસ વિચાર કરવા લાગ્યા.

'આપણે એક કામ કરીએ.'

કાન કહે–કેવું કામ? જ્ઞાન કહે–કેવું કામ? દાન કહે–કેવું કામ? કાન કહે: મુસાફરી કરીએ. જ્ઞાન કહે: ભણવા જઇએ. દાન કહે: ગામની સેવા કરીએ. કાન કહે–કેવી સેવા? જ્ઞાન કહે–કેવી સેવા?

દાન કહે:—આપણે બધાં સાથે મળીએ. રૂડેરાજ થોડું થોડું કામ કરીએ. અહીથી આપણે સડક બાંધીએ. શહેર સુધી સડક બાંધીએ. ગાડાવાળાને સગવડ થાય. લોકોને સગવડ થાય.'

કાન કહે:—વાત તો સાચી. જ્ઞાન કહે—કામ તો કરવા જેવું. ત્રણે જણાએ નક્કી કર્યું. કોદાળી ને પાવડા ભેગા કર્યાં. ટોપલાં લાવ્યાં. કાંકરાં લાવ્યાં. રસ્તો ખોદે, માટી કાઢે, પાણી પૂરે..... ખૂબ ખૂબ મહેનત કરે..... કામ તો થવા લાગ્યું. સડક ધીમે ધીમે બનવા લાગી. પછી તો ગામના માણસોનો પણ સાથ મળવા લાગ્યો. કામ ધમધોકાર ચાલવા લાગ્યું.

એક દિવસ પરોઢિયાનો સમય છે. ઝાંખો ઝાંખો પ્રકાશ ફૂટતો આવે છે. પંખીઓ માળામાં જાગીને ગીતો ગાઈ રહ્યાં છે. ઠંડો મઝાનો પવન વાય છે. વાતાવરણ દિલ ખુશ કરી દે તેવું છે.

એ વખતે ત્રણે મિત્રો હાથમાં ત્રિકમ, પાવડા લઇને નીકળ્યાં છે. ત્રણેય આનંદમાં છે. સડક હવે પૂરી થવા આવી છે. માણસો સવારમાં શિરામણ કરીને કામે આવે છે. પણ ત્રણે મિત્રો સૌની પહેલાં આવીને કામ શરૂ કરી દે છે.

આજે પણ રોજના નિયમ મુજબ ત્રણે જણે ખોદવું શરૂ કર્યું. થોડુંક ખોદયું હશે, ત્યાં તો ત્રણેયનાં ત્રિકમ એક સાથે એક જગાએ અથડાણા અને ખડીંગ કરતો અવાજ આવ્યો. તેઓએ ફરીથી ઘા કર્યો, ફરી ખડીંગ કરતો અવાજ આવ્યો. ફરી ઘા...ફરી ખડીંગ.

ત્રણે જણ એક બીજાની સામે જોવા લાગ્યાં. ત્રણે જણ સમજી ગયા કે કંઇક છે!

ત્રણે જણ જ્યાંથી અવાજ આવ્યો હતો ત્યાંથી તે જગા ખોદી નાખી. જોયું તો એક મોટો ચરૂ. ત્રણેએ. ચરૂ ઊંચકીને બહાર કાઢયો. પછી ઢાકણું ઉઘાડીને અંદર જોયું તો.....

અધધધ! નકરા સોનાનાં સિક્કા અને

કિંમતી હીરાથી ચરુ ભરેલો હતો. હીરાના પ્રકાશથી ચારે તરફ ઝળહળાટ થઇ ગયો. ત્રણે ખુશ થઈ ગયાં. થાય જ ને! આટલી બધી લક્ષ્મી મળે પછી કોણ ખુશ ન થાય! ત્રણે જણે કામ મૂકયું પડતું ને ચરૂને ઘેર લઈ ગયાં. ચરુને ઘેર મૂકી આવીને વળી પાછા કામે ચઢી ગયાં.

હાકોટા અને પડકારા વચ્ચે ધમધોકાર કામ શરૂ થયું. બીજા માણસો પણ આવી ગયા હતાં.

પરંતુ કાન, જ્ઞાન કે દાન ત્રણેમાંથી એકેયનું ધ્યાન આજે કામમાં ચોટતું ન હતું. ત્રણેને વિચાર થતો હતો—ચરૂ મને મળે તો?

જ્ઞાનને થયું—કાન ને દાન ભાગ માગશે તો?

કાનને થયું—જ્ઞાન ને દાન બધું લઇ જશે તો?

દાનને થયું—બે જણા ઉંધા હાલશે તો?

અને એમને એમ વિચારમાં ને વિચારમાં સાંજ પડી ગઈ. સૌ ઘેર ગયાં. કાન, જ્ઞાન ને દાન પણ ઘેર ગયા..... રાત્રે સૌ ભેગા થયા.

કાન કહે—ચરૂ હું લઉં!

જ્ઞાન કહે—ઉહું...ચરૂ હું લઉં!

દાન કહે—ના..ના....ચરૂ આપણે બધાંય ભાગ પાડીને લઇએ.

કાન કહે—ઉંહું... ના કબૂલ! ના કબૂલ!

જ્ઞાન કહે—શું કરવું!

કાન કહે—શું કરવું!

ત્રણે જણ વિચારમાં પડ્યાં. કોઇને બાઝવું નહોતું. કોઇને કોઇનું દિલ દુભાવવું નહોતું. ત્યારે શું કરવું! ભારે થઈ! આ તો ભારે કરી! બરી મુસ્કેલી! આનો ઉપાય શો? વાત કોને કરવી?

ત્રણે જણ મૂંઝાણા ત્રણેય ભરાણા. ત્રણે સલવાણા. ઉપાય જડતો નથી. આફત ટળતી નથી. ચરૂ મળતો નથી. સમય નકામો જાય છે. મિત્રતા તૂટશે કે શું? ના..... ન તૂટે. મિત્રતા તૂટવી જ ન જોઇએ...ચરૂ જાય તો ભલે જાય...પ્રેમ ન જવો જોઇએ....ત્રણેયને એવાં વિચાર આવ્યાં.....

'ચરૂ પાછો મૂકી આવવો' કાને કહ્યું. જ્ઞાન કહે—હા...હા.. એમ કરો. નકામી શી માથાફોડ! મિત્રતા તૂટે નહિ! પ્રેમ પણ તૂટે નહિ!

દાન કહે—ના ના .... ચરૂ પાછો મૂકાય નહિ; હાથ આવેલી લક્ષ્મી જવા દેવાય નહિ. ખાવું ન હોય તો ઢોળી નખાય નહિ!

ત્યારે શું કરવું?'

કરે શું? ચાલો રાજા પાસે..... આપણે ન્યાય કરાવીએ. ન્યાય મળશે. ચરૂ જશે નહિ.... મિત્રતા તૂટશે નહિ...પ્રેમ તૂટશે નહિ.

કાન કહે—સાચી વાત!

જ્ઞાન કહે—કબૂલ ભાઇ!

દાન કહે—ચાલો ત્યારે!

ત્રણે જણ કચેરીમાં ગયા. દરબાર હેંગડાઠેઠ ભરાણો છે. કવિઓ કવિતા ગાય છે...ચારણો દુહા લલકારે છે. સૌ સાંભળે છે. કોઇ બોલતું નથી. બધે શાંતિ છે.....

સિંહાસન પર રાજા બેઠા છે.

ત્યાં કાન આવ્યો, જ્ઞાન આવ્યો; દાન આવ્યો. ત્રણે જણ આવીને બેસી ગયા. ન કોઇ બોલે કે ન કોઇ ચાલે. થોડી વારે ગાન-તાન પૂરા થયાં. કવિઓને ઇનામ મળ્યા. ચારણોને ઇનામ મળ્યા..... ગરીબોને દાન મળ્યાં

પછી દાન ઉભો થયો—ન્યાય કરો મહારાજ! અમારો ન્યાય કરો!

જ્ઞાન અને કાન પણ ઉભા થયાં. મહારાજને વંદન કર્યાં....અને અમારો પ્રેમ તૂટે નહિ! અમારી મિત્રતા તૂટે નહિ' એમ કહ્યું.

મહારાજ કહે–: સારી વાત....અમે ન્યાય આપીએ. તમારો કજિયો પતાવી દઇએ...તમારી ખ્યાત સંભળાવો. કજિયો શાનો છે? ફરિયાદ શેની છે?

દાન કહે— અમને મહારાજ! ચરૂ મળ્યો.

મહારાજ કહે— સારી વાત! ચરૂ કયાંથી જડ્યો?

જ્ઞાન કહે— અમે સઉ તૈયાર કરીએ છીએ. રોજ કામ કરીએ છીએ. કાલે ખોદતાં ખોદતાં ચરૂ જડ્યો.

મહારાજ કહે— બરૂ! તમે તો ગામનાં સેવક છો. તમે રાજના સેવક છો....તમારી સેવા મોટી છે. બોલો...ચરૂને પહેલો ઘા કોનો અડ્યો?

'ત્રણેનો મહારાજ!'

'સૌથી પહેલો કોણે જોયો!'

'ત્રણેયે મહારાજ!'

'ભારે વાત....આ તો મૂંઝવણની વાત...ત્રણેયે સાથે જોયો, કાઢયો....ચરૂના ત્રણ ભાગ પાડો... ત્રણે સરખે ભાગે વહેંચી લો...

'ના....મહારાજ! ગમે તે એકને આપો.... ત્રણેને નહિ!' મહારાજ વિચારમાં પડયાં—ભારે દાખ....આ છોકરાઓએ ભારે કરી....ગજબ કર્યો.... ત્રણેએ સાથે જોયો....સાથે કાઢયો ...ચરૂ કોને આપવો? કોને ન આપવો?

મહારાજ બોલ્યા— બહુ સારૂ! અમે તમારો કજિયો પતાવીએ. તમારો ચરૂ સાચા માલિકને આપીએ....તમારો ન્યાય કરીએ.

ત્રણે જણ બોલ્યાં—ઘણી ખમ્મા મહારાજ!

મહારાજ કહે—પણ એક શરત!

જ્ઞાન કહે—શરત શી?

કાન કહે—શરત એવી શેની?

દાન કહે—શરત બરત શું?

રાજા કહે—શરત હોય! શરત તમારે માનવી પડે. નહિતર ન્યાય થાય નહિ... નહિતર ચરૂ વહેંચાય નહિ . તમારી મિત્રતા જળવાય નહિ!

કાન કહે—શરત કબૂલ!

જ્ઞાન કહે—કબૂલ કબૂલ!

દાન કહે—શરત કહો!

રાજા કહે—શરત એક.....હું તમને એક એક રૂપિયો આપું. તમે વસ્તુ બરીદી લાવો. તમને ગમે તેવી .. જેની વસ્તુ સૌથી સારી હોય તેને ચરૂ મળે... બીજાને નહિ!

ત્રણે બોલ્યા—ભલે મહારાજ! અમને રૂપિયો આપો . અમે કાલે વસ્તુ લાવીએ.....કાલે અમારો ન્યાય કરો. કાલે અમને ચરૂ સોંપો.'

ત્રણેને એક એક રૂપિયો મળ્યો. ત્રણે ચાલ્યા ગયા. દરબાર પૂરો થયો. સૌ ચાલ્યાં ગયાં.

કાન વિચાર કરવા લાગ્યો—શું લેવું? એક રૂપિયાનું શું લેવું!'

જ્ઞાન મૂંઝાણો—એવું શું લેવું? સરસમાં સરસ! સુંદરમાં સુંદર!

દાનને ઊંઘ ન આવે... શું લેવું ને શું ન લેવું! કાલે દરબારમાં જવું પડશે..... કાલે વસ્તુ બતાવવી પડશે!'

બીજે દિવસ થયો. કચેરી ભરાણી. માણસો આવ્યાં. ભાટ-ચારણો આવ્યા....કવિઓ આવ્યા.... શેઠ આવ્યા ...બ્રાહ્મણ આવ્યા...જાતે , જાતનાં લોકો આવ્યા. સૌને જોવું હતું. જાણવું હતું.. ત્રણે મિત્રો

શું લાવે છે! ચરૂ કોને મળે છે! મહારાજ શું ન્યાય આપે છે!

એટલામાં કાન આવ્યો, જ્ઞાન આવ્યો....દાન આવ્યો. ત્રણે જણ જોડાજોડ બેસી ગયાં.

નાચગાન પૂરાં થયાં....રાજાએ ત્રણે સામુ જોયું.....બધાંય માણસો ઊંચા નીચા થાવ રાજા જોઈ રહ્યાં ...પુસ્તકોનો અર્થ શું? પુસ્તકોના મૂલ શું?



લાગ્યા.

સૌથી પહેલો કાન ઉભો થયો. રાજા બોલ્યા— શું લાવ્યા? એક રૂપિયાનું શું લાવ્યા? બતાવો ચાલો....

કાને તલવાર કાઢીને રાજાને ચરણે મૂકી .. મહારાજ કહે— 'એનો અર્થ શું! અમને સમજાવો....અમને એનું કારણ આપો.'

કાન કહે— 'તલવાર એટલે શક્તિ. શક્તિ વિનાનો માણસ નકામો. શક્તિ વિનાનો માણસ જીવતાં મડદાં જેવો. એ કાંઈ કરી શકે નહિ....એને સૌ ડરાવે....એને સૌ પજવે....એ સૌનો ગુલામ! તલવાર હોય તો માલિક થવાય....શિકાર કરાય....દેશ જિતાય....વીર બનાય....દેશના તારણહાર થવાય. તલવાર એટલે શક્તિ....તલવાર એટલે પુરુષનું પાણી....તલવાર એટલે દેશનું રક્ષણ!'

રાજા કહે— બહુ સારૂ! બહુ સારૂ! જ્ઞાનભાઇ તમે શું લાવ્યા? ચાલો બતાવો....તમારી વસ્તુનું કારણ આપો.'

જ્ઞાન ઉભો થયો. તેણે મહારાજના પગ આગળ થોડાં પુસ્તકો મૂકયાં. કચેરી જોઈ રહી....

રાજા કહે— પુસ્તક કેમ લાવ્યા? પુસ્તક લાવવાનું કારણ શું?

જ્ઞાન કહે— 'પુસ્તક એટલે જ્ઞાન જ્ઞાન એટલે વિનય. વિનય વિનાની શક્તિ નકામી. વિનય વિનાનું જીવન નકામુ. વિનય વિનાનો માણસ પશુ....પુસ્તકથી જ્ઞાન મળે. જ્ઞાનથી ઇશ્વર મળે.. જ્ઞાનથી બુદ્ધિ મળે. બુદ્ધિ બળ આગળ તલવાર બળ નકામું.... કળ આગળ બળ પાણી ભરે .. વિનય આગળ જોર ઢીલું પડે ...'

રાજા બોલ્યા:– વાહ વાહ! સુંદર! બરોબર સુંદર! તમારી વાત સાચી. તમારી આંકેલી કિંમત સાચી....તમારી વસ્તુ પણ સુંદર .. તલવાર કરતાં પણ સુંદર!'.

કાન ઝાંખો પડયો–ચરુ મને નહિ મળે! જ્ઞાનને

ચરુ મળશે ! જ્ઞાન ચરુ ખાટી જશે. હું રહી ગયેા! હું હારી ગયેા !'

માણસેા ખુશ થયાં વાહ વાહ ! વાહ વાહ ! ભારે થઇ ! ખરી જામી ! એક એકથી સુંદર ! એક એકથી ચડિયાતી ! ખરી રસાકસી થઈ ! જોઇએ હવે....ચરુ કેાને મળે છે ! લક્ષ્મી કેાને વરે છે !

સૌએ ચૂપ, કચેરી શાંત. ટાંકણી પડે તેાય અવાજ સંભળાય નહિ. કેાઇ હલે નહિ. કેાઈ ચાલે નહિ. સૌ જાણે ચિતરામણનાં પૂતળાં. આવું તેા કદિ બન્યું નથી. તેા કદિયે ન બને ! કેાણ જીતશે ! કેાણ હારશે ! મહારાજ શેા ન્યાય આપશે !

ત્યાં મહારાજ બેાલ્યાં–દાનભાઈ ! હવે તમે આવેા....તમારી વસ્તુ હવે બતાવેા. તમે શું લાવ્યા છેા ! ચાલેા જલદી, ઉતાવળ કરેા. વસ્તુ બતાવેા ને ચરુ મેળવેા.

દાન ઉભેા થયેા. એની પાસે કાંઈ નથી. બેનાં હાથ ખાલી છે. એનું મેાં પડી ગયું છે

રાજા બેાલ્યા—શું છે ?'

માણસેા વિચારે—શું છે ?

આમ કેમ ? દાન કેમ કંઈ લાવ્યેા નથી ? રુપિયેા કયાં ગયેા ? હવે શું થશે ? ચરૂ કેાને મળશે ? દાન કેમ કાંઇ બેાલતેા નથી ! આ શું ! નવી નવાઈ !

રાજા પૂછે—શું છે ? વસ્તુ કયાં છે ? કેમ બેાલતાં નથી ?'

દાન બેાલ્યેા—વસ્તુ લાવ્યેા નથી !'

રાજા પૂછે—રુપિયેા કયાં ગયેા !'

દાન કહે—વપરાઈ ગયેા !'

રાજા બેાલ્યેા—કેમ વાપર્યો ! કયાં વાપર્યો !

— આચરવા જેવું —

પૂછજો ગુણ, ના રુપ, પૂછજો શીલ, ના કુળ,
પૂછજો સિદ્ધિ, ના વિદ્યા, પૂછજો ત્યાગ, ના ધન

દાન બેાલ્યેા—કહું છું મહારાજ ! વાત સાવ સાદી છે. એમાં કાંઇ દમ નથી. છતાં સાંભળેા મહારાજ !—

રુપિયેા લઇને હું વસ્તુ લેવા જતેા હતેા. રસ્તામાં મને એક બેડૂત મળ્યેા. તેના દિકરેા બિમાર હતેા. બચવાની આશા નહેાતી. ડેાકટરે કહ્યું. દવા લાવ...દવા લાવ. તેા છેાકરેા બચે.. ... નહિતર મરી જશે ! બેડૂત શું કરે !

છેાકરેા મરતેા હતેા. રૂપિયા બાતર મરતેા હતેા. તેની પાસે રૂપિયેા ન હતેા. તે રેાવા લાગ્યેા. મેં તેને પૂછયું— 'શું છે ભાઇ! કેમ રડે છે!' બેડૂતે બધી વાત કરી. મને થયું, ચરૂ ન મળે તેા કાંઇ નહિ ... છેાકરાનું જીવન તેા બચશે. મેં તે રૂપિયેા બેડૂતને આપ્યેા.

બેડૂત દવા લાવ્યેા છેાકરેા બચી ગયેા. બેડૂત રાજી થયેા' રાજા બેાલ્યા: 'શાબાશ ! તે ચરૂની પરવા ન કરી. તેં તારા સ્વાર્થની પરવા ન કરી. તેં વસ્તુ ન બરીદી પણ એક રૂપિયામાં પ્રાણ બરીદયેા ! છેાકરાને તેં જીવન આપ્યું. બેડૂતને તેં આનંદ આપ્યેા. શકિત મેાટી, જ્ઞાન મેાટું પણ સેવા સૌથી મેાટી તું ચરૂનેા વિજેતા છે.. ચરૂ લઈ જા. તારેા ચરૂ. તું ચરૂનેા માલિક !'

કાન ખુશ, જ્ઞાન ખુશ, દાન ખુશ. કાન કહે— સાચેા ન્યાય !' જ્ઞાન કહે— સાચેા ન્યાય !'

દરબાર આખેા ખુશ થઈ ગયેા.. વાહ રે વાહ ! વાહરે વાહ ! મહારાજાએ કમાલ કરી ! બરેબર ન્યાય આપ્યેા બરેબરી બુધ્ધિ ચલાવી . ધન્યવાદ ! મહારાજને ધન્યવાદ ! દાનને ધન્યવાદ !

કલમ ને કાગળ લડી પડયાં.....

શ્રી. નરેન ભટ્ટ
શ્રી. મધુ કોઠારી



કલમને કાગળ ભારે દોસ્ત,
સાથે ફરતાં રોજ ને રોજ,
કલમ કાગળ પર ચીતરે જાય,
કાગળનો તો રોફ ના માય,
કાગળ કહે: ઓ કલમડી,
વટ મારો ને તારી ના દમડી.



કલમ બીરાજી ખડિયા માંય,
કાગળ સામે ખડિયો જાય
કાગળ તો ભારે મગરૂર,
રોફ તણાં ના માયે પૂર,
'કેમ કલમડી ? ખડિયા કેમ?
આખ્યા ગામમાં ભટકો કેમ ?'



કલમને તો લાગે 'માઠું',
દુઃખથી દુખવા માંડયું માથું,
ખડિયા ભાઇ ત્યાં પહોંચી જાય,
બંને વચ્ચે વાતો થાય,
ખડિયો કહે: 'તું ડર ના જરા,
માર ને ચેકો બેઠો શું ભલા'



કલમ તણો ત્યાં પિત્તો ભાઈ,
ઉછળ્યો જાણે બોંબ જ જાય,
'બેસ કાગળડી તું બકવાટ,
કરતી નાહક ખૂબ કકળાટ,
આમ કહીને ઉછળી એજ,
ચોકડી મૂકી મોટી છેક.

કલમ હસે ને કાગળ રડે,
એને માથે દુઃખજ પડે,
હવે ના પડતો એનો શેક,
વટ પડતો ના એનો શોક,
ખૂણે બેસી રડતો જાય.
બહાર ન ડગલું એકે જાય.



કલમ કહેઃ 'ઓ ખડિયા ભાઇ,
કાગળ રડે એ ખોટું થાય',
ખડિયો કલમ તો ચાલ્યાં જાય,
કાગળ બેઠેલો જ જણાય,
ખડિયો કહેઃ ના મોટું કોઇ,
બંને સરખા નાચો હોય !'

~~~ કસી જુઓ ~~~

એ ગોળ ટપકાંવાળી લીટી નીચે છે
અને
એ ત્રિકોણ ટપકાંવાળી લીટી ઉપર છે
બન્નેમાંથી
લાંબી લીટી કઇ છે?
જરા બુદ્ધિ કસજો મારાં દોસ્તો !



જવાબ આવતા અંકે.

તમારા જવાબો નીચેના સરનામે મોકલજોઃ

બાલ વિભાગ, કેસરબાગ; વડોદરા રેસીડેન્સી



રોકેટમાં મુસાફરી

એક દિવસ નાનુને જરા તાવ આવેલો, એટલે એ શાળાએ ગએલો નહિ. પથારીમાં સુતાં સુતાં એને ગમતું નહિ. એટલામાં નાનાં માશી એની ખબર પૂછવાં આવ્યાં. સાથે એને માટે 'ગગન-ગોખ' નામની ચોપડી લાવ્યાં. એ પુસ્તકમાં આકાશના તારાઓનાં ચિત્રો ને વર્ણનો હતાં.....વાંચતાં વાંચતાં નાનુની આંખ દુઃખી ને નાનુ વિચારે ચડયો. એને થયું કે એક રોકેટ મળી જાય તો ગગનમાં ઊડવાની કેવી મઝા. એમ વિચારતો વિચારતો એ બગાસે ચડયો ને થોડી વારે એની આંખો મીંચાઈ.

આંખો મીંચાતાં જ નાનુ તો સપનાની દુનિયામાં પહોંચી ગયો. 'અહાહા....નાનુને તો મઝા પડી ગઇ. એક મોટા કારખાનામાં રોકેટ બનાવવાની તૈયારી ચાલતી હતી. રોકેટ એટલે હવાઈ નાનું સરખું વિમાન. એમાં જાત જાતનાં સાધનો. આકાશની છબીઓ પાડવાના કેમેરા, દૂરદૂર સુધી જોઇ શકાય એવાં દુરબીનો. હજારો માઇલ ઉપર આકાશમાંથી પૃથ્વીના મિત્રો સાથે વાતો કરવા વાયરલેસ હતો. કોઇ એની સામે નજર પણ નહોતું નાખતું. બધાં કામમાં ખૂબ મશગુલ હતાં. નાનુને વિચાર આવ્યો કે આ આટલા બધા માણસો આ હવામાં ઊંચે ઊંચે ને ખૂબ ઊંચે જવાનું હવાઈ વિમાન કેમ બનાવતા હશે. ત્યાં તો પાસેથી એક દાઢીવાળા ડોસા જતા હતા. એમના હાથમાં મોટી મોટી પાંચ છ ચોપડીઓ હતી. એમની આંખને જાડા ચશ્મા હતાં. વાંચી વાંચીને જ બુઢ્ઢાને ચશ્મા આવી ગયા હશે, પણ એમનો ચહેરો બહુ માયાળુ ને ભલો લાગતો હતો.

નાનુએ કહ્યું: 'કાકા .' પણ કાકા તો એમની ધુનમાં જ કંઇ ગણગણતા ગણગણતા આગળ ચાલ્યા. નાનુએ ફરીથી જરા જોરથી બૂમ પાડી. 'કાકા ઓ કાકા...' ડોસાજી અટકયા. નાનુ એમની પાસે ગયો

'નમસ્તેકાકા'

સૂર્યની જવાળાઓ ૧૩૫૦૦૦ માઇલ સુધી ઊંચી ઉડે છે.'

ડોસા બોલ્યા

ડોસાજી તો ધૂનમાં ને ધૂનમાં જ. નાનુએ કાકાને જરા હલાવ્યા ને કહ્યું;

'નમસ્તે કાકા'

ડોસાનું ધ્યાન



નાનુ તરફ ખેંચાયું.

'કેમ, અલ્યા છોકરા, તુ અહીં કેમ આવ્યો છો?'

'લો, મઝા કરવા... તમે આ શું બાંધો છો?!

'રોકેટ' ડોસા બોલ્યા ને પાછા ગણુગણવા માંડ્યા, 'સૂર્યની જવાળાઓ...' ડોસાને નાનુએ પાછા હલાવ્યા ને કહ્યું, 'રોકેટ બનાવીને શું કરશો?'

'રોકેટ હવામાં ફટફટ ઉડશે ને એક કલાકની ૨૫૦૦૦ માઇલની ઝડપે ઉડશે. અરે! એક દિવસમાં તો ચંદ્રમા પર પહોંચી જવાશે. દિકરા.'

નાનુએ જરા ટીખળ કર્યું, 'કાકા તમે અણીણ બણીણ બાવ છો કે? ઊંઘમાં ચાલો છો કે શું? તમે આખો દિવસ સપનામાં તો નથી રહેતાને....'

ડોસાનો પિત્તો ગયો. બોલ્યો;

'અલ્યા, આજકાલના છોકરા મારા જેવા પંડિતની વાત બોટી માને છે. ચાલ તું પણ મારી સાથે રોકેટમાં.'

ડોશા તો નાનુની કાનપટ્ટી પકડીને એને ખેંચી ગયા રોકેટ પાસે. પાસે જ દરજી બાસ કપડાં સીવતો હતો. નાનુનાં પણ સીવડાવી દીધાં. નાનુને થયું કે આ પણ ઠીક ગમ્મત છે.

જોતજોતામાં તો રોકેટ તૈયાર થઇ ગયું. હલકી ફૂલ જેવી ધાતુનું. જાણે મોટી હવાઇ. અંદર જાત જાતનાં યંત્રો. નાનું પુસ્તકાલય. સુવાની પથારીઓ. પથારીઓ ઉપર બાંધવાના પટા.

રોકેટના ઉડવાની તૈયારી થઇ.. .. બધું શાંત થઇ ગયું... બરાબર રોકેટ તપાસી લેવાયું ....., રોકેટના સાહસિકો આવીને બેસી ગયા....સાથે નાનુ પણ ગોઠવાઇ ગયો. સૌના આગેવાન પેલા વિદ્વાન ડોશા. પછી એક બગોળશાસ્ત્રી, એક ઇજનેર, એક છબીકાર સ્ત્રી, બે ભૂસ્તરશાસ્ત્રીઓ ને નાનુ.... આટલા ટોળીના સભ્યો.. .. ઉપડવાનો વખત બિલકુલ પાસે આવી ગયો..પાંચ મિનિટ. ચાર મિનિટ .. .. ત્રણ મિનિટ.. .. બે મિનિટ.. . એક મિનિટ .. .. ચાળીસ સેકન્ડ... .. વીસ સેકન્ડ . .. ઓગણીશ—અઢાર—બાર — અગિયાર—પાચ — ચાર—બે—એકને ધનનન.. . કરતીક ને હવાઇ ફૂટી.. .. રોકેટ સનનન. . કરતુંક ને સીધું આકાશમાં ક્યાં ને ક્યાંય પહોંચી ગયું.

જેમ જેમ રોકેટ ઉપર જતુ ગયું તેમ તેમ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ ઓછું થતું ગયું. નાનુને તો એમ લાગ્યું કે એનું વજન એક નાની ચોપડી જેટલું છે. દરેક વસ્તુ બરાબર પકડવી પડે; નહિ તો હાથમાંથી ઉડી જાય. રોકેટ સાથે પગ બરાબર ચપોચપ બેસે માટે બધાંએ લોહચુંબકવાળા બૂટ પહેરેલા .. તળે ચાલવાને પાતળી ને મજબૂત પોલાદની પટીઓ. ... નાનુને તો ડોશાજીએ એક સરસ બારી પાસે બેસાડી દીધો. એક નાનકડું પણ બહુ પાણીદાર દુરબીન પણ આપ્યું. સાથે એક સમજ પડે એવી ચોપડી પણ આપી, નાનુ તો નવા નવા ગ્રહો આવે તે જોતો જાય ને ચોપડીમાંથી માહિતી મેળવતો જાય.



દૂરથી ચંદ્રમા દેખાયો ..દૂરબીનમાંથી તો સાવ પાસે હોય એવો જ. લાખો વર્ષો પૂર્વે પૃથ્વી અત્યાર કરતાં ચારગણા જોરથી ચક્કર ફરતી હતી, ત્યારે એનો એક ટુકડો છૂટો પડી ગયો તે ચંદ્રમા .. આકાશમાં જરૂર એ ઠંડો પડયો. પણ ત્યાં હવા નથી....પાણી નથી ને અવાજ પણ નથી. જીવજંતુ કે માણસ તો હોય જ કયાંથી? ઉપર મોટા મોટા પહાડ, એમના કાળા કાળા પડછાયા. બીજો ને સૂકાઇ ગએલી નદીઓનાં કોતરાં. દૂરથી આ બધી વસ્તુઓનો આપણને ખ્યાલ પણ ના આવે. જોત-જોતામાં ચંદ્રને મૂકી રોકેટ આગળ વધી ગયું. ત્યાં તો અચાનક સામેથી એક ખૂબ તેજાળો ધૂમકેતુ સનનન કરતોકને આવ્યો. અરે! કયાં નાનકડું રોકેટ ને કયાં આખી પૃથ્વીથી મોટો ધૂમકેતુ ..નાનુ તો ગભરાઇ ગયો. એને તો એકદમ બા યાદ આવી ગઇ ..ને ધડ કરતુંકને રોકેટ ધૂમકેતુને અફળાયું ...

નાનુનું સપનું પૂરું થયું. એ તો રડવા માંડયો, નાની માશી દોડી આવ્યા. નાનુને એમણે ખોળામાં લઇ લીધો. નાનુએ આંખ ખોલી. થોડીવારે એને સમજાયું કે એ તો સપનું હતું.

માશીએ પૂછયું : "શું થયું, નાનુ ?"

નાનુ બોલ્યો, 'કાંઇ નહિ માશી, એ તો જરા મઝા કરી આવ્યો !

નાની—માશીને નાનુની વાતમાં કાંઇ સમ-જણ ન પડી.

—શ્રી. હીરજી જોષી

કીમિયો

આ વસ્તુઓનો ઢગલો છે. એમાંથી કઇ કઇ વસ્તુઓ કાગળની, કાચની, લાકડાની અને ધાતુની બનેલી છે એ શોધી કાઢો ને બાનામાં એનાં નામ લખો. તમારી પાસે ઘડીઆળ હોય તો બે મિનિટમાં કેટલી લખી શકો છો તે જોજો. એ ત્રણ ભાઇ બહેન હો તો કોણ જલ્દી પૂરું કરી શકે છે તે જોજો.

લેબલ્સ (LABLES)

સીથેા તથા ગોલ્ડન એસ્બોઝ

એન. એમ. પારેખની કું.

લેબલવાળા

: ફેકટરી :

પારેખ ચેમ્બર્સ, કિંગ્સ–સર્કલ, માટુંગા, મુંબઇ—૧૯

: બ્રાંચ :

પારેખવાડી, મોગલ ક્રોસ લેઇન, માહીમ, મું.–૧૬
પ્રિન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ બિલ્ડિંગ, મું–૨

ટેલીફોન : માટુંગા ૬૦૪૭૭ માહીમ ૬૨૧૮૮ પ્રિ.સ્ટ્રીટ ૨૭૮૮૯

ગ્રામ્સ: 'LABLES', Matunga, Bombay.

બુદ્ધિશાળી રોહિતા

એક ગામમાં એક શેઠનું સુખી કુટુંબ વસતું હતું શેઠ પૈસે ટકે સુખી હતાં. દિકરા દીકરીઓથી ઘર ભર્યું ભાદર્યું લાગતું. કોઈ વાતની કમીના ન હતી. તે શેઠ ને એક એકથી ચઢે તેવા સુંદર ચાર પુત્રો હતાં. બુદ્ધિ અને બળમાં એમની જોડ મળવી મુશ્કેલ શેઠે તો એમને ખૂબ ભણાવ્યાં, ગણાવ્યાં અને લાલન પાલનથી મોટાં કર્યા યોગ્ય વયે ચારેય પુત્રોનાં કુળવાન કન્યાઓની સાથે લગ્ન કર્યા. પુત્ર અને પુત્રવધૂઓનાં સુખથી શેઠનું હૃદય બહુ હર્ષ પામતું પરંતુ શેઠને હમેશા મનમાં એક વિચાર થયા કરતો કે મારી પછવાડે ઘરની આબરૂને સાચવનાર અને વધારનાર આ ચાર પુત્રવધૂમાંઓ કોણ યોગ્ય છે ?

શેઠ તો ઉમર લાયક થયા. શરીરની શક્તિ પણ ઓછી થવા લાગી. કામકાજ પણ ઓછું થવા લાગ્યુ એટલે શેઠને પેલો પ્રશ્ન વધુ મુંઝવવા લાગ્યો. અંતે શેઠે ખૂબ વિચાર કરી એક દિવસ આખા કુટુંબને ભેગું કરી ચારે પુત્ર-વધૂઓને પોતાની સામે બોલાવી તે ચાર પુત્રવધૂઓનાં નામ આ પ્રમાણે હતાં: ઉજ્જિતા, ભક્ષિતા, રક્ષિતા અને રોહિતા.

શેઠે સર્વ પ્રથમ સહુથી મોટી ઉજ્જિતાને બોલાવી કહ્યું. 'બેટા-આ ચોખાના પાંચ દાણા આપું છું. તે લો અને પાછા જ્યારે માગું ત્યારે આપજો. ઉજ્જિતા એ એ ચોખાના દાણા તો લીધા, પણ શેઠની આવી ક્ષુદ્ર માગણી અને વાત પ્રત્યે એને હસવું આવ્યું. એણે એ દાણાને છાનામાના ફેંકી દીધા. "આપણા ઘરમાં ચોખાનો કયાં તૂટો છે. ભંડાર ભર્યા છે. પાંચ દાણામાં શુ ? ગમે ત્યારે લાવી આપીશ." એમ તેણે મનમાં વિચાર કર્યો. .

પછી બીજી-ભક્ષિતાને બોલાવી તેણીને પણ ચોખાના પાંચ દાણા આપી પહેલાંની જેમ કહ્યું, કે જ્યારે પાછા માગું ત્યારે આપજો. બીજીએ પણ તેવોજ વિચાર કર્યો. કે આપણે ત્યાં ઘણાં કોઠાર ચોખાના છે, તો પાંચ દાણા લાવતાં શી વાર? એવો વિચાર કરી નાખી દેવાને બદલે મોઢામાં નાખી ને તે ચાવી ગઈ.

હવે ત્રીજી રક્ષિતાનો વારો આવ્યો. તેને પણ શેઠે પાંચ દાણા આપ્યા, અને પાછા માગું ત્યારે આપવાનું સૂચવ્યું.

તેણે દાણા લઇ વિચાર કર્યો કે મારા સસરા ગાંડા થઈ ગયા નથી, કે ચોખાના પાંચ દાણા જેવી તુચ્છ વસ્તુ માટે પાછી માગવાની વાત કરે, પણ આમાં કંઇક રહસ્ય હોવું જોઇએ એ દાણાને એણે એક નાની પણ સારી ચાંદીની ડબ્બીમાં કપડાથી વીંટાળી સુરક્ષિત મૂકયા, અને હમેશ તેની સાર સંભાળ લઇ સાચવવા લાગી.

છેલ્લે સૌથી નાની પુત્રવધૂ રોહિતાને બોલાવી તેને પણ શેઠે ચોખાના પાંચ દાણા આપ્યા, અને માગું ત્યારે આપવા કહ્યું. રોહિતાએ રક્ષિતાની જેમ શેઠની વાત ઉપર વિચાર કર્યો, અને તેને સમજાયું કે આમાં જરુર કંઈ રહસ્ય છે. તેણે તે પાંચ દાણાને પોતાના પિયર મોકલાવી દીધા અને કહેવરાવ્યું કે એ પાંચે દાણાને તમે આપણા ખેતરમાં વાવજો. તે પાંચ દાણાની એક જુદી કયારી બનાવી સારું ખાતર નખાવી તેમાં વવરાવ્યા. વરસાદ સારો થવાથી તે પાંચે દાણા ઉગી નીકળ્યા. અને તે પાંચમાંથી પાંચસો દાણા થયાં. બીજે વરસે તે પાંચસો દાણા વવરાવ્યા. તે વરસે પણ સારો પાક થયો અને તેમાંથી પાંચ મણ જેટલા દાણા થયા. ત્રીજે વરસે ફરી જેટલા થયાં હતા તે બધાં વવરાવી દીધા, તેમાંથી સેંકડો મણ ઉપજ આવી. આમ સારા વરસાદ અને સારા ખાતરથી અપરંપાર પાકો થયાં. માપ્યા મપાય નહિ, તેટલાં ચોખા થયા. રોહિતાને તેના માબાપે ખબર આપી. રોહિતાએ કહેવરાવ્યુ કે હમણાં તે બધાં ચોખા આપણા કોઠારમાં ભરાવી રાખજો, અને હું જ્યારે મંગાવું ત્યારે મોકલજો.

પાંચ વર્ષ પૂરાં થયાં પછી શેઠે ફરી આખા

કુટુંબને લેણું કર્યું. ચારે પુત્રવધૂઓને બોલાવી બધાની સામે સૌથી મોટી ઉજ્જિતાને પૂછ્યું:

'તમને આજથી પાંચ વર્ષ પહેલાં ચોખાના દાણા આપ્યા હતાં તે યાદ છે? તે લાવો.'

ઉજ્જિતાએ કહ્યું—હા. અને ગભરાતી તે એકદમ ઘરમાં દોડી. કોઠારમાં બાકોરું પાડી જલ્દી જલ્દી પાંચ દાણા લઇ આવી અને શેઠને આપ્યા.

શેઠે પૂછ્યું. "આ તેજ દાણા છે કે બીજા"? ઉજ્જિતા વિચારમાં પડી ગઈ; અને પછી બોલી, 'મેં તો એમ સમજી ફેંકી દીધા હતાં કે આપણે ત્યાં ચોખાનો કયાં તૂટો છે. જ્યારે જોઇશે ત્યારે મળશે, આને કયાં સાચવવા એટલે આ કોઠારમાંથી લાવી છું.'-શેઠ આ જવાબથી તેણી ઉપર ખૂબ ગુસ્સે થયા અને બોચાર તિરસ્કાર ભર્યા શબ્દો કહી તેને ઘરનાં બોઠવાડ કાઢવા અને ઠામવાસણ માંજવાનું કામ સોંપ્યું.

પછી ભક્ષિતાને બોલાવી અને પાંચ દાણા માગ્યા. તેણે પણ પોતે કરેલ વિચાર જણાવી બાઇ ગયાનું જણાવ્યું. શેઠ આ સાંભળી તેણી ઉપર પણ ગુસ્સે થયા અને ભલું બૂરું કહી તેને રસોડાનું અને ગાદલા પાથરવાનું કામ સોંપ્યું.

પછી રક્ષિતાને જ્યારે બોલાવી ને ચોખા માગ્યાં ત્યારે તેણી બેકદમ ઘરમાં ગઈ. પોતે સુરક્ષિત રાખેલ ચાંદીની ડબીમાંથી તે દાણા કાઢી શેઠને આપતાં કહ્યું,: 'આ તેજ દાણા છે, તમે જે પાંચ વર્ષ પહેલાં મને આપ્યાં હતાં.' શેઠ આ વાત સાંભળી ખુશ થયાં, અને તેને મહેમાનગીરીનું તથા ઘરની દેખરેખ રાખવાનું કામ સોંપ્યું.

ત્યાર બાદ સૌથી નાની પુત્રવધૂ રોહિતાને બોલાવી, અને આપેલ પાંચ દાણા પાછાં માગ્યાં. રોહિતાએ તેનો જે જવાબ આપ્યો તે સાંભળી શેઠ તથા કુટુંબીજનો સૌ ઘડીભર આશ્ચર્ય પામી ગયાં. રોહિતાએ વંદન કરતાં કહ્યું—'એ પાંચ દાણા હાથે લાવી શકાય. તેમ નથી, તેને લાવવા માટે તો ગાડાં જોઇશે. તમે મારા પિયર પાંચસો ગાડાં મોકલાવો, એટલે તે દાણા આપની સામે હાજર કરું. શેઠ આ સાંભળી હસી

રોહિતાએ વદન કરતાં કહ્યું કે.....

પડયા અને આ શું બોલે છે, તેનાં વિચારમાં જ પડી ગયાં. આ બાજુ રોહિતાએ તરત પાંચસો ગાડાં પોતાને પિયર મોકલાવી એને ભરી મંગાવ્યા. ચોખાથી ભરેલા ગાડા શેઠની ડેલીમાં ખાલી થવા લાગ્યા. ઘડીવારમાં તો આખું ઘર ચોખાથી ભરાઇ ગયું.

શેઠે પૂછયું કે: આ બધું શું?' રોહિતાએ પહેલેથી વાત કહી સંભળાવી કે આજથી પાંચ વર્ષ પહેલાં આપેલા ચોખાના પાંચ દાણાનાં જ આ ચોખા થયાં છે. એ પાંચ દાણા મેં મારા પિયરે મોકલાવી વવરાવ્યા, અને વરસે વરસે જેટલી ઉપજ થઇ તેને ફરી ફરી વવરાવ્યા, તેમાંથી આ ચોખા થયાં છે.

આ સાંભળી શેઠ ગદ્‌ગદ થઈ ગયાં, અને ખૂબ આનંદિત બની થયા. તેને ઘરનો કારભાર સોંપ્યો. રોહિતાએ પણ ખૂબ કુશળતાથી એને સોંપેલું કાર્ય કર્યું.

—સૌભાગ્યચંદ જૈન

અમે પતંગિયા

અમે લાલ ને પીળા પતંગિયા,
અમે ફૂલડે ફૂલડે ફરનારાં,
અમે મધ ચૂસી ચૂસી બાનારાં,
અમે રંગબેરંગી પતંગિયાં.
અમે બાળકોને બહુ ગમનારાં.
અમે બાગ બગીચે ભમનારાં,
જગ બધામાં ફૂલની ફોરમ ફેલાવનારા
અમે રૂડાં રૂપાળાં પતંગિયાં.

—અનસૂયા પંડિત

બકાલો



પ્રદ્યુમ્ન તન્ના

અમારા ગામડે આવ્યો, બકાલી
ટમેટાં લાલ લાલ લાવ્યો, બકાલી
રીંગણાં, કોબી, મૂળા, બકાલી
ડુંગળી, ગાજર, કેળાં, બકાલી
પાકાં પોચૈયાં, બોરાં, બકાલી
મેથી ને મરચાં લીલાં, બકાલી
આદુ ને કોથમી, લીંબુ, બકાલી
લસણ, બટેટાં, કોળું, બકાલી
ગાડું ભરીને આવ્યો, બકાલી
તાજું બકાલું લાવ્યો, બકાલી
સોંઘા છે શાકપાન કે'તો, બકાલી
દાણા ને પૈસા લેતો, બકાલી
નાનાં મોટાં સૌ જોતાં, બકાલી
મનગમતું શાકપાન લેતાં, બકાલી
ભાતું બપોરે ખાતો, બકાલી
વેચી સાંજે ઘેર જતો, બકાલી

—માધવજી મો. પટેલ.

મૂળજીભાઈનો મૂળો

લેખક
જયંતભાઈ ઓઝા

એક હતા મૂળજીભાઇ.

મૂળજીભાઇ વઢવાણના પટેલ કણબી.

મૂળજીભાઇના બાપની મોટી જમીન. બાપે દીકરાને ખેતીવાડીની કૉલેજમાં ભણાવીને ભારે હોશિયાર બનાવ્યો. પણ મૂળજીભાઇ ભણીને આવ્યા ને એના બાપ મરી ગયા. એટલે ખેતીનું કામ મૂળજીભાઇને માથે આવી પડ્યું.

મૂળજીભાઇને વિચાર થયો કે સાદી સીધી ખેતી તો બધા બેવકૂફ કરે પણ હું કંઈક નવું ન કરું તો હું ભણ્યો શા કામનો?

એણે તો ભાઈ, એની વાડીમાં મૂળાનાં બી વાવ્યાં. અને કૂવાનું પાણી પાવા લાગ્યા.

બીમાંથી તો કૂણગા ફૂટ્યા અને થોડા દિવસમાં પાંદડાં હવામાં ડોલવા લાગ્યાં.

મૂળજીભાઈ તો એની મૂછને વળ દેતા જુએ અને મનમાં બોલે:

"કંઈ વાંધો નહીં, પાંદડાં તો ફૂટ્યાં છે!"

આમ દિવસો ઉપર દિવસો જવા લાગ્યા અને મૂળા તો મોટા થવા લાગ્યા.

મૂળજીભાઈ તો પાણી પાયે રાખે.

એમ કરતાં થોડા દિવસ પછી મૂળજીભાઇ જુએ છે તો બધા મૂળામાં એક મૂળો મોટો.'

મૂળજીભાઈ તો એ મોટાને વિશેષ પાણી પાવા લાગ્યા.

પણ થોડા દિવસમાં એક ચમત્કાર થયો: પેલો મોટો તો ઊંચો થતો જાય. જામફળી જેટલો મોટો થઇ ગયો. પણ સાથે જ બીજા નાના મૂળા કરમાવા લાગ્યા.

'આ તો સાલું બહુ વિચિત્ર? હવે શું થશે? મૂળા તો બધા કરમાવા માંડ્યા!'

એ એમનું માથું ખંજવાળતા ઉભા રહ્યાં. એકાએક એમને વિચાર આવ્યો ને એ ચપટી વગાડતા બોલી ઉઠ્યા:

"કંઈ વાંધો નહીં — ભલે કરમાઇ જાતા. પણ આ એક મૂળો બધાનું વાળી દેશે. આ એક મૂળો તો એવો થશે કે ન થીયો ન થાશે!"

અને એમણે બધું ય પાણી એ એક જ મૂળાને પાવા માંડ્યું.

થોડા જ દિવસોમાં બીજા મૂળાઓ સૂકાઇ ગયા. પણ પેલો મોટો મૂળો તો જેટલો રાતે ન વધે એટલો



પ્રદ્યુમ્ન તન્ના

દિવસે વધે અને જેટલો દિવસે ન વધે એટલો રાતે વધે.

આમ કરતાં કરતાં એ મૂળો તો મોટા બધા લીંમડા જેવડો થઈ ગયો અને એનાં ઘેઘુંર પાંદડાં હવામાં ડોલીને ખૂબ અવાજ કરવા લાગ્યાં.

એક સવારે મૂળજીભાઇ પાણી પાવા આવ્યા અને જુએ છે તો કૂવામાંથી બધું જ પાણી બલાસ! તળિયે કાંકરા ઊડે!

મૂળજીભાઇ તો વિમાસણામાં પડી ગયા.

'આ એક રાતમાં શો ચમત્કાર થયો?'

એ તો મુંઝાઈ ગયા: 'હવે શું કરવું? પેલા મૂળાને પાણી ક્યાંથી પાવું? વળી હવે તો આ મૂળો મોટા વડ જેવડો થઇ ગયો હતો. એને પાણી પણ બૂબ જોઇએ."

બિચારા મૂળજીભાઈ આખો દિવસ એ એકજ મૂળાને પાણી પાતા હતા. પણ હવે પાણી ક્યાંથી કાઢવું?

દુનિયામાં કદિ ન બનેલો એવો ચમત્કાર મૂળજીભાઇએ કરી બતાવેલો હતો. એ મૂળો જોવા ગામ ગામના લોકો આવતા હતા. અને આ ચમત્કારક મૂળો જોઇને આશ્ચર્ય પામતા હતા. મૂળજીભાઇની દશે દિશામાં કીર્તિ ગવાતી હતી.

પણ આ એકાએક કૂવાનું પાણી બલાસ થઇ ગયું; હવે શું થશે? હવે મૂળો કરમાઈ જશે અને થોડા જ દિવસોમાં બધા મૂળજીભાઇને ભૂલી જશે–આ તે કેમ સહન થાય?

મૂળજીભાઇ આજુબાજુની વાડીમાં ગયા અને પાડોશીઓને એમના કૂવા ભાડેથી આપવા કહ્યું. પોતે એ પાણી માટે માગ્યા મૂલ આપવા તૈયાર હતા. બાપાની બધી મિલ્કત આપીને પણ એ પાણી ખરીદવા માગતા હતા. પાણી ન મળે તો એમનાં કીર્તિના કોટ પડી જાય.

પણ પડોશીઓ પાણી ક્યાંથી આપે? એક તો એમને પાણી જોઇએ, અને એમાં આ વખતે એમના કૂવામાં પાણી પણ બહુ નીચાં ગયેલાં.

મૂળજીભાઇ નિરાશ થઇ મૂળા નીચે બેઠા રહ્યા. હવે એમના હાથમાં કોઈ ઉપાય ન રહ્યો. એ દુઃખી મને એ વડલા જેવડા મૂળા સામે જોઇ રહ્યાં.

આમ જ બેચાર દિવસ ગયા. પણ મૂળજીભાઇએ જોયું કે મૂળો તો વધતો જ જાય છે! જરાકે કરમાતો નથી કે પીળો પડતો નથી.

પણ ત્યાં એકાએક આજુબાજુના પટેલો બૂમ પાડી ઉઠ્યા; એમના કૂવાઓ પણ બાલીબમ થઈ ગયા હતા.

મૂળજીભાઈ એકદમ બધું સમજી ગયા. એ મનમાં બોલ્યા:

'અરાબર, એ બધા આ રાક્ષસી મૂળાના જ કામા! સારૂં થયું મેં પાણી વેચાતું ન લીધું!

અને બરેબર એ મૂળો તો રાક્ષસી જ હતો! એ તો એવો ઊંચો વધતો ચાલ્યો કે વડલા તો એની સામે છોડવા લાગે! બાસ્સો જાણે મોટો ડુંગરો જોઈ લ્યો!

આ અજાયબ મૂળાની વાત તો ગામ છોડીને પ્રાંતમાં ને પ્રાંત છોડીને દેશભરમાં ને દેશ છોડીને પરદેશમાં પહોંચી! છાપાંઓ તો એના ઉપર મોટી મોટી બબરો છાપવા લાગ્યાં.

હવે મૂળજીભાઇની કીર્તિ સારી દુનિયામાં ફેલાઇ ગઇ.

મૂળજીભાઇને હવે કમાણી પણ બૂબ થવા લાગી. મૂળજીભાઇએ તો મૂળાની આસપાસ મોટી વાડ કરીને એ જોવા આવનાર માટે ટિકીટ રાખી!

દેશપરદેશથી લોકો જોવા આવવા લાગ્યા. અને વઢવાણ જંકશન તો લોકોની ભીડથી ઉભરાઈ ચાલ્યું. ચારેબાજુથી મૂળા સ્પેશ્યલો આવવા લાગી. પરદેશથી ખાસ સ્ટીમરો આવવા લાગી. અને મૂળજીભાઇની વાડી ઉપર દેશપરદેશના વિમાન ઉડવા લાગ્યા.

વઢવાણ ગામની તો સુરત જ બદલાઈ ગઇ. જ્યાં જુઓ ત્યાં હોટલો ને વીશીઓ ચાલુ થઇ છે! મોટો મેળો લાગી પડયો! ગાડી મોટરનો કોઈ પાર નથી.

સારા વઢવાણ ઉપર પેલા રાક્ષસી મૂળાની છાપ પડે! ગામમાં ધોળે દિએ અંધારું રહે!

આમ મૂળજીભાઈના મૂળાએ તો દુનિયા આખીનું ધ્યાન ખેંચી લીધું. લોકો મૂળજીભાઇના મૂળા સિવાય કંઇ વાત કરતા નથી! લોકો ને મૂળજીભાઇના મૂળા સિવાય બીજી વાતો જ ગમતી નથી.

આ દિવસો જતા જાય છે. અને એ રાક્ષસી મૂળો વિશેષ ને વિશેષ વધતો જાય છે– વધતો જ જાય છે!

આમ ઉનાળો આવી પહોંચ્યો. મૂળજીભાઇને તો મોટી ટંકશાળ પડે છે. અને મૂળજીભાઇ તો હવે કયાંય ફૂલ્યા સમાતા નથી.

પણ એક દિવસ મૂળજીભાઈ કૂરબીનમાંથી મૂળાનું નિરીક્ષણ કરતા હતા ત્યારે એમણે મૂળાના એક પાનની કિનાર જરા પીળી પડતી જોઈ.

ખેતીકુશળ મૂળજીભાઇ સમજી ગયા કે હવે મૂળાનો વિકાસ પૂરો થયો છે અને હવે એને ખોદી કાઢવો જોઇશે.

એમણે તે જ દિવસે છાપાંવાળાઓ પાસે જાહેર કર્યું કે હવે મૂળા–ખનન વિધિ નજીક છે.

બધાં છાપાંઓ આ સનસનાટી ભરેલાં ખબરોથી ચમકી ઉઠયા અને ફરી દેશપરદેશમાં ખળભળ મચી ગઇ.

મૂળજી ૧૪ તે જ રાત્રે વિમાનમાં દિલ્હી ઉપડી ગયા–અને ત્યાં ખેતી પ્રધાનને મૂળા–ખનન વિધિ માટે આમ ત્રણ આપી આવ્યા.

એક અઠવાડિયામાં મૂળા ખનન વિધિ થવાની હતી. મૂળજીભાઇને માથે માથું નહોતું.



મોટો સભામંડપ તૈયાર કરવામાં આવ્યો. મોટાં મોટાં લાઉડસ્પીકર ગોઠવવામાં આવ્યાં. સભાપતિ માટે સુંદર બેઠક તૈયાર કરવામાં આવી.

બધાં છાપાંઓ આ સમાચારોથી ઉભરાઇ ચાલ્યાં અને આખી દુનિયામાંના લોકો આ અસામાન્ય પ્રસંગ માટે આવી પહોંચ્યા.

ફિલ્મ કંપનીઓ કેમેરાઓ લઇને હાજર થઇ ગઇ.

એ સભાનું વર્ણન થાય એમ નથી. એ પ્રસંગને કુંભમેળા સાથે સરખાવી શકાય.

નામદાર ખેતી-પ્રધાને સોનાની કોદાળીથી મૂળા-ખનન વિધિ કર્યો. અને પોતાના સંભાષણમાં મૂળજીભાઇના ભારોભાર વખાણ કરતા કહ્યું :

'જો આપણે હિંદી લોકો આ રીતે મૂળજીભાઇનો દાખલો લઇ વિજ્ઞાનમાં આગળ વધશું તો થોડા જ વખતમાં આપણે દુનિયાને મોખરે પહોંચી જઇશું.

મૂળજીભાઇએ પણ પોતાના ભાષણમાં કહ્યું કે :

'આપણે લોકોએ રેંટિયા, અંબોડાઇએ ચડાવ્યા પછી બીજી કોઇ જ પ્રગતિ કરી નથી. પણ હવે આપણી પાસે તક છે. આપણે આવા મૂળાઓ ઉગાડશું અને આખી દુનિયાનું બજાર કબજે કરશું. અને અને એ રીતે આપણી પૈસાની મુશ્કેલી ટળી જશે. આપણે આખી દુનિયામાં પૈસાદાર પ્રજા બની જઇશું. અને પૈસાની મુશ્કેલી ગઇ પછી તો બસ! કોની દેન છે કે આપણને પહોંચી શકે!'

સારા ભારતમાંથી મૂળા-ખનન માટે સ્વયંસેવકો આવ્યા હતા. મૂળા-ખનન વિધિ એ તો રાષ્ટ્રીય વિધિ બની ગયો હતો.

સ્વયંસેવકોએ એ કામ ઉપાડી લીધું.

એ આખો દિવસ એ કામ ચાલુ રહ્યું.

લોકો અને સભાપતિ મૂળા બનની રાહ જોતા આંખો માંડી બેઠા રહ્યા.

પણ બોદાણ કામ તો જેમ બોદતા ગયા તેમ તેમ વિસ્તારમાં વધતું ગયું. મૂળાનો કાંદો બહારથી તો થોડો દેખાતો હતો. પણ જેમ જેમ બોદવા લાગ્યા તેમ તેમ એ તો પહોળાઇમાં વધતો છેક સભામંડપ નીચે પણ પ્રસરેલો નીકળ્યો.

સભાપતિને ત્યાંથી બસી જવું પડ્યું. સભામંડપ ઉખેડી નાખવો પડ્યો! તંબુઓ બસેડવા પડ્યા અને છતાંય ક્યાંય વિસ્તારનો અંત ન આવ્યો.

સાંજે બધા જ સ્વયંસેવકો થાકીને લોથ થઇ ગયા.

મૂળાનો જેમ જેમ વિસ્તાર વધતો ગયો તેમ તેમ મૂળજીભાઇ પણ ફૂલાવા લાગ્યા. મૂળો બરેબર અદ્‌ભૂત હતો!

મૂળજીભાઇનો ઉત્સાહ કયાંય માતો નહોતો એ તો રાતના સ્વપ્ના જોતા હતા પોતે જગતના બાદશાહ છે એમ એમને લાગતું.

બીજે દિવસે વહેલી સવારે પોતાની મુછો આમળતા મૂળજીભાઇ આવીને સ્વયંસેવકોને ઉઠાડવા ગયા. પણ ત્યાં જુએ છે તો એક ચકલું ય ઉડતું નથી.

મૂળજીભાઇ જ્યારે રાતના સ્વપ્નાં જોતાં હતાં ત્યારે અહીં સ્વયંસેવકો બધાં બીસ્તરા બાંધતા હતાં. રાતોરાત બધા જ લોકો ચાલ્યા ગયા હતા.

મૂળજીભાઇનું કુગાવેલા કુગા જેવું મન કરમાઇને કોચલું થઇ ગયું.

એ નીચે બેસી પડ્યા.

'હવે આ બધો બોદવો કેમ! બોદે કોણ?

પાંચસો સ્વંયસેવકો જે ન કરી શકયા એ કામ બીજુ કોણ કરે?'

એ મૂંઝાઇને બેઠાં રહ્યાં. આખો દિવસ નીકળી ગયો. બિચારા મૂળજીભાઈ હતાશ થઇ ગયા.

સાંજે મૂળજીભાઇના પાડોશીઓ આવ્યા.

'કેમ મૂળજીભાઈ, આજ કેમ સાવ નવરા બેઠા છો.' મૂળજીભાઇ ચિંતાથી બોલી ઉઠયાઃ

'બધા ચાલ્યા ગયા! લોકોને કશી કદર કયાં છે? આવડો મોટો મૂળો મેં ઊગાડયો પણ કોઇને પડી છે? હવે કરવું શું?'

બીજા પાડોશીઓ પણ આવ્યા. એમને મૂળજીભાઇની દયા આવી.

'મૂળજીભાઇ ગભરા માં. ચાલ અમે તનને બોદવા લાગશું.'

મૂળજીભાંઈ રાજી થઇ ગયા.

બીજે દિવસે બોદવાનું ઠર્યું.

મૂળજીભાઇએ રાતમાં વિચાર કર્યો કે હવે શું કરવું? આટલા થોડા માણસોથી કેમ ઝડપથી કામ થશે?'

પણ તેના ફળદ્રુપ ભેજામાં તરત વિચાર ફૂટયો.

અને બીજે જ દિવસથી એ વિચાર અમલમાં મકયોઃ

ેમા પટેલ, આ જમીન બોદવી, પથ્થર ફોડવા એ તો અઘરું કામ છે. પણ જો આપણે મૂળાના કાંદામાં જ બોદકામ કરીએ તો એનો ગર પોચો હોય એટલે તરત કામ થાય.'

બધાને આ વાત ગમી ગઈ.

કાંદાની અંદર જ બોદાણ કામ શરૂ થયું.

હવે તો કામ ખૂબ ઝડપી ચાલ્યું.

એ લોકોએ બધું કામ છોડી દીધું. રાત ને દિવસ લાગી પડયા બોદવા. ખાય પણ કાંદાનો ગર રાતે સૂઇ રહે પણ એ કાંદાની કોટડીમાં જ! પાણી તો પીવું જ ન પડે.

આમ દિવસો પછી દિવસો જવા લાગ્યા. અને એ લોકો તો ઊંડા ને ઊંડા ઉતરતા જ જવા લાગ્યા.

હવે તો એમને ઉપરનું કાંણુ માત્ર સોઇના નાકા જેવડું જ દેખાતું હતું.

એ લોકોનો દુનિયા સાથેનો સંબંધ સાવ કપાઇ ગયો હતો. બહારના લોકો થોડા દિવસ ખબર કાઢવા આવ્યા પણ પછી કંટાળી ગયા. અને પછી તો માની બેઠા કે એ રાક્ષસી મૂળો એ બધાંને ભરખી ગયો હશે.

આમ મહિનાઓ વીતી ગયા.

એક દિવસ મૂળજીભાઇ ગર ખાતા બોલી ઉઠયાઃ

બસ, હવે આપણે દરિયાને તળિયે આવી પહોંચ્યા.'

બધા ચમંકી ગયા. પ્રેમા પટેલ બોલી ઉઠયાઃ

'ઇ કેમ જાણ્યું? આપણા વઢવાણ પાંહે તો કયાંય દરિયો નથી!

'આપણે હવે વઢવાણમાં નથી. પણ આપણે તો હવે દુનિયાનો દડો વીંધીને બીજી બાજુ પાસિફિક સમુદ્રમાં નીકળ્યા છીએ.'

'શું કહો છો! પટેલ આશ્ચર્ય પામી બોલ્યા. 'તમને ઇ કેમ ખબર પડી?'



મૂળજીભાઇએ એમને કાંદાનો ગર આપી કહ્યું:

'બાઇ જુઓ હવે, ગર બારો લાગે છે.'

બધાએ બાઇ જોઓ ને બધાને કબુલ કરવું પડ્યું કે મૂળજીભાઇની વાત સાચી છે.

ફરી બોદવાનું શરૂ થયું.

પણ એકાએક પ્રેમા પટેલની કોશના ઘા સાથે નીચેથી ડચરું ઉડી ગયું અને પટેલની કોશ એ કોણામાંથી બીજી બાજુ નીકળી ગઈ. કોણામાંથી બૂબ જોરથી હવા આવવા લાગી અને દરિયાના મોજાઓનો મોટા અવાજ પણ આવી રહ્યો હતો.

હવે આપણે પાસિફિકમાં આવી પહોંચ્યા!'

ળજીભાઇએ કોણામાં માથું નાખીને બીજી બાજુ બહાર કાઢયું. અને જુએ છે તો સામે દરિયો ધુધવે છે.

એ કોણામાંથી બહાર નીકળ્યા. જુએ છે તો કાંદો કોઇ મોટો હોય એટલો ઉચો હવામાં ઉભો છે. એનો શિખર ઉપરનું મૂળ હવામાં હલી રહ્યું છે. આસપાસ અનેક મૂળીઓની ઝાડી ગુંથાઇ ગઇ છે.

એમણે બીજાઓને પણ બહાર બોલાવી લીધા. હવે શું કરવું એ વિચાર થઇ પડ્યો.

પહેલું કામ તો એમણે એ કાંદાની પ્રદક્ષિણા કરવી શરુ કરી. બાસ્સા ચાર કલાક ચાલ્યા. ત્યારે એ પ્રદક્ષિણા પૂરી થઇ.

એ બધાં થાકીને મૂળીયાં ઉપર બેસી ગયા.

હવે ફરી પાછા વઢવાણ પહોંચવું કેમ?

હવે તો કોઇ આગબોટ નીકળે તો બને.

એ બધાંને મૂળજીભાઇએ કાંદાના શિખરે ચડવા સાથે લીધા. છેક ઉપર પહોંચ્યા. અને તેમાં પ્રેમા પટેલની પાઘડી લઇને કાંદાના મૂળને બાંધી દીધી. પાઘડી મોટા વાવટા જેમ હવામાં ઊડી રહી.

બે રાત ને બે દિવસે ત્યાં ઠંઠવાતા બેસી રહ્યા. ત્યારે ત્રીજે દિવસે દૂર એક આગબોટ દેખાઇ.

સારે નસીબે આગબોટના કપ્તાને એ વાવટો જોએ અને આગબોટ ઉભી રાખીને હોડ લઇ મૂળા-બેટ ઉપર આવી પહોંચ્યો.

મૂળજીભાઇ અને બીજા પટેલિયા સામે નીચે આવ્યા અને મૂળજીભાઇએ બધી વાત વિગતથી કરી.

પણ પેલો અંગ્રેજ બચ્ચો એવી વાતથી ફસાઇ એમ ન હોતો.

એ તો મક્કમતાથી બોલી ઉઠ્યો:

'તમે મને મૂર્ખ બનાવો છો! એ વાત બોટી છે. આ બેક વણ શોધાયેલો બેટ છે. અને હું અંગ્રેજ બચ્ચો એનો કબજો લઉં છું અને એને અંગ્રેજી રાજ્યમાં ઉમેરું છું.'

એ પછી, એણે એ મૂળા બેટ ઉપર અંગ્રેજ વાવટો 'યુનિયન જેક' બોડયો.

આ લોકો તો કંઈ ન બોલ્યા.

અંગ્રેજ કપ્તાને પાછા ફરતાં આ લોકોને ઉપાડી લીધા. અને સારે નસીબે એ આગબોટ મુંબઇ જવાની હતી. એટલે કેટલેક દિવસે મૂળજીભાઈ અને પટેલિયાઓ મુંબઇ આવી પહોંચ્યા.

મૂળજીભાઇએ કપ્તાન મારફત મુંબઇ તાર કરેલો. પણ છતાંય એ ઉતર્યા ત્યારે બંદરે કોઇ હાજર નહોતું. બિચારા મૂળજીભાઇએ તો પોતાનુ કેવું ય મોટું ભવ્ય સરઘસ નીકળશે એમ કલ્પેલું. પણ ત્યાં થોડી આગબોટો માલ ઉતારવા સિવાય કોઇ નહોતું—કાગડાઓનાં ટોળે ટોળાં અનાજ ઉપર તૂટી પડી કલબલાટ મચાવતા હતાં.

બિચારા મૂળજીભાઈ એમના કાકાને ત્યાં મુંબઇમાં પગ ઠોકતા ગયા. અને ઉછીના પૈસા લઇ વઢવાણ પહોંચ્યા.

મૂળો તો સાવ સૂકાઇને બેતરમાં ઢગલો થઇ પડી ગયેલો. એનો મોટો ડુંગર થઇ ગયેલો. મૂળજીભાઇ તો સાવ હતાશ થઈ ગયા. અને એમને સંસાર ઉપર કંટાળો આવ્યો. એટલે એ બાવા બની ગયા અને મૂળાના ડુંગર ઉપર ઝૂંપડી કરી રહેવા લાગ્યા. હજુયે કયારેક મૂળાની પૂછતાછ થાય છે. પણ મૂળાનંદ સ્વામી કોઇને જવાબ આપતા નથી.

નીલ કુંજી

લીલાંછમ વનમાં લીલાં લીલાં પાન પછવાડે ખૂબ સુંદર એક નીલ કળી છે. આ વાર્તા તે સુગંધી નીલ કળીની છે. વાર્તા કહો અથવા નૃત્ય-કથા કહો. આ નૃત્યકથામાં ફૂલફૂલોના સાજ સજેલી વનકન્યાઓ છે. સુંદર નૃત્ય કરતી સોનેરી પરી છે. ફરફર ફરતું રંગબેરંગી પાંખોવાળું પતંગિયું છે. અને નાનકડો ચંદેરી પાંખવાળો વાયુદૂત છે.

અરે, જુઓ..... પડદો ઉઘડયો. લીલાંછમ વનમાં ઝમઝુમ કરતી, ફૂલો વીણતી વનકન્ય આવે છે. તેની પાછળ તેની સખી છે. લીલા રંગની રેશમી ચોળી, ફૂલફૂલોથી ભરેલો ઘાઘરો છે. તાલ સાથે ઠુમકતી ઠુમકતી ચાલે છે. કેટલું સુંદર દ્રષ્ય છે! નીલકળીની નૃત્યકથાની અહીંથી જ શરૂઆત થાય છે.

વન કન્યા : (ફૂલ વીણતાં વીણતાં)
ચાલે સખી તું
વહેલી ચાલ રે
વીણ આ વનનાં
રંગીન ફૂલ રે.

સખી : ક્યાં સુધી આ
ફૂલ વીણું હું?
નીચાં નમીને
થાકી બહુ હું.

વનકન્યા : હા. ખરેખર
ભરાઇ ટોપલી
તો પણ વનનાં
ફૂલ ખૂટયાં નહિ.

સખી : જ્યાં જુઓ ત્યાં
ફૂલ જ ફૂલ છે
આ વનની તો
વાત અનોખી રે!

વનકન્યા : સાંભળ સખી તું
ધ્યાન દઇને
કોણ બોલાવે
હળવે સાદે?
અરે સામે આ
કોણ હું દેખું?

બાલસખી : બાલ સખી મારી
ત્યાં પેખું.
[બીજી વનકન્યા પહેલી વનકન્યાની બાલસખી—નૃત્યના તાલ સાથે પ્રવેશ કરે છે.]
આવ રે મારી
બાલસખી રે
લાંબે સમયે
મળ્યાં આપણે.
શું ખબર છે?
સર્વ કુશળ છે?
કેમ તું ચૂપચૂપ
આમ ઉભી છે?

બાલસખી : શું કહું આજે
સખી મારીને
ચેન પડે નહિ
મારા મનને.

વનકન્યા : અરે, બેન શું
એવું થયું?
અન તારાએ
દુઃખ શું જોયું;

બાલસખી : બહેનપણીને
શું હું કહું રે
ચેન પડે નહિ
કાલથી મનને.
નાનકડી બહેન
મારી એક છે
ઘરે અકેલી
આજ સૂતી છે.
કાલ રાતથી
તાવ ચઢયો છે
તેથી કશું નહિ
આજ રૂચે છે!

વનકન્યા : એમ ખરેખર?
રડવું બસ કર
હાર ન હિંમત
ધર તું ધીરજ

બાલસખી: બેન તો છે મારૂ
પ્રાણ પંખેરૂં
રડવું મારૂં
કેમ હું ખાળું?
કાલ રાતથી
છે કરમાઇ
હોઠની લાલી
ગઇ સૂકાઇ.
બંધ આંખે
સૂતાં સૂતાં
સ્વપ્ન જુએ છે
મીઠાં મીઠાં
સ્વપ્નામાં તે
ખૂબ હસે છે.
નીલ કળી ને
સાદ દીયે છે.
નીલ કળી
તેને દેખાય
એની પાછળ
ઘેલી થાય.
બધાં કહે છે

વનકન્યા : આમ રડીશ ન
ખાલી ખાલી
છોડ કદિ ના
ધીરજ તારી.
સોનેરી પાંખવાળી
વનમાં ભટકી
નીલ કળી ને
લાવ તું શોધી.
નીલ કળી ને
જોઇને હસશે
તે જ ક્ષણેથી
તાવ જ મટશે.
તેથી વન કુંજે
હું ફરૂં
પાને પાને
શોધ કરૂં.
તો પણ સખી રે
હજી ક્યાંય મેં
નીલ કળી ને
ભાળી ના રે!
શું કરૂં હું?
કેમ કરૂં હું?
નીલ કળીને
શોધું ક્યાં હું?
(રડે છે)

[પરી નાચતી નાચતી આવે છે]

ત્યાં જો સામે
કોણ એ નીચે !
જરા ઉભી રહે
પૂછું એને
એ તો લહેરી
વનની પરી.
'ઓ રૂપસુંદરી
ક્ષણ ભર માટે
ક્ષણભર તારું
નૃત્ય બંધ કરી
જવાબ દેજે
ઓ વનની પરી !
આ વનમાં તેં
કશે કયાંય રે
નીલ રંગની
ભાળી કળી છે?

પરી : કેવી કળી ને
કેવી વાત?
ગુલતાન હું ને
કરું હું નાચ!
કળી ફૂલોનાં
પ્રદેશમાંથી
નાચ નાચતી
દૂર કયાંય થી
આવી અહીં ને
મદ ભરીને
નાચ નાચતાં
જોયાં તમને.
અરે પણ થોભો
જાય કોણ ત્યાં
ફર ફર ઊડતું
પાંખ પસારતું?
એને રોકી
પૂછી આવું
નીલ કળી
ઉ કયાં છૂપાઈ?

(રંગરંગીત પાંખોવાળું પતંગિયું
નાચતું નાચતું આવે છે.)

આવ અહીંયાં
અરે પતંગિયા
વનદેવી ના
શાણા ટિકરા.
પતંગિયા તું



થોભ જરા
ફરફર ઊડવું
રોક જરા.
ક્ષણભર થોભી
કહે મને તું
ફૂલો ફૂલો માં
ફરતાં ફરતાં
નીલ કળી તેં
દીઠી કયાંય?'

પતંગિયુ : કોણ કળી એ?
દીઠી નથી મેં
હું તો બસ
રંગે રેલાઉં
ફૂલ ફૂલોનાં
રંગો લઇને
રંગ્યું મેં તો
મારૂં અંગ,
તો પણ મેં તો
કયાંય કશે પણ
નીલ કળી તો
દીઠી નહિ
પરંતુ સામે
દૂત વાયુનો
ફૂલ ફૂલોની
સુગંધ રેલતો
ત્યાંથી આવતો

પૂછું એને
નીલ કળી છે
દીઠી તેં ?
(ચંદેરી પાંખવાળો વાયુદૂત
નાચતો નાચતો આવે છે)
દૂત વાયુના
થોભ જરા તું
ક્ષણ ભર થોભી
કહે મને તું.
આ વનમાં તેં
ફરતાં ફરતાં
પાને પાને
ફરે ક્યાંય પણ
નીલ કળીને
દીઠી છે ?

વાયુદૂત: વનદેવીના
શાણાં દિકરા
પતંગિયાં
તું થોભી જા
લીલી વેલને
બાજુ કરીને
હળવે હળવે
અહીંયા આવ.
જો ત્યાં સામે
લીલું ઝાડ
તે ઝાડનાં
પાન પછવાડે
નીલ કળી છે
છૂપાઈ બેઠી.
સંતાતી એ
બધું જુએ છે.

પતંગિયું: અરે, બરેબર
કેવી સુંદર
લાખ લાખમાં
એક જ એ.

પરી: મને થાય છે
એ હશે કોઈ
નીલ ગગનની
નીલ ચાંદની.

વનકન્યા: નીલ સમંદરનો.
જાણે પ્રકાશ
આ કાયા પર
થાયે ભાસ

બાલસખી: નીલ મણીનો
નીલમ રંગ
તેવું બરેબર
એનું અંગ.

સખી: નીલ ગગનની
નીલમ છાયા
તેવી દિસે છે
એની કાયા.

પરી: જરા ઊભા રહો
મને જવા દો

સખી બનાવું
મારી જોડે.
સંગે મારી
લઇને તાળી
મોજ કરીશું.
મજે કરીશું
'સુગંધી સુંદર
નીલ કળી હે!
મારી સામે
જોખ જરા રે.
આપણે બન્ને
બની સહેલી
તને આ વનની
કરીશ રાણી.
મૃદુલ ફૂલોનું
કરીશ આસન
એ બનશે

તારું સિંહાસન.
વને વનેથી
પરીઓ આવી
ગરબા ગાશે
તારી પાસે
ચાંદરડાનાં
ગીતો ગા'શું.
મનને તારાં
ખુશ ખુશ કરશું.
પતંગિયાની
નાની નાની
કહીશું તુજને
મીઠી કહાણી.
ચલ હવે તું
નીલ કળી હે
જલદી જલદી
મુજ સંગાથે.'

કળી : શું તને કહું
વનની પરી
તારી છું હું
બહુ આભારી.
રાણી બનવું
મને ગમે નહિ.
આવો વૈભવ
મને શોભે નહિ.
બીજું કરે જો
મારી સેવા
એવું જીવન
ગમે ના જીવવા.
શોધ તું કોઇ
બીજી સહેલી
બીજું સારું
જીવન મારું

વાયુદૂત : નીલ કળી તું
સાંભળ મને
વાયુનો દૂત હું
કહું છું તને.
સહેલી તું
બન મારી જો
અપરંપાર
કરશું મજાને
આપણ બન્ને
દોસ્ત બનીશું.
ફેરફૂદરડી
ખૂબ ફરીશું.
તને હસાવીશ
તને નચાવીશ
ઝૂલે ઝલાવી
તને ઝુલાડીશ.
સુગંધ તારી
બધે ફેલાવી
વન સારાને
મહેકાવીશ.
વનેવનેથી
પરીઓ આવી
ગરબા ગાશે
તારી પાસે
ચાંદરડાનાં
ગીતો ગા'શું.
મનને તારાં
ખુશ ખુશ કરશું.
પતંગિયાની
નાની નાની
કહીશું તુજને
મીઠી કહાણી.
ચલ હવે તું
નીલ કળી હે
જલદી જલદી
મુજ સંગાથે.'

કળી : શું તને કહું
વનની પરી
તારી છું હું
બહુ આભારી.
રાણી બનવું
મને ગમે નહિ.
આવો વૈભવ
મને શોભે નહિ.
બીજું કરે જો

કળી : ના રે ના રે
વાયુદૂત રે
નીલ કળીને
જલદી ભૂલજે.
મને ગમે નહિ
ઝૂલા ઝુલવા
બાલપણાના
ખેલ ખેલવા.
શોધ તું કોઇ
બીજી સહેલી
બીજા સારું
જીવન મારું.

પતંગિયુ : નીલ કળી તું
સાંભળ વાત.
જો આ રંગીત
સુંદર પાંખ,
પાંખ ઉપર
બેસાડીશ તને
ફરવા જઇશું
વને વને.
મખમલ ઉપર
સૂવા આપીશ
પાંખડીઓની
સેજ બીછાવીશ.
પાંખથી મારી

પંખો નાખીશ
ઠંડક ઠંડક
બધે ફેલાવીશ.
ફૂલે ફૂલે તો
ફરતાં ફરતાં
મધુરસ મીઠો
તને ચખાડીશ.

કુંળીઃ પતંગિયા તું
સાંભળ વાત
મને ગમે નહિ
તારી વાત.
મધુરસ મીઠો
મને રુચે નહિ,
મખમલ ગાદી
મને શોભે નહિ.
શોધ તું કોઇ
બીજી સહેલી
બીજાં સારૂ
જીવન મારૂં.

બાલસખીઃ નીલ કળી
તું ચોખી જ
કહેવું મારૂં
સાંભળ આ.
મારી એક
નાનકડી બેન
ધરે એકલી
આજ સૂતી છે.
કાલ રાતથી
તાવ ચઢયો છે,
સૂઝે કશું નહિ
તેથી આજ.
નીલ કળી
તેને દેખાય
એની પાછળ
ઘેલી થાય.
તને જોઇને
આછું હસશે
તે જ ક્ષણથી
તાવ જ મટશે
તેથી તુજને
વિનવી કહું છું
ચાલ જલદી તું
મારી સાથે.
(રડે છે)

કળીઃ અરે વનકન્યા
રડતી ના
આંખ લૂછી લે
ધીરજ ધર.
તારી સંગે
આવીશ હું.
હવે આંખનાં
રોક તું આંસુ.
હસતાં હસતાં
કરતાં લહેર
જઈશું આપણ
તારે ઘેર,
બેન તારીને
મળીશ હું
સુગંધ મારી
આપીશ હું.
તે સુગંધે
થશે આનંદ
ગાલ લાલ થઇ
હસશે મંદ.
તે હાસ્યથી
જ્યોત પ્રકટશે
અંધકારનો
વિનાશ કરશે.
બેન તારી
સાજી થાશે. મારું મન
આનંદે ગાશે. ગાઇશ કે
બીજા સારૂ જીવન મારૂં
બીજા સારૂ જીવન મારૂં

(બન્ને હાથ પકડી નાચતાં નાચતા જાય છે. પાછળ વાયુવૃત, પતંગિયું વગેરે તાલ સહિત નાચતાં નાચતાં જાય છે) પડદો પડે છે.

—આશા ગવાણકર

વિદ્યુતરાજ ફેરાડે

લેખક
ગાંધીજન બધેકા

બુદ્ધિ કાંઈ ઊંચ નીચનો કે શ્રીમંત ગરીબનો ભેદ રાખતી નથી. આજે હું એવાજ એક વૈજ્ઞાનિકની વાત તમને કહું છું.

માઇકલ ફેરાડેનું નામ કદાચ તમે સાંભળ્યું હશે. એ લુહારનો દિકરો હતો. સારી દુનિયામાં જે થોડા ઘણાં બુદ્ધિમાન થઈ ગયા છે તેમાંનો એક એ હતો. આજે વિજળીએ દુનિયાને બદલી નાખી છે તે એના જ પ્રતાપે.

ફેરાડેનો પિતા ગરીબ હતો. રાત દિવસ હથોડો ટીપી ટીપીને તેનો દમ નીકળી જતો. એણે નક્કી કર્યું કે મારા દિકરાને તો હું આવું કામ નહિ જ કરવા દઉં. બીજા કોઇ સારે કામે જ લગાડીશ. આ હથોડો ટીપવાનું એને હું નહિ શીખવું.

અને એણે એના દિકરા માટે સારૂં કામ શોધી કાઢયું, શું ?

કાગદ્રીની દુકાને ચોપડીઓ બાંધવાનું !

નવાઇ લાગે છે નહિ ? પણ એ ગરીબ લુહાર, બિચારો એનાથી વધારે સારૂં કામ શું શોધી શકે ? પણ એક જોતાં એ સારૂં જ થયું. જો માઇકલ ફેરાડે કાગદ્રીની દુકાને ન રહ્યો હોત તો આજે દુનિયા જુદ્રી જ જાતની હોત.

કાગદ્રીની દુકાને જાત જાતની ચોપડીઓ બંધાવા આવે છે. પણ એ ચોપડીઓની કોઇને પડી નથી હોતી. એમાં શું છે તેની કોઇને કશી ખબર નથી હોતી. પછી બિચારા વાંચે તો ક્યાંથી જ.

પણ ફેરાડેની વાત જુદ્રી હતી. વખત મળતાં તે ચોપડીઓ ઉઘાડીને જોતો અને સારી સારી ચોપડીઓ વાંચી નાખતો. એ રીતે તે ઘણું વિષયો શીખી જતો. એ વખતે એની ઉંમર તેર વરસની હતી. વિજ્ઞાનનો એને બહુ જ શોખ હતો. વિજળીએ વિજ્ઞાન જગતમાં નવો દેખાવ દીધો હતો. સામાન્ય માણસની તેમાં ચાંચ બૂડે તેમ નહોતી. પણ ફેરાડેને એનો જ શોખ લાગી ગયો.

ફેરાડે ૨૦ વરસનો થયો ત્યારે એવું બન્યું કે એક ગૃહસ્થ બાંધવા આપેલી ચોપડી લેવા આવ્યો. દુકાનમાં જોતાં એકાએક એની નજર ખૂણામાં બેઠેલા ફેરાડે ઉપર પડી. એના હાથમાં એક મોટું પુસ્તક હતું. અને કોઇ રસના ઘૂંટડા ગળે ઉતારે તેમ તેમાનું જ્ઞાન એ છોકરો માથામાં ઉતારતો હતો. પેલા ગૃહસ્થે પાસે જઇ જોયું તો એ પુસ્તક 'એનસાઇક્લોપિડીયાનું' હતું, અને ફેરાડે તેમાંથી વિજળી વિશે વાંચી રહ્યો હતો. એના આશ્ચર્યની અવધિ ન રહી. એ પોતે એક વૈજ્ઞાનિક હતો. વિલાયતની "રોયલ સોસાયટી"નો એ સભ્ય હતો. "રોયલ સોસાયટી" વૈજ્ઞાનિકોની મોટામાં મોટી સંસ્થા હતી.

"બાપુ, વિજળી વિશે જાણવાનો તને આટલો બધો શોખ છે. ત્યારે પછી તું રોયલ સોસાયટીમાં શું કામ નથી જતો ? આજકાલ ડેવી સાહેબ ત્યાં વિજળી ઉપર જ ભાષણ આપે છે" ફેરાડેની પાસે જઇ એણે કહ્યું.

મને ત્યાં કોણ પેસવા દે ! રોયલ સોસાયટીમાં જવા માટે પાસ જોઇએ ને ! પાસ વિના જઉં તો પેલો દરવાન જોયો છે ! લાકડી લઇને મારી પાછળ જ દોડે ને ?" ફેરાડેએ દિલગીર થતાં

કહ્યું: "એમ છે? ચાલ ત્યારે હું તને મારો પાસ આપું છું" એમ કહી પેલા વૈજ્ઞાનિકે પોતાનો પાસ એને આપ્યો.

આજે એ રોયલ સોસાયટીમાં જવાનો છે. હજુ તો વ્યાખ્યાન થવાને ઘણીવાર છે પણ ત્યાર પહેલા જ એ ત્યાં પહોંચી જાય છે. એનું મન એટલું અધીર બની ગયું છે કે એક એક ક્ષણ એ યુગ જેવી થઇ પડી છે.

અને પછી ડેલી સાહેબ આવ્યા. વ્યાખ્યાન શરૂ થયું. ફ્રેરાડેએ ખૂબ ધ્યાનપૂર્વક વ્યાખ્યાન સાંભળ્યું, અને નોંધ પણ લીધી.

ઘેર આવ્યા પછી એ નોંધને બીજી બોટમાં સુંદર રીતે લખી લીધી. એમ થોડા દિવસો વિત્યાં. નોંધબૂક ભરાવા લાગી.

કાગદીની દુકાનમાંથી એનું મન ઉઠી ગયું. ઉઠી જ જાય ને! એટલી બધી બુદ્ધિ લઇને જે જન્મ્યો છે તેને ચોપડીઓ બાંધવાનું કામ કેમ ગમે?

પણ ત્યારે કરવું શું?

નોંધ બૂક વાંચી ડેલી સાહેબ વિચારમાં પડી ગયા, "જે વિજળી વિશે સમજતાં મને ઘણીજ મહેનત પડે છે તે રંક આ છોકરો આટલી સહેલાઈથી સમજી શકે છે? એને પાસે રાખી લેવો જોઈએ."

અને એણે ફ્રેરાડેને પોતાની પાસે રાખી લીધો. ફ્રેરાડેનું વિજ્ઞાનનું શિક્ષણ શરૂ થયું. અને થોડા દિવસમાંજ એ ડેલીસાહેબનો મુખ્ય સાથીદાર બની ગયો.

ફ્રેરાડેની ગુરુભક્તિ આપણા પ્રાચીન કાળના શિષ્યો જેવીજ હતી. ડેલી સાહેબની દરેક વસ્તુ પોતે બરાબર વ્યવસ્થિત ગોઠવી રાખતો. એમને કયારે કઇ વસ્તુ જોઇશે તેની બરાબર કાળજી રાખતો. એના નોકર તરીકેનું બધું જ કામ એ ભાવથી કરતો અને એમાંજ પોતાને ધન્ય સમજતો.

એક વાર ગમ્મત થઇ.

ડેલીને એક મિત્ર તેને મળવા આવ્યો. ફ્રેરાડેને નોકર જેવું કામ કરતો જોઇ તેણે તેને ડેલીનો નોકર સમજી લીધો. એ મિત્રે ડેલીને પોતાને ત્યાં જમવા બોલાવ્યા ત્યારે ફ્રેરાડેનું બાણું નોકરોની સાથેજ ગોઠવવામાં આવ્યું. ફ્રેરાડે આવી બાબતમાં

એને એક વિચાર આવ્યો "મારી નોંધ ડેલી સાહેબને મોકલી હોય તો? એણે તો બૂબજ હિમ્મતપૂર્વક ડેલી સાહેબ ઉપર પોતાની નોંધ બૂક મોકલી આપી અને સાથોસાથ લખ્યું કે "આ પની પાસે વિજ્ઞાન શીખવાની મને બૂબજ ઇચ્છા છે."



બહુ ધ્યાન આપતો નહિ. પણ જ્યારે ડેલીએ જમતી વખતે ફેરાડેને જોયો નહિ ત્યારે ફેરાડે ક્યાં છે એમ પૂછ્યું. મિત્રને તરતજ પોતાની ભૂલ સમજાઇ ગઈ. ફેરાડેને તરતજ પોતાની સાથે જમવા બોલાવી લીધી.

ધીમે ધીમે ફેરાડે પોતે પણ નવી નવી શોધ કરવા લાગ્યો. જોતજોતામાં એનું નામ વિજ્ઞ વિખ્યાત થઇ ગયું. રોયલ-સોસાયટીમાં જેને પેસવા જતા દરવાન મારવા દોડશે એવી બીક હતી તેજ રોયલ સોસાયટીનો એક મુખ્ય કાર્યકર્તા પ્રમુખ એ બની ગયો. એને જોવા અને એને સાંભળવા હજારો માણસો જમા થવા લાગ્યા.

ફેરાડેએ ઘણી શોધો કરી છે. મોટા થાઓ ત્યારે એ વાંચજો. અત્યારે એ નહિ સમજાય. એક તો એણે શોધી કાઢયું કે ચુંબકથી વિજળીક શક્તિ કેવી રીતે ઉત્પન્ન કરવી. ફેરાડેની આ શોધની શક્તિ વિશે કોઇને કંઇ ખ્યાલ નહોતો.

રોયલ સોસાયટીમાં જ્યારે એણે સિદ્ધ કરી બતાવ્યું કે ચુંબકમાંથી વિજળીની શક્તિ કેવી ઉત્પન્ન થાય છે ત્યારે એક જણે એને કહ્યું: વાત તો સાચી છે કે ચુંબકથી વિજળીક શક્તિ ઉત્પન્ન કરી શકાય છે. પણ એ શોધથી દુનિયાને શો ફાયદો થશે ?"

" આજે તો એનાથી કશો ફાયદો દેખાતો નથી. પણ એક દિવસ એવો આવશે કે લોકોને એના વિના ચાલશે નહિ. આજે તો નવું જ્ઞાન મેળવવા પૂરતો જ ફાયદો છે " ફેરાડેએ કહ્યું.

અને સાચે જ ભવિષ્યમાં ફેરાડેની એ શોધેજ દુનિયાની શીકલ બદલી નાખી. આજે બટન દબાવીને બત્તી કરીએ છીએ, પંખો ચલાવીએ છીએ, ટેલીફોન કરીએ છીએ. મોટર દોડાવીએ છીએ. એ બધાના મૂળમાં ફેરાડેની એ શોધ જ પડેલી છે.

માત્ર વિજળીની શોધ કરીને જ એ બેસી રહ્યો નહિ પણ એણે અનેક શોધો કરી છે.

ફેરાડે પોતાની દરેક પરીક્ષાને (શોધને) નંબર આપી નોંધી રાખતો. તેના આખા જીવનમાં એ નોંધનો નંબર કયાં સુધી પહોંચ્યો હતો, ખબર છે ? સોળ હજાર એકતાલીસ !

આખર ઉમ્મરમાં એની તબિયત બગડી. ઇંગ્લંડના મોટા માણસો અને એના મિત્રો સંસાર તરફથી એને મદદ મળે એવો પ્રયત્ન કરવા લાગ્યા. એ વખતના ઇંગ્લંડના વડાપ્રધાનને વૈજ્ઞાનિકો તરફ એક જાતનો અણગમો હતો. ફેરાડે એને મળવા ગયો. વાત વાતમાં એની શોધને વડા પ્રધાને 'હંબગ' કહી ઉડાવી દીધી. પૃથ્વીને એણે તો જે અમૂલ્ય શોધો અર્પણ કરી હતી તેનો આ પુરસ્કાર !

વિજ્ઞાન તરફ આપ આ નજરે જોતા હો તો બહેતર છે કે મારે સંસારી મદદ લેવી જોઇએ નહિ. એમ કહી ફેરાડે ત્યાંથી ચાલી નીકળ્યો.

જો કે એના મિત્રો એને મદદ આપવીનેજ જંપ્યા. ફેરાડેના ગુરુ ડેલી સાહેબે ઘણી શોધ કરી હતી. એની બધી શોધમાં કઇ શોધ મોટી તેની ઘણીવાર ચર્ચા થતી હતી. એકવાર ડેલીને કોઇએ પૂછ્યું "આપની બધી શોધમાં મહાન કઇ ?"

અને ડેલીએ ગંભીર બનીને જવાબ આપ્યો.

"મારી સૌથી મહાન શોધ માઇકલ ફેરાડે."

વાત સાચીજ હતી. ડેલી સાહેબે ફેરાડેને પોતાના સાથી તરીકે ન લીધો હોત તો ? તો આજે દુનિયા દેખાય છે તેવી ન હોત.



ભસ્....ભસ્....ભસ્

ભસ્....ભસ્....ભ....સ્
કાબરો કૂતરો આખો દિવસ ભસે
ચકલીને જોઇને ભસે
મરઘીને જોઇને ભસે
નાનાં છોકરાંને જોઇને ભસે.

ચકલીને ભાઉ લઇને બચકું ભરે,
મરઘીની પાછળ પડે
છોકરાને કરડે.

કાબરો કોઇને ના ગમે. ઘરમાં ઝટ લઇને
ભરાય. રસોડામાં સંતાય. રોટલો એને
ભાવે. રોટલી એ ઉઠાવે. ભાત એ ચાટી
જાય. દૂધ એ સબકાવી જાય.
ચોરી કરવી એનું કામ. કાબરો કૂતરો
એનું નામ.

એક દિવસની વાત છે.
કાબરો બધાંને બહુ કરડયો,
મરઘીની પાછળ પડયો,
ચકલીનાં પીછાં ખેંચ્યાં.

ચકલી તો રડતી રડતી ઉડી ગઈ
ઉડતી ઉડતી જંગલમાં ગઈ.
સામેથી એક ચીબરી મળી
ચીબરી બહુ ભારે
કોઇનાથી ના ડરે
ચીબરી બોલી: 'ચકલી બેન ચકલી બેન.



રડો છો કેમ? રડો છો કેમ?'
ચકલી બોલીઃ 'ગામમાં એક છે કૂતરો
કાબરો નામે એ કૂતરો કરડે છે
મને, મરઘીને ને છોકરાંને'.
ચીબરી બોલીઃ 'રડશો ના, રડશો ના.
હું આવું છું સાથ, પછી કાબરાની વાત.,
ચીબરી ને ચકલી તે ગયાં ગામમાં.
કાબરા કૂતરે ચકલીને જોઇ
એનું તો શરૂ થયું
'ભસ....ભસ....ભસ ...
તને કરડું ભસ.
તને હું તો ખાઇશ
પછી હું તો જઇશ'
ચીબરી બોલીઃ
અહીંથી ભસ્યા ભસ
મારીશ એક જ ચાંચ
જોયાં મારા તું પાંચ'
કાબરો તો કૂદયો ચીબરીને કરડવા
પણ ચીબરી કાંઈ બચ એવી નહીં
એણે તો કાબરાને જોરથી ચાંચ મારી.



કાબરો તો 'બાપ રે' કહીને કૂદ્યો
ને પાછો ભસ....ભસ....ભસ.... કરવા માંડ્યો.
ચીબરીએ પાછી બે ચાંચ મારી
કાબરો પાછો કરવા મંડ્યો
ભસ....ભસ....ભસ....
ચીબરીએ પાછી ચાંચો મારવી શરૂ કરી.
કાબરાને તો ભારી પડી. પૂંછડી પગમાં
નાખી કાબરો ચાલ્યો ભાગી.

ચીબરી ચાંચ મારતી જાય ને
કાબરો કૂતરો ભાગતો જાય
ભાગતો જાય ને બોલતો જાય:.
બાપ રે બાપ
આવું દુઃખ ના આપ.
બસ....બસ....બસ....
'કરીશ ના ભસ....ભસ..
ચીબરીને એની દયા આવી
કાબરાને છોડી દીધો.

કાબરો તો ખૂબ બીધો
ભૂલી ગયો ભસ....ભસ....
પણ આંખમાં આંસુ બસ
રડતો જાય ને કહેતો જાય:
'કૂતરા મારા ભાઈ,
ભસશો નાં જરાય,
ચકલીઓને મારશો ના
મરઘીઓને સતાવશો ના
ને છોકરાંઓને કરડશો ના.'

—શ્રી. કુમાર ત્રિવેદી
—શ્રી રમેશ કોઠારી.



બાળકોનો ટેલીફોન

દાદા તકિયાને અઢેલીને બેઠા હતા. વિનય દાદા પાસે બેઠો બેઠો વાર્તા સાંભળતો હતો. ત્યાં ક્ટ ક્ટ ક્ટ એમ ત્રણવાર અવાજ થયો.

વિનયે દાદા પાસેથી એકદમ દોટ મૂકી અને એક દિવાલ પાસે જઇ ત્યાં લટકતું કાગળનું એક ભૂંગળું હાથમાં લીધું. એક મિનિટ પછી તે ભૂંગળું છોડી તે દાદા પાસે આવ્યો ને કહ્યું:

'દાદા, હમણાં વાર્તા બંધ રાખો, આવીને સાંભળીશ. હમણાં મોટાભાઈ મને બોલાવે છે. હું જાઉં છું.'

પહેલા તો દાદાને કંઇ સમજાયું નહિ પણ દિવાલ તરફ નજર જતા તેમને બધું સમજાઇ ગયું.

દાદાએ હસીને કહ્યું: 'કેમ જાણ્યું કે મોટાભાઈ તને બોલાવે છે?'

'જુઓને આ સામે ભૂંગળુ યંત્ર.'

'ભૂંગળાએ કહ્યું શું?'

'તમે એ ભૂંગળું કાન પાસે રાખો તો તમનેય સંભળાય દાદા, એમાં તો બહુ મજા છે. હવેથી હું તમારી પાસે વાર્તા સાંભળવા નહિ આવું. તમે આ ભૂંગળા પાસે મોઢું રાખી વાર્તા કહેજો. હું મારા બિછાનામાં સૂતો સૂતો સાંભળીશ', વિનયે કહ્યું.

'એ તો ઠીક પણ જો એ ભૂંગળાથી તારા મોટાભાઈને અહીં બોલાવ તો હું સાચું માનું.' દાદાએ કહ્યું.

દાદાને ફરી-વાર કહેવું ન પડ્યું. વિનય તરત જ ભૂંગળા પાસે ગયો. ભૂંગળા સાથે બાંધેલી દોરીને ખેંચીને તેના પર ત્રણ ટકોરા માર્યા. પછી ભૂંગળાને મોઢા પાસે રાખીને કહ્યું, 'જરૂરનું કામ છે મોટાભાઇ, જલદી આવો, દાદા બોલાવે છે.'

વિનયે ભૂંગળું છોડી દીધું ને દાદાને કહ્યું 'હમણાં જ મોટાભાઇ આવ્યા સમજો દાદા.'

વિનય હજી તો બોલી ન રહ્યો ત્યાં વિમલે હસતાં હસતાં ઓરડામાં પ્રવેશ કર્યો.

'મને બોલાવો છો દાદા!' વિમલે પૂછ્યું.

'હા જાદુગર. તારું જાદુ તો સંભળાવ. બેસ જોઇએ' દાદાએ હસતાં હસતાં કહ્યું.

વિમલ અને વિનય દાદા પાસે બેઠા.

"તેં તો મોટો સંચો બનાવ્યો છે ને શું? પણ.....?'

દાદાને બોલતા અટકાવી વચ્ચે જ વિનયે કહ્યું, "મોટાભાઇએ નથી બનાવ્યો દાદા, એ તો આપણી પાસે જતીનભાઈ રહે છે એમણે બનાવ્યો છે."

"અહો! ત્યારે જાદુગર તું નથી પણ જાદુગરનો મિત્ર છો!

"દાદા તમે તો આવા ઘણાં જાદુ જાણતા



હશો. અમને એ શીખવો ને ?" વિનયે કહ્યું.

" હા, દાદા અમને શીખવો. એ તો અમને કહેતા નથી. તમે અમને કહો એટલે અમે એને ખબર પાડી દઇએ." વિમલે કહ્યું.

" ચાલો ત્યારે મારા સૂવાના ઓરડામાં જાઓ રાઈ ઉપર એક રબ્બરની નળી છે તે લઇ આવો." દાદાએ કહ્યું.

વિમલ દોડતો ગયો ને રબ્બરની નળી લઇ આવ્યો. દાદાએ બીસામાંથી એક ઘડિયાળ કાઢયું. કહ્યું, "ઘડિયાળની ટિક ટિક અવાજ તો સંભળાય છે ને ? હવે જરા દૂર જઈ ઉભો રહે. હવે સંભળાય છે ?"

" ના હવે નથી સંભળાતો."

" તો હવે રબ્બરની નળીનો એક છેડો તારા કાન પાસે રાખ અને બીજા છેડા ઉપર હું ઘડિયાળ રાખું છું. હવે સંભળાય છે ?"

" હા હા, હવે તો ચોકખું સંભળાય છે." વિમલે કહ્યું. મોટાભાઇના હાથમાંથી રબ્બરની નળી લઇ કાન પાસે મૂકી વિનયે પણ ખાત્રી કરી જોઇ કે સંભળાય છે કે નહિ ?

" જુઓ, જ્યારે તું ઘડિયાળ પાસે હતો ત્યારે ઘડિયાળનો અવાજ સંભળાતો હતો. દૂર ગયો એટલે એ અવાજ સંભળાતો બંધ થયો. પછી ઘડિયાળ અને તારી વચ્ચે રબ્બરની નળી રાખી એટલે પાછો સંભળાવા લાગ્યો. એમ કેમ થયું કહો જોઇએ ?"

દાદાએ સમજાવ્યું કે :

" જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે હવામાં એના મોજાં ઉત્પન્ન થાય છે. અને ચારે તરફ ફેલાય છે. મોજાં આપણાં કાન પાસે આવી કાનની અંદરના પાતળા પડદાને ધક્કો મારે છે. એટલે આપણે તે સાંભળીએ છીએ. એ મોજાં જેમ દૂર જાય તેમ તેનું જોર ઓછું થતું જાય છે. એ અવાજને ચારે તરફ ફેલાતો અટકાવીએ તો એનું જોર ઓછું થતું નથી ને લાંબે સુધી સંભળાય છે.

'જ્યારે તું ઘડિયાળ પાસે ઉભો હતો ત્યારે એનો અવાજ સંભળાતો હતો ને દૂર ગયો ત્યારે સંભળાતો બંધ થયો કારણ કે ઘડિયાળના ટિક ટિક થતા અવાજના મોજાં ચારે તરફ ફેલાતા હોવાથી એટલે દૂર આવતાં એનું જોર ઓછું થયું ને તને સંભળાયું કારણ કે નળી પોલી છે. એની પાસે અવાજ થતા એ ચારે બાજુ ફેલાતો નથી પણ નળીની અંદરથી સીધો કાન પાસે આવી અંદરના પડદાને અથડાય છે એટલે તને સંભળાય છે.

'વાત કરવાનું પણ તેમજ છે, પૂંઠાના નાનાં નાનાં બે ભૂંગળા બનાવી તેની એક બાજુ પાતળો કાગળ લગાડવો ને બીજી બાજુ બૂલ્લી દોરી બહાર કાઢી છેડે એક સાંઠીકાનો કે દાતણનો કટકો બાંધી દેવો એટલે દોરી નીકળી ન જાય. એ દોરીને બીજા ભૂંગળા સાથે પણ એ રીતે બાંધી દેવી. જ્યારે વાત કરવી હોય ત્યારે બન્ને જણે એક એક ભૂંગળુ હાથમાં રાખવું અને દોરીને બહુ ખેંચાણ ન લાગે, એટલે દૂર ઉભા રહી વાત કરવી. વાત કરનારે ભૂંગળું મોઢા પાસે રાખવું. અને સાંભળનારે કાન પાસે રાખવું. આ થયો બાળકોનો ટેલીફોન. તમારો ટેલીફોન આ જાતનો છે.' દાદાએ કહ્યું.

'પણ દોરી તો પોલી છે. તે સંભળાય ?' વિમલે પૂછ્યું.

'હા એક વાત સમજાવવી રહી ગઇ. એમ છે કે તમે જ્યારે ભૂંગળામાંથી બોલો છો ત્યારે અવાજના મોજાં પાતળા કાગળ સાથે અથડાય છે એટલે એની સાથે બાંધેલી દોરી ધ્રૂજી ઉઠે છે. એ ધ્રૂજતી દોરીના અવાજ સામેના ભૂંગળામાં પાતળા

ફૂદર ફૂદરડી

આવને મારી બેનડી, હો બેનડી !
ચાલને રમીએ ફેર ફૂદરડી !
હો ફેર ફૂદરડી....
હાથોમાં હાથ લો.
આંટી પાડી સાથ.
ગોળ ગોળ ઘૂમો ઘૂમો, આનંદે ઝૂમો ઝૂમો
ફરો ચક્કર ચક્કર ચકરડી
ભમ્મર ભમ્મર ભમરડી

ચકરડી ! ભમરડી !
આવને મારી બેનડી....
હું ઘૂમું ને તું ઘૂમે
જગબધું ઘૂમે.
સુરજ ઘૂમે, ચાંદો ઘૂમે, ઘૂમે તારા રે
ઊંચા ઊંચા મ્હેલ ઘૂમે, ઘૂમે મિનાર રે
વાગે રનૂનૂન્ ઝનૂનૂન્ ઘુઘરડી
ઘુઘરડી ! પાય ઘુઘરડી !
આવને મારી બેનડી....

—પ્રદ્યુમ્ન અ. તન્ના

કાગળ સાથે અથડાય છે ને ત્યાંથી તમારા કાનના પડદા પાસે જઈ અથડાય છે. એટલે તમને સંભળાય છે. સમજ્યા હવે ?' દાદાએ કહ્યું.

'હા હવે બરાબર સમજાયું. હવે જતીન બાંડ બાય છે. ન શીખવે તો કાંઇ નહિ. અમે કહીશું કે અમને આવડે છે. પણ દાદા હવે એકવાર સાચા ટેલીફોનની વાત સમજાવજો.' વિમલે કહ્યું.

—મોંઘીબેન બબેકા

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211 — 41-E, Parel Chawl Road, Industrial Estate, BOMBAY-12.

Tel: 72475 — Suryodaya Mill Compound, Taideo BOMBAY-7.

એ વહુ કોની?

એક મોટું શહેર હતું. એમાં ચાર મિત્રો રહેતા હતા. એક હતો બ્રાહ્મણ, બીજો સોની. ત્રીજો સુથાર અને ચોથો દરજીનો છોકરો હતો. તેઓ જ્યાં જુઓ ત્યાં સાથે ને સાથે જ હોય. આખો દિવસ રમ્યા જ કરે, ને ભટકયા જ કરે. ભણવાનું તો નામ જ નહિ. તેમનાં મા–બાપ તો બૂબ કંટાળી ગયા. તેમને બૂબ વઢવા લાગ્યા, "ભણશો નહિ તો કરશો શું ? ભૂખ્યા મરવું પડશે, સમજ્યા," રોજને રોજ આમ સાંભળ્યા કરતા ચારે મિત્રો વિચારમાં પડયા. "ખરેખર, ભણીશું નહિ તો ભૂખે મરવું પડશે. ચાલો ત્યારે આપણે બીજે ગામ જઇએ. ત્યાં ભણી-ગણી, હોશિયાર થઈ અહીં પાછા ફરીશું."

એક દિવસે સવારે ચારે મિત્રો બીજે ગામ જવા નીકળ્યા. જતાં જતાં એક ગામ આવ્યું. બધાંને ભૂખ લાગી હતી એટલે જમવા માટે ત્યાં રોકાયા. તે ગામમાં બૂબ સોની લોકો રહેતા હતા. સોનીનો છોકરો કહે, "હું તો આજ ગામમાં રહીશ. અને સોનીનો ધંધો શીખીશ." બીજા ત્રણ મિત્રોએ કબૂલ કર્યું. સોનીના છોકરાને ત્યાં મૂકી તેઓ આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં બીજું ગામ આવ્યું ત્યાં બૂબ સુથાર લોકોની વસ્તી હતી. સુથારનો છોકરો કહે, "હું તો અહીં જ રહીશ, અને સુથાર કામ શીખીશ." બીજા બે મિત્રો તેને છોડી આગળ ચાલ્યા. એક ગામ આવ્યું. ત્યાં ઘણા દરજીઓ રહે. દરજીનો છોકરો કહે. "હું તો અહીં જ રહીને દરજીનો ધંધો શીખીશ. એકલો બ્રાહ્મણનો છોકરો રહ્યો. એ તો એકલો એકલો આગળ ચાલ્યો.

ચાલતાં ચાલતાં છેક નર્મદા કિનારે આવી પહોંચ્યો. અહીં એક ઝાડ નીચે ઘણા બધા બ્રાહ્મણના છોકરાઓ ભણી રહ્યા હતા. એ પણ સાથે



સાથે ભણવા બેસી ગયો. તે બાર વર્ષ સુધી ભણ્યો. બૂબ જ્ઞાન મેળવ્યું. હવે ગુરુની રજા લઇ પોતાને ઘેર જવા નીકળ્યો.

જતાં જતાં રસ્તામાં દરજીનું ગામ આવ્યું. દરજીનો છોકરો પણ ધંધો શીખી ગયો હતો. એ પણ બ્રાહ્મણ સાથે ઘેર જવા નીકળ્યો. સુથારનું ગામ આવ્યું. સુથારનો છોકરો પણ એમની સાથે જવા તૈયાર થયો. ચાલતાં ચાલતાં રસ્તામાં સોનીનું ગામ આવ્યું. ત્યાં સોનીનો છોકરો મળ્યો. ચારે મિત્રો પાછા ભેગા થયા. બાર વર્ષે ભેગા મળ્યા હતા. રસ્તામાં બૂબ વાતો કરી. વાતોમાં ને વાતોમાં એક જંગલમાં આવી પહોંચ્યાં. ઘેરુ અંધારું થયું હતું. હવે આગળ કઇ રીતે જવું ? જંગલમાં તો જંગલી જનાવરો હોય. જંગલમાં રાત કેમ નીકળશે ?

ત્યાં તો એક યુક્તિ સૂઝી. લાકડાં ભેગાં કરી તાપણી સળગાવી. દરેક જણે રાતનાં ચોકી કરવાનું નકકી કર્યું. પહેલો વારો સુથારનો આવ્યો.

સુથાર જાગે ને બીજા ત્રણ જણ ઊંઘે. સુથારને થયું, "લાવને લાકડાના કટકામાંથી કંઈક બનાવું." એણે સરસ એક કઠપૂતળી બનાવી. ત્યાં તો એનો સમય પૂરો થયો. એણે દરજીને ઉઠાડયો અને અને પોતે ઊંઘી ગયો. દરજીને કંઇ સૂઝે નહિ. એને થયું, "લાવ આ પૂતળી માટે કપડાં શીવું. તો મારો વખત જશે." એણે ચણિયો, ચોળી, સાડી બનાવી પૂતળીને પહેરાવ્યાં. એનો વખત પસાર થઇ ગયો. એણે સોનીને ઉઠાડયો અને પોતે ઊંઘી



પ્રદ્યુમ્ન તથા

ગયેા. સેાનીએ વિચાર કર્યેા, "લાવને વખત પસાર કરવા આ પૂતળી માટે ઘરેણાં બનાવું." એણે તેા બંગડી, ઝાંઝર, બૂટ્ટી ને વીંટી બનાવ્યાં અને પૂતળીને પહેરાવ્યાં. છેલ્લે બ્રાહ્મણનેા વારેા આવ્યેા, એને થયું, "લાવને આ પૂતળીને જીવતી કરૂં" એણે પૂજા પાઠ કર્યા. હાથમાં પાણી લઇ ગાયત્રી મંત્ર બેાલ્યેા. પાણી પૂતળી પર છાંટયું એટલે એ જીવતી થઇ. સવાર પડી એટલે બીજા ત્રણ મિત્રેા ઉઠયા. ઉઠીને જુએ તેા ત્યાં એક સ્ત્રી હતી. સુથાર કહે, "અરે, આ તેા મારી બનાવેલી પૂતળી છે." દરજી કહે, "ના, ના, એ તેા મારી છે. મેં એને કપડાં બનાવી આપ્યાં." સેાની કહે, "પણ મેં એને આટલાં બધાં ઘરેણાં આપ્યાં એટલે એ તેા મારી જ કહેવાય." બ્રાહ્મણ કહે, "તમે બધા ભૂલ કરેા છેા. એને તેા મેં જીવતી કરી એટલે એ તેા મારી જ કહેવાય." ચારે જણને આ સ્ત્રી બહુ જ ગમી ગઇ. ચારે જણ લડવા લાગ્યા.

ન્યાય કેાણ આપશે? આ સ્ત્રી ખરી કેાની કહેવાય? બ્રાહ્મણની?

જેણે પૂતળી બનાવી તે એના પિતા કહેવાય. જેણે એને કપડાં આપ્યાં તે એનેા ભાઈ કહેવાય. જેણે એને જીવતી કરી તે તેા પરમેશ્વર કહેવાય. પણ જેણે એને ઘરેણાં આપ્યાં તે એનેા ધણી કહેવાય. એટલે એ સ્ત્રી તેા સેાનીની કહેવાય.

—સં. : મંજરીબેન રાયજી
('વિક્રમરાજાનાં પરાક્રમેા પરથી)

જન્મભૂમિ	મુંબાવી
(દૈનિક)	(અઠવાડિક)
લેાકમાન્ય	વ્યાપાર
(મરાઠી દૈનિક)	(અઠવાડિક)

કેાલેાનીયા ટાઇમ્સ—કેન્યા ડેઇલી મેઇલ
(આફ્રિકાના પત્રેા)માં
જાહેરાત માટે અમને પૂછેા.

જન્મભૂમિ એડવર્ટાઈઝર્સ
જન્મભૂમિ ભવન — ધેાબા સ્ટ્રીટ,
કેાટ — મુંબઈ ૧
ટેલિ. નં. ૩૧૭૭૯ · ગ્રામ : Janmabhoomi.



ચોરી તો ના થાય

[ચીનુ ચોટલી ને ગીન્નુ ગોટલીના
ઘણાં- પરાક્રમોમાંનું એક પરાક્રમ]



ચીનુ એનું નામ,
પણ ચીનુ ચોટલી રાખે એટલે બધા એને ચીનુ ચોટલી કહે.
ગીન્નુ ચીનુનો ભાઇબંધ
એટલે ચીનુને ચીનુ ચોટલી ને
ગીન્નુને ગીન્નુ ગોટલી કહે.
બન્ને ગયા ફરવા, આંબે જોયા મરવા,
મોંમાં આવ્યાં પાણી,
બન્ને ગયા જાણી.

ચીનુ ને ગીન્નુ આંબે
જાય,
પથરા મારી કેરી ખાય,
ખાંઇ ખાંઇ ધરાઇ ગયા,
લુમો લઇને ચાલતા થયા

માળીએ દૂરથી જોયું,
મગજ હાથથી ખોયું,
માર્યા જોરથી પથરા,
ગોટલી ને ચોટલી
અવળા.

'બાપરે' બોલ્યાં 'બાપ'
'ભાઇ મેથી પાક ના
આપ'

કેરી તારી પાછી લે,
અમને ઘેર તું જવા દે.



આણી પોંચ્યો પાસ,
ચોટલી લીધી હાથ,
મુક્કા મોટા કીધા,
ગોટલી શંકર બીધા.

આણી માણસ સારા,
કીધું 'પહેલા વારા;
જવા દઉ છું આ વારે!
માફી માગી તત્કાળ.



ચોટલી ગોટલી હસ્યા, માણીને મન વસ્યા,
'આ લુખો લઈ જાવ ભાઈ, ૭
પણ ચોરી તો ના થાય.'

—ર. કોઠારી.

મારું વહાણ



મારે નાનું શું,
મારે મોટું શું,
મારે રંગીલું,
મારે રૂપાળું,
મારા જીગરનું જાન
મારું મારું છે વા'ણ.
એ તો દરિયા પલાણે,
રથ સાગરનો જાણે,
સાત સમંદરમાં મા'લે.

નાચે મોજાંને તાલે
મારા જીગરનું જાન,
મારું મારું છે વા'ણ.

છૂટે પવન પૂરબા'ર,
સઢ ફૂલે તત કાળ
વ્હા'ણ જાણે ભરે ફાળ.

જાદુ ઘોડે અસવાર
મારા જીગરનું જાન,
મારું મારું છે વહાણ.

ચાલો, ચાલો બધા ભાઈ,
વા'ણ ખાલી છે જાય,
આવો આવો સાથ સાથ,
જાએ રંગ રૂડા રાગ,
મારા જીગરનું જાન,
મારું મારું છે વા'ણ.

—શ્રી સુરેશ્વરસિંહ.



સાગરને તળીયે.....

મદન, મોહન ને મંગુ ત્રણ ખાસ દોસ્તદાર. મદનના પિતાજી કોલેજમાં વિજ્ઞાન શીખવે.....; અને દરિયામાં થતાં પ્રાણીઓના ખાસ પંડિત. હમણા તો સરકારને મદદ કરવા દૂર દૂરના ટાપુઓ ઉપરની પ્રયોગશાળા ચલાવે છે. ત્યાં આજુબાજુનાં છિછરા દરિયામાં સુંદર પરવાળાં ને ઉપયોગી માછલીઓ થાય છે.

મદન, મોહન ને મંગુને ઉનાળાની રજાઓ હતી ..... ત્રણે મિત્રો રોજ મદનને ઘેર મળે ને નવી નવી વસ્તુઓ બનાવે એક દિવસ મદનના બાગમા બેઠા બેઠા ત્રણે જણ લાકડાનું રમવાનું એક વિમાન કરતાં (બનાવતાં) હતાં ત્યાં તો મંગુ બોલ્યો; 'યાર, રમકડાના વિમાન કરતાં બરા વિમાનમાં ઊડવાનું મળે તો મજા.' મોહન બોલ્યો; 'અરે મોટા થઇશું ત્યારે વિમાન ઉડાવીશું'!

આવી વાતો ચાલતી હતી. ત્યાં તો ટપાલી આવ્યો.

'લો. મદનભાઇ તમારો કાગળ. ઉપર વિમાની ટીકીટ છે.'

'બાપુજીનો કાગળ, બાપુજીનો કાગળ' મદન તો ખુશ ખુશ થઇ ગયો. એણે કાગળ ફોડયો. કાગળમાં ખૂબ મજાની વસ્તુ લખેલી. મદન આનંદમાં ને આનંદમાં આખો પત્ર વાંચી ગયો. ને પછી એણે મોહનને આપ્યો, વાંચીને મોહન ખુશ થયો એણે મંગુને આપ્યો. મંગુ પણ ખુશ. ત્રણે છોકરાં દોડી ગયા, ને પોત.પોતાની પેટીઓ તૈયાર કરવા માંડયા

તમારે વાંચવો છે એ કાગળ ?

આ રહ્યો.

સાગરધન પ્રયોગ શાળા
પશ્ચિમકિનારો, ટાપુ નં ૨૫૨

ચિ. મદન, ચિ. મોહન અને ચિ. મંગુ

હુ આજ તમને ત્રણેને ખૂબ ગમે એવી વાત લખું છું હું બાસ સરકારી કામે વિમાન મારફતે મુંબઇ આવવાનો છું. પાછો જઇશ પણ વિમાન દ્વારા જ. આ વેળાએ તમને ત્રણેને બે માસ માટે મારી સાથે પ્રયોગશાળા ઉપર લઇ જવાનું નક્કી કર્યું છે, અને મને આશા છે, કે તમને ત્રણેને સમુદ્રનું જીવન. બૂબ ગમશે. વિમાનમાં સફર કરવાની મળશે. ત્યા નાની સરખી યંત્રથી ચાલે એવી બોટ પણ છે હું તમને ચલાવતાં શીખવીશ, મુંબઇ આવીશ ત્યારે તમને ઘેર આવીને લઇ જઇશ.

લી૦ બાપુજી.

બાપુજી મુંબઇ આવી ગયા. પછી એકાદ દિવસે ત્રણે દોસ્તોને લઈ ગયા. મદન, મોહન ને મંગુનો તો ઉત્સાહ ન માય.

વિમાનની સફરમાં તેઓને ભારે લહેજત આવી. ઉપર વાદળાથી યે ઉપર વિમાન ઉડયે જાય છે. ઘડીકમાં તળીએ પૃથ્વી દેખાય છે, તો ઘડીકમાં





તે દેખાતી બંધ થઇ જાય છે. નીચેના સમુદ્ર ઉપરની મોટી મોટી આગબોટો ઉપરથી છેક નાના રમકડાં જેવી લાગે છે. વચમાં વળી કોઇવાર નાના ટાપુઓ પણ નજરે ચઢી જાય છે. નાના ટાપુઓ પરનાં ઝાડનાં જંગલ તો જાણે નાના કાગળના બનાવેલા નમૂના..... વિમાનની અંદર મદન, મોહન, મંગુ આરામથી બેસીને વાર્તાની ચોપડીઓ વાંચે છે. ઘડીકમાં પીપરમીંટ ખાય તો ઘડીકમાં નીચે જુએ.

વિમાન બાપુજીની પ્રયોગશાળાવાળા ટાપુ ઉપર આવી પહોંચ્યું. અહાહા.....! શો સુંદર ટાપુ છે! લીલાં લીલાં મોટા પાનવાળા વેલા. રંગબેરંગી ફૂલવાળા છોડ. નાળિયેરોથી લચી રહેલી નાળિયેરીઓનો તો પાર જ નહિ. ત્યાંના લોકો પણ સરસ રંગબેરંગી લુંગીઓ લગાવે નાની નાની ને રૂપાળી નાવડીઓ લઇ સમુદ્રમાં જાય, માછલી પકડે. નાચે ગાય ને મઝા કરે.

બાપુજીની પ્રયોગશાળામાં જાત જાતની માછલીઓના નમૂના હતા. આ માછલીઓ સારી રીતે ને કેવી રીતે ઉછેરાય તેની બાપુજી શોધખોળ કરતા હતા.

બાપુજી તો રોજ રોજ નવા નમૂના ભેગા કરે, છોકરાઓને બતાવે.

ઉપર થોડી માછલીના નમૂના છે.

૧. પોરપોઇઝ: ૨૦૦ રતલ તો એનું વજન છે.

૨. ચાબુકીયા: એનો પૂંછડી જેવો ચાબુક જોયો.

એનું વજન લગભગ ૪૦૦ રતલ છે એની લંબાઇ લગભગ ૧૭ ફૂટ છે.

૩. આ છે કરવતીયા માછલી એની આંખો આગળ કરવત જેવો ભાગ સહેજે ધ્યાન ખેંચે એવો છે એનું વજન તો સૌથી ચડે છે. ૭૦૦ રતલ અને એની લંબાઇ ૩૨ ફૂટ.

મદન, મોહન ને મંગુ તો એક નાની ચોપડી રાખે, ને એમાં આવી બધી નોંધ કરી લે. ઘણીવાર તો ચિત્રો પણ લે.

એક દિવસ તો બાપુજી એમને પરવાળાનો બાગ જોવા લઇ જવાના હતા. પરવાળાનો બાગ કેવો હશે, એ તો છોકરાઓને બિલકુલ જ બબર નહિ બાપુજીએ એમને બોટમાં બેસાડયા.

મંગુ બોલ્યો, 'પણ બાપુજી, આપણે બાગ જોવા જવાનું છે. દરિયામાં કેમ લઇ જાઓ છો.'

બાપુજી જરા હસ્યા પછી કહ્યું, 'તું જોજે તો ખરો, પાણીને તળીએ સરસ રંગબેરંગી ઝાડો થાય છે. અરે, ઇંદ્રના બાગની વાતો આવે છે. એના થીય સુંદર, આ તો બરોબર બાગ.

મોહન,: 'પણ બાપુજી આપણે પાણીમાં ઉતરીશું કેવી રીતે?'

બાપુજી: 'એને માટે તો મેં તમારા માપના બાસ કપડાં તૈયાર રાખ્યાં છે. એ પહેરી લેશો

એટલે તમારા શરીરને પાણી જરાય અડકશે નહિ. ચારે કોરથી એ તમારા શરીર બંધ કરી દેશે.'

મદન; 'ત્યારે હવાનું શું? પેલા ચિત્રોમાં આવે છે, એવી હવાની નળી કે?

મોહન:—મદન તને તો બહુ ડર લાગે છે.

મદન:—બાપુજી, ઘણીય વાર આવી છબીઓ મોકલે છે.

ત્યાં તો બોટ અટકી. બધાંએ બાસ કપડાં પહેરી લીધાં. પછી બાપુજી એક પછી એકને પાણીમાં લઇ ગયા. શરુઆતમાં તો જરા. બીક લાગે પણ થોડી વારમાં મહાવરો પડી જાય. માથાના ઢાંકણમાં આંખની જગ્યાએ સરસ મજબૂત કાચની બે નાની બારીઓ, તેમાંથી બધું દેખાય. પાણીને તળે તો ચાલવાનું પણ સહેલું શરીર સાવ હલકું લાગે.

બ હા હા.... ...શું સુંદર છે આ પરવાળાનો બાગ. જાણે સપનાની દુનિયામાં આવીને ઉભા છીએ. ઉપરના પાણીમાંથી આવતું સરસ અજવાળું પાસે પાસેનું જ દેખાય. અંદર તો દરિયાઈ છોડવા ને પરવાળાના રંગની શોભાનો પાર નહિ.

આવા સુંદર વાતાવરણમાં નાની મોટી માછલીઓ પોતાની પૂંછડીઓ પટપટ ફેરવતી તર્યા કરે. જાત જાતના રંગના ચટપટાથી ચમકતી માછલીઓ કેવી સુંદર લાગે છે? પરવાળાના ઝૂંડમાં રંગબેરંગી કરચલા પણ રહે છે.

મદન, મોહન ને મંગુને બહાર નીકળવાનું મન ન થાય. પણ બાપુજીએ સમય થતાં બધાને બહાર કાઢયા.

છોકરાઓ તો નાની બરણીઓમાં થોડી માછલીઓ પાળી. રોજ માછલીઓને બાવાનું આપે ને રમે. માછલીઓને જોઈ જોઇને રાજીરાજી થાય. એમણે તો સરસ પરવાળા, કોડીઓ ને છીપો પણ ભેગાં કર્યાં. બધાને કાગળ પણ ભરી ભરીને લખ્યાં.

વેકેશન પૂરું થયું. બાપુજીને પાછું મુંબઈ જવાનું થયું. છોકરાઓનું મન તો ટાપુ છોડવાનું થાય નહિ. પણ બિચારા કરે પણ શું?

પાછું વિમાન ઉડયું. થોડી વારમાં જ નજરમાંથી ટાપુ દેખાતો બંધ થયો. પણ આ ટાપુ છોકરાના મનમાં વસી ગયો હતો.

—શ્રી રમેશ કોઠારી

ઘેર કપડાં ધોવા માટે



સસ્તો, સારો, સગવડ ભરેલો સાબુ

ઈન્ડિયા લેબોરેટરી પ્રોડક્ટસ કું.

આગાખાન બિલ્ડંગ, દલાલ સ્ટ્રીટ મુંબઈ-૧

અમારું છાપું

લેખક : અરવિન્દકુમાર પરીખ, બી. ગ્રે.

પ્રિય વનુ,

ઘણા વખતથી તારો કાગળ નથી. કોણ જાણે શું યે કામમાં ગૂંથાઇ ગયો છે! પરીક્ષાને તો હજી વાર છે, અને પરીક્ષા હોય તો ય આપણે કયાં ભમરડા રમવા કે પતંગ ચગાવવા નથી જતા? તારી તબિયત તો સારી છે ને! અખાડામાં જાય છે કે છોડી દીધું?

મારા આ પત્રની સાથે હું એક છાપું મોકલું છું. તું જાણે છે કે મારા બાપુજી એક મોટા વર્તમાનપત્રના માલિક છે એમનું છાપું ગામેગામ વંચાય છે. પણ મને એમનું છાપું ગમતું નથી.

પરમ દિવસે અમારે, એટલે અમારી સાંકડી શેરીનાં છોકરાની ટીમને કડિયાવાડની ટીમ સાથે કપ મેચ હતી. અમે બધાએ બબ્બે આના કાઢયા અને એક સરસ કાચનો કપ લઇ આવ્યા. હું મારી ટીમનો કેપ્ટન હતો. પહેલું બેટ એ લોકોએ લીધું. એ લોકોના ૨૫ રન થયા. એ પછી અમારો દાવ આવ્યો. એ લોકોની ટીમમાં મોટા મોટા છોકરાઓ હતા હાં! અને એક મનસુખ કરીને છોકરો તો એવી બોલીંગ કરે, બસ કાતિલ. અમારા ચાર ભેરૂ તો પાંચ રનમાં જ ઉડી ગયા, પછી મારો વારો આવ્યો. મેં તો મનસુખની બોલીંગને પણ ઠોકી પાડી. તેં આપણું કન્યાશાળાનું મેદાન તો જોયું છે ને! અમે ત્યાં રમતા હતા. રમેશના એક બોલને તો મેં એવો ફટકાવ્યો કે કન્યાશાળાના કમ્પાઉન્ડની ભીંતે અથડાયો એટલે મને ચાર રન મળ્યા. અમે કુલ ૪૦ રન કર્યા પણ છેવટે અમારો એક ભેરૂ નોટ આઉટ હતો છતાં તે લોકોના અમ્પાયરે આઉટ આપ્યો એટલે અમારે તકરાર થઇ. એ લોકો ભારે અનાડી છે. છેવટે કપ ફોડી નાખ્યો. મને તો એવી બીજ ચડી પણ મારામારી કોણ કરે? હવે ફરીથી મેચ રમવા જઇશું ત્યારે આપણા અખાડાવાળા સોમાભાઇને સાથે લઇને જઇશું.

હા, પણ હું એમ કહેતો હતો કે મેં ઘેર આવી મારા બાપુજીને કહ્યું કે 'આપણા છાપામાં મોટા ક્રિકેટરના ફોટા આવે છે તો મારો ફોટો પણ મૂકો ને! મેં હાઇએસ્ટ રન–પંદર રન કર્યા છે. હું મારી ટીમનો સ્કોર પણ તમને લખાવું.' પણ બાપુજીએ એ વાત હસીને ઉડાવી દીધી. મને તો એવી બીજ ચઢી પણ શું થાય? મેં સુમનને કહ્યું કે બાપુજી મારી ક્રિકેટમેચના સમાચાર છાપતા નથી. તેને પણ બાપુજી પર ગુસ્સો ચઢયો હતો. તે કહે કે મારી સ્કૂલમાં મારે કલાસના મોનીટર થવું છે. તે માટે ચૂંટણી થવાની છે. મેં બાપુજીને કહ્યું કે તમે એમ છાપોને કે મારી કલાસનાં બધાં છોકરા છોકરીઓ મને જ મત આપે' પણ બાપુજી કહે 'એવું ન છપાય' મેં કહ્યું 'તમે ઇશ્વરકાકાને મત આપો એવું તો છાપો છો!' તો તે કહે, 'તે બહુ મોટા માણસ છે.'

હવે બોલ વનુ, તું જ કહે, આ બધા મોટા માણસની વાતો છાપામાં આવે, તેમના ફોટા છાપામાં છપાય ને આપણા કેમ નહીં? મેં ને સુમને વિચાર કર્યો કે આપણે આપણું પોતાનું છાપું કાઢી લેવું જોઇએ. અમે બાપુજીના છાપાનો બાયકોટ કર્યો. હવે અમે અમારું નાનું છાપું જ ચલાવીશું. અમે એમાં નાનાં સમાચારો જ છાપીશું. ચર્ચીલ અને માલેન્કોવ આમ બોલ્યા અને ગવર્નર આજે દિલ્હી ગયા એ બધાનું આપણે શું કામ છે? જીનિવામાં મિટીંગ ભરાય તેમાં આપણે શું? બાપુજી તો એવું બધુ નકામું નકામું છાપી મારે છે, અમારું છાપું બાપુજી વાંચશે ત્યારે એમને લાગશે કે અમારું છાપું કેટલું સરસ છે!

અમે આજે એનો પહેલો અંક કાઢીએ છીએ. હમણાં તો અમે હાથે લખ્યું છે. મારો વિચાર તો આનો છપાવવાનો હતો પણ પ્રેસમાં ગયો તો દયારામભાઈ કંપોઝીટરે કહ્યું કે તમે મોટા થાવ પછી છાપીશું. આ બધા મોટા લોકોથી તો તોબા! હું મોટો થઈશ ત્યારે એ બધાને બતાવી દઈશ. હમણાં તો છાપાનું મથાળું વગેરે મારા ડ્રોઇંગસર પાસે ચીતરાવી બ્લોક બનાવી લઈશ. અત્યારે તો આ સામેના પાના પર આપ્યું છે. તું છાપું વાંચીને પછી મને લખજે કે તને કેવું લાગ્યું? પણ વાંચીને તરત પાછું મોકલજે હાં! હજી મારે બાપુજીને વંચાવવાનું છે. બાપુજી હમણાં બહારગામ ગયા છે. ચાર પાંચ દિવસોમાં આવવાના છે. માટે તું જરૂર વાંચીને પાછું મોકલી આપજે. શીલા કુસુમ બધાંને વંચાવજે. અને બધાંને કાગળ લખવા કહેજે. તારાં બા, બાપુજીને મારાં વંદન કહેજે.

લી. સુરેશના જયભારત.



[અમારું છાપું]

જાહેર ખબર
માટે
જગ્યા

ચૂ-ટી ચૂ

☆

દેશ પરદેશના
નવા તથા જૂના
સ્ટેમ્પસ
ખરીદવા વેચવા લખોઃ
સુરેશ દેસાઇ, ઘોરણ પમું.

વર્ષ ૧લું અંક ૧લો તંત્રી— સુરેશ દેસાઇ-સુમન દેસાઇ તા. ૧૭-૯-૧૯૫૪

આ શરીર અખતરા માટે નથી

બાપુજીએ વૈદકાકાને સંભળાવેલી સ્પષ્ટ વાત.

તા. ૧૫

આજે જ્યારે બાપુજીના વાના દરદ માટે વૈદકાકાએ બીજી દવાનો પ્રયોગ કરવા માટે કહ્યું ત્યારે બાપુજીએ કહ્યું કે, 'આ શરીર અખતરા માટે નથી.' જણવા મળે છે કે બાપુજી આ વૈદકાકાની દવા બાઇ બાંધ કંટાળી ગયા છે. તેઓ બાને કહેતા હતા કે ઊનાળાની રજાઓમાં મુંબઇ જશું ત્યારે ત્યાંના મોટા ડોકટરને શરીર બતાવીશું.

સુરેશ દેસાઇએ કરેલા દસ રન

કડીઆવાડ ટીમની હાર.

તા. ૧૬

કડીઆવાડની ટીમ અને અને સાંકડી શેરીની ટીમ વચ્ચે કન્યાશાળાના મેદાનમાં ક્રિકેટ રમત રમાઇ હતી કડીઆવાડની ટીમ ૧૫ રનથી હારી ગઇ હતી શ્રી શેઠ કેપ્ટન હતા. તેમણે સૌથી વધારે–૧૫ રન કર્યા હતા, અને બે વિકેટ લીધી હતી.

બા બારિયા જશે?

તા. ૧૫

આવતા મહિનામાં મામાના હસમુખભાઇના લગ્ન છે. તેથી બા બારિયા જવાનાં છે સુરેશ–સુમનને પરીક્ષા હોવાથી તેમને લઇ જશે નહી.

પાડોશી છગનલાલે નોકરની કાઢેલી ચૂળ

ગઈ કાલે તણાવ પર સાણુ ભૂલી જવા બદલ પાડોશના છગન કાકાએ તેના નોકરને ખૂબ ધમકાવ્યો હતો અને કાઢી મૂકવાની ધમકી આપી હતી. મનસુખ બિચારો રડતો હતો. ચંચળ કાકી રોજ એને વઢે છે. અને ખાવાનું ઓછું આપે છે. એમનો છોકરો રમણ બહુ સારો છે. તેણે મનસુખને ખાવાનું આપ્યું.

બગડી ગયેલો રેડીઓ

તા. ૧૬

છેલ્લા ત્રણ દિવસથી ઘરના રેડીઓમાં ખૂબ ઘોંઘાટ થાય છે અને સારું સંભળાતું નથી, તેથી રેડિઓ અરૂણ કંપનીમાં રિપેર કરવા આપવાનો છે. કહે છે કે રિપેર કરવાના ખૂબ પૈસા પડે છે.

સુમનને મત આપો
મોનીટર થવાને એજ
લાયક છે. નવીન સર
પણ કહેતા હતા. માટે
જરૂર મત આપજો.

બાપુજીની મૂજેદાર વાતો

બાપુજીએ સાયકલ ચલાવી

સાબરમતી આશ્રમની આ વાત છે. બાપુ પાસેના એક ગામમાં ગએલાં હતા. તેમને જવાનો ઘંટ વાગે ત્યાર પહેલાં આશ્રમમાં પાછું ફરવાનું હતું. ઘંટ પાંચ વાગે થવાનો બને કચરાની ટોપલીમાં નાખી દીધો. આ જોઈને હતો. ગામમાં બહુ મોડું થઇ ગયું એટલે કેમ પેલો અંગ્રેજ ગુસ્સે થઇને તેમની પાસે ગયો. જલ્દી પહોંચાય? અહીં તો માત્ર તેજ ચાલનારી સાયકલ હતી, પણ બાપુજીએ કદિ પહેલાં સાયકલ ચલાવેલી નહિ. બાપુજીને તો જલ્દી પહોંચવાનું હતું. તેઓ ઝટ બોલ્યા: 'લાવો સાયકલ, તેનાથી હું જલ્દી પહોંચી જઇશ.' બધાને બીક હતી કે બાપુ ક્યાંય પડી ન જાય! ક્યારેય સાયકલ તો ચલાવવાનું શીખ્યા નથી. બાપુને સાયકલ પર બેસાડવામાં આવ્યા અને તેમણે પૂરવેગે સાયકલ મારી મૂકી. તે બાજુ આશ્રમમાં ઘંટ વાગી રહ્યો હતો અને આ બાજુ બાપુની સાયકલ પણ આશ્રમને દ્વારે આવી પહોંચી હતી.

ટાંચણી

બાપુ એક વખત હોલેન્ડ જઈ રહ્યા હતા. જે વહાણમાં તેઓ જઇ રહ્યા હતા તેમાં એક અંગ્રેજ પણ હતો. તે બાપુથી બહુ બીજતો હતો. તેણે બાપુજીને બીજવવા સારૂ જેવી તેવી ગંદી ભાષા લખી એક કાગળ બાપુજીના ચર્ખા પાસે મૂકી દીધો. બાપુજી તે સમયે કાંતી રહ્યા હતા. તેમણે એ પત્રને વાંચ્યો અને હમતા હમત તેમાંની ટાંચણી કાઢી લઇ તે કાગળને ટાંચણી બાપુજીએ પોતાની ટાંચણી ડોકીને એની આગળ ધરી કહ્યું:

'ભાઇ, મેં સારસાર આ ડબ્બીમાં મૂકી દીધો છે. બાકીનો કચરો ટોકરીને હવાલે કર્યો છે.'

આ સાંભળી પેલો અંગ્રેજ બસિયાણો પડી ગયો અને બાપુજીના ચરણોમાં નમી પડયો.

આવી આવી નિત નવી શિક્ષાપ્રદ બીનાઓ બાપુજીના જીવનમાં બન્યા કરતી હતી. તમે બાપુજીનું પુરૂં જીવન વાંચશો, તો તમને આવું આવું ઘણુંય જાણવાનું મળશે.

તમે જાણો છો કે બાપુજી તમારા જેવા બાળકોને કેટલા પ્યાર કરતા હતા. જ્યારે કોઇ બાળક તેમને મળવા જતું ત્યારે તેઓ પોતાનું મોટામાં મોટું અગત્યનું કામ પણ અલગ રાખી દેતા. તેઓ બાળકો સાથે ખેલવું ખૂબ જ પસંદ કરતાં. આવો બાળકો આજે બીજી ઓકટોબરે એમની જન્મ જયન્તી આવે છે તે ખુશી પૂર્વક ઉજવીએ અને સારાસારા લોકહિતના કામો કરતા થઇએ.

—શ્રી 'દેવદૂત'

હિમાલયનો હિમ-માનવ

હિમાલય નામ કેમ પડયું હશે, ખબર છે ?

હિમ એટલે બરફ અને આલય એટલે સ્થાન.

બરફનું સ્થાન એટલે હિમ-આલય હિમાલય.

અને હિમાલયની ટોચ ઉપર બરફ, બરફ ને માત્ર બરફ જ છે ! શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસું હોય પણ હિમાલય ઉપર તો બરફ ને બરફ જ હોય !

હા, હિમાલયના નીચલા ભાગમાં ખૂબ ઝાડના જંગલો છે. પણ જેમ જેમ ઉપર જાઓ તેમ તેમ જંગલને ઠેકાણે બરફ આવતો જાય.

અને હિમાલય તો આખી દુનિયામાં સૌથી ઊંચો પહાડ છે. એનું ઊંચામાં ઊંચું શિખર ગૌરીશંકર જેને 'માઉન્ટ એવરેસ્ટ' કહે છે, એ ઓગણત્રીશ હજાર ફૂટ ઊંચું છે.

અને એના ઉપર તો કોઇ ચડી જ શકતું નહીં. એટલું ઊંચું, એટલું ઊંચું કે ત્યાં તો શ્વાસ લેવા હવા પણ પાતળી પડે. અને માણસ મુંઝાઇને જ મરી જાય !

પણ માણસ કંઈ એવો બહાદુર છે ? એ તો જે કંઇ તકલીફ આવે તેનો સામનો કરે, ઉપાય કરે અને એ તકલીફને દૂર કરે. એવરેસ્ટ શિખર ઉપર પણ આખી દુનિયાના લોકો ચડવા આવે.

'અરે, ન ચડાય શું ? અમે તો ચડશું જ.'

એમ સૌ કહે. હવા પાતળી થઇ જાય અને ચડનારાને શ્વાસ લેતાં તકલીફ પડે. પણ એનો પણ ઉપાય શોધી કાઢયો. સાથે હવા ભરીને કોથળીઓ લઈ જાય. પણ ચડયે જ રહે!

પણ એમ તો સામે આ ગૌરીશંકર શિખર એ કંઇ એમ સહેલાઇથી ચડી શકાય—ના રે ના ! કેટલાય ચડતાં ચડતાં બરફના તોફાનમાં સપડાય ને ત્યાં જ દટાઇ જાય. આમ કેટલાય મરી ગયા.

પણ તોયે લોકો ફરી ફરીને ચડવા આવે!

એમ જ ગયે વરસે બહારથી લોકો ચડવા આવેલા. એનો સરદાર હતો કેપ્ટન હન્ટ. અને એની સાથે હતો આપણો તેનસિંગ.

તેનસિંગ તો કેટલાય વરસોથી હિમાલય ખૂંદે. એ તો હિમાલયનો પાકકો ભોમિયો. આ બહારના લોકોને એના વગર ચાલે નહીં.

અને આખર એ તેનસિંગ અને બીજો ઓસ્ટ્રેલિયાનો હિલેરી એ એવરેસ્ટ શિખર પર ચઢી ગયા.

આ બહુ આકરું કામ હતું. કોઈ એ નહોતું કરી શકયું. આખી દુનિયામાં તેનસિંગનો ડંકો વાગી ગયો !

એ સાથે જ એ ટુકડીએ પાછા આવી એક બીજી વાત કરી. તેથી લોકોને બહુ આશ્ચર્ય થયું :

એ કહે: 'અમે ઉપર એ બરફના પ્રદેશમાં માણસનાં પગલાં જોયા.'

બધાં આશ્ચર્યચકિત થઈ ગયા.

'શું ? એટલે ઊંચે, જ્યાં માણસને એક દિવસ પણ રહેવું અશકય છે, જ્યાંની ઠંડી માનવી માટે અસહ્ય છે, ત્યાં માનવી રહેતો હશે ?'

'હા, અને એ ખૂબ મોટો હશે. કેમકે એનાં પગલાં ફૂટ ફૂટની લંબાઇના છે'

પછી તો ભાઇ, એની શોધ કરવા લોકો નીકળી પડયા. અંગ્રેજો નીકળ્યા. નોર્વેજીયનો નીકળ્યા.

અંગ્રેજો એટલે ઇંગ્લાંડના લોકો ને નોર્વેજીયનો એટલે નોર્વેના લોકો.

એ લોકો તો આ જ કામની પાછળ આદુ બાઇને અડી પડયા.

તેમાં અંગ્રેજોને પહેલાં હિમમાનવના પગલાં દેખાયાં. એ માણસ બરફના પ્રદેશમાં રહે છે એટલે એને હિમમાનવ કહે છે.

એ લોકોએ તો એ પગલાંનું ઝીણવટથી અવલોકન કર્યું. એના ફોટાઓ લીધા.

એમને લાગ્યું કેઃ

હિમમાનવ રીંછ જેવો હોવો જોઇએ. પણ એનું કાંઠું માણસ જેવું હોવું જોઇએ, અને અને ચાલતા હશે પણ માણસની જેમ બે પગે.



આમ તપાસ કરતાં કરતાં હિમાલયની તળેટીમાં બાજુના ગામડાઓમાં આવ્યા.

એ ગામડાના લોકોને પણ આ હિમમાનવીની બબર હતી. એ લોકો તો તેને 'યતિ' કહેતા હતા. આ લોકોના મંદિરમાંથી હિમમાનવના માથાની ખોપરી પણ જોવા મળી. હવે તો હિમમાનવ હોવો જ જોઇએ એવી ખાત્રી થઈ ગઈ.

એ ખોપરી તપાસતાં નક્કી થયું કે એનું માથું લંબગોળ હશે. એની ચામડી પાડા જેવી જાડી હશે. અને ચામડીની નીચે કુકડની જેમ ચરબીનું જાડું પડ હશે. નહીં તો એ બરફની અસહ્ય ઠંડી કેમ સહન કરી શકે ?'

પણ પછી તો આ લોકો પાછા ફરી ગયા.

હવે પેલા નોર્વેના લોકો તપાસે ચાલ્યા. એમાં એક હતો ટોરબર્ગ ને બીજો હતો ફ્રેસ્ટીસ.

એ બેય શોધવા નીકળી પડયા.

બૂબ બૂબ શોધાશોધ કરે.

આમ દિવસો ઉપર દિવસો ચાલ્યા જાય પણ કયાંય હિમમાનવનો પત્તો લાગે નહિ.

પણ આ જોડી નિરાશ થતી નથી. ઢીલી પડતી નથી. એ તો લાગ્યા જ રહ્યા.

અને ખરે જ એમની ધીરજનાં મીઠાં ફળ એમને એક દિવસ મળ્યાં !

એક દિવસ બંને સાથીઓ ઘૂમી રહ્યા હતા ત્યાં દૂરથી એમને રીંછડા જેવું કંઈક દેખાયું. તરત જ બંનેના હાથ ગળાના દુરબીન ઉપર ગયા ને દુરબીન માંડી જોયું—તો ?

સામેથી એક મોટો રીંછ દોડતો એમની તરફ આવી રહ્યો છે ! પણ રીંછની જેમ ચાર પગે નહીં પણ માણસ જેમ બે પગે એ દોડતો આવે છે.

એમને ખાત્રી થઈ ગઇ કે આજ હિમમાનવ !

બંને એક બરફની શિલા પાછળ છુપાઇને જોવા લાગ્યા.

એમનો વિચાર એવો હતો કે એ હિમમાનવ નજીક આવે કે પકડી લેવો.

હિમમાનવ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ એ ધીમો પડતો ગયો. એ ચારે બાજુ જોવા લાગ્યો. કોણ જાણે, કદાચ એને દુનિયાના માનવીની પશુ જેમ ગંધ આવતી હશે ?

હિમમાનવ પાસે આવતાં વિશેષ સ્પષ્ટ દેખાયો એની ઊંચાઇ બાસ્સી ત્રણ મીટર હતી. અને શરીરે મજબૂત પણ ખૂબ દેખાતો હતો. જાણે ગોરીલો વાંદરો જોઇ લ્યો. અને એ તો મોટામાં મોટા પશુઓને પણ પહોંચી જાય એવો તાકાતવાળો. એના આખા શરીર ઉપર રીંછની જેમ ખૂબ ખૂબ વાળ.

ફ્રેસ્ટીસને લાગ્યું કે આને જીવતો પકડવો શકય નથી. એટલે એણે તો બંદુક ઉપાડીને તાકી. પણ ટોરબર્ગે તેને રોકયો :

મારતો નહીં. આપણે તો એને જીવતો જ પકડવો.'

ફ્રેસ્ટીસે બંદુક નીચી કરી દીધી.

હિમમાનવ આગળ વધતો અટકી ગયો અને આસપાસ જોવા લાગ્યો.

ટોરબર્ગને થયું કે 'કયાંક હિમમાનવ હાથથી જાય તો ? એટલે એનો ફોટો તો પાડી જ લેવો.'

એણે કેમેરા લઇને એનો ફોટો પાડયો. આ દરમ્યાન જે કંઇ હિલચાલ થઇ એથી હિમમાનવ ચેતી ગયો અને એ તો વિજળી વેગે પાછો ફરીને ટેકરીઓ ચડતો ભાગ્યો.

કોળિયો મોઢે આવીને પડી જાય એવી લાગણી આ બંનેને થઇ. એ બંને હિમમાનવ પાછળ દોડવા લાગ્યા.

એમની ઇચ્છા હતી કે હિમમાનવને કોઇ પણ રીતે જીવતો પકડવો. પણ પેલો થોડો હાથ આવે ! આ લોકો તો એને ડરાવવા ! બૂમો પાડવા લાગ્યા. પણ એમ ડરીને થોભી જાય એ બીજા !

હિમમાનવ તો હરણની ફાળ ભરતો લાગ્યો ભાગવા.

આ લોકો હવે બિલ્કુલ નિરાશ થઇ ગયા. અને આખર બંનેએ છેલ્લે જીવતો નહીં તો મરેલો હિમમાનવ પકડવા બંદુકો ઉપાડી. અને હિમમાનવ ઉપર ગોળીઓ છોડી.

પણ હિમમાનવના ઠેકડા મારતા શરીરને એકે ગોળી લાગી નહીં. એ તો ઘડીના છઠ્ઠા ભાગમાં અદ્રષ્ય થઈ ગયો.

એ લોકો ત્યારપછી દિવસોના દિવસો શોધતાં રહ્યા. પણ પત્તો ન બાંધો તે ન જ બાંધો.

બન્ને દોસ્તો નિરાશ થઇ હાથ ઘસતા બેસી

ગયા! એમની નિરાશાનો પાર નહોતો.

છેક હોઠે આવેલો અમૃતનો પ્યાલો ઢોળાઇ ગયો હતો.

એમની એ નિરાશામાં એક જ આશ્વાસન એમને હતું: અને તે હિમમાનવનો પાડેલો ફોટો.'

એ ફોટો ઉપર આપ્યો છે.

જુઓ તો, કેવો લાગે છે એ હિમમાનવ! જાણે મોટો ગોરીલો વાંદરો ઉભો ન હોય! પણ એને દાઢી ને મૂછો પણ છે. એના મોટા રાક્ષસ જેવા દાંત દેખાય છે. એના લાંબા લાંબા હાથ બરાબર ગોરીલા જેવા જ લાગે છે.

ખેર, આજ તો આપણને માત્ર હિમમાનવનો ફોટો જોવા મળે છે. પણ ભવિષ્યમાં આપણને કોઈ દિવસ એ હિમમાનવ જોવા મળશે.

અરે, એ જોવા મળશે સાથે એય જાણવા મળશે કે આ સાહેબ ખાય છે શું? અને એ પાતળી હવામાં રહે છે કેમ?

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં 'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ', એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.



બુલબુલની વાત

ચીન દેશની એ છોકરી. એના સુંદર કાળાં વાળ. એના ગોરા ગોરા પીળાશ પડતા ગાલ. એની મોર જેવી ચાલ. એ તો બૂબ સુંદર.

એ એના પિતાની એકની એક દીકરી. એને માટે એના બાપુજીએ એક સુંદર ફૂલોથી ભરપૂર બગીચો બનાવેલો. એ બગીચામાં બારે માસ ફૂલ ખીલેલાં જ રહે. રાતા, પીળાં ને ભૂરાં, જાંબૂડી, કેસરી ને સફેદ, જ્યાં જુવો ત્યાં ફૂલ જ ફૂલ. છોકરી રોજ બાગમાં જાય ને મઝા કરે.

એક દિવસ વહેલી સવારે એ તો બાગમાં ફરવા ગઈ. સવારના સૂર્યના કિરણો આખા બાગને સુશોભિત કરતાં હતાં. છોકરી ફૂલ ચૂંટતી હતી. ત્યાં તો અચાનક એક પંખીનો દુઃખ ભરેલો 'ચીં.... ચીં....ચીં' અવાજ આવ્યો. એણે ઉપર જોયું. તો એક નાના બુલબુલને બાજ પક્ષી પકડતું હતું. તરત જ છોકરીએ માળીને બૂમ પાડી. માળીએ ગીલોલ મારી બાજ પક્ષીને ઉડાડી મૂકયું. પેલું નાનકડું બુલબુલ તો બીકનું માર્યું છોકરીના હાથ પર આવીને બેસી ગયું. પછી તો છોકરીએ એને એના બાગમાં જ રાખ્યું. બાગમાં તો બુલબુલને મઝા પડી, મીઠાં ફળ ખાવાનાં, મઝાના ગીતો ગાવાનાં.

છોકરી રોજ બુલબુલની બબર લે ને બુલબુલ રોજ મઝાની વાત કહે. એવી સરસ વાત કે બસ સાંભળ્યા જ કરીએ. તમારે એમાંની એક વાત સાંભળવી છે ?

આ રહી એ વાત.

બુલબુલે કહ્યું, 'એકવાર એક છોકરો હતો. એ ઘણો બૂરખો ને મીનજી પણ ગરીબ. એનો બાપ મરી ગએલો. એ એની ઘરડી મા સાથે રહે. છોકરો તો રોજ જંગલમાં જાય, લાકડાં કાપે, ભારો લઈને ગામમાં વેચવા જાય. પૈસા આવે તેનું અનાજ લાવે, ને ગુજરાન ચલાવે.

એક દિવસ તો એ જંગલમાંથી લાકડા કાપીને આવતો હતો. ત્યાં સામે એના પગમાં એક પથરો અથડાયો. એના પગમાં લોહી નીકળ્યું. એને થયું કે જો એનું ચાલે તો આખા પથરાને ઉંચકીને એ દરિયામાં ફેંકી દે. એણે એ પથરાને ઉચકવાનો પ્રયત્ન કર્યો, પણ પથરો શેનો ઉંચકાય ! છોકરો તો મહેનત કરતો જાય ને ભગવાનને ગાળો દેતો જાય.

ગુસ્સે થઇને ગાળો દેવાનો તો એનો સ્વભાવ જ. એ મૂર્ખો છોકરો કહેતો હતો કે ભગવાન ગધેડો છે, મને આ પત્થર ઉંચકવાનું જોર નથી આપતો.

આ વાત જંગલના દેવે સાંભળી. એમને પેલા મૂરખ ને મીનજી છોકરાની ગમ્મત જોવી હતી. એને એવી શક્તિ આપી કે જે કરવું હોય તે એ કરી શકે, પણ એ શક્તિ એને એક જ દિવસ માટે આપી ને એ છોકરાના તાલ જોવા માંડયા.

છોકરો ગાળો દેતો જતો હતો. ને પત્થર ઉંચકતો જતો હતો. એવામાં તો અચાનક એને એનો પત્થર હલકો ફૂલ જેવો લાગ્યો. છોકરાનું તો અભિમાન જ ન માય. એ તો પત્થરને એક હાથમાં ઉંચકીને દરિયા તરફ ચાલવા માંડયો ને ગાવા માંડયોઃ

હું બંદો મોટો પહેલવાન
મારાથી ડરશે - ભગવાન.

જંગલના દેવ તો આ મૂરખની વાત સાંભળી હસ્યા કરે.

પેલો તો દરિયે પહોંચ્યો ને દરિયામાં પથરો ફેંકયો. દરિયામાં પથરાના પડવાથી પાણીના છાંટા ઉડયા. છાંટા છોકરા ઉપર પડયા. એ તો ગુસ્સે થયો ને દરિયાને ગાળો દેવા લાંગ્યો.

'અરાળ દરિયા, હું તારૂં પાણી ઉલેચી નાંઢીશ'. એણે તો દરિયામાંથી પાણી ઉલેચવાનું શરૂ કરી દીધું. થોડીવારમાં તો દરિયો ખાલી થમ, અંદર, કાંકરા ને રેતી દેખાય. બિચારા વહાણવટીઓનાં વહાણ અટકી ગયાં. બધાં રાજા પાસે ગયાં. ને પેલાં છોકરાની વાત કરી. રાજા પેલા છોકરા પાસે ગયો ને તેને કહ્યું કેઃ

'મારું અડધું રાજપાટ લો ને મારી પુત્રી સાથે પરણો, પણ આ દરિયાનું પાણી ભરી આપો!

છોકરો તો ખૂબ મીનજી. એણે કહ્યું :

'જા, જા, મૂરખા રાજા, 'તને ને તારા લશ્કરને ફૂંકથી ઉડાડી દઇશ, ને તારું રાજ્ય ને તારી પુત્રી લઇ લઇશ.'

રાજાને આ અપમાન ન ગમ્યું. એણે તલવાર ખેંચી, ત્યાં તો છોકરાએ ફૂંક મારી, તો રાજા ને રાજાનું લશ્કર કોણ જાણે કયાં જઇને પડયું.

છોકરો તો રાજમહેલમાં ગયો. રાજાના સિંહાસન ઉપર બેઠો. રાજાની છોકરી સાથે પરણ્યો.

છોકરી બહુ ચતુર હતી. એ સમજી ગઇ, કે આ' મૂરખ માણસને ગુસ્સે કર્યા વિના કામ કઢાવી લેવા જેવું છે.

છોકરીએ કહયુંઃ 'તમે હવે અમારા રાજા છો, તમારા જેટલું ડહાપણવાળું ને દયાવાન કોઈ નથી. હું તમારી ખૂબ સેવા કરીશ.'

છોકરો તો પોતાના વખાણ સાંભળીને ઘેલો ઘેલો થઇ ગયો. એણે કહ્યું,

'રાણી, તું જે કહે તે કરી નાખું.'

રાજકુંવરીએ કહયું કે, 'દરિયામાં પાણી લાવી દો.' છોકરાએ જોરથી બૂમ પાડી 'દરિયામ પાણી આવી જાય.'

રાજકુંવરીએ બગાશીમાંથી જોયું તો દરિયો પાણીથી છલકાતો હતો.

છોકરો કહે, 'હવે બીજું શું ?'

રાજકુંવરીએ કહયું, 'મારા પિતાને ને એમના લશ્કરને લાવી આપો.'

છોકરો બોલ્યો; 'રાજા ને રાજાનું લશ્કર આવી જાય.' એક પલકમાં તો રાજમહેલના ચોગાનમાં રાજાને રાજાનું લશ્કર આવી ગયું.

છોકરો અભિમાનથી બોલ્યો, 'જોયો મારો વટ, જોઇ મારી શક્તિ.'

બે બહેનો

લેખક :
ચુનીલાલ વર્ધમાન શાહ

બે બહેનો હતી. બેઉ એક-બીજાની બાજુએ ચાલી જતી હતી. એકની કાયા વિશાળ હતી, બીજીની કાયા પાતળી હતી. એક હતી શહેરી, બીજી હતી ગામઠી. એકનું નામ સડક, બીજીનું નામ પગદંડી. સડક બોલી :—"બહેન ! તું નકામી મારી સાથે સાથે ચાલી આવે છે. તું હવે થોભી જા. મને એકલીને જ જવા દે."

પગદંડી બોલી :—"ના, હું તો તારી સાથે ને સાથે જ આવીશ."

સડક :—"પણ તું હવે કશા કામની નથી. જો, મારા પરથી મોટરો, ગાડીઓ, હાથી-ઘોડા થોક બંધ જાય છે, ને આવે છે; મારી બાજુએ વૃક્ષોની સુંદર હારો છે, તેની શીતળ છાયા છે, માઇલે-માઇલે પત્થરના રૂપાળા સ્થંભ ખોડયા છે, પછી તારે મારી સાથે ને સાથે આવવાની શી જરૂર ?"

પગદંડીએ જવાબ આપ્યો : "તું ભૂલે છે, બહેન ! રબારી-ભરવાડ, ઠોર-ઢાંખર, કૂતરાં-બિલાડાં, એ બધાં તારાથી દૂર જ ચાલ્યા કરે છે, તેમણે જ મને બનાવી છે, ઘણાં વટેમાર્ગુઓ પણ મને ચાહતા હોય છે એ તું ભૂલી ન જા."

બેઉ બહેનો સાથે સાથે ચાલ્યા જ કરતી. ક્યાંક ચઢાણ આવતું, ક્યાંક ઉતરાણ આવતું, ક્યાંક ખાડા આવતા, ક્યાંક કાંટા-કાંકરાં આવતા, ત્યારે પગદંડી ચડતી, ઉતરતી, ફેરમાં ચાલતી, ઊંડી જતી, આછી-પાતળી થતી, ક્યાંક જાણે માંડમાંડ આગળ ચાલતી દેખાતી, પણ તે થાકતી નહિ, હારતી નહિ, સડકની નજીક કે આઘે જતી પણ તેનો સાથ છોડતી નહિ.

એટલામાં એક પાણીનું નાળું આવ્યું. સડક તેને દાબી દઈને પૂલ ઉપરથી આગળ વધી તેણે પગદંડીને કહ્યું :

"થોભી જા ! હવે તું શું કરી શકવાની છે ?"

પગદંડી મૂંગી મૂંગી પાણીના કિનારા સુધી પહોંચી ને અલોપ થઇ ગઈ, પણ સામે કિનારે જાણે પાણી તરીને નીકળી હોય તેમ તેણે દેખાવ દીધો ! સડક જોઈ જ રહી, કશું બોલી નહીં.

આગળ જતાં પહાડ આવ્યો. સડકે પહાડનું કાળજું તોડી તેના બે કટકા કર્યા અને વચ્ચે ચાલવા માંડયું. પગદંડીએ પહાડના માથા પર થઈ આગળ વધવાનું ચાલુ રાખ્યું.

રાજકુંવરીએ કહ્યું,' બરોબર, તમે બહુ શક્તિવાળા છો. ભગવાનને પણ ટપી જાવ.

છોકરો બોલ્યો, 'ભગવાન તો મગતરું છે, મારે જે બનવું હોય તે બની જાઉં. ભગવાનની શક્તિ મારી શક્તિના હિસાબમાં શું છે. હું ધારું તો એને મારો ગુલામ બનાવું.

રાજકુંવરીએ સમય જોઇને કહ્યું, 'તમે એક પળમાં ઘોડો બની જઇ શકો બરા.

મૂરખા છોકરાએ તો ઇચ્છા કરીને તરત ઘોડો બની ગયો.

અહીં છોકરો ઘોડો બન્યો ને ત્યાં દિવસ પણ પૂરો થયો. જંગલના દેવે ગમ્મતમાં આપેલી શક્તિ ઓગળી ગઈ. મૂરખો છોકરો આખી જીંદગી ઘોડો રહ્યો.

રાજકુંવરીએ કુંભારને બોલાવી એને આપી દીધો. આવી નવી નવી વાતો બુલબુલ રોજ રાજકુંવરીને કહેતુ. —ર. કોઠારી.

સડક કોઇવાર ચાલતી, મોટરોમાંથી રેડિયોનાં મુલાયમ સંગીત સાંભળતી; પગદંડી ઘણીવાર ગોવાળિયાના પાવાના મધુરા આલાપ માણતી.

સડક ચિડાઇને બોલી:— 'તું તો હઠીલી છે, પગદંડી! તારી જિંદગી જ નિરર્થક છે. જો, હું સિમેન્ટ, પત્થર અને ડામરની બનેલી કેવી સ્વચ્છ, સુંદર અને એકસરખી છું! મારા પર એક તણખલું પણ ઉગતું નથી. એ બધા ગુણોથી જ હું સરખી રીતે સૌના ઉપયોગમાં આવું છું.'

પગદંડી બોલી: 'મારી જિંદગી કેટલી ઉપયોગી છે, તે લોકો જાણે છે. હું ધરતી માતાની ઇચ્છા રૂપ જા છું. એટલે ધરતીને લુખ્ખી—સુકકી બનાવતી નથી. મારા પર ઘાસ, છોડ, તરકારી બધુંય ઊગી શકે છે, તેનો ઉપયોગ થઈ શકે છે, અને ફરી જ્યારે જરૂર પડે છે ત્યારે કોઇપણ હરિયાળી વચ્ચે થઇને પણ હું દેખાવ આપી શકું છું, બહેન!'

સડક બોલી:— 'મૂર્ખી! તું જમાનો ઓળખ્યા વિના મોટી મોટી વાતો કરે છે, તને શરમ નથી આવતી.'

પગદંડી બોલી:— 'ના, હું શરમાઉં શા માટે? તારો તો જન્મ પણ થયો નહોતો તે પહેલાંના જમાનાથી હું ચાલી આવું છું. તું ભલે તારી મોટાઇની વાતો કરે, પણ લોકોએ જે પગો વડે મને બનાવી છે, તે પગોની સેવા કરવા માટે તું જન્મી છે, એટલું ભૂલીશ નહિ.'

અને સડકે જોયું કે પોતે જ્યાં જ્યાં જતી ત્યાં ત્યાં પગદંડી પણ સાથ છોડ્યા વિના તેને પાર કરીને પણ આવતી.

ભરી જુઓ



મારું વહાલું.....
પ્યારું પ્યારું
ખોવાયું છે ભાઇ.
ભરશો ખાનાં
ત્યારે એ દેખાય.

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજે જ મંગાવો
હિંદમાં જ બનેલી શુદ્ધ સ્વદેશી
રંગીન પેન્સિલો
લખો:
એકમે એજન્સીઝ
(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,
કપાસિયા બજાર
અમદાવાદ ૨.

સાપ ને દેડકો

તમે જાણ્યું, જોયું કે સાંભળ્યું હશે કે સાપો દેડકાને ભાળ્યા મૂકતા નથી. આ અંગેનો એક રસિક કિસ્સો જાણવા જેવો છે. દુનિયામાં જ્યારે માનવીનો જન્મ જ થયો નહોતો ત્યારનો આ કિસ્સો છે.

એક વખત ખૂબ જ વરસાદ પડ્યો. વરસાદનું પાણી સાપોના રાફડામાં ભરાઇ ગયું. આથી સાપો ખૂબ હેરાન હેરાન થઇ ગયા. સાપો આ બાજુ હેરાન થતા હતા. ત્યારે પેલી બાજુ દેડકાં પાણીના ખાબોચીયામાં પડયા પડયા આનંદ માણી રહ્યા હતાં.

સાપોનો સરદાર બરાબર આજ વખતે એ દેડકાવાળા ખાબોચિયા પાસે ગયો અને દેડકાના સરદાર ને બોલાવી કહેવા લાગ્યો :

"જુઓ, ભાઇ, અમે તમારા સગા ભાઇ જેવાં છીએ. અમારી વરસાદ સાથે દુશ્મનાવટ છે. કારણ કે તે અમોને ઘરબાર વગરના આશ્રય વિહાણાં કરી મૂકે છે. અમારા કેટલાય ભાઇને તે નદી નાળામાં ખેંચી જાય છે. અમારા દુઃખને તમારે તમારું દુઃખ સમજવું જોઇએ. આ રીતે આનંદ ન માનવો જોઇએ."

પેલો દેડકો-સરદાર જરા અભિમાની બન્યો અને પેટ ફુલાવતો બોલ્યો :

"એમાં અમે શું કરીએ !

શું વાદળાં અમારા હાથમાં છે !

શું પાણી અમે વરસાવીએ છીએ ?

શું અમે ઈન્દ્ર ભગવાન છીએ ?

શું અમે વિજળીના બેટા છીએ !

સર્પરાજ આ સાંભળી જરા વિચારે ચડયો અને ગંભીર બની બોલ્યો:

'દેડકા રાજા, જે આપણા પાડોશિઓ કે મિત્રો દુખી હોય, આશ્રય વિહોણા હોય તો આપણે સુખે માનવું ન જોઇએ. તેમના દુઃખમાં દુઃખ અને સુખમાં સુખ માનવું જોઇએ આપણે રંગરાગમાં અલમસ્ત ન બનવું જોઈએ. નવો વેશ ધારણ કરવો ન જોઇએ.'

પણ પેલો દેડકો ગાજ્યા અભિમાનમાં ચૂર બન્યો. પેટ ફુલાવતો ગયો અને સર્પરાજના વેણો સાંભળ્યા ન સાંભળ્યા કર્યા.

આથી સર્પરાજ ઘણો ખીજાયો. તેણે દેડકા રાજાનું ભવિષ્ય ભાખી દીધું કે : 'બસ આજથી તમે અમારા ભાઇઓ નથી. તમે અભિમાની છો. તમે દયાહીન છો. તમે અમારા દુઃખને તમારું સુખ માનો છો. તેથી આજથી અમે તમારા વૈરી છીએ. અને એ વૈર જેવો તેવો નહિ હોય. અમે તમને પકડીને ચાવીશું નહિ. પરંતુ સીધા જ ગળી જઇશું.'

બસ, ત્યારથી સાપો દેડકાના વૈરી બન્યા અને તેમને ભાળ્યા તો મૂકતા જ નથી પરંતુ પકડયા પછી સીધા ગળે જ ઉતારી જાય છે.

—રમણિક તુરખિયા

આર્યઔષધિની સર્વોત્તમ દવાઓ.

બાલગુટી : બાળકોની ઔષધમાંના બાલગુટીના સેવનથી બાળકો આનંદીત રહે છે તથા બાળકોને જરૂરી પોષણ મળી શરીરની ઉત્તમપણે ખીલવણી થાય છે. કી. ૫૦ ગોળીની બાટલીના આઠ આના.

મહિલા મિત્ર સ્ત્રીઓનાં સ્વાભાવિક રોગો દૂર કરે છે. ગર્ભાવસ્થામાં પોષણ આપનાર તથા પ્રસૂતિ બાદ શક્તિવર્ધક. કી. બાટલીના રૂા ૨) બે.

બ્રાહ્મી તેલ આર્યઔષધિનું બ્રાહ્મી તેલ અનેક ઔષધિઓના અર્ક સમાન હોઇ ઉત્તમ કેશવર્ધક, કેશરક્ષક તથા મધુર સુગંધવાળું છે. કી. બાટલીના રૂા. ૨) બે.

નાના મોટા સૌ માટે પુષ્ટીકારક આર્યઔષધિનો અષ્ટવર્ગ ચ્યવનપ્રાશ અવશ્ય વાપરો.

આર્યઔષધિ ગાયવાડી, કાવેલ સ્ટ્રીટ, સ્વદેશી માર્કેટ પાછળ, મુંબઇ ૨

સ્ટોકીસ્ટસ:—

જાદવજી ગોરધનદાસની કું.

૫૮-૬૦. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨

તમારો મનગમતો

રજાઓનો

મિત્ર

એટલે જ

☆

દિવાળી

અને

નૂતન વર્ષ

તમ સૌને

સુખપ્રદ

નીવડો

☆

ફોન : ૨૦૨૭૪



પ્લાસ્ટિક કંટેનરમા પણ મળે છે.

અનુપમ

દુંત. લિ.

☆

લેન્ટીન

ચેમ્બર્સ,

દલાલ સ્ટ્રીટ,

ફોર્ટ,

મુંબઈ ૧.

PHONE 34582 GRAM LITHOPRINT

BOMBAY TIN PRINTERS

(Prop M M PARIKH)



CHILDREN'S COMPANIONS!

555

SHOT



BOMTOY

221, 23, Thakurdwar Road, BOMBAY 2

સુતરાઉ, રેશમ અને આર્ટ-જ્યોર્જેટ પર

* સુંદર અને સફાઇદાર

* રંગવા છાપવાનું ભરોસાપાત્ર

સ્થળ :

* ભૂપેન્દ્ર *

ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કર્સ

૧૯૫-૧૯૭, ખેતવાડી મેન રોડ,

મુંબઇ ૪.

☆

ફોન : ૭૦૮૬૮ બ્રાંચ નથી.

ચાર વેપારી હતા.

ચારેયનો ભેગો વેપાર ચાલતો.

રૂની ગાંસડીનો વેપાર હતો.

ચારેયે એવી શરત કરેલી કે નફો નુકસાન સૌએ સરખે ભાગે વહેંચી લેવાં.

એવામાં થોડી મુસીબત આવી. ઊંદરો રૂનો બગાડ કરવા લાગ્યા.

એકે અકકલ ચલાવી, 'આપણે એક બિલાડી પાળીએ.'

બીજાએ કહ્યું, 'એ વાત બરી. એનાથી ઊંદરો ભાગી જશે.'

ત્રીજાએ કહ્યું, 'હું પણ એમ જ માનું છું.'

ચોથો બોલ્યો, "અને આપણે ચારે જણ એ બિલાડીનાં સરખા જ માલિક.'

સૌ કબૂલ થયા. બિલાડી પાળી. એટલે બિલાડીનાં ચાર પગ તેમણે સરખે ભાગે વહેંચ્યા. દરેક જણને એનો એકેક પગ મળ્યો. દરેકે પોતપોતાની માલિકીના પગને પોતપોતાની મનગમતી રીતે શણગારવા માંડયો.

એક દિવસની વાત.

એક ઊંદરને રૂનું નુકસાન કરતો અટકાવવા જતાં બિલાડી ઉપર એક પત્થરો પડયો. એનો એક પગ છોલાઇ ગયો. એ પગમાં મોટો ઊંડો ઘા પડયો.

એ ઘા જોઇ એ પગના માલિક વેપારીને બહુ દુઃખ થયું. બીજા કહે, 'અમારે શું? અમારી માલિકીના પગ સાજા છે. તારે માથે લાગ્યું તું ભોગવ.'

પેલો વેપારી કંઇ ન બોલ્યો. એણે બિલાડીને ખૂબ પંપાળી. પછી કપડાના એક ટુકડાને તેલમાં બોળી એનો પાટો પેલા પગ ઉપર બાંધી દીધો.

બિલાડીને શાંતિ થઇ.

બિલાડીથી બેઠું ન રહેવાયું. કંઇક બાવાનું મન થયું. રસોડા તરફ ગઇ. રસોયો આઘોપાછો થયો હતો. ચુલા ઉપર એક ભાખરી પડી હતી. બિલાડીએ તરાપ મારી. ભાખરી લીધી.

ભાખરી તો લીધી પણ એક આફત થઇ. એનો તેલના પાટાવાળો પગ ચુલામાં અટકી ગયો અને ચુલાના દેવતાને લઈ સળગી ઉઠયો.

બિલાડી તો ભાગી. એટલે પવનને લઇ એ વધુ સળગી. જાતને બચાવવા એણે પેલી રૂની ગાંસડીઓમાં ઝંપલાવ્યું.

પરિણામ બૂરું આવ્યું. ગાંસડીઓ સળગી ઉઠી. માંડમાંડ બિલાડી એમાંથી જીવતી બચી.

લોકોએ આગ જોઇ. એ દોડી આવ્યા. આગ ઠારી. બિલાડીને પણ બચાવી.

વેપારીઓ આવ્યા. જુએ તો મોટું નુકસાન આવી પડેલું. રૂની ગાંસડીઓ બધી સાફ થઇ ગયેલી. લાખોનું નુકસાન થઇ ગયેલું. વીમો ઉતરાવેલો નહિ એટલે નુકસાન માથે પડયું.

મોડી સાંજે તેમાંના એક વેપારીને વિચાર આવ્યો, : 'રૂ સળગ્યું તેનું કારણ પેલી બિલાડી છે. પણ તેમાં વધારે વાંક તો એના તેલનો પાટો બાંધેલા ઘાવાળા પગનો છે. એ પાટો જો સળગ્યો ન હોત તો બિલાડીથી આ નુકસાન ન થાત. એ પગની માલિકી ધરાવનાર વેપારીએ જ બધું નુકસાન વેઠવું જોઇએ.'

એણે આ વાત બાકીના વેપારીઓ આગળ

મૂકી. બાકીના બે વેપારીઓ પણ સંમત થયા, 'હા, બરોબર! આપણે નુકસાન શું કામ વેઠીએ?'

અને પછી તો કજિયો ગયો કાજી પાસે.

કાજી બહુ ડાહ્યો ને ચતુર હતો. વૃદ્ધ ને અનુભવી હતો. એણે શાંતિથી બધો કજિયો સાંભળ્યો ને પછી પેલા ફરિયાદી ત્રણે વેપારીઓને શાંતિથી સમજાવ્યું, 'જુઓ વેપાર સહિયારો છે. બિલાડી પણ સહિયારી હતી. માટે નુકસાન બધું એક જ જણના માથે ઓઢાડવું ઠીક ન કહેવાય.'

પણ પેલા ત્રણ તો લક્ષ્મીના લોભમાં પડયા હતા. તેમને કાજીની આ વાત ન ગમી. તેમણે કહ્યું, 'અમારે તો કાયદેસર ન્યાય જોઇએ. બીજું કશું જ અમે સાંભળવા માગતા નથી.'

કાજીએ કહ્યું, 'ભલે. કાલે કચેરીમાં આવજો.'

બીજે દિવસે ત્રણે વેપારીઓ કચેરીમાં ગયા, પેલા ચોથા વેપારીને પણ હાજર રખાયો.

કાજીએ ફરી એકવાર પેલા ત્રણેને પૂછયું: 'બોલો, આ નુકસાન ચારે ભાગે વહેંચી લેવામાં કંઇ વાંધો છે?'

ત્રણે એક સાથે બોલી ઊઠયા, 'હા અમારે તો કાયદેસર ન્યાય જોઇએ.'

હવે કાજી ટટ્ટાર બન્યા. તેમણે પ્રશ્ન કર્યો, 'બિલાડીના એક પગે ઘા પડયો હતો ને!'

ત્રણમાંના એકે કહ્યું, 'હા.'

કાજીએ ફરી પૂછયુ, 'અને તેથી તે એક પગે લંગડાતી હતી ને?'

જવાબ મળ્યો, 'હા'.

કાજીએ ફરી પૂછયું, 'લંગડા પગથી ચાલી શકાય બરાબર?'

જવાબ મળ્યો, 'ના, સાજા પગ જ ચાલી શકે.'

કાજી બોલ્યો, 'ઠીક. તો આ બિલાડીનો લંગડો પગ તો ચાલવા માટે નકામો જ હતો. હવે જો એના સાજા ત્રણ પગ ચલાવીને એને ચુલા પાસે ન લઇ ગયા હોત તો બિલાડી દાઝત નહિ. એ દાઝત નહિ તો આગ પણ લાગત નહિ. માટે આ આગ માટે બિલાડીના ત્રણ સાજા પગ જવાબદાર છે. અને તેથી નુકસાન માટે એ ત્રણ સાજા પગના માલિક જવાબદાર છે. માટે મારો ચુકાદો એ છે કે ઘાયલ પગના માલિકને ચોથા ભાગનું જે નુકસાન વિના કારણ સહન કરવું પડયું છે તેને આ ત્રણે વેપારીઓએ સરખે ભાગે ભરપાઇ કરી આપવું.'

વેપારીઓ તો એક બીજાની સામે જ જોઈ રહ્યા.

પોતાનાં કર્યાં પોતાને જ ભોગવવાનો વારો આવ્યો. બીજાના માર્ગમાં વેરેલા કાંટા પોતાને જ ભોંકાવા માંડયા.

વેપારીઓને પેલા ચોથા વેપારીને નુકસાની ચૂકવી આપવી પડી.

ચીમનલાલ પેપર કંપની

★

પેપરો અને બોર્ડના મીલના
પ્રતિનિધિ તેમજ ઉચ્ચ પ્રકારના પેપરો
આયાત કરનારાઓ.

★

પોસ્ટ બોક્સ નં. ૧૪૭૫.
બોમ્બે મ્યુચ્યલ બિલ્ડીંગ
હોર્નબી રોડ, ફોર્ટ, મુંબઇ.

ટેલીગ્રામ : "SELECTION"

ટેલીફોન : ૨૩૨૩૨

ગામડાંની ફોરમ : ગોરધનકાકા

[મેસર્સ મોહનલાલ એન્ડ કું., મુંબઇ–૨ તરફથી તરતમાં જ પ્રગટ થનાર લેખકના ' કકલિયો ' નામના વાર્તા સંગ્રહમાંના એક પ્રકરણમાંથી થોડું ઉદ્ધરણ અહીં બાલભોગ્ય શૈલીમાં આપવામાં આવ્યું છે.]

દાયકા–બે દાયકા પહેલાની આ વાત, પણ છે સાવ સાચી. સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં લોયા નામે એક ગામ. રાણપુર શહેરથી ચારેક ગાઉ દૂર પતાળીયા કૂવાનું એ ધામ.

ગામમાં સો–દોઢ સો ખોરડાની વસ્તી. એમાં,

દરબારો રહે ને કાઠિયો રહે,
પટેલો રહે ને કણબીઓ રહે,
સુથારો રહે ને લુહારો રહે,
બજાણીયા રહે ને કુંભારો રહે,
ભરવાડો રહે ને દા'ડીયા રહે,
ઢેડો ય રહે ને ચમારોય રહે,

અરે! આ નાનકડાં ગામડામાં સોનીય બરા ને વાણિયા ય બરા!!

ગોરધનકાકા ઘર વપરાશની બધી જણસો રાખે ને વેપાર કરે. તેમની હાટડી ગામના બજારની વચ્ચોવચ પડે. તેથી વેપાર ઠીક ઠીક ચાલે. તેમના ચાર દિકરામાંથી નાના ત્રણ નિશાળે જાય ને મોટો હાટડીના કામમાં મદદ કરે.

એક દિ' તો તેમના માથે ભારે થઇ, ભઇ!

તે દિ' તેમના મોટાભાઇ માધુ શેઠ સાથે પાળીઆદ શહેરે કંઇક જણસો ખરીદવા ગએલા. સાથે એક ઘોડું રાખેલું. પાળીઆદથી પાછાં વળતાં ગોરધનકાકા તો ઘોડા પર બેસીને ઝટ ઝટ ઘર ભેગા થઇ ગયા. પણ માધુ શેઠને હાલતાં હાલતાં મારગમાં અધારું થઇ ગયું. મારગમાં પડતા લીંબોડા ગામની થોડેક દૂર બાદર નદી પડે. એ નદીમાંથી માધુશેઠ પસાર થતા હતા તેવામાંજ ચાર બૂકાનીધારી ડાકુઓએ તેમના પર હલ્લો કર્યો. અને માધુ શેઠ પાસે તેમની પાસે રોકડ–દોકડ હતી તે ઝૂંટવી લીધી. પર જાસા ચિઠ્ઠી લખાવી કે તેઓ એ ચિઠ્ઠી લાવનારને જો રૂા. ૧૦૦૭ રોકડા ગણી નહિ આપે તો માધુશેઠનું મોં ભાળી નહિ શકે.

ગોરધનકાકા તો આ વાતની ખબર પડતાં પીરસેલા ભાણાંને હડસેલી મૂકી ઝટ ઊભા થઇ ગયા. ગોરધનકાકા તો જુવાન જોધ એમનું લોહી ઉકળી હાલ્યું.

તરત જ ખોરડાના નેવે ભરાવેલી ગુપ્તિ કાઢી અને કોઇને કીધાં વગર ઉપડયાં સીમની વાટે. મનમાં ને મનમાં ગણગણતા જાય :

ઝટઝટ હું જાઉં
માધુભાઇને ઘેરે લાવું.
એક ને કાપું, બેને કાપું,
ચારેય ને ભોં ભેગા કરું,
માધુભાને ઝટ ઘેરે લાવું.

ગોરધનકાકા જ્યાં ગામની બાદર બહાર નીકળ્યા ત્યાં જ તેમના ઘરવાળા રંગુમા એમની પાછળ દોડતા દોડતા આવી લાગ્યા. અને પાછા વળવા વિનવણી કરે :—

પાછાં ઝટ ફરો, નાથ મારા
કામ નહિ એકલનું વ્હાલા મારા
ગુપ્તિ કરો મ્યાન માંય,
વિનવું હું પાછા ફરો નાથ મારા

પણ કાકા તેમનું ન સાંભળે. હઠ કરતાં જાય ને કહેતા જાય :

ઝટ ઝટ હું જાઉં
માધુભાઇને ઘેરે લાવું

એકને કાપું, બે ને કાપું.
ચારેય ને ભોં ભેગા કરું
માધુભાઇને ઝટ ઘર ભેગા કરું.

પણ કાકા આગળ દોટ મૂકે ત્યાં તો ગામેતી ભેળા થઇ ગયા, અને કાકાને વાર્યા. પણ એ તો વાર્યા રહે કાંઈ! ના રે ના! એમની રગેરગમાં જુસ્સો વ્યાપી ગયેલો. કાકા તો બધાને આંબીને હાલ્યા લીંબોડાની સીમ ભણી. કાકા આખા ગામને વ્હાલા, એટલે દસ-બાર પટેલિયાઓ પણ સાથે ગયા.

રાત્રે શાંતિ બહુ હોય એટલે દૂર દૂર ના થતા અવાજો પણ સંભળાય. લોકોનો આ કોલાહલ પેલા ડાકુઓએ પણ સાંભળ્યો એટલે એ તો જેટલું મળ્યું તેટલું લઈ કાકા ધીંગાણે પહોંચે ત્યાર પહેલાં તો અદૃશ્ય થઇ ગયા. કાકા ને પટેલિયાઓએ મળી માધુભાને ઘાયલ સ્થિતિમાં ઘર ભેગા કર્યા.

* * *

ગોરધન કાકા ગામનાં એક આદર્શ વ્યક્તિ હતા એટલું જ નહિ પરંતુ તેઓ સંપૂર્ણ સ્વાશ્રયી હતા. ખૂબ જ મહેનતુ હતા.

ગોરધનકાકા દર એકાંતરે અધમણ પોણો મણની ઘીની પેટી માથે મૂકી રાણપુર વેચવા સારુ લઈ જાય. તે તો બાસ્સું ચાર ગાઉ દૂર અને વજન ભારે એટલે વચ્ચે વચ્ચે કોઇ નદી-વોંકળુ આવે ત્યાં પોરો ખાય. વોકળાનું ઠંડુ ઝર ઝર વહેતું પાણી પીવે, ને પાછા હાલવા માંડે. વળતા દુકાન માટે જુદી જુદી જણસો લેતા આવે. આ એમનો ક્રમ.

એક દિવસની વાત છે. ગોરધનકાકા રાણપુરથી પાછા ફરતાં, સાંગણપુરના સિમાડે આવેલા વોંકળામાંથી પસાર થતા હતા. વોંકળાનો રસ્તો ભારે વાંકોચૂંકો. અને આડાં ઝાંખળા પણ બહુ ગીચ. એવા એક ઘાટા ઝાંખળાની ઓથે એક કાઠી કડિયાળી ડાંગ લઇને કાકાની વાટ જોતો ઉભો. કાકા જેવા નીકળ્યા કે ઘડીંગ કરતાંકને ડાંગનો ઘા તેમના ડાબા પગની પીંડીએ પડ્યો. કાકાને જરા મૂર્છા આવી. આંખે અંધારાં આવ્યાં. પણ જુવાનીનું ખમીર એમ કંઇ શાંત પડ્યું રહે? સચેત થઇ તરત સામે પડકાર ફેંક્યો:

'....'લ્યા કયો મૂઓ છે ઈ? હામો આવ તો ખબર પાડી દઉં, બેટા મારા. આ ગોરધન શેઠ વાણિયો ભલે રિયો, પણ બેટા, તારો બાપ છે, જરા મોં તો બારું કાઢય.'

કાઠિયાવાડમાં તે દિ' એવો રિવાજ કે કોઇ કાઠી તો શું પણ તેના નાના પારણામાં સૂતેલા છોકરાને ય તુંકારે બોલાવાય નહિ. એટલે આ કાઠી-ચોરને પણ પોતાની જાત સાંભરી આવી, અને એ તરત ઝાંખળામાંથી કૂદી રસ્તા પર આવ્યો ને મૂછે વળ દેતો બોલ્યો:—

"વાણિયા, તારી કને જે હોય તે મૂક હેઠું.' નહિતર મરી ગિયો હમજ જે, હા. આ કાઠી મરદ હામે ઉભો છે, ખબર છે ને?"

કાકાએ તો એની પરવા ન કરી અને પાસે પડેલી પેટી ઉગામી ઝીંકી એના કપાળે. પેલો કાઠી નાસવા જાય પણ નાસી શક્યો નહિ. કાકાએ બરાબર એને પેંતરામાં લીધો. પણ કાકા આગળ કંઈ કરે ત્યાર પહેલાં તો પેલો ડરપોક કાઠી કડિયાળી ડાંગ પડતી મૂકીને ભાગ્યો ને સંતાયો કયાંક વોંકળાની ઝાડિઓમાં. અંધારું થઇ ગયું હતું. કાકાએ ડાંગ લીધી હારે અને ઝટ ઝટ ઘર ભેગા થઇ ગયા.

* * *

ગોરધનકાકા જેવા બળીયા એવા પ્રેમાળુય બહુ. બાળકો તો એમને ખૂબ વ્હાલા.

રોજ સવારે દિશાએ જાય ત્યારે ન્હાતા આવે અને પાછા વળતાં કોઇ દિ' વાડીઓમાંથી ચૂસવાના સાંઠા, કોઇ દિ' ચણીબોર, કોઇ દિ' નદીના કાંઠે ઊગી નીકળેલો તાંજળીયો કે કડવીની ભાજી લાવે, તો કોઇ દિ' કડવા-કે ખટમીઠાં કોઠીબડાં લાવે. કોઇ દિ' જંગલમાંથી સૂકલ લાકડાય વીણતા આવે તો કોઈ દિ' સરગવાની શીંગો લાવે.

બાળકોને દેવા જેવી ચીજ બાળકોને આપે

ને ઘેર વાપરવાની ચીજો ઘરમાં રાખે.

પણ એમનો નાનો દીકરો કકલિયો જેવો લાડકો તેવો જ તોફાની ભારે. કાકા મહેનત કરી ચણીબોર લાવ્યા હોય તો થોડાં ખાય અને પછી કહે: "કાકા, આવાં શું બોરાં લાવ્યા છો, મીઠાં મીઠાં લાવતા હો તો,' સાંઠા લાવ્યા હોય તો થોડાં ચૂસે પછી કહે. "કાકા, આવા મોળાં રાખ' જેવાં સાંઠા શું કામ લાવ્યા, મીઠાં મીઠાં લાવતાં હો તો !

એમ રોજ કંઈને કંઈ કાકા નો ઓળ કાઢયા કરે.

પણ એક દિ' એને ભારે પડયો.

ગોરધનકાકાની સાથે ગયો ફરવા. ઊભી ધારે બોરડીઓ ઘણી. તે વીણવા મંડયો ચણીબોર. બોર તો કાચાં પણ તેય તેને મીઠાં લાગે ને ચાવતો જાય. કાકા પૂછે:— 'અલ્યા કકલિયા, કાચા બોર ખા છ? પેટમાં દુઃખશે.' તો કકલિયો જવાબ આપે: 'કાકા, બહુ મીઠાં લાગે છે.'

પણ કાકા પોતે સંપૂર્ણ સ્વાશ્રયી અને મહેનતુ હતાં. એમને સમજતાં વાર ન લાગી કે આજે એણે બોર વીણવામાં મહેનત કરી છે, બોરડીના કાંટાં ખાધાં છે, એટલે જ એને એ મીઠાં લાગે છે.

કાકા બોલ્યા:–'હા બેટા, શ્રમ કરી મેળવેલો બટકું રોટલો ને છાશ પણ ખૂબ જ મીઠાં લાગે છે.'.

—રમણિક તુરખિયા.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો–ઓપરેટિવ સ્ટોર્સ કું. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

આગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઈ–બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર–વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ–અકસ્માત–જિંદગી

ચોરી, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઈન્ડીયન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ટબૂડીભર દૂધ

લેખક :
વિ. દેશપાંડે

ધણા વખત પહેલાંની આ વાત છે. નાની એવી નગરીમાં એક રાજા રાજ કરે. રાજા બહુ પ્રમાણિક, બુદ્ધિમાન અને ગુણિયલ હતો. પરંતુ એનો મિજાજ બહુ તેજ હતો. એની આજ્ઞાને ન માનનારને બહુ કડક શિક્ષા કરતો.

રાજા શિવજીનો પરમ ભક્ત હતો. દરેક શિવરાત્રીએ ઉપવાસ કરતો. કાંઇ ખાતો નહિ કે કાંઇ પીતો નહિ. શહેરની બહાર એક શિવાલય હતું. ત્યાં રોજ દર્શન કરવા જાય. શહેરથી દૂર શાંત વાતાવરણમાં દેવાલય બાંધવામાં આવ્યું હતું. દેવાલયની નજીક જ એક ઝરણું ઝર ઝર વહેતું હતું. તેના પાણીથી કેટલાય છોડવા ઊગી નીકળ્યા હતા.

રાજા પોતાના હાથે ઊગેલા વેલના પાન તોડતો, ચંપા ને મોગરાના ફૂલો વીણતો અને મંદિરમાં જઇ શિવલિંગ પર ચડાવતો. સાષ્ટાંગ પ્રણામ કરીને જોરથી ઘંટ વગાડતો.

દેવદર્શન માટે રાજા એકલો જ જતો. તે શાંતિપૂર્વક દેવદર્શન કરવાનું પસંદ કરતો.

દર શિવરાત્રીએ રાજા તો ઉપવાસ કરતો જ હતો પરંતુ મહા મહીનાની શિવરાત્રી સમયે પ્રજા પાસે પણ ઉપવાસ કરાવતો. રાજાની આજ્ઞા કોણ ઉથાપે વારૂ? રાજ્યના બધા લોકો ઉપવાસ કરતાં. દરેક વર્ષે ઉપવાસનો આગ્રહ વધતો જતો હતો. જેટલા વધારે માણસો ઉપવાસ કરશે તેટલું જ વધારે પુણ્ય મળશે, એવું એ રાજા માનતો. એ ધારતો કે એમ કરવાથી શિવજી પ્રસન્ન થશે.

એક મહા શિવરાત્રીએ રાજાને હજુ વધુ પુણ્ય મેળવવાની ઈચ્છા થઇ. તેણે વિચિત્ર આજ્ઞા ફરમાવી કે:

'રાજ્યના બધાં લોકો ઉપવાસ તો કરે જ પણ તેમાં બાળકો પણ સહયોગ આપે.'

તેથી તેણે સારાય શહેરમાંનું દૂધ મંદિરમાં લાવી મૂકવાનો હુકમ કર્યો. મંદિરનો કૂવે દૂધથી ભરવાનો તેનો ઇરાદો હતો. કૂવો મોટો હતો છતાંય દૂધથી ભરાઇ જવો જોઇએ. એ તેનો મનસૂબો હતો. ટીપા ભારેય દૂધ પીવામાં ન આવવું જોઇએ. એ હુકમને લીધે ગાયના વાછરડાંને દૂધ નહિ મળે. તેમ દૂધમુખી બાળકોને પણ દૂધ નહિ મળે. બધુંય દૂધ કૂવામાં જમે થવું જોઇએ. કૂવો દૂધથી છલકાઈ જવો જોઇએ. રાજાને પુણ્ય મળવું જોઇએ. રાજ-આજ્ઞા નહિ પાળનાર ને ફાંસી આપવામાં આવશે.

ઢોલ પીટવામાં આવ્યો ને બસ, હવે તો ઘેરઘેરથી દૂધ આવવા લાગ્યું. કોઈ કીટલીમાં કોઇ હાંડામાં, કોઈ બોઘરણીમાં તો કોઇ ટબૂડીમાં દૂધ લઇ લઇ આવવા લાગ્યા. દૂધનો એક છાંટોય નાના બાળકોને કે વાછરડાં ને આપવામાં આવ્યો નહિ. વાછરડાં ભાંભરતા રહ્યાં ને બાળકો પારણામાં પડયા પડયા કકળવા લાગ્યાં. પણ

ફાંસીની બીકને લીધે કોઇને ટીપું પણ દૂધ અપાયુ નહિ.

પ્રભાતના પહોરમાં જ રાજા નાહી-ધોઇ મંદિરે પહોંચી ગયો. પાથરેલા રેશમી વસ્ત્ર પર જઇને બિરાજ્યો. પ્રજાજનોમાંથી કોણ કોણ દૂધ લાવે છે અને કોણ કોણ નથી લાવતું તેની ચોકસાઇ કરવા લાગ્યો.

દરેક જણ દૂધ લાવતું અને રાજાને પ્રણામ કરી શિવલિંગ ના કૂવામાં ઠલવી નાખતું. 'જય શંકર' 'હર હર મહાદેવ' બોલતાં અને દેવાલયનો ઘંટ વગાડી ચાલ્યા જતા. ગણ્યા ગણાય નહિ એટલા હાંડા-બોઘરણીમાંનું દૂધ કૂવામાં ઠલવવામાં આવ્યું પણ કૂવો છલકાઇ નહિ. રાજાને અચંભો થયો.

બપોર થવા આવી અને અમાપ દૂધ ઠલવ્યા છતાં કૂવો ભરાતો જોયો નહિ તેથી રાજા રાતોપીળો થવા લાગ્યો.

રાજાએ પ્રધાન ને સેનાપતિજીને બોલાવ્યા અને આજ્ઞા આપી કે: "લોકોને હજુ વધારે દૂધ લાવવાનું ફરમાન આપો. પ્રજાજનોમાંથી કોઇએ દૂધ ચોરીથી રાખ્યું હોવું જોઇએ, નહિતર આ કૂવો છલકાતો કેમ નથી? બધાયને ફાંસી આપવામાં આવશે.

રાજાની ગર્જના ચાલુ હતી અને પ્રજાજનો ડરના માર્યા કંપતા હતા. શહેર બહારના લોકોને પણ દૂધ લાવવાનો હુકમ થયો. બરાં તપતા બપોરે દૂર દૂરના લોકો દૂધ લાવવા લાગ્યા નમતા બપોર થયા અને દૂધના સેંકડો હાંડા ઠલવવામાં આવ્યા પણ હજુ કૂવો ભરાતો દેખાયો નહિ. હવે તો રાજા થાકયો, અને ઉપવાસ ને લીધે એ ઊલટાં ખાવા લાગ્યો.

શહેરની દૂરથી એક ડોસીમા નાની એવી ટબૂડીમાં દૂધ લઇને દેવાલયમાં દર્શને આવ્યા. દેવદર્શન કર્યા પછી ટબૂડીમાંનું દૂધ શિવલિંગ પર ચઢાવ્યુ, સાથે લાવેલા થોડાંક ફૂલોય ચઢાવ્યાં.

પણ આશ્ચર્યની બીના બની કે પેલો કૂવો દૂધથી છલકાવા લાગ્યો. દૂધ બહાર વહેવા લાગ્યું. ડોસીમાની હિલચાલના અવાજથી રાજા ચોંકી ગયો અને સામે જુએ છે તો કૂવામાંથી દૂધ બહાર વહી રહ્યું છે. આજુબાજુ જોયું તો કેવળ એક ડોસીમાને શિવજી પાસે ઉભેલા દેખ્યા. ડોસીમા શિવજી ને વિનંતિ કરતા હતા કે:-

'હે શિવજી મહારાજ, મેં મારા બાળકને દૂધ પાયું, ગાયના વાછરડાંને દૂધ પાયુ અને ઘરના બધાયને દૂધથી તૃપ્ત કર્યા પછી આ ટબૂડી દૂધ આપની પાસે લાવી છું. એનો સ્વીકાર કરો."

ડોસીમા જેવા ત્યાંથી બહાર નીકળ્યા કે રાજાએ બોલાવ્યા અને પૂછયું કે: હે ડોસીમા તમે આ કેવો જાદુ કર્યો છે કે જે કૂવો આખો દિવસ દૂધથી ભરવા છતાં છલકયો નહિ તે તમારા આવ્યા પછી કેવી રીતે છલકાયો?"

* બનાવતાં શીખો *



નાનાં છોકરાં સુંદર કાગળનાં કાપેલાં ચિત્રો હાથે બનાવવાની મઝા માણી શકે. પહેલાં તો મહાવરા ખાતર છાપાના કાગળ વાપરવા. કાગળની ઘડી પાડવી. પછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક હાથે અંગૂઠે દબાવી કાગળ પકડવો ને બીજા હાથે એ અંગૂઠા ને પહેલી આંગળીની મદદથી કાગળ ફાડવો. એમાંથી માણસ, ઢીંગલી, ઝાડ, ઘર, પંખી એવા આકારો કાતરી શકાય. સરસ ફૂલો પણ બનાવી શકાય. એક જ બાજુ ફાડવાનો. પછી જ્યારે કાગળની ઘડી ખોલશો ત્યારે આખું બન્ને બાજુએ સરખું એવું ચિત્ર નીકળશે. જેમ જેમ મહાવરો થાય તેમ તેમ નાનું ચિત્ર બનાવતાં જવું. આંગળાં કેળવાશે, સરસ આકારો બનવા માંડશે. પછી કાગદ્દીની દુકાનેથી સસ્તા ને રંગવાળા ધૂંટેલા કાગળ ખરીદીને રંગ બેરંગી ચિત્રો બનાવજો. આ ચિત્રોની ઉપર બતાવી છે એવી સુંદર તખ્તી બની શકે ને ભીંત શોભાવી શકાય.

ડોસીમા પહેલા તો અવાક ઉભા રહ્યા પછી શિવજીની સામે નજર નાખી હિંમતથી જવાબ આપ્યોઃ—

"બાપુ, મેં કાંઈ વિશેષ કર્યું નથી. પરંતુ ઘરના બધાયને તૃપ્ત કર્યા પછી જે દૂધ વધ્યું તે શિવજી માટે લાવી છું. શિવજી મારી આ ટબૂડી ભર દૂધથી ખૂબ પ્રસન્ન થયા અને કૂવો છલકાવા લાગ્યો.'

રાજાને હવે સાન આવી. બધાયને તૃપ્ત કરવા જોઇએ. બધાયતે સુખ આપવું જોઈએ. એથી જ દેવ પ્રસન્ન રહે છે. ભગવાન ભોગના ભૂખ્યા નથી. તેમને મન ટબૂડીભર દૂધની કીમત હાંડા ભરેલા દૂધ કરતાં વધારે છે.'

રાજાની આંખોમાં આંસૂ આવી ગયા. તેમણે ભક્તિપૂર્વક શિવજીને પ્રણામ કર્યા.

ટબૂડી દૂધે તેને નવી દ્રષ્ટિ આપી. રાજાનો અન્તરાત્મા જાગી ગયો.

સર્વની તૃપ્તિમાં ઈશ્વરની તૃપ્તિ છે.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

નૂ. બા. શિ. સંઘના આદ્ય સ્થાપક સ્વ. ગિજુભાઇ બધેકાનો ૭૦ મો જન્મ દિવસ ૧૫ મી નવેમ્બરે આવે છે. ગિજુભાઇએ બાળકેળવણીના ક્ષેત્રમાં કરેલી સેવાઓના સ્મારક રૂપે, દર વર્ષે નૂ. બા. શિ. સંઘ ૧૫ મી નવે. થી ૨૧ મી નવે. સુધી આ જયંતી સપ્તાહ ઉજવે છે. પરંતુ આ વર્ષે કેટલાંક કાર્યકર્તાઓની સૂચના મુજબ તા. ૧૪ મી નવે. થી શરૂ કરવાનો નિર્ણય થયો છે. ભારતના પંત પ્રધાન અને બાળકોના "ચાચા" ગણાતા પં. જવાહરલાલ નહેરુનો જન્મ દિવસ પણ તા. ૧૪ મી નવેમ્બરે જ આવે છે. એટલે તા. ૧૪ મી નવેમ્બરથી જ આ સપ્તાહ ઉજવાય એ ઉચિત જ છે.

આ સપ્તાહ દરમ્યાન સંઘની પ્રાદેશિક તેમજ સ્થાનિક શાખાઓ તરફથી તેમના વિભાગોમા અનેક કાર્યક્રમો યોજવામા આવશે. બાળકોના પ્રશ્નો અંગે લોક જાગૃત્તના કાર્યની સાથે સાથે દરેક શાખાઓ પોતપોતાના વિભાગો માંથી જયંતિ ફાળો એકઠો કરશે. આ ફાળામાંથી કેન્દ્રિય કાર્યાલયના કાર્યો માટે મુકરર કરેલી રકમ શાખાઓ આપે છે અને વધેલી રકમ પોતાના કાર્યો માટે રાખે છે.

ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કેન્દ્રિય કાર્યો માટે મુબઇ ૨૫૦૦; પૂના ૨૫૦; નાગપૂર ૧૫૦; ઇંદોર ૧૫૦; વડોદરા ૨૫૦; થાણા ૧૫૦; મદ્રાસ ૧૫૦; અને મહેસાણા ૧૫૦ સુધીની રકમ આપશે એવી અપેક્ષા છે.

અમદાવાદ શાખાએ ગયે વર્ષે રૂ. ૧૫૦૦ આપેલા પરંતુ આ વખતે જેટલો ફાળો થશે તેમાંથી અડધો ભાગ કેન્દ્રને મળશે એવું જાણવા મળ્યું છે.

આ રીતે મળતી રકમમાંથી બોર્ડી ખાતે **શ્રી તારાબેન મોડક**ના સંચાલન હેઠળ ચાલતી ગ્રામબાલ શિક્ષા કેન્દ્ર અને બીજી પ્રવૃત્તિઓમાં વપરાય છે. નૂ. બા. શિ. સંઘના આ કાર્યમાં સૌ પોતાનો યથાશક્તિ ફાળો આપે એવી વિનતિ મંત્રીજી તરફથી કરવામાં આવી છે.

☆ **અમદાવાદ પ્રાદેશિક શાખા:** આગામી દિવસોમાં આવતા ગિજુભાઇ જયંતિ સપ્તાહ નિમિત્તે આ શાખા તરફથી શૈક્ષણિક પ્રદર્શન, બાલશિક્ષક સંમેલન, બાળકોનો મેળો, જાહેર સભાઓ, પત્રિકાના વિશેષાંકનું વેચાણ, એક આના ફંડ, સંઘના સભ્યો બનાવવા વગેરે અનેક જાતના કાર્યક્રમો રાખ્યા છે આ કાર્યક્રમોને સફળ રીતે પાર પાડવા માટે ઉપ-સમિતિઓ નીમવામાં આવી છે.

☆ **મુંબઇ:** ઇન્સ્ટીટ્યુટ ઓફ સેાશ્યલ સર્વસના ઉપક્રમે દાદર-માટુંગા વિભાગમાંની સંસ્થાઓએ મળી 'બાળ દિવસ' નો એક સુંદર મહોત્સવ ન્યાયમૂર્તિ શ્રી ગજેન્દ્ર ગડકરના પ્રમુખપદે ઉજવાયેા. મુબઇમાના જુદા જુદા પ્રાંતના ને દેશના બાળકોએ એમાં ભાગ લીધેા હતેા.

ઉપરોક્ત સંસ્થા તેમજ નૂ. બા શિ. સંઘ મુંબઇ શાખાના સહકાર વડે આ વર્ષનેા ગિજુભાઈ જયંતિ સપ્તાહ મુબઇ રાજ્યના રાજ્યપાલની અધ્યક્ષતામાં ઉજવાશે પ્રદર્શન, મનોરંજન વગેરે કાર્યક્રમેા રખાયા છે.

સ્થળ-સંકોચને લીધે કેટલાંક વધુ સમાચારોને સ્થાન આપી શકાયું નથી. જે માટે દિલગીર છીએ. —સંપાદક.



'ઝરણ' થી વાળને ખરતા અટકાવી, વધારવાનો અજોડ ગુણ ધરાવનારૂ, સુગંધીદાર તેલ તદ્દન સહેલાઇથી બનાવી શકાય છે.

કોઇપણ એક રતલ તેલમાં **ઝરણ** ની એક બાટલી મીક્સ કરવાથી ઉપરના ગુણેાવાળું તેલ જાદુઇ રીતે બની જાય છે.

બધેજ ઠેકાણે વેચાય છે.

: સેાલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

સુગંધ ઘર

જેઠાભાઈની પોળ, ખડિયા, અમદાવાદ

: ડીસ્ટ્રીબ્યુટર્સ :

સી. નરેાત્તમ એન્ડ કું.

મંગળદાસ રોડ, મુબઈ-૨.

શાહ બાનેસી એન્ડ કું.

૧૨૯, રાધાબજાર સ્ટ્રીટ, કલકત્તા

શ્રી

ધી બૃહન્મહારાષ્ટ્ર સુગર સિંડીકેટ લિ.

પૂના–૨.

॥ જ્ઞાનદેવ કહે: હરિ મુજ સમર્થ ॥ (હરિપાઠ)

મુદત લંબાવવાની શર્ત ભાગીદારોએ ખાસ ઠરાવ દ્વારા મંજૂર કરી છે.

ઈન્ડસ્ટ્રિયલ ફાઈનાન્સ કૉર્પોરેશનના કરજ લીધેલા સાકરના કારખાનાઓ

('કેસરી' ના તા. ૧૭ મી સપ્ટેમ્બર ૧૯૫૪ ના અંક પરથી)

(૧) ગોદાવરીનું સાકર કારખાનું — ૩૦ લાખ રૂપિયા
(જિલ્લો અહમદનગર)

(૨) પ્રવરા સહકારી કારખાનું — ૨૦ લાખ રૂપિયા

(૩) માળનગર કારખાનું — ૨૦ લાખ રૂપિયા

શેરો ખપાવ્યા વગર કૉર્પોરેશનનું લાખો રૂપિયાનું કરજ જો દોષાસ્પદ ન હોય, તો મહારાષ્ટ્રના મધ્યમ વર્ગને ૬ થી ૭ા ટકા વ્યાજનો લાભ મળી શકશે. સાકરનું ઉત્પાદન વધારીને ભાગીદારોને ૧૦ ટકા નફો મળે, એ ઉદ્દેશથી વધુ રોકાણ માટે અનામત મૂડી સ્વીકારવી એ કોઇપણ સમયે દોષાસ્પદ ઠરશે નહીં.

સાકર ઉત્પાદન વધારવાનો સિંડીકેટનો ઉદ્દેશ સફળ થયો છે.

– હવે ગમે તે રીતે ગણો –

–: હવેથી સિંડીકેટ ૧૦ ટકાના નફાથી ચાલશે :–

☆ અનામત મૂડીના વ્યાજના દરો ☆

☆ મુદત એક વર્ષ ... ... વ્યાજ ૬ (છ) ટકા
☆ મુદત ત્રણ વર્ષ ... ... વ્યાજ ૭ (સાત) ટકા
☆ મુદત પાંચ વર્ષ ... ... વ્યાજ ૭ા (સાડા સાત) ટકા

અનામત રોકાણ માટેના ફૉર્મ સિંડીકેટની પૂના મધ્યેની મુખ્ય કચેરીમાથી મળી શકશે.

કૉમનવેલ્થ બિલ્ડિંગ,
૯૮૦, સદાશીવ પેઠ, લક્ષ્મીરોડ, પૂના ૨.
તા. ૨૧ મી સપ્ટેંબર, ૧૯૫૪.

ચંદ્રશેખર ગોવિંદ આગાશે
મેનેજીંગ એજન્ટ્સ

નૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાઈ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ, ૧૪.
મુદ્રણ સ્થાન : ખરફેકર પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ–૨૨. કવર છાપ્યું રામકૃષ્ણ પ્રિંટીંગ પ્રેસ, દાદર–મુંબઈ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૯ : અંક-૯ : ડિસેમ્બર, ૧૯૫૪

સામ્યયોગી સમાજ

આ નવા સામ્યયોગી સમાજમાં હરિજન અને રાષ્ટ્રપતિની મજૂરી સમાન હશે. લેકોના વિચારમાં પરિવર્તન કરવું જોઇશે. મંત્રી અને હરિજનનું મહેનતાણું સરખું હશે, તેમની ઇજ્જત પણ સમાન હશે. ભગવાનને ત્યાં તો સમાન ઇજ્જત છે જ. જે એની ભક્તિ કરશે તેને મોક્ષ મળશે. જ્યારે સમાજનો આ રીતે પાયો મંધાશે ત્યારેજ તે સામ્યયોગી સમાજ કહેવાશે. આ રીતે જે કાંઇ પેદાશ થશે તેમાં સઘળા સમાજનો હકક રહેશે. —વિનોબાજી

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોદક

વાર્ષિક લવાજમ :

૩૫. ૪-૦-૦

કાર્યાલય :

૧૫૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪.

છૂટક નકલ

૬ આના

: સંપાદક મંડળી :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન ખાળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.			લેખક.
૧	સંસ્કારનો બંચળો	....	....	ઓજસ
૨	શિક્ષણ ને સંસ્કાર	....		શ્રી કેદારનાથજી
૩	ચોરી કરતું બાળક	....		ડો. રમણલાલ પટેલ
૪	માનસ પરિવર્તન	....		શ્રી ઇશ્વરાચાર્ય
૫	એક વર્ષના બાળકનું વ્યક્તિત્વ			શ્રી પ્રભા ભરવીરકર
૬	ટૂંકી નોંધ	....	....	.... સંપાદક
૭	બાળ શિક્ષણ સંઘ-સમાચાર	....		.... [સંકલન]

બાળ વિભાગ

૧	સંપાદકનો પત્ર	....	.... શ્રી રમેશ કોઠારી
૨	બટાકાનાં બીબાં		શ્રી લીલી જોષી
૩	ડોશીનું શરીર		શ્રી ર. કોઠારી
૪	કાંણીયા રાજા		શ્રી કુસુમ ત્રિવેદી
૫	સિંહોની ગણતરી	..	શ્રી માધવ રાઉત
૬	શિયાળો	..	શ્રી સુરેશ્વરસિંહ
૭	જોડકણું	....	શ્રી હરિપ્રસાદ ભટ્ટ



શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકલાલ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૯] મુંબઇ [ડિસેમ્બર, ૧૯૫૪

સંસ્કારનો વારસો

સ્વં દ્રકા ર નો

ચં ચૂ ળો

નાટ્યકાર બેરી એક ઠેકાણે કહે છે :

'આપણે આપણી બાલ્યાવસ્થા ભાગ્યે જ છોડી શકીએ છીએ.'

અને બાલ્યાવસ્થા એટલે અહમ્‌નું તાંડવ. અને આ અહમ્‌ને બાલ્યાવસ્થામાં જો યોગ્યરીતે મા'લવા ન મળે તો એ એક બાજુથી વિકસે છે ને બીજી બાજુ એથી માનવીની માનસિક પ્રગતિ રુંધાય છે. અને એટલે સહેજે એ માનવી વયે મોટો થતો છતાં બાલ્યાવસ્થામાં જ સારી જિંદગી રહે છે—અને એટલે જ તો બાલ્યાવસ્થા છોડનાર માનવી વિરલ મળે છે.

આજ કેટલેય વર્ષે ફરી બાલગૃહમાં રહેવાની તક સાંપડી છે! અહીં તો એક એક બાળક અકેક પુસ્તક છે! અને અકેક બાળકની પાછળ સુંદર રસિક કહાણી વાંચવા મળે છે!

અને આ કહાણી વાંચવા મળે છે એનું કારણ છે : અહીં બાળકોની પેલી અહમ્‌વૃત્તિને નાચવા મોકળું મેદાન મળે છે.

સામાન્યજનોને તો જે બાળક મૂંગુ હોય, શિસ્ત પાળતું હોય, આજ્ઞાંકિત હોય તે જ બાળક સંસ્કારી લાગે. એ લોકોનું અહીં તો માથું ફરી જાય.

ક્રમકે આ સ્વતંત્ર વાતાવરણમાં આ બાળકો વયને યોગ્ય એવી અહમ—લીલા ભજવી લે છે.

મજા તો એ છે કે એ લોકો જે રીતે અહમની યાદવી ખેલે છે એ જ રીતે આપણાં સમાજમાં મોટેરાં પણ ખેલતાં દેખાય છે! ફરક એટલો કે મોટેરાં એ ખેલને ખોટી બાલ્ય સભ્યતામાં ઢાંકે છે—એને સંસ્કારના અંચળો ઓઢાડે છે!

પાંચ દિવસ પહેલાં જ બાલગૃહની પડોશના બંગલાના માલિક રહેવા આવ્યા, એ આવ્યા ત્યારે હું અને જયન્તિભાઇ બહાર હોજ પાસે જ બેઠા હતાં.

જયન્તિભાઇએ શેઠને નમસ્કાર કર્યા અને શેઠ સાશ્ચર્ય બોલી ઉઠ્યા :

'ઓહોહોહો, જયન્તિભાઇ, ઘણે વર્ષે જોયા! શું ફરી બાલગૃહ ચાલુ કર્યું કે?'

'જી હા.'

'બહુ સારૂ કર્યું, બહુ સારું કર્યું તમારૂ બાલગૃહ તો અમને ખૂબ યાદ આવ્યા કરતું.'

અને શેઠ મારા તરફ ફરતાં બોલ્યા

ભાઈ બાલગૃહ શું છે! શું આ લોકોનો બાળકો ઉપર પ્રેમ! સગી મા શું રાખશે! ભઇ, બાળકો એ તો ભગવાન સ્વરૂપ છે. એની સેવા એ જ સાચી સેવા છે!'

'ખરું કહ્યું.'

મારાથી વચ્ચે એટલું બોલી જવાયુ.

પછી શેઠ ઘરમાં જતા બોલ્યા.

'સારું, હવે સારે મારા જેવું કંઇ કામ સેવા થાય તો જરુર કહેજો, અચકાતા નહીં. આ તો સેવાનું કામ છે.'

જયન્તિલાઇએ એમનો આભાર માન્યો અને શેઠ ચાલ્યા ગયાં:

પરંતુ આ વાત મને આજ યાદ ન આવત. પણ કાલથી એકાએક એચાર પ્રસંગો એવા બન્યા કે પેલો સંસ્કારનો અંચળો ચીરીને પ્રાથમિક એના મૂળ સ્વરૂપમાં મારી આંખ સામે ખડો થઈ ગયો.

ગઈ કાલે સ્હાંજે બસ માટે હું હારમાં ઉભો હતો. ભાગ્યે જ અમે પાંચ માણસો હતાં.

એટલામાં એક ખેડૂત ભાઇ એના ધાવણા બાળક સાથે આવી. એના માથા ઉપર મોટો ગાંસડો હતો. એ ઘણી ફિક્કી દેખાતી હતી અને એનું નાનું બાળક તો એટલું નાનું હતું કે એ ભાગ્યે જ પંદર દિવસનું હશે.

'ભાઇ, નાશિકની મોટર અહીં મળશે ને? એણે મને પૂછ્યું.

'હા બાઇ, હમણાં આવશે. આ હારમાં ઉભા રહો.'

એ ગાંસડો નીચે ફેંકતી બોલી:

'અરે ભાઇ, ઉભા રહેવાની અંગમાં તાકાત ક્યાં છે?'

એમ કહેતી એ હારમાં નીચે બેસી ગઇ.

થોડીવારે એક જુવાન આવ્યો. એ પણ ખેડૂત વર્ગનો જ હતો. પણ એને સુધારો અડી ગયો હતો.

એણે ધોતિયા ઉપર હાફકોટ પહેર્યો હતો અને માથે જેની અર્ધી દિવાલ તેલ પીને કાળી પડી ગઇ છે એવી ખાદીની ટોપી પહેરી હતી, એના ગલોફામાં પાનનું મોટું બીડું હતું. અને એ વારેવારે થૂંકતો હતો એટલે એમાં તમાકું હોય એમ લાગતું હતુ.

એ બાઈ પાસે આવીને સિગરેટ સળગાવતો બોલ્યો:

તાઇ, આ છેલ્લી બસ છે. આમાં જગા નો મળી તો ફેરાગટ ફેરો થશે.'

'ફેરાગટફેરાનું તો કંઈ નહીં પણ પછી તારા બનેવીનું પૂરું નો પડે ને?'

જુવાનનો મિજાજ ગયો.

'એ મોટો રાવસાહેબ છે તો તેડવા કાં ન આવે? બસ નો મળે તો એમાં, તાઇ તારો શો ગુનો?'

'અરે ભાઇ, એમાં ઇ કાંઇ નો ચાલે. નઇ તો આ મારી જવા જેવી તબિયત છે?'

જુવાનના મ્હોંમાંથી બે ચાર ગાળો સરી પડી.

આમ સંવાદ ચાલતો રહ્યો.

આ દરમ્યાન બીજાં પણ લોકો આવતાં જતાં હતાં અને હાર લાંબી થતી જતી હતી.

મોટે ભાગે બધા જ નીચલા થરના લોકો હતા.

બસ આજે મોડી આવવાની હતી. અઢીબે દોઢ કલાક ચાલ્યો ગયો.

જેમ સમય જતો ગયો તેમ તેમ હાર લંબાતી જ ગઇ.

આ બર બસ આવી પહોંચી. અને નીચે બેસી ગયેલા લોકો ઉભા થઈ ગયા.

ટિકીટવાળો નીચે આવી અમને જ્યાં ટિકીટ દેવા આવે તે પહેલાં જ સાત માણસોનું એક ટોળું હારને મોખરે જઈ ઉભું રહી ગયું.

એ બધાય લોકો ઉજળિયાત વર્ગના હતા. અંદર અંદર અંગ્રેજીમાં ચાલુ રાજકારણની ચર્ચા કરતા હતા. અને એમા આજકાલ કેવી અરાજકતા ચાલે છે, અધિકાર ઉપર બેઠલાં લોકો કેવા સ્વાર્થી છે, કેવા લાલચુ છે એનું ગરમાગરમ દલીલોમાં નિરુપણ કરી રહ્યા હતા.

કંડકટર આવ્યો અને એ લોકોમાંથી એકે પાંચની નોટ એની સામે ધરી.

પણ અમારી હારમાંથી કોઇ બોલી ઉઠયું:

'કંડકટર, એ લોકો હારમાં નથી. એ તો હમણાં આવ્યા છે. અમે અહીં બબ્બે કલાકથી ઉભા છીએ.'

કંડકટર બહુ હોશિયાર હતો.

'અરે ભાઈ, ચિંતા શા માટે કરો છો તમને પણ ટિકીટ મળશે.'

એમ કહી પેલા લોકોને એ ટિકીટ આપવા લાગ્યો.

પણ અમારા પેલા ભાઇ એ તત્વજ્ઞાનથી રંગાયા નહીં. એ બોલી ઉઠ્યાં:

'જો બધાને મળવાની હોય તો બધાને પહેલાં આપી દીયો પછી એ મહેરબાનોને આપજો.'

ટિકીટવાળો જરા અટકી ગયો.

એણે નોટ પાછી આપી દીધી. અને યોગ્ય સ્થાનેથી ટિકીટ દેવા લાગ્યો.

પણ ટિકીટ મારા સુધી જ દેવાઇ, અને કંડકટરે ટિકીટ બંધ કરી દીધી.

'બસ, હવે વધારે જગ્યા બસમાં નથી.'

મેં જોયું કે પેલા સપ્તર્ષિ ત્યાંથી ચાલ્યા ગયા હતા.

મારી બાજુમાંથી બિલકુલ દયાજનક અવાજે પેલી બાઇ બોલી ઉઠી:

'ભાઇ, એક ટિકીટ તો મને આપ, હું એકલી ભાઇ માણસ છું.'

નહીં હવે નહીં મળે.'

એટલું કહી એ ચાલવા લાગ્યો.

મેં એને ઉભો રાખ્યો અને સમજાવવા પ્રયાસ કર્યો. પણ એ સમજ્યો નહીં.

મેં પાછું વાળીને જોયું તો પેલી બાઇની આંખ માંથી આંસુ વહેતાં હતાં. તેના ભાઇએ પણ ઘણી વિનંતિ કરી, ક્રોધ પણ કર્યો પણ કંઇ ન વળ્યું.

હું કંડકટર માથે જ ચાલતો બસ પાસે જતો હતો. બસ થોડે દૂર હતી

મેં મારી વિનંતી ચાલુ રાખી.

એકાએક કંડકટરે મને કહ્યું:

'વારુ શેઠ, તમે કહો છો તો એક ટિકીટ આપીશ. પણ તમે એને અહીં તેડી લાવો.'

હું રાજી થતો પેલી બાઇને તેડી લાવ્યો. અને જોઉ છું. તો કંડકટર પેલા સપ્તર્ષિને બસના દરવાજા પાસે ટિકીટો આપી રહ્યો છે.

એણે બહુ વિવેકથી, મારા ઉપર કૃપા કરીને પેલી બાઇને એક ટિકીટ આપી.

અમે અંદર ગયા અને જોયું તો બધી જ જગ્યાઓ ભરાઇ ગઇ હતી.

પેલા સપ્તર્ષિઓ બરાબર જગ્યાઓમાં ગોઠવાઇ ગયા હતા.

નિરુપાયે અમારે ઉભા ઉભા જ જવાનું હતું.

મેં પેલી બાઇનો ગાંસડો અંદર લીધો અને એને ગાંસડી ઉપર જ બેસાડી અને બસ ઉપડી.

મેં બહાર સામે જોયું તો પેલી લાંબી હારના લોકો નિરાશ દ્રષ્ટિએ અમારી સામે જોઇ રહ્યા હતા.

બાઇને માટે ગાંસડા ઉપર બેસવું સહેલુ નહોતું. વચ્ચે ગાડીએ વળાંક લીધો અને બાઇ બાળક સાથે લસરી પડી.

નાના બાળકની નાની ચીસો એ બસના મોટાં બાળકોના ભાષણમાં કયાંય સંભળાય એમ નહોતું.

કેમ કે ફરી એ સપ્તર્ષિમંડળ રાજકારણની ગરમા ગરમ ચર્ચામાં ડૂબી ગયું હતું.

એમની વાતોમાં અન્યાય, અપ્રામાણિકતા, સ્વાર્થવૃતિ અને જુગારની સામે જોરદાર વિરોધ હતો.

આ તત્વજ્ઞાનના ઘણ મારા માથામાં ઠોકાયા કરતાં હતાં અને મારું લોહી ઉકળી રહ્યું હતું.

પણ એમ માથું ગરમ કર્યે શું ચાલે?

આજ દરેક માનવી બીજાએ શું કરવું જોઇએ, બીજાનો શો ધર્મ છે એનું પૂરતું જ્ઞાન ધરાવે છે—માત્ર પોતે શું કરવું જોઇએ એ બાબત બહુ અંગત ગણે છે.

આ, પોતાની જાતને શિક્ષિત ગણુતા, સંસ્કારી ગણુતા લોકો પોતાના શિક્ષણનો, સંસ્કારનો ઉપયોગ માત્ર વાતો પૂરતો જ રાખે છે. અને જીવનના આવા મામુલી પ્રસંગે પણ એ સાવ પ્રાથમિક થઇને ઉભો રહે છે.

ઉલટું પોતાની કેટલી લાગવગ છે, કેટલી સમાજ પર સત્તા ચાલે છે તેનું આવે પ્રસંગે અભિમાન લેતા હોય છે. એટલું જ નહી પણ આ જ વાત એ મૂછે વળ દેતા પોતાના સમાજમાં કહી બતાવતાં હોય છે અને એનો સમાજ પણ આથી રાજી થતો હોય છે !

આમ અનેક વિચારોના વમળમાં ડોલતો બસનો સળિયો પકડી હું એમ જ નાશિક પહોંચ્યો.

પરંતુ આટલી વાત પણ મારા મનમાં આટલું ઘર ન કરી બેસત, જો આજ મેં જે જોયુ એ જોવા ન મળ્યું હોત તો.

હું સવારના દશેક વાગે બાલગૃહમાં પાછો આવ્યો, ત્યારે જોઉં છું તો પડોશી શેઠના બગીચામાં શેઠ વરંડામાં ઉભા ઉભા બહુ વીરરસમા હાથ લાંબા લાંબા કરી રહયા છે એમનું મ્હોં ગુસ્સાથી લાલ ચોળ છે. સામે જયન્તિભાઇ બગીચામાં ઉભા અદબ વાળીને એ સાંભળી રહયા છે. હું પાસે પહોંચ્યો ત્યારે શબ્દો કાને પડયા :

'ના, ના, માસ્તર, આમ સ્કૂલ ચલાવી રહ્યા. એમ જ્યાં ત્યાં કાંટા હડણી વાવશો તો ઘડીના છઠ્ઠા ભાગમાં પડશો.

પણ શેઠ, મારી વાત તો સાંભળો

એમાં શું સાંભળવું હતુ ? તમે મને નથી ઓળખતા—હું વિફર્યો તો કોઇનો નથી. તમારે, રાતોરાત ગાંસડા પોટલા બાંધવા પડશે.'

એમનું ભાષણ એમ જ ચાલતું હતું.

પૂછતાં જણાયું કે બાલગૃહનો બાળકોએ ગાંધી જયંતિ નિમિત્તે એ સાર્વજનિક રસ્તો માફ કર્યો હતો. એમાં ખાડા ટેકરા સરખા કરીને રસ્તો સરખો કરેલો.

હવે થયું એવું કે શેઠના રસોડાની બાળનાં પાણીનું આ રસ્તા વચ્ચે મોટુ તળાવ ભરાઈ રહેતું હતુ. એ પાણી શેઠના આંગણામાં ભરાઇ રહ્યું—આ હતો બાળકોનો ગુન્હો.

જયન્તિભાઇની એકપણ વાત સાંભળવાની જરૂર શેઠને ન લાગી. એ તો એમ જ, પોતે કેટલા મોટા માણસ છે—એમની કેટલી સત્તા સહકારી બાતાઓમાં ચાલે છે વગેરેનું બ્યાન જ કરતા રહ્યા.

.... માસ્તર, ચાર ગુંડા રાખું એટલી વાર, મને શું સમજે છો?— ચામડું ઉતારી લઉં એવો છું બબર છે?'

મારૂં મગજ તો કાનનું આ વિચારો ફરતું જ ઘૂમી રહ્યું હતું એટલે છેલ્લું વાકય સાંભળતાં જ હું હસી પડયો અને મારાથી જયન્તિભાઇને ઉદ્દેશીને મારેથી કહેવાઇ ગયું :

'—હા કંઇ કહેવાય નહીં, ચામડું પણ ઉતારી લીયે !'

કોણ જાણે કેમ પણ આથી શેઠ એકદમ બોલતા બંધ થઇ ગયા.

અને હું પણ જયન્તિભાઇને લઇ બાલગૃહ તરફ વળ્યો.

બાળકો પણ અમારી પાછળ મૂંગામૂંગા ચાલ્યા આવતા હતા.

બધોય વખત દલીલો કરનારાં આ બાળકો અત્યારે સાવ મૂંગાં થઇ ગયા હતાં.

ધીમેધીમે એ લોકોમાં ચર્ચા શરૂ થઇ અને અમો પાસે વધતો ગયો. બાળકો પણ શેઠની સામે લડાઇ જાહેર કરવા લાગ્યા !

હું અને જયન્તિભાઇ મૂંગા જ ચાલ્યા જતા હતા.

મારા મનમાં તો એજ વિચારો ઘોળાયા કરતા હતા :

આપણે કહેવાતા શિક્ષિત, સંસ્કારી લોકો નજીવા એવા આપણાં સ્વાર્થને ધકકો લાગતાં—આપણાં અહમને આંચકો લાગતાં કેવા આપણો સંસ્કારનો અ ચળો ફેંકીને મૂળ પ્રાથમિક દશામાં બેઠા થઇ જઇએ છીએ ! —આપણો અહમ્ ઘૂણી ઉઠે છે-એમાં કયાંય મોટપ નથી દેખાતી અને એટલે જ તો બેરી કહે છે ના, કે :

'આપણે જીવનભર બાલ્યાવસ્થામાં જ રહીએ છીએ.'

—એ.જસ્

શિક્ષણ ને સંસ્કાર

પ્રવકતા :
શ્રી કેદારનાથજી

[હર્ષ બાલમંદિર, શીવ, મુંબઈ તરફથી ઉજવાયેલા વાલી–દિન પ્રસંગે અપાયેલા પ્રવચનનો સંક્ષિપ્ત ભાગ અહીં રજૂ કરવામાં આવે છે. વાલીઓ ને વાંચકોને એમાંથી ઘણું ઘણું જાણવા મળશે એવી અમારી આશા છે.

—સંપાદક]

આજે બાલમંદિરના સંચાલકો શ્રી વિજયાબેન તથા શ્રી ઉષાબેનના આમંત્રણને માન આપીને તમો બધા વાલીઓ અહીં આવ્યા છો કારણ કે આજે વાલીદિન ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે. વાલીદિન ઉજવવાનો ઉદ્દેશ એ હોય છે કે અવારનવાર શિક્ષકો તથા પાલકોએ મળીને બાળકોની બાબતમાં વિચાર કરવો જોઇએ. પરંતુ આજની હાજરી પરથી સમજ પડે છે કે આવા ગંભીર અને ગહન પ્રશ્ન તરફ પણ લોકો બેદરકાર છે. લોકોની જીવન વિષયક બાબતમાં પણ કેટલી આસ્થા છે અને તેવી બાબતો માટે કેટલો સમય આપવા તૈયાર છે તે આવી સભાઓની હાજરી ઉપરથી સમજમાં આવી જાય છે. આવા દિનો ઉજવવાનું મહત્વ એ છે કે બાળકોનું મન આ અવસ્થામાં ખૂબજ કોમળ અને ગ્રાહ્ય હોય છે. તે સ્થિતિમાં શાળામાં અગર ઘરમાં જે સંસ્કારો આપીએ તેની કાયમી છાપ રહે છે.

શાળામાં જે શિક્ષણ અને સંસ્કાર અપાય છે તે જ ઘરમાં ચાલુ રહે અને તેને જ પૂર્તિ અપાય અને જે ઘરમાં અપાય તે જ શાળામાં ચાલુ રખાય તો જ બાળકનો ઝડપી વિકાસ થઇ શકે. અને તે કરવા માટે અને સમજવા માટે આવા વાલીદિનની જરૂર છે જેથી એક જગ્યાએ એકત્રિત થઇને વાલીઓ તેમજ શિક્ષકો બાલવિષયક પોતાના સવાલો તથા પ્રશ્નો મળીને ચર્ચે અને તેના ઉપાયો વિચારે. પરંતુ આજે આપણે સમાજમાં જોઇએ છીએ કે જે કાંઇ શાળામાં શીખવવામાં આવે છે અને સંસ્કાર આપવામાં આવે છે તેનાથી ઉલ્ટા સંસ્કારને પૂર્તિ મળે તે જાતનું વાતાવરણ બાળકને ઘરમાં જોવા મળે છે. તો આ સ્થિતિમાં બાળક આગળ કેમ વધે અને સુસંસ્કાર કેવી રીતે પકડે?

બાળક અને તેનું મન તે તો કાચો માલ છે. કાચા માલમાંથી કારીગર, એન્જીનીયર અને શોધક જે ધારે તે ચીજ બનાવી શકે છે. તેવી જ રીતે સમાજમાં હિતચિંતકો, શિક્ષકો, અને માબાપો ત્રણે મળીને બાળકને ધારે તેવું બનાવી શકે છે, પરંતુ ત્રણે જણ એક જ દિશામાં વિચાર કરતા હોય અને તેવી જાતનું વાતાવરણ પેદા થાય તેવી જાતની દરેકની પ્રવૃત્તિ હોય તો જ. કાચા માલમાંથી પાકો માલ બનાવીને તેને સારી ચીજ બનાવવી હોય તો કાચા માલને ખૂબ જ સંસ્કાર વિધિમાંથી પસાર થવું પડે છે. જે ચીજ બનાવવી હોય તે દ્રષ્ટિએ તેને સાફ કરવું પડે, ધોવું પડે, કૂટવું પડે, પીસવું પડે વિ. કેટલીએ ક્રિયાઓમાંથી પસાર થાય ત્યારે પાકો માલ તૈયાર થાય છે. સુવર્ણનો દાખલો લઇએ તો કેવી માટીમાંથી કેવું સુવર્ણ બને છે પરંતુ તે બનવાની ક્રિયામાંથી કેટકેટલી શોધનમાંથી અને અગ્નિમાંથી તેને પસાર થવું પડે છે. પરંતુ સુવર્ણ ખરીદનાર તથા પહેરનાર તો તેના ગુણો જ જુએ છે અને વખાણે છે પરંતુ સોની જ તેની મૂળ દશા અને આખરી દશા સમજે છે.

બાળકને ત્રણ જગ્યાએથી સંસ્કાર મળે છે. શાળામાંથી, ઘરમાંથી અને જગતમાંથી. ઘર તેમજ શાળામાં જો એક સરખા સંસ્કાર આપવામાં આવતા હશે તો બાળક જગતમાંથી પણ તે જ પ્રકારના સંસ્કાર લેશે. સતત પ્રયત્ન અને વિશેષ સમય શાળામાં અને ઘરમાં જતો હોઇને ત્યાં આપેલ સંસ્કાર જ તેનો સ્વભાવ બનશે અને માણસ સ્વભાવ પ્રમાણે વર્તતો હોઇને જગતમાંથી તે સ્વભાવ મુજબ જ સંસ્કાર મેળવશે.

કેટલા માબાપોએ બાળકોને શું બનાવવુ છે તે શું પહેલેથી નકકી કર્યું હશે? બાળકો તો શું કોલેજના વિદ્યાર્થિઓ સુધ્ધાંને ખબર હોતી નથી કે તેમનું લક્ષ્ય શું છે! જીવન ધ્યેય નકકી કર્યા સિવાય જીવનયાત્રા ચલાવ્યે રાખનાર તો ભરદરિયે સુકાન વગરના વહાણ જેવો છે. તે પોતે પોતાની ઇચ્છા મુજબ કોઇ નિશ્ચિત કિનારે જઇ નહીં શકે. મોજાઓ અને ઉર્મિઓ જ્યાં ધસડી જશે ત્યાં ધસડાઇ જશે. ધ્યેય વગરના જીવનનું પણ એવું જ છે.

મારી સમજ પ્રમાણે તો દરેક મનુષ્યે એક ધ્યેય તરફ કૂચ કરવાની છે અને તે છે માનવતા. માણસ પોતાનો જીવન ગુજારો સહેલાઇથી મેળવી શકે છે. એવો વિશ્વાસ દરેકે દરેક મનુષ્યને હોવો જોઇએ. સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહથી ગૃહસ્થ જીવન

જીવવું એ જ જીવનનું સાર્થક છે અને તે ધ્યેય મેળવવા મનુષ્ય દેહ મળ્યો છે. એ સંસ્કાર દરેકે દરેક બાળક અને વિદ્યાર્થીને આપવા જ જોઇએ. મનુષ્યને ઉચિત જ કર્મ કરાય. મનુષ્યને શોભે નહીં તેવું કોઇ કર્મ ન કરાય એ બાળકોના મન પર ઠસાવવું જોઇએ અને આચરણમાં મૂકવાનો આગ્રહ કરવો જોઇએ.

ચિત્રકાર કાગળ અગર કાપડ પર થોડો રંગ અને પીંછી વડે એવું સુંદર ચિત્ર નિર્માણ કરી શકે છે. શિલ્પી પણ પત્થર પર સંસ્કાર કરીને સુંદર મૂર્તિ નિર્માણ કરી શકે છે. આવી જડ વસ્તુઓ પર સંસ્કાર કરવાથી પણ જો આવી સુંદર વસ્તુઓ પેદા થઇ શકે છે તો આ માનવદેહ તો ચેતન છે તેને સુસંસ્કાર આપવાથી શું ન બની શકે? બાળદશામાંથી માણસ બનાવવાનું કામ છે તે કરવા માટે ક્રમબધ્ધ રીતે ધ્યેય તરફ પ્રયાણ કરવું જોઇએ અને તે કરવા માટે ધ્યેય નક્કી જોઇએ, સરસ શિક્ષકો જોઇએ.

બાળકોને શું બનાવવા છે તેનો નક્શો પાલકો અને શિક્ષકોએ મળીને નક્કી કરવો જોઇએ અને તે પ્રમાણે બાળકનો વિકાસ થાય છે કે કેમ તે જાણવા વખતો વખત મળવું જોઇએ અને જરૂરી ફેરફારો વિચારવા જોઇએ. બાળકોમાં ખરાબ ટેવો પડવાના શું કારણો છે, તે કેમ દૂર કરવા, તેમનામાં સુસંસ્કાર કેમ આવે વિ.નો વ્યવસ્થિત ખ્યાલ કરવો જોઇએ.

બાળક ખૂબ જ અનુકરણશીલ હોય છે. તેને જે વસ્તુ ખરાબ અગર સારી જોવામાં આવશે તેનું અનુકરણ કરશે. માટે જ્યાં બચ્ચાંઓ હોય તેવા ઘર, શાળા અને પાડોશે ખૂબ જ વિવેકયુકત રીતે વર્તવું જોઇએ અને એવું એકપણ કર્મ કરવુ ન જોઇએ કે જે બાળકો ન કરે એમ આપણે ઇચ્છતા હોઇએ.

કેટલા માબાપો બાળકના દાંત તપાસતા હશે, નખ જોતા હશે, બાળકનું શરીર સુદ્રઢ, નિરોગી અને સુંદર બને એવું કયો માબાપ ઇચ્છતો નહીં હોય! છતાં કેટલા માબાપો તેના માટે જરૂરી કાળજી અને પરિશ્રમ કરતાં હશે? શું એમ જ સારી ઇચ્છા રાખવાથી તે પ્રમાણે સ્થિતિ આવી જશે? બાળકના ખાનપાન, હલનચલન, સોબત, રમતો વિ. વિષે અજ્ઞાન અથવા બેદરકારી સેવીને બાળકની તંદુરસ્તીની આશા કેમ રખાય? કેટલાં ઘરોમાં આરોગ્યની દ્રષ્ટિથી રસોઇ બનાવવામાં આવતી હશે? કવચિતજ. લગભગ બધે રસ અને સ્વાદની દ્રષ્ટિએ જ રસોઇ બનાવવામાં આવે છે. પોતાની તંદુરસ્તીની જે માણસને નથી પડી, તેઓ બાળકો વિષે શું ચિંતા કરવાના હતા! કામ નહીં કરવું એ જ જે ઘરમાં મોટાઇની નિશાની હોય તેવા ઘરોમાં બાળકો આળસુ, બેદી, બેશઆરામી ન બને શું? સુખ શેમાં છે તે જ જ્યાં માણસ સમજતો નથી તો તેને સુખ મળે કયાંથી? પરિશ્રમી જીવનમાં સુખ છે કે આળસી, બેદી જીવનમાં; એ કોઇને પણ સમજાય તેવી વાત છે. છતાં પણ કેટલા માબાપો પોતાના બાળકો મહેનત કરે તેવી ઇચ્છા કરે છે અગર પોતે તેવી મહેનત કરે છે!

માબાપ દિકરીના લગ્ન કરવાનો વિચાર કરે છે ત્યારે તેના માટે એવા શ્વસુરગૃહની આશા રાખે છે કે જ્યાં નોકર, ચાકર, રસોઇઓ, મોટરગાડી વિ. હોય જેથી તેમની દિકરીને કંઇ કામ કરવું ન પડે અને બેઠા બેઠા ખાવા મળે. પરંતુ ખરેખર આ શું સુખની નિશાની છે! પરિશ્રમ વગર ખાનારને કુદરતી સજા ભોગવવી પડે છે. જે ખાય તેને જ પચાવવું પડે છે. આપણે ખાઇએ અને બીજા પચાવે એવું જ્યાંસુધી શોધાશે નહિ ત્યાંસુધી તો પરિશ્રમ કરીને ખાનાર જ સુખી ગણાશે. બાકીનાને તો જમ્યા પહેલાં પચાવવાની ગોળી જમ્યા પછી પચાવવાની ગોળી, ડો.ની દવા વિ. અકુદરતી ચીજો પર આધાર રાખીને જ જીવન વિતાવવું પડશે જ. માટે બાળકોને વ્યાયામ પરિશ્રમ વિ. તરફ વાળવા જોઇએ. તેમના આંખ, કાન, નખ, દાંત, વાળ વિ. સ્વચ્છ રાખવા જોઇએ. પરિશ્રમ સિવાય જમવું એ પાપ છે. એ તેમને સમજાવવું જોઇએ.

જેમ શરીર સ્વચ્છ, નિરોગી અને સુદ્રઢ કરવા માટે કાળજીની જરૂર છે તેમ બુધ્ધિ પરિપકવ, પ્રગલ્ભ અને શિક્ષિત કરવા માટે પણ કાળજી, વિચાર અને પરિશ્રમની જરૂર છે. બાળકને સદવાચન હોવું જોઇએ. કોઇપણ પ્રશ્ન ખૂબ સરળ અને ટુચોટપણે વિચારી શકે તેટલી વિચારશકિત ધરાવવી જોઇએ અને દરેક વાતને તુલનાત્મક રીતે તપાસવાની યોગ્યતા મેળવવી જોઇએ.

બાળકનું શરીર સારૂં અને શુધ્ધ જોઇએ. બુધ્ધિ તીક્ષ્ણ અને પ્રગલ્ભ જોઇએ તેવું તેનું મન શુધ્ધ

નિર્મળ અને સદ્‌ગુણોથી ભરેલું હોવું જોઇએ. ચારિત્ર્ય એ મનુષ્ય જન્મની સંપત્તિ છે. અશુધ્ધ મન રાખીને શુધ્ધ કર્મ નહિ કરી શકે. કોઇપણ શુધ્ધ કર્મ કરવા માટે પહેલાં શુધ્ધ વિચાર અને સંકલ્પ કરવા પડશે. અને શુધ્ધ સંકલ્પ અને વિચાર સત્સંગથી મળી શકે છે. માટે બાળકની સોબત, અને શું વાચે છે, વિચારે છે, કોની સાથે ફરે છે વિ બાબતોમાં માબાપોએ ખૂબ જ જાગૃત રહેવું જોઇએ. કારણ કે આના પર જ બાળકના સુસંસ્કાર અને કુસંસ્કારનો આધાર છે. સુસંસ્કારથી સદ્‌ગુણ વધે છે અને તે સદ્‌ગુણ એકેક વધતાં વધતાં અને દ્રઢ થતાં થતાં સ્વભાવમાં પરિણમે છે. સદ્‌ગુણ વિકાસ થયા પછી માનવતાની સિદ્ધિ શકય છે. તો જ માણસ દયાશીલ, તપ વિ.નું આચરણ કરી શકે છે અને આ જ ધ્યેય બાળક સમક્ષ હમેશ રાખવો જોઇએ. ચારિત્ર અને શીલ પર ખૂબ જ આગ્રહ રાખવો જોઇએ. બચપણમાં જ આ સંસ્કારો આપી શકાય છે માટે વિદ્યાર્થી અવસ્થામાં ખૂબ જ ધ્યાન આપવું જોઇએ.

જેવો વિદ્યાર્થી તેવો નાગરિક. આપણે ઇચ્છતા હોઇએ કે આપણો દેશ સુખી થાય, આપણી ભાવિ પેઢી ખૂબ ઉન્નત થાય અને સંપત્તિમાન થાય તો આ ઉગતી પેઢી તરફ બહુ જ લક્ષ આપવું પડશે, ભાવિ પેઢીની જવાબદારી આપણા ઉપર છે.

દેશ એટલે દેશમાં રહેવાવાળી પ્રજા. આપણી પ્રજામાં ઘણા દોષો છે. પરંતુ પ્રજા સ્વભાવતઃ નલાયક નથી. તેનામાં અનુકરણશીલ ગુણો છે. તે પણ મીજાના ગુણો લઇ શકે તેવી છે. પરંતુ તેને તેવી બનાવવાની આપણી ફરજ છે તેને માટે જરૂરી સંગવડતા ઉભી કરવી, વાતાવરણ પેદા કરવું અને જરૂરી સાધનો આપવા એ આપણું કર્તવ્ય છે. ભાવિ પ્રજાના દોષો એ આપણી નબળાઈ ગણાશે.

આપણને જો દેશવિષયક લાગણી હોય, આપણે ચાહતા હોઇએ કે આપણો દેશ સુખી, સમૃધ્ધ અને દુનિયાને દાખલારૂપ બને તો આપણી જવાબદારી ખૂબ જ વધી જાય છે. આપણું કર્તૃત્વ આપણે વધારવું પડશે. આપણી ભાવી પ્રજા પ્રત્યે અત્યંત ધ્યાન આપવું પડશે. આપણે વિચારશીલ વિવેકી બનવું પડશે. આપણે એક ધ્યેય નિશ્ચિત કરીને તે તરફ કૂચ કરવી પડશે. આપણે આપણી માનવતા વધારવી પડશે અને આ બધા સદ્‌-ગુણો આપણા બાળકો અને બચ્ચાઓમાં લાવવા સતત પ્રયત્ન કરવો જોઇશે. આજના પાલકો અને માબાપો, તથા શિક્ષકો અને સમાજ સેવકો પર આ મોટી જવા-બદારી છે. તેઓએ ઉઠાવવા કટિબધ્ધ થાય અને તે કરવાની પ્રભુ તેમને શકિત આપે એવી પરમ દયાળુ પરમાત્મા પ્રત્યે હું પ્રાર્થના કરીને આજનું ભાષણ સમાપ્ત કરું છું.

☆☆

આર્યઔષધિની સર્વોત્તમ દવાઓ

બાલગુટી : બાળકોની ઔષધમાતા. આ બાલ-ગુટીના સેવનથી બાળકો આનંદીત રહે છે તથા બાળકોને જરૂરી પોષણ મળી શરીરની ઉત્તમપણે ખીલવણી થાય છે. કી. ૫૦ ગોળીની બાટલીના આઠ આના.

મહિલા મિત્ર સ્ત્રીઓનાં સ્વાભાવિક રોગો દૂર કરે છે. ગર્ભાવસ્થામાં પોષણ આપનાર તથા પ્રસૂતિ બાદ શક્તિવર્ધક. કી. બાટલીના રૂા ૨) બે.

બ્રાહ્મી તેલ આર્યઔષધિનું બ્રાહ્મી તેલ અનેક ઔષધિઓના અર્ક સમાન હોઇ ઉત્તમ કેશવર્ધક, કેશરક્ષક તથા મધુર સુગંધવાળું છે. કી. બાટલીના રૂા. ૨) બે.

નાના મોટા સૌ માટે પુષ્ટીકારક આર્યઔષધિનો ઋષ્ટવર્ગ ચ્યવનપ્રાશ અવશ્ય વાપરો.

આર્યઔષધિ ગાયકવાડી, કાવેલ સ્ટ્રીટ, સ્વદેશી માર્કેટ પાછળ, મુંબઇ ૨

સ્ટોકીસ્ટસઃ—

જાદવજી ગોરધનદાસની કું.

૫૮–૬૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

ચોરી કરતું બાળક

નોકર: બાઇ, આ પુસ્તક રમા બ્હેનનો નોકર આપી ગયો.

સરોજ: લાવ અને જા. તારું કામ પતાવી લે. જરા વખત મળ્યો છે, તો ચોપડી ઉપર ઉપરથી જોઇ જાઉં. આ ચિત્ર તો કોઈ વિચિત્ર લાગે છે. બાપ બાળકને મારે છે, ને મા ઉભી ઉભી રડે છે. લેખક નીચે લખે છે: જ્યાં બાપ બાળક પર કઠોર બને, ને મા નિરાધાર નિઃસહાય અવસ્થામાં ઊભી રડતી હોય ત્યાં બાળક ગુન્હેગાર બને છે. આ તો કોઇ નવીન વાત જાણવા મળી (નોકર સામે ફરી) અરે તું અહીં જ કયારનો ઉભો છે?

નોકર: હા, બાઇ; મારે તમને એક વાત કહેવાની છે.

સરોજ: કહે જોઇએ.

નોકર: જુઓ બાઇ, કાલે તમે મને વઢતા હતા, પણ એ પંદર રૂપિયા તો અનિલભાઇએ ચોર્યા છે. જુઓ, આ બધી વસ્તુઓ તે લઇ આવ્યા છે. (નોકર પેન્સિલ, રમકડાં વિ. ટેબલ પર મૂકે છે.)

સરોજ: હેં. (આશ્ચર્યચકિત થઇ મોટે અવાજે બોલે છે.) તું આ શુ કહે છે? મારો અનિલ આવી મોટી ચોરી કરે, તે હું માનતી જ નથી.

નોકર: ભલે તમે ન માનો, પણ મેં તો તમને સાબિત કરી આપ્યું છે.

સરોજ: (નિઃસાસો નાખી નોકરને કહે છે.) તું જા.

નોકર: હા જાઉં.

સરોજ: (પોતે બોલે છે.) મારો અનિલ શું ચોરી કરે? મેં એને પૂછ્યું, ત્યારે શું એણે મને જૂઠું કહ્યું, શું થશે? શું કરું? લીલી બ્હેનની સલાહ લઉં? ટેલાફોન કરું? (નંબર જોડે છે) હલો, લીલીબ્હેન, હું સરોજબ્હેન. મારે તમને હરાણુ જ મળવું છે. આવું? (જાય છે.)

લીલા: હા, જરૂર આવો.

લીલા: આવો આવો સરોજબ્હેન, કેમ એકદમ આવવું થયું?

સરોજ: મેં નહિ કલ્પેલી, એવી એક ઘટના મારા કુટુંબમાં બની છે. મને એથી ખૂબ આઘાત લાગ્યો છે. (સરોજ રડવા લાગી.)

લીલા: જરા ધીરજ રાખી મને કહેશો, તો જરૂર આપણે રસ્તો કાઢશું.

સરોજ: મેં અનિલને પૂછ્યું, ત્યારે તેણે મને બધું જૂઠું કહ્યું, એને જો ચોરી કરવાની આદત પડી ગઈ, તો મારા બાર જ વાગી જશે. પછી મારા જીવનમાં કંકાસ અને દુઃખ સિવાય, બીજું કશું જ નહિ રહે.

લીલા: તમારી વ્યથા હું સમજી શકું છું. અને હવે આપણે એવો ઉપાય લેવો જોઇએ કે બાળકને ચોરી કરવાનું મન ન થાય.

સરોજ: મને તો એમ જ થાય છે કે, પંદર રૂપિયા જેવી રકમની ચોરી કરવાની તેની હિંમત જ કેમ ચાલી હશે? એને એમ થયું નહિ હોય કે મારી માને દુઃખ થશે? મારી મા ચિઢાશે અને રડશે?

લીલા: સરોજબ્હેન, તમે આજે કહ્યું તે જ હકીકત છે. તમને દુઃખ થાય, તમે ચિઢાવ, તમે એને મારો અને રડો, તેટલા જ માટે તેણે આ ચોરી કરી છે.

સરોજ: એવું તે કંઈ હોય લીલાબ્હેન?

લીલા: જુઓ હું તમને સમજાવું. એ સમજવામાંથી જ તમને એનો ઉકેલ મળી શકશે.

સરોજ: પણ તમે કહો છો કે મને ચિઢવવા, રડાવવા અને માર ખાવા એણે આ ચોરી કરી છે, એવું મારા માનવામાં નથી આવતું.

લીલા: તમને એકલાને નહીં પણ ઘણાંને આ હકીકતનો સ્વીકાર કરતાં મુશ્કેલી પડે છે. જુઓ તમારા છોકરાએ પંદર રૂપિયા જેવી રકમની તમારી પર્સમાંથી ચોરી કરી ત્યારે તે જરૂર જાણતો હોવો જોઇએ કે તમને રૂપિયા ચોરાયાની ખબર પડશે જ.

સરોજ: હા.

લીલા: રૂપિયા ચોરાય તો તમે ચિઢાશો. અને જેણે ચોર્યા હોય તેને શિક્ષા કરશો. એની પણ એને ખબર તો હશે જ ને?

સરોજ: જરૂર.

લીલા: તમે પૂછ્યું ત્યારે તે જૂઠું બોલ્યો, પણ ચોરેલા પૈસાની વસ્તુઓ ખરીદી તે ઘરમાં કેમ લાવ્યો હશે? આ બનાવનો તમે વિચાર કર્યો છે સરોજ બ્હેન? એક બાજુ તે જૂઠું બોલે છે, બીજી બાજુ તે ચોરી કર્યાની સાબિતી રજૂ કરે છે. આવા બે વિરોધી વર્તનો તેણે કેમ કર્યા હશે? હું તો તમને એમ કહું છું કે, 'એણે ચોરી કરી છે' એ એણે તમને જણાવવું છે, પણ કબૂલ કરવું નથી એમ થાય તો જ તમે ચિઢાવ અને એને મારો, આવું થાય ત્યારે કોઇ વિચિત્ર પ્રકારનો સંતોષ તે બાળક મેળવી લે છે.

સરોજ: તો શું. હું એના પર ચિઢાઉં, એને માર અને દુઃખી થાઉં એવું જ એ ઇચ્છે છે?

લીલા: હં

સરોજ: મેં તે એવું એનું શું બગાડ્યું છે!

લીલા: તમે જાણી બુઝીને એનું કાંઇ બગાડ્યું નથી, પણ તમારે એની ઉછેર, એની સાથેનાં તમારાં વર્તનો, તમારી માન્યતાઓ, તમારા અભિપ્રાયો એ બધાંની એના મન પર જે અસર થઇ તેનું આ પરિણામ છે એને એમ જ લાગ્યા કરતું હોવું જોઇએ કે, એના માબાપ એને પ્રેમ આપતા નથી, એની અવજ્ઞા કરે છે. એથી એના મનનાં ઊંડાણમાં એને એમ લાગતું જ નહિ હોય, કે તમે એના માબાપ છો.

સરોજ: શું કહો છો લીલાબ્હેન. અમે એવા કઠોર છીએ, કે અમારા બાળકની અવજ્ઞા કરીએ?

લીલા: એની સાથેના તમારા વર્તનો એવાં હશે કે, જેથી તમે એની અવજ્ઞા કરી છે, એવું તેને લાગ્યા જ કરતું હશે. નહિ તો તમારા રૂપિયા ચોરી લઇ તમારી પર વેર લેવાની હદ સુધીની સ્થિતિએ એ પહોંચે જ કેમ?

સરોજ: તો આ ચોરી કરી તેણે મારા પર વેર લીધું?

લીલા: હા. અને જો તમે એની સાથે સમજથી પ્રેમપૂર્વક વર્તન નહિ કરો, ને શારીરિક અગર માનસિક શિક્ષા કરશો, તો એની વેર લેવાની વૃત્તિમાં વધારો થશે. અને તે વધુ અને વધુ ચોરી કર્યા કરશે. પછી તમારી મૂંઝવણનો પાર નહિ રહે.

સરોજ: એટલે મારે હવે એને મારવો નહિ, વઢવો નહિ તો શું કરવું?

લીલા: એ વેર આવે, ત્યારે જાણે કશું જ બન્યું નથી એમ વર્તજો. અને દિવસે દિવસે એના જીવનમાં વધુ ને વધુ રસ લેવા માંડો. એણે ચોરી કરી છે. એની તમને જાણ હોવા છતાં તમે એના પર ચિઢાયા નથી કે શિક્ષા કરી નથી એ અનુભવથી જ એના પોતાનામાંથી જ તમારી પર વેર લેવાની વૃત્તિ આપોઆપ પલટાઇ જશે.

સરોજ: તમે આ જે કહ્યું, તે બોલવું સહેલું છે, પણ અમલમાં મૂકવું કેટલું અઘરું છે એનો તમે ખ્યાલ કર્યો છે?

લીલા: સાચી વાત છે. જે માબાપ પોતાના બાળકોને પ્રેમ આપી શકતાં નથી, તેમને માટે જરૂર આ અઘરું છે. અને તેથી જ જે બાળકોને એમ લાગે છે કે એમનાં માબાપે એમની અવજ્ઞા કરી છે, જે પ્રેમ પર એનો અધિકાર હતો તે છીનવી લેવાયો છે તે બાળકોમાં જે માબાપ પર, આખા સમાજ પર વેર લેવાની વૃત્તિ જાગે છે, એમ વેર લે છે, ત્યારે જ એને સંતોષ મળે છે. આવાં બાળકોને આપણે ગુન્હેગાર કહીએ છીએ.

સરોજ: તમારું કહેવું સાચું હશે. પણ હું એમ માનવા તૈયાર નથી કે મારા છોકરાંને મેં પ્રેમ નથી આપ્યો!

લીલા: તમે ગમે તે માનતા હો, પણ તમારા છોકરાંના વર્તન પરથી એમ સાબિત થાય છે કે, એની અવજ્ઞા થએલી છે. આનો એક દાખલો આપું. સાત વર્ષની એક છોકરીએ ઘરમાંથી મોટી રકમ ચોરી જઇ પોતાની બહેનપણીઓને હોટેલમાં આઇસક્રીમ ખવડાવ્યો. એની માને જ્યારે એ વાતની જાણ થઇ, ત્યારે એને ખૂબ મારી. થોડા જ દિવસમાં એણે બીજી ચોરી કરી આથી એ મા ગભરાઇ ગઇ, અને મારી સલાહ પૂછી. મેં શોધી કાઢ્યું કે એના ઘરમાં નવા બાળકનો જન્મ થયા પછી, તેણે આવું વર્તન શરૂ કરેલું. પહેલી છોકરી

સાત વર્ષની થયા પછી માએ પહેલા છોકરાંને જન્મ આપ્યો. અને એ પોતાનું બધું જ ધ્યાન એ છોકરા તરફ આપવા લાગી. જે છોકરી માનું આટલા વર્ષ બધું જ ધ્યાન મેળવતી હતી, એના તરફ એની મા બેદરકારી બતાવતી હોય તેમ લાગવા માંડયું. એને થયું કે એની માનો જે પ્રેમ એને મળતો હતો, તે પ્રેમને નવા આવનારે છીનવી લીધો. આથી એની મા અને એનો નાનો ભાઇ, એ બને તરફ એના મનમાં ખૂબ ગુસ્સો થવા લાગ્યો. અને એ ગુસ્સામાંથી વેર લેવાની જે વૃત્તિ જન્મી, તેના કારણે એણે ચોરી કરવાનું શરુ કર્યું.

સરોજ: માબાપના પ્રેમને ચોરી સાથે જોડો છો, એ કંઈ મારા ખ્યાલમાં નથી આવતું. એમની વચ્ચે એવો તે શો સંબંધ છે?

લીલા: આ બહુ મહત્વનો સવાલ છે. બાળકને જ્યારે લાગે છે કે જે પ્રેમ પર એનો અધિકાર હતો, તે છીનવી લેવામાં આવ્યો છે ત્યારે તેના મનમા બીજાઓ પાસેથી પ્રેમ છીનવી લેવાની વૃત્તિ થઇ આવે છે. ત્યારે બીજાઓ જે જે વસ્તુઓને અધિકાર પૂર્વક સાચવીને રાખતા હોય તે બધી વસ્તુઓ પ્રેમની સૂચક બને છે; આથી જ્યારે છોકરો રૂપિયાની ચોરી કરે છે ત્યારે જે રૂપિયાને એના માબાપ પ્રેમથી સંભાળી રાખે છે, તેને છાનોમાનો લઇ, પોતાની જાતને એમ મનાવે છે કે, તેણે ગુમાવેલા પ્રેમને પાછો મેળવી લીધો છે.

સરોજ: તમે કહો છો એ સાચું હશે. મારી વાત રહેવા દઉં, પણ એના બાપુજી આ છોકરાને ખૂબ મારે છે મેં એમને ઘણીવાર ચેતવેલા, પણ મારૂં કહ્યું માનતા જ નથી. તમારી પાસે એમને મોકલી આપું? એમને સમજાવી શકશો?

લીલા: જરૂર પ્રયત્ન કરીશ.

—ડો. રમણલાલ પટેલ

માનસ પરિવર્તન

હરેશભાઇના પિતા જાતે ઘણીવાર બાલમંદિરમાં આવતા અને સાથે નોકરો વિષે કંઇને કંઇ ફરિયાદો પણ લાવતા. વારંવાર ફરિયાદો કરવા પાછળ પોતે અત્યંત જાગૃત છે એમ બતાવવાનો એમનો આશય સ્પષ્ટ દેખાતો હતો. હરેશને પગથિયા સુધી લાવી તેઓ મને ઘણીવાર કહેતા: "હરેશને ભણાવશો નહિ હોં." અને જ્યાં હરેશ પગથિયાં ચડી અંદર ચડી ગયો છે એમ જાણે એટલે મને ધીમેથી કહે, 'તમે હવે એને ભણાવજો હોં.' અને આમ આ વિસંવાદી વાતથી આશ્ચર્ય તો ઉપજે પણ એથી આશ્ચર્યની વાત તો એ બનતી કે હરેશભાઇના પિતા પાછળથી મારે સારૂં જે કંઇ કહેતા એ પણ હરેશ સિફતથી સાંભળી જતો અને અંદર જઇ ચંચળદેવીને કહેતો: 'જોયું, બાપુજીએ શું કહ્યું તે!"

આ હરેશ આમ ખૂબ પોચો, નબળી લાડઘેલો પણ ખરો જ. ધોએલાં ઇસ્ત્રી કરેલાં કપડાં પહેરીને આવતો. આ હરેશ સાચે જ ખૂબ પોચો હતો. પાસેથી પ્રતિમા કયાંક દૂર જાય તો પોતાનું કહેવાય એવું પાસે કોઇ જ નથી એવો ભય એમના મ્હોં પર વર્તાતો.

પ્રતિમા અને હરેશ મામા-ફોઇનાં. એટલે હરેશ ફોઇનો દિકરો મામાને લાંતો એને બધાં હેત કરનારાં. લાંતો એનો પડયો બોલ ઝીલાતો જ.

આમ અતિ લાડને લઇને હરેશ બાલમંદિરમ ઓશિયાળો થઇ ફરે. કોઇનો સહેજ હાથ અડી જાય તો રડી પડે. હું પૂછું, 'કેમ શું થયું ભાઇ?' તો કહે 'મારૂં ખમીસ બગાડયું.' કયાંય ડાઘો સરખો જણાય નહી એટલે હું પૂછું, 'કયાં બગાડયું છે?' એટલે કહે, 'જુઓને' પણ એણે બતાવેલી જગ્યાએ ડાઘનું નામનિશાન ન જ મળે હુ એમની સજળ આંખો જોઉં ને વિશેષ પૃચ્છા કરવાનું માંડી વાળુ. પણ એ તો આઘો જાય, પાછો જાય અને વારંવાર કપડાની ઇસ્ત્રીની સળને સરખો કરે. મેં આ જોયું. મેં પાસે જઇ પૂછયુ, 'આ બગડે છે?' અને ખમીસની સળની લીટી બતાવી કહે, 'હા આ જ તો.'

કપડાની વધુ પડતી જાળવણીમાં આ બાળક પ્રવૃત્તિના આનંદથી અલગુ રહી જતું. આસન લઇને એ બેસે તો ખરો, પણ વધુ ઉઠ-બેસ કરે તો ઇસ્ત્રી

બગડી જાય એ બીકે કાંતો એસી જ રહે, નહી તો ઉભો જ રહે. પણ આ તે કેમ ચાલે ?

મેં આ અંગે ચંચળદેવીને વાત કરી. મારી વાતનું સમર્થન કરતી એમણે એમની નોંધ બતાવી. એક નોંધ હતી: બાલમંદિરના ચોકમાંથી કાંકરા વીણવાનું કામ બધાંને સોંપ્યું ત્યારે રખે હાથ કે કપડાં બગડે એના સંપૂર્ણ ભાન સાથે હરેશભાઈ ફરતાં હતાં મારી નજર એમના ઉપર પડી છે એવું એમની જાણમાં આવ્યું કે તરત સહેજ વાંકા વળી કાંકરા વીણવા માત્ર બે જ આંગળી લંબાવી એણે નાટક કર્યું.

બીજી નોંધ હતી.

જે દિવસ ઘાસ ચૂંટવાનું કામ સોંપાયું, તે દિવસે પણ જમીન ઉપર ઉભા પગે બેસી ઘાસના તણખલા ચૂંટવાનો દેખાવ કર્યો. એકાદ તણખલું ચૂંટે અને બારે કામ કર્યાનો નકલી સંતોષ દર્શાવવા મારી પાસે આવે ને તે બતાવે. મેં બરાબર જોયું, સમૂહગત પ્રવૃત્તિના એ એક કલાકમાં એમણે આઠ તણખલાં તોડયાં હતાં.

આમ હરેશ એના કપડાંને ખૂબ સાચવે છે, કપડાં કરતાંય તે કપડાં પરની ઈસ્ત્રીના સળને સવિશેષ સાચવે છે. જરુર કરતાંય અનેકગણી આ કપડાંની જાળવણી એને પ્રવૃત્તિઓથી દૂર રાખતી હતી, અને આથી એને થતું નુકશાન કંઈ નજીવું નહોતુ.

'એને નકશાન થઈ રહ્યું છે' એ વિચારે મને એની પાસે ધકેલ્યો. એની આંગળી ઝાલી હું એને લપસણીએ લઈ જઈ લપસાવવા લાગ્યો કપડાં પરની ઈસ્ત્રીના સળ ભૂસાવા લાગ્યા અને કપાળે પરસેવાના બિન્દુ જામવા માંડયા. પણ– એને પોતાને જ ખૂબ હરખ થયો. 'જુઓ, જુઓ' કહી એણે હરખ દર્શાવ્યો અને અરીસા આગળ જઈ એ મ્હોં જોઈ આવ્યો. એણે પરસેવો લૂછવા રૂમાલ માંગ્યો. બીજાનો જ રૂમાલ વાપરવા મેં કહ્યું ત્યારે એણે કહ્યું, 'ના, બગડી જાય.'

એને ઘેર જઈ મેં જોયું: જાતે એને નાહવાનું નહોતું. બા કે બહેન જ નવડાવે. કપડા પણ બા કે બહેન જ પહેરાવે. અને કપડાં પહેરાવતાં અંતે આટલું કહેવાય જ, 'સાચવજે, ક્યાંય બગડે નહી' પણ આમ ઘરમાં 'બગડી જાય'નું ભૂત તો ઘાલ્યું તેને કાઢવા માટે શું કરવું ? કપડું મેલું તો થાય, પણ તે ફરી ધોવાય, ફરી એની ઇસ્ત્રી પણ થાય અને ફરી પાછું એ મેલું તો થવાનું જ– આ વાત એના ગળે ઉતરાવવાની હતી ધોએલાં કપડાંને વાળીને એના પર સળ પાડી શકાય તે એને બતાવવુ હતુ બાળમંદિરના ધોએલા રૂમાલ અમે આપવા માંડયા. શરૂમાં તે કેમ વાળવા તે અમે બતાવ્યું. બસ, આ વાળવાની ક્રિયા એને ખૂબ પસંદ પડી. આસનની ગડી એ બરાબર વાળે, કોઇની ચડ્ડી કે બમીસ ક્યાંકથી હાથ આવે તો એની ગડી કરે. આમ સેવાવૃત્તિ દ્વારા મૂળમા તો એ એનો શોખ જ પોષાતો હતો.

હવે તો એ બધી જ ક્રિયાઓમાં ઓતપ્રોત થયા છે. ભૂસ્કા તો એવા ખાય છે કે ભૂસ્કા ઘોડીથી સૌથી આગળ એનો જ કૂદકો હોય. એક દિવસ એના બાપુજી એને મૂકવા આવ્યા. પણ આવીને તરત જ ઘટ ઝટપટ કાઢી નાખી હરેશે દોડી જઈ ભૂસ્કાઘોડીને માથેથી લાંબો ભૂસ્કો માર્યો. એના પિતાજીએ આ જોયું અને 'અલ્યા વાગશે' એવું બોલ્યા વિના રહેવાયું નહી. પણ સાંભળે એ જ બીજા. હરેશે દોટ દીધી, પગથારે ચડી એણે બીજો ભૂસ્કો ખાધો, રેતને રોકનારી ઇંટો નજીક જઈ એ પડયો. 'અલ્યા જો ઇંટો વાગશે.' એના પિતાએ કહ્યું પણ એ સાંભળવા ક્યાં નવરો હતો ?

'હરેશે જીવન બગડતુ બચાવી કપડાં બગાડવા માંડયા છે' એમ કહી મેં હરેશની આ ટૂંકી કથા કહી ત્યારે તે ખૂબ હસ્યા.

—ધ્રુવરાચાર્ય

શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઈચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે નં મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

એક વર્ષના બાળકના વ્યક્તિત્વનો પાયો

પ્રતિ ક્ષણે હજારો બાળકો જન્મે છે, છતાં દરેક બાળકોને કંઇ લાડકોડ મળતાં નથી.

આપણો બાળક ખૂબ હોશિયાર તથા મોટા થાય, તેને સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન મળે એવી દરેક સુશિક્ષિત માતાપિતાની ઇચ્છા હોય છે. પણ આવા વ્યક્તિત્વની રૂપરેખા આપણે જ બાળકના પહેલા વર્ષમાં આલેખવાની હોય છે એની જાણ કેટલાં માતપિતાને હશે ?

આનુવંશિક ગુણ તથા પરિસ્થિતિ આ બન્ને બાબતોને લીધે બાળકનું વ્યક્તિત્વ સારું કે ખરાબ બને છે. પરંતુ બાળકના વિકાસમાં આનુવંશિક સંસ્કારનો હિસ્સો કેટલો તથા જન્મ પછીની પરિસ્થિતિનો ભાગ કેટલો એ કહેવું મુશ્કેલભર્યું છે. બાળકની સહજ પ્રવૃત્તિ, બુદ્ધિની તીવ્રતા, કલા શીખવા માટે જરૂરી એવી ઇન્દ્રિયની કુદરતી બક્ષીસ વિગેરે બાબતોમાં આનુવંશિકતાનો ભાગ સારા પ્રમાણમાં હોય છે. પરંતુ બીજી અનેક આનુવંશિક મનાતી બાબતો બાળકની બાળવયની પરિસ્થિતિ દ્વારા ઉત્પન્ન થએલી હોય છે એમ સુક્ષ્મ નિરીક્ષણથી બહાર પડી આવે છે. 'પિતાનો સ્વભાવ ક્રોધી તેવી જ રીતે બાળકોનો સ્વભાવ પણ ક્રોધી બન્યો છે' આ બાબતમાં આનુવંશિકતા હશે તો પણ આનું મુખ્ય કારણ બાળવયમાં માતાએ લડાવેલા ખોટા લાડ જ હોય છે.

ઘણીવાર ખરાબ ટેવ તથા કેળવણીમાંના દોષોને પરિણામે ઉદ્ભવેલા દુર્ગુણ આનુવંશિકતાનું પરિણામ છે એમ માનવામાં આવે છે. પરંતુ કોઇપણ ટેવ બાળકના શરુઆતના જ કાળમાં પડે છે. પહેલે દિવસે બાળકને થાબડીને સુવાડીએ એટલે, બીજે દિવસ થાબડીને સુવા માટે એ રડવા માંડે છે.

બાળકમાં આનુવંશિક ગુણ હોય કે ન હોય, પરિસ્થિતિ આપણે નિર્માણ કરતા હોવાથી બાલાવકાસનો પ્રવાહ આપણાથી સારી દશામાં વાળી શકાય એમ હોય છે.

એક વર્ષની અંદરના બાળકના વ્યક્તિત્વનો વિકાસ સાધતી વખતે મુખ્યતઃ ચાર બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર પડે છે. માતપિતાનો એક બીજા માટેનો પ્રેમ તથા વિશ્વાસ, તેમનો બાળક ઉપરનો પ્રેમ, ઘરમાનું સ્થિર વાતાવરણ તથા શારીરિક સંગોપન આ ચાર મૂળભૂત બાબતો છે.

બાળક જન્મે છે ત્યારથી તેના વિકાસની શરુઆત થાય છે. તે દિવસથી બાળક આજુબાજુની પરિસ્થિતિ પર કાબુ મેળવવાનો તથા એ પરિસ્થિતિમાં સમરસ થવાનો તનતોડ પ્રયત્ન શરૂ કરે છે.

બાળકનું મન એટલે સ્વચ્છ, ચકચકતો અરીસો આજુબાજુની વ્યક્તિઓની વર્તણુંકનું સૂક્ષ્મ પ્રતિબિંબ તેના માનસપટ ઉપર બહુ થાય છે. એક વર્ષની અંદરના બાળકનો વધારેમાં વધારે સંબંધ એના માતપિતા સાથે આવે છે. તેના મનમાં માતપિતા માટે એક ચોકકસ ભાવના નિર્માણ થાય છે. તેના મત પ્રમાણે માતાપિતા એટલે એક જ ઘરમાં એકમેકના સહવાસમાં આનંદથી રહેતી બે વ્યક્તિઓ. આ વ્યક્તિઓમાં મતભેદ કરતાં ઘણી બાબતોમાં એકમત થાય છે. માતાપિતાનો એકબીજા ઉપરનો પ્રેમ, એકબીજા માટે જાગૃત થતી સહાનુભૂતિ તથા સૌજન્ય આ બાબતોથી બાળકોના મનમાં સહકાર્ય મૈત્રિની ભાવના, પરમત સહિષ્ણુતા, આત્મવિશ્વાસ વિગેરે અનેક સદ્‌ગુણોના બીજ એક વર્ષની અંદરના કાળમાં રોપી શકાય છે.

(અપૂર્ણ)

પેકીંગ કેસીસ, ક્રેટસ, શૂક્સ, વૂડન ફ્રેમ્સ
અને રાઉન્ડ વૂડન સ્ટીકસના સ્પેશ્યાલીસ્ટ

કાન્તિ વૂડ વર્કસ

(લાકડાંના આગેવાન વેપારી)

પ્રો. કાન્તિલાલ વેલશીભાઇ શેઠ.

ઓફીસ, સો મીલ અને ફેકટરી :

કવે સ્ટ્રીટ, દારુખાના,

રે રોડ સ્ટેશન પાસે,

મુંબઇ ૧૦.



વહાલા બાળમિત્રો,

કેમ દિવાળીનો અંક-તમને ગમ્યો ને?.... દિવાળીની રજાઓ તો પૂરી થઇ. બાળમંદિરના બાળકો બાળમંદિરમાં જવા માંડયા. કુમારશાળાનાં ગોઠીયા કુમારશાળામાં જવા માંડયા. દોસ્તદ્વારોને ઘણા દિવસે મળ્યા હશો નહિ? બધાં મળી ખૂબ ખૂબ મઝા કરજો.

અમારા કેસરબાગના ક્રીડા નામના મકાનમાં પણ મઝા આવે છે. અમે બધા રોજ ભેગા મળીએ છીએ. કોઈ ચિત્ર બનાવે છે ને કોઈ તમારે માટે વાર્તા લખે છે. આ વર્ષમ બાળકો ભજવી શકે એવાં ખાસ નાટકો અમે આપણા બાળવિભાગમાં આપવાના છીએ. અમે પણ ઘણીવાર જાતજાતનાં કપડાં પહેરી આ નાટકો કરી જોઇએ છીએ. તમે પણ કરજો ને દોસ્તદ્વારોને બતાવજો.

હવે તો શિયાળો આવ્યો. કડકડતી ઠંડી લાવ્યો. રોજ રોજ વેલા ઉઠો. કસરત કરો ને દૂધ પીઓ. તાજમાજ મસ્ત બનો.

અમારા ઘરની બાજુના આંબાદાદાનાં પાન ખૂબ ખરે છે. શિયાળો આવે ને પાન ખરે આખું આંગણું પાનથી છવાઇ જાય. સવારના પહોરમાં પાન સાફ કરવાની મારે મઝા આવે. સાવરણાથી એવી સરસ તો ભાત પડે છે.

આંગણું સાફ થાય ને પછી અમારો દોસ્ત મધુ દાણા નાખે છે. થોડીવારમાં કબૂતરોથી આંગણું ભરાઇ જાય છે.

આવી આવી તો ઘણી મઝા થાય છે.

આવજો હં. મઝા કરજો હં.

તમારો જ

રમેશ કોઠારી

તા. ક. નરેનભાઇ બહાર ગયા છે એટલે સે પત્ર લખ્યો છે. એ પાછા આવશે ત્યારે એ લખશે.

બટાકાનાં બીબાં

તમે બધાં બટાકાભાઈને તો ઓળખો છો. એનું મઝેદાર શાક કોણે નહિ ખાધું હોય? પણ બટાકાં બીજા પણ એક સરસ ઉપયોગમાં આવી શકે છે. એ ઉપયોગ છે બટાકાનાં બીબાં બનાવવાનો. આ બીબાં કાગળ ઉપર, ચોપડી ઉપર ને રૂમાલ ઉપર સરસ રીતે છાપીએ તો શોભા થાય. બીબાં પણ જાત જાતનાં બનાવાય. જાત જાતનાં કાગળ ઉપર કે કપડાં ઉપર જુદા જુદા રંગોથી છાપી શકાય.

આ રહી આ બીબાં બનાવવાની રીત.

સાધનો :

૧. બટાકો (જરા મોટા કદનો)

૨. પાનું રેઝરનું. એક બાજુ પકડી શકાય એવી હોય તો સારુ, વાગવાનો ભય ન રહે.

૩. ચપ્પુ.

૪. પેન્સિલ.

૫. રંગ કરવાનું વાસણ. અંદર જાડા કપડાની રંગ માટે ગાદી અને રંગ.

આટલાં સાધનો તૈયાર થઈ જાય એટલે કામ આગળ વધે.



કામનાં પગથિયાં:

૧. પહેલાં ચપ્પુથી સફાઇદાર રીતે બટાકાના વચમાંથી બે ભાગ કરો.

૨. પછી પેન્સિલ સાદી પણ રૂપાળીથી કપાયેલા બટાકાના લીસ્સા ભાગ પર બહુ ભાર દીધા વિના ભાત ચીતરો. આ ભાતમાં હાથી મોર ને ચકલી જેવાં ને તમને ગમે તેવાં ચિત્રો ચીતરી શકાય. અક્ષરો પાડી શકાય. પણ અક્ષરો પાડવાના હોય ત્યારે ઉંધા પાડવા પડે. ઉધા હોય તો જ છાપ છપાય ત્યારે સીધા છાપી શકાય. વળી ચોરસ, ત્રિકોણને ફૂલની ભાત પણ સરસ લાગે.

પછી રેઝરના પાનાથી ને ચપ્પુની મદદથી બટાકામાંથી બે ભાત કોતરી કાઢો. મહાવરો થશે તો બરાબર કોતરતાં આવડી જશે.

૩. હવે તમારું બીબું તૈયાર થયું. એટલે રંગ જોઇએને. બજારમાંથી કપડાં રંગવાનો થોડો રંગ લઇ આવો. એકાદ આનાનો રંગ લો. પછી થોડો ગુંદર ઉમેરો. આ રંગની રકાબીમાં જાડા કપડાની ગાદી બનાવો. આ ગાદી બરાબર રંગાઈ રહે એટલે ઉપર તમારું બીબું દબાવો.

૪. બીબાને બરાબર રંગ લાગે છે કે નહિ એ જુઓ. કદી વધારે રંગ લાગે નહિ એ બાબત ધ્યાનમાં રાખવું.

૫. બીબાને બરાબર રંગ લગાડયા પછી કાગળ કે કપડું બરાબર સપાટ પાથરો. નીચે ટુવાલ જેવા કપડાની જરા પોચી ગાદી કરો. પછી બરાબર જોરથી બીબું દબાવો.

૬. તમારી છાપ બરાબર ઉઠશે જ પણ છાપ કઈ વસ્તુ ઉપર કઇ જગ્યાએ પાડવી છે એ પહેલેથી જ નક્કી કરો, ગમે તે જગ્યાએ ગમે તેમ છાપ મારશો તો સારી નહિ લાગે.

૭. પહેલાં કાગળ પર અથવા છાપાના કાગળ ઉપર છાપવાનો મહાવરો કરશો તો મઝા આવશે. સાથે સાથે છાપવાની કળાની ખૂબીઓ પણ સમઝાશે.

ચાલો દોસ્તો હવે તમને આ કામ કરવાનો વખત મળે ત્યારે કરવા માંડજો. મુશ્કેલી પડે તો 'બાલ વિભાગ' ને પૂછાવજો. સરસ નમુના થાય તો, 'કેસરબાગ વડોદરા ૨.' એ સરનામે મોકલી આપશો. આપણે છાપીશું. —શ્રી લીલી જોષી.



ચક્રો.

ડોશીનું શરીર

શિયાળો તો આવે....ડોશીનું શરીર
થર થર કાંપે....ડોશીનું શરીર
વાકું વાકું ચાલે....ડોશીનું શરીર
ધીરું ધીરું હાલે....ડોશીનું શરીર
લાકડી ને ટેકે....ડોશીનું શરીર
તાપણી એ બેસે....ડોશીનું શરીર
છીંકણીને સુંઘે....ડોશીનું શરીર
છીંક છીંક ખાયે....ડોશીનું શરીર
બબાં ગભરાયે....ડોશીનું શરીર
ભાગીને જાયે....ડોશીનું શરીર
કુતરાં ભસ્યા યે....ડોશીનું શરીર
ડોશીની પૂંઠે....ડોશીનું શરીર
ડોશી ગભરાયે....ડોશીનું શરીર
દોડી તો જાયે....ડોશીનું શરીર
પથરો અફળાયે....ડોશીનું શરીર
ગબડીને જાયે....ડોશીનું શરીર
લોક ભેગા થાયે....ડોશીનું શરીર
ઉંચકીને જાયે....ડોશીનું શરીર
થર થર કાંપે....ડોશીનું શરીર
શિયાળા તો આવે....ડોશીનું શરીર

—રમેશ કોઠારી

ચક્રો

કાંણીયા રાજા

એક હતો વડ. વડના ઝાડની સરસ ઘટા. એ ઘટામાં જાત જાતના પક્ષીઓ રહે. પોપટ, મેના ને કબૂતર. હોલો, કોયલ ને કાબર. બધાં પંખીઓ મળી સંપીને રહે. બાય પીએ ને મઝા કરે.

આ ઝાડ ઉપર રોજ રોજ સુંદર કીલકીલાટ જ સાંભળવાનો મળે. ઝગડાનું તો નામ નિશાન નહિ. તકરાર તો થાય નહિ. રડવાનું સંભળાય નહિ.

બધાં પંખીઓના માળામાં નાનાં નાનાં બચ્ચાં તો હોય જ ને. જ્યારે મોટા પંખીઓ ચણ એકઠું કરવા જાય ત્યારે નાનાં નાનાં પંખીઓ એલે ફૂદ્દે ને મોજ ઉડાવે.

આવા સુંદર વડના ઝાડ પાસેથી એક દિવસ એક બિલાડી જતી હતી. બરો બપોર એટલે એને થાક લાગેલો. એતો બેઠી આરામ લેવા. એ તો જરા સુતી પણ બરી. સુતી એટલે એની નજર ઝાડ ઉપર પડી. એણે તો ખૂબ નાના નાના પંખીના બચ્ચાં જોયાં. ભૂખ તો એને ખૂબ લાગેલી. એણે વિચાર કર્યો કે નાસ્તો કરવાનો વખત થયો છે ને ઉપરનાં બચ્ચાં મઝાના છે. પણ બચ્ચાં હાથમાં કેવી રીતે આવે? એણે તો એક છેતરવાની રીત શોધી કાઢી. બિલાડીએ તો મોટેથી રડવા માંડયું: 'મ્યાઉં ઉં....ઉં ઉં....મીયાઉં....ઉં...ઉં....ઉં બાપરે મારા માથે તો દુઃખના ડુંગર તૂટી પડયા રે.....

બિલાડીનો કકળાટ સાંભળી બધાં બચ્ચાં રમતા અટકી ગયાં. એક બચ્ચાએ પૂછયું; 'કેમ અરે ભાઇ રડો છો કેમ?' બિલાડી બોલી, 'અરે મારાં તો બધાં સગાં મરી ગયાં ...' પેલું બચ્ચું બોલ્યું; 'પણ કહો તો બરા તમારા સગા કોણ? એ બધાં કયાં રહે છે?' બિલાડીએ બોટાં આંસુ આંખમાં આણ્યાં ને બોલી; 'અરે મારા સગાં તો આ વડ ઉપર જ રે'તા તાં. પોપટભાઇ, મેનાબેન ને કબૂતર કાકા. હોલા મામા, કોયલબેની ને કાબર કાકી. બધાને એક મોટો રાક્ષસ આવીને બાઇ ગયો રે ...મ્યાઉં ઉં... ઉં....ઉં....બો બાપરે.... ...' બધા બચ્ચાં તો એકી સાથે રડી પડયા ને 'અમને બચાવો રે..... અમને રાક્ષસની બીક લાગે છે ' બિલાડી બોલી; 'આવો! બેટા આવો! આ મારી કોથળીમાં બેસી જાવ. રાક્ષસ તો અહીં પણ આવશે. મારી સાથે મારો મોટો કિલ્લો છે ત્યાં ચાલો. બાને પીને ને મોટા થને....'બધા બચ્ચાં કહેવાં લાગ્યાં 'બિલ્લીબાઇ બહુ સારા બહુ સારા. ચાલો બિલ્લીબાઇની કોથળીમાં બેસી જઇએ

બધાં બચ્ચાં તો બિલ્લીની કોથળીમાં જવા માંડયાં. પણ કાબરનું એક કાંણીયું બચ્ચુ ન ગયું. બધાંએ કહ્યું; 'કાણીયું તો ગાંડીયું છે. બિલ્લી તો કોથળી બરાબર બાંધીને પોતાની બખોલ તરફ ચાલવા માંડી. બધાં છેતરાયાં પણ કાણીયું ના છેતરાયું.

આ બાજુ કાણીયું ખૂબ ઝડપથી ઉડીને જંગલમાં ચરતાં બધાં મોટા પક્ષીઓને બબર દઇ આવ્યું. બિલ્લીબાઇ બખોલમાં પહોંચે ત્યાર પહેલાં તો ચારે કોર હજારો પંખીઓ આવીને છુપાઇ ગયા. બિલ્લી તો આવી. એણે તો કોથળી છોડીને બચ્ચાં ને મારવા પંજો ઉગામ્યો. ત્યાં તો 'ચીં ચીં ચીં ચીં .ચીં. .ચીં. ચાંચી ચાં ચાં ..' કરતાં ને હજારો પંખીઓ લુચ્ચી બિલ્લી પર તૂટી પડયાં. નાનાં બચ્ચાં બચી ગયા ને બિલ્લીબાઇ મરી ગયા....

કાંણીયા કાબરના બચ્ચાંને બધાંએ કાંણીયા રાજાનો ઇલ્કાબ આપ્યો .. કાણીયાને રાજા પણ કહેવા પડે ભાઇ.

-કુ. કુસુમ ત્રિવેદી.
-કુમાર ત્રિવેદી

આ કોયડો છે

વાર્તા નથી નથી નથી.....!

ટીનુ ને પીનુ બે સસલાં.

બન્ને બહુ ભારે દોસ્ત.

બન્ને તો રોજ સાથે નીશાળે જાય. જોતાં જોતાં ટીનુ ને પીનુ બન્ને પંડિત થઇ ગયા. બન્ને તો પોતાની નાની પૂંછડી પટપટાવતાં પોતાને ઘેર આવ્યા. બન્ને પંડિતોને પોતાની પંડિતાઇ બતાવવાનું મન થયુ. ટીનુ પંડિત ખડીયો લઇ આવ્યો અને પીનુ પંડિતે પોતાની પૂંછડી બોળી એક કાગળ પર કાંઇક લખ્યું.

આ રહ્યું એ લખાણ.

પછી ટીનુ ને પીનુ પંડિતે એક ઢંઢેરો પીટાવ્યો, કે જે આ પંડિતોનું લખાણ વાંચી આપશે તેને ટીનુ અને પીનુ પંડિતનું અરધું રાજપાટ મળશે. આખા જંગલનાં સસલાં ભેગાં થયાં. કાગળ તરફ જોવાં માંડયાં. કોઇએ કહ્યું : આ 'બંગાળી ભાષા' ને કોઈએ કહ્યું : 'વિલાયતી ભાષા.' એક સસલું 'ઉર્દુ' છે એમ બોલ્યું. બધાં જાતજાતનું બોલ્યાં. ટીનુ ને પીનુ મૂછોમાં હસતાં રહ્યાં. કોઈને ઉકેલ ન જડયો. તમે શોધી કાઢો. એમણે કઇ ભાષામાં લખ્યું છે અને શું લખ્યું છે. જવાબ : 'બાલવિભાગ; કેસરબાગ વડોદરા, રેસીડેન્સી' ના સરનામે મોકલાવો....(જવાબ ન જડે તો આ પાનું આરસામાં ધરો. તરત જવાબ જડી જશે.) આરસામાં જોઇને મેળવેલો જવાબ મોકલવો નહિ.

—શ્રી મધુસૂદન

☆ ☆

સિંહોની ગણતરી

સિંહ તો છે ભાઈ, જંગલનો રાજા. રુપ તો છે તેનું ભવ્ય અને જંગલમાં ફરે છે નિડર થઇને. રહે તો છે એવે સ્થળે કે જ્યાં ગીચ ઝાડિયો હોય શિકાર ખૂલી જગ્યામાં કરે છે. વાઘ દીપડાની જેમ લપાઇને લુચ્ચાઇ સાથે તે કદી શિકાર કરતો નથી. એની ગર્જનાથી આખુંય જંગલ પ્રતિધ્વનિત થઇ ઉઠે છે. જનાવરો જાગી જાય છે. કેટલાંક નાના એવા પ્રાણિયો તો બીકના માર્યા જ્યાં ઉભા હોય છે ત્યાંને ત્યાં જ સ્થિર થઇ જાય છે. નાસવાની કે ભાગવાની તો તેઓ હિંમત જ કરતાં નથી. પરંતુ જંગલના આ મહારાજ હવે કંઇ બધાં જંગલોમાં જોવા મળતાં નથી. ભારતમાં કેવળ એક જ જગ્યાએ અને તે સૌરાષ્ટ્રના ગીર જંગલોમાં જોવા મળે છે.

એનું શું કારણ હશે–બબર છે? જંગલનો આ બાદશાહ જંગલ છોડીને કેમ ભાગી ગયો? એટલે કે માનવીઓએ બંદૂકો વડે તેમનો શિકાર કર્યો. પહેલાંના જમાનામાં તો બંદૂકો નહોતી. એટલે એ દિવસોમાં એનો શિકાર કરવો કોઇ રમત જેવી વાત નહોતી. તીર, કામઠા અને ભાલા વડે શિકાર કરવામાં આવતો. તીર પણ દૂરથી ચલાવી શકાતાં નહોતાં. કદી કદી તો સિંહ જ શિકારીને મારી બાતાં. બંદૂકની શોધ પછી તો શિકાર કરવાનું સહેલું બન્યું.

વૃક્ષ પર વાંસ બાંધીને ઝુંપડી બનાવી લે છે. તેની પાસે ગાય, ભેંસ કે બકરી બાંધી દેવામાં આવે છે. આ પ્રાણીઓનો શિકાર કરવા જેવો સિંહ એની પાસે આવે છે કે બંદૂક વડે તેને ત્યાંને ત્યાંજ ઠાર કરવામાં આવે છે. આવી જ રીતે આપણાં દેશમાંના કેટલાંક સિંહોને મારી નાખવામાં આવ્યા. હવે તો કેવળ ગીરના જંગલોમાં થોડાંક જ બાકી રહ્યાં છે.

આ જંગલ પર પહેલાના જુનાગઢના નવાબની હકુમત હતી. સૌરાષ્ટ્રમાં જ્યારે કોઇ અંગ્રેજ અફસર આવી ચડતો અથવા કોઇ રાજા–મહારાજા આવતા ત્યારે એ લોકો સિંહનો શિકાર કરતાં. ૧૯૧૦ એટલે કે લગભગ ૪૦ વર્ષ પહેલાં (જ્યારે તમારા બાપુજી પણ નાના હતાં) ગીર જંગલની આજુબાજુના રહેવાસી લોકોએ નવાબને કહ્યું કે "હવે તો કેવળ વીસ પચ્ચીસ જ સિંહો આ ગીર જંગલમાં રહ્યાં છે." ત્યારે નવાબે એક કાયદા વડે સિંહોનો થતો શિકાર બંધ કર્યો. પછી સિંહોની સંખ્યા વધવા લાગી. પાંચ વર્ષ પહેલાં લોકો કહેતાં કે હવે ગીર જંગલમાં બસો સિંહો છે. એટલે હવે તેમને માત્ર જંગલમાં વસતાં પ્રાણીઓ પર પોતાનું ગુજરાન કરવું મુશ્કેલ બન્યું. તેથી તેઓ આસપાસની વસ્તીમાંના પાળેલા પ્રાણીઓ પર ત્રાપ મારવા લાગ્યા.



ત્યારે થોડાંક લોકોએ વિચાર્યું કે સિંહોની સંખ્યા આ વનમાં કેટલી હશે એ જોવું જોઇએ. દેશમાં વસતિ ગણતરી દર દસ વર્ષે થાય છે. ઘેર ઘેર જઇને પૂછાય છે કેઃ "તમારે ઘેર પુરુષો કેટલા? સ્ત્રિઓ કેટલી? બાળકો કેટલાં?" એ ઉપરાંત ઘર બાર વગરના માણસોની પણ ગણતરી થાય છે. પરંતુ સિંહોના ઘેર જઇને કંઈ પૂછી શકાય છે કે કેટલા સિંહ છે? કેટલી સિંહણીઓ છે અને કેટલાં બચ્ચાં છે?

ત્યારે આ લોકોએ એનો પણ એક રસ્તો શોધી કાઢયો. સિંહના પગની છાપો માટી પર ઊઠી નીકળે છે. એના વડે ગણતરી કરીશું એવું એમણે નક્કી કર્યું.

જંગલના રસ્તાઓ પર ફરવાનું સિંહોને ખૂબ જ ગમે છે. ઊનાળાના દિવસોમાં આ રસ્તાઓ પર ધૂળ જ ધૂળ હોય છે. એના પર એના પદ-ચિન્હો સ્પષ્ટ ઊઠી નીકળે છે.

આ અંગે એક સુંદર વાત એવી છે કે સિંહના પગના નિશાનો બીજા સિંહ જેવાં જ હોતાં નથી. કંઇને કંઈ નાના–મોટાપણું હોય જ છે. નાના બચ્ચાંઓના પગ પણ દેખાવમાં એક સરખાં જણાય છે પરંતુ બરોબર તેમ હોતું નથી.

સિંહને ખાવા ને પીવાની પણ જરુરત તો હોય જ છે. તે શિકારને સફાચટ કરી લીધાં પછી પાણી પીવા જાય છે. ઘણું કરીને તે રાતના વખતે જ પાણી પીવા જતો હોય છે. દિવસે તો ઘોરતાં જ રહે છે. વરસાદના દિવસોમાં તો પાણી પીવા તેમને કંઇ બહુ દૂર જવું પડતું નથી. જંગલમાં તો જ્યાં જુઓ ત્યાં નાના નાના ખાબોચિયાં તો નજરે પડતાં હોય છે. પરંતુ ઊનાળામાં બહુ થોડીક જ જગ્યાએ તળાવો હોય છે. દરેક તળાવ પાસે દરેક સિંહ એકાદ વખતે તો પાણી પીવા આવવું જ પડે છે. આખાયે ગીર જંગલમાં આવાં નાના નાનાં તળાવો તો માત્ર દસ બાર જ છે. આ તળાવોએ એઓ જ્યારે પાણી પીવા આવશે ત્યારે તેમની આ પગની છાપો પરથી ગણતરી કરીશું એમ ગણતરીબાજોએ નક્કી કર્યું.

સને ૧૯૫૦ ની ૨૮ અને ૨૯ મી એપ્રિલે આ ગણતરી કરવાનું નક્કી કર્યું. દરેક તળાવે થોડાંક આદમીઓ ગોઠવી દેવામાં આવ્યાં. ૨૭ મી તારીખે પડેલાં દરેક રસ્તા પરના પદચિન્હો તેઓ બ ભૂસી નાખ્યાં. રાત્રે સિંહો પાણી પીવા આવ્યાં. તેમના પગની નિશાનીઓ ધૂળ પર ઉપસી આવી. આદમીઓએ એ પદચિન્હોની લંબાઇ–પહોળાઇ માપી લીધી સાંજે ફરી બધી નિશાનીઓ ભૂસી નાખી. રાત્રે ફરી પાછાં સિંહો પાણી પીવા આવ્યાં, ત્યારે વળી નવી નિશાનીઓ ઉપસી આવેલી. તા ૨૯મીએ ફરી બધી નિશાનીઓ ગણી લેવામાં આવી. આ ગણતરી પરથી એવો અંદાજ કાઢી લેવામાં આવ્યો કે જંગલમાં કુલે બસો સત્તર (૨૧૭) સિંહ છે, જેમાં ૪૦ બચ્ચાં છે.

જોયું, કેવી છે આ સિંહની વસતિ ગણતરીની પદ્ધતિ! ભેજાંવાળી છે બરુ ને!

—માધવ રાઊત

શિયાળો

શિયાળો તો આવે છે,
ને ઠંડી લહેરો લાવે છે,
કેસરીયાં દૂધ લાવે છે,
ને બધાને મન ભાવે છે. શિયાળો....

દોડો દોડો,
ખેલ કરો.
નાચો ખેલો,
ગેલ કરો,
હસતા હસતા,
તાજા થાવ,
કામ કરો ને,
રાજા થાવ

શિયાળો તો આવે છે,
ને ઠંડી લહેરો લાવે છે,
કેસરીયાં દૂધ લાવે છે,
ને બધાંને મન ભાવે છે,

—શ્રી સુરેશ્વરસિંહજી, રાજપીપલ

જોડકણું

ડુંગરેથી નીકળી
નીચે એ આવતી
ઝરણા ને મળતી
આગળ ધપતી
ખળખળ વહેતી
હોડી સરકાવતી
કાંઠા લીલા કરતી
સાગરને ભેટતી

* * *

ગામને પાદરે તળાવડી,
તેમાં રહે મગરડી,
મગરડીને બચ્ચે બચ્ચાં.
તળાવડીમાં રહેતાં વચમાં.
તળાવડીમાં એક શીંગોડી
તળાવડીએ આવી ગોવલડી,
સાથે લાવી વાછરડી.
શોધે તેની ગોવાલણી

—હરિપ્રસાદ ભટ્ટ.

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૬૦ ટકા કમિશન

લખો–મંગાવો

નૂતન શિક્ષણ–સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લિ૦, સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર.

સંપાદકીય

સણોસરા ખાતે મળેલું નયી તાલીમ સંમેલન

હિંદુસ્તાની નયી તાલીમ સંઘનું દસમુ સમેલન ગાંધી પરિવારના વયોવૃધ્ધ એવા તપસ્વી અને ગાંધી યુગના દ્રષ્ટા શ્રી ધીરેનભાઇ મજૂમદારના પ્રમુખપદે સૌરાષ્ટ્રના નૂતન ગ્રામ જીવનના કેન્દ્ર સમા સણોસરા ગામે અત્યંત વ્યવસ્થિત અને ખૂબ જ ઉમંગની સાથે મળ્યું હતું સૌરાષ્ટ્રના તપસ્વી કેળવણીકાર શ્રી નાનાભાઇ ભટ્ટે લોકભારતી (ગ્રામ્ય વિદ્યાપીઠ) ની સ્થાપના સૌરાષ્ટ્રમાં ભાવનગર નજીકના આ નાનકડા ગામડામાં કરી હોવાથી તે સ્થાન પણ પાવન બન્યું છે.

રાજ્યના તપસ્વી અને રાજ્યકર્તા જ્યારે એકમેકના કાર્ય માટે સદ્‌ભાવના રાખે છે ત્યારે રાજ્યના પ્રજાજીવનના ઉત્સવ પ્રસંગોને કેવું સંયમી, સુંદર અને વ્યવસ્થિત સ્વરુપ મળે છે એનું દ્રષ્ટાંત આપવું હોય તો સણોસરા તરફ અભિમાનપૂર્વક આંગળી ચીંધી શકાય. આ સંમેલન માટે અખિલ ભારતમાંથી સરકારી અને બિન સરકારી મળી કુલે ત્રણ હજારથી પણ વધારે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં. સંમેલનના ખૂલ્લા અધિવેશનનું ઉદ્‌ઘાટન ભારતના માનનીય રાષ્ટ્રપતિના શુભ હસ્તે થયું જે સમયે આ ઉત્સવને નિહાળવા માટે સૌરાષ્ટ્ર ભરમાંથી ગ્રામીણ અને શહેરીઓ લગભગ એક લાખ જેટલી સંખ્યામાં ઉતરી પડયા હતાં. આટલા મોટા માનવ મહેરામણની વ્યવસ્થા માટે આ ગામના નિર્જન અને ઉજ્જડ પ્રદેશમાં જે સુંદર યોજના કરવામાં આવી હતી તે ત્યાંના કાર્યકર્તાઓની કાર્યકુશળતાનો સુંદર પરિચય આપી રહે છે. જ્યાં પાણી નથી, ઝાડો નથી રસ્તાઓ નથી, વિજળી નથી, ઘરો નથી એવા નિર્જન પ્રદેશમાં જ્યાં આ લોકભારતી વિદ્યાપીઠના બે પાંચ નાનાશા મકાનો ઉપરાંત કાંઇ નહોતું ત્યાં આગન્તુક અતિથિઓ માટે ભરપૂર પાણીના કૂવાઓ ખોદાવાઇ ગયા, વોટર વર્કસ મદદે આવ્યું, વૃક્ષારોપણ થયાં, રસ્તાઓ નિર્માણ થયા, ત્રણથી ચાર હજાર વ્યકિત વ્યવસ્થિતપણે રહી શકે તેટલા તંબૂઓ અને કડબનાં ઘરો ઉભા કરવામા આવ્યા હતાં. વિશાળ ભોજન ગૃહ, પ્રત્યેક બબે તંબૂઓ પાસે એકેક પાણીનો નળ, નિર્ગંધ મૂતરડીઓ, તંબૂની પાસે સ્વાવલંબી પાયખાનાઓ, તંબૂએ તંબૂએ વિજળીની બત્તીઓ, (Electric light) સ્નાનાગારો, તાર, ટેલીફોન વગેરે રોજના ઉપયોગની દરેક ચીજો અહી નિર્માણ થયેલી જોવામાં આવતી હતી. અને દૂરથી નજર નાખનારને તો એમ જ ભાસ જાણે કોઇ યુધ્ધ વેળાની લશ્કરી છાવણી અહી નખાઇ ગઇ હોય.

પ્રતિનિધિની દ્રષ્ટિએ આ જાતના શિક્ષણ નગરમાં એકાદ અઠવાડિયું રહેવું એ જ 'નયી તાલીમ' કે 'નૂતન શિક્ષણ' હતું. ગુજરાત સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓ માટે કડબના પૂળાઓ વડે બનાવાયેલા કડબ-ઘરોમાં વચ્ચે કડબની જ દિવાલો ઉભી કરી રહેઠાણો બનાવવામાં આવ્યા હતાં, જ્યારે ગુજરાત બહારના પ્રતિનિધિઓને રહેવા માટે તંબૂ આપવામાં આવ્યા હતા. તંબૂની અંદર પ્રવેશ કરતાની સાથે જ તંબૂમાં લટકાવેલા અતિથિ માટેના સ્વાગત પત્રો નજરે પડતા હતાં. પ્રત્યેક તંબુમાં પાણીથી ભરેલાં સુશોભિત માટલાં, અને તંબુના ફર્શને વાળી ઝુડવા માટે એક બે સાવરણી-સાવરણાઓ પણ રાખવામાં આવ્યા હતાં. દરેક તંબુમાં, તેમાં રહેતાં પ્રતિનિધિઓએ મળીને પોતાનો એક મુખી નીમવો અને તેની દેખરેખ હેઠળ તંબુઓ અને તેની આસપાસની જગ્યાઓ વાળી ઝુડી, સાફ કરવી, નળ, મોરી, મૂતરડી કચરો નાખવાના ખાડાઓ વગેરેની સ્વચ્છતા જાળવવી, પીવા માટે પાણી ભરવું, વગેરે કામો સ્વયમેવ પતાવી લેવા માટે સ્વાવલંબનશીલ સૂત્રો ટાંગવામાં આવ્યા હતા.

સંમેલનના આ છ દિવસોમાં દરરોજ સવારે પાંચ વાગ્યાના સુમારે વૈતાલિકો પ્રભાતગીતના મીઠાં સરોદો છોડતાં હતાં. સંમેલન-નગરીના સર્વ-પ્રમુખ રસ્તા પરથી આ વૈતાલિકો પ્રભાત-ગીતો ગાતાં ગાતાં પ્રભાત ફેરી કરતાં. બરાબર સાડા પાંચે પ્રાર્થના ગૃહમાં પ્રાર્થના શરૂ થતી ત્રણ હજાર પ્રતિનિધિ લોકોની આ સમૂહ-પ્રાર્થનામાં ખૂબ જ ભવ્યતા અને શાંતિના દર્શન થતા. સવારે સવાસાતથી તે આઠ વાગ્યા સુધી ભોજન ગૃહમાં બધાંને અલ્પાહાર આપવામાં આવતો હતો એમાં કદી ખજૂર, મેકેલી શીંગ, તો કદી દલીયો, બાજરીનાં રોટલાં, એવા પાષ્ટિક પદાર્થો આપવામાં આવતાં હતાં. સાડા આઠથી તે ૧૧ વાગ્યા સુધી સંમેલનનું કાર્ય ચાલતું. ત્યારબાદ ભોજન અને પછી કરી બે વાગે પહેલાં અડધો કલાક મતર કાંતવાનું અને પછી સમાજોનું કામકાજ સાડા-પાંચ સુધી ચાલતું. સાડા પાંચે સાયં-પ્રાર્થના અને ત્યારબાદ સાંજના વાળું બાદ બરાબર રાત્રે આઠથી અગિયાર સુધી વિવિધ લોકમનોરંજન કાર્યક્રમો થતાં. આ કાર્ય-

ક્રમમાં સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાંથી ખાસ બોલાવવામાં આવેલાં ગ્રામીણ કલાકારોનો સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવતો હતો. ૭ દિવસનો આ પ્રકારનો સંયમી સાત્વિક સહ જીવનનો અનુભવ સંમેલન પ્રતિનિધિઓને ખૂબ જ અનન્ય દીસ્યો હશે એમાં શંકા નથી.

તા ૧૭મીના રોજ આઠ વાગે પ્રથમ સંમેલન નિમિ-તે યોજેલા સર્વોદય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સંમેલન પ્રમુખશ્રી ધીરેનભાઇ મજૂમદારના હસ્તે થયું. આ પ્રકારના પ્રદર્શનો,- એ સર્વોદયી જીવનને અને વિશેષરુપે સર્વોદય શિક્ષણને ઘડનારા હોવાથી ઠેર ઠેર યોજાવાં જોઇએ એવી અપેક્ષા તેમણે જાહેર કરી હતી. આ સર્વોદય પ્રદર્શન ભવ્ય હતું. તેનું પ્રવેશદ્વાર સુશોભિત ચિત્રો સાથે બનાવાયેલા માટીના માટલાંઓની હારમાળા રચીને સજાવવામાં આવ્યો હતો. આ હારમાળામાં રહેલી કલ્પનાનુ આકર્ષણ સૌ આગન્તુકોનો કુતૂહલનો વિષય બની રહી હતી. પ્રદર્શનની અંદર સૌરાષ્ટ્રના જીવન અને કલા સમૃદ્ધિના વિવિધ દર્શન થતા હતા. ગ્રામ્ય જીવનને શોભે એવી એક બાલવાડી અને એક બુનયાદી શાળા પણ આ પ્રદર્શનની મુલાકાત લેનાર શિક્ષણ રસિકોનો એક આકર્ષણનો ભાગ હતી.

દસ વાગતાં સંમેલનના અધિવેશનની શરુઆત થઇ હતી. શ્રી નાનાભાઇ ભટ્ટે ઉપસ્થિત પ્રતિનિધિ મંડળનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંમેલન પ્રમુખનું ભાષણ થયું હતુ. ગાંધીજી પ્રણિત જીવન શિક્ષણનું વિશ્વદર્શન, પ્રમુખના વિદ્વતા -પ્રચુર ભાષણમાં થયું હતું રાષ્ટ્રમાંના ગૃહોદ્યોગ, ગ્રામોદ્યોગ, અને રાષ્ટ્રીય ઉદ્યોગોના કેન્દ્રો ઔદ્યોગિક કેન્દ્રો પ્રમાણે માનવીના શોષણ કરનારા ન બનતાં, તેમનું પોષણ કરનારા શિક્ષણના મહાન કેન્દ્રો બનવા જોઇએ. એ કેન્દ્રોમાં ગૃહશિક્ષણ, શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની દ્રષ્ટિએ યોજના થવી જોઇએ એવું એમણે ભારપૂર્વક સ્પષ્ટ કર્યું હતું (સંમેલન પ્રમુખના ભાષણનો મહત્ત્વનો ભાગ આજ અંકમા અન્યત્ર આપવામાં આવેલ છે.)

પ્રમુખના ભાષણ બાદ સંમેલનમાં ઉપસ્થિત પ્રતિનિધિઓ પોતપોતાના વિષય મુજબ જુદાજુદા સ્વાધ્યાય મંડળોમાં ગોઠવાઇ ગયા હતા. નીચે મુજબના જુદા જુદા સ્વાધ્યાય મંડળો હતા. (૧) પૂર્વ બુનિયાદી શિક્ષણ, (૨) બુનિયાદી શિક્ષણ, (૩) ઉત્તર બુનિયાદી શિક્ષણ, (૪) ઉત્તમ બુનિયાદી શિક્ષણ, (૫) લોક શિક્ષણ (પ્રૌઢ શિક્ષણ), (૬) નયી તાલીમ દ્વારા ગ્રામ રચના (૭) નયી તાલીમનું શિક્ષણ સાહિત્ય, (૮) નયી તાલીમ સંશોધન (૯) પ્ર. શિક્ષણ (Teachers' Training) (૧૦) નયી તાલીમ અને શાસન, (૧૧) નયી તાલીમ અને ભૂદાન આંદોલન.

આ જુદા જુદા સ્વાધ્યાય મંડળોએ પોતપોતાના વિભાગમાંના પ્રશ્નો અંગે બે દિવસ સુધી ચર્ચા - વિચારણા કરી અને મહત્વના મુદાઓનું નિવેદન ફરી સમગ્ર સંમેલનના વિચારણાર્થે તા. ૧૨ મી એ રજૂ કરવામાં આવ્યું. આ સર્વ સ્વાધ્યાય મંડળોનો પરામર્શ 'પત્રિકા'માં રજૂ કરવો શક્ય નથી, પરંતુ પૂર્વ બુનિયાદી વિભાગમાં જે કાંઇ ચર્ચાઓ થઇ તેને અંતે ઉચિત એવો અંત આવ્યો હતો. સંમેલન ખૂલ્લા અધિવેશનમાં પૂર્વ બુનિયાદી વિભાગમાંની ચર્ચા સંબંધે નીચેનો ઠરાવ સર્વાનુમતિએ પસાર થયો હતો :-



"નયી તાલીમ એટલે કોઇ શીખવવાની પધ્ધતિ અથવા તંત્ર (System) નથી પરંતુ સર્વોદયી સમાજ રચના કરવા અંગેનો જીવનનો નવો એવો દ્રષ્ટિબિન્દુ છે. એટલે જ કોઇ પણ શિક્ષણતંત્રની સાથે અથવા પદ્ધતિ સાથે એની તુલના થઇ શકતી નથી હાલ જે પ્રચલિત છે એ બધી શિક્ષણપધ્ધતિઓ અને તંત્રો આ દ્રષ્ટિબિન્દુને લક્ષમાં લઇને નઇતાલિમને આવકારે એવો આ અધિવેશનનો મત છે. સર્વોદયી સમાજ નિર્માતી માટે વ્યકિત અને સામાજિક જીવનનો સમન્વય કરવો જોઇએ ભારતનુ હાર્દ ગામડામાં છે. ગામડામાં રહેતા દરેક બાળક અને મનુષ્યને સમાન તક મળે એટલું જ નહિ પણ ખૂબ જ પછાત એવા લોકોને સૌથી પહેલી મદદ મળવી જોઇએ. આ ધ્યેય ધ્યાનમાં રાખીને જ પૂર્વ બુનિયાદીનું કાર્ય ચલાવવું જોઇએ, કોઇ પણ શાસ્ત્રિય શૈક્ષણિક સાધન નયી તાલીમ આવકારશે પરંતુ તેમ કરતા આપણે ગ્રામોદ્યોગ સામાજિક ક્રાંતિનું ધ્યેય ન ચૂકવું જોઇએ."

આ ઠરાવથી નયી તાલીમ સંઘને દેશી અથવા પરદેશી શૈક્ષણિક સાધનો સામે કોઇ પ્રકારનો વાંધો નથી એટલું જ નહિ પણ પ્રધાન સામાજિક ક્રાન્તિની દ્રષ્ટિથી જે જે સાધનોનો અને તંત્રનો ઉપયોગ નયી તાલીમનો ઉદ્દેશ પાર પાડવા માટે થઇ શકે એ સર્વ સાધનો માટે અને તંત્ર માટે નયા તાલીમ યોજનાના દ્વાર ખૂલ્લા કરવામાં આવે છે.

પૂર્વ બુનિયાદી વિભાગમાં નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યકર્તાઓએ પૂર્વ બુનિયાદી વિભાગમાં શૈક્ષણિક સાધનો અને તંત્ર અંગે દેશી પરદેશી એવો ભેદભાવ છોડીને સર્વપરદેશી સાધનોનો બહિષ્કાર કરનારા કેટલાંએ પ્રતિનિધિઓનો ધોરણ અંગે ખૂબ પરિણામકારક એવી ચર્ચા કરી અને નયી તાલીમના પૂર્વ બુનિયાદી વિભાગનો વિકાસ યોગ્ય માર્ગે દોરવવામાં અગત્યનો ફાળો આપ્યો છે.

સંમેલનની બધી ચર્ચામાં ગાંધીપ્રણિત નવજીવનના મૂલ્યો શકય તેટલાં શુદ્ધ સ્વરૂપમાં રહે એમાં કોઇપણ પ્રકારનું મિશ્રણ ન થાય તે માટે સંમેલનના ચાલકો ખૂબ જ જાગૃત હતા. સંમેલનની ચર્ચામાં નયી તાલીમની સમસ્યાઓનું સ્વરુપ સ્પષ્ટ થયું. પરંતુ એમાંથી માર્ગ કેમ કાઢવો એનું વ્યવહારિક દર્શન સ્પષ્ટ રીતે આપી ન શકાયું. બુનિયાદી શિક્ષકોની સામે પ્રશ્નાર્થ ચિહનો જાણે કે વધુ મોટા અને સ્પષ્ટ બન્યા. પરંતુ તેના ઉત્તરો એમને મળ્યા નહિ. તાત્વિક ભૂમિકા ઉપર ખૂબ માર્ગદર્શન થયું. આજની દેશકાલ પરિસ્થિતિમાં નવાં સામાજિક મૂલ્યો અને શૈક્ષણિક મૂલ્યો નિર્માણ કરવાની દ્રષ્ટિથી દરેક શિક્ષક, કાર્યકર્તાએ અથવા સંસ્થાએ ઓછામાં ઓછું શું કરવું જોઇએ આ પ્રશ્નનો ઉત્તર શોધવાનો પ્રયત્ન થયો. સંમેલનના વિશાળ યોજના તંત્રમાં, આ પ્રશ્નોના વણલખાએલ ઉત્તરો વિચારકોને મળતા હતા. તેમ છતાં આવા પ્રકારના સમેલનમાં આ ઉત્તરો સ્પષ્ટ કરવાની દ્રષ્ટિથી હજુ વધુ પ્રયત્ન થવો જોઇતો હતો એવું અમને લાગે છે. સૌરાષ્ટ્રમા યોજવામાં આવેલો આ અપૂર્વ શૈક્ષણિક પર્વનો યશ લોકભારતી અને સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓની કાર્યકુશળતાને આપવો જોઇએ.

--સંપાદક

બેડેકર
મસાલા
અથાણું
અને
પાપડ

શાખાઓ :—

ઠાકુરદ્વાર, દાદર, પરેલ અને ઘાટ.

વ્હી. પી. બેડેકર ઍન્ડ સન્સ લિ.

મુગભાટ, મુંબઈ ૪.

નયી તાલીમનો ઉદ્દેશ્ય

[સંમેલનના પ્રમુખશ્રી ધીરેનભાઇ મજૂમદારના પ્રમુખસ્થાનેથી અપાયેલા ભાષણનો થોડોક મહત્વનો ભાગ અહીં ઉદ્ધૃત કરવામાં આવ્યો છે.]

શિક્ષણ કલા જ શિક્ષણનો ઉદ્દેશ્ય રહેતો નથી, તે તો કેવળ એક રીત છે. શિક્ષણનો અસલી ઉદ્દેશ્ય તો સામાજિક ઉદ્દેશ્યની પૂરવણી એ છે. મનુષ્ય શિક્ષણ દ્વારા એવી વ્યક્તિ જન્માવવા માગે છે કે જે સમાજનો સાચો નાગરિક બની શકે. અને એ જ કારણ છે કે યુગેયુગે સામાજિક જરૂરિયાતો અનુસાર જ શિક્ષણની કલ્પના કરવામાં આવી છે. પ્રાચીન યુગે વર્ણાશ્રમના આધારે સમાજ વ્યવસ્થા ચલાવતી તો એ વખતની શિક્ષણ પદ્ધતિ પણ તે જ મુજબની બનાવવામાં આવી હતી. ત્યારબાદ અંગ્રેજો જ્યારે ભારતમાં આવ્યા તો એમનો સામાજિક ઉદ્દેશ્ય બીજો જ હતો. તેઓ આ દેશમાં ઔપનિવેશિક સમાજ રચવા ચાહતા હતા. એટલે તેઓએ દેશની શિક્ષણ પદ્ધતિ તે મુજબ રચી લોર્ડ મેકોલે એ સ્પષ્ટ રૂપે કહી દીધું હતું કે આ શિક્ષણના પરિણામે આ દેશના લોકોની શકલ-સૂરત તો ભારતીય ઢબની જ રહેશે, પરંતુ તેમની ભાવના, રુચિ અને વિચારધારા યોરોપીય ઢબની થઇ જશે અને આજે અંગ્રેજોના ચાલ્યા ગયા પછી પણ જ્યારે આપણે શિક્ષિત ભારત ભણી નજર નાખીએ છીએ તો લોર્ડ મેકોલેના ઉદ્દેશ્યની સાર્થકતા સ્પષ્ટરુપે જણાઇ આવે છે.

* * *

નયી તાલીમના કાર્યક્રમમાં આપણે એક બીજા મહત્વપૂર્ણ પ્રશ્ન પર ધ્યાન આપતાં નથી; તે છે–શિક્ષણના માધ્યમ રુપે સામાજિક વાતાવરણનો ઉપયોગ. બુનિયાદી શાળાઓમાં થોડાંક સાંસ્કૃતિક અનુષ્ઠાનો ઉજવી અથવા સામાજિક તહેવારો કે ઉત્સવોમાં હાજર થઇ સંતોષ માની લઇએ છીએ. પરંતુ એટલા માત્રથી આપણું કામ નહિ સરે. જે રીતે મનુષ્યની જરુરિયાતોની પૂર્તિ માટે બધી ઔદ્યોગિક પ્રક્રિયાઓ આપણાં શિક્ષણનો માધ્યમ છે, તેવીજ રીતે સમાજ વ્યવસ્થાના બધાં જ કાર્યક્રમોને પણ શિક્ષણના માધ્યમ રુપે, સ્વીકારવાં પડશે. નહિતર શાસનહીન સમાજ ટકી શકશે નહિ. આખરે રાજ્ય નિરપેક્ષ સમાજનો એ અર્થ નથી કે સમાજમાં કોઇ વ્યવસ્થા જ–ન રહે. વ્યવસ્થા તો રહેશે અને તે પણ અનુકૂળ હશે. પ્રશ્ન તો એ છે કે તે કઇ રીતે અને કોના વડે ચાલશે ?

. . પુરાતન તાલીમમાં ઘેર યાદ કરવા માટે થોડોક પાઠ (Home lesson) આપવામાં આવે છે. નયી તાલીમમાં પણ ઘેર માટે કામ આપવામાં આવશે. બુનિયાદી વર્ગમાં આઠ શ્રેણીઓ હશે. વરસમાં પર અઠવાડિયામાંથી જો ૪૦ અઠવાડિયા પણ કામના લેવામાં આવે તો આઠ વરસમાં ૩૨૦ અઠવાડિયા થાય છે ગ્રામ સમાજના પ્રશ્નોનું સમાધાન તથા વ્યવસ્થાનુ કામ બુનિયાદી શાળાના છાત્રોને બતાવવું પડશે. નાની શ્રેણીના બાળકોને હલ્કા-હલ્કા કામથી શરૂઆત કરીને આઠમી શ્રેણી સુધી ઘણી જટીલ સમસ્યાઓ તથા વ્યવસ્થાનું કામ સોંપી શકાય છે. જેમ કે, પહેલી ગ્રેડના બાળકોને એમ કહી શકાય "તમારા ઘેર કેટલા લોકો છે ? તેમની ઉમર કેટલી છે ? પારસ્પરિક શા સંબંધ છે ? કેટલું મોટું મકાન છે ? કેટલા ઓરડાં છે ? એ બધી માહિતી મેળવીને બતાવો." એ રીતે બીજી નાની નાની એવી વાતો જાણીને તેઓ આવે, એવો અભ્યાસક્રમ બનાવવો પડશે. પછી તે જ માધ્યમે વિભિન્ન વિષયોની કેળવણી આપવી પડશે. તે જ રીતે ઉપરની શ્રેણીના બાળકોને, ગામની આબાદી, ગામની જમીન, પેદાશ, અને પેદાશ ઓછી હોય તો શા માટે, ઇત્યાદિ વાતોની માહિતી મેળવવાનું કામ આપવામાં આવી શકે છે, તેઓ ભૂમિ–પ્રશ્નોનો અભ્યાસ કરીને શાળામાં આવી શકે છે. ગામના પારસ્પરિક ઝગડા, વગેરે સામાજિક સમસ્યાઓનો અભ્યાસ અને સમાધાન કરવાનું કામ પણ કરી શકે છે. અને એવી જ રીતે તેમને બીજા ગામોની વ્યવસ્થાનું કામ સોંપી શકાય છે.

* * * * * *

માનવ સમાજના બધાં કાર્યક્રમો અથવા ઉત્પાદન-કાર્ય, સમાજ–વ્યવસ્થા તથા પ્રાકૃતિક સાધનોની શોધ નયી તાલીમની અંતર્ગત આવી જાય છે. એ રીતે સમાજના બધા કોયડાઓના તાણામાં શિક્ષણ અને સંસ્કૃતિના વાણા વણીને નવ સમાજ નિર્માણ કરવું પડશે. આમ કરવાથી મનુષ્યના અંદર નિરંતર પેદા થતી વિકૃતિની સફાઇ સાથેની સંસ્કૃતિના કાર્યક્રમથી થતી રહેશે અને શાસનની જરુરિયાતની સંભાવના જતી રહેશે.

—ધીરેન મજૂમદાર.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

મુંબઇ : ભગિની સમાજ સેવા મંદિર સંસ્થાનો વાર્ષિકોત્સવ તા. ૧૫-૧૧-૫૪ ના રોજ કામદાર કલ્યાણ મંડળના પ્રમુખ શ્રી નિર્મલાદેવી રાજેના પ્રમુખસ્થાને ખૂબ જ ઉમંગની સાથે ઉજવવામાં આવ્યો હતો.

ગુજરાત હરિજન સેવક સંઘ, અમદાવાદ : મુંબઇ રાજ્યે અસ્પૃશ્યતા નિવારણ યોજના હેઠળ અમદાવાદ, સાબરકાંઠા, અને પંચમહાલ જિલ્લાઓમાં ત્રણ બાલવાડીઓ શરૂ કરવાની મંજુરી આપી છે. આ બાલવાડીઓ ચલાવવા માટે ટ્રેન્ડ શિક્ષિકાઓની અત્યંત જરૂરત છે. પ્રતિ માસ રૂ. ૧૦૦-૦-૦ સુધી વેતન આપી શકશે. આ કાર્ય માટે જેઓ નિપૂણ અને યોગ્ય હોય અને આ કાર્યમાં જોડાવા માગતી હોય તેવી શિક્ષિકા બહેનો નીચેના સીરનામે સમ્પર્ક સાધે :

શ્રી પરિક્ષિતલાલભાઇ, મંત્રી, શ્રી ગુજરાત હરિજન સેવક સંઘ, હરિજન આશ્રમ, અમદાવાદ : ૧૩.

અભિનવ શિક્ષણ પ્રસારક મંડલ, ગોરેગામ : આ સંસ્થાની પ્રાથમિક શાળાનું વાર્ષિક સ્નેહ સંમેલન તા. ૨૦-૧૧-૫૪ ના રોજ ડો. શ્રી ન. શ્રી. બાગવેની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આશા ગઢાણકર અનુવાદિત નીલકલીનું સંગીત રૂપક તેમજ અન્ય સુંદર મનોરંજન કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતાં.

અમદાવાદ શાખા : શ્રી ગિજુભાઇ જયંતિ સપ્તાહ નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં બાળ શિક્ષણના પ્રચાર માટે આ શાખા તરફથી એક નગરવ્યાપી યોજના તૈયાર કરવામાં આવી હતી. ગિજુભાઇના જન્મ દિને પ્રત્યેક બાળ શાળાઓમાં ૧. ગિજુભાઇનો પરિચય ૨. ગિજુભાઇ રચિત બાલ ગીતો અને નાટકો તેમજ તેમણે રચેલ અન્ય બાલ સાહિત્યપ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરના પ્રમુખપદે અખંડાનંદ હોલમા એક જાહેર સભા રાખવામાં આવી હતી. આ ઉપરાંત મનોરંજન કાર્યક્રમો, શિક્ષણ પત્રિકાના વિશેષાંકોનું વેચાણ, એક આના ફંડ, બાલ સંમેલનો, વોર્ડે વોર્ડે પ્રચાર સભાઓ અને પ્રદર્શનો વગેરે યોજવામાં આવ્યા હતાં.

સંસ્કાર બાલ મંદિર, મુંબઇ : તા. ૧૭-૧૦-૫૪ ના રોજે વાલીઓ, શિક્ષકો અને બાલકો મુંબઇ નજીકના પવાઇ સરોવરના પર્યટને ગયા હતા.

બાળ શિક્ષણ સપ્તાહ ઉત્સવ સમિતિ : દર વર્ષની જેમ આ વર્ષે મુંબઇ શાખા ગિજુભાઇ જયંતિ સપ્તાહ સ્વતંત્ર કાર્યક્રમ રૂપે ઉજવી શકી નથી. મુંબઇની જુદી જુદી લગભગ ૫૭ શાળાઓના સહયોગ વડે તા. ૧૪ થી ૨૧ ના અઠવાડિયામાં આ સપ્તાહ ઉજવવામાં આવ્યો. આ માટે નૂતન બાળ શિક્ષણ સંઘ, મુંબઇ શાખા, શિશુ વિહાર, બી. જે હોમ, શ્રદ્ધાનંદ આશ્રમ, અને અમુલખ અમીચંદ ભીમજી વિવેધરૂપી હાઇસ્કુલ, લીગ ઓફ સોશ્યલ સર્વિસ વગેરે કેટલીક સંસ્થાઓના સહયોગ વડે મુંબઇ રાજ્યના રાજ્યપાલના પ્રમુખપદે એક બાળ સપ્તાહ સમિતિ નિયુકત કરવામાં આવી હતી. આ સપ્તાહમા બાળ પ્રદર્શનો, વિવિધ મનોરંજન કાર્યક્રમો. વાલી સભાઓ વગેરે યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં રોજ ૬ થી ૭ હજાર બાળકો ભાગ લેતા હતા.

ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્ર, બોડી : મુંબઇ રાજ્યના પછાત વર્ગના નામદાર પ્રધાન શ્રી તપાસેએ તા. ૧૬-૧૦-૫૪ ના દિને કેન્દ્રની મુલાકાત લીધી. બોડી ગામમાં યોજિત નવીનતાપૂર્ણ આનંદ બજારનું તેઓશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. ત્યારબાદ આ પ્રસંગને અનુલક્ષી યોજવામાં આવેલ બાલ શિક્ષણ સાધનના પ્રદર્શન, વિકાસવાડી અને હરિજનવાડીની તેઓશ્રીએ મુલાકાત લીધી. ઠેર ઠેર આ જાતના હરિજનવાસ ઉભા કરવા અંગેના જોરદાર ભાષણો થયા. બોડીનું આ ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર અપ્રત્યક્ષ છતાંય જે અત્યંત પરિણામ કારક આ હરિજનવાસ ચલાવે છે તેનું મહત્ત્વ ઉપસ્થિત જનતાને તેઓશ્રીએ સમજાવ્યું હતું. માનનીય શ્રી તપાસેજીના આ નિરીક્ષણથી ગામના રચનાત્મક કાર્યકર્તાઓને ખૂબ જ ઉત્તેજન મળ્યું છે.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

ફોન

સર ફિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઈ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પ્રેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

શ્રી બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકભાઇ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરેકેટા પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૨૮.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૬ : અંક-૧૦ : જાન્યુઆરી, ૧૯૫૫

ક્રાંતિનું લક્ષ્ય

"જ્યાં સ્વાવલંબન નથી, ત્યાં સ્વતંત્રતા નથી. પરંતુ સ્વાવલંબનની પણ એક સીમા હોય છે. માનવી પોતાના શ્રમ વડે જ કેવળ પોતાને જીવતો રાખવાનો પ્રયત્ન કરશે તો તેનું જીવન બહુ સમૃદ્ધ નહિ થઇ શકે. માટે સ્વાતંત્ર્ય અને બંધુત્વ તેમજ સ્વાવલંબન અને સહયોગનો સમન્વય આપણી ક્રાંતિનું લક્ષ્ય છે.

—શ્રી શંકરરાવ દેવ.

સંપાદક :

શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી :

તારાબેન મોદક

વાર્ષિક લવાજમ : ૩. ૪-૦-૦ : :

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : :

છૂટક નકલ ૬ આના

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન ખાળવી, અંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.			લેખક.
૧	સંસ્કારના વહેણો	....	....	ઓજસ
૨	સમાજ અને બાળકો	....		ડો. લીલાબેન દેસાઇ
૩	બાળકના વ્યક્તિત્વનો પાયો	....		શ્રી પ્રભા ભરવીરકર
૪	બિસ્કા ખરચનો પ્રશ્ન	..		શ્રી હે. બાળવી
૫	બાળકોની કુટેવો (૨)	....		ડો. રમણલાલ દેસાઈ
૬	સંપાદકીય	....	....	.... સંપાદક
૭	બાળ શિક્ષણ અને સંઘ-સમાચાર			.... [સંકલન]

બાળ વિભાગ

૧	સંપાદકનો પત્ર	....	....	શ્રી નરેન ભટ્ટ
૨	કવિ હ. ચ. નાં ગીતો	....	..	,, મધુ કોઠારી
૩	ચાલોને છોકરાં		....	,, ર. કોઠારી
૪	ચિત્રમય પશુ જગત			[ચિત્ર]
૫	ચંગુ ને મંગુ			શ્રી ર. કોઠારી
૬	ગીતુના બચ્ચા	....	..	શ્રી અનસૂયા પંડિત
૭.	વહાણ બાજ્યાં	...	....	શ્રી મોંઘીબેન બધેકા

ચિત્રમય પશુ જગત: પાના ૧૫ પર અપાયેલા નમૂના મુજબ ચિત્રો દોરી મોકલવાનું બાળકોને કહેવા વાંચકોને વિનંતી છે.

—સં.

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો।

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૨૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

જોઈએ છે

શ્રી અરવિંદ બાલમંદિર માટે મોન્ટેસોરી ટ્રેઇન્ડ શિક્ષક અગર શિક્ષિકા. અનુભવ–લાયકાત–સંગીતની આવડત, નામ, ઠેકાણું, ઉમ્મર તથા બીજી જરૂરી વિગતો સાથે પોતાના જ હસ્તાક્ષરથી લખો નીચેના સરનામે:-

શ્રી મૂલચંદ ઈશ્વરદાસ શાહ
અવિધા, જીલ્લો ભરૂચ
વાયા અંકલેશ્વર W. Rly

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલ

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૧૦] | મુંબઇ | [જાન્યુઆરી, ૧૯૫૫

સંસ્કારના વારસો

સંસ્કારના વહેણો

આજ, રવિવારે મુલાકાતીઓનું મોટું લશ્કર બાલગૃહ જોવા ઉતરી આવેલું. એમાં મોટાં ભાગના તો બૈરાં જ હતાં. પુરુષો તો માત્ર બે જ હતાં. બાકી હતાં બાળકો ડઝનેક.

ત્યારે હું અને જયન્તભાઈ બહાર ઓસરીમાં બેઠા શિક્ષણની વાતો કરી રહ્યા હતા.

જયન્તિભાઇએ ઉઠીને એ લોકોનું સ્વાગત કર્યું. અને પછી એ બધાને બાલગૃહ બતાવ્યું.

પાછાં આવીને બધાં ઓસરીમાં બેઠાં.

અનેક વાતો ચાલતી'તી અને બાલગૃહનાં નાના બાળકો આસપાસ ઉભાં કુતૂહલથી બધાંને જોઈ રહ્યાં હતાં. વિનોદ તો આવીને જયન્તિભાઇના ખોળામાં જ ચડી બેઠો હતો.

એક બહેનનું ધ્યાન સાયકલ ફેરવતાં નાના વિલોચન ઉપર પડયું ને એ બોલી ઉઠયાં:

'અરે! શું આવડા નાનાં છોકરાં પણ અહીં રહી શકે છે?'

'હારતો, એ ચાર વર્ષના છે. પણ ગયે વર્ષે તો એક પોણા બે વર્ષની છોકરી પણ રહેલી.' જયન્તિભાઇએ જવાબ આપ્યો.

બધાં જ બૈરાં વિલોચન સામે જોઈ રહ્યાં હતાં. એમનાં મ્હોં ઉપર દયા ઉભરાતી હતી.

એ બધાં મૂંગા હતાં છતાં ય બોલી રહ્યાં હતાં:

'અરે રે! બિચારા આવડા બાળકને આમ ધકેલી દેતાં એની માનો જીવ કેમ ચાલ્યો હશે?'

'એની મા છે કે?'

એક બહેનથી બોલ્યા વગર ન રહેવાયું.

'હા, મા અને બાપ બન્ને છે અને બન્ને પૂરાં તંદુરસ્ત છે.'

જયન્તિભાઈના જવાબમા થોડીક અકકડતા દેખાતી હતી.

'પણ આટલા છોકરાને મૂકતાં એનું દિલ સળગી ચાલ્યું,' એક ડોશીમા બોલી ઉઠયાં.

'એમનું દિલ ચાલ્યું કેમકે તેમને એટલી વાત બરાબર સમજાઇ ગઈ છે કે જો બાળકને સંસ્કારી બનાવવું હશે, એનામાં આત્મવિશ્વાસ પેદા કરવો હશે, એને સ્વાવલંબી કરવું હશે તો એનું પાયાથી જ ચણતર ઉપાડવું પડશે–એ માટે જ આ બધાં બાળકો અહીં આવ્યાં છે. આ બાળકોના માબાપો ધારે તો તેઓ એકેક બાળક માટે એકેક કમ્પેનિયન રાખી શકે એ એટલાં શકિતશાળી છે પણ એમને ખાત્રી છે કે જે કામ અહીં થશે તે જ કામ નકકર થશે."

જયન્તિભાઈના ભાષણે એ લોકોને થોડીવાર મૂંગા કરી દીધાં.

'એલી વિદ્યા, તું અહીં રહેશે ?'

એક બહેને એની ૭ વર્ષની દીકરીને પૂછ્યું.

વિદ્યાકુમારી એકદમ માને વળગી પડતાં બોલ્યાં:

'ના, ના. હું નહીં રહું.'

એના માતાજી હસી પડયા અને બોલ્યા :

'હું તો તને અહીં રાખી જ દેવાની છું.'

દીકરી વિશેષ ને વિશેષ માને વળગતી નકાર ભણવા લાગી. અને તેમ તેમ માતાજી વિશેષ હસવા લાગ્યા.

એ જ વખતે બીજા બહેનનો ત્રણ વર્ષનો દીકરો એમના ખોળામાં ચડીને એમનું મ્હોં પકડીને કંઈ કહેવા માટે 'બા, બા' કરી રહ્યો હતો.

માતાજી વિદ્યાકુમારીની વાતમાં તલ્લીન હતા, એમને એમાં ખૂબ મઝા આવતી હતી. અને એમાં પુત્ર વિક્ષેપ નાખતો હતો. એટલે એમણે ખીજાઈને એને એક તમાચો ચોડી દીધો.

'મખણો એસને ! તુ તો માથું ખાઈ જાછ. અસ, તને તો અહીં જ મૂકી દેવાની છું.'

બાળક રડતો વિશેષ માને વળગ્યો. માતાજી જયન્તિભાઈ તરફ ફરતાં બોલ્યાં :

'આને તમારા બાલગૃહમાં રાખો. એ મને બહુ મુંજવે છે.'

જયન્તિભાઈ માત્ર મૂંગા જ રહ્યા.

ત્રીજું એક બહેન બધાંનાં મનની વાત બોલી ઊઠ્યાં:

'ગમે તેટલું અહીં સાચું હોય પણ કંઈ માનો પ્રેમ થાવો છે !'

નીચે ચોગાનમાંથી અવાજ આવ્યો :

'બા જોને, રમુ મને મારે છે.'

સાત વરસનો રમુ એની મોટી બહેનને મારતો હતો.

માતાજી છેડાઈ પડતાં બોલ્યાં :

'હવે એમાં તું મરી ગઈ ? ખાલી ખાલી બરાડા જ પાડયા કરે છે !'

અને એ જ વખતે રમુભાઈના હાથમાંની લાકડી બહેનના માથામાં જોરથી ઝીંકાઈ અને બહેન ચિત્કાર કરી ઉઠી.

માતાજી ઉઠયાં અને છોકરીને વાંસામાં બે ધબ્બા મારી દીધા. થોડી સરસ્વતી પણ સુણાવી અને રમુભાઈને પોતાની પાસે લઈ ગયાં.

વિદ્યાની માતા, વળગતી છોકરીને ધક્કો મારતાં, બોલ્યાં :

હવે જરાક આઘી તો ટળ–જોને આ બધાં કેવાં રમે છે ? એ બધાં તો કેવાં એકલાં અહીં રહે છે ! તમારી જેમ આમ છાતીએ નથી ચોટયા રહેતાં !'

અને જયન્તિભાઈ તરફ વળીને એ બોલ્યાં :

'ભઈ અમારા છોકરાં તો ઘડીક અમને છૂટાં મેલતાં નથી. એનો કંઈ ઉપાય બતાવો ?

જયન્તિભાઈએ માત્ર સ્મિત કર્યું.

બધો ય વખત એક નાનો દોઢ વરસનો બાબો બાલગૃહની ઓસરીમાં ખૂબ આનંદથી ઘૂમો પાડતો રમ્યા કરતો હતો. ઘડીક બધા વચ્ચે આવે, ઘડીક કૂદકા મારતો દોડી જાય.

આપણને સહેજે એના ઉપર વહાલ ઊપટે એવો એ હતો. થોડી થોડી વારે એમના માતુશ્રી એને ખૂબ મારીને બોલાવતાં પણ હતાં પણ બાબો આવીને પાછો ભાગી જતો'તો.

મૂંગા બેઠેલા પુરુષોમાંથી એક ભાઈએ ચશ્માં કાઢી બાબાને બતાવતા બોલ્યા:

'બાબા, બાબા આ લે.'

બાબાએ એ જોયા ને ઘડીક અટકી ઊભો રહ્યો. પછી એ ધીમે પગલે પાસે આવ્યો. અને છેક પાસે પહોંચે તે પહેલાં એ ભાઈનો બીજો હાથ એને પકડવા આગળ થયો ને બાબો એ સમજી જતાં ચશ્માની માયા છોડીને ભાગી છૂટયો.

આ રમત બધાં લોકો જોઈ રહ્યા હતા.

એ ભાગ્યો ને બધાં જ હસી પડ્યા કોઈ બોલી ઉઠ્યું:

'એમ બાળો ફસાય એમ નથી. ભારે પાકકો છે.'

કોઈમાં બોલી ઉઠ્યાં:

'કળજગનાં છોકરાં તો જુઓ! હજી તો ઉગીને ઊભો થાય છે ત્યાં જ એનામાં આટલી હોશિયારી આવી ગઇ!'

વચ્ચે એક બહેન બોલ્યાં:

'એને અહીં બાલગૃહમાં રાખો તો ખૂબ હોશિયાર થઈ જશે.

'ના રે બા, મારાથી એક દહાડે એના વિના ન રહેવાય.'

માતા એના બાળાને ઉપાડીને છાતીએ દાબતાં બોલ્યાં.

જયન્તિભાઇ આછું હસતા બોલ્યા:

'નહીં બેન તમે ચિંતા ન રાખો. એને અમે તમારી પાસેથી નહીં લઇ લઇએ.'

અને વિદાની માતા તરફ ફરતા એ બોલ્યા:

'બહેન, તમે કહો છો કે છોકરાં જરાકે આધાં બસતાં નથી. હું કયારનો જોયા કરું છું કે બધાં બાળકો તમારી સૌની બાજુમાંથી આધાં જતા નથી. અને બધોય વખત તમે અમને, ધક્કા મારી આધાં કરવા પ્રયાસ કર્યા કરો છો!

અને પોતાના બોળામાં બેઠેલા વિનોદને બતાવતા એ બોલ્યા.

'જુઓ, આપણને અહીં વાતો કરતાં લગભગ એક કલાક થયો હશે. અને તમે જુઓ છો કે આ બાળક બધો ય વખત મારા બોળામાં બેઠો રહ્યો છે. એ ખરું?'

બધાં એને જોઈ રહ્યાં. એક બહેન બોલ્યાં:

તમારો દીકરો લાગે છે.'

જયન્તિભાઈ હસતા બોલ્યા:

હાસ્તો, આ બધા ય મારા દીકરા દીકરીઓ જ છે ના? એમાં આ વિનોદભાઇ હમણાં મહિનાથી ઉમેરાયા છે!'

પેલાં બેનશ્રીમા બોલી ઉઠ્યાં:

'એમ કે? હું તો સમજી કે તમારો જ દીકરો છે!'

'માજી, એ જ તો હું કહેવા માગું છું: પહેલું તો એ કે આ બધાય વખત એણે વચ્ચે અનેક પ્રશ્નો પૂછ્યાં એ તમે જોયું છે. એ હજુ નવા જ છે અને આ તમારા બાળકોની જેમ જ એમણે પણ એમની માનો બોળો ખૂંદ્યો છે અને એટલે જ એ અહીં મારો બોળો ખૂંદે છે!

'પણ એક વાત તરફ તમારું સૌનું ધ્યાન બેચું કે આ કલાક દરમ્યાન મારે એમને અહીંથી આઘા બસવા કહેવું નથી પડ્યું એ તમે જોયું હશે.

'વાત એમ છે કે બાળકો આપણને વળગે છે એ વાત સાચી નથી. આપણે બાળકને વળગીએ છીએ.

બાળક અને માતા

પ્રભુ વિહોણા જનકુલમાં બાળક પ્રભુના પયગમ્બર છે. જડ જેવા પૃથ્વીને પાટલે બાળક ચેતનના પુવારા છે, જલભર નવવર્ષાની વાદળીઓ છે, મનુકુલના ભાવિભંડાર છે, આશા છે, ઉત્સાહ છે, ઉન્નતિ છે.

બળકોનો મહિમા મહાન છે, ને એથીયે મહાન છે મહિમા, માનવમંજરીએ મહોરની માતૃત્વતાને!

(ન્હાનાલાલ)

બાળક માતૃત્વનું મધ્યબિંદુ છે;
બસભર્યા સંસારનું સ્નેહબિન્દુ છે;
માતૃત્વ સંસારની સ્નેહલતા છે,
જગતની જીવન સરિતા છે.

બાળક અને માતાનો મહિમા મહાન છે, ને એથીયે મહાન છે મહિમા—એ બંનેને મહોરાવતી વેન્ગાર્ડની વાત્સલ્ય છબીનો.....

.....* ફોટોગ્રાફી * પેઇન્ટીંગ .....
* એન્લાર્જમેંટ * ફ્રેમીંગ



આપણે જ એને આધાં કરવા માગતાં નથી. આમાં બાળકોની દયા ખાતર નહીં પણ આપણી ખાતર આપણે બાળકોને આધાં કરતાં નથી.

'હવે એક બાજુથી આપણે બાળકોને છાતી-એ જ વળગાડી રાખવાં છે અને ન ગમે ત્યારે એને ધક્કો મારીને 'ટળને' એમ કહી કંટાળવું છે—એ બેય વાત સાથે બનવાની છે કે ?

'એ જ વાતાવરણમાંથી આવેલા આ બાળકને મારે જ્યાંસુધી એ છૂટું ન થાય ત્યાંસુધી ધીરજથી રાહ જોવાની હોય છે. અને એ જ કામ હું અત્યારે કરી રહ્યો છું. આ પણ એક દિવસ પેલા વિલોચનભાઇ જેમ છૂટા થઈ જશે ને પાસે ફુંકશે પણ નહીં.—આ કામને અમે બહુ મહત્વનું ગણીએ છીએ.

'જુઓ, પેલી ચોગાનમાં રમતી છોકરી જોઇ ? એ મારી દીકરી છે. એને એક ક્ષણ પણ તમે મારી પાસે જોઇ છે !'

બધાં શાંતિથી સાંભળી રહ્યાં હતા.

એટલામાં નીચે ચોગાનમાં રમુભાઇ સાયકલેથી પડી ગયા. એના માતાજી દોડી ગયા અને રમુને બેઠો કર્યો.

'શું થયું ? સાયકલે પછાડી દીધો કે ?—હે....હે, મારા રમુને પછાડે છે ?'

માતાજીએ સાયકલને મારવા માંડયું અને એક પથ્થર ઉપાડીને રમુના હાથમાં આપ્યો :

'માર એને, તને પછાડી દે છે ?'

રમુએ પથ્થર માર્યો અને માતાજી બોલી ઉઠયા :

'ઉં ઉં ઉં—જો સાયકલ રડે છે.'

રમુ હસી પડયો અને માતાજી પણ હસતાં રમુને લઇને ઉપર ઓસરીમાં આવી બેઠાં અને હસતાં બોલ્યા :

'છોકરાં સમજાવવાં કંઇ સહેલાં નથી.' અને જયન્તિભાઇ તરફ ફરતાં બોલ્યાં:

'તમને શાબાશ છે. આટલા બધાં વડનાં વાંદરાં સાચવો છો તે !'

મારાથી ન રહેવાયું. મેં કહ્યું :

'જયન્તિભાઇ, આમ બાળક પડી જાય તો તમે શું કરો ?'

હું શું કરું ?—કોઇ પણ રીતે બાળકને છાનું રાખવું એજ ઉદ્દેશ હોય તો તો કંઈ કહેવાનું નથી. થપ્પુ એ બરાબર છે. પણ મને તો એ કબૂલ નથી.

પહેલું તો એ કે આવી સરસ પાઠ આપવાની તક ગુમાવાઇ છે. આજ વખતે બાળકને બતાવી શકાય કે જો સાયકલનું હેન્ડલ વધારે પડતું વાળીએ તો પડી જવાય અને પડીએ તો જમીનના પથ્થર વાગી જાય. આ જ બૌધ્ધિક રીત કહેવાય.

એથી કદાચ બાળક આટલું તરત હસતું ન થાય. પણ એથી એને નુકસાન ન થાત. આ તો જેટલીવાર એ પડે એટલી વાર તમારે આમ કરવું પડે. જ્યારે બૌધ્ધિક દલીલોથી એ સમજતાં એનું રડવું હંમેશ માટે ઓછું થતું જશે. એટલું જ નહીં પણ વહેલી તકે એ જીવન તરફ બૌધ્ધિક રીતે જોતું થશે. વળી તમારી રીતમાં બાળકને રડતું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ પર)



શાખાઓ :—

ઠાકુરદ્વાર, દાદર, પરેલ અને ઘાટ.

બી. પી. બેડેકર ઍન્ડ સન્સ લિ.

મુગભાટ, મુંબઈ ૪.

સમાજ અને બાળકો

બાળકો ઘરમાં જ ઉછરે છે. મોટાં થાય છે. ઘરમાં જ સારુ-નરસું શીખે છે. ઘરમાં જ એમની મોટા ભાગની દરકાર રખાય છે; છતાં ઘર બાળકોની બધી જ માંગ-જરૂરિયાતો એનાં સર્વાંગી વિકાસ માટે પૂરી પાડી શકે એમ નથી. એમના સર્વાંગી વિકાસ અર્થે સમાજમાં ફાળાની પણ જરૂરિયાત છે–તો આજે સમાજ બાળકો માટે શું કરી શકે તેનો ખ્યાલ આપણે કરીએ.

બાળકનો શારીરિક–માનસિક–સામાજીક વિકાસ થાય એ જોવાની ફરજ માબાપ ઉપરાંત સમાજની પણ છે. કોઈ માબાપ એમ કહે કે મને તો મારા કુટુંબમાં જ રસ છે અને મારા પાડોશીના કે ફાળયાનાં છોકરાંઓ માટે સમય નથી તો એ ડહાપણભર્યું પગલું ના ગણાય. કારણ કે પાડોશીના તોફાની ખરાબ છોકરાની અસર તમારા છોકરાંને પણ કદાચ લાગે એ સંભવિત છે; માટે જે સંભાળ આપણે આપણાં પોતાના કે સગાંવ્હાલાના છોકરાં માટે રાખીએ તેજ સંભાળ ગામના છોકરાં માટે જરૂરી છે કારણ આજનો ગામનો નાનો બાળક કાલના હિંદનો ભાવિ નાગરીક છે. આજના લોકશાહીના જમાનામાં આજનો નાનકડો કિશોર કે નાનકડી રમા કાલના જવાહર કે વિજયાલક્ષ્મી પંડિત છે. આજના બાળકોને જ એમના જગ્યા લેવાની છે. તો આજથી જ આપણે એમને એવી કેળવણી કેમ ન આપીએ કે જેથી આપણાં ગામનો બાળક જ બીજો વલ્લભભાઈ કે વિઠ્ઠલભાઈ ના થાય ?

આજ કારણે સમાજે બાળક તંદુરસ્ત, કામગરો, ભણેલો, સહકારવાળો અને કાયદાનું પાલન કરનારો થાય એવો ઘડવો જોઈએ. બાળકના ઘડતર માટે નીચેના દ્રષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

૧. બાળકને રહેવા માટે સ્વચ્છ ને સારૂં ઘર જોઇએ.

૨. બાળકની તંદુરસ્તી સાચવવી જોઇએ–અને એનાં રોગનું નિવારણ કરીને બીજા રોગનો ભોગ ન બને તે જોવું જોઇએ.

૩. બાળકને એની શક્તિ ને રૂચિ અનુસાર ભણવાની તક મળવી જોઇએ.

૪. બાળકને રમવા ને કામ કરવા માટેની જરૂરિયાતો પૂરી પાડવી જોઇએ.

૫. બાળકને દુર્ગુણોથી અને ખરાબ અસરથી બચાવવો જોઇએ ને તેને પ્રેરણાઓ મળે ને તેનો આધ્યાત્મિક વિકાસ થાય એવા પ્રયત્નો આદરવા જોઇએ

બાળકના સર્વાંગી વિકાસ અર્થે બાળકના માબાપ, સમાજ અને રાજ્યે બધાંએ જ પ્રયત્નો કરવા રહ્યાં. કારણ બાળકનાં માબાપ ઉપર જણાવેલી બધી જ વસ્તુઓ બાળકને પૂરી ન પાડી શકે. એ માટે માબાપ, સમાજ અને રાજ્યનો ત્રણેનો સહકાર હોય તો જ આપણા બાળકોને આપણે સુદ્રઢ અને નિષ્ણાત નાગરિકો બનાવી શકીએ.

બાળકોની ઘણીખરી જરુરિયાતો માબાપે પૂરી પાડવી જોઇએ. પણ ઘણી વખત માબાપ પોતાની એ ફરજ બજાવી શકતાં નથી. કાં તો માબાપની કમાણી પૂરતી ના હોય કે કાં તો માબાપમાં અજ્ઞાનના હોય કે માંદગી હોય. આમાંથી ગમે તે એક કારણ હોય પણ જો માબાપ પોતાની ફરજ ન બજાવી શકતાં હોય તો સમાજે તે ફરજ પૂરી પાડવી જોઇએ નહિતર એ બાળકો ભવિષ્યમાં દેશને ઉપયોગી થવાને બદલે દેશને ભારરુપ થશે અને અંતે તે આપણે તેને માટે સહન કરવું પડશે.

ઘણાં બાળકોની પરિસ્થિતિ એવી હોય છે કે એને મદદની જરુર હોય છે. ઘણાં બાળકોનાં માબાપ નથી હોતા ને તેઓ અનાથ હોય છે અથવા તો ઘણા બાળકો અપંગ હોય છે અથવા ઘણા બાળકો રોગિષ્ટ હોય છે. જેનાં રોગનું નિવારણ માબાપ નથી કરી શકતા હોતાં તો એ જવાબદારી સમાજના શિરે આવી પડે છે. બાળકને ઉપયોગી નાગરિક થવા માટે સમાજની જરુર પડે છે અથવા તો પોતાના સંરક્ષણ માટે એને મદદની માંગ રહે છે. અનાથ બાળકોને કાં તો કોઇના ઘરમાં અપનાવવા કે કાં તો તેમને માટે સંસ્થામાં સગવડ કરવી. રોગિષ્ટ બાળકોને રોગનું નિદાન મળવાની તેમજ પૌષ્ટિક ખોરાક આપવાની ફરજ પણ સમાજની હોવી જોઇએ. અપંગ બાળકો પણ દેશને ઉપયોગી થાય એવી તકો તેમને મળવી જોઇએ. ઘણાં અપંગો દુનિયાના અન્ય દેશોમાં મહાન થઇ ગયાં છે જ્યારે આપણે ત્યાં કમનસીબે તેઓ તકના અભાવે દેશને ભારરુપ થાય છે ને કાંઇપણ ઉપયોગી નીવડતા નથી તો તેમને માટે પણ શાસ્ત્રીય કેળવણીની ગોઠવણ થવી જોઇએ. જો આમ ન કરવામાં આવે તો તેઓ દેશને ભારરૂપ થવાના અને

તેટલી દેશની પ્રગતિ રૂંધાવાની. આપણા દેશને એક મહાન દેશ દુનિયાના બીજા મહાન દેશોની સાથે સરખામણી કરે એવો જો બનાવવો હોય તો આપણી બધાની પહેલી ફરજ એ છે કે આપણે આપણા બાળકો ને કાલના દેશના ભાગ્ય યોજકોને નેતાઓને આજથી જ એની ફરજો બજાવવા માટે સુસજ્જ તૈયાર કરીએ તો એ કરવા માટે એકલા માબાપના સહકારથી નહિ ચાલે; માબાપના સહકાર સહિત સમાજના સહકારનો સાથ પણ જોઇશે.

પહેલાં બાળકને સારું વાતાવરણ મળવું જોઇએ. વાતાવરણની અંદર એના બાળપણમાં એનું દુર્ગુણોથી એનું રક્ષણ, ન કળી શકાય એવી વિષમ સ્થિતિનો સામનો તથા સારા કામો સહકારથી થઇ શકે એવી તકો બાળકોને સમાજે આપવા પ્રયત્ન આદરવો જોઇએ. એને માટે શાળાના, મંદિરોનાં, ન્યાતની વાડીઓના દ્વાર રમતો માટે ખૂલ્લા મૂકાવા જોઇએ; જ્યાં બાળક નાચી કૂદીને પોતાની ઉમ્મરના બાળકો સાથે સહકારથી કામ કરતાં શીખે.

આ ઉપરાંત સરકાર તરફથી માબાપોને માટે બાળમાનસ માટે, બાળકોના પૌષ્ટિક ખોરાક અંગે, એનાં અમુક બાળરોગોની માહિતી પૂરી પાડવા માટે, સાંજના માબાપો માટે વર્ગો, સામાયિકો તથા ખોરાક અંગે ને બાળ ઉછેરના પ્રદર્શનો, બાળમેળા અને ફીલ્મો બતાવવી જોઇએ ને બાળકોના ખોરાક અંગે, કપડાં વિષે ને તેમની વર્તણુંક માટે પણ છાપેલી માહિતી પૂરી પાડવામાં આવે તો આજના જમાનામાં માબાપોને બાળકો ઉછેરવાની જવાબદારીમાં ઘણી સહાયતા મળે.

આ ઉપરાંત બાળકોની તંદુરસ્તી એ તો ખૂબ જ અગત્યની વસ્તુ છે. આજના ભોંધવારીના જમાનામાં ઘણાં માબાપો માટે બાળકને પૌષ્ટિક ખોરાક આપવો તથા તેમને માંદગીમાંથી બચાવી ડોકટરી મદદ લેવી એ રહેલી વાત નથી. આવા વખતે સમાજે અને સરકારે બન્નેએ માબાપને મદદરૂપ થવા માટે શાળામાં પૌષ્ટિક ખોરાક અપાય તથા દાકતરી તપાસ થાય એવી જોગવાઈ કરવી જોઇએ. બાળકની અમુક ફરીયાદો જેવી કે ચશ્મા અથવા મોતિયાનું ઓપરેશન કે એવી કોઇ જરુરી ચીજ પણ બાળકને મળી રહે એ જોવું બહુ જરૂરી છે.

બાળકોને માટે ખાસ મોટા શહેરોમાં ટ્રાફીક કાયદા પણ હોવા જોઇએ જેથી બાળકોને અકસ્માતનો ભય ના રહે. પોલીસ એ બાળકોને બીવડાવવા માટે નથી પણ એને રસ્તામાં મુશ્કેલી ના નડે અને ભૂલેલાને માર્ગ બતાવવા માટે છે.

બાળકોની ફરજીયાત મફત કેળવણી આપવાનું કામ તો જરુર સમાજ ને સરકારનું જ છે. આપણે ત્યાં તો એ જૂની પ્રણાલિકા હતી કે જ્યારે રાય કે રંકની પ્રજા એક જ ગુરૂની છાયા નીચે શિક્ષણ મેળવે અને ગુરૂની બધી જ જવાબદારી સમાજ ઉઠાવે.

બાળકોને માટે રમત એ ખૂબ જ જરૂરી છે. બાળક જ્યારે રમે છે ત્યારે એ વખત પસાર કરવા રમતો નથી પણ રમતથી એ પોતાની જાતનો વિકાસ સાધે છે એમ બાળમાનસશાસ્ત્રીઓનો મત છે.

બાળકોને રમવા માટે મેદાનો ને રમતોની સામગ્રીનો સમાવેશ થવો જોઇએ. બાળકો આનંદ ઉલ્લાસથી જીવીને પ્રગતિ સાધે છે ને પોતાની શક્તિ રમતમાં ખર્ચવાથી તે ચોરી કરતાં કે લુચ્ચાઇ કરતાં શીખતો નથી. આવું જ એક વખતે એક મ્યુનિસિપાલીટીના પ્રમુખને પૂછવામાં આવ્યું કે એણે તરવા માટે સ્વીમીંગ પૂલ બનાવ્યો ને પૈસા ખર્ચ્યા એ ઠીક કર્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે જરુર, કારણ એ સ્વીમીંગ પૂલ થયા પછી જ બાળકો શેરીમાં ભટકતા અટકયા ને બાળકોના ગુન્હાઓ પણ ઓછાં થયાં.

આપણે ત્યાં બાળમરણનું પ્રમાણ પણ પુષ્કળ છે. આપણે ત્યાં બાળકો એક વર્ષના થાય તે પહેલાં જ મરણ પામે છે અને એનું કારણ મોટે ભાગે માબાપની અજ્ઞાનતા હોય છે. જો સમાજ ને સરકાર માબાપને બાળકના જન્મ પહેલાં ને પછીની સંભાળ વિષે પૂરી માહિતી પાડે તો કદાચ જેમ ન્યુઝીલેન્ડમાં ફકત ૧૦૦૦ બાળકે ૩૧ બાળકોનું મરણ થાય છે તેમ આપણે ત્યાં થાય એમ સંભવ થશે. લોકશાહી તો ત્યારે જ સાચી કહેવાય જ્યારે આપણે બધાંજ એમ માનતાં હોઇએ કે દરેક માનવીને જીવવાનો હક છે ને તેને સુખનો ને સ્વાતંત્ર્યનો લાભ મળવો જોઇએ.

—ડા. લીલાબેન દેસાઇ.M. A. B T. Ph. D.
(Michigan) U.S.A.

એક વર્ષના બાળકના વ્યક્તિત્વનો પાયો

[ગતાંકથી સંપૂર્ણ]

પિતા કરતા બાળકને વધારે સમય સુધી માતાના સહવાસનો લાભ મળતો હોય છે. એટલે માતા માટે પોતાપણાની ભાવના જાગે છે. તદ્દન નવા જન્મેલા બાળકને હુંફાળી શાલ કરતાં માતાની ગોદમાં વધુ સારું લાગે છે. આનું કારણ હજી એને માતાના આધારની જરુર લાગે છે. તેની મદદથી તે ધીરે ધીરે આજુ માજુની દુનિયામાં ધ્યાન આપવા માંડે છે. આગળ ઉપર માતાને પોતાની બધી જરુરિયાતો યથાસમયે પૂરી પાડનારી, કામમાંથી સમય કાઢીને પોતાને રમાડનારી તથા ચોવીસે કલાક પોતાની પાસે રહેનારી એક વ્યકિત તરીકે ઓળખે છે. આમાંથી જ આગળ ઉપર માતૃપ્રેમનો પાયો નખાય છે.

એક વર્ષની અંદરના બાળકના શારીરિક સંગોપનના જેટલું જ મહત્વનું ભાવનાત્મક સંગોપન હોય છે. શારીરિક સંગોપનમાં નિયમિત સમયે દૂધ પીવડાવવું, શરીર સ્વચ્છતા, રમત, ખૂલ્લી સ્વચ્છ હવા, સૂર્યપ્રકાશ, તથા પૂરતી ઊંઘ વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ બાબતો જેટલી વ્યવસ્થિત નિયમિત રીતે થશે તેટલું બાળકના મનનું સ્વાસ્થ્ય સારું રહે છે. તથા બાળક શાંત, હસમુખુ તથા સ્ફૂર્તિલું રહે છે. કોઇ બાળકને નિયમિતપણાની એટલી ટેવ પડે છે કે કોઇકવાર નિયમિત સમયે નવડાવવામાં ન આવે તો એને વ્યવસ્થિત ઊંઘ પણ આવતી નથી. બને ત્યાં સુધી તો બાળકનું સમયપત્રક કદીપણ અસ્થિર સ્વરૂપનું ન હોવું જોઇએ. મા જે રીતે બાળકને ધવડાવે છે, નવડાવે છે તેની જ છાપ તેના મન ઉપર પડે છે. ઘણી માતાઓ આ બાબતો કરતી વખતે પોતાના બાળકને વ્હાલથી પંપાળતી હોય છે. બાળકને આવા પ્રેમની અત્યંત આવશ્યકતા હોય છે. શારીરિક વિકાસ થવાને જેમ જીવનસત્વયુકત અન્નની જરુર પડે છે તેવી જ રીતે માનસિક વિકાસ થવા માટે માતૃપ્રેમની જરુર પડે છે. બાળકને પોતાની માતાનો પ્રેમ જોઇને આધાર તથા સુરક્ષિતતા મળ્યા હોય એવું લાગે છે. તેને દરરોજ થતી પ્રગતિમાં વધારે પ્રગતિ સાધવા માટે ઉ-તેજન મળે છે. માતાનો પ્રેમ, લાડ તથા ઉ-તેજન આ ભાવનાત્મક વિકાસ માટે જરુરી છે.

આ બધી બાબતો માટે ઘરમાં એવી જાતનું વાતાવરણ ઉભું કરવાની જરૂર પડે છે. જે ઘરના કુટુમ્બની માનસિક પાર્શ્વભૂમિ સારી હશે તે કુટુમ્બનું બાળક ભવિષ્યમાં સદ્‌ગુણી નીવડે છે. સુશિક્ષિત તથા સુસંસ્કૃત કૌટુમ્બિક વાતાવરણ બાળકના જીવનની દશા નકકી કરે છે તથા એ એની પ્રગતિનો આધાર હોય છે.

તમારું બાળક ભવિષ્યમાં કેવું થવાનું છે એની સ્પષ્ટ રુપરેખા આનુવંશિકતા આલેખે છે. પરિસ્થિતિ એ રેખા વધુ દ્રઢ કરે છે અને તે ઘડનાર માતાપિતાના કાર્યનું મહત્વ વધારે છે. —પ્રભા ભરવીરકર

આર્યઔષધિની સર્વોત્તમ દવાઓ

બાલગુટી : બાળકોની ઔષધમાતા. આ બાલગુટીના સેવનથી બાળકો આનંદીત રહે છે તથા બાળકોને જરૂરી પોષણ મળી શરીરની ઉત્તમપણે ખીલવણી થાય છે. કી. ૫૦ ગોળીની બાટલીના આઠ આના.

મહિલા મિત્ર સ્ત્રીઓનાં સ્વાભાવિક રોગો દૂર કરે છે. ગર્ભાવસ્થામાં પોષણ આપનાર તથા પ્રસૂતિ બાદ શક્તિવર્ધક. કી. બાટલીના રૂા ૨) બે.

બ્રાહ્મી તેલ આર્યઔષધિનું બ્રાહ્મી તેલ અનેક ઔષધિઓના અર્ક સમાન હોઇ ઉત્તમ કેશવર્ધક, કેશરક્ષક તથા મધુર સુગંધવાળું છે. કી. બાટલીના રૂા. ૨) બે.

નાના મોટા સૌ માટે પુષ્ટીકારક આર્યઔષધિનો અષ્ટવર્ગ ચ્યવનપ્રાશ અવશ્ય વાપરો.

આર્યઔષધિ ગાયવાડી, કાવેલ સ્ટ્રીટ, સ્વદેશી માર્કેટ પાછળ, મુંબઇ ૨

સ્ટોકીસ્ટસ:—

જાદવજી ગોરધનદાસની કું.

૫૮–૬૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

બાળકને ભિક્ષા અવશ્ય આપવાનો પ્રશ્ન

એક દિવસ સાંજે હું ઇન્દુબેનને ઘેર ગઇ તો એમની બે અઢી વર્ષની દીકરી આંશા બહાર જવાના કપડા પહેરીને જમીન પર બેસીને રડતી હતી ને આળોટતી હતી. (ઇન્દુબેન મારા બહેનપણી થાય). ઇન્દુબેન ખૂબ ગુસ્સે થઇ ગએલા લાગતા હતા ને આશાને કહેતા હતા, "આ શું દરરોજની ધાંધલ માંડી છે. રોજ રોજ તે ફૂગ્ગા ને શીંગ-ચણા લેવાતા હશે!

આટલું સાંભળીને અને મને આવેલી જોઇને આશાને બરાબર જોર ચઢતું લાગ્યું અને વધુ જોરથી બરાડા પાડીને રડવા માંડ્યું. એટલે અંદરના રૂમમાંથી એના દાદાજી આવ્યા અને આશાને એક આનો આપીને કહેવા લાગ્યાં, "આજે તને ઠીક નથી એટલે તું ફૂગ્ગો જ લેજે" અને પછી રામા તરફ ફરીને કહે, 'આજે એને ઠીક નથી એટલે એને ફૂગ્ગો જ અપાવજે. શીંગ-ચણા નહિ અપાવતો અને વ્હેલો ઘરે લઇ આવજે.' અને આશા રામા સાથે જાણે ઇન્દુબેન ઉપર વિજય પ્રાપ્ત કર્યો હોય એમ ખુશ થતી થતી ફરવા ગઇ.

આશાના દાદાજીને ઘરમાં બધાં મોટાભાઇ કહેતા. એ ખૂબ માયાળુ તથા સમજુ હતા. હું પણ ઘરમાં બધાંથી પરિચિત હતી. મને આવેલી જોઇને એમને પણ એક ખુરશીમાં બેસતાં કહ્યું, 'બેન તું ઠીક સમયસર આવી પહોંચી! ખરેખર આશાનું આ ધાંધલ હમણાં ખૂબ વધી ગયું છે. ઇન્દુ એ માટે મુંઝાય છે. એ પણ હું એની આશા સાથેની વાત ઉપરથી સમજુ છું. આશાને આ પૈસા માંગવાની લગભગ ટેવ જ પડી ગઇ છે. એમ કહીએ તો કંઈ ખોટું નથી.'

'મોટાભાઇ. રોજ પૈસા આપવાની ટેવ સારી ગણાય ખરી?' ઇન્દુબેને પોતાની મૂંઝવણ રજુ કરી.

મોટાભાઇએ કહ્યું, 'પૈસા આપવાની ટેવ પાડવી જોઇએ એવું હું નથી કહેતો પરંતુ એ રડે છે એટલે હું અકળાઇ જાઉં છું; વળી-તે કેવો મુઠ્ઠીમાં સાચવી રાખે છે અને એમાંથી જે કંઇ ચીજ-વસ્તુ લઇ આવે છે એનાંથી એને કેટલો આનંદ થાય છે!'

મેં કહ્યું, 'હા મોટાભાઇ, જેમ આપણ બધાંને પૈસો વ્હાલો છે તેમ નાના બાળકને પણ પૈસો વ્હાલો છે. બાળક પૈસાની કિંમત સમજી શકે એ પહેલાં જ એનો અવાજ, એનો સ્પર્શ, ને વજન એની જીજ્ઞાસાને જાગ્રત કરે એવું હોય છે.'

'અરે! અમારી બાજુમાં કમળાબેન છે એમના છ મહિનાના બાબા આગળ રૂપિયો–રૌસો ગોળ ગોળ ફેરવીએ તો એ રડતો ચૂપ થઇ જાય છે. અને એ હાથમાં લેવા માટે ખૂબ પ્રયત્ન કરે છે,' ઇન્દુબેને આશ્ચર્ય પ્રગટ કર્યું, ને વળી આગળ ચલાવ્યું.

'આશાની બાબતમાં તો એમ પણ છે કે હું એને ઘણીવાર કહું કે ચાલ તને જે જોઇએ તે અપાવું તો આશાને ગમતું નથી.'

મોટાભાઇએ વચ્ચે જ કહ્યું, 'હા! હું પણ એજ કહું છું કે પોતાના પૈસાની ચીજ-વસ્તુ પોતાને જ ખરીદવામાં એને ખૂબ આનંદ આવે છે.'

મેં કહ્યું: 'હા એટલે જ બાળક (અહંભાવે) પૈસો સાચવે છે એ ઉપરાંત પોતાની પાસે પણ કંઇ છે એમ સમાધાન મેળવી શકે છે.'

'મોટાભાઇ એ જ કેળવણી છે. પૈસાથી જોઇતી ચીજ–વસ્તુ મળે છે એવું એને ભાન થાય છે, ત્યારે જ એને પૈસાની કિંમત (Value) સમજાય ને!'

મોટાભાઇએ પૂછ્યું: 'પૈસાની કિંમત સમજે છે એટલે જ બાળક પોતાના પૈસા સાચવી શકતું હશે, ખરુને! તેથી આપણે એને પૈસા સાચવી શકે એવું બાકિટ કે રમકડાંની તીજોરી અપાવ્યાં છે એમાં કેટલી સંભાળપૂર્વક એ પૈસા રાખે છે!

સાચવેલા પૈસામાંથી કોઇવાર મારી બેનનાં એક વર્ષના દીકરાને માટે રમકડું લઇ આવશે અને એને આપશે. આપણે મોટાઓ જેવી રીતે વ્યવહાર કરીએ (રાખીએ) એવી રીતે એ પણ મોટી બેન તરીકે એવું કરે છે, ને પછી બધાંને કહી આવશે કે હું પ્રકાશ માટે રમકડું લઇ આવી. ને પ્રકાશને એ બહુ ગમ્યું. તો પ્રકાશ એને બહુ વ્હાલો છે એટલે એવું કરતી હશે?'

મેં કહ્યું, 'એ જ એના વ્યક્તિત્વનો તથા ચારિત્ર્યનો વિકાસ છે. પોતાના પૈસાથી પોતે જ આનંદ મેળવવા ઉપરાંત બીજાને પણ એમાં સહભાગી કરીને પોતે વધુ આનંદ મેળવી શકે છે, એની આ અપ્રત્યક્ષ કેળવણી થાય છે.

મોટાભાઈએ કહ્યું, 'આવી કેળવણી થતા માંડે ત્યારે બાળકોને પૈસા સાચવવા ને વાપરવા આપવા એવું મને લાગે છે.'

ઇન્દુબેને વચ્ચે જ કહ્યું, 'આ ખિસ્સાખરચ પરદેશમાં જેમ કામના બદલામાં આપવામાં આવે છે એવો નિયમિત ખિસ્સાખરચ એટલે કે Regular Allowance દર મહિને કે અઠવાડિયે આપવું જોઈએ.'

મેં પૂછ્યું, 'આશા તમારા કુટુંબની એક વ્યક્તિ નથી?'

ઇન્દુબેન કહે, 'કેમ એમ પૂછો છો? આશા તો કુટુમ્બની જ વ્યક્તિ કહેવાય.'

મેં કહ્યું, 'જેમ મોટાંઓને પોતાની જરૂરિયાત પ્રમાણે નિયમિત ખિસ્સાખરચ Regular Allowance મળે છે એવી રીતે બાળક પણ એક કુટુમ્બની વ્યક્તિ છે. (એ કમાઇને પગભર થયું નથી). એને પણ પોતાની કેળવણી માટે-વિકાસ માટે પૈસાની જરૂર હોય છે, માટે એને ખિસ્સાખરચ (Allowance) આપવાનો છે.'

મોટાભાઇને પણ સમજાયું: અભ્યાસ કે કામના બદલામાં જો ખિસ્સાખરચ આપીએ તો પછી એને કુટુમ્બ માટે ભાવના-પ્રેમ નહિ રહે ખરું ને! આવી લાલચથી કામ કે અભ્યાસને ધક્કો પહોંચે છે, માટે જ કુટુમ્બની એક વ્યક્તિ તરીકે એને નિયમિત ખિસ્સાખરચ મળે એ ઇચ્છનીય છે. અને કુટુમ્બમાં એનું પણ કંઇ સ્થાન છે એવુ એને ભાન થાય છે.

ઇન્દુબેને વળી નવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો 'કેટલ, વર્ષના બાળકને કેટલું ખિસ્સાખરચ મળવું જોઇએ?'

મોટાભાઇએ કહ્યું, 'માતા-પિતાએ એ કેળવણીનુ અંગ છે એમ સમજી એને ખૂબ ખિસ્સાખરચ ન આપવો જોઇએ.'

ઇન્દુબેને કહ્યું, 'મોટાભાઇ, બધાં કુટુમ્બમાં એ કેવી રીતે શક્ય હોઇ શકે? ખૂબ ટૂંકી આવકવાળા કુટુમ્બમાં ખૂબ ઓછો (Regular Allowance) ખિસ્સાખરચ આપી શકાય.'

'તમને એવું નથી લાગતું કે બાળક પણ કુટુમ્બની આર્થિક પરિસ્થિતિથી પરિચિત થાય એ દૃષ્ટિથી કુટુમ્બમાં બધી વ્યક્તિઓ અને બાળક સમજણું થાય ત્યારથી બાળકની સાથે બેસીને આર્થિક બાબતોની સમજપૂર્વક ચર્ચા કરવાથી બાળક પણ પોતાની જરૂરિયાત પ્રમાણે જ ખિસ્સાખરચ (Allowance) લેશે.'

જે કુટુમ્બમાં બાળક માટે પ્રેમ હશે એમને બાળકના વિકાસ માટે અંતમાં એ મોંઘુ પડતું નથી.

'તેમ છતાં મોટેરાંઓએ આ બાબતમાં બાળક માટે ખૂબ ઉદારતાથી તથા સમજપૂર્વક વર્તવું જોઇએ.'

—હે. માળવી

—: અપનાવજો :—

—દિન અંતે દૂધ જો પીવો, નિશ અંતે જળ તેમ;
જમી પીવો જો છાશ તો, તન રહે કુશળ ક્ષેમ.
—અર્ધ ભાગ અન્ને ભરો, પા પાણીથી એમ,
વાયુ ફરવા પા રહે, ભોજન કરવું તેમ.

સુતરાઉ, રેશમ અને ગાર્ટ-જયોર્જેટ પર
* સુંદર અને સફાઇદાર
* રંગવા છાપવાનું ભરોસાપાત્ર
સ્થળ:
* ભૂપેન્દ્ર *
ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કર્સ
૧૯૫-૧૯૭, ખેતવાડી મેન રોડ,
મુંબઇ ૪.
ફોન: ૭૦૮૬૮ બ્રાંચ નથી.

બાળકોની કુટેવો (૨)

[એક સંવાદ]

સુધા : તમે મને પૂછો છો તો હું કહું છું કે મને મારા નાના ભાઈ પ્રત્યે જરાયે પ્રેમ નથી. એને માટે મારા મનમાં પ્રેમનો ઉદ્‌ભાવ થતો જ નથી

રમા : એનું કારણ શું? એનું કારણ મને એ નથી સાંભરતું કે લડ્યા વગર અમારો એકે દિવસ પસાર થતો હોય.

સુધા : એટલો બધો તમારા બંનેમાં એક-બીજા માટે રોષ છે? જુઓને છેક નાની બાબતમાંથી અમારે તકરારની શરૂઆત થાય. બારીના જે, ખૂણે હું બેઠી હોઉં, ત્યાં તે અડોઅડ આવી ઊભો રહે. હું કહું કે જરા દૂર ઊભો રહે, તો તે કહે કે તેને તે બાજુ ઉભા રહેવું છે. હું કહું કે હું ત્યાં પહેલી બેઠી હતી, ત્યારે તે તેનું જોર મારા પર અજમાવે. હું અકકડ થઈને બેસી રહું, ત્યારે તે મને ચૂંટલી ભરે. અને મારાથી ચીસ પડાઈ જાય. મારી મા અંદરથી ધાંટો પાડે, 'એ શું થયું?' અને મારો ભાઈ બૂમ મારી કહે, 'આ બહેન ખસતી નથી!' અને મારી મા બહાર દોડી આવે, મને કહે, 'તું બહુ જીદી છે. એને ત્યાં બેસવું હોય તો બેસવા દેને! એ તારો નાનો ભાઇ છે.' ત્યારે હું કહું છું કે હું ત્યાં પહેલી જ બેઠેલી હતી. તો તે મને ધમકાવી નાખે, 'તારા જેવી જીદી અને ધાર્યું કરનારી મેં જોઈ જ નથી. ચાલ ખસે છે કે નહિ?' અને મારે ત્યાંથી ઉઠવું પડે. મારો ભાઈ ઝટ ત્યાં બેસી જાય. મારી મા મને કામે વળગવાનું કહે. અને હું બોલ્યા ચાલ્યા વગર ચુપચાપ એણે શું કર્યું, તે સાંભળ્યું જ નથી તેમ બીજા ઓરડામાં ચાલી જાઉં ત્યારે મારી મા અને ભાઈ પ્રત્યે ભારોભાર રોષ ઉકળતો હોય, અને પછી મને રડવું આવે.

રમા : આમાં તો તમારી માનો જ વાક કહેવાય નહિ ને?

સુધા : મને પણ એમ જ થાય છે કે, મારી મા મારા ભાઇનું ઉપરાણું કેમ ખેંચતી હશે! એટલું જ નહિ પણ, બીજાઓ પાસે મારા વિષેનો અભિપ્રાય એને વ્યકત કરવાનો આવ્યો હોય તો તે મારા વિષે એકપણ સારો શબ્દ નહિ કહે. હું જીદી-ઇર્ષ્યાખોર છું, ધાર્યું કરવાવાળી છું. એવો તે મારા વિષેનો અભિપ્રાય અચૂક જ આપે. આથી મને પણ ઘણીવાર થઇ આવતું, કે મારી મા કહે છે, તે સાચું જ છે. અને હું વિચારતી કે મારે સુધરવું જોઇએ. આ માટે મારી મા જે કહે, તે હું કરવા લાગી. છતાં મારી માને મન હું કશું જ કરતી નહોતી.

રમા : આ તો બહુ વિચિત્ર કહેવાય

સુધા : આમાં કશું જ વિચિત્ર નથી. મારા બાપાએ જો ભૂલેચૂકે મારું ઉપરાણું લીધું તો એમનું પણ આવી બને. છોકરીને છાપરે ચઢાવી દેવાનો આક્ષેપ એમની પર થયા વગર રહે જ નહીં.

રમા : તો તારી બા, અને બાપા વચ્ચે વારં-વાર ઝઘડો થતો હશે નહિ?

સુધા : ઝઘડો થાય, તેવી પરિસ્થિતિ, તો વારંવાર થઇ આવે પણ મારા બાપ હંમેશાં ગમ ખાઇ જાય. તે મારી માને એક વાકય હંમેશા કહે છે, કે છોકરાં-ઓની તકરારમાં તારે વચ્ચે ન પડવું. અને છોકરાંઓને જ તેમની તકરાર પતાવવા દેવી. પણ મારી મા એનું એ સાંભળી તેમ વર્તે તેટલી ધીરજવાળી નથી. મારા બાપા જેમ કહે તેમ થવા દે, તો મારો ભાઈ હમણાં સરખો થઈ જાય. પણ તે જાણે છે કે તે ખોટો છે તો પણ મને વઢવાની જ. આથી જ મારું ધ્યાન ખેંચાય, તેવી રડ-વાનાં ચીસો પાડવી વિ. વર્તનો કરે છે.

રમા : તું આટલું બધું સમજે છે, છતાં ય તારે સહન કરવું પડે છે. એ બીજાને ન સમજાય, એવી ઘટના છે.

સુધા : સાચું જ કહું, તો મારી સમજ કશા જ કામમાં નથી આવતી. કારણ કે, મારો ભાઈ મને પ્રેમ વે છે, ત્યારે મારાથી ગુસ્સે થયા વગર રહેવાતું જ નથી.

રમા : એ તો તદ્દન સ્વાભાવિક છે.

સુધા: તમારે મન એ સ્વભાવિક છે, પણ મારી મા તો ધસી આવી મને કહે છે કે, 'તારા ભાઈ પ્રત્યે તને પ્રેમ છે જ નહિ.' ત્યારે હું પણ ગુસ્સામાં આવી કડી દઉં છું કે, 'હા, જા મને એના પર પ્રેમ છે જ નહિ.' ત્યારે માથું ફૂટવા બેસે છે, રડે છે. મારી

માને એવું કરતી જોઇ મને બહુ દુઃખ થાય છે. પણ તે વખતે મારો નાનો ભાઇ ખૂણામાં બેઠો બેઠો મારા સામે દાંતિયા કરતો હોય છે. એવે વખતે હું શું કરું ? હું ત્યાંથી દોડી જાઉં છું. મારી આંખમાંથી આંસુ પડે છે, પણ મારા મનમાં મારા ભાઇને ઠેકાણે લાવવા યુક્તિ પ્રયુક્તિઓની યોજના ઘડતી હોઉં છું. અને પછી ચૂપ-ચાપ કામે લાગી જાઉં છું. તે વખતે અમારા ઘરમાં કોઇ કોઇની સાથે બોલતું જ નથી.

રમા : આનો અર્થ તો એવો જ થયો કે તારી મા ઉપર રહીને જ ઇર્ષ્યા કરાવે છે.

સુધા : ઇર્ષ્યાની વાત તો પૂછશો જ નહીં. હું નવા કપડા પહેરું ત્યારે તે મારો નાનો ભાઇ કજિયા કર્યા વગર રહે જ નહીં. હજી તો હું કપડા પહેરવાની શરૂઆત કરતી હોઉં, ત્યારથી જ એની પજવણી શરૂ થાય. અને જો હું ફરિયાદ કરું, તો મારી મા એના પર એટલી બધી ગુસ્સે થાય, કે એને મારી બેસે. આવું જોઇ કેટલીએ વાર નવા કપડાં પહેરી બહાર જવાનું મેં માંડી વાળેલું.

રમા : બહુ જબરો ઇર્ષ્યાખોર લાગે છે એ.

સુધા : અરે, તમને એની એક વાત કહીશ તો હસવું આવશે. એક દિવસ રમતમાં મેં એને કહ્યું કે મારી ચામડી એના કરતાં ગોરી છે. બસ આવી બન્યું. મેં એમ કહ્યું જ કેમ ? મારી માને મેં કહ્યુ કે જે સાચી હકીકત છે તે મેં એને કહી. એમાં મેં શું ખોટું કર્યું ? ત્યારે તેણે મારા પર અભિમાન હોવાનો આક્ષેપ કર્યો. મારાથી મારી મા સામે કેટલું બોલી શકાય ? વિના કારણ મારી સામે આક્ષેપ થતો જોઇ હું રડી પડી. પછી તો મારું રડવું રોકાયું જ નહીં. હું ડૂસકે ડૂસકે રોઇ. પણ એ બન્નેમાંથી કોઇ કશું બોલ્યું નહિ. એટલામાં મારા બાપા આવ્યા. મને રડતી જોઇ, રડવાનું કારણ પૂછતાં, હું બધું જ કહી દેતી હતી. ત્યાં મારી મા વચ્ચે પડી અને બોલી, 'રડીને એશિયાળા કરે છે કેમ!' અને મારા બાપા એની પર એકદમ ગુસ્સે થઈ ગયા અને એને લપડાક લગાવી દીધી "આ છોકરીને તમે મા દીકરો એકઠા થઇ આખો દિવસ સતાવ્યા કરો છો." એવું ધાંટો પાડી બોલ્યા. ત્યારે મારી મા, ચૂપ થઇ ખુરશી પર બેસી ગઇ મેં એની આંખો સામે જોયું તો તેમાં ભારોભાર આગ ભરી હતી. મને તો એ બધું શું થઇ રહ્યું હતું, તે જ સમજાયું નહીં. મારા બાપાએ મારા ભાઇ સામે ધાંટો પાડી કહ્યું, 'આખો દિવસ બહેનને ચીઢવીને તને શું મળે છે ? તારી મા તારો પક્ષ લે છે, એટલે તું માને છે કે તારું ધાર્યું જ બધું થશે ? તારી માએ તારો પક્ષ લઇ તને બાયલો બનાવી મૂક્યો છે, તેની તને કયાં ખબર છે ? હવેથી આવું તોફાન કર્યું છે, તો તને પણ સીધો કરી નાખીશ. બન્ને જણ સંપીને પ્રેમથી સાથે રહેવાને બદલે આમ ઝગડયા કરો એ કાંઇ સારું કહેવાય ?'

રમા : તો તારી મા, અને તારા ભાઇને તો એમ જ લાગ્યું હશે કે તારા બાપાએ તારો પક્ષ લીધેલો.

સુધા : હા, તે દિવસ પછી મારી માનું વર્તન બદલાતુ ગયું.

રમા : તારા બાપા એની પર ગુસ્સે થયા તેથી ?

સુધા : એમ પણ હોય ! ત્યારપછી મારી મા મારા ભાગનો પક્ષ ખેંચતી નથી. અને મારો ભાઇ પણ હવે મારી સાથે બહુ સારી રીતે વર્તે છે.

રમા : ઠીક થયું. તને તો એટલું જ જોઇતું હતું ને ?

સુધા : તમે પણ એવું જ કહેશો કે બધું સારું થઇ ગયું ? મારા બાપાની ધમકીથી તેઓ મને પજવતા નથી. પણ મારી માના મારી સાથેના ભારેખમ વર્તનોથી અકળાઇ ગઇ છું. આથી મારા મનમાં એમના માટેનો રોષ કયારે પ્રગટ થઇ જશે, તે હું પોતે જ કહી શકું તેમ નથી.

રમા : આથી મને લાગે છે કે, તારી માએ મને કહેલું કે તું બહુ દ્વેષીલી છે.

સુધા : દ્વેષ છે. એ વાત સાચી છે. હું કબૂલ કરું છું, પણ આ દ્વેષ મારામાં કયાંથી આવ્યો ? એ મારી માને પૂછવું હતું ને ? કુદરતે મારી માની પસંદગી કરવાનું મારા પર છોડી દીધું હોત તો જરૂર હું આ મારી માને પસંદ ન કરત. બસ મારે આથી કશું જ વધારે નથી કહેવું.

રમા : આમ અકળાઇ ગયે કેમ ચાલશે ? તું બધો જ દોષ તારી મા અને તારા ભાઇ પર ઢાલવે છે.

એ કરતાં તારો પોતાનો કંઈ દોષ હોય તો એ તરફ દ્રષ્ટિ નહિ નાખવી જોઈએ.

સુધા : હું જાણતી જ હતી કે તમે મારો દોષ કાઢવાના છો. સારું, બધામાં હું જ ખરાબ છું. પછી કંઈ કહેવું છે ?

રમા : આમ છેલ્લે પાટલે બેસી જાય, અને જરા જરામાં ખોટું લગાડે એ તારી પોતાની મુશ્કેલીઓ નથી ?

સુધા : મને ખોટું તો જરા જરામાં લાગી આવે છે તે વાત સાચી છે. અને એનું કારણ તો એ છે કે આ ઘરમાં મારું વારંવાર અપમાન થાય છે.

રમા : એટલે એમ કે આ ઘરમાં તારું ધાર્યું જો બધું થતું હોત તો તને જરાયે ખોટું ન લાગત. તારા બાપા તો કોઈ અજ્ઞાત કારણે તું ધરુછે છે તેવું જ વર્તે છે. તે દિવસે તારી માને એમણે લપાડ મારી તે તને બહુ જ ગમી ગએલું નહિ કે ? તારે વૈર લેવું હતું, તે વૈર લેવાઇ ગયું. (જરા હસી પડી) હું એવી ખરાબ નથી કે મારા બાપા મારી માને મારે તે ગમે.

સુધા : તું ખરાબ છે તેવું તો હુ કહેતી જ નથી પણ,

રમા : પણ એમ કે મારા બાપા અને મા લડે તે મને કાવતું આવે એમને ?

સુધા : હા, તારું ધાર્યું ઘરમાં થતું નથી. અને ખાસ કરીને તારી મા અને ભાઇ એક થઇને તારું ધાર્યું થવા દેતા નથી. એટલે તું હંમેશાં ધૂંધવાયેલી રહે છે અને જાણી જોઇને એવું શોધી કાઢે છે, જેથી તું તારા બાપાને બતાવી શકે કે, તારી પર તેઓ કેટલો બધો જુલમ કરે છે. બીજાની દ્રષ્ટિએ તું એમને ગુન્હેગાર સાબીત કરી શકે છે. તારા મનમાં આટલો બધો રોષ કેમ છે, તે તેં જાણવા પ્રયત્ન કર્યો છે ?

રમા : હા, હું બરાબર જાણું છું. હું મારી માની મોટી દીકરી–એનું સૌથી પહેલું બાળક. હું દીકરી જન્મી તે એમને ગમ્યું નહીં. દુનિયાને તો તે કહે છે, કે દીકરી અને દીકરામાં ફરક શો ? પણ હું જાણું છું કે હું દીકરી જન્મી તેથી તેને હું ગમતી નથી. એણે મને ઉછેરી. હું પાંચ વર્ષની થઇ, ત્યારે મારા ભાઇનો જન્મ થયો. હું તે ઉંમરે પણ જોઇ શકેલી કે દીકરાનો જન્મ સાંભળી તે ખૂબ આનંદમાં આવી. જાણે એને જે જોઇતું હતુ તે મળી ગયું. ત્યાર પછી તેણે મારી સાથે જે વર્તન કર્યુ તે હું કદી વિસરીશ નહિ 'તારા ભાઇ માટે પાણી લાવ, પારણું હીંચોળ, રમાડ, એને ફરવા લઇ જા,' આમ એણે મારા ભાઇની ચાકરડી બનાવી દીધી. અને એને મારી કોઇ જાતની ગણના કરેલી નહિ. આ બધું હું કેમ ભૂલી જાઉં ? રમવા ગઇ હોઉં તો રમત અડધી મૂકાવી એનું ચરકલું સાફ કરવા બોલાવે, ભણવા બેઠી હોઉં તો ભણતા ઊઠાડે. આથી મારા ભાઈ પર પ્રેમ થવાને બદલે અણગમો થવા લાગ્યો. મને ઘણીવાર થવા લાગ્યું કે આ ભાઇને કારણે મારી મા, મને જ પીને બેસવા દેતી નથી ને એ મરી જાય તો કેવું સારું એવા પણ વિચારો મારા મનમાં ધસી આવેલા. તમે કહો કે આવા વિચારો કરવા કોઇને ગમતાં હશે ? પણ ગુસ્સો આવે ત્યારે એવા વિચારો ન આવે, તો બીજું શું થાય ? આથી આજે મારા મા કે મારા ભાઈ કોઇને માટે પ્રેમ થતો નથી. હવે તો એવા વિચારો કરું છું, કે જલ્દી મોટી થઇ, આ ઘર બહાર ચાલી જાઉ.

સુધા : મા બાપ છોકરાંઓ વચ્ચે પક્ષપાત કરે ત્યારે તેમનામાં અંદર અંદર દુશ્મનાવટ થઇ આવે છે. મા બાપ પોતાના અધિકારથી બાળકોને એક બીજા પર પ્રેમ રાખવાનું ફરમાવે છે. ત્યારે બાળકો માબાપ પર કુદરતી રીતે પરાધીન હોવાથી માબાપને રાજી રાખવા, માબાપનો પ્રેમ જીતવા, પોતાની ઇર્ષ્યાને દબાવી દઇ ભાંડુઓ પર ખૂબ પ્રેમ કરે છે તેવું બહાર બતાવે છે. પરંતુ એ છોકરાં મોટાં થાય છે, ત્યારે એ દબાયેલી ઇર્ષ્યા, પ્રવૃત્ત બને છે. નાની નાની બાબતોમાંથી અંદર અંદર ઝગડા થાય છે. અંદર દબાએલી ઇર્ષ્યા એક નાનું કારણ પકડી લઇ જ્વાળામુખીની માફક બહાર ધસી આવે છે. અને બધાં સંબંધોને એક પળમાં તોડી નાખે છે. સમાજમાં એવા અનેક સ્ત્રી પુરૂષો છે, જેઓ પોતાના ભાઇ કે બહેનનું મોં સરખું જોતા નથી તો પછી ભાભીચારો, કે મિત્રાચારીની વાત જ કયાં હોય !

રમા : તો મારું પણ એવું જ થવાનું છે. આ ઘરમાંથી એક વખત બહાર નીકળી ગયા પછી મારા ભાઇનું કે માનું મોં જોવા પાછી આવવાથી નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ પર)



પ્રિય દોસ્તો,

ગયે મહિને હું નદીમાં હોડી ચલાવવા ગયેા હતેા એટલે આપણે મળ્યા નહીં. રમેશભાઇએ કહ્યું કે બધા દોસ્તેા હમણાં તેા વહેલાં ઉઠી કસરત કરે છે, અને પછી ગરમ ગરમ દૂધ પીએ છે અને કેાપરું અને ગેાળ ખાય છે. ખરી વાત કે ?

નદીના લીલાં લીલાં પાણીમાં પીળી પીળી હોડીમાં બેસી ભૂરા ભૂરા આકાશમાં સફેદ સફેદ વાદળા જોવાની મઝા પડે. પાણી સર-સર વહેતું જાય આપણે ફટાફટ હલેસાં મારીએ એટલે હોડી પણ સડસડ કરતી દોડે. ખળખળ કરતાં ઝરણાં આવે ત્યારે હોડી નાચે, કાળા કાળા પથ્થરેા આવે ત્યારે હોડી દોડે ને કૂદે, દોડે ને કૂદે. ભારે મઝા આવે ! નદી તેા આપણને ગીત પણ ગાઇ સંભળાવે. મને ય નદીના ગીત સાંભળવા ગમ્યાં. કેટલાંક ગીત મેં લખી લીધાં છે તે તમને લખી મેાકલીશ. તમને ગમે તેા હોડીમાં હલેસાં મારતાં મારતાં તમે ય ગીત સાંભળવા જજો, નદી તેા બધાંને ગીત ગાઇ સંભળાવે છે, તેમાં ય એના દોસ્તોને તેા ખાસ.

ડિસેમ્બર મહિનાનેા કેાયડેા ઘણાં મિત્રેાએ આરસીમાં જોયા વિના ઉકેલ્યેા છે. દેવકન્યા, ઠણુ પરીખ, દિનકર ભટ્ટ અને વલ્લભ દેસાઇને બાળવિભાગના અભિનંદન. તમારા પત્ર વાંચવાની ભારે મઝા આવી.

પેલા આંબાના પાંદડામાંથી લસરીને સૂરજનાં કિરણેા અમારી ઝુંપડી પર પડે છે અને રતના રબારીના બે વાછરડા અહીં લીલા-કૂમળાં ઘાસનેા નાસ્તેા કરવા આવ્યા છે. પેલા ધેાળા વાછરડાને હું 'હંસલું' કહું છું. 'હંસલું' હમણાં જાડું-પાડું થયું છે. મધુ રેાજ એમને ઘાસ ખવરાવે અને રમેશ-ભાઇ એને પંપાળે એટલે એ તેા કૂદે ને નાચે. મને એ જોવાનું બહુ ગમે છે. એમને આવવાનેા અત્યારે વખત થયેા એટલે કાગળ બંધ કરું ને !

પણ તમારેા લાંબેા લાંબેા કાગળ વાંચવાની મને ખૂબ મઝા પડે છે. લખજો, હં.

તમારેા દોસ્ત,

નરેન્દ્ર ભટ્ટ



કવિ હરિન ચટ્ટોપાધ્યાયનાં ગીત

☆

નાકકડું પંખીડું,
ડાળે છે ગાય,
હજાર હીરા મોતી
ના તોલે ગણાય.

☆

શહેરની શેરીએ,
જોવાને જવ,
માણસ છે નીચો ને,
ઊંચો છે ભાવ.

☆

ખેતરમાં ધઉં ને,
ચોખા અપાર,
લાખો તડપે,
ને ના પામે લગાર.

અનુવાદ :
—મધુ કોઠારી
—હેમન્ત ભટ્ટ

ચાલો ને છોકરાં

(આ ગીત નાનાં છોકરાંઓને સાથે ગાવા ને અભિનય કરવા માટે છે)

ચાલોને છોકરાં,
હાલોને છોકરાં.
મા'લોને છોકરાં,
વગડે વિશાળ
જોવાને જઇએ,
એ નદીઓ ને પા'ડ.

સરરર.....
તો નદીઓ જાય,
ફરરર.....
તો પવન ભાઈ,
થર થર
તો ડાળ થાય,
વગડે વિશાળ,
જોવાને જઇએ,
એ નદીઓ ને પા'ડ.

સસલાં કૂદે,
હરણાં કૂદે,
મોટી નાની,
વાડો કૂદે,
ચકલી મોટાં,
ઝાડો કૂદે,
વગડે વિશાળ,
જોવાને જઇએ,
એ નદીઓ ને પા'ડ.

ચાલોને છોકરાં,
હાલોને છોકરાં,
મા'લોને છોકરાં,
વગડે વિશાળ.

—શ્રી હ. કોઠારી

ચંગુ ને મંગુ

ચંગુ ને મંગુ બન્ને ખાસ દોસ્ત. સાથે બન્ને રમવા જાય ને સાથે બન્ને ભણવા જાય. નીશાળમાં પણ એકનો પહેલો નંબર રહે અને બીજાનો બીજો નંબર રહે. ચંગુ કોઈ વાર પહેલો લઇ જાય તો વળી મંગુ કોઇ વાર પહેલો લઇ જાય. રમત ગમતમાં પણ બન્નેની જોડીને હરાવવી ભારે થઇ પડે. જે બાજુ ચંગુ મંગુ હોય તે બાજુ જીતે જ.

બન્નેની તો પરીક્ષા પાસે આવેલી. બન્ને જણ તો વેર ના વાંચે પણ દૂર ગામની બહાર આવેલા જંગલમાં જઈને વાંચે. ચંગુને ઝાડ ઉપર ચઢીને વાંચવાનો શોખ ને મંગુને થડને અઢેલીને બેસવાનો શોખ.

એક દિવસ તો મંગુ ભૂગોળ વાંચતો હતો. એમાં તો એણે કોલમ્બસે અમેરીકા નામનો દેશ શોધી કાઢયો એની વાત વાંચી. એ વાત વાંચ્યા પછી એને આગળ વાંચવાનું મન ન થાય. ચોપડીમાં ચિત્ત ના ચોંટે. એ તો વિચાર કરતો બેઠો હતો ત્યાં તો ઝાડ ઉપરથી ચંગુએ કહ્યું; 'મંગુ, તને ખબર છે મારા ઇતિહાસમાં એક મોહન – જો – ડેરો કરીને જમીનની નીચે દટાઇ ગએલા શહેરની વાત આવે છે.' મંગુએ કહ્યું; 'ચંગુ, આપણે પણ આવી કાંઇક શોધ કરીએ તો મજા આવે. મને તો શોધ કરવાનું બહુ મન થઈ ગયું છે.'

ચંગુએ સાદમાં સાદ પૂરાવ્યો; 'મંગુ આપણે બધું મૂકીને કાંઇક શોધમાં લાગી જઇએ દોસ્ત.'

પછી તો ચંગુ મંગુ ઘેર પહોંચ્યા. ચોપડીઓ નાખી ખૂણે ને શોધ બોળના સાધનો ભેગાં કરવા મંડયાં. ચંગુએ શોધ્યો ત્રિકમ ને મંગુએ શોધ્યો પાવડો. ચંગુએ શોધી બેટરી ને મંગુએ શોધ્યો સળીઓ. સાધનો લઇને ચાલવા માંડયા બન્ને. ચાલે એ તો રોકમાં ને રોકમાં. બધાં છોકરાં તો જોઈ રહ્યાં. બધાં પૂછે: ચંગુ મંગુ તમે કયાં ચાલ્યા? અમને સાથે લઇ જાવ ને!' પણ બન્ને તો જાણે કાંઇ સાંભળતા જ નથી!

ગામની બહાર આવ્યા ને બન્ને અટક્યાં. ચંગુ બોલ્યો, 'અલ્યા મંગુ, આપણે નીકળ્યા તો ખરા પણ કઇ જગ્યાએ બોદકામ કરીશું? એ તો નક્કી કરવાનું ભૂલી જ ગયાં!' મંગુ બોલ્યા; 'હા દોસ્ત ચંગુ. આપણે ય ખરા, ઉતાવળમાં કાંઇ વિચાર જ ન કર્યો. આપણે એવી જગ્યાએ બોદ કામ કરીએ કે જ્યાંથી કાંઈક ઐતિહાસિક વસ્તુ મળી આવે.'

ચંગુ બોલ્યો; 'ત્યારે તો સૂર્યદેવના મંદિરના ખંડિયેર પાસે જ આપણા ધામા નાખીએ.'

મંગુ ઉત્સાહમાં બોલ્યો; 'વાહ દોસ્ત વાહ.'

બન્નેએ તો ઝડપે ચાલવા માંડયું અને પહોંચ્યાં પેલાં ખંડિયેરોમાં. જુની મૂર્તિઓના કટકા ને કોતરકામ કરેલા પત્થરોના ઢગલાવાળી એ જગ્યા એમને બહુ ગમી ગઈ.

પછી તો રોજ બન્ને જણ આવે ને બધાંને બતાવવા સાથે ચોપડીઓ લાવે. બધાં જાણે કે ચંગુ મંગુ અભ્યાસ કરવા જંગલમાં જાય છે. પણ ચંગુ મંગુ તો બધો સમય બાડા બોદવામાં જ ગાળે. એક બાડો બોદે ને કાંઇ ન નીકળે તો વળી પાછા બીજે બાડો બોદે. સાંજ પડે. સૂરજદાદા આથમે ત્યારે પોતાના સાધનો ખંડિયેરના પત્થરો તળે સંતાડીને ચોપડીઓ લઇ ઘેર જાય.

ઘેર જાય તો બન્ને ખૂબ થાકેલા હોય. બધાં

સમજે કે બિચારા છોકરા વાંચી વાંચી થાકી જાય છે. ચંગુ મંગુને તો લાડમાં ને લાડમાં ગરમ પાણીએ ન્હાવા મળે. શીરો–પૂરી ખાવા મળે.

પરીક્ષા પાસે આવતી જાય. બાડામાંથી ક્રાંઇ ન નીકળે પણ બન્ને ક્રાંઇ નિરાશ ન થાય. અભ્યાસ તો બાપડો બાજુ પર રહી ગયો. બન્નેનો તો ખાડા ખોદવાનો ધંધો થઇ ગયો. રાત્રે રોજ બળતનાનાં સપનાં આવે. મોટી ઇમારતો જમીનમાંથી નીકળી એવું દેખાય. ઊંઘમાંથી જાગી જવાય. ઘરમાં સમજે બન્નેને શી પરીક્ષાની ચિંતા છે ! પરીક્ષા આવી ને ગઇ પણ ખરી. પણ ચંગુ મંગુને તો શોધ બોળની લગની લાગેલી.

પરીક્ષાનું પરિણામ આવવાનો દિવસ આવ્યો સવારના પહોરમાં બધાં છોકરા તો ઉપડ્યા નિશાળે. ચંગુ મંગુ તો પહોંચ્યા બંડિયેરે. બોદકામ શરુ થયું. પહેલા જ ઘાએ મંગુને બે જુના જમાનાના સોનાના સિક્કા મળ્યા. ચંગુએ તો આનંદની ચીસ પાડી. મંગુએ ત્રિક્રમ બમણા જોરથી મારી. પાછી નીકળી પાંચ સોના મહોર. પછી નીકળ્યો એકહાર. પછી નીકળી પેટી. બન્નેના આનંદનો તો પાર નહિ. પણ નિશાળમાં તો બન્ને માંડમાંડ છેલ્લે નંબરે પાસ થયા પણ અહીં તો પહેલે નંબરે પાસ. પછી તો ભાત ભાતની મૂર્તિઓ નીકળી ને તાંબાંના પતરા પર લખેલ લેખ નીકળ્યા. લીલા પીળા હીરા નીકળ્યા ને લાલ લાલ માણેક નીકળ્યાં.



બન્નેએ તો આખો બળતનો ક્રાડયો પછી ચંગુ ચોકી ક્રરવા બેઠો ને મંગુ બા બાપુજી ને ગામના મોટા માણસોને બળતનો જોવા તેડી લાવ્યો આવો મોટો બળતનો જોઇને તો બધાં દંગ થઇ ગયાં. ચંગુ મંગુના તો ભાઇ શાં માન ?

એમની છબીઓ તો બધાં છાપામાં છપાઇ. એમની શોધેલી મૂર્તિઓ તો અજાયબ ઘરમાં મૂકાઇ એમને તો શોધખોળનું ભણવાની નિશાળમાં મોકલ્યા. હજી ચંગુ મંગુ એ જ શીખે છે.

આવું શીખવાનું કોને મન ન થાય ?

—ર. કોઠારી

With Compliments from:

CALICO DYEING

&

PRINTING WORKS

Tel: 74211

41-E, Parel
Chawl Road,
Industrial Estate,
BOMBAY-12.

Tel: 72475

Suryodaya Mill
Compound,
Tardeo
BOMBAY-7.

મીનુ ના બચ્ચાં

એક બિલ્લી છે.
એનું નામ મીનું.
મીનુ સરસ છે.
ગોરી ગોરી છે.
મીનુ ચ્યાઉ .....ચ્યાઉં..... બોલે.
ચપ ચપ દૂધ પીએ.
છાની માની ચાલે.
એક દિવસ,
મોડી રાતે શોર જાગ્યો,
ચ્યાઉં....ચ્યાઉં....ચ્યાઉં....ચ્યાઉં...
હું ઝબકી જાગી, ખૂબ હસી.
ઉઠીને જોયું તો ત્રણ બચ્ચાં!
ધોળું, કાબરું ને કાળિયું!
મારા હરખનો પાર નહીં.
બાળકોને જાણ થઈ
બધું છોડી જોયાં તહીં
ત્યાંથી કોઇપણ બસે જ નહીં.
મીનુ પણ ગભરાઈ ગઇ
બચ્ચાંને કોઇ મારે નહીં!
મીનુ તો ન બસે, ન જમે, ન રમે.
એક સવારે બચ્ચાં ગૂમ!
છોકરાંના શોકનો પાર નહીં.
ઘરમાં તો જુએ અહીં-જુએ તહીં
તોય બચ્ચાં મળે નહીં, મળે નહીં.
દન્ત ભારતીને ચેન ના પડે.
દૂધ પીવું ના ન્હાવું ગમે.
નિશાળેય જવું ન ગમે.

ન છૂટકે નિશાળે ગયાં.
નિશાળમાં પણ ઉદાસ થયાં.
પાંચ વાગ્યે આવ્યા ઘેર.
તોય બચ્ચાં ના આવ્યા ઘેર.

અરે! મીનુ પણ બચ્ચાંને શોધે.
ભારે ગજબ થયો છે આજે.
સાચે જ બચ્ચાં થયાં ગૂમ!
સૌ પાડે છે ઘૂમાઘૂમ.
મીનુના દુઃખનો પાર નહીં.
દિવસ પછી દિવસ જાય.
સૌ એ વાત ભૂલી જાય.
એક વરસને અંતે
વળી પાછું ચ્યાઉં. .ચ્યાઉં....
આ વખતે દન્ત ભારતી સાવચેત બહુ.
ચોકી કરતાં એની સહુ
લેવાનું કોઈને મન થાય.
તોય બચ્ચાંની પાસે ન જવાય.
આટલું આટલું સાચવ્યું તોય,
બચ્ચાં તો ગૂમ થયા ભાઇ!
દન્ત ભારતી રઘવાયા.
મીનુ ઉપર ખીજવાયા
મીનુને તો લટકાવી
મેં તો આવી છોડાવી.
પાંચ દિવસ પૂરાં થયાં
વળી પાછી ચાર પાંચ દિવસે બચ્ચાં લાવી.
દન્ત ભારતી નિશાળે ગયાં.
સાંજ પડી ને આવ્યાં ઘેર
બચ્ચાં રમતાં ભાળ્યાં ઘેર
છોકરાંઓને આવી લહેર.
એક હતું કાળિયું, એક કાબરચિતરું
ત્રીજું જાણે વરૂ!
ચોથાની શી વાત કહું!!
તોય લાગે વહાલાં
છોકરાં થાયે ગાંડા!

—અનસૂયા પંડિત

એ ઘૂઘૂ ઘૂઘૂ બાદ કર્યાં

એવો એક સમય હતો જ્યારે રોમન લોકો દુનિયામાં સર્વશ્રેષ્ઠ ગણાતા. રોમન લોકો પરાક્રમી હતા. લગભગ દરેક રોમનને યુધ્ધની તાલીમ મળતી અને તે સેનાપતિ થવાને લાયક બનતો.

રોમન બંદરોમાં શત્રુના દીલને કંપાવતાં રોમન યુધ્ધ – જહાજો હમેશાં તૈયાર જ રહેતાં. અત્યારનાં યુધ્ધ જહાજો સાથે સરખાવતાં તે બહુ મામુલી હતાં. એ વખતના જહાજો લાકડાનાં બનતાં. ને હાથથી ચાલતાં. તે દિવસે રોમન લડાયક વહાણો થી દુશ્મનોનાં દીલ થરથરી ઉઠતાં.

(સીરાકયુઝ) સાઇરાકયુસ નામનું એક નાનકડું નગર હતું. ગ્રીસ દેશમાં તે સ્વાધીન અને સ્વતંત્ર હતું. નાનકડા નગરની યુધ્ધ સામગ્રી પણ નાનકડી જ હતી. લડાયક વહાણો તો એમની પાસે હતાં જ નહિ. એની સામે રોમન લોકોએ યુદ્ધ જાહેર કર્યું.

સાઇરાકયુસ વાસીઓને જ્યારે આ ખબર મળી કે રોમન લોકો તેમના ઉપર ચડી આવે છે ત્યારે તેઓ ખૂબ જ ભયભીત બની ગયા. રોમનો સામે ટક્કર ઝીલી શકે એવી એમની શકિત નહોતી. એમની સ્વતંત્રતા જોખમમાં હતી. શું કરવું તે કંઇ સૂઝતું નહોતું. સૌ મુંઝાતાં હતાં.

પણ ત્યાં તો કોઇને યાદ આવી ગયું ને કહ્યું :

"આપણે બધા મુંઝાઇ બેઠા છીએ પણ આપણા મહાન વૈજ્ઞાનિક આર્કિમિડીસને તો મળીએ. એ જરૂર કાંઇ રસ્તો બતાવશે."

સૌ પેલા વૃધ્ધ વૈજ્ઞાનિક પાસે આવ્યા. એમને ચરણે એ લોકો માથા મૂકી બોલ્યા;

'બચાવો, બચાવો. રોમન લોકોના હાથમાંથી આપણા વતનને બચાવો. રોમન હાથથી તમારા સિવાય કોઇ બચાવી શકે તેમ નથી.'

આર્કિમિડીસે બધી વાત સાંભળી. સાઇરાકયુસને કોઇપણ રીતે બચાવવું જ જોઇએ. અને પછી તે વિચારવા લાગ્યો. વિચારતાં વિચારતાં તેમને એક ઉપાય જડી ગયો.

તમે એક વાત તો જાણો છો ને કે અરીસાને સૂરજની સામે ધરીએ તો તેમાં સૂરજનુ પ્રતિબિંબ પડે છે અને જે તરફ અરીસો ફેરવીએ તે તરફ સૂરજના પ્રતિબિંબનાં કિરણ ફેંકાય છે.

આર્કિમિડીસે એવા ઘણા અરીસા મંગાવ્યા ને નગરના કિલ્લા ઉપર ગોઠવ્યા. ગોઠવણ એવી હતી કે બધાં જ અરીસામાંથી સૂર્યનાં પ્રતિબિંબના કિરણો એક જ જગ્યાએ ભેળા થઇને પડે એ જગ્યાએ જે હોય તે બળીને ભસ્મ થઇ જાય.

આ રીતે અરીસાના બસથી તૈયાર થઈને નગરના દરિયા કિનારા પરના કિલ્લા ઉપર આર્કિમિડીસ રોમન જહાજોની વાટ જોતા બેઠા હતા.

સૂર્યના પ્રખર તાપમાં દરિયાનાં મોજાં ઝગારા મારતાં હતાં. એ મોજા ઉપર રોમન જહાજો લડાયક વ્યૂહમાં આગળ વધી રહયાં હતાં.

રોમનો મનમાં મનમાં હસતાં હતાં, 'આપણી સામે થવાની કશી જ તૈયારી સાઇરાકયુસ વાસીઓએ કરી નથી. એને તો હમણાં ચપટીમાં ચોળી નાખીશું.' એમને બાપડાઓને ખબર નહોતી કે એમના યુદ્ધ કાફલા સામે એકલો એક વૈજ્ઞાનિક એના નવા બસથી સજ્જ થઇ એની રાહ જોતો બેઠો હતો.

રોમન યુદ્ધ જહાજો નિર્ભય બની ઝડપથી આગળ આવવા લાગ્યાં.

આર્કિમિડીસે જોયું કે રોમન વહાણો ચોકકસ જગ્યાએ આવી પહોંચ્યા છે. તરત જ તેમણે બધા અરીસાને ફેરવી નાખ્યા. બધા જ અરીસાનાં કિરણો એકજ જગ્યાએ એકઠાં થતાં હતાં.

"આ શું ? આટલી બધી ગરમી કેમ લાગે છે ?" રોમન લોકો વિચારતા હતા.

પણ ત્યાં તો વહાણો સળગવા લાગ્યાં. એક, બે, ત્રણ, બધાંજ બધાં ! કોઇને કાંઇ સમજાતું નહોતું આગ કેવી રીતે લાગી. "કાંઇક કુદરતી કોપ તો નહિ હોય ?"

નગર જીતવાની આશાએ આવેલા રોમનો જીવ બચાવવા દોડાદોડ કરવા લાગ્યા. કોઇ વહાણમાં બળી મર્યાં, કોઇ દરિયામાં કૂદી પડયા. આ બાજુ દુશ્મનનું નગર હતું. પેલી બાજુ અગાધ સમુદ્ર હતો. સમુદ્ર તરીને પાર જવાય તેમ નહોતું.

રોમન સૈનિકમાંથી એક પણ બચ્યો નહિ.

પૃથ્વી પરના પરાક્રમી રોમન લોકો સામે સાઈરાકયુસ એના ઉન્નત મસ્તકે ઉભું રહયું !

વિજ્ઞાનની એક શોધે એક પ્રજાની સ્વાધીનતાનું રક્ષણ કર્યું ને વિજય ગર્વી રોમનોના ગર્વનો નાશ કર્યો.

—મોંઘીબેન બુધેકા

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજે જ મંગાવો
હિંદમાં જ બનેલી શુધ્ધ સ્વદેશી

રંગીન પેન્સિલો

લખો :

ઓકકો ઓજન્સીજ

(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,
કપાસિયા બજાર
અમદાવાદ ૨.

લેબલ્સ (LABLES)

લીથો તથા ગોલ્ડન એમ્બોઝ
એન. એમ. પારેખની કું.
લેબલવાળા

: ફેકટરી :

પારેખ ચેમ્બર્સ, કિંગ્સ-સર્કલ, માટુંગા,
મુંબઇ—૧૯

: ઓફિસ :

પારેખવાડી, મોગલ ક્રોસ લેઇન, માહીમ, મુ.—૧૬
પ્રિન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ બિલ્ડિંગ, મુ—૨

ટેલીફોન : માટુંગા ૬૦૪૭૭ માહીમ ૬૨૧૮૮ પ્રિ.સ્ટ્રીટ ૨૭૮૮૯

ગ્રામ્સ: 'LABLES', Matunga, Bombay.

(પાન ૧૨ થી ચાલુ)

સુધા : તારી એકલીના જ જીવનમાં આ ઘટના બનવાની છે, એવું કાંઇ નથી. લોકોના જરા વધુ સહવાસમાં તું આવીશ, ત્યારે તને દેખાશે કે આવું તો ઘેર ઘેર ચાલે છે મોટા ભાગના માબાપનાં વર્તન એવાં હોય છે, કે જેથી બાળકોમાં અંદર અંદર પ્રેમ થવાને બદલે ઈર્ષ્યા જ થાય છે. આનું મોટામાં મોટું કારણ માબાપની ગેરસમજ છે. બધાં જ માબાપ એવું માનતા હોય છે કે બાળકોમાં એક બીજા માટે જન્મથી પ્રેમ આવે છે. સાચું કહીએ તો બાળકોમાં પ્રેમ કે તિરસ્કાર જેવું કશું જ હોતું નથી. એને તો જનમ્યા પછી જીવવું છે, જીવવા માટે ખોરાક જોઇએ. આ એની મોટામાં મોટી જરૂરિયાત છે. એ મેળવવા માટે પોતાનું ધાર્યું કરવાની દ્રષ્ટિ હોય છે. મનુષ્ય બાળકના જીવનનો મોટો આધાર તેની મા પર હોય છે. મા ખોરાક આપે તો જ તે જીવી શકે. આથી મા પર પ્રેમ રાખવાની જરૂરિયાત એને જણાય છે. તેથી ગુસ્સે થાય, તેવા કારણો ઉભા થાય, તો પણ તે બાળક, ગુસ્સાને દબાવી રાખી, પ્રેમ રાખવાનો સતત પ્રયત્ન કરે છે. આથી મા તેનો બધો જ પ્રેમ તેને આપી દે તેવી વૃત્તિ રાખે છે. એવે વખતે ઘરમાં બીજું બાળક આવે તે તેને ગમતું નથી. નવું બાળક તેની માને પડાવી લેશે તેવો ભય લાગે છે. તેથી તરત જ તે નવા બાળકનો તિરસ્કાર કરે છે, અને માને પોતાની કરવા બનતુ બધું જ કરે છે.

રમા : તમે કહો છો, તે પ્રમાણે તો મને મારા ભાઇ પર ઇર્ષ્યા થવાનું કારણ મારી મા, એની સંભાળ રાખતી હતી તે થયું.

સુધા : હા. પરંતુ તારી મા, તને એકલી પડવા દઇ, તારા ભાઇનું બધું કામ તારી પાસે કરાવ્યું અને છોકરા–છોકરી વચ્ચે ભેદ પાડયો, તેથી તારી ઇર્ષ્યાનું પ્રમાણ વધી ગયું. જો તું ખૂબ નાની હોત, તો તારી માને રાજી રાખવા તારા ભાઇ માટેના તારા તિરસ્કારને દબાવી લઇ, તારા ભાઇને તું ખૂબ ચાહે છે તેમ બતાવત. ઘરમાં નાનો ભાઇ જનમ્યા પછી કોઇ ઓળખીતું આવી, બીજા ભાંડુને કહે કે તેઓ તે ભાઈને લઇ જવાના છે તો તે ભાંડુ રડવા બેસે છે. અને ભાઈને લઇ જવાની ના કહે છે. બાળકનું આ વર્તન ભાઇ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને નથી થતું. પરંતુ માને રાજી રાખવા માટે થએલું હોય છે. મનમાં તો એ બાળક ઇચ્છે છે જ, કે એ ભાઇને કોઇ લઇ જાય તો સારું.

રમા : અરે મને તો એવા વિચાર વારંવાર આવેલા, કે આ મારા નાના ભાઇને રાતના ચોર આવીને લઇ જાય કે, બીજાંઓ એને ઉંચકી જાય તો કેવું સારું ? મારાથી એક દિવસ એવું કહી પણ દેવાયું કે એને ભણવા બોર્ડીંગમાં મોકલી દો.

સુધા : તો તેં જાણ્યું કે ભાઇ બહેનો વચ્ચેનો પ્રેમ ઉત્પન્ન કરવો એ સહેલી વાત નથી.

રમા : માબાપ બાળકો વચ્ચે ભેદ ન પાડતા હોય તો કેવું સારું ? મારી માએ અમારી વચ્ચે ભેદ ન પાડયો હોત તો મારા સ્વભાવમાં જે ગુસ્સો, તિરસ્કાર અદેખાઇ આવ્યા છે, તે ન આવતે.

સુધા : આ બહુ જ મહત્વનો સવાલ છે. માબાપથી એવો ભેદ પાડયા વગર રહેવાતું જ નથી, ગમે તેટલાં શિક્ષિત માબાપ હોય તો પણ છોકરી–છોકરા વચ્ચેનો ભેદ એમનાથી થઇ જ જાય છે.

રમા : કેમ ?

સુધા : એટલા માટે કે માણસથી તેવા ભેદ પડાઈ જ જાય છે. માબાપ પોતે પણ તેવા ભેદ પાડવાનું કારણ સમજતા નથી હોતા. તેમના સ્વભાવમાં તેમની પ્રકૃતિમાં તેવું આવે છે.

રમા : તો મારી મા મારી સાથેનું આવું વર્તન જાણી જોઇને નહોતી કરતી તેમ તમારું કહેવું છે ?

સુધા : હા. એનાથી એવું થઇ જતું હશે. એ પણ બિચારી શું કરે ? એની ઉછેર જેવી થઇ, તવી રીતે તેણે એના છોકરાંને ઉછેર્યાં.

રમા : ત્યારે તો મારા પર જે ઇર્ષ્યા, અદેખાઇ, આવ્યાં તેમાં એનો કઇ વાંક નથી જાણી, મને ખરેખર આરામ થયો. એના તરફનો તિરસ્કાર હવે જરૂર ઓછો થઈ જશે.

'આ....વ....જો'

(આકાશવાણી, મુંબઇના સૌજન્યથી)

—ડા. રમણલાલ પટેલ

વઢવાણ : તા. ૧૫ ના રોજ મ. ન્યે. બાળ-મંદિર તરફથી પૂ. ગિજુભાઇની તસ્વીર સાથે પ્રાર્થના બાળગીતો અને બાળભાષામાં જીવન પરિચયનો કાર્યક્રમ રખાયેલ હતો. પ્રાથમિક શાળાના નાનાં બાળકોનું મિનન પણ ગોઠવવામાં આવેલું અનુકૂળતા પ્રમાણે બાળ સાહિત્ય વિશેષાંક અને બાળશિક્ષણ જયંત નિધિનું કામ પણ કરવામાં આવેલું

'ઝરણ'થી વાળને ખરતા

અટકાવી, વધારવાનો અજોડ ગુણ ધરાવનારૂં, સુગંધીદાર તેલ તદ્દન સહેલાઇથી બનાવી શકાય છે.

કોઇપણ એક રતલ તેલમાં ઝરણ ની એક બાટલી મીક્સ કરવાથી ઉપરના ગુણોવાળું તેલ જાદુઇ રીતે બની જાય છે.

બધેજ ઠેકાણે વેચાય છે.

: સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

સુગંધ ઘર જેઠાભાઇની પોળ, ખાડિયા, અમદાવાદ.

: ડીસ્ટ્રીબ્યુટર્સ :

સી. નરોત્તમ એન્ડ કું. મંગળદાસ રોડ, મુંબઈ-૨.

શાહ બાવીસી એન્ડ કું. ૧૨૯, રાધાબઝાર સ્ટ્રીટ, કલકત્તા.

અખિલ ભારત બાળ શિક્ષણ પરિષદ

ધન્દોર ખાતેના બાલ નિકેતન સંઘના આશ્રયે અને નૂતન બાલ શિક્ષણ સંઘના સહકાર વડે ચાલુ માસની તા. ૨૯, ૩૦ અને ૩૧ મીના દિવસોમાં, અલીગઢ યુનિવર્સિટીના ઉપ-કુલપતિ અને જાણીતા શિક્ષણ-શાસ્ત્રી ડો. ઝાકીર હુસૈનના પ્રમુખપદે યોજાઈ છે.

આ પરિષદમા બાળકેળવણીના વિવિધ વિષયોની સાથે સાથે મોન્ટેસોરી પદ્ધતિ અને બુનિયાદી તાલીમના સમન્વય પર વિચારણા થશે.

બાળ કેળવણીમાં રસ લેતા સૌ કોઈ બાળ-પ્રેમીને આ પરિષદમાં ભાગ લેવા પરિષદના મંત્રીજી તરફથી નિમંત્રણ છે. વધુ માહિતી માટે, મંત્રી, અખિલ ભારત બાળ કેળવણી પરિષદ, ૬૨, આલાપુરા, ધન્દૌર (મ. ભા.) ના સંપર્ક સાધવો.

(પૃષ્ઠ ૪ થી ચાલુ)

અટકાવવા વૈરવૃત્તિને આપણે ઉત્તેજવી પડે છે. એથી તો બકરૂં કાઢતાં હમેશને માટે વૈરવૃત્તિનું ઊંટ ઘુસાડી દઇએ છીએ. આ પાઠની પુનરાવૃત્તિ જ આપણામાં વૈર લેવાની ઇચ્છાને પુષ્ટ કરી રહી હોય છે. અને એનાં ફળ પણ વ્યકિત અને સમાજ બંન્ને ભોગવે છે"

મે જોયું કે કોઇએ જવાબ ન આપ્યો છતાં કોઇને ગળે આ વાત ઉતરી હોય એમ ન લાગ્યું.

જયન્તિભાઇ આગળ બોલ્યા :

'જ્યારે વાત કરવા જ બેઠો છું તો એક બીજી વાત પણ કરી દઉં.

(અપૂર્ણ) —ઓજસ

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૬૦ ટકા કમિશન.

લખો-મંગાવો

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લિ૦, સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર.

સંપાદકીય

મધ્ય પ્રદેશની બાળકેળવણી

મધ્ય પ્રદેશ રાજ્યના ઉપક્રમે ગયા નવેમ્બર માસમાં નાગપૂર અને જબલપૂરમાં બે બાળઅધ્યાપન મંદિરો શરૂ કરવામાં આવ્યા છે. એ અધ્યાપન મંદિરમાં મેટ્રિક પાસ વિદ્યાર્થિનીઓને આગળ બે વર્ષનો શિક્ષણ-ક્રમ કરવાનો હોય છે. અધ્યાપન મંદિરના અધ્યાપકોમાં બધી જ સ્ત્રીઓ છે. તેથી બન્ને સંસ્થાઓ કેવળ સ્ત્રી સંસ્થાઓ બની ગઈ છે. આ સંસ્થામાં અભ્યાસાર્થે વિદ્યાર્થિનીઓને ઉ તેજન આપવાની દ્રષ્ટિએ સરકાર તરફથી ઉ-તેજન વેતન આપવામાં આવે છે ૧૯૫૪ – ૫૫ સાલમાં શિશુ શિક્ષણ વિભાગ પર મધ્યપ્રદેશ રાજ્ય કુલ પાંચ લાખ રૂપિયા ખર્ચવા ધારે છે.

શિશુ કેળવણીમાં એ રીતે વિશેષ પગલા માટે અમે મધ્યપ્રદેશ રાજ્યનું અભિનંદન કરીએ છીએ પરંતુ આ કાર્ય, રાજ્યે જે રીતે હાથ ધર્યું છે તેની સાથે અનેક મુદ્દાઓ પર અમે સહમત થઇ શકતા નથી.

મધ્ય પ્રદેશમાં અત્યારે બાળશિક્ષણના ક્ષેત્રમાં બાળ અધ્યાપનનું કાર્ય કરતી ત્રણ પ્રજાકીય સંસ્થાઓ તો ચાલે જ છે. એમાંથી એક સંસ્થા તો નૂતન બાળશિક્ષણ સંઘની સાથે રહીને વર્ષોથી નાગપૂરમાં જ કાર્ય કરી રહી છે. આ ત્રણે સંસ્થાઓ પાસે આ ક્ષેત્રનો વિવિધ અનુભવ છે છતાં રાજ્યે તેનો લાભ ઉઠાવવાની કાળજી લીધી નથી. આ ચાલુ સંસ્થાઓની મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને એજ સંસ્થાઓને વધુ પગભર કરવા માટે રાજ્યે જો વધુ પગલાં લીધા હોત તો પ્રજાકીય સંસ્થાઓના અનુભવનો લાભ લઇને બાલઅધ્યાપનનું કાર્ય ઓછા ખર્ચમાં વધુ અસરકારક થાત અને એથી બચેલા નાણાંનો ઉપયોગ આ જ ક્ષેત્રમાંની વધુ અગત્યની જરૂરિયાતો પર ખરચી શકાત.

મધ્યપ્રદેશને અધ્યાપન મંદિરો કરતાં પણ શહેરી અને ગ્રામ વિસ્તારોમાં સારા બાળમંદિરોની વધુ જરૂર છે. અત્યારે ત્યાં મુખ્યત્વે જીલ્લાના શહેરોમાં અથવા મોટા ગામોમાં બાળમંદિરો ચાલે છે પરંતુ એમાંના બહુ સંખ્યક બાળમંદિરો પાસે નથી પૂરતા ક્રીડાંગણો કે બાળકોને બેસવા માટે પૂરતી જગા. સાધનોનું તો પૂછવાનું શું ? લગભગ બધાં જ બાળમંદિરોમાં બાળકોને પ્રાથમિક શાળાની જેમ સામુહાયક રીતે બેસાડીને શિખવવામાં આવે છે. આ બાળમંદિરોમા શિક્ષકોને મળતા પગારોનું કોઇપણ પ્રકારનું ધોરણ નથી. ઘણી સંસ્થાઓમાં આ કાર્ય કરવા માટે તાલીમ પામેલા શિક્ષક કે શિક્ષિકાઓની જરૂર છે, એ સ્વીકારવા પણ સંસ્થાઓ તૈયાર હોતી નથી આ પ્રકારની કોઇ તાલનત્ર વગરની બાલશિક્ષણ સંસ્થાઓ જ્યારે ઠેર ઠેર બાલશિક્ષણના નામ પર બાળકોને અન્યાય કરીને વાલીઓને ફસાવવાનુ કાર્ય છડે ચોક કરી રહી છે ત્યારે આ સંસ્થાઓ યોગ્ય દિશામાં યોગ્ય રીતે કાર્ય કરી શકે તે માટે ઘણા પગલા રાજ્ય લઇ શકત પરંતુ જે કરવું જોઇએ તે કરવાને બદલે સરકારે અત્યારની ત્યાની પરિસ્થિતિમાં જેની જરૂર નથા તે પ્રથમ હાથમાં લીધું છે.

બીજું રાજ્યે એ બિનજરૂરી કામ જે રીતે ઉપાડયું છે તેમાં પણ અમને નીચે મુજબના દોષ દેખાય છે:

(૧) બાલઅધ્યાપન સંસ્થાનો શિક્ષણ ક્રમ મેટ્રિક પછીની વિદ્યાર્થીનીઓ માટે બે વર્ષનો રાખવામાં આવ્યો છે. એ જ રાજ્યમાં પ્રાથમિક શાળાનો શિક્ષક બનવું હોય તો મેટ્રિક થએલા વિદ્યાર્થિઓને માત્ર એક જ વર્ષની તાલિમ લવાની હોય છે પરંતુ સરકારી બાલઅધ્યાપન મંદિરનો શિક્ષણક્રમ પૂર્ણ કરવો હોય તો વિદ્યાર્થીને બે વર્ષની તાલીમ લેવી પડશે. એથી એમ માની શકાય કે સરકાર પૂર્વ પ્રાથમિક શાળાઓને વિશેષ ઉંચી કક્ષાના શિક્ષકો આપના માગે છે. પૂર્ન પ્રાથમિક વિભાગમાં કામ કરનાર શિક્ષકોની કક્ષા જેમ બને તેમ વધુ ઉચ્ચ પ્રકારના હોવી જોઇએ એ વિશે સરકારની સાથે કોઇને મતભેદ ન હોઇ શકે પરંતુ આ પ્રકારના ઉંચા શિક્ષકો તૈયાર કરીને જો સરકાર પૂર્વ પ્રાથમિક શાળાઓને ઉંચી લાવવાની કોઇ યોજના ન ઘડે તો અત્યારની પ્રજાકીય બાલશિક્ષણ સંસ્થાઓ કે જે સામાન્ય તાલીમ પામેલા શિક્ષકો પણ રોકવાની જરૂર માનતી નથી તે સંસ્થાઓ આ સરકારી ઉંચી કક્ષાના શિક્ષકોને નોકરીએ રાખશે એવા અપેક્ષા રાખવી કંઇક વધુ પડતી અવ્યવહારૂ લાગે છે.

(૨) કેન્દ્રિય સરકારનું ધોરણ જોતાં સોસ્યલ વેલફેર બોર્ડ અથવા ભારત સેવક સમાજ, કમ્યુનિટી-પ્રોજેક્ટ જેવી સંસ્થાઓના ઉ-તેજનથી બાલકેળવણીની સંસ્થાઓનો આ પછીનો વિસ્તાર મૂળત્વે ગ્રામીણ વિસ્તારોમાં થશે. એ સંસ્થાઓને તાલીમ પામેલા શિક્ષકો

પૂરા પાડવા હોય તો અધ્યાપન કેન્દ્ર શહેરોમાં ખોલીને આજે ગામડાંઓ માટે જે પ્રકારનો શિક્ષક જોઇએ તે પ્રકારનો શિક્ષક તૈયાર થઇ શકશે એમ માનવું મુશ્કેલ છે.

(૩) બાળકેળવણી સ્ત્રીઓના હાથમાં રહેવી જોઇએ એ માન્યતા પાછળ પણ અમને કોઇ શાસ્ત્રીય વિચાર દેખાતો નથી. શિક્ષણ અંગે જ્યારે આપણે કોઇ પણ વિચાર કરતા હોઇએ તો શિક્ષણનો ઉદ્દેશ સતત આગળ રાખીને જ તેનો વિચાર થવો જોઇએ. આપણી પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક સંસ્થાઓ જો પશ્ચિમના દેશોની જેમ માત્ર એકલી સ્ત્રી સંસ્થાઓ જ બનશે તો બાળકોના માનસિક ઘડતર પણ તેના શા પરિણામો થશે તે આપણે વિચારવું જોઇએ. અમે માનીએ છીએ કે બાળકના સર્વાંગી વિકાસની દ્રષ્ટિએ શિક્ષણ સંસ્થાઓમાં સ્ત્રિઓ અને પુરુષો પણ કામ કરે એ વધુ યોગ્ય છે. આ ઉમરના બાળકોના મન પર સ્ત્રી અને પુરૂષમાં રહેલા વિવિધ સંસ્કાર પાડવાની જરૂર છે. એકલા સ્ત્રી–વાતાવરણમાં અથવા તો પુરુષ–વાતાવરણમાં બાળકોના વિકાસમાં સમતોલપણું નહિ જાળવી શકાય એમ અમારું માનવું છે.

(૪) કહેવાય છે કે મધ્યપ્રદેશના આ બાળઅધ્યાપન મંદિરોને મોન્ટેસોરી પદ્ધતિએ જ ચલાવવાનો આગ્રહ થઇ રહ્યો છે. મેડમ મોન્ટેસોરીના વ્યક્તિત્વ સામે અમને કોઇને વાંધો નથી એટલું જ નહિ પણ દુનિયાના બાળકો માટે મેડમ મોન્ટેસોરીએ જે કંઇ પોતાના વિચારોથી જાગૃતિ આણી છે તે માટે બાળપ્રેમી અને શિક્ષણ પ્રેમી જનતા મેડમ મોન્ટેસોરીની સદા માટે ઋણી રહેશે પરંતુ મેડમ મોન્ટેસોરીએ જે જમાનામાં પોતાના વિચારો રજૂ કર્યા એ જમાનાથી હવે દુનિયા ઘણી આગળ ગઇ છે. કદાચ એમ દુનિયાને આગળ લઇ જવામાં મેડમ મોન્ટેસોરીનો જ મોટો ફાળો હશે પરંતુ કેળવણીના વિચારકોની દુનિયા અત્યારે મેડમ મોન્ટેસોરીથી ઘણી આગળ વધી છે એ વસ્તુની નોંધ રાજ્યે લેવી જ ઘટે. રાજ્ય જેવી જવાબદાર સંસ્થા કોઇ એક કેળવણીના સંપ્રદાયને એ રીતે અપનાવીને પોતાના વિચારો માટેના બારણા પોતે જ બંધ કરે એ ઘણું અનુચિત કહેવાય.

કેળવણીમાં વધુમાં વધુ વાસ્તવવાદ આવતો જાય છે. મોન્ટેસોરી પધ્ધતિ એ વાસ્તવવાદની કસોટીને લીધે હવે પાછળ પડતી જાય છે. બાળકની કેળવણીનું માધ્યમ જીવનનો આદર્શ નહિ પણ જીવનનો સંઘર્ષ હોવો જોઇએ એવું આજના શિક્ષણ શાસ્ત્રીઓ પોકારી રહ્યા છે. આદેશની કલ્પનાથી બાળકની આગળ મક્કમ સુંવાળા વાતાવરણની રચના કરવાથી બાળક સમાજોપયોગી નીવડતા નથી એવો અનુભવ બોલી રહ્યો છે. બાળ-મંદિરોનું વાતાવરણ જેટલે અંશે સમગ્ર સમાજ જીવનની વાસ્તવિકતાને અને એના પ્રશ્નોને સ્પર્શી શકે તેટલું જ બાળકનું ઘડતર યોગ્ય દિશામાં થશે એવું આપણા દેશમાં ઉભી થતી ગાંધીજી પ્રણિત કેળવણીની નવી પ્રણાલી આદેશ આપી રહી છે અને તેને દુનિયા ભરના માનસ શાસ્ત્રીઓનો ટેકો પણ મળી રહ્યો છે.

મધ્ય પ્રાંતના સદ્‌ભાગ્યે એમના પ્રદેશમાં જ વર્ધામાં આ પ્રયોગો થઇ રહ્યા છે અને આ પ્રણાલિકાને મૂર્તરૂપ મળતું જાય છે, ત્યારે એ પ્રયોગ તરફ અથવા તો એ પ્રદેશની રાજધાની નાગપૂરમાં જ નૂતન બાલ-શિક્ષણ સંઘ જે કંઇ કાર્ય ચલાવી રહ્યો છે તે ધ્યાનમાં લીધા વગર રાજ્ય પોતાની બાળકેળવણી માટે કોઇ એક પદ્ધતિને સરકારી બનાવે એ વિચાર તે પ્રદેશની બાળકેળ-વણીના વિકાસ માટે લાયક ઠરશે એમ અમે માનતા નથી.

મધ્ય પ્રદેશમાં બાળકેળવણી અંગે જે અસાધા-રણ પ્રગતિ દેખાય છે તે માટે તે પ્રદેશના કાર્યકરોને અને રાજ્યને અમે ફરીવાર ધન્યવાદ આપીએ છીએ તેમ છતાં આજે જ્યારે એ પ્રદેશમાં બાળકેળવણીના રાજ્યનો પાયો નંખાય છે તે વખતે એ પાયો યોગ્ય રીતે નંખાય એ જોવાની આ ક્ષેત્રમાં રસ લેતાં સૌ કોઇની ફરજ છે એમ અમે માનીએ છીએ. અને અત્રે રજૂ કરેલા વિચારો એ રાજ્ય ધ્યાનમાં એમ અમે ઇચ્છીએ છીએ.

જોરાવરનગર: જોરાવરનગર શિશુકુંજ તર-ફથી પણ ગિજુભાઇના જીવન ઝરમરનો અને વિશેષાંકોના વેચાણનો તથા બાળશિક્ષણ નિધિ ઉઘરાવવાનું કામ કરવામાં આવેલું. કાર્યકરોની ખેંચ હોવા છતાં કુલે સારી રીતે પર્વ ઉજવેલું.

આ ઉપરાંત જામનગરમાં, જામનગર બાલમંદિર કલા મંદિર, માંગરોળમાં માંગરોળ બાલમંદિર, સુરેન્દ્ર-નગરમાં મ. કે. બાલમંદિર અને કૂલચંદભાઇ કુમાર મંદિર, શાહપુરમાં સર્વોદય આશ્રમ, બગસરા બાલ-મંદિર, કેશોદ મ્યુ. બાલમંદિર તથા અન્ય ગામોની બાળકેળવણીની સંસ્થાઓ તરફથી સ્થાનિક સંજોગો અનુ-સાર, સરઘસ, સભા, શિક્ષણ પત્રિકાનો પ્રચાર, બાળ-કેળવણીનો પ્રચાર અને બાળશિક્ષણ જયંતિ નિધિ ઉઘરાવવો વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

શિશુ મંદિર – અંધેરી : સંસ્થાના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે વાલીઓની સભા સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુભાઈ ઉપાધ્યાયના પ્રમુખપદે તા. ૧૮–૧૨–૫૪ ને શનિવારે સાંજે ૫ વાગે રાખવામાં આવી હતી. તે પ્રસંગે "ઘરમાં બાળકો પ્રત્યેનો વર્તાવ" એ વિષય પર શ્રી પ્રભુભાઇએ પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે બાળકોના હસ્તકામનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું જેનું ઉદઘાટન શ્રી. રતનબેને કર્યું હતું.

ભાવનગર : નૂ. બા. શિ. સંઘની વનિતા વિશ્રામ શાખા અને તખ્તેશ્વર પ્લૉટ શાખાના આશ્રયે તા. ૨૭–૨૮–૨૯ નવેંબરનો આ પ્રમાણે કાર્યક્રમ હતો. તા. ૨૭ ના રોજ બાળમંદિરોના બાળકો અને શિક્ષણ ભાઇ-બહેનોનું બાળ કેળવણી પ્રચારક સૂત્રો પોકારતું સરઘસ શણગારાયે લીગાડીઓમાં પૂ. ગિજુભાઇની તસ્વીર સાથે શહેરમાં ફર્યું હતું. તા. ૨૮ ના સવારે 'જીવન મંદિરનો' કાર્યક્રમ હતો તેમાં શ્રી વિમૂબેન બધેકાએ એક સુંદર ભાવવાહી ભજન ગાયું હતું. પછી પૂ. ગિજુભાઇ લિખિત "શાંત પળો" નામના પુસ્તકમાંના મનન યોગ્ય ટુચકાઓમાંથી કેટલાંક શ્રી નરેન્દ્ર બધેકાએ વાંચી સંભળાવ્યા હતા. પછી ગિજુભાઇના અંતેવાસીઓએ ટૂંકા પ્રવચનો કરી તેમને અંજલિ આપી હતી. સાંજે સાડા ચાર વાગ્યે વનિતા વિશ્રામમાં શ્રી પ્રેમચંદભાઇ શાહના પ્રમુખપદે વાલીઓની સભા ભરવામાં આવેલી. તેમાં વાલીઓને આવા કાર્યક્રમોમાં તથા બાળમંદિરોમાં અવારનવાર આવવા અને સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી. તા. ૨૯ ના પીલગાર્ડનમાં "બાળમેળો" ભરવામાં આવ્યો હતો. ત્યાં ૨૫૦ થી ૩૦૦ બાળકોએ ઉપસ્થિતી કરી હતી. પછી ૩ થી ૫ વર્ષના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. છેલ્લે શ્રી નરેન્દ્ર બધેકાએ બધાં બાલમંદિરના સંચાલકોનો આભાર માન્યો હતો.

લીંબડી : તા. ૪-૧૨-૫૪ થી તા. ૧૧-૧૨-૫૪ નો સપ્તાહ ઉજવવામાં આવ્યો. તા. ૪ ના રોજ સવારે બાળમંદિર અને પ્રાથમિક શાળાઓના બાળકોનું સંયુક્ત સરઘસ પૂ. ગિજુભાઇ અને બાળકો અંગેના સૂત્રો પોકારતું ફર્યું હતું. તા. ૬-૭-૮ બાળમંદિરના મકાનમાં બાળકેળવણી વિષયક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં બાળમંદિરની પ્રવૃતિઓ, સાધનો, ગામની અન્ય સંસ્થાની પ્રવૃત્તિઓ, ઇંગ્લેન્ડના પ્રાથમિક શિક્ષણના કેટલાંક ચિત્રો, અને ચીનનાં બાળકલ્યાણ અને બાળકેળવણી વિષયક ચિત્રો વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. લગભગ ૩૦૦૦ ત્રણ હજાર વ્યક્તિઓએ પ્રદર્શનનો લાભ લીધેલો. તા. ૧૧ ની રાત્રે વાલી સભાથી સપ્તાહની પૂર્ણાહુતિ થઇ હતી. વાલી સભા ને સંબોધવા માટે ભાવનગરથી શ્રી નરેન્દ્ર બધેકા પધારેલાં. તેમણે વાલીઓને ઘણી સારી રીતે સંબોધ્યા હતા. તા. ૯, ૧૦, ૧૧ દરમ્યાન, બાળશિક્ષણ જયંતિ નિધિ ઉઘરાવવાનું શિક્ષણ પત્રિકાના અંકો વેચવાનું ચાલુ હતું. આ કાર્યક્રમ નૂ. બા. શિ. સંઘની લીંબડી શાખાના આશ્રયે રખાયો હતો. બાલપુસ્તકાલય, શિશુકુંજ તથા બાલમંદિરના કાર્યકરો તથા પ્રાથમિક શાળાઓ અને કેળવણી રસિક અન્ય વ્યક્તિઓનો સાથ સારો મળેલો.

બોટાદ : તા. ૧૪-૧૧-૫૪ થી ૨૦-૧૧-૫૪ બોટાદમાં સપ્તાહ બાલમંદિર અને કીકાંગણ તથા અન્ય વ્યક્તિઓના સહકારથી ઉજવાયેલ. તા. ૧૪ ના રોજ ધ્વજવંદન અને બાળકોનું સમુહ ભોજન હતું. તા. ૧૫ના રોજ બાલમંદિરને રંગોળી, તોરણો વગેરેથી સુશોભિત કરી બાળકોને જિજુભાઇની જીવન ઝરમર કહેવામાં ને ગીત-વાર્તા કહેવામાં આવ્યા. તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અનુક્રમે બાળસાહિત્ય અંકોનું વેચાણ, શિક્ષણ-પત્રિકાનો પ્રચાર. વાલીસંપર્ક, બાળપ્રવાસ અને બાળસભાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ એકંદરે સફળ થયો હતો.

વડોદરા : સંસ્કાર વર્ગ : અહીં શિશુ મંડળ તરફથી એક પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્કાર વર્ગ તા. ૨૬-૧૧-૫૪ થી તા. ૧૬-૧૨-૫૪ સુધી યોજવામાં આવ્યો હતો. આ સંસ્કાર વર્ગનું ઉદઘાટન મુંબઇ રાજ્યના આરોગ્ય પ્રધાન માનનીય શ્રી શાંતિલાલ શાહના હસ્તે થયું હતું. આ પ્રસંગે શ્રી હરભાઇ ત્રિવેદી, શ્રી છોટુભાઇ સુતરીયા, નગરપતિ શ્રી વેણીલાલ મોદી તેમજ અન્ય સ્થાનિક આગેવાનોની સારા પ્રમાણમાં હાજરી હતી. આ કાર્યક્રમ દરમ્યાન દરરોજ જુદા જુદા કેળવણી વિષયોને લઇને બબે વ્યક્તિઓના વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને શિક્ષકો સારા નાગરિકો તૈયાર કરી શકે એ હેતુથી એક સામાજિક વ્યાખ્યાનમાળા પણ ગોઠવવામાં આવી હતી. જેમાં જુદા જુદા આગેવાનોએ પ્રતિભાસંપન્ન વ્યાખ્યાનો આપેલાં.

સંસ્કાર-વર્ગમાંના શિક્ષકોને પ્રાત્યક્ષિક (Practical) જ્ઞાન પણ મળે એ હેતુથી સ્થાનિક બાલ મંદિરોમાં પ્રત્યક્ષ પાઠો આપવામાં આવ્યા હતા.

સંસ્કાર વર્ગના વિદ્યાર્થીઓ, સંચાલકો તેમજ અન્ય પાઠશાળાના શિક્ષકોએ ભેગા મળી તા. ૧૨-૧૨-૫૪ના દિને શ્રી ગિજુભાઇ જયંતિ નિમિત્તે એક સભા ગોઠવી હતી.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

ખરેખરાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઇ ૧

ફોન : ૨૦૪૮૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

સાભાર-સ્વીકાર

ધી એંગ્લો ઇન્ડિયન ડ્રગ એન્ડ કેમીકલ કું.નું બહુરંગી કલરમા તેમની જાણીતી બનાવટ કામીનીયા હેરઓઇલની જાહેરાત સાથે છપાયેલું તારીખોના ઉકેલવાળું એક સુંદર કેલેન્ડર કાર્યાલયને ભેટ મળ્યું છે જે માટે આભાર.

સંપાદક

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પ્રેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ફે. વા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકભાઇ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરેરેકર પ્રિન્ટિંગ વર્કસ, મુંબઇ-૨૮.

વૃદ્ધ બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક–૧૧ ફેબ્રુઆરી ૧૯૫૫

શ્રીરસ્તુ કુટુંબે સદાનંદ

.....આજે કુટુમ્બમાં પ્રેમ છે તો સમાજમાં પારસ્પરિક દ્વેષ છે. કુટુંબમાં સહયોગની ભાવના કામ કરે છે તો સમાજમાં સ્પર્ધા કામ કરતી દેખાય છે. સમાજમાં એ તત્ત્વ સ્વીકારવામાં નથી આવતું કે બધાંને માટે બધાં છે અને દરેકને માટે શ્રમ હોવો જ જોઇએ. સમાજ અને કુટુંબ વચ્ચેનો આ વિરોધ–આ વિસંવાદિતા કઇ રીતે દૂર થાય અને આખોય મનુષ્ય સમાજ એક વિશ્વ કુટુંબ બને એ રુસો, ટૉલસ્ટૉય, માર્ક્સ, મહાત્મા ગાંધી, અને વિનોબાજી જેવા સર્વ આદર્શવાદિઓ અને ક્રાંતિકારીઓનું લક્ષ્ય રહ્યું છે. "વસુધૈવ કુટુંબકમ્" અને "સર્વેઽત્ર સુખિનઃ સંતુ" એ ભારતના પ્રાચીન ઉદ્‌ઘોષોને વિસ્તૃત રુપે સમજીને અપનાવીશું ત્યારે જ શાસન સૂક્ત સમાજનાં આપણે દર્શન કરી શકીશું.

સંસ્થાપક :

સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :

વાર્ષિક લવાજમ :

રૂ. ૪–૦–૦ : :

કાર્યાલય :

૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪. : :



નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :–

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નાગલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

વસંતરાવ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન બાળવી, મંજરીબેન રાયજી, રમેશભાઈ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ નં.	લેખ.		લેખક.
૧	મોન્ટેસોરી અને મૌલિક પધ્ધતિ	....	શ્રી શેષ નામલે
૨	બા. બાપાની ક્રિયા	....	.... શ્રી ઇશ્વરાચાર્ય
૩	બાળકનો તિરસ્કાર	....	શ્રી ડો. રમણલાલ પટેલ
૪	સંસ્કારના વહેણો	....	.... શ્રી ઓજસ
૫	ભૂતના ભયમાંથી મુક્ત થયા		શ્રી ગોવિંદભાઇ યાજ્ઞિક
૬	બાળ ચિત્રકળા		.... શ્રી સનત મહેતા
૭	બાળ શિક્ષણ અને સંઘ-સમાચાર	....	[સંકલન]

બાળ વિભાગ

૧	સંપાદકનો પત્ર	....	.... શ્રી રમેશ કોઠારી
૨	કોણ છે ?	....	.... શ્રી રમેશ કોઠારી
૩	હું સરકસનો જાનુ એલાડી		.... શ્રી રમેશ કોઠારી
૪	જોકર		.... શ્રી સાન્તાન ડીમેલો
૫	જોડી	....	.... શ્રી સુરેશ્વરસિંહજી
૬	આવરે હંસલા		.... શ્રી મધુ કોઠારી
૭	ગધ્ધો છે	....	શ્રી વિનયચંદ્ર અમૃતલાલ
૮	નાના હંસલા....	....	.... શ્રી લાલી જોષી
૯	ચીનનું ખુલણુસ	....	શ્રી ખંડેરાવ નાનાજી પવાર

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે સમર્પિત જગ્યા રાખવામાં આવી છે, તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૨૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

—શ્રી રમણિકભાઇ ન્હાંખિયા

વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર–પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલા

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૧૧] મુંબઇ [ફેબ્રુઆરી, ૧૯૫૫

મોન્ટેસોરી અને મૌલિક પદ્ધતિ

વિગત ચાલીસ વર્ષોથી મોન્ટેસોરી પદ્ધતિથી બાળમંદિરો આપણાં દેશમાં ચાલી રહ્યાં છે. નૂતન બાળ શિક્ષણ સંઘના સંસ્થાપક સ્વ. શ્રી ગિજુભાઈ બધેકા અને શ્રીમતિ તારાબેન મોડકે મોન્ટેસોરી પધ્ધતિને જે સ્વરુપ આપ્યું તેથી આ પધ્ધતિનો પ્રચાર પ્રથમ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં થયો અને ત્યારબાદ એ પ્રચાર ભારતના પશ્ચિમ અને મધ્ય ભારતમાં વિસ્તાર પામ્યો. આ પછી તો સને ૧૯૪૦ માં મોન્ટેસોરી પોતે અહી પધાર્યાં અને તેમને યુધ્ધની પરિસ્થિતિને કારણે લાગેલાગટ સાત વર્ષ સુધી અહીં જ વસવાટ કરવો પડેલો. તેમના અહીના આ વસવાટ દરમ્યાન તેમની પધ્ધતિને વધુ વેગ મળ્યો. હજારોની સંખ્યામાં ગણી શકાય તેટલાં શિક્ષકોએ આ પધ્ધતિની તાલીમ લીધી છે. તેમનામાંથી કેટલાંકોએ ભારતના જુદા જુદા ભાગોમાં બાળમંદિરો શરુ કર્યા અને આજે પણ આંતરરાષ્ટ્રીય મોન્ટેસોરી સંઘના એક અધિકૃત અને નિષ્ઠાવાન પ્રતિનિધિ શ્રી યૂસ્ટન ઠેરઠેર આ પધ્ધતિ અંગેના તાલીમ – વર્ગો ચલાવે છે. તેમના આ તાલીમ – વર્ગોને ભારતના કેટલાંક રાજ્યોએ માન્યતા આપી છે. આ રીતે આ પદ્ધતિ વાળી સંસ્થાઓમાં એક સરખો વધારો થતો રહયો છે.

બાળ કેળવણીની એક નૂતન પધ્ધતિ એટલે જ મોન્ટેસોરી પધ્ધતિ - એ જાતનો પ્રચાર ચાલુ હોવાથી. પૂ. મહાત્માજીની પ્રેરણા હેઠળ, વીસ વર્ષ પહેલાં સેવાગ્રામમાં મૌલિક (Basic) પધ્ધતિનો પ્રયોગ શરુ કરવામાં આવ્યો. આ પ્રયોગની શરુઆતની મર્યાદા જ્યારે પ્રાથમિક કેળવણી પૂરતી જ હતી ત્યારે પણ પૂ. મહાત્માજીની પ્રેરણાથી જ સમગ્ર જીવન કેળવણીની કલ્પના આગળ આવી અને તેમાં બાળ-કેળવણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આ કેળવણીને પૂર્વ બુનિયાદીનુ નામ આપવામાં આવ્યું. હિંદુસ્તાની તાલિમી સંઘે સેવાગ્રામમાં પૂર્વ બુનિયાદી કેળવણીની સંસ્થા સ્થાપી તેમાં પૂ. મહાત્માજીના બાળ કેળવણી અંગેના વિચારોને પ્રત્યક્ષ સ્વરુપ આપવાનો પ્રયત્ન કર્યો. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારત સરકારે પોતાના કેળવણી ધોરણમાં મૌલિક પધ્ધતિને ભારતના બંધારણમાં સ્થાન આપ્યું એથી ભારતના સર્વ રાજ્યોમાં આ પધ્ધતિનો પ્રયોગ શરુ કરાયો. અને ઓછામાં ઓછા દસ વર્ષ સુધીમાં પ્રાથમિક કેળવણી સુધી આ પધ્ધતિને દેશની સઘળી શાળાઓમાં અપનાવવાનો અવાડી ખાતે તાજેતરમાં મળેલા કોંગ્રેસ અધિવેશનમાં સંકલ્પ પણ કરવામાં આવ્યો છે.

મહાત્માજીના અહિંસાના તત્વજ્ઞાન પર આધારિત રાજકીય ચળવળે જેમ વિશ્વનું લક્ષ્ય આકર્ષિત કર્યું તેવી જ રીતે તેમની જ પ્રેરણા વડે શરુ કરાયેલી આ કેળવણીની ચળવળ ભણી પણ વિશ્વ અત્યંત ઉત્સુકતાપૂર્વક જોઇ રહયો છે. ભારતથી બહારના એવા આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પામેલા કેળવણીકારોએ પણ આ પદ્ધતિની સ્તુતિ કરી છે અને એથી આ પદ્ધતિ ને ભારતીય જનો કઈ રીતે અમલમાં મૂકે છે એ જોવા માટે વિશ્વમાંની જિજ્ઞાસા-પિપાસા એક સરખી વધતી જ રહી હોય તેમ દેખાય છે.

સંઘની સમન્વય પધ્ધતિ

પૂ. મહાત્માજીના કેળવણી અંગેના વિચારોની અસર નૂતન બાળ શિક્ષણ સંઘના કાર્યો પર શરુઆતથી જ

કે ાય તેમ દેખાઇ આવે છે. આ સંસ્થાનો જન્મ દક્ષિણામૂર્તિ નામની ભાવનગરમાંની જે સંસ્થામાં થયો તે સંસ્થા પણ મહાત્માજીથી પ્રભાવિત એવા કાર્યકર્તાઓની એક રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા હતી. નૂતન બાળ શિક્ષણ સંઘના સંસ્થાપકને જે પ્રેરણા મળી હતી તે મેડમ મોન્ટેસોરીના ગ્રંથો પરથી મળી હતી, તો પણ વિચારો પરત્વે મહાત્માજીનું નેતૃત્વ આ સંસ્થાના કાર્યકર્તાઓએ સ્વીકારેલું હતું. તેથી દક્ષિણામૂર્તિ સંસ્થામાં મોન્ટેસોરી પદ્ધતિને સ્થાન અપાયું પરંતુ એના રંગ રુપ રાષ્ટ્રીય જ હતાં. સને ૧૯૪૦ પછી સંઘે ગ્રામીણ અને પછાત કોમની જુદી જુદી વસતિઓમાં બાળકોની કેળવણી અંગે પ્રયોગો શરુ કર્યાં. ત્યારથી જ પૂ. મહાત્માજીનું પ્રત્યક્ષ માર્ગદર્શન સંઘને સાંપડેલું. આ રીતે સંઘના મૌલિક અને મોન્ટેસોરી પદ્ધતિનો સંબંધ બંધાયો. અને એથી જ આજે પણ આ પદ્ધતિનો વિશિષ્ઠ સમન્વય નૂતન બાળ શિક્ષણ સંઘની કાર્ય પદ્ધતિમાં જોવામાં આવે છે. સંઘની આ કાર્ય-પદ્ધતિને મેં સમન્વય પદ્ધતિ એવું નામ આપ્યું છે.

[અપૂર્ણ]

સમન્વય પદ્ધતિ પણ સમાજમાંની એક સ્વભાવિક અને સનાતન એવી પ્રક્રિયા છે. જીવનના આચાર વિચાર સંબંધે જ્યારે એક કરતાં વધારે મતો નજરે પડે છે ત્યારે બહુજન સમાજ આમાંનાને અનુભવની કસોટીએ કસી ગ્રાહ્ય એવા ભાગને ગ્રહણ કરી લે છે. આપણા પોષાકમાં, ખાન-પાનની રીત ભાતમાં, સાહિત્ય શિક્ષણ કે કળા બાબતમાં જે કાંઇ ખરેખર સ્થાયી રાખવા જેવાં હોય છે, તે લઇ લેવામાં આવે છે અને બિન-જરુરીને ઊંચકી બાજુમાં ફેંકી દેવામાં આવે છે. અનેક મતોમાંથી આ રીતે સમાજ ગ્રાહય તેવું ગ્રહણ કરીને તેનો સમન્વય સાધવાનો પ્રયત્ન કરતો હોય છે. સમન્વય પણ સમાજના મનોધર્મની એક પૂર્વાપર ચાલતી આવેલી સ્વાભાવિક પ્રક્રિયા છે, તેવી જ રીતે શરુઆતથી મોન્ટેસોરી પદ્ધતિમાંનું શાસ્ત્રીયત્વ અને બાપુજીની વિચાર સરણીમાંથી રાષ્ટ્રીયત્વ અથવા એમ કહીએ કે મોન્ટેસોરી પદ્ધતિમાંથી સ્વાતંત્ર્ય અને સ્વયં સ્ફુરણાનો સિદ્ધાંત અને બાપુજીના મૌલિક સિદ્ધાંતમાંથી વાસ્તવ વાદ, એમનો મેળ જમાવવાનો સંઘે પ્રયાસ કર્યો છે

—શેષ નામલે.

નૂ. બા. શિ. સંઘના

: મધ્યસ્થ નિયંત્રણ મંડળની સભા :

નૂતન બાળ શિક્ષણ સંઘના મધ્યસ્થ નિયંત્રણ મંડળ, વ્યવસ્થાપક મંડળ, શિક્ષણ પત્રિકા સંપાદક મંડળ, શિક્ષણ સમિતિ, તેમજ અધ્યાપન સમિતિની સભાઓ આગામી તારીખ ૧૨-૨-૫૫ અને ૧૩-૨-૫૫ ના રોજ શિશુ-વિહાર, દાદર, મુંબઇ-૧૪ ખાતે યોજવામાં આવી છે.

તો તે તે સમિતિ અને મંડળમાંના સભ્યોને તેમાં હાજર રહેવા વિનંતિ છે.

—આ અંગેના આમંત્રણો આજ પૂર્વે સર્વે સભ્યોને મોકલી આપવામાં આવ્યાં છે.

મંત્રી,
નૂ. બા. શિ. સંઘ.

બા—બાપાની ક્રિયા એણે જોઈ, અને....

સુધાકર અને શર્મિષ્ઠા સાથે જ રમતાં હતાં.

ગઇકાલે એ બન્ને એકબીજા પાછળ દોડતાં ચમાચમકડી કરતા હતાં એકાએક છેટેથી શર્મિષ્ઠાની રડવાની ચીસ સંભળાઇ. ચંચળદેવી તરત તેમની પાસે પહોંચી ગયા. શાથી શર્મિષ્ઠા એકાએક રડી પડી તે જાણવા તેના હાથ-પગ તપાસ્યા પણ કયાંય છોલાયાનું કે વાગ્યાનું ચિન્હ નહોતું. વારેવારે એનો હાથ મ્હોં તરફ જતો હતો, જોયું તો બચકું ભર્યાનું સ્પષ્ટ નિશાન જણાયું એનો દોસ્ત સુધાકર તરત યાદ આવ્યો ત્યાં તો તે નહોતો જ, પણ બાળમંદિર આખામાં તપાસ કરી, જણાયું કે સુધાકર છૂ થઇ ગયો હતો. એની તપાસ થતી હતી ત્યાં વચમાં જ શર્મિષ્ઠાએ ફરિયાદ નોંધાવી કે, 'એણે જ મને બચકું ભર્યું હતું.'

મેં શમિષ્ઠાને પડખે લીધી, પાણી પાઇને એને શાંત કરી. થોડી થોડીવારે, ડૂસકાં ભરતાં, વચમા એ કહેતી હતી: "સુધાકરે મને બચકું ભર્યું છે." મેં એને બીજી પ્રવૃત્તિમાં પરોવવાનો પ્રયત્ન કર્યો ને એમાં મને સફળતા સાંપડી. પાએક કલાક મ્હીને તો જાણે કઇ જ થયુ નથી એમ શર્મિષ્ઠા બીજાં બાળકો સાથે આનદથી રમવા મંડી ગઇ અને હસતી – રમતી બીજાં બાળકોની જેમ જ ખેર ગઇ.

હુ તે જ સાંજે સુધાકરને ત્યાં જતો હતો. મહોલ્લામાં જ સુધાકર રમતો હતો. એનું ધ્યાન રમતમાં જ હતું. છેક નજીક જઈ ધીમે રહી મેં કહ્યું, "કેમ છો, સુધાકર ? મજામાને ?" પણ સુધાકર તો મારો અવાજ સાંભળીને જ ચમકી ગયો ને બેસુધ–શો મારી સામે તાકી રહ્યો. એક પળ વીતી ગઇ. જવાબની અપેક્ષા મારા પ્રશ્નમાં હતી જ નહીં, એટલે મેં હસીને, "રમો સારે." એમ કહ્યું ને છૂટો પડયો.

સુધાકરથી છૂટો પડયા પછી હું આગળ ગયો. મારી અને એની વચ્ચે અંતર વધતું ગયુ તેમ તેમ એની નજર મારી પીઠ પાછળ લંબાતી ગઇ છેવટે વળાંકે મારે વળવાનું આવ્યું. મે સહજ પાછળ નજર કરી ત્યાં વાંકા વળી મને જોવાનો સુધાકરનો પ્રયાસ વર્તાઇ ગયો,

માત્ર "રમો ત્યારે" એટલું જ કહેવા પાછળ એક નાનોશો પ્રયોગ હતો. બચકું ભરી નાસી જવા પાછળ સુધાકર ભયનું કારણ સૂકતો ગયો હતો. આથી બચકું શા માટે ભર્યું તે વાતની તપાસમાં ઊંડે ઉતરતા પહેલાં સુધાકરને મારે નિર્ભય બનાવવો હતો.

બીજે દિવસે—

શર્મિષ્ઠા અને સુધાકર ગઇ કાલની જેમ જ ભેળાં રમતાં હતાં. ગઇ કાલના બનાવે એમની વચ્ચે અણબનાવ નથી ઊભો કર્યો તે તો પહેલી નજરે જ દેખાયું. બાળકોની દોસ્તી આમ અખંડ જ રહે છે, આગળ–પાછળ બનતા બનાવો વર્તમાનમાં વિસવાદ પેદા નથી કરી શકતાં.

મેં સુધાકરને મારી પાસે બોલાવ્યો "પાણી પીવું છે ?" એ પ્રશ્નથી મેં બીજી વાતોની પ્રસ્તાવના કરી. બીજી થોડીક વાતો દરમ્યાન મને કયાય ક્ષોભ દેખાયો નહીં. ગઇ કાલની મારી મુલાકાતે એને નિર્ભય તો બનાવ્યો જ છે એ જાણી મને અત્યંત આનંદ થયો. એના મ્હોં પર પ્રગટેલી પ્રસન્નતા જોઇ ગઇ કાલના પ્રસંગને જાગ્રત કરવો કે ન કરવો તે વશે હું વિમાસણમાં પડયા. બચકું હાથે નહીં, પગે નહી, બીજે કયાય નહીં ને ગાલે જ કેમ ભર્યું એ વિચાર મને થોડેક ઊંડે

ભારતનો ભવ્ય સ્ટુડીયો

વેન્ગાર્ડ

જેની પ્રત્યેક તસ્વીરમાં તેજનાં તાજમહાલ રચાય છે:

જેના પ્રત્યેક એન્લાર્જમેન્ટમાં અજન્ટા ને ઇલોરાના કલામંડપનો માંડવો બંધાય છે.

જેના પ્રત્યેક પેઇન્ટીંગમાં કાશ્મીરની કુન્નેની કોયલ ટહુકે છે

જેની પ્રત્યેક ફ્રેમમાં ફતેહપૂર સીકરીના દરવાજા બડા થાય છે..

* ફોટોગ્રાફી * પેઇન્ટીંગ.
* એન્લાર્જમેંટ * ફ્રેમીંગ



ઉતરવા આગ્રહ કરી રહ્યો હતો પણ મેં ત્યાર પૂરતો એ પ્રસંગ ટાળ્યો જ. "જાવ રમો ત્યારે" કહ્યું ને તે દોડતો જ રમતે ચડ્યો.

સૌ હાથ-મ્હોં ધોઈ સ્વચ્છ થઈ નાસ્તાની તૈયારીમાં પડ્યાં. સુધાકર આસન ખંખેરતો ઊભો હતો ને શર્મિષ્ઠાએ સુધાકર તરફ હાથ લંબાવી કહ્યું, "સુધાકર, ચાલ નાસ્તો કરવા." સુધાકરે પણ "આવું છું" કહી ઉતાવળ કરવા માંડી. આસન ઝટપટ વાળીને સુધાકર મૂકવા જતો હતો. મેં જોયું કે એણે આસનના છેડા સરખા મેળવ્યા નહોતા. મેં કહ્યું, "ભાઈ બરાબર વાળો ને." ને એણે આસન ઉકેલીને ફરી વાળવા માંડ્યું. ધીમા અવાજે મેં કહ્યું, 'હવે કોઈને બટકું ભરશો નહીં, હો!'

અને—

અને આસન વાળતાં વાળતાં જ એણે ઊંચું મ્હોં કરી કહ્યું, "મેં બચકું નહોતું ભર્યું; બકા કરી હતી." એના આ જવાબથી આટલું સ્પષ્ટ થયું: ગઈ કાલે એની ઇચ્છા બકા કરવાની હતી, પણ બચકું ભરાઈ ગયું હતું. ભૂલ થઈ ગઈ હતી. બચકું અને બકા વચ્ચેનો ફેર પણ એ સમજે છે, કેમ કે જો ન સમજતો હોત તો એ નાસી ન જાત. મેં એના તરફ હાથ લંબાવી કહ્યું, "લ્યો, મને બકા કરો." ને એણે આરતેથી મારી હથેળીમાં બકા કરી. મારે હાથે થૂંક લાગ્યું એથી હું હાથ પગ ધોવાની જગાએ ગયો ને હથેળી ધોઈ નાખી, માત્ર હથેળી જ. આ કુતૂહલ વૃત્તિથી એણે પૂછ્યું, "બકા કેમ ધોઈ નાખી?"

"હાથે થૂંક લાગ્યું ને એટલે એ ગંદુ થયું. પછી ધોવું તો પડે જ ને?" મારો જવાબ સાંભળી સુધાકર ક્ષણભર કંઈક વિચારતો ઝીણી આંખ કરી ઊભો રહ્યો. પછી એણે કહ્યું, "ગુરુજી, મારી બાને મારા બાપા બકા કરતા હતા, પણ મારી બા કયાં ધોતી હતી?" આમ કહી એણે પોતાનો ગાલ બતાવ્યો. મેં મૌન જ સેવ્યું.

મને સમજાયું: સુધાકરે શર્મિષ્ઠાને બકા કરી એમાં કોઈ વૃત્તિ નહોતી, કોઈ સહજ વૃત્તિ પણ નહોતી, પણ બા-બાપાને જે ક્રિયા કરતાં એણે જોયાં એની-એ ક્રિયાની આવૃત્તિ હતી, નકલ હતી. માત્ર નકલ જ.

આ પછી મેં સુધાકરનું આવેદન પત્ર જોયું. તેમાં સુધાકરના બા-બાપુજીની ઉંમર જોઈ તો ભર જુવાનીનો કાળ વર્તાયો, પ્રેમને પાંગરવા દેવો જોઈએ, એમાં આડે આવવાનો અધિકાર કોઈને નથી એ સાચું, કેમ કે એ તો માણસની સહજ વૃત્તિ છે. પણ એ વૃત્તિને મર્યાદા અનિવાર્ય છે એ કેમ ભૂલાય? બાકી ઇષ્ટ કે અનિષ્ટને ન સમજનાર બાળક મોટાઓની પ્રત્યેક ક્રિયાનું અનુકરણ વૃત્તિનું પ્રેર્યું શરૂમાં નકલ કરે છે ને આવી કોઈક નકલમાં આનષ્ટ દાખલ થાય છે.

આમ આવી સાદી સમજ સુધાકરનાં બા-બાપુજીને આપવી જોઈએ એમ મને લાગ્યું. સુધાકર-શર્મિષ્ઠાના આ પ્રસંગનો બીજો એક ગામના બાળમંદિરમાં આવો બનાવ બનેલો. એ રીતે શરૂથી અંત સુધી મેં સુધાકરનાં બા આગળ વર્ણવ્યો. એમણે ધીરજથી એ વાત સાંભળી. હું મારી ફરજ પૂરી થઈ એમ સમજ્યો ને છૂટો પડ્યો.

—ઈશ્વરાચાર્ય.



'ઝરણ'થી વાળને ખરતા

અટકાવી, વધારવાનો અજોડ ગુણ ધરાવનારૂં, સુગંધીદાર તેલ તદ્દન સહેલાઇથી બનાવી શકાય છે.

કોઇપણ એક રતલ તેલમાં ઝરણની એક બાટલી મીકસ કરવાથી ઉપરના ગુણોવાળું તેલ જાદુઇ રીતે બની જાય છે.

બધેજ ઠેકાણે વેચાય છે.

. મોલ ડીસ્ટ્રીબ્યુટર્સ:

સુગંધ ઘર જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદ.

: ડીસ્ટ્રીબ્યુટર્સ :

સી. નરોત્તમ એન્ડ કું. મગળદાસ રોડ, મુંબઈ-૨.

શાહુ બાવીસી એન્ડ કું. ૧૨૯, રાધાબજાર સ્ટ્રીટ, કલકત્તા.

બાળકનો તિરસ્કાર

હરેશ: આપણે બધાં સાથે મૈત્રી રાખી શકતા હોઇએ તો કેવું સારું! મને થાય છે કે હું બીજાઓ સાથે સ્નેહથી વર્તી શકું, ને બીજાઓ મારી પર સ્નેહ રાખે છે, એવું મને લાગતું હોત, તો હું કેટલો સુખી બનત! પણ એમ કેમ નથી થતું? હું પ્રયત્ન કરું છું, તોય નિષ્ફળ જાઉ છું. મારામાં બીજાઓ પ્રત્યે હેત છે, તેવું બતાવવા મારે પ્રયત્ન કરવો પડે છે. એ કેટલું બધું એહૂદું છે, પણ થાય શું? બીજાના સ્નેહ વગર બીજાઓ મારા છે, એવી લાગણી અનુભવ્યા વગરનું જીવન, મને અકળાવી મૂકે છે. ઘણી યે વાર મેં પ્રયત્ન કર્યો છે. ઘણીએ વાર બીજાઓ રાજી થાય, તેવું વર્તન કર્યું છે. પણ કેમે કરી હું, એમને મારા બનાવી શક્યો નથી. એ લોકોને એમ લાગે છે કે મારી ભાષા તીખી છે. મારા અવાજમાં કડવાશ છે. અને મારામાં ભારોભાર, બીજાઓ માટેની અવગણના છે, હું શું કરું?....

..... તમે તો કંઇ જ જવાબ આપતાં જ નથી. મને તમારી સલાહ જોઇએ છીએ. આ જીવન કોઇકોઇ વાર બહુ આકરું લાગે છે. મારે પત્ની છે, બાળકો છે, નોકરી છે, પૈસા છે. સુખી જીવન જીવવા માટે જે જોઇએ તે છે. છતાં મારા મનમાં કંઇક આડે આવતું હોય, તેવું હું સતત અનુભવ્યા કરું છું. કોઇ જબરો અસંતોષ મને વિષાદથી ભરી દે છે. મુક્ત થવું છે, કશાકથી મુક્ત થવું છે એવો ખ્યાલ રાત-દિવસ મૂંઝવ્યા કરે છે. કંઇક તો રસ્તો બતાવો. આ દુઃખમાંથી છૂટાય, એવો કોઇ જ રસ્તો નથી?

રમેશ: જરૂર છે.

હરેશ: તો બતાવોને!

રમેશ: તમારું મન શું છે, કયા કયા અનુભવથી તે ઘડાયું છે, એ વિશે તો હું તદ્દન જ અજ્ઞાત છું. તેથી હું જે રસ્તો બતાવીશ, તે તમને અનુકૂળ થઈ જ કેમ શકે? હું તમને જે સલાહ આપું, જે માર્ગ સૂચવું, તે મારા પોતાના અનુભવોને આધારે. તેથી આપણા બંનેના અનુભવો વચ્ચે મેળ કેમ થાય?

હરેશ: ત્યારે હું શું કરું? મને પોતાને તો કોઇ રસ્તો સૂઝતો જ નથી.

રમેશ: એક રસ્તો બતાવું, જુઓ આ આરામ ખુરશી પડી છે. તે પર આરામથી બેસો. તમારા શરીરના એકેએક સ્નાયુને ઢીલા કરી નાખો. મનને છૂટું મૂકી દઇ, જે વિચાર આવે, તે બોલે જાવ. હું તમારી નજીક બેઠો બેઠો બધું ધ્યાનપૂર્વક સાંભળું છું. અને યોગ્ય લાગશે ત્યારે, મારે જે કહેવું હશે, તે કહીશ.

હરેશ: આંખો મીચી દઉં?

રમેશ: હા. તમને આરામ લાગે તેવું બધું જ તમે તમારી રીતે કરી શકો છો.

હરેશ: કોઇ વિચાર નથી આવતો, મને તદ્દન જ શૂન્ય લાગે છે.

રમેશ: આવશે. વિચાર આવશે.

હરેશ: નરી શૂન્યતા દેખાય છે.

રમેશ: કાંઈ વાંધો નહીં. નિરાતે એ શૂન્યતા જોયા કરો કોઇપણ વિચાર, સારો કે ખરાબ, પવિત્ર કે અપવિત્ર જે કોઇ આવે, તે વિના સંકોચે બોલે જાવ.

હરેશ: મારો ઉપરી અધિકારી દરરોજ મને હેરાન કરે છે. નવા નવા હુકમો કરે છે. મારી ભૂલો બતાવવાનો એને શોખ છે. એની પાસે જતાં હું ગભરાઉં છું. મને એના પર પાર વગરનો એટલો બધો ગુસ્સો છે કે જાણે મારી નાખું. તમને એમ તો નહિ લાગે કે હું બહુ ખરાબ માણસ છું.

રમેશ: સારા કે ખરાબ માણસ જેવું કશું છે જ નહિ. આ સારો ને આ ખરાબ એવો અભિપ્રાય રાખવામાં જ અન્યાય રહેલો છે. સાચી રીતે તો દરેક માણસ જેને આપણે ખરાબ કહીએ છીએ. તેનામાં કંઈક સારું તો હોય જ છે. માણસમાં જે ખરાબ છે એ એની માનસિક બિમારી છે અને આ બિમારી દૂર થઇ શકે એમ છે.

હરેશ: તો મને જુદા જુદા માણસો પર ગુસ્સો થઇ આવે છે. બીજાઓ મારી વિરુદ્ધમાં છે, એવા ખ્યાલો આવે છે તે મારી માનસિક બિમારી છે?

રમેશ: હા.

હરેશ: મને તો કોઈ વખત એવો ગુસ્સો થઇ આવે છે કે શરીર તૂટતૂટ થઈ જાય છે. પછી તો માથામાં, પેટમાં કે છાતીમાં દુઃખાવો થઇ આવે છે. થોડા દિવસ પર મારી પત્નીએ મારું ધાર્યું ન કર્યું, અને મને તો એવો ગુસ્સો થઈ આવ્યો, કે એને મારું! પણ સુધરેલો રહ્યો, અને એને મરાય પણ કેમ! એ બધો ગુસ્સો મનમાં ભરાઇ રહ્યો અને પછી ઓફીસમાં નોકરને મેં ફાઇલ લાવવા કહ્યું. એને વાર થઇ, ને મારો બધો ગુસ્સો, એની પર ઠલવાઈ ગયો. નોકર તો ટેબલ પર ફાઇલોનો ટગલો પછાડી, બહાર ચાલી ગયો. અને હું તો તદ્દન નરમઘેંસ જેવો થઇ ગયો. મારાથી કાંઈપણ ન થયું.

રમેશ: એટલે એમ કે તમારા ગુસ્સાને તમે સમાવી શકતા નથી. તેથી તમારે તે ગુસ્સો એક અથવા બીજા પર કાઢવો જ પડે છે, અને તે ગુસ્સો ન નીકળે ત્યાંસુધી ધુંધવાયેલા રહેવું પડે છે.

હરેશ: હા. એમ જ. આથી હું બધા સાથે સારું બનાવી શકતો નથી. મારી મરજી વિરુદ્ધ, કોઈ-પણ કાંઇ કહે, એટલે મને અંદર ઓછું આવી જાય છે. અને ગુસ્સે થાઉં છું. ગુસ્સાથી ધુંધવાયેલો રહું છું, અને પછી ગમે ત્યાં ગમે ત્યારે તે ગુસ્સો એકદમ બહાર ઠલવાય જાય છે.

રમેશ: સારું થાય છે નહિ?

હરેશ: અરે સારું શું! બધાં મારાથી ડરતા રહે છે. એથી તો મને કોઇ જ માઠું લાગતું નથી. હું ઘણાંઓને ઓળખું છું, પણ કોઇને મારા કરી શકયો જ નથી. અરે મારા ભાઇઓ પ્રત્યે પણ મને તેવું જ છે. આજે દસ વર્ષ થયાં અમે છૂટાં પડયા છીએ. પણ ત્યાર-પછી એકપણ વખત હું એને મળ્યો નથી. શરુઆતમાં એક, બે, કાગળો એના આવેલા. જવાબ લખીશ એમ મનને લખવાનું કહી, મુલતવી રાખતો. અને પછી તો વચ્ચે લાંબો વખત પસાર થઇ ગયો. અને ન લખાયો તે નહિ જ લખાયો. આજે એ શું કરે છે, કેવું જીવન ગાળે છે, અને કેટલાં બચ્ચાં છે, એ વિષે કશી જ માહિતી નથી. આટલી બધી બેદરકારી મારામાં કેમ હશે? તમે કહેશો કે એના પર મારો ગુસ્સો ભરાયો હશે.

રમેશ: મેં તમને એવું કયારે પૂછયું કે તમારા ભાઇ પર તમને ગુસ્સો છે? આવું આરોપણ તમારાથી થઇ ગયું નહિ?

હરેશ: સાચે જ. મને મારા ભાઇ પર ગુસ્સો છે, કેમ છે, એ હું જાણતો નથી. પણ આવું તો મારી મા માટે પણ બનેલું. મારી મા મરી ગઇ ત્યારે, હું તેની પાસે હાજર રહી શકયો હોત. મારી પર તેના ગંભીર માંદગીના સમાચાર આવેલા. પણ મેં શનિ, રવિની રજાઓમાં ગામ જઇ આવવા ધાર્યું, અને જવાનું મુલતવી રાખ્યું. ત્યાં તો તેના મરી જવાના ખબર આવ્યા. આ મારી માને હું ત્રણ વર્ષ પહેલાં છેલ્લો મળેલો. મેં એને રેલ્વે સ્ટેશન પર છેલ્લી જોએલી. તે મને વળાવવા આવેલી, ત્યારપછી હું એને વખતોવખત પૈસા મોકલતો. કોઇ પાસે લખાવેલા, એના કાગળો આવતા, તે હું વાંચતો જ નહીં, કારણ કે દરેક કાગળમાં પૈસાની માગણી અવશ્ય આવવાની જ. આથી જ્યારે જ્યારે કાગળ આવે, ત્યારે મારા મનમાં ફાળકો પડતો, કારણ કે જે કંઇ થોડા પૈસા મારી પાસે બચતા, તેમાંથી મારે મોકલી આપવા પડતાં. એના મરી ગયા પછી કોઇ કોઇ વખત જ્યારે તેની યાદ આવે છે, ત્યારે મન ભારે થઇ જાય છે, મનમાં ડંખ લાગે છે અને થાય છે કે હું એને વધારે મદદ કરી શકયો હોત. તે માંદી પડી ત્યારે તેની સારવાર કરાવી હોત. પરંતુ એ જીવતી હતી, ત્યારે આમાનું કશું જ મને સૂઝયું નહીં. મને મારી મા પર ગુસ્સો હોવો જ જોઇએ, નહિ તો મને જે પ્રશ્ચા-તાપ આજે થાય છે તે ન થયો હોત. આમ તો મને હવે ઘણું યાદ આવતું જાય છે. તમારો વખત તો નથી થઇ ગયો ને?

રમેશ: ના રે ના. તમારા મનમાં જે યાદ આવતું હોય, તે વિના સંકોચે કહેતા જ જાવ. જરાયે સંકોચ મનમાં રાખ્યા વગર.

હરેશ: ત્યારે તો મને મારા બચપણનો એક પ્રસંગ યાદ આવે છે. અત્યારે મને એ પ્રસંગ કેમ યાદ આવ્યો હશે? હું તો તેને વિસરી જ ગએલો.

.....મેળામાં અમે બધાં ગએલાં. મારી મા હતી, તે મને યાદ છે. મારો ભાઇ હતો કે નહીં, એ મને યાદ નથી. પણ હોવો તો જોઇએ જ.... એ હતો કે નહીં, તે મને કેમ યાદ નહીં આવતું હોય?.. શું મને એ ઉભરે....છેક બચપણમાં એના પર તિરસ્કાર હતો, કે હું એને યાદ કરવા નથી માગતો.. જરૂર એમ જ હશે. હવે તો મને બીજો પ્રસંગ પણ યાદ આવે છે.. છેક બચપણમાં....હું જરુર બહુ નાનો હોઇશ મારા નાના ભાઇને હું બાબાગાડીમાં બેઠેલો જોઉ છું. હવે આ ચિત્ર વધુ સ્પષ્ટ થતું જાય છે. હું બાબાગાડી પાસે ઉભો છું. મારી મા મેડા પર કંઇક લેવા ગએલી અને હું... હું.... દાદરના બે પગથિયા ચડી, બાબાગાડીના બે હાથાને પકડી ઊંચી કરી, ઊંધી પાડી રહ્યો હતો, ત્યાં મારી મા આવી પહોંચી અને એકદમ ધાંટો પાડયો: 'આ શું કરે છે! તારા ભાઇને મારી નાખવો છે!' એ વાકય આજે પણ મને બરાબર યાદ આવે છે. શું હું એને મારી નાખવા આમ કરતો હતો? એ સિવાય બીજો હેતુ પણ શો હોય?....મારી મા મને વઢી કે મારો એ વિશે કશું જ યાદ આવતું નથી ..આ પ્રસંગ બન્યા પછી થોડા દિવસ પછી ત્યાં હું ભૂલો પડી ગએલો....હા. હું દોડતો દોડતો

આગળ જાઉં છું, અને રસ્તામાં ઊભેલા એક માણસે, પકડયો જ અને થોડી વારમાં જ મારી મા ત્યાં આવી પહોંચી. મારો હાથ પકડી તેણે કહ્યું, 'મેં આટલા બધાં ધાંટા પાડયા, ને તું ઊભો કેમ ન રહ્યો? આ સાંભળી, મને નવાઇ લાગી. મેં તો એનો એકે ધાંટો સાંભળ્યો નહિ. હું તો ખોવાય ગયો છું, જાણી આગળ ને આગળ દોડયે જ જતો હતો. હું જે કહેવા માગું છું, તે તમને સમજાયું છે.?

રમેશ : એટલે એમ કે, તમારે ખોવાય જવું હતું. તમારા માબાપ, ભાઇ પાસેથી દૂર જવું હતું. એથી તમારી મા બૂમ પાડતી હતી, તે પણ તમારાથી ન સંભળાઇ.

હરેશ : હા. એમ જ. પણ મને ભાગી કેમ જવું હતું? એનો અર્થ એમ જ કે, હું ઘરમાં સુખી ન હતો?

રમેશ : તમે તમારા ભાઈની, તમારા માની વાત કરી, પણ તમારા બાપાની તો કરી જ નહીં.

હરેશ : મારા બાપા એમના વિશે તો હું કશું જ કહેવાનો નથી. તેઓ, સાદા અને ભલા માણસ હતા. હું સોળ વર્ષનો થયો, ત્યારે તે મરી ગયા, અને મારા પર ઘરની મોટી જવાબદારી આવી પડી. મારે ભણવાનું છોડી નોકરીમાં જોડાવું પડયું. મને ઘણીયે વાર થઇ આવે, છે કે મારા બાપા વહેલા ન મરી ગયા હોત, તો મારે માથે આટલી મોટી જવાબદારી ન આવી પડત. આ માટે મનમાં કોઈકોઇ વખત કચવાટ થઇ આવતો. અને મારા ભાઇ-બ્હેન, મોટા થઇ ગયા પછી, અને મારી મા મરી ગયા પછી, જાણે મેં છુટકારાનો દમ ખેંચ્યો આવું કેમ થતું હશે? હવે મને વારંવાર લાગે છે કે એ દિવસોમાં એમની સાથે પ્રેમપૂર્વક વર્ત્યો હોત, તો આજે મને આમ પકડી રાખનો ભૂતકાળ, પકડી ન રાખત. એ દિવસના પ્રસંગ વારંવાર યાદ આવી જાય છે, ને મન પર ગ્લાનિ ફરી વળે છે. પશ્ચાતાપ થાય છે એમાં પ્રત્યાઘાત રુપે મારી પત્ની મારા બાળકોએ બધાંને જેમ ફાવે તેમ કરવા દઉં છું. તેમની વચ્ચે આવતો નથી છતાંય મારી પત્ની મને સ્વાર્થી કહે છે. હવે મને સમજાય છે કે, હું ખરેખર સ્વાર્થી છું. મને મારી જાત સિવાય, કોઇના પર પ્રેમ નથી. બધાં જ મને બોજારૂપ લાગે છે. અને જ્યારે મારું ધાર્યું નથી થતું, ત્યારે મને આઘાત થાય છે. ગુસ્સો આવે છે, ખોટું લાગે છે, અને છંછેડાઈ જાઉં છું. આવો ગુસ્સો મને ન થતો હોત તો કેવું સારું?

રમેશ : પણ તમે તમારા બાપા વિશે કહેવાનું ભૂલી જાઓ, બીજી વાત પર જ ઉતરી પડો છો નહિ? તમારા બાપા વિષે વાત કરવા સામે તમારા મનમાં વિરોધ છે, એ ચોકકસ દેખાઇ આવે છે.

હરેશ : તો મારા બાપાને પણ હું ધિક્કારતો હોઇશ. મને તેમના પર કંઇ ખાસ પ્રેમ હોય તેવું દેખાતું નથી. આનો તો અર્થ એમ થયો કે, હું મારા બાપા, મારી બા, ભાઇ એ બધાંને જ તિરસ્કારતો જ આવ્યો છું એટલે મને તેમના પર પ્રેમ જેવું હતું જ નહિ કશુંય!

રમેશ : પ્રેમ અને તિરસ્કાર આમાં તિરસ્કારને આપણે દૂર કરવા માગીએ છીએ, તેથી પ્રેમ એ આપણે માટે મૂંઝવનાર પ્રશ્ન નથી. પણ તિરસ્કાર એ આપણો મહાન કોયડો છે. તિરસ્કાર વિનાશક છે, એમ સમજીને, આપણામાંથી એને દૂર કરવા માગીએ છીએ. પણ જે તિરસ્કાર આપણામાં છે. એ કયાં જાય? આપણે તે દબાવી દઇએ છીએ. અને પછી તે અધીરાઇ, અજંપો ઉશ્કેરાટ, ગુસ્સો અકળામણ, ચીઢ, સ્વાર્થ, લોભ, બેદરકારી વિ. વર્તનો મારફતે બહાર આવે છે. એ તિરસ્કારને બહાર આવ્યા વગર છૂટકો જ નથી. આવા માણસો બીજાઓ સાથે સહકાર કે મૈત્રી કેવી રીતે રાખી શકે? એટલા માટે પ્રેમ એ આપણો પ્રશ્ન છે જ નહિ કારણ કે પ્રેમથી કોઇ મૂંઝવણ અસ્તિત્વમાં નથી આવતી.

આપણો પ્રશ્ન એ આપણો તિરસ્કાર છે. આને જો આપણે સમજીએ તો આપણી બધી માનસિક ચિંતાઓ જરૂર દૂર થઇ જાય. અને બીજાઓ સાથેના આપણા વર્તનો સહજ પણે મૈત્રી અને સહકારવાળાં જ બને.

હરેશ : તમે ક્યા બધું કહી રહ્યાં હતાં, ત્યારે મારા મન પાસેથી, મારા બાલ્યપણના કેટલાં બધાં પ્રસંગો એક પછી એક મારી નજર પાસેથી પસાર થઇ ગયા. હવે મને સમજાય છે કે મારા પોતાના કુટુંબમાં મારા બાપ, મા, ભાઇ ત્રણે પ્રત્યે મને તિરસ્કાર હતો. એ તિરસ્કારને લીધે જ હું બાલ્યપણમાં મિત્રો સાથે વારંવાર ઝઘડતો. મારામારી કરતો. રમતોમાં સ્પર્ધા કરી જૂઠું બોલતો, અને મોટી ઉંમરે પણ, તેમજ વર્તી રહ્યો છું.

રમેશ : આટલા માટે કુટુંબ એવી મહત્વની સંસ્થા છે કે, જેમાં માણસના સામાજિક વર્તનોના મૂળ

નંખાય છે. જ્યાં કુટુંબની વ્યક્તિઓ, પ્રત્યે તિરસ્કાર કરવાનું વલણ બંધાઈ જાય છે તે બાળક તેના ગોઠીયા સાથે મૈત્રી કે સહકારથી રમતો રમી શકતું નથી. તે બાળક મોટું થાય છે ત્યારે, પોતાના ઘરમાં પોતાની ઓફીસમાં, પોતાના પાડોશીઓ કે ઓળખીતા સાથે મૈત્રી કે સહકારથી રહી શકતો નથી. એ તો પોતાનો સ્વાર્થ, લાભ, અને બીજાને કેમ નુકસાન થાય, તેવા ખ્યાલોથી પોતાના વર્તનો કરે છે. જે બાળકને પોતાની મા પર ગુસ્સો આવે છે, તે સમાજને તિરસ્કારવાનો જ. બાળકનું ધાવણ એ એનુ સૌથી પહેલું સામાજિક વર્તન છે. અને એ વર્તનમાં જ તિરસ્કાર થઇ આવી, માને બચકાં ભરે તો તે બાળકમાં તિરસ્કાર કરવાનું વલણ ઘડાયા વગર રહેતું જ નથી આથી મા અને બાપ, બંને પર જો બાળકને તિરસ્કાર થઈ આવે તો તે બાળક, બીજાઓ સાથે તિરસ્કાર સિવાયનું વર્તન કરી શકતો નથી. તિરસ્કાર એના ચોખ્ખા સ્વરૂપમાં બહાર આવવાને બદલે ઢંકપીછોડો કરી, નવાં નવાં રૂપ લઈ, બહાર આવે છે. પણ મૂળમાં તો તિરસ્કાર જ હોય છે.

હરેશ: મારી બેદરકારી, ગુસ્સો એ બધાં પાછળ મોટો સ્વાર્થ રહેલો છે. એ તો મને બરાબર સમજાય છે, પરંતુ બીજાઓનું ભલુ કરવાની મારી હોંશ, ઝંખના હોય છે, એ પાછળ પણ શું તિરસ્કાર રહેલો છે?

રમેશ: જ્યારે આપણે બીજાઓના ભલાની વાત કરીએ છીએ, ત્યારે આપણો તે માટેનો હેતુ શું હોય છે? કોઇ સારું કામ કરવાથી મનમાં શાંતિ અને આનંદનો અનુભવ થાય છે, એવું આપણે ઘણાંઓને મોઢે સાભળીએ છીએ. આ ઉપરથી ચોખ્ખું નથી દેખાતું કે, બીજાના ભલા માટે નહિ, પણ પોતે શાંત મેળવવા માટે આવા વર્તન કરે છે. અને શાંતિ મેળવવાની જરૂરિયાત કયારે ઉભી થાય? પ્રેમ હોય તો શાંતિની જરૂર પડે કે? પરંતુ આપણે બીજાના પ્રેમની જરૂર હોય છે. આપણે બીજાઓ પાસે હમેશા પ્રેમની અપેક્ષા રાખીએ છીએ. જયારે આપણે મેળવતા નથી, ત્યારે આપણે આપણી અવગણના કરનાર, આપણી લાગણીઓને અસંતોષનાર પર ગુસ્સે થઇ તિરસ્કારીએ છીએ.

હરેશ: પછી શું થાય?

રમેશ: પરંતુ આપણે તે તિરસ્કારથી ગભરાઇએ છીએ, એ તિરસ્કાર જે વિનાશક છે, એ વ્યક્ત થયો. તો તેમાં આપણે પણ વિનાશ જોઇ શકીએ છીએ. તેથી એ તિરસ્કાર દબાવી રાખીએ છીએ. આ દબાવી રાખેલો તિરસ્કાર બહાર ધસી ન આવે, તે માટે તેના પર ચોકી રાખવી પડે છે. એ તિરસ્કારથી ગભરાતા રહીએ છીએ. આમ મનમાં સતત અશાંતિ, ગભરાટ, વિહ્વલતા અનુભવતા હોવાથી, તિરસ્કારને શાંત પાડવા, તિરસ્કારમાં વધારો ન થાય તે માટે બીજાઓ આપણને ચાહે કે ન ચાહે, તો પણ પ્રેમ રાખી, સર્વેનું ભલું કરવું જોઇએ એવી માન્યતા ઉભી કરી, અંદરના તિરસ્કારને દબાવી રાખવાનો સતત પ્રયાસ ચાલુ રાખીએ છીએ. એટલા માટે આપણે જેને ચાહીએ છીએ તેને તિરસ્કારતા વાર નથી લાગતી, એટલા માટે પ્રેમને તિરસ્કારમાં બદલાઇ જતાં જોઇએ છીએ.

હરેશ: ત્યારે તો બચપણથી બાળકને તિરસ્કાર દબાવવાની જરૂરિયાત ઉભી ન થાય તે તરફ તરત જ માબાપનુ લક્ષ જવું જોઇએ. અને જે બાળકને તિરસ્કાર દબાવવો પડતો નથી, તે બાળક તેના મિત્રો સાથે મૈત્રીભાવથી રમતો રમી શકે અને તે જ બાળક મોટી ઉમરે સામાજિક જીવનમાં મૈત્રી અને સહકારથી જીવી શકે છે. તે બાળકને 'તારા પડોશીને ન માર.' તેમ શિખવવું પડતું નથી. એમ જ તમારું કહેવું છે ને!

રમેશ: બરાબર, પરંતુ એક વસ્તુ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. દરેક બાળક, દરેક વ્યક્તિ બીજા એની પર પ્રેમ રાખે તેવું ઇચ્છે છે. બાળકની સંભાળ એની મા રાખે, તેવી તેમનામાં અપેક્ષા રહેલી જ હોય છે. જ્યારે અપેક્ષાનો વિરોધ કરવામાં આવે છે, ત્યારે જ તિરસ્કાર પ્રત્યાઘાત રૂપે પ્રગટ થાય છે. અને એ તિરસ્કારને દબાવી રાખવો પડે છે. આથી પછી માણસને બીજા પર, માબાપને બાળકો પર પ્રેમ રાખવો હોય છે તો પણ રાખી શકતા નથી. આ એક બહુ જ અગત્યની ઘટના છે.

હરેશ: તો બાળકની ટેવો, રીતભાત એ બધાં આ પરિસ્થિતિ પર આધાર રાખે છે એમ જ કહેવાયને!

રમેશ: હા. જે બાળકને માબાપનો પ્રેમ મળ્યો હોય, જે બાળકમાં માબાપ પર ગુસ્સો કે તિરસ્કાર નથી, તે બાળક પોતાની મેળે જ સુંદર રીતે વિકાસ પામે છે. એવા બાળક માટે ખરાબ સંગનો પણ ભય રાખવાનો હોતો નથી. એવું બાળક જૂઠું બોલનારા, ચોરી કરનારા, કે ગમે તેવી ખરાબ સોબતમાં હોય તો પણ તેને તેની અસર થશે નહિ. સાચું કહીએ તો જે માબાપે

છોકરાને પ્રેમ આપ્યો નથી, અને બાળકમાં ઉદ્‌ભવેલા તિરસ્કારને જુદા જુદા રસ્તે (ધાકધમકીથી,) થા દબાવરાવેલો હોય છે તેવા માબાપને જ હમેશાં પરિસ્થિતિ–બરાબ મિત્રોનો ભય લાગે છે. તેવા માબાપ બાળકોને તેમના મિત્રો પસંદ કરવા દેતા નથી. અને છોકરાને ઘરમાં ભરી રાખે છે. અને આવા જ બાળકો નાની કે મોટી ઉમરે, જેમાંથી બાળકોને રોકી રાખેલા તેવા જ વર્તનો તે કરે છે. રીતભાત કે શિષ્ટ કે સારૂ કહેરાવવાને બ્હાને, સારી ટેવો પડાવવાને બ્હાને માબાપ પોતાના જ બાળકો પર પોતાનો તિરસ્કાર ઠાલવતા હોય છે. એને બદલે માબાપ બાળકની પ્રેમની જે જરૂરિયાત છે તે જ આપે તો પછી બાળકને ગભરાવવાનું રહેતું જ નથી. પણ તિરસ્કાર જેમના મનમાં ભરેલો છે, એવા માબાપ પણ શું કરે? તેઓ પોતે જ પોતાના તિરસ્કારથી ગભરાતા હોય તો બાળકને પ્રેમ કયાંથી આપી શકે? બાળક કેવા અને કયા મિત્રોને પસંદ કરશે, તેનો આધાર માબાપ અને બાળક વચ્ચેના સંબંધ પર છે, એમ જ તમારૂં કહેવું છે ને?

હરેશ: હા. બાળકમાં બચપણમાં કે મોટપણે પણ તેના મિત્રોની સારી અસર પડવાની છે, કે ખરાબ કે બીજાઓ સાથે મૈત્રીથી, સહકારથી કે સ્વાર્થી કે એકલવાયો બની વર્તન કરવાનો છે તે બધાનો આધાર તેના માબાપ પ્રત્યે તેનો કેટલો પ્રેમ કે તિરસ્કાર છે તે પર છે. એક છોકરો તેના માબાપ કહે તે બધું જ કરતો. આજ્ઞાંકિત તરીકે એની ગણના કરવામાં આવતી. જ્યારે તેના માબાપને ખબર પડી કે બરાબ સોબતમાં પડી ગયો છે. ત્યારે તેઓ ઉશ્કેરાઈ ગયા. અને તેને ઘર બહાર જવાની મનાઈ કરી. બીજે જ દિવસે એ છોકરો ઘરમાંથી ભાગી ગયો, માબાપ ગભરાઈ ગયા શું કરવું, તેની સૂઝ ન પડી. આજ્ઞાંકિત છોકરો આમ એકાએક કેમ પલટાઈ ગયો તેનું કારણ, તો સોબત માની લીધું. જ્યારે મેં તેમને સમજાવ્યું કે આવા વર્તન પાછળ તે છોકરાનો અજ્ઞાત હેતુ તમને શિક્ષા કરવાનો હતો. બરાબ સોબતમાં પડેલો છોકરો માબાપને લાંછન લગાડે છે, એવું માબાપ પોતે માનતા હોય છે. મેં એમને પૂછ્યું કે તમારો છોકરો જે આજ્ઞાંકિત હતો, તેણે તમને શિક્ષા કરનારૂં નિવડે તેવું વર્તન કેમ કર્યું હશે? એનો જવાબ એમની પાસે ન હતો. જ્યારે મેં તેમને સમજાવ્યું કે એ છોકરાના મનમાં તેમના તરફ ગુસ્સો દબાવી રાખેલો પડેલો હતો. જે અવસર મળતાં બહાર નીકળી આવ્યો. માબાપ તો આવું પકડી રહ્યા કે તેમનો તે છોકરો આજ્ઞાંકિત હતો. મેં તેમને ફરી સમજાવ્યું કે આજ્ઞાંકિતપણું એ ગુસ્સો ભય અને દૈન્યપણાની લાગણીમાં ઉદ્‌ભવે છે. જે બાળકને માબાપ પ્રત્યે પોતાનો ગુસ્સો વ્યકત કરતાં ડર લાગે છે, તે બાળકમાં દૈન્યપણું આવી જાય છે, અને એ ડરથી પ્રેરાઈને આજ્ઞાંકિત બને છે. આજ્ઞાંકિતપણું પ્રેમનું પરિણામ નથી!

રમેશ: તમે આ કહ્યું, તે સાંભળીને એ માબાપ તમારી પર ગુસ્સે થઈ ગયા હશે.

હરેશ: મારી પર ગુસ્સો તો કર્યો નહિ. મેં તેમને જે કહ્યું, તે તેમને ગમ્યું નહોતું પણ હું જે કહી રહ્યો હતો તેમાં વાસ્તવિકતા હતી, તે તેમની દ્રષ્ટિબહાર ન હતું.

રમેશ: ત્યારે તો તેઓ સમજી ગયા હશે.

હરેશ: બહુ જલ્દી નહિ. પરંતુ પરિણામ એ આવ્યું, કે તેઓ અંદર અંદર વાદવિવાદ કરવા લાગ્યા. પતિએ પત્નીને પ્રહાર કર્યા. અને પત્નીએ પતિના સ્વભાવની નિંદા કરી, ત્યારે હું તેમને બતાવી શકયો કે બહાર બીજાઓને બતાવીએ છીએ કે આપણને આપણા વિષેની જે માન્યતા હોય છે તેવા આપણે હોતાં નથી. બીજાઓ આપણા વિષે શું માને છે. એ તરફ લક્ષ આપી તેનો વિરોધ કરવાને બદલે, એમાં ઘણું તથ્ય છે એ સ્વીકારવાથી જ આપણી જાતને આપણે વધુ ઓળખી શકીએ તેમ છીએ. પતિપત્નીએ પછી તો ખૂલ્લે દિલે એમના મનમાં જે હતુ, તે કહી નાખ્યું. અને પોતપોતાના વિષેની સાચી સમજથી ઘેર ગયા.

પછી શું થયું?

એ છોકરો એની મેળે જ ઘેર આવ્યો. એના માબાપે એને ધમકાવ્યો કે શિક્ષા કરી નહિ. અને જાણે કશું જ બન્યું નથી, તેમ વર્ત્યાં.

—ડો. રમણલાલ પટેલ.

[આકાશવાણી, મુંબઈના સૌજન્યથી]

આપનું લવાજમ

આપનું લવાજમ જો પૂરું થયું હોય તો તરત જ મોકલાવી આપવા વિનંતિ છે.

—વ્યવસ્થાપક

સંસ્કારના વહેણો

(ગતાંકથી સંપૂર્ણ)

'આ નાનો બાબો જુઓ, કેવો લ્હેરથી રમે છે? પણ તમને એ પકડી જશે એવી બીક છે. એટલે તમારે એને પકડીને બોળામાં પૂરી રાખવો છે' હવે, એને આઝાદી પસંદ છે. પણ તમે એને બોળામાં બાંધીને જતે દહાડે બોળાવાસી બનાવી દેશો. અને પછી તમે એને ધક્કો મારીને આઘો કાઢશો ને કંટાળશો.'

'વળી તમે જોયું કે એટલો દોઢ વરસનો બાળક પણ સમજી ગયો કે ચશ્માની લાલચથી આ લોકો મને ફસાવે છે. ચશ્મા તો મળવાના નથી. અને આપણે જેલમાં પૂરાવાનું છે.' એટલે એ ભાગી છૂટ્યો!

'આમાં પણ બે વાત બની ગઇ. એક તો એ કે આટલી નાની ઉંમરથી જ એને પાઠ મળવા લાગ્યો છે કે આમ લાલચથી બીજાને ફસાવાય. અને બીજી એ કે જૂઠું બોલવું એ કંઇ ખરાબ નથી. પછી મોટપણે તમે એને હરિશ્ચંદ્રની કથા કહો કે વોશિંગ્ટનનો પાઠ પઢાવો એમાં શું વળે....' જૂઠાણાંના મૂળ તો અહીં આટલી વયથી જ નાખવાનું આપણે શરૂ કરી દઇએ છીએ.

બીજી વાત:

આ રમુભાઇએ એના બહેનને લાકડી મારી એ પ્રસંગ લ્યો:

રમુભાઇએ માર્યું એટલે બહેને ફરિયાદ કરી.

જવાબમાં શું બન્યું? અને કહેવામાં આવ્યું કે એટલામાં એને શું વાગી ગયું? પરિણામે રમુભાઇએ જાણ્યું કે પોતે મારે છે એ કંઇ અસર કરતું નથી. અને પોતે વિશેષ મારશે તો ય મા પોતાની બાજુ લેશે એટલે એણે જોરથી મારી. અને છતાંય રમુભાઇને ન વારતાં બહેનને બે-ધબ્બા વિશેષ ખાવા પડ્યા!

'આમાં આપણે કેટલાં કુસંસ્કારો વાવી રહ્યાં છીએ એનો કદિ તાળો કાઢ્યો છે! એક બાજુ રમુને જુલમી, અન્યાયી થવાનો પાઠ આપીએ છીએ. બીજી બાજુ છોકરીને સદાય કચડાતી રાખીએ છીએ. આ જ બાળકો મોટા થઇને અત્યારે સમાજમાં એક જાતિ જુલમ કરે છે અને બીજી જાતિ કચડાતી જીવી રહી છે—આમાં માણસાઇ ક્યાંથી વિકસે?'

બધાં લોકો મૂંગા જ થઇ ગયા હતા.

ચશ્માવાળાભાઇ પણ આછું હસતાં સાંભળી રહ્યા હતા.

જયન્તિભાઇ આગળ બોલ્યા:

'માત્ર વહેલા ઉઠવું, નહાવું, ધોવું કે બરાબર ભણી જવું—એ માટે આ બાલગૃહ નથી. એ તો છે—આ તમને વાત કરી એવાં અનેક ઊંડા સંસ્કારના વહેણો વહાવવા માટે.'

'બાળકને સમજવા માટે આપણે મોટેરાંઓએ પાઠ ભણવા પડે છે. એ માટે તપ તપવા પડે છે.'

જયન્તિભાઇનું બોલવું બંધ થયું.

વખત ઘણો થઇ ગયો હતો એટલે એ લોકો ઉઠ્યાં.

બધોય વખત મૂગા બેસી રહેલા એક ભાઇ જયન્તિભાઇ પાસે આવ્યા અને હાથ મિલાવતાં બોલ્યા:

"તમારી વાત સાચી છે. બાળકને સમજવું એ બહુ કપરું છે. હું ડોકટર છું. હું મોટેરાંની દવા કરી શકું છું. પણ બાળકની નહીં.'

એ લોકો ગયા.

પાછા ફરીને જયન્તિભાઇ બોલ્યા:

'સુમનભાઇ, સંસ્કારોની બાબતમાં તો આપણે સામાન્ય સંસ્કારો પણ ધરાવતા નથી.

—હું કબૂલ કરું છું કે બાલગૃહનો વિચાર બધાંને ગમવો જ જોઇએ એમ ન હોય. પણ સંસ્કારી માણસ બાળગૃહ જોવા આવે અને એને કદાચ આ વિચાર ગળે ન પણ ઉતરે. પણ એ સંસ્કારી માણસ કહી તો ન બતાવે, અને મ્હોં ઉપર એ દેખાવા ન દે પણ આપણા લોકો તો ઉઘાડે છોગ જાણે આ જેલ ખાનું હોય કે અનાથ ઘર હોય તેવી રીતે વાતો કરતાં જરા કે અચકાતા નથી?'

ઠીક જ છે!

—એજસ્

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં 'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ', એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

ભૂતના ભયથી મૂકત થયા

આજનો કેળવાયેલ યુવાન–યુવતી પણ જ્યારે જૂનવાણી વિચારસરણીમાં રાચે છે ત્યારે આપણને થાય છે કે આ આમ કેમ ? એનું કારણ એ જ છે કે મા–બાપો તરફથી મળેલી જૂની રૂઢ માન્યતાઓ, જેને માનસ-શાસ્ત્રમાં સ્થિર વલણો કહેવામાં આવે છે, તે સ્થિર વલણો વારસામાં અને આજુબાજુના વાતાવરણમાંથી મળતા હોય છે. સારા અને સુંદર સ્થિર વલણો માટે સારું વાતાવરણ અને શાસ્ત્રીય શિક્ષણ આપનારની જરૂર છે. સાચો શિક્ષક સ્થિર વલણો સર્જવા માટે બાલભોગ્ય અને તર્કશુદ્ધ વિચારોનો ઉપયોગ કરી બાળકમાં સ્થિર વલણોનું મૂળ રોપી શકે છે.

કુમારમંદિર ધોરણ ૪થામાં હું વ્યાકરણનો પાઠ આપતો હતો. કાળ વિષયક પાઠઃ વર્તમાન કાળ, અને ભવિષ્યકાળનો ખ્યાલ આપવાનો હતો. ભૂતકાળ એટલે-વીતી ગયેલ સમય, બનાવ, વાત કે ક્રિયા. અને મને ભૂતની બિહામણી માન્યતાની યાદ આવી. ભૂતકાળના પાઠ સાથે ભૂતની વાતને સમન્વીત કરવી ઠીક લાગી. અને મેં કહ્યું, "આપણાં મગજને એવી ટેવ છે કે જે જુએ, અનુભવે તેને ભૂત બનાવી મગજમાં સંગ્રહી રાખે છે. અને જ્યારે જ્યારે યાદ કરીએ છીએ કે કોઈ પૂછે છે ત્યારે જોયેલા અને અનુભવેલા બનાવોનું ભૂત જે આપણા મગજમાં છે તે આપણી નજર આગળ આવે છે.' અને આપણે તેનો જવાબ આપીએ છીએ. ભૂત બનાવવાની ભેટ ઈશ્વરે આપણને આપી છે.

તમે તમારાં ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને વાર્તાઓ શી રીતે યાદ રાખો છો ? જ્યારે તમે વાંચો છો, સાંભળો છો ત્યારે તે બધાનું ભૂત થઈ મગજમાં ભરાઈ બેસે છે અને જ્યારે હું તમને પૂછું છું કે શાહજહાં કોણ હતો ? તેણે શું કામ કર્યું હતું ત્યારે તમારા મગજમાંથી તમે જે વાર્તા મારી પાસેથી સાંભળી હતી તેના ભૂતને યાદ કરી તમે જવાબ આપો છો.

તમે હમણાં 'રામરાજ્ય' કે 'બૂટ પોલીશ' ચિત્ર જોયું હશે. તમારા સ્વપ્નમાં લવ અને કુશ આવ્યા હશે. 'બૂટ પોલીશ'માંના પેલાં ભાઈબહેન રડતાં રડતાં સ્વપ્નામાં જોયાં હશે 'હા, હા. ગોવિંદભાઈ બરાબર મને એ સ્વપ્નું આવ્યું હતું,' ચંદ્રેશ બોલી ઉઠયો. મેં કહ્યું, 'તમે જે ચિત્ર જોયું તેનું ભૂત તમારા મગજમાં રહેલું, તે સ્વપ્નામાં આવે. તમે ઘણી વખત દૂરથી આવતી બેનને તમારી બા જાણી ભ્રમ મારો છો. પણ નજીક આવતાં તમને થાય છે કે અરે ! આતો મારી બા નથી..... 'ખરી વાત, ખરી વાત ગોવિંદભાઈ; એકવાર મને પણ આવું થયું હતું. મા બા કરતો હું બેન પાસે દોડી ગયો. પણ પાસે જતાં હું શરમાઈ ગયો. તે મારી બા નહોતાં.' આશ્ચર્ય મિશ્રિત આનંદ અનુભવતાં બચુ બોલી ઉઠયો. મેં કહ્યું 'તમારા મગજમાં તમારી બાનું ભૂત હોય છે અને જ્યારે તમે તમારી બા જેવી બેનને જુઓ છો ત્યારે તમારી બાનું ભૂત આવે છે અને પેલી બેન જે તમારી બા નથી, તમને તમારી બા લાગે છે. પણ નજીક જતાં તમને લાગે છે કે એ બેન તમારી બા નથી કારણ તમારી બાના ભૂત સાથે તે મળતાં આવતાં નથી.'

કેવી નવાઈ ભરી વાત છે ! આપણી જીવતી

આર્યઔષધિની સર્વોત્તમ દવાઓ

બાલગુટી : બાળકોની ઔષધમાતા. આ બાલગુટીના સેવનથી બાળકો આનંદીત રહે છે તથા બાળકોને જરૂરી પોષણ મળી શરીરની ઉત્તમપણે ખીલવણી થાય છે. કી. ૫૦ ગોળીની બાટલીના આઠ આના.

મહિલા મિત્ર સ્ત્રીઓનાં સ્વાભાવિક રોગો દૂર કરે છે. ગર્ભાવસ્થામાં પોષણ આપનાર તથા પ્રસૂતિ બાદ શક્તિવર્ધક. કી. બાટલીના રૂા ૨) બે.

બ્રાહ્મી તેલ આર્યઔષધિનું બ્રાહ્મી તેલ અનેક ઔષધિઓના અર્ક સમાન હોઈ ઉત્તમ કેશવર્ધક, કેશરક્ષક તથા મધુર સુગંધવાળું છે. કી. બાટલીના રૂા. ૨) બે.

નાના મોટા સૌ માટે પુષ્ટીકારક આર્યઔષધિનો ઋષ્ટવર્ગ ચ્યવનપ્રાશ અવશ્ય વાપરો.

આર્યઔષધિ ગાયવાડી, કાવેલ સ્ટ્રીટ, સ્વદેશી માર્કેટ પાછળ, મુંબઈ ૨

સ્ટોકીસ્ટસઃ—

જાદવજી ગોરધનદાસની કું.

૫૮–૬૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

બાનું ભૂત આપણા મગજમાં રહે છે અને સ્વપ્નામાં પણ આપણી બા ઘણી વખત આપણને લાડુ, દોળ-ભાત શાક જમાડે છે. આપણે જમીએ પણ છીએ. અને પાણી માગીએ છીએ ત્યારે બા કહે છે. "જા, તારા હાથે લઈ લે," અને આંખ ઉઘડી જાય છે. ત્યારે ખબર પડે છે કે અરે હજી તો રાત છે. અને બા તો સૂતેલી જ છે આપણા મિત્રો પણ સ્વપ્નામાં ભૂત બનીને આવે છે.... એક મહાન કોયડાનો ઉકેલ મળી ગયો હોય એટલા આનંદથી ચંદ્રેશ બોલી ઉઠ્યો, "હા, હા, બરી વાત! એક દિવસ સ્વપ્નામાં મનહર મારા ઘેર આવ્યો. અમે બેઉ છાપરે પતંગ ચઢાવવા ચઢ્યા. પણ મારા બાપુજીએ ધમકાવી કાઢ્યા અને મનહર દોડી ગયો. મારી આંખ ઉઘડી ગઇ."

બરાબર છે. જીવતા માણસો ભૂત બની આપણા સ્વપ્નામાં આવે છે, કારણ આપણી બધી રમતો, વાતો વિગેરેને ભૂત બનાવવાની આપણા મગજને ટેવ છે. જીવતાં માણસો ભૂત બની સ્વપ્નામાં આવે તો આપણાં મરી ગયેલ બહેન-ભાઇ, બા-બાપુજી કે મિત્ર આપણી સાથે રહેતાં છે તેમનાં ભૂત પણ સ્વપ્નામાં આવે તેથી આપણે શા માટે ડરીએ. બધાં બોલી ઊઠ્યાં, "બરાબર, બરાબર બીક ન લાગે." મેં કહ્યું, 'તો પછી આપણા બા-બાપુજી આપણને ભૂતથી ડરાવે છે. તે ભૂત કે બાધડા બોટાં છે. એ તો સ્વપ્નાં છે ભૂતકાળ છે. આપણું મગજ બનેલી, જોયેલી, અનુભવેલી વસ્તુનું ભૂત ન બનાવતું હોય તો તમે તમારા પાઠ યાદ શી રીતે રાખી શકો? ભણી શી રીતે શકો? આંક શી રીતે યાદ રાખી શકો?

'બરોબર છે ગોવિંદભાઇ. હવે હું ભૂતથી નહિ ડરું,' રજનીકાંત બોલી ઉઠ્યો. મેં કહ્યું, 'ભૂત એટલે બની ગયેલો બનાવ અથવા ક્રિયા, અને કાળ એટલે સમય. ભૂતકાળનો અર્થ બરાબર સમજ્યો ને?'

'હા, હા' બધા બોલી ઉઠ્યા. અને વર્ગ વીખ-રાયો.

—ગોવિંદભાઈ લ. યાજ્ઞિક

લેબલ્સ (LABLES)

લીથો તથા ગોલ્ડન એમ્બોઝ

એન. એસ. પારેખની કું.

લેબલવાળા

: ફેક્ટરી :

પારેખ ચેમ્બર્સ, કિંગ્સ-સર્કલ, માટુંગા, મુંબઇ—૧૯

: બ્રાંચ :

પારેખવાડી, મોગલ કોસ લેઇન, માહીમ, મું.—૧૬

પ્રિન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ બિલ્ડિંગ, મું—૨

ટેલીફોન: માટુંગા ૬૦૪૭૭ માહીમ ૬૨૨૮૮ પ્રિ.સ્ટ્રીટ ૨૭૮૮૯

ગ્રામ્સ: 'LABLES', Matunga, Bombay.

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે એ તમને ગમે છે?

તો આજે જ મંગાવો

હિંદમાં જ બનેલી શુધ્ધ સ્વદેશી

રંગીન પેન્સિલો

લખો:

એકમે એજન્સીજ

(પેન્સિલો બનાવનારા)

મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,

કપાસિયા બન્દર

અમદાવાદ ૨.

બાળ–વિભાગ



પત્ર લખવાનું સરનામું:
બાળવિભાગ ફેરસરણાગ
વડોદરા, ૨.

વહાલા દોસ્તો,

દર વખતની જેમ પાછાં આજે આપણે મળીએ છીએ. શિયાળાની મીઠી મધુરી ઠંડીમાં તાપવાની મઝા આવે છે. અમે રોજ સાંજે તાપતાં જઇએ છીએ ને તમારે માટે છાપવા લેખો ને ચિત્રો બનાવીએ છીએ

આ વેળાએ અમારા 'ક્રિડા' નામનાં ઘરમાં બહુ ધમાલ છે. એક ટોળી બાળકો માટે સરસ નાટકની તૈયારી કરે છે. નાનાં મોટાં બધાંએ પોતપોતાનું કામ વહેંચી લીધું છે. એક ખૂણે કપડાં સીવાતાં હોય તો બીજા ખૂણે જાહેર ખબરના કાગળ ગોઠવાતા હોય. તમેય નાટક કરજો. મઝા આવશે નાટક કરો તો અમને લખજો; અમે એ ખબર છાપીશું.

ગયા વખતનું હરણનું ચિત્ર તમને ગમ્યું હતું ને! એ ચિત્ર હાથથી કોતરેલું છું. આ ચિત્રને 'લીનોકટ' કહેવાય. 'લીનોલીયમ' નામની જમીન પર પાથરવાની રંગબેરંગી બીછાત આવે છે ગુંદરપાટ ઉપર પોચા વહેરનું પડ પાથરીને આ બિછાત બનાવવામાં આવે છે. આ પોચો લાગ કોતરવાના ટાંકણાથી કોતરાઈ જાય અને અંદર ચિત્ર કોતરાઇ જાય. આ રીતે 'લીનોકટ' બને. (કટ એટલે અંગ્રેજીમાં કાપવું) આ વેળાએ પણ સરસ ચિત્ર છે.

મોહન, મંગુ અને શારદાબેનના પત્રો વાંચવામાં મઝા આવી. તમે બધાં આવા પત્રો લખતા રહેજો.

તમારો જ

રમેશ કોઠારી

કોણ છે?

'લાંબી ટાંગી' કોણ છે?
સરકસનો ધનચક્કર
'જાડી કોઠી' કોણ છે?
સરકસનો ધનચક્કર
વાંકું ચૂંકું ચાલે કોણ?
સરકસનો ધનચક્કર
ગાંડુ ઘેલું બોલે કોણ?
સરકસનો ધનચક્કર
કાળા ધોળે બેઠે કોણ?
સરકસનો ધનચક્કર
કાબર ચીતરા વેશે કોણ?
સરકસનો ધનચક્કર
થન્નક થન્નક નાચે કોણ?
સરકસનો ધનચક્કર
હાથી પૂંછડે બાઝે કોણ?
સરકસનો ધનચક્કર
વાઘને સતાવે કોણ?
સરકસનો ધનચક્કર
બચ્ચાંને હસાવે કોણ?
સરકસનો ધનચક્કર

હું સરકસનો બનું ખેલાડી

હું સરકસનો બનું ખેલાડી,
ખેલ કરું હું ભારી ભારી.
મોટર ગાડી,
ફટ ફટ ફટ,
ફૂદકો મારે,
ઝટ ઝૂટ ઝટ,
ફરશે એતો એવી સારી,
હું સરકસનો બનું ખેલાડી.
ઘોડા મોટા,
દોડે ખૂબ,
વા વા કેવાં,
કેવાં રૂપ,
નીકળે મારી રોજ સવારી,
હું સરકસનો બનું ખેલાડી.
હીચકા ઊંચા,
ઊંચા છેક,
લેશું મોટા,
અડે દશેક,
જોજો બહાદુરી જી મારી,
હું સરકસનો બનું ખેલાડી.

—ર. કોઠારી

ખાદી

ખાદીમાં ગુણ છે બહુ, થોડા બેસે દામ,
માટે સૌ ઉમંગથી, વેચો ગામો ગામ.
ખાદીના યંત્ર તણો, સૌ જાણે મહિમાય,
પ્રાચીનમાં સૌ જાણતા, પાછો ઉદય થાય.
ખાદી ઘરો સૌ ખંતથી, ખાદીથી સુખ થાય.
લક્ષ્મી રહેશે દેશમાં, વિદેશે નહિ જાય.
સુતર કહે સૌ સાંભળો, તાર તણો ઉદ્ગાર.
ખાદી બનાવી ખંતથી, પહેરો ને આ વાર.
મહાત્માજીના વચનપર, સૌ રાખો વિશ્વાસ,
કામ કરો સૌ ખંતથી, નવ થાશો ઉદાસ.
ખાદીને ગ્રહણ કરો, નવ કરશો તમે રોષ,
મહાત્માજી કહે સમજીને, કાઢો ન કોઇનો દોષ.

—શાહુ વિનયચંદ અમૃતલાલ

જોકર

સરકસના જોકરને જોજો.
હસજો સૌ એ હો હો,
કેવી વાતો કેવી લાતો,
ગમ્મતનો એ ગોળો.

—શ્રી સાન્તાન ડીમેલો

જોડી

હંસલાની જોડી,
કેવી જોડી જમીજી!
જાણે ઘોળી હોડી,
હોડી ઘોળી ચાલીજી!
એતો ધીરે ધીરે ચાલે,
એતો ધીરે પાણી ઉપર આ'લે,
જાણે વાદળી આકાશે,
ધીરી ધીરી ચાલીજી!

હંસલાની જોડી,
કેવી જોડી જમીજી!
એની ડોકી રૂડી ફરે,
એતો ચાંચ પીળી કરે,
જાણે પરી રાણી,
નાચી નાચી ચાલીજી!
હંસલાની જોડી,
કેવી જોડી જમીજી!

—શ્રી સુરેશ્વરસિંહજી, રાજપીપલા

આવરે હંસલા!

આવરે હંસલા!
અમારે ઘેર,
આવને કરશું,
લીલા લે'ર.
આવરે હંસલા!
ચણવાને આવ,
આપણે રમશું,
તાણીનો દાવ,
આવરે હંસલા!
ના'વાને આવ,
મારી તલાવડી,
ભાલી છે સાવ,
આવરે હંસલા!
આવરે હંસલા!
આવરે હંસલા!

શ્રી મધુ કોઠારી

: ગાંધો છે :

એક ગામમાં ફરતા ફરતા બે સાધુ આવી ચઢયા. એક શેઠને ત્યાં ઉતારો કર્યો. એક જણ ઘેર રહ્યો અને બીજો નદીએ ન્હાવા ગયો.

શેઠે પેલા પાસે આવીને પૂછ્યું, 'પેલા નદીએ ન્હાવા જે મહારાજ ગયા છે તે કેવા છે?'

'કેવળ ગધ્ધો છે' સાધુએ કહ્યું.

પેલો સાધુ નાહીને આવ્યો એટલે બીજો ગયો. શેઠ વળી પાછા આવ્યા. અને જે સાધુ નદીએ ગયા હતા તેમના વિશે પૂછ્યું.

'એ મહારાજ કેવા છે?'

'જવા દોને વાત. કેવળ બેલ છે.' બીજા સાધુએ કહ્યું.

જમવાનો વખત થયો બંને ઉમંગમાં જમવા બેઠા. શેઠે અંદરથી થાળીઓ આણી. એકની પાસે ઘાસ ધર્યું અને બીજાની પાસે ભૂસું.

સાધુએ પૂછ્યું:- 'આમ કેમ?'

'કેમ ભૂલી ગયા? તમે જ કહ્યું હતું ને કે આ મહાત્મા ગધ્ધા છે. તો એને ભૂસું આપ્યું છું અને આ મહારાજે તમોને બેલ કહ્યા તો તમેનો ઘાસ આપ્યું. જે જેનો ખોરાક હોય તે જ તેને આપવો જોઈએ.ને' બંને સાધુઓ ભોંઠા પડયા.

—શાહ વિનયચંદ અમૃતલાલ



નાના હંસલા

નાના નાના હંસલા,
ને ગોરાં ગોરાં રૂપ,
જોતાં મારું મનડું નાચે,
નાચેજી એ ખૂબ.

—શ્રી લીલી જોશી

ચીનનું ઝુલઝુલ

ચીન દેશમાં એક રાજા રાજ કરે. તે બહુ નામીચો રાજા હતો. તેણે એક એવો મહેલ બનાવડાવેલો કે તેની બાંધણી અને કારીગરીનો દુનિયામાં જોટો નહિ જડે. તે જોવા દૂરદૂરના પરદેશીઓ આવે. જોઇ ગએલા પ્રવાસીઓ તે મહેલ વગેરેના બારોબાર વર્ણાણ પુસ્તકમાં છપાવે.

એક દિવસ રાજાએ પુસ્તક વાંચ્યું : 'રાજાનો મહેલ તો ઉત્તમ છે જ. પણ એનાથી યે વધારે ઉત્તમ ત્યાંનું ઝુલઝુલ છે.'

રાજાએ તરત દરબાર ભર્યો અને પુસ્તકમાંથી ઝુલઝુલની હકીકત વાંચી સંભળાવી. પછી સૌને સવાલ કર્યો : "ઝુલઝુલ એ શી વસ્તુ છે ?"

કોઇએ જવાબ દીધો નહિ. કારણ કે ઝુલઝુલ વિષે કોઇ જ કંઇ જાણતું નહોતું.

રાજાએ કહ્યું : " પરદેશીઓ ઝુલઝુલને જોઈ જાય, છતાં હું, તમે કે આપણા રાજ્યોના કોઇપણ ઝુલઝુલને જાણે નહિ, એ ઓછી નવાઇની વાત છે ! માટે પ્રધાનજી, એ ઝુલઝુલની ભાળ કઢાવો."

પ્રધાને રાજના એકેએક ભાગમાં હોશિયાર માણસોને મોકલી દીધા. પ્રધાન પણ બધેય ઘૂમવા લાગ્યો. દિવસ પર દિવસ વીતવા લાગ્યા, પણ ઝુલઝુલનો પત્તો લાગ્યો નહિ.

પ્રધાનને માથે ઝુલઝુલ શોધવાની જવાબદારી હતી.

એક દિવસ પ્રધાન અને તેની ધણિયાણી વચ્ચે ઝુલઝુલની વાત ચાલી રહી હતી. તે તેમના ઘરમાં વાસીદું વાળતી ભીલની છોડી સાંભળી ગઈ. તે બોલી ઊઠી : "ઝુલઝુલ તો મારી મા રહે છે, તે જંગલમાં છે."

પ્રધાને નવાઇ પામી પૂછ્યું · "શું તું બરુ કહે છે ?"

છોડીએ કહ્યું : "બાતરી કરવી હોય, તો ચાલો મારી સાથે, બતાઉં."

આ સાંભળી પ્રધાનનું શેર લોહી વધ્યું. વિલંબ ન કરતાં પ્રધાન પોતાના માણસો સાથે છોડી સાથે જાય ચાલ્યા. રાજધાની છોડી, ગામો છોડ્યાં, જંગલો વટાવ્યા છેવટે એક ગીચ જંગલમાં આવી પહોંચ્યાં.

પેલી છોડી બોલી: 'આ મારી માનું જંગલ આવી પહોંચ્યું. ચાલો આગળ.'

સૌ છોડીની પાછળ પાછળ ચાલ્યા, દૂરથી એક અવાજ સંભળાયો. પ્રધાને છોડીને પૂછ્યું: 'આ ઝુલઝુલ બોલે છે.?'

છોડીએ કહ્યું: 'નાજી, એ તો કાકાકૌવા બોલે છે.'

થોડેક દૂર ગયા એટલે બીજી જ જાતનો અવાજ સંભળાયો.

એકે પૂછ્યું: આ ઝુલઝુલનો અવાજ છે?'

છોડીએ કહ્યું: 'ના, એ તો મેનાનો અવાજ છે.'

વળી આગળ ચાલ્યાં. છોડીએ આંગળીથી બતાવી કહ્યું: 'પેલી મારી માની ઝૂંપડી આવી. ત્યાં ચાલો.' સૌ ચાલ્યા.

ઝૂંપડી પાસે પહોંચતા જ મીઠો અવાજ સંભળાયો.

પ્રધાને પૂછ્યું: 'આ ઝુલઝુલ બોલે છે?'

છોડીએ કહ્યું: 'હાજી, ઝુલઝુલ બોલે છે? પેલું આસોપાલવની ડાળ પર બેઠું છે તે.'

પ્રધાનથી ઝુલઝુલને જોતાં જ બોલી જવાયું: 'વાહ! કેવું મનોહર! એનો અવાજ પણ કેવો મધુરો! પણ એને પકડાય કેમ! એને લક્ષ જવાય કેવો!'

છોડી બોલી: બીજા પંખી એની પેઠે એ પણ મારી મા સાથે હળી ગયુ છે. એ પકડી આપશે.'

આટલી વાત થઇ એટલામાં છોડીની માજી અને છોડીનો ભાઇ આવી પહોંચ્યાં. માજીને માથે લાકડાનો ભારો હતો અને ભાઇ પાસે પાકાં ફળો ભરેલો ટોપલો હતો. છોડી તેમની પાસે દોડી ગઇ. તેણે પ્રધાન વગેરે આવ્યાની વિગતવાર વાત કહી.

માજી અને ભાઇએ સૌને પાણી પાઇ અને ફળો બવરાવી સારૂં સ્વાગત કર્યું.

માજીએ કહ્યું: 'તમને અજાણ્યાને દેખી કોઇ પંખી આવશે નહિ. માટે સૌ ઝૂંપડીમાં બેસી જાઓ.'

સૌ બેસી ગયાં એટલે માજીએ પંખીઓને ભાવતું ચણ ઝૂંપડીના આંગણામાં વેર્યું. સૌ એકડે બેકડે આવી ચણવા લાગ્યાં.

પોપટ આવ્યા, મેના આવી, મોર આવ્યા, કાકાકૌવા આવ્યા, કાબર આવી, ચકલાં આવ્યા, બુલબુલ આવ્યા વગેરે વગેરે તમામ જાતનાં પંખી આવ્યાં. માજી આંગણામાં બેઠાં બેઠાં ચણ નાખતાં જ જાય. પંખીઓ ચણ ખાતાં જાય અને માજી સાથે ગેલ કરતાં જાય. કોઇ માજીને ખભે બેસે, કોઇ ખોળે બેસે અને કિલબિલાટ કરે

એક બુલબુલે આવી માજીના બોળામાં બેસી ગાવા માંડયું. માજી રોજ ચણ નાખે તેથી જાણે ઉપકારનું ગીત ગાતું ન હોય!

માજીએ બુલબુલને પપાળ્યું અને પકડી લીધું. પ્રધાનને સોંપ્યું. સૌ હરખભેર રાજધાની તરફ પાછાં વળ્યાં.

રાજાએ છોડીને ભારે ઇનામ આપ્યું અને એક સોનાના પાંજરામાં બુલબુલને મૂકયું.

રાજા તો બુલબુલના રંગરૂપ જોયા જ કરે, તે ગાય તે એક ધ્યાન સાભળ્યા જ કરે. બુલબુલનું પાંજરું સાથે ને સાથે જ રાખે. તે બુલબુલ રાજાને પોતાના જીવ કરતાં યે વહાલું થઇ પડયું!

કેટલાંક વર્ષથી એ રાજાને દરદ લાગુ પડેલું. રાજા દવા ખાઇ ખાઇને કંટાળેલો. તેનું ધ્યાન દરદના દુઃખાવામાં જ ચોંટેલું રહે. પણ જ્યારથી બુલબુલ તેની પાસે આવ્યુ ત્યારથી તેનું ધ્યાન દરદના વિચાર પરથી બુલબુલના વિચારોમાં પરોવાયું. બુલબુલ તો ગીતના આનંદમાં મસ્ત રહેવા લાગ્યું. પછી તો બન્યું પણ એમ કે રાજાનુ દરદ દિનપર દિન ઘટતુ ચાલ્યુ અને રાજા સાવ નિરોગી થઇ ગયો!

કેટલોક વખત વીત્યા પછી દૂરદૂરના પરદેશી વેપારી તરફથી એક બનાવટી બુલબુલ રાજાને ભેટમાં મળ્યું. એ બનાવટી બુલબુલ પેલા બુલબુલને આબેહૂબ નખશિખ મળતુ. તેનો અવાજ અને તેનું ગીત પણ પેલા બુલબુલના જેવાં જ. પણ ફેર એટલો કે બનાવટી બુલબુલને એક ચાવી આપે તો ઊડે અને બીજી ચાવી આપે તો ગાવા માંડે.

રાજાને બનાવટી બુલબુલ પણ ગમી ગયું. તેને પણ પોતાની પાસે ને પાસે જ રાખે.

બનાવટી બુલબુલ રાજા પાસે આવ્યું ત્યારથી પેલા સાચા બુલબુલનું મન નારાજ રહેવા લાગ્યું. એક દિવસ તે લાગ સાધી પાંજરામાંથી ઊડી ગયુ. રાજાએ મન વાળ્યું કે 'કંઇ નહિ, બીજું તો છે ને.'

પણ સાચા બુલબુલનો કુદરતી અવાજ અને બનાવટી બુલબુલનો અકુદરતી અવાજ એ બેનો ભેદ, એ બેની અસર, રાજા ન સમજ્યો.

રાજાનો કેટલોક વખત તો ઠીક ઠીક ગયો, પણ પછી થોડે થોડે તેનું મૂળનું દરદ ઉપડી ચઢતું ચાલ્યું. અને પછી તો રાજા પથારીવશ થયો. તેના દરદે માઝા મૂકી. સૌને લાગ્યું કે રાજા હવે થોડા દિવસના મહેમાન છે.

પ્રધાન તથા દરબારીઓને લાગ્યું કે રાજાની હયાતીમાં તેમના વડા કુંવરનો રાજ્યાભિષેક થઇ જાય તો સારૂં. તેથી તેમણે રાજાની સંમતિ મેળવી અને રાજ્યાભિષેકની ખટપટ કરવા માંડી.

તે જ રાતે પેલું સાચું બુલબુલ ઊડતું ઊડતું આવ્યું અને રાજાની પથારી પર-રાજાના કાન પાસે બેસી ગાવા માંડયું. રાજાની આંખમાં તેજ આવ્યું. તેના શરીરમાં ચેતન પ્રકટયું. બુલબુલને જોતાં જ તેનો આનંદ પારાવાર વધી ગયો. તે એકદમ બેઠો થઈ ગયો. બુલબુલે કોઇ દિવસ નહિ ગાએલું તેવું અને તેટલું ગાયું. રાજાનું દરદ તો એક રાતમાં દૂર થઈ ગયું.

બીજે દિવસે રાજા તો સાજો નરવો થઈ ગયો. મહેલમાં અને તેની નગરીમાં હરખનો પાર ન રહ્યો. વડા કુંવરનો રાજ્યાભિષેક મુલતવી રહ્યો.

લોકો પેલા બુલબુલની દેવ તરીકે પૂજા કરવા લાગ્યા. પેલા બનાવટી બુલબુલને ભાંગીતાડી નાંખ્યું એક બૂણામાં. લોકો સમજી ગયા હતા કે સાચા બુલબુલને પ્રતાપે જ રાજા મોતના મોંમાંથી બચી ગયા હતા!

—મંડેરાવ આના પવાર

નવો આંક

૧. એકડે એક,
જીંદગી શાંતિથી જીવીશ છેક.

૨. બગડે બેય,
"આરામ હરામ હોય"

૩. તગડે ત્રણ,
હો મુજ માત પિતાને નમન.

૪. ચોગડે ચાર,
સદા મનમાં લાવું સુવિચાર.

૫. પાચડે પાંચ,
સાચું બોલું તો આવે નહિ આંચ.

૬. છગડે છય,
દેશ કેરી સેવા કરૂં હું મેશા ધ્યાન દઇ.

૭. સાતડે સાત,
હું કરીશ શ્રમ દિ' ને રાત.

૮. આઠડે આઠ,
હું મેશ વાંચીશ નિશાળના પાઠ

૯. નવડે નવ,
બધા પ્રત્યે હું રાખુ પ્રેમ બહુ.

૧૦. એકડે મીંડે દશ,
શાંતિ ને પ્રેમથી જીવીશ સરસ.

—શાહુ વિ. અ

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો બનીએ તે પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૫ા ટકા કમિશન

લખો—મંગાવો

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લિ૦, સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર.

બાળ ચિત્રકળા

વિખ્યાત કટાક્ષ ચિત્રકાર શ્રી શંકર છેલ્લા ત્રણેક વરસથી આંતરરાષ્ટ્રિય બાળ ચિત્ર પ્રદર્શન યોજે છે. અને એમાં શ્રેષ્ઠ ચિત્રોને પારિતોષક આપે છે. દુનિયાના બધાજ દેશોના લોકો બાળકોના ચિત્રો મોકલે છે. પ્રદર્શનમાં દુનિયાના બાળકો રંગ દ્વારા એકતા સધિ છે. પણ આના કરતાંયે મહત્વની વાત તો એ છે કે આ પ્રદર્શનોએ દરેક રાષ્ટ્રનું બાળ ચિત્રકળા તરફ ધ્યાન ખેંચ્યું છે.

ચિત્રકળા અને તેમાંય બાળકોની ચિત્રકળા ભણી આપણે કદીય ધ્યાન આપ્યું નથી. ઉલ્ટુ એ તરફ તો વધારે ઉદાસીનતા અને કદીક તો ધૃણા દાખવી છે.

કક્કો કે બારાખડી બદલે, કે એકડા ઘૂંટવાને બદલે ઘરમાં બાળક પોતાની સ્લેટમાં આમ તેમ લીટીઓ દોરે કે ગાંડાઘેલાં ચિત્રો દોરે તો આપણે તેને ભૂસી નાખીએ છીએ, બાળકને ધમકાવીને ઉતારી પાડીએ છીએ

આજનું સમાજ-માનસ અને ચિત્રકળા :-

આપણી પ્રાથમિક નિશાળોમાં તો આજ સુધી તો ચિત્રકળાને સ્થાન જ ન હતું શાળાના અભ્યાસ ક્રમમાં એની ગણતરી જ નહોતી અને થઇ હોય તો પણ ફક્ત ચિત્રકળા આપણે ત્યાં છે એટલું મન મનાવવા પૂરતી.

ચિત્ર-શિક્ષણ તો મોટે ભાગે હોતા જ નથી. હોય છે તો મોટે ભાગે તો ચાર પાંચ શાળાઓ વચ્ચે એક, અને તે પણ બાળકોને તેમની સ્વયંસ્ફુરણાથી નહીં પણ પોતે નક્કી કરેલા આકારો અને રંગની પ્રતિકૃતિ કરતાં જ શિખવે છે. બાળકને પોતાના મનપસંદ રંગો અજમાવવાની છૂટ હોતી નથી. પ્રાથમિક શાળાઓમાં તો ઠીક પણ માધ્યમિક શાળાઓમાં પણ આજ હાલત છે.

આજની છાપેલી ડ્રોઈંગબૂકો આપણે ત્યાંના ચિત્રશિક્ષણની પ્રણાલિકાના નમૂનારૂપ છે. જેમાં છાપેલા આકારોને ધીરે ધીરે અધરી પાયરી પર લક્ષ્ય જવાયા હોય છે. અને એ ચિત્રપોથીનું છેલ્લું ચિત્ર બાળક કે વિદ્યાર્થી દોરી શકે ત્યારે તેની પારંગતતા જાણી શિક્ષક અને વાલી સંતોષ લે છે. આપણા પાઠય પુસ્તકોમાંનાં પ્રસંગ ચિત્રો પણ હજુ એવા જ કંગાળ છે કેટલાંક સમાજનાં સંસ્કારી કુટુંબો વળી પરદેશની મળતી રંગ પૂરવાની તૈયાર ચોપડીઓ પોતાના બાળકોને લાવી આપે છે અને તેમના બાળકો આવા તૈયાર ચિત્રોમાં રંગ પૂરવા સુધી પહોંચી શકે છે.

આપણે ત્યાંના ચિત્રશિક્ષણના આવા અનેક સ્વરૂપમાં બાળકોના ચિત્રોના સાચા શિક્ષણનો ભાસ પણ શક્ય નથી.

ઇન્દ્રિય વિકાસનું અનુપમ અંગ:-

બાળક પોતાની ભાષા, વાણી કે તર્ક પૂરેપૂરી રીતે રાખીને બૌદ્ધિક વિકાસ સાધે તે પહેલાં તેને ઇન્દ્રિય કેળવણી એ ચિત્ર, સંગીત એના વડે મેળવી શકે છે

રસ, સ્પર્શ, ગંધ, તર્ક આ બધા ઇન્દ્રિય વ્યવહારમાંથી જ બાળક બહુ સ્વભાવિક રીતે જ ચિત્ર તરફ વળે છે. ચિત્રકળા દ્વારા બાળકને પોતાના હૃદયની કેળવણી પણ મળે છે. કારણ એ જ્યારે ચિત્રો દોરે છે ત્યારે એ પોતે સર્જનનો સંતોષ અને ગૌરવ અનુભવે છે અને એટલે જ કહેવાય છે કે કળા લાગણીને સરકારી બનાવે છે.

મોન્ટેસોરીએ બાળકોની ચિત્રકળાને An Education of Hand ગણાવી છે.

સુતરાઉ, રેશમ અને આર્ટ-જયોર્જેટ પર

* સુંદર અને સફાઇદાર

* રંગવા છાપવાનું ભરોસાપાત્ર

સ્થળ :-

* ભૂપેન્દ્ર *

ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કર્સ

૧૯૫ ૧૯૭, ખેતવાડી મેન રોડ.

મુંબઇ ૪

ફોન : ૭૦૮૬૮ બ્રાંચ નથી.

રંગ અને આનંદ:-

બાળકને તમે રંગો, પીંછી, રંગીન પેન્સીલ અને કાગળો આપી એના પર મનફાવતા ચિત્રો દોરવા દેશો તો તમને સમજાશે કે બાળક પોતાના મનના અનેક વિચારોને પોતાની રીતે બહાર લાવવા મથે છે. અને મથામણમાં એના બીજા વિષયોના શિક્ષણ કરતાંય વધુ આનંદ અને સંતોષ મળે છે. કારણ એમાં એને પોતાના સર્જનનો અનોખો આનંદ મળશે. એટલું જ નહીં પણ ધીરે ધીરે જેમ, જેમ એ પોતાના પીંછી કે પેન્સીલમાં સામર્થ્ય મેળવતું જાય છે તેમ, તેમ એ એની આસપાસની સૃષ્ટિને એમાં ઉતારવા મથે છે. બહુ વિશાળ અર્થમાં કહીએ તો એ નિસર્ગ અને ભાવના એની લાગણી અને સર્જન શક્તિ બધું ખીલે છે. પોતાને મનફાવતા આકારો આપવામાં એ સર્જનનું ગૌરવ જ નહીં પણ સર્જનનું સ્વાતંત્ર્ય અનુભવે છે. જે બીજા વિષયો શિખવવામાં એને નથી પ્રાપ્ત થતું એનો આ મથાપણુમાંથી એને આત્મ-વિશ્વાસ આવે છે. અને એટલે જ એક બાળ ચિત્રશાળાના વિદ્યાર્થીઓએ બહુ સાહજીક રીતે જ કહી દીધું કે, "ચિત્રકળાએ અમારી જીન્દગીની શુન્યતાને પૂરી દીધી છે. અમને જ્યારે બીજુ કશું સૂઝતું નથી અગર તો વિચારવાનું હોતું નથી ત્યારે અમને હંમેશાં ચિત્રો દોરવાનું મન થાય છે.

વ્યક્તિત્વ :-

બાળકની ભાવના, લાગણી કેળવાય, આસપાસની સૃષ્ટિ સાથે એ ચિત્રો દ્વારા એકતા સાધવાં માંડે ત્યારે એના વ્યક્તિત્વના વિકાસને ઘણી વધુ સાહસિકતા અને ઝડપ પ્રાપ્ત થાય છે.

આવી ચિત્રકળામાં બાળકને કે વિદ્યાર્થીને ખૂબ આકર્ષણ હોય છે. પણ આ જુદુ હોય છે. રમત-રમતની હરીફાઈ કે ગણિતના દાખલા ખરા પડશે એ બધામાં તો હરીફનું કે વધુ માર્કસનું આકર્ષણ હોય છે. પણ જ્યારે મૂકત ચિત્રકળામાં આકર્ષણ એ જુદા પ્રકારનું છે. એ આંતરિક આકર્ષણ છે.

સર્જન :-

એને એમાંથી બાળકમાં ખોજવૃત્તિ જાગે છે. રંગના લપેટા મારતાં, મારતાં અગર તો બહાર કોઈ નિસર્ગનું ચિત્ર ચિતરતાં ચિતરતાં જ્યારે નવો રંગ કે નવો આકાર આપોઆપ જ રચે છે ત્યારે બાળકનું મન નાચી ઉઠે છે. અને કદીક તો એમાંથી નિરંતર નવું નવું, શોધી કાઢવાની ખોજવૃત્તિ વિકસે છે. અને એટલે જ ચિત્રકળામાંથી એને જે આનંદ મળે છે તે સર્જનનો આનંદ છે.

આ બધા ઉપરાંત પોતાના ચિત્રમાંથી સંતોષ પણ એને મળ્યા કરે છે.

અનુરુપ વાતાવરણ :-

પણ આ બધું ચિત્રકળામાંથી બાળકને તો જ મળે જો એને અનુરૂપ વાતાવરણ હોય. બાળકોને ચિત્ર શિખવવા માટે કોઈ ચોક્કસ આકાર ઘૂંટવાની કે ચોક્કસ વસ્તુ આપવાની જરૂર નથી પણ પોતાની પીંછી કે પેન્સીલને રંગ મળે તેવું વાતાવરણ બહુ કરવાની અને જરૂરી સાધનો પૂરાં પાડવાની જ જરૂર હોય છે.

આજે આપણાં જીવનમાંથી કળા ભૂસાતી જાય છે. ઘરમાંના વાસણો લાકડકામ, કારીગીરી એ બધું ભૂસાતું

With Compliments from:

CALICO DYEING
&
PRINTING WORKS

Tel: 74211 — 41-E, Parel Chawl Road, Industrial Estate, BOMBAY 12

Tel: 72475 — Suryodaya Mill Compound, Tardeo BOMBAY-7

જાય છે. નિસર્ગથી દૂર થતા જઇએ છીએ. અને આ વખતે આ બધું જરૂરી થઇ પડે છે.

બાળક ચિત્ર દ્વારા પોતાની વાતો રજૂ કરે એજ મહત્વનું છે. એમ કરતાં કરતાં એનો હાથ, એની ઇન્દ્રિયો કેળવાય એ જરૂરી છે.

પુનરાવર્તન :-

પુનરાવર્તનની વૃત્તિ વિષે પણ અનેક માન્યતા છે. કેટલાક આવકારે છે ત્યારે કેટલાક માનસશાસ્ત્રીઓ એની વિરુદ્ધ છે પણ પુનરાવર્તન જો યાંત્રિક ન હોય અને પૂર્ણતા મેળવવાની વૃત્તિમાંથી જન્મતુ હોય તો બહુ ત્યાજ્ય નથી. કારણ ગણિતમાંનુ અગર આંકનુ પુનરાવર્તન જુઓ તો આ નથી જ.

ઘણા લોકો એમ પણ માને છે કે જ્યાં સુધી ભાષા અગર લેખનમાં વિકાસ નથી પામતું ત્યાં સુધી એને ચિત્રો ભણી ઘણુ આકર્ષણ હોય છે પણ પછી ભાષા અગર લેખન દ્વારા જ પોતાની લાગણી વ્યકત કરે છે. આ પણ અમુક અંશે સત્ય છે. પણ જેનામાં કલાની નૈસર્ગિક દેણ હોય તે તો એને છોડશે જ નહીં.

વિષયની વિવાદ્યતા:

બાળકોના ચિત્રોના વિષયોમાં ખૂબ નવીનતા હોય છે. કારણ એ ઉમરમાં એ સમગ્ર સૃષ્ટિના દરેક રંગમાં નવીનતા જોતું હોય છે. એ બધાને સમજી લેવાની ઝંખના એના દિલમાં જાગી હોય છે. એટલું ખરૂં કે તેમ છતાંય એની આસપાસની દુનિયાની એમાં છાપ તો હોય છે જ.

વિષયોની વિવિધતામાંથી બાળકની વૃત્તિ પણ અમુક અંશે જાણવા મળે છે. કેટલાક બાળકોને નિસર્ગના જ વિષયો ગમે છે. એ એની આસપાસના સ્થૂળ રૂપોને કે ભૌમિતિક આકૃતિઓને મેળ જમાવવા મથશે. એટલે એમાંથી બાળકની વૃત્તિનું પરિક્ષણ થશે

બાળચિત્રો વિકસવા જોઇએ:-

ટૂંકમાં આપણા દેશમાં બાળકોના ચિત્રોની કળાને વિકસાવવાની અત્યંત જરૂર છે. અને ચોગઠામાંથી મૂક્ત કરવાની જરૂર છે.

અને એ ચિત્રો બાળકોની ભાવનાની લાગણીની કેળવણી અને ભાવોને વ્યકત કરનારા બને, ઇન્દ્રિય વિકાસના સાધન બને આ જોવાની ખાસ જરૂર છે.

—સનત્ મહેતા

નૂ.બા. શિ.સં.ની મુંબઇ શાખાને મળેલી એક ફાળાની

: વિગતો :

૧	ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ, માટુંગા	૩	૮ ૦
૨	સુમન બાળમંદિર	૨૭	૦ ૦
૩	વલી અહદ અલી નર્સરી સ્કુલ નં. ૧.	૧૦	૦ ૦
૪	સેવા મંદિર	૨૫	૦ ૦
૫	સંસ્કાર બાળમંદિર, માધવબાગ	૯૩	૨ ૦
૬	ગોવિંદજી-માધવજી ભાટિયા બાળમંદિર	૪૦	૧૦ ૦
૭	બી. પી. કોઠારી સહકારી વિદ્યામંદિર	૪૮	૧૦ ૦
૮	ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ બાળ-મંદિર, વી. પી. રોડ.	૨	૪ ૦
૯	ગોરધનદાસ કરસનદાસ બાળ-મંદિર, વડગાદી	૨૦	૦ ૦
૧૦	ભ. સ. ટી. એન. માળવી બા મંદિર	૧૪૫	૦ ૦
૧૧	શાન્તા એ.વી.બોય્ઝ અને ગર્લ્સ સ્કુલ	૧૦	૦ ૦
૧૨	હંસરાજ પ્રેમજી શ્રોફ શિશુ શિક્ષણ મંદિર	૧૩૭	૦ ૦
૧૩	કેશવજી કરસનદાસ બાળમંદિર, કોટ	૧૭	૦ ૦
૧૪	નૂતન બાળ શિક્ષણ મંદિર, વિલેપારલા	૪૦	૬ ૦
૧૫	ભ. સ. મનોરમા હઝરત બાળ-મંદિર, ખેતવાડી	૬	૨ ૦
૧૬	રૂક્ષ્મણીબેન પરીખ બાળમંદિર, વિલેપાર્લા	૫૬	૧૫ ૦
૧૭	હર્ષ બાળમંદિર, શીવ	૨૧	૨ ૦
૧૮	શિશુ મંદિર, અંધેરી	૨૧	૦ ૦
૧૯	ભ. સ. તારદેવ કેન્દ્ર બાળમંદિર	૧૫	૮ ૦
૨૦	નૂતન કેળવણી મંદિર, ચોપાટી	૧૪૦	૪ ૦
૨૧	ભ. સ. અનંતવાડી બાળમંદિર	૭	૮ ૦
૨૨	હાસમીયા હાયસ્કુલ, ભીંડી બજાર	૧૫	૬ ૦
૨૩	મરીના બાલશિક્ષણ મંદિર, મરીન ડ્રાઈવ	૪૪	૯ ૦
૨૪	દાઉદભાઇ ફાઝલભાઈ નર્સરી સ્કુલ, ભીંડી બજાર	૧૦	૭ ૦
૨૫	શ્રીમતી આસન વિદ્યાલય, ઘાટકોપર	૬	૯ ૦
૨૬	ગોકળીબાઇ (નાની), વિલેપાર્લા	૧૧૩	૯ ૦
૨૭	રાષ્ટ્રીય શાળા, ઘાટકોપર	૪૫	૦ ૦
૨૮	પ્રદીપકુમાર વાડીલાલ શાહ બા.	૪૯	૬ ૦
૨૯	સર્વોદય સહકાર બાળમંદિર, ખેતવાડી	૩૩	૧૨ ૦
૩૦	બાલિકા વિદ્યાલય, વાલકેશ્વર	૫૦	૦ ૦
૩૧	'એફ' વોર્ડ બાળવાડી, દાદર	૨૧	૪ ૦
૩૨	શિશુ નિકેતન, ફ્રેંચ બ્રીજ	૧૪	૦ ૦
૩૩	તાલમકી વાડી, તારદેવ	૬૧	૦ ૦
૩૪	શિશુ મંદિર, પરેલ	૧૦	૦ ૦
૩૫	શિશુ વિકાસ, શીવ	૫૮	૧૨ ૦
૩૬	શિશુ વિહાર, શાન્તાક્રુઝ	૨	૦ ૦
૩૭	ક્ષત્રિય શિશુ વિહાર, ગિરગામ	૫૯	૦ ૦
૩૮	રમાબાઈ પરાંજપે બાળમંદિર, વિલેપાર્લા	૨૦	૮ ૦
૩૯	નેશનલ લાયબ્રેરી બાળમંદિર, વાંદરા	૨	૧૩ ૦
૪૦	સરસ્વતી હાઇસ્કૂલ બાળમંદિર, ગિરગામ	૨	૧૩ ૦
૪૧	આદર્શ બાળમંદિર, બોર	૮૪	૨ ૦
૪૨	શિશુ વિહાર, દાદર	૮૫૦	૦ ૦
૪૩	ક. દ. એ. બાળમંદિર, ભાત બજાર	૫૪	૦ ૦
૪૪	સરસ્વતી મંદિર, માહીમ	૫	૦ ૦

❀

બૅડેકર
મસાલા
અથાણું
અને
પાપડ

શાખાઓ :—

ઠાકુરદ્વાર, દાદર, પરેલ અને કોટ.

એચ. પી. બૅડેકર ઍન્ડ સન્સ લિ.

મુગભાટ, મુંબઈ ૪

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

ખેડા જીલ્લાના બાળ-કાર્યકર્તાઓની સભાઃ— તા. ૨૬-૧૨-૫૪ ને રવિવારે બપોરના બે વાગે ભૂ. આ. શિ. સંઘના ખેડા જીલ્લાના કાર્યકર્તાઓની સભા શ્રી. ભોગીલાલ ચોકસીના પ્રમુખપદે ચરોત્તર એજ્યુ. સોસાયટીના મકાનમાં મળી હતી. તે પ્રસંગે હાજર રહેલા લગભગ પચીસ ભાઈ-બેનોનું સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે સ્વાગત કરી સભાનું મહત્વ સમજાવ્યું હતું અને જીલ્લાનાં બાળમંદિરોને સંઘ સાથે જોડવા તથા સંઘની શાખાઓ શરૂ કરી જીલ્લા શાખા સ્થાપી બાળ શિક્ષણ પ્રવૃત્તિને વેગ આપવા સૌના સક્રિયા સહકારની માગણી માટે વિનંતિ કરી હતી. ચર્ચા વિચારણા બાદ લગભગ મોટાભાગના કાર્યકરોએ પોતાના બાળમંદિરો સંઘ સાથે જોડવા સંમતિ દર્શાવી હતી અને જીલ્લા શાખા સ્થાપવા માટે નીચે મુજબ કામચલાઉ સમિતિ નીમાઇ હતી.

પ્રમુખ શ્રી. ભોગીલાલ ચોકસી; ઉપ-પ્રમુખઃ શ્રી મૂળજીભાઇ બારોટ; મંત્રીઓઃ શ્રી દેવદત્તભાઇ પટેલ, શ્રી મુળદેવ પંડ્યા શ્રી જયંતભાઇ પંડયા. સભ્યોઃ શ્રી ઓચ્છવલાલ ઉપાધ્યાય, શ્રી શિવાભાઈ પટેલ, શ્રી સોમાભાઇ પટેલ, શ્રી રામજીભાઇ નાથાભાઇ, પુનમભાઇ પટેલ અને શ્રી શકુન્તલાબેન પાઠક.

અંતમાં શ્રી પ્રભુભાઇએ સૌનો આભાર માનતાં ચ. એ. સોસાયટીનો ખાસ ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ સંસ્થા આ ગુજરાતની ગૌરવસમી શિક્ષણ સંસ્થા છે. તેના આજીવન કાર્યકરો શ્રી ઇશ્વરભાઇ પટેલ, વગેરે સંઘના કાર્યને પોતાનું માની બધી રીતે સાથ આપવા બડે પગે તૈયાર રહે છે. આજપણ સૌને પોતાને આંગણે પ્રેમથી આમંત્રી-જમાડી-સલાહ સૂચના અને સાથ આપી સંઘના કાર્યને સફળ કરવા જે જહેમત ઉઠાવી છે તે બદલ નમ્રભાવે આભારની લાગણી વ્યકત કરતાં પુલકિત થાઉં છું.

વસો બાળમંદિરઃ— તેના સ્થાપના દિનની ઉજવણી શ્રી. પ્રભુભાઈ ઉપાધ્યાયના પ્રમુખપદે તા ૧-૧-૫૫ ને શનિવારે સાંજે ૪ વાગે થઇ હતી. બાળકોના મનોરંજક કાર્યક્રમ બાદ પ્રમુખશ્રીએ વસોના વતની અને સંઘના સ્વજનસમા ત્યાગમૂર્તિ સ્વ. શ્રી દરબાર સાહેબ શ્રી ભક્તિ બા તથા સેવામૂર્તિ સ્વ. શ્રી મોતીબાઇ અમીનને ભાવ-ભીની અંજલી આપી બાળમંદિરનો સંઘ સાથેનો જૂનો ઇતિહાસ આલેખ્યા બાદ "બાળ પ્રવૃત્તિઓ" સંબંધી બોલ્યા બાદ બાળકોને વાર્તા કહી હતી. સવારે બેન્કના મકાનમાં નાગરિકોની સભામાં શ્રી પ્રભુભાઇએ 'બાળશિક્ષ-ણની વિશિષ્ટતાઓ' એ વિષે પ્રવચન કર્યું હતું તથા તા. ૩૧ મીએ રાતના દરબાર સાહેબની હવેલીમાં શિક્ષક ભાઇ-બેનો સાથે સંઘના કાર્ય સંબંધી વાર્તાલાપ આપ્યો હતો.

નવાં બાળમંદિરો જોડાયાં :— નિરીક્ષણ અંગેના પ્રવાસ દરમ્યાન નીચેના બાળમંદિરોએ સંઘ સાથે જોડાવા સંમતિ આપી છે : આણંદ —ચ. એ. સોસાયટી, પાયોનીર, શારદા, ભલાડા, ડાકોર, કાવિઠા, સોજીત્રા, નવા-ગામ, નાયકા, ડભોઉ. પેટલાદના કિર્તી તથા મોહલ્લા, નડિયાદ —કૂલચંદ બાપુજી સ્ત્રી. સીસવા.

વાલીઓની સભા :— નિરીક્ષણની સાથે સાથે નીચેના બાળમંદિરોમાં વાલીઓની સભાઓ થઈ બોરસદ, સુણાવ, ડભોઉ, નાગકા.

નિરીક્ષણ કાર્ય :—ખેડા જીલ્લાનાં બાળમંદિરોના નિરીક્ષણ માટે શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય, શ્રી મૂળજી-ભાઈ બારોટ, શ્રી દેવદત્તભાઇ પટેલ, શ્રી. રમેશભાઇ મહેતા અને શ્રી પ્રભુદાસ પટેલે પ્રવાસ કર્યો.

સંઘની શાખાઓ :—બોરસદ, નડિયાદ, ભાદરણ, આણંદ, નવાગામ, નાયકા વસ્તે. પેટલાદ મુકામે સ્થાપવા માટે કામ શરૂ થયું છે. જીલ્લામાં પહેલી શાખા સ્થાપવાનું માનસુબાવે લીધું છે સંઘના કાર્યને આ રીતે આગળ ધપાવનાર ભાઈ-બેનોને અભિનંદન.

ધર્મજ :—મહા ગુજરાત પૂર્વ પ્રાથમિક શિક્ષક સંઘના ખેડા જિલ્લા વિભાગની સામાન્ય સભાની મિટિંગ તા. ૧૯-૧૨-૫૪ ને રોજ પીપળાવ મુકામે શ્રી ભોગીલાલ ગોકળદાસના પ્રમુખપદે મળી હતી

શરૂઆતમાં દેસાઈભાઈ નાથાભાઈ પટેલને શોકાંજલી અર્પતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ કારોબારી મંડળના સભ્યોની વરણી કરવામા આવી હતી.

(૧)	શ્રી દેવદત્તભાઈ વાઘજીભાઈ પટેલ	પ્રમુખ
(૨)	શ્રી ભોગીલાલ નાનાલાલ ચોકસી	ઉપપ્રમુખ
(૩)	શ્રી રતિભાઈ રેવાશંકર પુરોહિત	મંત્રી
(૪)	શ્રી સનતકુમાર હરિનારાયણ ભટ્ટ	સહમંત્રી
(૫)	શ્રી મૂળદેવ પંડ્યા	.... કોષાધ્યક્ષ

તથા બે સભ્યોને કારોબારીમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા શ્રી સોમાભાઈ કિશાભાઈ પટેલે અને પ્રમુખે બાળ કેળવણી અંગે નો ખ્યાલ લાક્ષણિક રીતીમાં આપ્યો હતો.

જિલ્લામાં બાળ કેળવણીનો પ્રચાર જોરશોર કરવા અનુરોધ કર્યો હતો. પીપળાવ ગામના કુટુંબગૃહસ્થો સાથે બાળ શિક્ષણ અંગોનો વાર્તાલાપ તથા ચર્ચા ગોઠવી હતી.

ત્યારબાદ સુણાવ બાળમંદિરમાં ગામના બાળકોને બાળગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને શિક્ષક ભાઈ-બેનોએ ગામની સંસ્થાઓનો પરિચય કર્યો હતો.

હિન્દનો અગ્રગણ્ય

ઈલેક્ટ્રીક સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર

વિશ્વાસપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી ઓરિએન્ટલ ઈલેક્ટ્રીસીટી

કો-ઓપરેટિવ સ્ટોર્સ લિ.

સર વિઠ્ઠલભાઈ પટેલ રોડ,

કોટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૭૩

શાખા :

વાલ્કેશ્વર બાંદરા રોડ, પુના,

જોધપુર બ્રીજ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઈ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતા નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહી.

—વ્યવસ્થાપક.

આપણે ચાહીએ કે ન ચાહીએ, દરેકને જીવનમાં

સારું પ્રમાણ ઘડપણનું

સરળ રસ્તેથી થાય છે.

ત્યારબાદ ઘેરાવતા ઉત્સાહી કાર્યક્રમોને

સંતોષકારક મહેનતાણું :

દોડવાની કે અતિનમ્રતા માટે જરૂરી સાહિત્ય

માંગાવો.

ધી ઈન્ડીયન ગ્લોબ્યુલર ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફીસ :—

૩૧૫-૩૧૬ પ્રાન્સેસ્ટ સ્ટ્રીટમાર્ગ, કુમ્બલા હીલ,

મુંબઈ

ગ. ન.ા.ા. સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી ગજેન્દ્રસિંહ ડાહ્યાભાઈ પટેલ, ૮૮, હિન્દુ કોલોની, દાદર મુંબઈ ૧૪ મુદ્રણ સ્થાન : ધ ન્યુ ઈન્ડિયા પ્રેસ, મુંબઈ-૨

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૯ : અંક–૧૨ : માર્ચ, ૧૯૫૫

.....મને લાગે છે કે આજે શહેરી પ્રજાએ પોતાની જરૂરિયાત મુજબ બાળકેળવણીનો પ્રબંધ કર્યો છે, તે હાલમાં એમને એમ દસ વર્ષ સુધી ચાલે તોય હરકત નથી. તેમને થોડા પ્રમાણમાં ગ્રાંટ મળશે તો પણ ચાલશે પરંતુ તેમના પર સરકારે નિયંત્રણ રાખવું જ જોઈએ.

જે બાળમંદિરો ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ચાલે છે, તેમને સરકાર શિક્ષકોનો સર્વ પગાર અને જ્યાં આવશ્યક હોય ત્યાં સ્વચ્છતા અને નાસ્તા માટે યોગ્ય પ્રમાણમાં ખર્ચ આપે તો બસ છે. ઉપકરણનો ખર્ચ ગામ ભોગવશે અને શિક્ષક પોતે પોતાના ઉપકરણો તૈયાર કરી લેશે.

—તારાબેન મોદક

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી :
તારાબેન મોદક

વાર્ષિક લવાજમ :
રૂા. ૪–૦–૦ : :

કાર્યાલય :
૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઈ, ૧૪. : :

છૂટક નકલ
૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :–

પ્રમુખઃ શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખઃ આચાર્ય શ્રી લિસે.

કાર્યાધ્યક્ષઃ શ્રી કુરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષઃ શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓઃ શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના–માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન આળવી, અંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.			લેખક.
૧	મનોકામના	....	....	શ્રી તા. મોડક
૨	નિયંત્રણ મંડળની સભાઓનું કાર્ય	....	....	....
૩	બાળકોની કુટેવો	...		ડો. રમણલાલ પટેલ
૪	મોન્ટેસોરી અને મૌલિક પધ્ધતિ	....		શ્રી શેષ નામલે
૫	બાળકનું ગણિત શિક્ષણ	....	....	શ્રી શેષ નામલે
૬	બાળ શિક્ષણ અને સંઘ–સમાચાર	....		[સંકલન]

બાળ વિભાગ

૧	સંપાદકનો પત્ર	....	....	શ્રી રમેશ કોઠારી
૨	ભૂરા પીળા....	....	....	શ્રી રમેશ કોઠારી
૩	વસંત	....	....	શ્રી સુરેશ્વરસિંહ રાજપીપલા
૪	ટેડકાને સાધુ બનાવો !	....		શ્રી કુમારી સાન્તાન ડીમેલો
૫	એક્સ રે	....	....	....શ્રી મોંઘીબેન બધેકા
૬	નોંધ	....	....	.... શ્રી રમેશ કોઠારી

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

—શ્રી રમણિકલાલ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલા

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ અંક ૧૨] મુંબઇ [માર્ચ ૧૯૫૫

મનોકામના

[ઇન્દૌર ખાતે મળેલી અખિલ ભારતીય બાળ કેળવણી પરિષદને પાઠવેલ શ્રી તારાબેન મોડકના સંદેશ માંથી થોડોક ભાગ અહીં ઉદ્ધૃત કરેલ છે. —સં.-]

....હજુ સુધી અખિલ ભારતનું કેળવણીનું ધોરણ બાળકો પર સચોટ છાપ પડે તે માટે શ્રીમંત બાળ-નકકી કરવામાં સર્વોચ્ચ મંડળ સુધી આપણે આપણો મંદિરો જ કાર્ય કરી શકશે. એથી જ જીવનમાં શ્રમ, અવાજ પહોંચાડી શકયા નહોતાં. આપણાં સંઘના એક સ્વાવલંબન અને સ્વાતંત્ર્યનું સ્થાન શ્રીમંત બાળકોમાં પ્રમુખ પુરસ્કર્તા શ્રી તાત્યાસાહેબ સરવટેએ, પોતાના અથાક પ્રયત્નો વડે આ ઉત્તમ યોગ સુલભ કર્યો છે. અ. ભા. બાળકેળવણીની દ્રષ્ટિએ આ એક સોનેરી સંયોગ સંઘને પ્રાપ્ત થયો છે. આશા છે કે આ પ્રશ્નની સર્વ બાજુઓ સ્પર્શીને વિચારણા કરવામાં આવશે. રાષ્ટ્રીય ધોરણ ન બેસતા એવાં તત્ત્વો એમાં મિશ્રિત થયાં છે, એમ લાગે તો તેને દૂર કરવાનો આદેશ સંઘને મળશે. આ ઉપરાંત જે જે અન્ય અડચણો હોય, તેમનું નિરાકરણ કરવા માટે શા શા ઉપાયો યોજવા જોઈએ તેનો વિચાર કરીને, એમનો અમલ કરવાનો આદેશ મળશે. અને એમાંથી ચાલુ કામોને વેગ આપવા માટે કાર્યકર્તાઓને આ સંમેલન ઉત્સાહિત કરશે એવી મારી આશા છે.

આપણા કાર્યકર્તાઓ અદ્યાપિ શહેરોમાં વધારે સંખ્યામાં રહ્યાં છે અને કેટલાંકો શ્રી લેતાં બાળમંદિરોમાં કાર્ય કરે છે. બાળ કેળવણીની આવશ્યકતા તો નાજુના બાળકથી લઇને રંકના બાળક સુધી છે. ઉલ્ટું ગરીબ પછાત વર્ગના બાળકની જીવન પરિસ્થિતિની કલ્પના દેવા માટે અને તેઓ ઉપેક્ષિત રહે અને આપણે સુખ-ચૈનથી રહીએ અને બીનજરૂરી વસ્તુઓ પાછળ અપવ્યય કરીએ એ કેટલું મોટું પાપ છે, એની શ્રીમંત પ્રસ્થાપન કરવાનું મહત્વનું કાર્ય પણ આ સર્વ શહેરી બાળશિક્ષકોની આગળ છે. આ કાર્યને ઉત્તમ રીતે પૂર્ણ કરવું જ જોઈએ. પરંતુ આટલું જ કરવાથી આપણું કર્તવ્ય પૂરું થાય છે, એવું તેઓ માની લે તો તે પણ મને માન્ય નથી.

દેશોત્થાનના કાર્યમાં આપણે બાળશિક્ષકોએ એ નાતે આપણો ભાગ ઉપાડવો જ જોઇએ. અને એ માટે આપણો ઉદ્ઘોષ એ જ હોવો જોઇએ કે:

એક કલાક દેશ માટે અને
એક કલાક બાળકો માટે.

આપણા ગામડામાંના જે અસંખ્ય બાળકો આ બાળમંદિરમાં આવી શકતાં નથી, તેમના આંગણે જઇ એક કલાક આપવો જોઇએ. સંઘના સભાસદની આ જ શ્રી લેખાવી જોઇએ. વર્ષના ૩૬૫ કલાક દેશ સેવા કાજે દેવાનું કાર્ડ ભરી પોતાની પ્રાદેશિક અથવા તો સ્થાનિક શાખાને મોકલી આપ્યું કે સંઘની તેની સભ્ય શ્રી મળી ગઇ છે એવું સંઘે હિસાબમાં લખવું જોઈએ. તો મારા બાળશિક્ષક ભાઇબેનો એક અવાજે બોલો કે:

"એક કલાક આનંદથી આપીશ, દેશના બાળકો માટે એક કલાક અવશ્ય જ દઇશ."

ધ્યાનમાં રાખજો કે આપણું કાર્ય રાષ્ટ્રીય સરકારની દ્રષ્ટિમાં ચૈન-વિલાસની ગણનામાં થાય છે, અને એને લઈને આપણે ઉપેક્ષિત થતાં રહ્યાં છીએ. તેનું મુખ્ય કારણ એ છે કે આપણે બાળમંદિરમાં ફી આપી શકે એવા શ્રીમંત બાળકો વચ્ચે કામ કરીએ છીએ. અને આપણે શ્રીમંતને આધારે જીવતાં ગણાઈએ છીએ તેથી ગરીબોની સેવા કરીને દેશસેવક કહેવડાવવાને। હક આપણે પ્રસ્થાપિત કરવો જોઇએ.

આજ સમયે હું આપણા મનોનીત અધ્યક્ષ દ્વારા આપણી રાષ્ટ્રીય સરકારના કાનો સુધી મારી આ વાત પહોંચાડવા માગું છું કે આજે બાળકેળવણી શ્રીમંતના વિલાસની જ વસ્તુ જોવા મળવાનું કારણ મધ્યસ્થ સરકાર, રાજ્ય સરકાર તેમજ સ્થાનિક સંસ્થાનું બાળમંદિરો ને પીઠબળ નથી. કઠિન પરિસ્થિતિમાં જીવંત રહેવા માટે બાળશિક્ષકોને, જે કોઇ તેમાંથી અંશતઃ ખર્ચ આપી શકે તેમના બાળકો માટે ફી લઈને બાળમંદિરો ચલાવવા પડયાં. સંઘના સંસ્થાપક સ્વ. ગિજુભાઇ અને પૂ. નાનાભાઇએ સારાયે ગામ માટે મફત ચલાવેલા એ ભાવનગરના બાળમંદિરને આજે ફી લઈને ચલાવતાં સંચાલકોને હૃદયથી દિલગીરી થાય છે, પરંતુ નાછલાજને કારણે તેમ કરવું પડે છે.

ડો. ઝકીરહુસૈન સાહેબને મારું એટલું જ કહેવું છે કે આજે શહેરી પ્રજાએ પોતાની જરુરિયાત મુજબ બાળકેળવણીનો પ્રબંધ કર્યો છે, તે હાલ હજુ દસ વર્ષ સુધી એમને એમ ચાલે તો હરકત નથી. તેમને થોડાં પ્રમાણમાં ગાંટ મળશે તો પણ ચાલશે પરંતુ તેમના પર સરકારે નિયંત્રણ રાખવું જ જોઇએ, કારણ- શહેરી લોકોને સસ્તા બાળમંદિરોની ગરજ રહેવાને કારણે બાળમંદિરો ઘણી સંખ્યામાં નીકળી રહ્યાં છે. તેના પર અવશ્ય નિયંત્રણ મૂકાવું જ જોઇએ.

જે બાળમંદિરો ગ્રામીણ તથા શહેરી વસ્તિઓમાં ચાલે છે તેમને સરકાર શિક્ષકોનો સર્વ પગાર અને જ્યાં આવશ્યક હોય ત્યાં સ્વચ્છતા અને નાસ્તા માટે યોગ્ય પ્રમાણમાં ખર્ચ આપે એટલે બસ થશે. ઉપકરણોનો ખર્ચ ગામ કરશે અને શિક્ષક પોતે પોતાના ઉપકરણો તૈયાર કરી લેશે અથવા તો એમાંથી પોતાના હાથ પગ અને બુધ્ધિ વડે ચાલવાડી ચલાવશે.

આપ અમારી આ માગણી મધ્યવર્તિ શિક્ષણ ખાતા સુધી અવશ્ય પહોંચાડશો અને તેમાંથી થોડોક ભાગ પણ અમલમાં મૂકાય એ દ્રષ્ટિથી ત્વરિત પગલ લેવા તેમને સૂચવશો. —તા. મોડક

નૂ. બા. શિ. સંઘના

નિયંત્રણ મંડળની સભાઓનું કાર્ય

રવિવાર તા. ૧૩-૨-૫૪ ના સવારે સાડા આઠ વાગે સભાની શરુઆત મુંબઇના શિશુવિહારના મકાનમાં શ્રી. નરેન્દ્રભાઇ બ્રહ્મભટ્ટની પ્રાર્થના ગીતથી થઈ. આ સભા માટે અમદાવાદથી સંઘના કાર્યાધ્યક્ષ શ્રી. સરલાદેવી સારાભાઇ, અમદાવાદ શાખાના મંત્રી શ્રી. હરજીવનભાઇ દીક્ષિત, શ્રી. હરપ્રસાદ ભટ્ટ, શ્રી. નાનશા ઠાકોર, સૂરતથી ત્યાંની શાખાના મંત્રી, શ્રી. કુસુમબેન શાહ, પૂનાની શ્રી. મંગલાબાઇ કરંદીકર, બોર્ડીથી શ્રી. તારાબેન મોડક અને શ્રી. અનુતાઇ વાઘ અને મુંબઇના નિયંત્રણ મંડળના સભ્યોમાંથી શ્રી. જયશ્રીબેન રાયજી, શ્રી. ભાખીબેન મૂળજી, શ્રી. સરોજબેન ચોધ, શ્રી. પૂર્ણિમાબેન પકવાસા, શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય શ્રી. જમુભાઇ દાણી, શ્રી વા. રા પટવર્ધન, શ્રી. મનુતાઇ આગટે, શ્રી. સરલાતાઇ દેવધર શ્રી. ચૈતન્યબેન પરીખ, શ્રી. નામલે આદિ મંડળી સભામાં ઉપસ્થિત હતી.

પ્રાર્થના પછી સભા આગળ ગયા એપ્રિલમાં શ્રી. મોરારજીભાઇ દેસાઇના પ્રમુખપદે મળેલી સભાનો વૃત્તાંત સંભળાવવામાં આવ્યો. નવા કાર્યની શરૂઆત પહેલા થાણા જીલ્લાના નિયંત્રણ મંડળના એક સભ્ય અને ગ્રામબાલશિક્ષા સમિતિના મંત્રી શ્રી. મહતગાવ રાઉત નાં દુઃખદ અવસાન અંગે સભાએ બે મિનિટ ઉભા રહીને પોતાનો શોક અને સદ્‌ગત પ્રત્યેની લાગણી

વ્યકત કરી સદ્‌ગતના આત્માને શાંતિ મળે એવી મૌન પ્રાર્થના કરવામાં આવી હતી.

મંત્રીજીએ ચાલુ વર્ષના કાર્ય અંગે પોતાના મંતવ્યો રજૂ કરતો એક અહેવાલ સભા આગળ રજૂ કર્યો. જેમાં શરૂઆતમાં ચાલુ વર્ષની સંઘની આર્થિક પરિસ્થિતિનો સભ્યોને સ્પષ્ટ ખ્યાલ આંકડાઓ સાથે આપ્યો હતો. શાખાઓ જો કેન્દ્રને આર્થિક મદદ ન આપે તો કેન્દ્રના કાર્યો ચાલુ રાખવા માટે દિનોદિન કેવી મુશ્કેલીઓ આવે છે તેની સ્પષ્ટતા કરી હતી, અને કહ્યું હતું કે શાખાઓના સહકારના આધારે જ સંઘ અસ્તિત્વ ધરાવે છે તેથી શાખાઓએ પોતાની જવાબદારી અને ફરજ સમજીને કેન્દ્રને બધી રીતે મજબૂત કરવા પોતાથી બનતા પ્રયત્નો કરવા જોઈએ.

બીજું સંઘના નવા બંધારણને અમલમાં મૂક્યાને હવે બે વર્ષ થયા છે તેનો અનુભવ ધ્યાનમાં લઈને સંઘને વધુ કાર્યક્ષમ બનાવવાની દ્રષ્ટિએ એની બંધારણીય સ્વરૂપ છે તે બદલીને તેને સંઘસ્વરૂપ Federation આપવા માટે જે કેટલાંક સૂચનો આવ્યા છે તેનો સાર રજૂ કર્યો હતો. આ ફેરફારને લીધે સંઘની અત્યારે જે બધી શાખાઓ છે તે સ્વતંત્ર યુનિટ બનશે અને તેમનું સંઘ સાથે જોડાણ કરવામાં આવશે. મંત્રીના નિવેદનમાં આગળ જતાં શિક્ષણ પત્રિકા, શિક્ષણ પત્રિકાઓના વિશેષાંકો, સંઘનું કેળવણી અંગેનું ધોરણ, આગામી અખિલ ભારત બાળશિક્ષણ પરિષદ વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. સભાએ નિવેદનની નોંધ લીધી હતી.

મંત્રીજીના નિવેદન પછી સંઘની દરેક શાખાઓના અને સમિતિના ચાલુ કાર્ય અંગેના નિવેદનો તે તે શાખાઓ અને સમિતિઓ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓએ વાંચી સંભળાવ્યો હતો. તેનો ટૂંકો સાર નીચે મુજબ છે.

અમદાવાદ શાખા : ચાલુ વર્ષમાં અમદાવાદ શાખાની કુલ પાંચ સભાઓ મળી હતી. શાખાએ તારીખ ૧૪-૬-૫૪ ના રોજ ગોમતીપુર બાળમંદિરનું સંચાલન હાથમાં લીધું છે. કાર્યવાહીના સભ્ય શ્રી. હરપ્રસાદ ભટ્ટ ઓલ ઇન્ડિયા રેડિયોના સ્કૂલ બ્રોડકાસ્ટ ખાતામાં નીમાયા તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કારપોરેશનની સ્કૂલ કમિટીના સભ્ય તરીકે નીમાયા તે માટે શાખા તરફથી તેમનું અભિનંદન કરવામાં આવ્યું. મુંબઇ રાજ્યના વડા પ્રધાન શ્રી. મોરારજીભાઇ દેસાઈ સાથે સ્થાનિક કાર્યકરોનું મિલન યોજવામાં આવ્યું હતું જેમાં બાળમંદિરોની સુધારણા શી રીતે થઇ શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. પંડિત જવાહરલાલજી જ્યારે અમદાવાદ પધાર્યા ત્યારે સ્થાનિક બાળમંદિરોના સહકારથી પાંચ હજાર બાળકોનો મેળાવડો યોજાયો હતો અને પંડિતજીને બાળકોના ચુનંદા ચિત્રોનું એક અલ્બમ ભેટ ધરવામાં આવ્યું હતું. ગિજુભાઇ જયંતિ સપ્તાહમાં મુંબઇ ધારાસભાના સભ્ય શ્રી. ઠાકોરભાઇ ઠાકોરના પ્રમુખપદે જાહેર સભા, કાર્પોરેશન મેયરના પ્રમુખપદે બાળકોનું સંમેલન અને બાળકકળાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તે સિવાય સપ્તાહ દરમ્યાન એક આના ફાળો, શિક્ષણ પત્રિકાના વિશેષાંકોનું વેચાણ વગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુવક મંડળ મણીનગર તરફથી એ જ સપ્તાહમાં એક બાળ-મેળો ઉજવવામાં આવ્યો હતો. અને શાખાને રૂ ૫૧ની ભેટ આપવામાં આવી હતી.

બાળક

એ પ્રભુનો પયગમ્બર છે;
કલ્પનાની દુનિયામાં એ ખેલે છે;
નિર્દોષતાની નદીમાં એ નાચે છે;
આનંદની અવનીમાં એ ઉછરે છે,

એ ખીલતા ફૂલની એક
ગુલાબી તસવીર

.. ...☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ.. . ..
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ

સપ્તાહ પછી મીલનનો કાર્યક્રમ તેમજ સંગીત શિક્ષકોનું મીલન અને અન્ય વ્યાખ્યાનોનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

વડોદરા શિશુભારતી સ્થાનિક શાખા : ગિજુભાઇ જયંતિ સપ્તાહની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. લત્તાલત્તાઓમાંથી બાળકોના સરઘસો કાઢવામાં આવ્યા હતા. વિશેષાંકનું વેચાણ તેમજ પત્રિકાના ગ્રાહકો બનાવવાનું તથા તેમના લવાજમો ઉઘરાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

મુંબઇ નગર પ્રાદેશિક : શાખા તરફથી બે બાલવાડીઓ ચલાવવામાં આવે છે. ગિજુભાઇ સપ્તાહનો કાર્યક્રમ વધુ વિશાળ પાયા પર ઉજવવા શાખાએ અન્ય સંસ્થાઓને પોતાનો સહકાર આપી કુલ ૫૬ કેળવણીની સંસ્થાઓ મળીને આ વર્ષના સપ્તાહની મોટા પાયા પર ઉજવણી કરી હતી. જેમાં બાળકળા પ્રદર્શન, જુદી જુદી સંસ્થાઓના મનોરંજન કાર્યક્રમો રખાયા હતા. વિશેષાંકોનું સૌથી વધુ વેચાણ મુંબઇ શાખાએ કર્યું છે તેમજ અઢી હજાર ઉપર એક આનો ફાળો ઉઘરાવવામાં મુંબઇ શાખા સફળ થઇ છે.

થાણા જિલ્લો પ્રાદેશિક : કુલ ચાર શાખાઓ છે. બોર્ડી સ્થાનિક શાખા સૌથી વધુ ક્રિયાશીલ રહી છે. શ્રી જયંતભાઇ શુકલના પ્રચારને લીધે બાળવાચનાલય, બાલ સભાઓ અને સ્ત્રિઓના કાર્યક્રમોમાં ઘણી સફળતા મળી છે. બોર્ડીની અધ્યાપન વિદ્યાર્થી શાખાએ સંઘના કાર્યો માટે નિધિ ભેગો કરવામાં સારી સફળતા મેળવી છે. શાખા તરફથી વ્યાખ્યાનમાળા, હસ્તલિખિત માસિકો, પ્રવાસ પ્રવૃત્તિ, ઘોલવડ બાલવાચનાલય અને બાલસભા વગેરે કાર્યક્રમ થયાં છે. ભિવંડી શાખાએ પોતાનું બાલમંદિર કાઢયું છે અને તેનું સંચાલન એજ શાખાનું મુખ્ય કાર્ય રહ્યું છે. ઉંબરગામની શાખા ગામમાં પ્રત્યક્ષ કાર્ય કરતી નથી પરંતુ બહાર ગામથી આવનાર કાર્યકરોને પોતાનો સારો સાથ આપે છે. આ વર્ષે થાણા જીલ્લા તરફથી કેન્દ્રીય સંસ્થાને રૂા. ૩૦૦ મળ્યા છે. ચાલુ બાળ શિક્ષણ જયંતિ સપ્તાહ, બાળસભા અને સ્ત્રિઓ માટેના કાર્યક્રમો સફળ રીતે યોજવામાં આવ્યા હતા.

આ પછી સૌરાષ્ટ્ર અને સૂરતમાં સંઘના કાર્યની ટૂંકી રૂપરેખા ત્યાંના કાર્યકર્તાઓએ આપી હતી. સંઘની અન્ય સમિતિઓમાંથી શિક્ષણ પત્રિકાનું સંપાદક મંડળ શિક્ષણ સમિતિ, નિરીક્ષણ વિભાગ, ગ્રા. બા. શિ કેન્દ્ર અને અધ્યાપન સમિતિનો અહેવાલો વંચાયા હતા.

અહેવાલોના કાર્યક્રમ પછી સંઘના ૧૯૫૩–૫૪ના પાકા વાર્ષિક હિસાબો સંઘના કોષાધ્યક્ષ શ્રી વા. ના. પટવર્ધન તરફથી રજૂ કરવામાં આવ્યા હતા અને તે મંજૂર કરવામાં આવ્યા હતા.

નિયંત્રણ મંડળના ઠરાવો.

(૧) સંઘની આજની આર્થિક પરિસ્થિતિ જોતાં સંઘના ૧૯૫૫–૫૬ સુધીના કાર્યો ચાલુ રાખવાની દ્રષ્ટિએ કાર્યાલયને રૂા. આઠ હજાર સુધીની જરૂર રહેશે. તે રકમ મદદ (Grant) રૂપે ટ્રસ્ટી મંડળ સંઘને આપે એવી વિનંતિ કરવામાં આવે છે. કેન્દ્રના ખરચનો ભાર શાખાઓને જ માથે હોઇ શકે તેથી દરેક શાખા કેન્દ્ર ચાલુ રાખવાની જવાબદારીમા ભાગીદાર બને એવી વિનંતિ કરવામાં આવે છે.

(૨) હિંદી શિક્ષણ પત્રિકાનું સંચાલન કરવા હિંદી પ્રદેશોમાથી કોઇ જવાબદાર સંસ્થાઓ કે વ્યક્તિ આગળ ન આવે તો તે પત્રિકા યોગ્ય જણાય ત્યારે બંધ કરવાની સત્તા સંઘના વ્યવસ્થાપક મંડળને સોંપવામાં આવે છે.

(૩) જરૂર જણાય તો મરાઠી પત્રિકાનો વ્યવસ્થા વિભાગ મુંબઇ લાવવાની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) ૧૯૫૩–૫૪ સાલમાં નીચેના વધારાના ખરચને મંજુરી આપવામાં આવે છે. (૧) નિયંત્રણ સમિતિ ૨૦૦ (૨) મધ્યસ્થ કાર્યાલય ૫૧૦.

(૫) ઇન્દોરમાં મળેલી અખિલ ભારતીય બાળશિક્ષણ પરિષદે હિંદી બાળ - કેળવણીમાં કાર્ય કરતી બધી અખિલ હિંદ સંસ્થાઓનો સહકાર સાધવા માટે જે પ્રયત્નો કર્યા છે તેને આવકારે છે અને શકય હોય તો આગામી અખિલ ભારતીય બાલશિક્ષણ પરિષદને નિમંત્રણ આપવા માટે સંઘના વ્યવસ્થાપક મંડળને સત્તા આપે છે.

(૬) ગ્રામબાલ શિક્ષા સંચાલન સમિતિનો જે અહેવાલ રજૂ થયો તેની નોંધ લે છે અને તેના કાર્યને બહાલી આપે છે.

(૭) સંઘના બંધારણ સંબંધમાં જે સૂચનો કરવામાં આવ્યા તેના પર નિયંત્રણ મંડળના સભ્યોએ ચર્ચા કરીને અને તેમાં કેટલાંક સુધારા સૂચવ્યા છે. પરંતુ એ સંબંધમાં વધુ વિચારણા કરવા માટે સભ્યોને વધુ સમય મળે તે માટે ફરીથી જ્યારે આ ફેરફારો સંઘની સામાન્ય સભા આગળ મૂકાશે તે પહેલા નિયંત્રણ મંડળની ખાસ સભા બોલાવીને ફેરફારોને છેલ્લું સ્વરૂપ આપવું. આભારવિધિ બાદ સભા પૂર્ણ થઇ હતી.

બાળકોની કુટેવો

લેખાંક : ૩

લીલા : આવો રંભાબહેન, શા ખબર છે ?

રંભા : ખબર તો એક જ છે, કે મહિનાઓ થયા રાતના ઊંઘ જ ઉડી ગઈ છે. ગમે તે કરું, તો પણ ઊંઘ આવતી નથી. બીજાઓ કહે છે કે કંઈ ઉપાધિ આવી પડી હશે પણ મને તો કશીએ ઉપાધિ નથી. છતાં જરા પણ ઊંઘ નથી આવતી.

લીલા : કંઈ કારણ તો જરૂર હોવું જોઈએ ને ? નહિ તો ઊંઘ કેમ ન આવે ?

રંભા : જો કોઈ કારણે ઊંઘ ન આવતી હોય, તો તે કારણ મને ખબર ન પડે તેવું તે કંઈ હોય ?

લીલા : તમને ખબર નથી, એટલે તમે ભૂલી ગયા હો, તેવું બને. કોઈપણ ઉપાધિ આવી પડે, ત્યારે માણસની ઊંઘ ઉડી જાય છે, એ માન્યતા ભૂલ ભરેલી છે. ઘણાં માણસો ઉપાધિ હોય, છતાં ઊંઘી શકે છે જ્યારે ઘણા એવા હોય છે કે જેમને કશી જ ઉપાધિ નથી હોતી, છતાં ય ઊંઘી શકતા નથી.

રંભા : અમારા પાડોશીએ સટ્ટામાં પૈસા ગુમાવ્યા છે, ને દેવાદાર થઈ ગયા છે. છતાં ય રાતના તો નિરાંતે ઊંઘે છે. ત્યારે મને થાય છે કે હે, પ્રભુ ! મેં એવું શું પાપ કર્યું છે કે, આજે પાંચ પાંચ મહિના થઈ ગયા છતાં, મને ઊંઘ નથી આવતી. ઊંઘવાની દવાની પણ અસર નથી થતી.

લીલા : આઘાત લાગે તેવું કંઈ તમારા જીવનમાં બન્યું છે ?

રંભા : ના, કશું જ એવું બન્યું નથી.

લીલા : તમારા પતિ સાથે તમારે કેમ બને છે ?

રંભા : આમ તો સારું બને છે, કોઈ ખાસ તકલીફ નથી.

લીલા : ખાસ તકલીફ નથી એટલે ?

રંભા : એટલે એમ કે એ છોકરાંઓ પર બહુ ચિઢાય છે તેથી મારો જીવ કચવાય છે. ગઈ કાલે છોકરો ઊંઘમાં પેશાબ કરી ગયો, તેથી તે ખૂબ ચિટાયા, ને તેથી સવારમાં માર્યો, અને મને ઘણું દુઃખ થયું.

લીલા : તમારા છોકરાની ઉંમર કેટલી ?

રંભા : એને છઠું વર્ષ ચાલે છે. પહેલાં તો એ પથારીમાં પેશાબ નહોતો કરતો, પણ પાંચ છ મહિના પર એણે લાગલાગટ અઠવાડિયા સુધી પેશાબ કર્યા જ કર્યો.

લીલા : પછી શું થયું ?

રંભા : થયું એ કે, એના બાપાએ એને ખૂબ માર્યો. છોકરો પથારીમાં પેશાબ કરે, એ એમનાથી સહન નથી થતું. હું તો કહું છું, કે એ મોટો થશે, ત્યારે એની મેળે અટકી જશે. પણ એ કાંઇ સમજતા જ નથી. આ કારણે અમારી વચ્ચે ઝઘડો થાય છે. હું કહું છું, કે એમણે છોકરા પર ચિઢાવું; મારવો નહીં, પણ એ માનતા જ નથી.

લીલા : એટલે કે છોકરાએ પથારીમાં પેશાબ કર્યો છે, એ જોઇને જ એના બાપાને ગુસ્સો થઇ આવે છે.

રંભા : હા, જુઓને, આવી એક નાની બાબતમાંથી તો એ એવા ગુસ્સે થઇ જાય છે કે ન પૂછો વાત. ને બિચારા છોકરાનું આવી જ બને છે.

લીલા : તમે પણ શું કરો ?

રંભા : મેં તો છેવટે એમ નક્કી કર્યું, કે રાતના બે ત્રણ વાર જાગી છોકરાને પેશાબ કરાવી આવવો.

લીલા : પછી શું થયું ?

રંભા : છોકરો ઊંઘવા જાય ત્યારે પેશાબ કરાવી ઊંઘાડું, હું સુવા જાઉં ત્યારે પણ કરાવું અને રાતના વચ્ચે એકાદ વખત જાગી, પેશાબ કરાવી આવું, છતાં ય મારું ધાર્યું થયું નહીં.

લીલા : એટલે ?

રંભા : એટલે એમ કે એક ઊંઘે સવાર થઇ જાય તો છોકરાએ પેશાબ કર્યો જ હોય.

લીલા : પછી તો એના બાપા એને મારે જ ને ?

રંભા : એ તો દરરોજનું થઇ ગયું. પણ મારા છોકરાની એક નવાઇની વાત કહું ? અગિયાર વાગે હું સુવા જાઉં, ત્યારે પેશાબ કરાવી લઉં, પછી હું બે, ત્રણ કે ચાર વાગે જ્યારે જાગું ત્યારે કરાવું, છતાં સવારે છ વાગે અમે ઊઠીએ ત્યારે તેને પથારીમાં પેશાબ કરી નાખેલો અમે જોઇએ. આથી હું જરા વહેલી ઊઠી

કરાવી લેવરાવવા લાગી ત્યાં તો એણે નવી જ વસ્તુ શરૂ કરી. હું એ, ત્રણ કે ચાર વાગે ઊઠું, ત્યારે પેશાબ કરી જ લીધેલો હોય. હવે મારે શું કરવું? હું તો બહુ જ વિમાસણમાં પડી ગઈ. એને માટે મારે ઊંઘવું જ નહીં? આ તે મારી ઉપાધિ મારે કોને જઈને કહેવી? બીજાને કહું તો ઢીલી થઇ જઈ કહેશે કે, તે શું કરે? ઊંઘમાં થઇ જાય, તેને કેમ અટકાવી શકે?

લીલા : આ કંઈ નાનીસુની વસ્તુ નથી. છોકરો આમ કરે, એ જોઇને એના બાપને જે ગુસ્સો થાય છે તેમાંથી એને ઉગારવા માટેની સતત ચિંતા તમારા મનમાં રહે છે. અને એ જ ચિંતામાં ને ગભરાટમાં, તમે ઊંઘી શકતા નથી. 'છોકરો પેશાબ કરી નાખશે નીં' ચિંતા નિરાંતે ઊંઘવા દેતી નથી.

રંભા : બસ એમ જ છે. જરા ઊંઘ આવે ને, ઝબકી જાઉં છું. છોકરાએ પેશાબ કર્યો છે, કે નહિ એ જોઈ, ઊંઘવાનો પ્રયત્ન કરું. પણ પછી ઊંઘ આવે જ નહીં.

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજે જ મંગાવો
હિંદમાં જ બનેલી શુધ્ધ સ્વદેશી
રંગીન પેન્સિલો
લખો:
એકમે એજન્સીજ
(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,
કપાસિયા બજાર
અમદાવાદ ૨.

લીલા : જુઓ બ્હેન, તમે જે કંઇ કર્યું, તે તમારા છોકરાને એના બાપના ગુસ્સામાંથી બચાવવા માટે, એટલે એનો અર્થ એમ થયો, કે તમારો છોકરો તે કયા કારણોએ કરે છે, તે શોધી એ દૂર કરવાનો તમે પ્રયત્ન ન કર્યો. પણ તમારા છોકરાનો બચાવ કરી, તમે તમારી ઊંઘ ગુમાવી બેઠા.

રંભા : છોકરાનો બચાવ કરવા મેં ઊંઘ ગુમાવી, તે વાત તો સાચી, પણ તે શા માટે કરે છે એ મને કેમ સમજાય?

લીલા : તમારી મૂંઝવણ સમજાય તેવી છે. ઘણાં માબાપ માને છે કે છોકરું પાણી બહુ પીતું હોય છે તેથી ઊંઘમાં પેશાબ કરે છે. આવાં માબાપ છોકરાંને સાંજ પછી, પાણી પીવાની મનાઇ કરે છે. કેટલાંક માબાપ એમ માને છે કે, મીઠું ખવરાવવાથી તેમ કરતું બંધ થાય છે. આ ઉપરાંત કેટલાંક માબાપ દવાઓ પણ કરે છે.

રંભા : અરે, બ્હેન, હું તો આ બધું જ કરી ચૂકી પણ કશી જ અસર થતી નથી. એક બે દિવસ સુધારો લાગે, પણ પછી એનું એ જ.

લીલા : જુઓ બ્હેન, બાળક ઊંઘમાં પેશાબ કરે છે તેનું કારણ શારીરિક નથી, પરંતુ માનસિક છે. આથી આપણે જે જે શારીરિક ઉપાય અજમાવીએ તે બધાં નિષ્ફળ જાય છે.

રંભા : એટલે તમારા કહેવા પ્રમાણે તો બાળકના મન પર એવી અસર થાય છે જેથી તે ઊંઘમાં પેશાબ કરી નાખે છે.

લીલા : હા. એમ જ. આપણી લાગણીઓ, આપણાં ભાવો, એ બધાની અસર આપણા પેશાબ પર બહુ જલ્દી થાય છે. ઘણાં છોકરાંઓ એવાં હોય છે કે એમને ધમકાવવામાં આવે, તો એમનાથી એકદમ પેશાબ થઇ જાય છે. ભય, ક્રોધ વિ. ભાવોની મૂત્રાશય પર બહુ જ જલ્દી અસર થાય છે.

રંભા : આ સામાન્ય વસ્તુનો તો મને કદીએ ખ્યાલ પણ આવેલો નહિ. ત્યારે તો મારો છોકરો આટલો માર ખાતો છતાંય ઊંઘમાં પેશાબ કરી નાખતો તેનું કારણ તેના માબાપનો ભય, અને તેના પરનો ગુસ્સો હશે નહિ?

લીલા : તમે આટલું બધું સહેલાઇથી સમજી શકયા એ કેટલું સારું થયું ? એના બાપા પણ જો સમજી જાય તો છોકરાને કેટલો લાભ થાય ?

રંભા : અરે, એમની તો વાત પછી, મારી તો વાત કરો. મને ઊંઘ આવતી થાય, પછી મને કેટલી શાંતિ રહે. પણ બ્હેન, આ છોકરાને આટલી બીક કેમ લાગતી હશે ?

લીલા : જુઓ બેન, આ એક બહુ અગત્યનો સવાલ છે. બધાં જ છોકરાંઓ પેશાબ કરતાં નથી, પણ જે છોકરાંઓ છેક બચપણથી જ જીદી, આક્રમક, જરા વારમાં ગુસ્સે થઈ જનારા, માનો છેડો પકડી રાખનારા મા ખવડાવે, તે નહિ ખાનારાં હોય છે, તેવા છોકરાંઓ ઊંઘમાં પેશાબ કરી નાખે છે.

રંભા : બાળકો એવા થઇ જાય, તેનું કારણ શું હશે ?

લીલા : જે માબાપમાં સહિષ્ણુતા અને ધીરજ નથી હોતાં, જે માબાપ બાળકો પર પ્રેમ બતાવવાને બદલે અવજ્ઞા કરે છે, ટોકટોક કરે છે, મારે છે ત્યારે છોકરું મા, કે બાપથી તો ડરે છે પરંતુ બીક એવી વસ્તુ છે, જે બીક લગાડનાર પર, ગુસ્સો લાવે. આથી બીક અને ગુસ્સો બંને સાથે જ થાય છે. જેની એને બીક લાગે છે, તેના પર ગુસ્સે થાય છે.

રંભા : એટલે એમ કે, અમારાં છોકરાંને અમારી પર ગુસ્સો છે. તેથી તે પથારીમાં પેશાબ કરી અમારું વેર લે છે.

લીલા : હા, બરાબર એમ જ. છોકરો સીધી રીતે માબાપ પર ગુસ્સો કાઢી તેમને શિક્ષા કરી શકતો નથી, ત્યારે ઊંઘમાં પેશાબ કરી લઇ, મનનો ગુસ્સો બહાર કાઢે છે.

રંભા : મને તો આ તમારી વાત સાવ સાચી લાગે છે. મેં બરાબર જોયું છે, કે જ્યારે એના બાપા બહારગામ જાય છે, ત્યારે સારી પેઠે ખાય છે. અને હું નિશ્ચિંત થઈ ઊંઘી શકું છું. પણ જેવા એના બાપા ઘરમાં આવ્યાં કે કજિયા શરૂ થાય છે. અને ખાસ કરીને ખાવાની બાબતમાં તે ખૂબ જ ચિઢાયા કરે છે.

લીલા : આથી હવે ચોક્કસ કહી શકાય એમ છે કે, જે બાળકમાં એના મા કે બાપ પ્રત્યે અણગમો કે ગુસ્સો ભરાઈ ગએલો હોય છે. જે બાળકને એમ લાગે છે, કે તેમના માબાપ તેમની અવગણના કરે છે, તે બાળકમાં તેમનાથી માબાપને કંઇ થઇ જશે, એવો ભય લાગ્યા કરે છે. અંદરથી આવતો આ ભય, એ એમની બિમારી છે. તેથી તેઓ ભણવામાં કે બીજા કામમાં રસ લઇ શકતા નથી. જેમ જેમ મા કે બાપ, તેમની પર વધારે ગુસ્સો કરે, તેમતેમ તેના મનમાં મા કે બાપ પરનો ગુસ્સો વધતો જ જાય છે અને પછી તે પોતે જ પોતાના

આર્યઔષધિની સર્વોત્તમ દવાઓ

બાલગુટી : બાળકોની ઔષધમાતા. આ બાલ ગુટીના સેવનથી બાળકો આનંદીત રહે છે તથા બાળકોને જરૂરી પોષણ મળી શરીરની ઉત્તમપણે બીલવણી થાય છે. કી. ૫૦ ગોળીની બાટલીના આઠ આના.

સ્ત્રીમિત્ર : સ્ત્રીઓનાં સ્વાભાવિક રોગો દૂર કરે છે. ગર્ભાવસ્થામાં પોષણ આપનાર તથા પ્રસૂતિ બાદ શક્તિવર્ધક. કી. બાટલીના રૂા ૨) બે.

બ્રાહ્મી તેલ : આર્યઔષધિનું બ્રાહ્મી તેલ અનેક ઔષધિઓના અર્ક સમાન હોઇ ઉત્તમ કેશવર્ધક, કેશરક્ષક તથા મધુર સુગંધવાળું છે. કી. બાટલીના રૂા. ૨) બે.

નાના મોટા સૌ માટે પુષ્ટીકારક આર્યઔષધિનો અષ્ટવર્ગ ચ્યવનપ્રાશ અવશ્ય વાપરો.

આર્યઔષધિ ગાયવાડી, કાવેલ સ્ટ્રીટ, સ્વદેશી માર્કેટ પાછળ, મુંબઇ ૨

ટોકી સ્ટર્સ:—

જાદવજી ગોરધનદાસની કું.

૫૮–૬૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

ગુસ્સાથી ડરે છે. આ કારણે તે બાળક ભય કે ગુસ્સામાં સપડાઈ જાય છે. આમાંથી પ્રયત્ન કરતું હોવા છતાં, નીકળી શકાતું નથી, ત્યારે જકડી, ઉદાસીન, નખ કરડતું, ઊંધમાં પેશાબ કરતું, બોલવામાં ટેટો કરતું બને છે.

રંભા : આમાંથી એને બચાવવાનો ઉપાય શું ?

લીલા : એક જ ઉપાય છે કે 'માબાપનો પ્રેમ'—બાળક પરનો માબાપનો ગુસ્સો બાળકમાં પણ ગુસ્સો ઉત્પન્ન કરે છે. એ ગુસ્સો બાળક નિઃસહાય સ્થિતિને કારણે કાઢી શકતું નથી, મનમાં ભરી રાખે છે. જો તેની માનસિક તેમજ શારીરિક નબળાઈનું કારણ છે. આટલું જ જો માબાપ સમજે તો, તેમને આવી મુશ્કેલીઓમાંથી ઉગારી શકાય.

[આકાશવાણી, મુંબઈના સૌજન્યથી] —ડા. રમણલાલ પટેલ.

મોન્ટેસોરી અને બૌદ્ધિક પદ્ધતિ

(ગતાંકથી સંપૂર્ણ)

શિક્ષણ પદ્ધતિમાંનો સ્વાતંત્ર્યવાદ

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આત્માના સ્વયંમોદ્ધાર કરવાની શક્તિનો સિધ્ધાંત ભારતને માટે કોઈ નવો નથી. ગીતામાંના કેટલાંક શ્લોકોને એના પુરાવા રુપે આપણે લઈ શકીએ છીએ. પાશ્ચાત્ય નૂતન શિક્ષણ શાસ્ત્રકારોમાં રુસોએ, કેળવણીના તત્ત્વો માનવીમાં જ હોઈ, તેને જો નૈસર્ગિક વાતાવરણ અને સ્વાતંત્ર્ય આપવામાં આવશે તો તે વડે માનવીનો ઉત્તમે રીતે વિકાસ સધાઈ શકશે અને તેથી કેળવણીનું કાર્ય સુંદર રીતે પાર પડશે એવો સિધ્ધાંત રજૂ કર્યો છે. રૂસો પછીના પેસ્ટોલોજી અને ફ્રોએબેલે એ રૂસોના આ સિધ્ધાંતને પોતપોતાના વિચારો પ્રમાણે વ્યવહારિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તત્કાલીન રાજકીય અથવા સામાજિક ચળવળોના ક્ષેત્રમાં "સ્વાતંત્ર્ય" શબ્દનો જે રીતે અર્થ ઘટાડાતો હતો તેની જ છાપ તે તે કેળવણીકારોમાં જોવામાં આવે છે. રાજકીય અથવા સામાજિક ક્ષેત્રમાં "સ્વાતંત્ર્ય" એટલે એક દેશનું અથવા તો એકાદા વર્ગનું બીજા દેશ અથવા વર્ગમાંની ગુલામીમાંથી મૂકત થવું અથવા તો સામાજિક ક્ષેત્રે એમ કહીએ કે એક પ્રકારની રૂઢ થયેલી વિચારસરણીથી મૂકિત મેળવવી, એટલોજ એનો શબ્દાર્થ ઘટાડાય છે. રૂસો પછીના કેળવણીકારોએ કેળવણીના ક્ષેત્રે "સ્વાતંત્ર્ય" નો પુરસ્કાર કર્યો પરંતુ તેનો અર્થ, વિદ્યાર્થિઓને શિક્ષકોની ગુલામગીરીમાંથી અથવા તો પાઠાંતરના રૂઢ થયેલા કેળવણીને લગતા વિચારોથી મૂકત થવું, એટલો જ થયો હોય એવું દેખાય છે. નૂતન કેળવણીની પધ્ધતિમાં બાળ સ્વાતંત્ર્યને અથવા તો વિદ્યાર્થીના સ્વાતંત્ર્યને આજે જે વિશાળ અર્થ મળ્યો છે, તેનો મોટો શ્રેય મેડમ મોન્ટેસોરીને જ ફાળે જાય છે. ઓગણીસમી સદીમાં જીવશાસ્ત્રના અભ્યાસીઓએ વનસ્પતિ અને પ્રાણી જીવનના અભ્યાસ માટે જે પ્રકારની શાસ્ત્રીય અવલોકન પધ્ધતિ અમલમાં મૂકી તેજ જાતની પધ્ધતિ બાળમનનો અભ્યાસ કરનારાઓ પણ અમલમાં મૂકે એ દ્રષ્ટિએ મેડમ મોન્ટેસોરીએ પોતાની શિશુ શાળાઓમાં જે સ્વરૂપ આણેલું તે અપૂર્વ હતું. જીવશાસ્ત્રજ્ઞ જ્યારે એકાદી વનસ્પતિ અથવા પ્રાણીનો અભ્યાસ કરે છે ત્યારે તે વનસ્પતિ અથવા પ્રાણી નિસર્ગમાંની જે સ્વાભાવિક પરિસ્થિતિમાંથી પસાર થયું છે તેવી જ પરિસ્થિતિ અથવા તો તેવું જ વાતાવરણ તે પ્રથમ નિર્માણ કરે છે. આને લીધે પ્રાણીનો સ્વાભાવિક જીવન-ક્રિયા-પ્રક્રિયાનો અભ્યાસ સરળ બને છે. મેડમ મોન્ટેસોરીએ બાળકના વ્યકિત-ત્વનો અને વિકાસનો અભ્યાસ આ જ શાસ્ત્રીય પદ્ધતિએ કર્યો તેથી રુસો વગેરે કેળવણીકારોએ બતાવેલા 'સ્વાતંત્ર્ય' સિદ્ધાંતને શૈક્ષણિક વિજ્ઞાનનું રુપ આપ્યું. 'સ્વાતંત્ર્ય' એટલે કેવળ મૂકિત એટલો અર્થ ન રહેતાં સ્વાતંત્ર્ય એટલે વ્યકિતની સ્વયંસ્ફૂર્તિ અને સ્વાભાવિક બનને પ્રેરક તેમજ પોષક બને એવું વાતાવરણ સર્જવું એવો શૈક્ષણિક અર્થ મેડમ મોન્ટેસોરીએ મેળવી આપ્યો. તે માટે તેમણે શાળાની વ્યવસ્થામાં પણ નીચે પ્રમાણે ફેરફારો કર્યા :

(૧) શિક્ષક-નિયમિત વર્ગ પદ્ધતિને બદલે સ્વયં-શિક્ષણની પદ્ધતિ પર વિશેષ ભાર મૂક્યો.

(૨) સમગ્ર શાળાના રુપાંતરને પોષે એવી હિલચાલને સ્થાન મળે તેવો પ્રયોગ, બાળમંદિરોમાં કર્યો.

(૩) શિક્ષકની ભૂમિકામાં ફેરફાર કરીને, તેમણે વિદ્યાર્થિઓને પ્રત્યક્ષ ભણાવવાને બદલે, શિક્ષકે બાળકનો અભ્યાસક અને સહાયક બનીને જ રહેવું જોઈએ એમ ચર્ચ્યું.

(૪) ચાલુ શાળામાંના સમય પત્રકોના યાંત્રિકપણાને કાઢી નાખી, શાળામાંના વ્યવસાયના સ્વરૂપ પરથી કાર્યક્રમ કઈ રીતે તૈયાર કરવો એ સૂચવ્યું.

(૫) શિક્ષા, ઇનામ વગેરેનો બહિષ્કાર કર્યો.

(૬) સામુદાયિક પરીક્ષા પધ્ધાતને નાબૂદ કરી.

૭ સ્વયંશિક્ષણને શકય બનાવવા માટે ઇંદ્રિય શિક્ષણ, ભાષા, ગણિત, વિજ્ઞાન, વગેરે વિષયો પર બાળકની ક્રિયાને સ્થાન મળે તેવાં શૈક્ષણિક સાધનો યોજ્યાં.

(૮) કેળવણી વિષયક ક્ષેત્રને વ્યાપક બનાવી તેમાંથી જીવન-વ્યવહાર, ચિત્રકામ, સંગીત વગેરે વિષયોને સ્થાન આપ્યું:

શાળાકીય કેળવણીની વ્યવસ્થામાં મેડમ મોન્ટેસોરીએ સૂચવેલા આ ફેરફારો અત્યંત મહત્વના હોઇ, તેમણે આ રીતે કેળવણીમાં સ્વાતંત્ર્ય સિધ્ધાંતને અત્યંત ક્રિયાશીલ અને પ્રેરક એવું સ્વરૂપ આપ્યું. ડાલ્ટન પ્લાનમાં પણ આ પ્રકારનું જ તંત્ર સ્વીકારવામાં આવ્યું છે.

સ્વાતંત્ર્ય અને વિકાસનો સંબંધ :

પોતાને ફાવતાં વિષયોનો અભ્યાસ પોતાની ગાત, ઇચ્છા અને અનુકૂળતા પૂર્વક કરવામાં તેનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે વિદ્યાર્થી પોતાનું કામ અત્યંત મન દઇને અને આસ્થાપૂર્વક કરે છે. આ જાતના સ્વયં-શિક્ષણ વડે તેનામાં સ્વયં શિસ્ત, આત્મ વિશ્વાસ અને અભ્યસ્ત વિષય પર એક પ્રકારની આત્મીયતા નિર્માણ થાય છે. એટલા માટે કેળવણીના સંસ્કાર ઉપર ઉપર ન રહેતાં વિદ્યાર્થીમાં તેના વ્યક્તિત્વનો પાયો ઉત્તમ પ્રકારે નંખાય છે. શરૂઆતમાં એકાદા કોઇ વિદ્યાર્થીને વિવિધ વિષયો પરત્વે અણગમો દેખાય તો પણ પ્રથમ પોતાની અતિરુચીવાળા વિષયમાં પ્રગતિ થવાથી તે ઇતર વિષયોને પણ પૂરા કરવાની ઇચ્છા સેવતો હોય છે. મેડમ મોન્ટેસોરીએ પ્રત્યેક વિષયમાં વિદ્યાર્થીની ઝીણામાં ઝીણી અડચણોનો વિચાર કરીને સ્વયંશિક્ષણના સાધનોની જે વ્યવસ્થા કરી છે, તેની સરખામણીમાં જગમાંની કોઈ પણ બીજી પધ્ધતિમાં આવો ઉકેલ મળશે કે કેમ તેની મને શંકા છે. બાળકોની વચ્ચે પ્રત્યક્ષરૂપે કાર્ય કરીને તેમણે આ તંત્ર નિર્માણ કર્યું છે. મોન્ટેસોરી પધ્ધતિમાંનું સ્વાતંત્ર્ય અને તે સ્વાતંત્ર્યને સિધ્ધ કરવા માટે જે સાધનો તેમણે વિકસાવ્યાં છે તે કેળવણીની કળાની દ્રષ્ટિએ અત્યંત ઉપયુકત છે એવું મને જણાય છે.

કેળવણીમાં વાસ્તવવાદ :

કેળવણીના કળાના વિકાસમાં જેમ વિદ્યાર્થીનું સ્વાતંત્ર્ય પોષક અને પરિણામકારક નીવડે છે તેવી જ રીતે કેળવણીનો વિષય એ જેટલો વાસ્તવિક અને જીવન સ્પર્શી હશે તેટલું જ કેળવણીનું કાર્ય કેળવણીના સામા-

बैडेकर
मसाला
अथाणું
अने
पापड

शाખાઓ :—

ઠાકુરદ્વાર, દાદર, પરેલ અને કોટ.

બી. પી. બૈડેકર ઍન્ડ સન્સ લિ.

મુગભાટ, મુંબઈ ૪.

જિક ઉદ્દેશ્યને પોષક અને વિદ્યાર્થીને આકર્ષક જણાશે. એથી ઉલ્ટું કેળવણી જો અવાસ્તવિક અને જીવન વ્યવહારથી અળગી હશે તો તેથી વિદ્યાર્થીનું વ્યક્તિત્વ સામાજિક ઉદ્દેશ્યોથી વિસંવાદી બનશે એટલું જ નહિ પરંતુ આ વિષય પરત્વે એટલો ઉત્સાહ પણ જણાશે નહિ. કેળવણી જેટલી સમાજના ઉદ્દેશ્યને સમરૂપ હશે અને તેનું માધ્યમ જેટલું વાસ્તવિક હશે તેટલી જ તે વિશેષ પ્રભાવોત્પાદક બનશે. માટે કોઇપણ પધ્ધતિનું મૂલ્ય માપન કરતાં સ્વાતંત્ર્યના સ્થાન જેટલી જ બીજી મહત્વની વસ્તુ જોવી જોઇએ અને તે છે કેળવણી પધ્ધતિમાંની વાસ્તવિકતા.

બાળ કેળવણીમાં અવાસ્તવિકતા અને આદર્શવાદ :

હાલમાં જ સણોસરા ખાતે હિંદુસ્તાની નયી તાલીમ સંઘનું દસમું સંમેલન ભરાઇ ગયું. એ સંમેલનમાં અધ્યક્ષસ્થાનેથી ભાષણ આપતાં પૂ. શ્રી ધીરેનબાબુએ કેળવણીમાં વાસ્તવવાદ કઈ રીતે નિર્માણ થયો એ અંગે અત્યંત સરળ શબ્દોમાં પોતાના વિચારો રજૂ કર્યા છે. તેઓએ જણાવ્યું કે :

"हमारे देशमें पुरानी मान्यता थी 'आवृत्तिः सर्व शास्त्राणां बोधादपि गरीयसी' याने सब शास्त्रोंकी आवृत्ति समझने से भी अच्छी है। इस तरीकेसे तालीम पानेपर लोग शास्त्रों के पंडित तो हो जाते हैं। लेकिन मनुष्य का बौद्धिक विकास ठीकसे नहीं हो पाया। कुछ दिन यह तरीका चला। लेकिन मानव प्रगतिशील होता है। उसे इतने मात्रसे संतोष नहीं हुआ। उसने सोचा कि केवल किताब पढ़नेसे ही बुद्धि का विकास पर्याप्त नहीं हो पाता है। फलतः शिक्षणकलामें वास्तविक के माध्यमसे ज्ञानप्राप्ति की कल्पना की गयी और इसकी अधिकसे अधिक प्रगति वास्तविकता की ओर बढने की रही। चित्रोंके माध्यम से सिखाने से प्रारंभ हुआ, फिर लोग प्रतिपूर्ति पर आये। और फिर आगे चलकर किस्म-किस्म के 'प्रोजेक्ट' का आविष्कार किया। आखिर में कर्म के मार्फत शिक्षण की बात भी सोची गयी। यह सब होता रहा लेकिन लोग चाहे जितनी वास्तविकता की बात करते रहें, व्यवहार में वे वास्तविक जीवन की नकल की बात सोचते थे। कर्मद्वारा शिक्षा-पद्धति में भी वास्तविक जीवन-संघर्ष के माध्यम की कल्पना नहीं हो सकी थी। गांधीजीने मानव समाज की इसी वास्तविकता की माध्यम–प्राप्ति में एक संपूर्ण वैज्ञानिक तथा वास्तविक दृष्टि दी।

જે ઋષિઓએ પાશ્ચાત્ય કેળવણી શાસ્ત્રમાં વિદ્યાર્થીના સ્વાતંત્ર્યનો પુરસ્કાર કર્યો તેના મતાનુસાર કેળવણી સમાજથી દૂર એવા આદર્શ અને નૈસર્ગિક વાતાવરણમાં થાય તો તેનાથી માનવીનો ઉત્તમ પ્રકારે વિકાસ થઇ શકે છે. ફ્રોબેલે આ સિદ્ધાંતની પ્રેરણાતળે કેળવણીની સંસ્થાનું વાતાવરણ ઉદ્યાનની જેમ પ્રસન્ન ચિત્ત હોવું જોઇએ અને વિદ્યાર્થીને જ્ઞાન પ્રાપ્તિ રમતો દ્વારા અથવા તો પ્રતીકોના ઉપયોગો દ્વારા થવી જોઇએ એવું સૂચવ્યું છે. એને લઇને કિંડરગાર્ટન શાળામાં ઢીંગલી ઘરોનું બહુ મહત્વનું સ્થાન છે. ઢીંગલીના જીવન વ્યવહારની રમતો રમતાં રમતાં બાળકોને જીવન-વ્યવહારનું જ્ઞાન સહેજે મળી શકે છે. એવી આજે પણ આ પદ્ધતિના પુરસ્કર્તાની માન્યતા છે.

મોન્ટેસોરી પદ્ધતિમાં બાળકની ખોજ :

મોન્ટેસોરી પધ્ધતિમાં વાસ્તવવાદ અને આદર્શવાદનું જે સંમિશ્રણ જોવામાં આવે છે તેના મૂળમાં બે વસ્તુઓ દેખાય છે. એક બાજુ તો તેમના વિચારોમાં અદ્‌ભૂત ધાર્મિકતાનો આવરણ થાય છે ત્યારે બીજી બાજુ વૈજ્ઞાનિક રૂપે બુધ્ધિગમ્ય રીતે પોતાના વિચારોને રજૂ કર્યા છે. "એબસોર્બંટ માઇન્ડ" નામના તેમના છેલ્લા પુસ્તકમાં બાળકના વ્યક્તિત્વ સંબંધી તેમણે જે વિચારો રજૂ કર્યા છે તેમાંનો થોડોક સારાંશ આ પ્રમાણે છે : "નિસર્ગે બાળકને અજ્ઞાત એવી શક્તિની ભેટ આપી છે. આ શક્તિ હજારો વર્ષોથી અજ્ઞાત રૂપે રહી છે, માનવી તેનો ઉપયોગ કરી શક્યો નથી. અખિલ માનવ જાતિનું ભાવિ ઉજ્જવળ કરવાનો માર્ગ દાખવવાની શક્તિ અને સામર્થ્ય તેનામાં છે. એટલે બાળક જ જગને સુખ અને સાચો માર્ગ દાખવી જગનો ઉધ્ધાર કરી શકે તેમ છે. માનવી આ વસ્તુને વિસરી ગયો હોવાથી આજનું જીવન દુઃખમય અને અસહાય બનેલું છે. બાળકના નેતૃત્વને સ્વીકારી જે જગ પોતાના પગલાં માંડશે તો માનવ જાતિ એક સુખી અને સાંસ્કૃતિક (Cohesive) સમાજની રચના કરી શકશે.

મેડમ મોન્ટેસોરીના મત પ્રમાણે ઘરમાં અથવા તો સમાજમાં જે પ્રકારનુ બાળક દેખાય છે, તે તેનું ખરું સ્વરુપ નથી. બાળકનું સત્ય દર્શન કરવા માટે તેની આસપાસમાં રચનાત્મક સ્વાતંત્ર્યનું વાતાવરણ નિર્માણ કરવું જોઇએ. જન્મ પછી જે રીતે સમાજ તેની સાથે અયોગ્ય રીતે વર્તે છે તે પ્રમાણે જ તેનું વ્યક્તિત્વ વિકૃત

અથવા પ્રતિક્રિયાત્મક બને છે. આ જાતના બાળકો જ્યારે બાલમંદિરમાં આવે છે, ત્યારે આ વિકૃતિઓ દૂર થઈ જાય છે અને બાળકમાંનું ખરું સ્વરૂપ દેખાય છે, તેમની આ જાતની ભૂમિકાને લઈને તેમણે પોતાની "મોન્ટેસોરી મેથડ" નામની પુસ્તકનું થોડાં વર્ષો પહેલાં પુનર્મુદ્રણ કર્યું ત્યારે તેને "ડિસ્કવરી ઑફ દિ ચાઈલ્ડ" અર્થાત "બાળકની શોધ" એવું નામ આપ્યું છે. સારાંશ એ છે કે મેડમ મોન્ટેસોરીના મતાનુસાર એક બાજુ તો પ્રકૃતિ પાસેથી શુધ્ધ પ્રેરણા લઈને આવનારા બાળકો છે તો બીજી બાજુ બાળકને ન સમજનારા અજ્ઞાની અને બાળકોને બગાડનાર અને નિસર્ગની યોજનાથી અધઃપતિત થયેલો સમાજ છે આ સમાજનો ઉધ્ધાર બાળકનો વિકાસ માર્ગ સમજીને જ લેવાથી થઇ શકે તેમ છે.

મોન્ટેસોરી પધ્ધતિમાં ચમત્કારવાદ :

મોન્ટેસોરી પધ્ધતિમાંનો આ ચમત્કારવાદ આજના માનસશાસ્ત્રીય યુગને માન્ય થવા જેવો નથી. બાળમંદિરની અહાર પોતાનો વિકાસ સાધનાર બાળકનો વિચાર મોન્ટેસોરીએ કર્યો નથી. બાળમંદિરમાં ખાસ નિર્માણ કરેલાં વાતાવરણને અનુસરીને તેઓ બાળકો સામે જુએ છે. તેમની કલ્પના પ્રમાણે બાળકના અંગમાં જે મહાન્ અને અજ્ઞાત શકિત રહેલી છે તેની શોધ માટે વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ અને વિશિષ્ટ પ્રકારના સાધનો પર એમણે એટલો બધો ભાર મૂકયો છે કે તેને કારણે જીવનની સામાન્ય પરિસ્થિતિમાં બાળકમાંની આ સુષુપ્ત શકિત ચોગ્ય રીતે જાગૃત થતી નથી, એવી એમની કલ્પના દેખાય છે. જગમાંની કેટલીક મહાન વ્યકિતઓના ઇતિહાસ, મોન્ટેસોરીની આ માન્યતાને સબળ કરતાં નથી. મહાન વ્યકિતનો ઉદય અને પ્રગતિ જીવનની સાનુકૂળ પરિસ્થિતિમાંથી નહિ પરંતુ જીવન સંઘર્ષમાંથી જ થયાનું જાણવા મળે છે.

મોન્ટેસોરી પધ્ધતિમાંની અવાસ્તવિકતા :

મોન્ટેસોરી પદ્ધતિમાંની અવાસ્તવિકતા અને આદર્શવાદ એ બાળક સંબંધી રોમાંચક કલ્પનામાંથી જ ઉદ્ભવેલાં છે. બાળકની અજ્ઞાત અને અવ્યકત શકિતને વિશિષ્ટ સ્વાતંત્ર્યનું વાતાવરણ મળવું જોઇએ એ કલ્પનાને લીધે બાળકના આ જાતના વાતાવરણમાં કઇ જાતના સાધનો હોવાં જોઇએ એ પરત્વે મોન્ટેસોરીએ અત્યંત સૂક્ષ્મ વિચાર કર્યો છે અને આ વિચાર પરથી જ આ સાધનો પ્રમાણભૂત (Standardise) હોવાં જોઇએ, એવો એ પધ્ધતિમાં આગ્રહ આવ્યો. વિશ્વમાં જ્યાં જ્યાં મોન્ટેસોરી પધ્ધતિનો પ્રચાર થયો ત્યાં ત્યાં પ્રમાણભૂત સાધનો વપરાવાં જોઇએ એવો તેમણે કટાક્ષની સાથે આગ્રહ સેવ્યો છે. તેમના આ આગ્રહ પરથી બે પરિણામો આવ્યાં : એક તો એ કે જે જે સમાજમાં મોન્ટેસોરી પધ્ધતિનો પ્રચાર થયો ત્યાં ત્યાં તે તે સમાજની શી શી જરૂરિયાતો છે, તેમનું જીવનનું રૂપ કેવું છે, તેમના શા શા ઉદ્દેશ્યો છે એ પ્રશ્નો પરત્વે દુર્લક્ષ સેવવામાં આવ્યો છે. એટલે મોન્ટેસોરી શાળાનું વાતાવરણ તો આકર્ષક દીસ્યું પણ તે તે સમાજને એ કૃત્રિમ અને કેટલાંકને તો અસ્વાભાવિકની જેમ જણાયું છે. તે તે સમાજમાંના જીવન-મૂલ્યોનો વિચાર તેમાં થતો નથી. શૈક્ષણિક આદર્શવાદને લીધે આ વાતાવરણ જીવન મૂલ્યથી દૂર રહ્યું છે. પહેલા મહાયુધ્ધ પછી યૂરોપમાં, શૈક્ષણિક આદર્શવાદની પ્રેરણાને લઈને આ પ્રકારની



'ઝરણ' થી વાળને ખરતા

અટકાવી, વધારવાનો અજોડ ગુણ ધરાવનારૂં, સુગંધીદાર તેલ તદ્દન સહેલાઇથી બનાવી શકાય છે.

કોઇપણ એક રતલ તેલમાં ઝરણ ની એક બાટલી મીક્સ કરવાથી ઉપરના ગુણોવાળું તેલ જાદુઇ રીતે બની જાય છે.

બધેજ ઠેકાણે વેચાય છે.

: સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

સુગંધ ઘર જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદ.

: ડીસ્ટ્રીબ્યુટર્સ :

સી. નરોત્તમ એન્ડ કું. મંગળદાસ રોડ, મુંબઈ-૨.

શાહ બાચીસી એન્ડ કું. ૧૨૯, રાધાબઝાર સ્ટ્રીટ, કલકત્તા.

સંસ્થાઓ મોટા પ્રમાણમાં સ્થાપવાની ઝુંબેશ થઈ હતી. લાખો રૂપિયાના ખર્ચે બનાવેલી આદર્શ મોટી મોટી ઇમારતો અને વસાવેલાં અપાર સાધનોના આ વાતાવરણમાંથી જે બાળકો જે જાતની કેળવણી લઈને નાગરિક પે બહાર પડયાં, તેઓમાં સમાજમાં સમરસ થઈને રહેવાની અને કાર્ય કરવાની અપાત્રતા જણાઈ આવી હતી એટલું જ નહિ પરંતુ તે પૈકી કેટલાંક તો સમાજથી દૂર નાસી જઈને પોતાનો જીવનક્રમ વિતાવવા લાગ્યા. શાળાનું આ જાતનું વાતાવરણ અથવા તો શાળાની પધ્ધતિ એ સમાજમાં સુમરસ બની શકે તેવાં ત્યાગી અને પ્રભાવી એવી વ્યકિતઓ બહાર ન પાડી શકે તો તે કેળવણી પધ્ધતિ ગમે તેટલી શાસ્ત્રીય હોય પંણ તેનો સમાજમાં ઉપયોગ થઈ શકશે નહિ.

સાધનોના પ્રમાણિકરણનું બીજુ અનિષ્ટ પરિણામ :

કેળવણીના સાધનોને પ્રમાણિત કરવાના આગ્રહને કારણે શિક્ષકોની પ્રજ્ઞા પર એક અનિષ્ટ એવી મર્યાદા આવી પડી. સાધનોના સંશોધનનું કાર્ય અત્યંત સૂક્ષ્મ અને શુધ્ધ-શાસ્ત્રીય પધ્ધતિએ કરવાની લાયકાત સામાન્ય શિક્ષકમાં ન હોવાને કારણે સાધનોનું સંશોધન કેળવણીકારોએજ કરવું જોઈએ અને તેઓ દ્વારા પ્રમાણિત થયા બાદ જ બાળ-શિક્ષણ સંસ્થાઓમાં તેમનો ઉપયોગ થવો જોઇએ એવો મેડમ મોન્ટેસોરીનો અભિગ્રહ છે. વૈદકીય વિજ્ઞાનમાં ઔષધિનું સંશોધન કાર્ય જે પ્રમાણે અધિકૃત વ્યકિત જ કરી શકે છે અને પ્રત્યક્ષ દેવાનું કામ જે પ્રમાણે ડોકટરો અને પરિચારિકાઓ કરે છે તે પ્રમાણે કેળવણીમાં પણ સંશોધનનું કાર્ય શાસ્ત્રીઓએ કરવું જોઇએ અને શિક્ષકોએ આ સંશોધિત સાધનોનો શાસ્ત્રીય પધ્ધતિએ ઉપયોગ કરતાં રહેવું જોઇએ એવી મોન્ટેસોરી પધ્ધતિની યોજના છે. આને લઈને મોન્ટેસોરી પધ્ધતિના વિકાસ માટે શિક્ષકો પાસેથી બળ મેળવી શકાય તેવું દેખાતું નથી. મોન્ટેસોરી શિક્ષકોમાં મૌલિક સંશોધન સંબંધીની ચર્ચાને સ્થાને, સાધનોનો ઉપયોગ મોન્ટેસોરીએ સૂચવેલા શાસ્ત્ર પ્રમાણે થાય છે કે નહિ એનો જ વાદ જોવામાં આવે છે. કોઈપણ કેળવણીની પધ્ધતિમાં શિક્ષક એનો પ્રાણરૂપ હોય છે. મોન્ટેસોરી પધ્ધતિમાં પણ શિક્ષકોના અસાધારણ સ્થાનને માન્ય કરવામાં આવ્યું છે. શિક્ષક વૈજ્ઞાનિકની જેમ મતનિરપેક્ષ, તન્મય બની કામ કરનારો, અત્યંત પ્રેમાળુ અને સંયમી હોવો જોઇએ એવું મેડમ મોન્ટેસોરી બતાવે છે પરંતુ પધ્ધતિના પ્રાણસામાન શિક્ષકની સ્વયં પ્રજ્ઞા પર જે મર્યાદા લાદવામાં આવી છે તેને લઈને મોન્ટેસોરી શિક્ષક કેવળ તાંત્રિક અને જડ બની જવા પામ્યો છે. ભિન્નભિન્ન પરિસ્થિતિ અને બાળકોના જીવન સંબંધી પ્રશ્નોને અનુસરીને કાર્ય કરવા માટે જે ઝડપ અને કૌશલ્ય તેનામાં હોવાં જોઇએ, તેનો સદંતર અભાવ દેખાય છે. આ જાતનો શિક્ષક કદાચિત કેળવણીતંત્રને ઠીક રીતે ચલાવી શકયો તો પણ કેળવણીની પધ્ધતિ અંગે સમાજની જે અપેક્ષા છે તે તો ફળીભૂત કરી શકશે નહિ.

મોન્ટેસોરી પદ્ધતિમાં વાસ્તવવાદ :

મોન્ટેસોરી પધ્ધતિમાં અવાસ્તવિકતા અને આદર્શવાદની સાથે સાથે જ તેમાં કિંડર ગાર્ટન યુગમાં કેળવણીને જે પ્રકારનું કાલ્પનિક રમતોનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું, તેનો મોન્ટેસોરીએ જબ્બર વિરોધ કર્યો હતો. બાળક વાસ્તવિક જીવનનો અનુભવ મેળવવા માટે નૈસર્ગિક પ્રેરણાને લઈને નિર્માણ કાર્ય કરતું હોય છે. તેનું આ કાર્ય આપણને રમત જેમ દીસે છે, પણ બાળકની દ્રષ્ટિએ તો તે રમત માત્ર ન રહેતાં જીવન-નિર્માણનું ગંભીર કાર્ય કરે છે. આ પ્રકારના કાર્યો કરવા માટે આપણે તેને રમતોમાં નકલી સાધનો ન આપતાં તેની શારીરિક મર્યાદાને લક્ષ્યમાં લઈને જીવન વ્યવહારના સાચા સાધનો મેળવી આપવા જોઇએ એવું મેડમ મોન્ટેસોરીએ અત્યંત માર્મિકપણે વિવેચન કર્યું છે. જીવન વિકાસમાંની આ પ્રગતિમાં બાળક શકય તેટલું સ્વાવલંબી બનવાનું પ્રયત્ન કરતું હોય છે. આવા સમયે તેના આ સ્વાવલંબનને પોષક બનવાનું કાર્ય શિક્ષકે કરવું જોઇએ એમ કહેવામાં આવ્યું છે. આ દ્રષ્ટિએ જીવન વ્યવહારમાં, બાળકને ગમી જાય તેવો કાર્યક્રમ મોન્ટેસોરી પધ્ધતિમાં દાખલ કરવામાં આવ્યો છે. તેમાં અંગસફાઈ અને શાળાની સફાઇ, ખાવા પીવાની વ્યવસ્થાના કામો, વ્યવહારિક ઉપયોગની વસ્તુઓ પ્રત્યે કાળજી રાખવી, તેની વપરાશની કળો સમજવી, વગેરે બાળકોને કરતાં આવડે એવા કામોની અને સાધનોની યોગ્ય પસંદગી કરેલી દેખાય છે, પરંતુ આ સ્વાવલંબી શિક્ષણની મર્યાદા જીવનના આધારભૂત એવા આર્થિક ક્ષેત્ર પર્યંત પહોંચી શકે એવા કામો આર્થિક કસોટીમાંથી પસાર થવા

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ પર જુઓ)

બાળ–વિભાગ



બાળવિભાગ, ફેસરબાગ,
વડોદરા, રેસીડેન્સી.

પ્રિય દોસ્તો,

આ મહિને ઘણી મઝા આવે છે. જરા બહાર વગડામાં તો જુઓ! ઝાડોએ ફૂલ લાગ્યાં છે આંબે મોર આવ્યો છે. કેસુડે કેસુડાં આવ્યાં છે. વાયરા વાય છે પંખીઓનો કિલકિલાટ સંભળાય છે.

તમે બધાં મળી બાગમાં કે ખેતરમાં જાવ. ઝાડ પાન જુઓ ખેલો, કૂદો ને મઝા કરો.

કોયલરાણીને 'કુકુ' કરતાં સાંભળજો. મોરભાઈને પોતાની રૂપાળી પીંછીઓ ફેલાવીને નાચતા જો જો. બરા બપોરે 'લેલે..... લે' કરતા સાતભાઇ નામના પંખીને જોજો.

ફૂલપાન, પંખી ને જનાવર સાથે દોસ્તી કરવાની કેવી મઝા પડે! એમનાં ચિત્રો ચીતરાય, એમનાં ગીતો લખાય. અમે બધાંએ મળી અમારી સામેનાં ખેતરોમાં આવેલાં ઝાડોનાં પાન ભેગાં કર્યાં છે. પહેલાં તો જરુર પૂરતાં પાન તોડવાનાં. એનાં નામ શોધવાનાં, પછી ચોપડીમાં દબાવવાનાં, થોડા દિવસે સુકાઇ ને સુંદર રીતે દબાઈ જાય, એટલે કાઢવાનાં. કાઢીને જુદા કાગળ ઉપર ચોંટાડવાનાં.

ચાલો, દોસ્તો તમે પણ આવું કાંઇક કરજો. અમને લખતાં રે'જો.

તમારો મિત્ર,
રમેશ કોઠારી.

ભૂરા પીળા

ભૂરા પીળા લીલા લાલ,
ફુગ્ગા ઉડતા આલમ માલ!
કાબર ચીતરા,
ગોટા મોટા
જાણે બાગે,
બીલ્યા ગોટા,
ભૂરા પીળા લીલા લાલ,
ફુગ્ગા ઉડતા આલમ માલ!
શેસ ભરેલા,
ફુગ્ગા જોયા,
લીધા, છોડયા,
ઉડતા જોયા,
ભૂરા પીળા લીલા લાલ,
ફુગ્ગા ઉડતા આલમ માલ!
મનમાં મારા,
થાય હમેશાં,
ઉડીએ ફુગ્ગા,
જેવા બાસાં
ભૂરા પીળા લીલા લાલ,
ફુગ્ગા ઉડતા આલમ માલ!

—ર. કોઠારી

વસંત

આવી વસંત આજ આવી આવી
ભાવી વસંત આજ ભાવી ભાવી,

ધીરે ધીરે લહેરંતી,
ફૂલડાં એ વેરંતી,

વનમાં આનંદ એ લાવી લાવી,
આવી વસંત આજ આવી આવી,

કેસુડાં લાલ લાલ,
વગડે જમે છે તાલ,

રંગો ઉમંગો એ લાવી લાવી,
આવી વસંત આજ આવી આવી,

ના નાં ના ચે,
ને મોટાંય નાચે,
થા તૈ થા તૈ
સારી દુનિયા નાચે.

ગીતો લાવી એ મારા મનમાં ભાવી
આવી વસંત આજ આવી આવી.

—શ્રી સુરેશ્વરસિંહ રાજપીપલા

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઈચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક



દેડકાને સાધુ બનાવો !

દેડકા દાદા

ડ્રાઉં ડ્રાઉં !

આપું રીંગણું

ખાઉં ખાઉં !

રીંગણું તો કાચું

મોટું કરજો ડાચું.

મોટું ડાચું થાય નહિ,

રીંગણું ખવાય નહિ,

રીંગણું તો ખાધું નહિ,

દેડકો થયો સાધુ ભઈ.

—કુમારી સાન્તાન ડીમેલો.

એકસ રે

એક નાનાં બાળકે રમતાં રમતાં કાંઈક મોઢામાં મૂકી દીધું અને તે પેટમાં ઉતરી ગયું. બીજી બાજુ જઈને બાળક રડવા માંડયું. બાળક હજી બોલતાં શીખ્યું નથી. માત્ર રડે જ છે. બા દોડતી આવી બાળકને તેડી લે છે અને છાતી સરસું ચાંપે છે તોય બાળક રડતું રહેતું નથી. બાળકને છાનું રાખવા ઘણા પ્રયત્ન કરે છે પણ બધા નકામા. એટલે બાળકને દવાખાને લઈ જાય છે.

ડૉકટર બાળકને એક ઓરડામાં લઈ જાય છે અને બીજીવારે બહાર આવે છે ને કહે છે, "બાળક એક પીન ગળી ગયું છે. પીન પેટમાં વાગે છે એટલે બાળક રડે છે." ત્યાર પછી ડૉકટરે સાચે-સાચ બાળકના પેટમાંથી પીન કાઢી બતાવી બાળક રડતું બંધ થઈ ગયું.

તમને તાજુબી લાગે છે નહિ કે પેટમાં રહેલી પીનની ડૉકટરને કેમ ખબર પડી? પેટ ઉપર તો ચામડી ને માંસ રહેલાં છે. આંખથી તો કાંઈ જોઈ શકાય નહિ.

એજ વાત હું તમને કહું છું.

ડૉકટર પાસે એક જાતનો અદ્‌ભૂત પ્રકાશ હતો. એની મદદથી એને બાળકના પેટમાં રહેલી પીનની ખબર પડી. કદાચ એ પ્રકાશનું નામ તમે સાંભળ્યું હશે. એનું નામ "એકસ રે" અથવા ક્ષકિરણો.

વિજળીને કામે લગાડયા પછી વિજળી શી વસ્તુ છે એના ઉપર વૈજ્ઞાનિકોમાં મતભેદ થયા. બે પક્ષ પડયા, અને દરેક પક્ષ પોતાના પક્ષને સાચો ઠરાવવા મહેનત કરવા લાગ્યો. બંને પક્ષોએ નવા નવા પ્રયોગો શરૂ કર્યા.

પ્રોફેસર રોન્તજેન પણ એક પ્રખ્યાત વિજ્ઞાનીક હતા. તેમણે વિજળી ઉપર પ્રયોગો શરૂ કર્યા.

એક વાર ગમ્મત થઇ.

સંપૂર્ણ હવા કાઢી લીધેલા એક કાચના ગોળામાં રોન્તજેન વિજળી ચલાવતા હતા. ઓરડાનાં બારી બારણાં બંધ હતાં. ઓરડામાં અંધારૂં હતુ. પાસે જ "બેરિયમ પ્લેટિનો સાઇડનાઇડ લગાડેલો એક પડદો પડયો હતો બેરિયમ પ્લેટિનો સાઇનાડમાં એવો ગુણ હોય છે કે કોઇ જગ્યાએ પ્રકાશ હોય તો એ પોતે શોષી લે છે અને પછી પોતે જ પ્રકાશવા લાગે છે. રોન્તજેન પ્રયોગ કરતા હતા ત્યાં એકાએક બેરિયમ પ્લેટિનો સાઇનાઇડનો પડદો પ્રકાશવા લાગ્યો એના પ્રકાશથી આખો ઓરડો ઝળહળી ઉઠયો.

રોન્તજેનને કાંઇ સમજાયું નહિ કે એ પ્રકાશ કયાંથી આવ્યો? ઓરડામાં તો અંધારૂં હતું. કોઇ જાતનો પ્રકાશ ઓરડામાં નહોતો, ત્યારે? ત્યારે આ પ્રકાશ કયાંથી આવ્યો? બેરિયમ પ્લેટિનો સાઇનાઇડના પડદાએ એ પ્રકાશ કયાંથી ચૂસી લીધો?

રોન્તજેન વિચારવા લાગ્યા.

"આ વાયુ-શૂન્ય ગોળામાંથી વિજળી ચલાવું છું તેમાંથી તો પ્રકાશનાં કિરણો બહાર નહિ જતાં હોય?" તેમણે કાચના ગોળા સામે જોયું પણ એમાંથી એક પણ કિરણ બહાર નીકળતું દેખાયું નહિ. ત્યારે આ પ્રકાશ કયાંથી આવ્યો?

શંકાનું સમાધાન કરવા એમણે કાચના ગોળામાં વિજળી ચલાવવી બંધ કરી. તરત જ પેલો પડદો પ્રકાશતો બંધ થઇ ગયો. પાછી તેમણે

કાચના ગોળામાં વિજળી ચલાવવી શરૂ કરી. તરતજ પડદો પ્રકાશવા લાગ્યો. વળી પાછી વિજળી ચલાવવી બંધ કરી ને પડદાનો પ્રકાશ બંધ થઇ ગયો.

એમને ખાત્રી થઇ ગઇ.

વાયુ શૂન્ય કાચના ગોળામાંથીજ એ અદૃશ્ય કિરણો નીકળતાં હતાં એની એમને ખાત્રી થઇ ગઇ. એનાથી જ પેલો પડદો પ્રકાશતો હતો.

આ દૃશ્ય કિરણને બંધ કરવા અને પ્રયોગ ચાલુ રાખવા તેમણે કાચના ગોળા ઉપર કાળો કાગળ વીંટી દીધો. હવે કયાંથી પ્રકાશ બહાર આવવાનો હતો ? અને પછી ગોળામાં વિજળી ચલાવવી શરૂ કરી. પણ આ શું ચમત્કાર ! પાછો પેલો પડદો પ્રકાશવા લાગ્યો. કાળા કાગળથી એ પ્રકાશના કિરણોને બહાર આવવામાં કાંઇ વાંધો આવ્યો નહિ. કાચમાંથી જેમ સૂર્યનાં કિરણો બહાર આવે છે એમજ કાળા કાગળમાંથી આ અદૃશ્ય કિરણો બહાર આવવા લાગ્યાં.

પેલા વૈજ્ઞાનિકની અન્વયણીનો પાર ન રહ્યો.

પણ એમને તો એમનો પ્રયોગ આગળ વધારવો હતો. આ પ્રકાશની એમને કાંઇજ જરૂર નહોતી. એમણે તરત જ એક લાકડાનું પાટિયું લઇને કાચના ગોળા અને પડદા વચ્ચે મૂકયું.

અને એ મોં વકાસી જોઇ રહ્યા ! લાકડાના પાટિયાને વીંધીને પેલાં અદૃશ્ય કિરણો પડદાને પ્રકાશિત કરી રહ્યાં હતાં ! તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ટેબલ ઉપર એક ચોપડી પડી હતી એ ચોપડીને ગોળાની આડી ધરી. એ ચોપડીને વીંધીને પણ અદૃશ્ય કિરણો બહાર આવતાં હતાં પણ તેમણે જોયું કે પડદા ઉપર એક ચાવીની છાયા પડતી હતી. પડદા ઉપર ચાવીની છાયા વળી કયાંથી આવી ? તરત જ તેમણે ચોપડી તપાસી તો તેમાંથી ચાવી મળી આવી. એમની અન્વયણી વધતી જ ગઇ. કાંઇક શોધવા બેઠા હતા ને કાંઇક જ શોધી કાઢયું હતું ! એમણે તરત જ પોતાનો હાથ આડો ધરી જોયો : અન્વયણી વચ્ચે એમણે જોયું કે ચામડી અને માંસને ભેદીને પણ એ કિરણો બહાર નીકળી શકતાં હતાં અને હાડકાંની છાયા પડદા ઉપર પડતી હતી હાડકાની અને લોઢાની આરપાર એ કિરણો જઈ શકતાં નહોતાં.

આપણે સૌ જાણીએ છીએ કે પારદર્શક વસ્તુમાંથી સૂર્યનાં કિરણો બહાર આવી શકે છે એની છાયા પડતી નથી. પણ અપારદર્શક વસ્તુ ઉપર સૂર્યના કિરણો પડતાં એની છાયા પડે છે. એજ ન્યાયે ઉડતા પંખીના બોછાયા, આપણાં પડછાયા અને ઝાડની છાયા પડે છે. પણ આ નવાં "ક્ષ" કિરણો માટે હાડકાં અપારદર્શક નીકળ્યાં. કાચમાંથી જેમ સૂર્યનાં કિરણો પસાર થઇ જાય છે, તેમ લોહી, માંસ, ચામડી અને લાકડા જેવામાંથી પણ આ અદૃશ્ય કિરણો પસાર થઇ શકતાં હતાં.

ફોટોગ્રાફની પ્લેટમાં જો પ્રકાશ પડે તો પ્લેટમાં પ્રકાશની છાપ પડી જાય છે, એ આપણે જાણીએ છીએ. રોન્તજેનને વિચાર આવ્યો કે આ અદ્રશ્ય કિરણોથી ફોટોગ્રાફની પ્લેટમાં છાપ પડે છે કે નહિ. તરત જ તેમણે એક ફોટોગ્રાફની પ્લેટને કાળા કાગળમાં વીંટી અને અદ્રશ્ય કિરણની સામે ધરી. વચ્ચે પોતાનો હાથ રાખ્યો. પરિણામે હાથનાં હાડકાંની નેગેટીવ પ્લેટ ઉપર તૈયાર થઇ ગઇ.

આ અદ્રશ્ય કિરણોની શકિત જોઇને એ

આશ્ચર્ય મુગ્ધ બની ગયા. સાથેાસાથ પેાતે એક અજ્ઞાન શેાધ કરી હતી તેથી ખૂબ જ આનંદ થયેા.

તેમણે આ કિરણેાની શેાધ તેા કરી પણ તેનું ચેાકકસ સ્વરૂપ તેા સમજી શકયા નહિ. એનું નામ "એકસ રે" અથવા અદ્રશ્ય કિરણ પાડયું.

સૂર્યનાં પ્રખર કિરણેા ગમે તેવા જાડા કાચને વીંધી શકતાં નહેાતાં ત્યારે આ કિરણેા એ બધાને વીંધી પસાર થઇ જતાં હતાં. સૂર્યના પ્રકાશે જે દ્રષ્ટિ મનુષ્યને આપી નહેાતી તે આ કિરણેાએ આપી.

આજે હવે "એકસ રે" ની શેાધથી માણસને નવી દ્રષ્ટિ મળી છે. જીવંત પ્રાણીનું એકે એક હાડ કેાઇ પણ જાતની શસ્ત્રક્રિયા વિના માણસ જોઇ શકે છે. શરીરમાં કેાઇ હાડકું ભાંગે છે તેા એકસ રે ની મદદથી કયું હાડકું કેવી રીતે ભાંગ્યું છે તે જોઇ શકાય છે. યુદ્ધના મેદાનમાં સૈનિકેાને ગેાળી વાગે તેા તે કયાં વાગી છે તે જોઇ શકાય છે

એકસ રે ની શેાધે માણસ જાતનુ ઘણુ જ કલ્યાણ કર્યું છે.

પરીકથાની પરી જેમ પેાતાની જાદુઇ લાકડીથી ધારે તે કરી શકે છે તેમ વીસમી સદીના વૈજ્ઞાનિકેા વિજળીને વશ કરીને પેાતાની ઇચ્છા પ્રમાણે કરી શકે છે

બિચારી પરીકથાની પરીને તેા એની કલ્પના પણ નહિ હેાય.

—ગાંધીબેન બ્યેકા

બાલમંદિરેા માટે સાધનેા

બાલમંદિરેા માટે સાધનેા ખરીદતા પહેલાં અમારું સૂચિપત્ર મંગાવેા.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતેાની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરેાને ૬૦ ટકા કમિશન.

લખેા–મંગાવેા

નૂતન શિક્ષણ–સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લિ૦, સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર.

બાળવિભાગની

શિક્ષક ભાઇબેનો

માટે

નોંધ

આ વેળાએ આપણે પત્રિકામાં એક નવા પ્રકારનું તત્વ દાખલ કરીએ છીએ. 'બાળવિભાગનો ઉપયોગ બાળકો માટે કઇ રીતે કરીએ ?' એ પ્રશ્ન આપણી સમક્ષ ઘણીવાર આવ્યો છે. આ વખતે આ વિભાગના લખાણનો ઉપયોગ કરવા વિષે આછી નોંધ અહીં આપી છે.

દરેક મિત્ર પોતાના વિચારો મોકલી આપે. શિક્ષક મિત્રોમાં જેમની પાસે નવું સાહિત્ય હોય કે સાહિત્ય વિષે વિચાર હોય તે પણ જરુર જણાવે.

આ પાનું આપણે માટે બાળસાહિત્યનું નાનકડું ચર્ચામંડળ બની રહેશે.

નોંધ :

વસંત આવી છે. આજના પૂર ઝડપે દોડી જતા જીવનમાં કદાચ ઘણાં મોટાંઓને વસંતનું ભાન પણ નહિ થતું હોય. બાળકોને તો આપણે સભાન કરીએ ત્યારે જ.

બાળમંદિરો વનવગડે નીકળે ને બાળકોને વસંતની ઓળખાણ કરાવે. વસંતનાં ગીતો ગવડાવે ને વસંત સાથે એમની મિત્રાચારી પાકકી કરે. વસંતનો ઉત્સવ કરે. ફૂલનાં ચિત્રો કરે કે સજીવ પુષ્પોનું પ્રદર્શન કરે.

□ **'વસંત'** : આ પ્રકારના ઉપયોગ માટે છે. ઉર્મિશીલ શિક્ષકો જાતે વસંતના ગીતો રચી શકે. સાહિત્યમાથી પણ મેળવી શકે. સમૂહમાં ગવાતાં આવાં ગીતો બાળજીવનને ચેતનવંત બનાવવામાં ખૂબ ઉપયોગી થઇ પડશે.

□ **'ફૂગ્ગા'** : બાળમાનસને નવી નવી વસ્તુઓની ભૂખ છે. રોજ નવી વાત, નવાં ગીત.

ફૂગ્ગાનું ગીત બાળકોના અંતરમાં વસી ગએલા અતિપ્રિય રમકડાનું છે.

ભૂરા પીળા લીલા લાલ
ફૂગ્ગા ઉડતા માલમ માલ !

આ લીંટીઓ બધાં બાળકો સાથે ગાય. શિક્ષક ગવડાવતી વેળાએ જુદાં જુદાં રંગના કપડાંવાળા છોકરાને બહાર કાઢે ને બીજા બાળકો સમક્ષ ઊભાં કરે.

કાબર ચીતરા,
મોટા મોટા

જેવી લીટીઓનો દરેક બાળકને મરજીમાં આવે એવો અભિનય કરવા દે.

ગેસ ભરેલા

આવે ત્યારે બાળકને ગેબના ફૂગ્ગા કેવી રીતે ભરાય છે તેની યાદ અપાવે. બાળકે ન જોયા હોય તો વિસ્તૃત ખ્યાલ આપીને આગળ ચાલે.

ઉડીએ ફૂગ્ગા
જેવા ખાસા

ત્યારે બધા બાળકો ઊડતાં હોય એવો અભિનય કરે. આ ગીત ફરી ફરી ગાતાં બાળક એની મઝા માણશે ને કલ્પના સમજશે

દેડકાને સાધુ બનાવો' : નાનાં ભૂલકાંને નિર્દોષ અને ગમ્મત પડે એવાં નાનકડાં અર્થહીન ગમ્મત ગીતો ખૂબ ગમે છે. આ એ પ્રકારનું ગમ્મત ગીત છે. આવાં ગીતો ચેનચાળા કરતાં સમૂહમાં ગાવાની બાળકોને લહેર આવે.

'એકસ રે' : 'એકસ રે' અથવા તો 'ક્ષ કિરણો' એ શબ્દ તો આજે લગભગ દરેક સ્થળે સાંભળવા મળે છે. પરતુ એની ઉત્પત્તિ કઇ રીતે થઇ તેનો શોધક કોણ વગેરે વાતોની ઘણું ખરાંને ખબર જ હોતી નથી. એટલે રોમાંચભરી વિજ્ઞાનની સત્ય વાતો આપવી ઘણી યોગ્ય છે. 'એકસ રે' જેવી વાર્તા શિક્ષક વાંચી પોતાના શબ્દોમાં બાળકોને કહે તો એમને ઉપયોગી ને રસમય સાહિત્ય મળી રહે.

—ર. કોઠારી

(પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

જોઇએ એવો જે કટાક્ષ મૌલિક પધ્ધતિમાં આપેલો જણાય છે તે મોન્ટેસોરી પધ્ધતિમાં દેખાતો નથી. મોન્ટેસોરી પધ્ધાતમાં જીવન વ્યવહાર એ અનેક શાળાકીય વિષયો પૈકી એક મહત્વનો વિષય છે. આ વિષયની સાથે સાથે ભાષા, ગણિત, વિજ્ઞાન, ચિત્રકામ અને હસ્ત-વ્યવસાયના વિષયો જીવન વ્યવહારને અનુબંધીને શિખવાડવાં જોઇએ, એવી જે દ્રષ્ટિ મૌલિક પધ્ધતિમાં દેખાય છે તે મોન્ટેસોરી પધ્ધતિમાં નથી. તેને લઇને આ વિષયો અંગે સ્વયંશિક્ષણના જે સાધનો યોજવામાં આવ્યાં છે તેમાં જીવન વ્યવસાયને લગતાં તે તે વિષયોનું જ્ઞાન કરાવી આપવા માટે યોજવામાં આવ્યા છે. મેડમ મોન્ટેસોરીના આ પ્રકારના સાધનોને કારણે બાળકોની પૂર્વ તૈયારી સારી રીતે થાય છે. બાળકને જીવન વ્યવસાયના પ્રત્યક્ષ ગણિતને બદલે વ્યવસાયથી અતીત રહેલાં ગણિતની સારી કલ્પના મળી શકે છે. જે વાત ગણિત માટે છે તે જ વાત ઇન્દ્રિય શિક્ષણમાં. ઇન્દ્રિય શકિતનું પૃથકકરણ કરીને તેમણે ઇન્દ્રિયનાં પ્રત્યેક સંવેદન માટે જુદા જુદા સ્વતંત્ર સાધનો બનાવ્યા છે. મોન્ટેસોરી પુરસ્કૃત ઇન્દ્રિય શિક્ષણ અથવા ગણિત શિક્ષણ આ જીવન વ્યવસાય વડે કરવાની યોજના મોન્ટેસોરી પધ્ધતિમાં નથી. તેને લઇને આ સાધનો જીવન વ્યવસાયની કુશળતામાં પૂરક બની શકે છે એટલું જ આ સાધનો માટે કહી શકાશે. મૌલિક પધ્ધતિમાં સાધનો અંગે જે આગળ પડતો વાસ્તવવાદ જોવામાં આવે છે તે આ પધ્ધતિમાં દેખાતો નથી.

મૌલિક પદ્ધતિની મર્યાદા અને વિશેષતા:

મહાત્માજીના મૌલિક પધ્ધતિમાંના કેળવણી અંગેના સ્વાતંત્ર્યને શકય બનાવવાની દ્રષ્ટિએ પધ્ધતિ વિષયક તંત્રનો વિચાર થયો હોય તેવું જણાતું નથી. પ્રચલિત શાળામાં જોવામાં આવે છે તેવી જ વર્ગ પધ્ધતિ વડે જ શાળાનું કામ થવું જોઇએ એવું એમાં લીધેલું જણાય છે. આને લઇને શિક્ષકનું કાર્ય અને સાધનો બાબતનો વિચાર વર્ગપધ્ધતિની દ્રષ્ટિએ કર્યો હોય તેમ જણાય છે. બાળકના સ્વાતંત્ર્ય સંબંધે અને તેની સ્વયં સ્ફૂર્તિ સંબંધે મૌલિક પધ્ધતિમાં કેવળ તાત્વિક સ્વીકાર થયાનું જાણવા મળે છે. પરંતુ બાળકની સ્વયં સ્ફૂર્તિને પોષણ અને રક્ષણ દેવા માટે જે સુક્ષ્મ વિચાર મોન્ટેસોરી પધ્ધતિમાં જોવા મળે છે તે મૌલિક પધ્ધતિમાં નથી.

પૂર્વ બુનિયાદી શાળાનું કાર્ય :

મોન્ટેસોરી પદ્ધતિમાં શાળાના પરિણામકારી વાતાવરણ અંગે જે વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો છે તે જાતનું કામ શાળા કરી શકશે એવું ગાંધીજીને પોતાને લાગતું નથી. બાળકમાંની વિકૃતિઓ દૂર કરવાનું કામ શાળાની અપેક્ષા બાળકના ઘરમાં જ તે સારી રીતે થઇ શકશે અને એ કાર્યને પૂરક બનવાનું કામ શાળાએ કરવું જોઇએ એવી ગાંધીજીની કલ્પના છે. બાળ કેળવણીનુ ઘડતર જે ઘટકોને લઇને થાય છે તેમાં બાળકના કુટુંબ અને તેની આજુબાજુના સમાજને મૌલિક પદ્ધતિમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. બાળક પર પ્રથમ સંસ્કાર તેના ઘરમાંથી થતો હોઇને ઘર અને આ ઘર જે એક સમાજનો ભાગ છે, તે સમાજમાં સુધાર લાવીને તેને નવા જીવન મૂલ્યની દ્રષ્ટિ આપવાથી જ બાળકની કેળવણી યોગ્ય રીતે થઇ શકશે, એ મૌલિક પધ્ધતિની કલ્પના છે. બાળકનો અભ્યાસ શાળાકીય વાતાવરણને અનુલક્ષીને કરવા કરતાં, તેની આર્થિક, સામાજિક, અને સાંસ્કૃતિક પરિસ્થિતિના અનુસંધાનમાં થવો જોઇએ અને તે જાતની કેળવણીની વ્યવસ્થા થવી જોઇએ. બાળકનો વ્યકિતવિકાસ એ સામાજિક ઉદ્દેશ્યને લક્ષ્યમાં લઇને કરવો જોઇએ. એ મુદ્દા પર મૌલિક પદ્ધતિ ભાર મૂકે છે. સમાજના આર્થિક જીવનને આધારભૂત એવા ઉત્પાદક વ્યવસાયને જો કેળવણીનુ માધ્યમ બનાવવામાં આવશે તો તેથી વ્યકિતનો કેળવણી અંગેનો ઉત્સાહ સ્વાભાવિકપણે વધે છે એટલું જ નહિ પરંતુ વ્યકિતનું વ્યકિતત્વ સમાજની સાથે વધારે સમરસ બનીને કેળવણીનો સામાજિક ઉદ્દેશ્ય સાધ્ય બને છે, એવો મૌલિક પધ્ધતિનો મૂળભૂત સિદ્ધાંત છે. કૌટુંબિક અને સામાજિક જીવન સંબંધે પૂર્વગ્રહ થયો હોવાથી વાસ્તવિક સામાજિક મૂલ્યોનો વિચાર થયો નથી.

મૌલિક પદ્ધતિના સાધનો :

મૌલિક પધ્ધતિમાં શૈક્ષણિક સાધનોમાં પ્રમાણિકરણ માટે આગ્રહ નથી. પરિસ્થિતિ પ્રમાણે અને વ્યવસાયની દ્રષ્ટિએ સાધનોની યોજના આ પધ્ધતિમાં કરવા માટે સૂચના આપી છે; પરંતુ સાધનોની અપેક્ષા શિક્ષ-

કલા વ્યક્તિત્વ પર આ પધ્ધતિમાં વિશેષ ભાર જોવામાં આવે છે. વ્યક્તિના સર્વાંગીણ વિકાસનો ઉદ્દેશ્ય, વિશિષ્ટ વ્યવસાયનું વાતાવરણ અને વ્યક્તિની રુચિ–અભિરુચિને લક્ષ્યમાં લઇને તેને માર્ગ દર્શન આપવાની જવાબદારી શિક્ષકને સોંપવામાં આવી છે. આ કેળવણીના સાધનો તે તે પરિસ્થિતિમાં ઉપલબ્ધ બને તેવા જ યોજવા જોઇએ. બજારના સાધનોનો ઉપયોગ નિતાંત આવશ્યક જણાયેથી જ કરવો પરંતુ કોઇપણ સાધન પસંદ કરતાં મૌલિક કેળવણી પધ્ધતિનો સામાજિક ઉદ્દેશ્ય તેની દ્રષ્ટિ આડે ન આવે તે જોવું જરૂરી છે.

જીવનદર્શનની બે બાજુ:

મોન્ટેસોરી અને મૌલિક પધ્ધતિનો ઉગમ બે મહાન વ્યકતઓએ જે જીવનના જુદા જુદા દર્શનો જોયાં તેમાથી થયો છે. આ બન્ને પધ્ધતિના નિર્માતાઓ સમકાલીન છે, તો પણ આ પધ્ધતિના પ્રત્યક્ષ જન્મ કાળમાં ૩૦ વર્ષનો ફેર છે. બન્ને પધ્ધતિઓનો જન્મ જે દેશમાં થયો, તેનો પૂર્વની સ્થિતિમાં ઘણું સામ્ય રહ્યું છે. મેડમ મોન્ટેસોરીએ એક ડોકટરની જેમ જીવનક્રમ શરૂ કર્યો. તેમાંથી તેઓ માનસિક રોગના અભ્યાસ ભણી વળ્યા. વિકૃત બાળકોની કેળવણીનું કાર્ય તેમણે સ્વીકાર્યું. વિકૃતિ પર ઉપચારો કરતાં કરતાં તેમાં શૈક્ષણિક સ્વાતંત્ર્યને પોતાની કલ્પના પ્રમાણેનું સ્વરૂપ આપ્યું અને તેમાંથી તેમણે બાળકના વ્યક્તિત્વનું દર્શન થયું. આમ બાળકની રક્ષા કાજે તેમણે પોતાનું જીવન સમર્પી દીધું.

ગાંધીજીના જીવન દર્શનની કથા આના કરતાં જુદી જ છે. ભારતીય સંસ્કૃતિમાંની અહિંસાવાદની પરંપરા અને માનવ–જીવનનો સંઘર્ષ એમાંથી ગાંધીજીને જીવન દર્શન લાધ્યું. બાળક દ્વારા મળતાં નૈસર્ગિક વલણનો અભ્યાસ કરતાં કરતાં નવજીવનની રચના થાય ત્યારે જ જીવનનો ખરો આનંદ માની શકાશે એવી મોન્ટેસોરીની કલ્પના છે. ત્યારે સમગ્ર જીવન રચના જ સત્ય અને અહિંસામય બન્યા સિવાય જગતમાં શાંતિ અને સમજ નિર્માણ થવાની નથી એવી ગાંધીજીના શ્રદ્ધા છે. આ શ્રદ્ધામાંથી જ તેમણે કેળવણીનો પ્રશ્ન ઉકેલવા માટે વિચાર વ્યકત કર્યો.

ગાંધીજીની સર્વોદય સમાજની અને મોન્ટેસોરીની સાંસ્કૃતિક સમાજની અંતિમ કલ્પના એક બીજા કરતાં જરાય ભિન્ન નથી, એ જોયા પછી આ બંને પદ્ધતિમાં બાહ્યતઃ ગમે તેટલી ભિન્નતા દેખાય તો પણ તેમનો સમન્વય આ બંને પદ્ધતિમાં પૂરક સાબિત થશે એવી શ્રદ્ધા રાખી-શકાય છે.

ગાંધીજી શોષણ અને શાસનમૂકત સમાજની રચના કરવા માટે આ મૌલિક પધ્ધતિનો સામાજિક ઉદ્દેશ્ય છે એમ જણાવે છે. મેડમ મોન્ટેસોરીએ કેળવણીમાં સ્વયં શાસન અને સ્વાવલંબનને આધારે કેળવણી પધ્ધતિની રચના કઇ રીતે કરી શકાય છે તેનું પ્રત્યક્ષ દિગ્દર્શન કર્યું છે શિક્ષા અને ધનામોનો બહિષ્કાર કરીને જીવન વ્યવહારમાથી હિંસા અર્થાત કેવળ ભય જ નહિ પણ લાલચનું સ્થાન પણ કેટલું અસ્વાભાવિક છે તે તેમને મળેલા બાળકના અનુભવ પરથી જગને સમજાવવા પ્રયત્ન કર્યો છે.

જગમાં કોઇ પણ એક પધ્ધતિ પાસેથી કેળવણી અંગેની સર્વ અપેક્ષાઓ ફલિત થશે એવો આગ્રહ રાખવો યોગ્ય નથી. મારા મતે તો મોન્ટેસોરી પદ્ધતિમાંથી સ્વાતંત્ર્ય પોષક તંત્ર અને મૌલિક પદ્ધતિમાંથી વાસ્તવવાદ એનો સમન્વય કરીને જો આપણે કેળવણી પધ્ધતિની યોજના કરીશું તો આપણા રાષ્ટ્રનો અને ઘણું કરીને વિશ્વોધ્ધારનું કાર્ય તેમાંથી જ સરળ બનશે એવો મને વિશ્વાસ છે.

—શેષ નામલ

With Compliments from:

CALICO DYEING

&

PRINTING WORKS

Tel: 74211

41-E, Parel
Chawl Road,
Industrial Estate,
BOMBAY-12.

Tel: 72475

Suryodaya Mill
Compound,
Tardeo
BOMBAY-7.

એકાંકી બાદબાકી

આ પહેલાં એકાંકી બાદબાકીની આપણે જે વ્યાખ્યા કરી તે વ્યાખ્યા પ્રમાણે જે બાદબાકીનું પરિણામ એકાંકી હોય એવી બાદબાકી ને એકાંકી કહેવાય. મોટામાં મોટી એકાંકી સંખ્યા નવ છે. આ મોટામાં મોટી એકાંકી સંખ્યા બાદ કરીને બાકી નવ આવે એટલે મૂળ સંખ્યા અઢાર સુધીની જ હોઈ શકે. તેથી એકથી અઢાર સુધી મૂળસંખ્યા લઈને તેમાંથી જે જે એકાંકી બાદબાકી કરી શકાય એ બધી બાદબાકીને એકાંકી બાદબાકી કહી શકાય.

આ બાદબાકીની રજૂઆત પહેલા (૧) બાદબાકીના પાટિયા ઉપર (૨) ટોપલી અને તકતાઓના ઉપયોગ દ્વારા અને પછી (૩) ફક્ત ટોપલીની રમત દ્વારા સરવાળાની જેમ જ કરવામાં આવે છે.

બાદબાકીનું પાટિયું

આ પાટિયું લગભગ સરવાળાના પાટિયાના જેવું જ છે. સરવાળાના પાટિયા ઉપર લાલ લીંટી દશના અંકના ખાના પછી હોય છે, ત્યારે બાદબાકીના પાટિયા પર એ લીંટી નવના અંકની આગળ છે. આ પાટિયાની સાથે પણ પટ્ટીઓનાં બે સેટ હોય છે. તેમાંથી ભૂરી પટ્ટીઓનો સેટ સરવાળાના પાટિયાનાં જેવો જ હોય છે, પરંતુ બીજો સેટ સાદી પોલીશ કરેલી લાકડાની

લેખાંક ૧૭મો.

બાળકનું

પટ્ટીઓનો હોય છે. એમાં એકથી અઢાર સુધીની પટ્ટીઓ હોય છે. સરવાળાના દાખલાની પુસ્તિકાને બદલે અહીં બાદબાકીના દાખલાની પુસ્તિકા હોય છે. અને નીચે બતાવ્યો છે એવો બાદબાકીનો સંદર્ભ તખ્તો ભીંત ઉપર લગાડવાની દ્રષ્ટિથી તૈયાર કરેલો હોય છે.

બાદબાકીનો સંદર્ભ તખ્તો.

નિદર્શન: શરુઆતમાં બાદબાકીના ઢાંકણાને આધારે લગાડીને નીચે પ્રમાણે બન્ને પટ્ટીઓના સેટની રચના કરવાનું સૂચવવું



રંગ સાદો રંગ

બાદબાકીનો

૧-૧=૦ ૨-૧=૧ ૩-૧=૨ ૪-૧=૩ ૫-૧=૪ ૬-૧-૫ ૭-૧=૬ ૮-૧=૭ ૯-૧=૮

૨-૨=૦ ૩-૨=૧ ૪-૨=૨ ૫-૨=૩ ૬-૨=૪ ૭-૨=૫ ૮-૨=૬ ૯-૨=૭

૩-૩=૦ ૪-૩=૧ ૫-૩=૨ ૬-૩=૩ ૭-૩=૪ ૮-૩=૫ ૯-૩=૬

૪-૪=૦ ૫-૪=૧ ૬-૪=૨ ૭-૪=૩ ૮-૪=૪ ૯-૪=૫

૫-૫=૦ ૬-૫=૧ ૭-૫=૨ ૮-૫=૩ ૯-૫=૪

૬-૬=૦ ૭-૬=૧ ૮-૬=૨ ૯-૬=૩

૭-૭=૦ ૮-૭=૧ ૯-૭=૨

૮-૮=૦ ૯-૮=૧

૯-૯=૦

ગણિત શિક્ષણ

બાદબાકીની ચિઠ્ઠીનો નમૂનો.

૧૦—૧ =૯
૧૦—૨ =૮
૧૦—૩ =૭
૧૦—૪ =૬
૧૦—૫ =૫
૧૦—૬ =૪
૧૦—૭ =૩
૧૦—૮ =૨
૧૦—૯ =૧

પછી બાદબાકીના પાટિયાને ટેબલ ઉપર મૂકીને બાદબાકીની પુસ્તિકામાંથી કોઇપણ પાનું ખોલીને તેમાંથી બાદબાકી કરીને બતાવવી. નમૂના માટે આપણે ૧૦—૧ એ બાદબાકી કેમ કરી શકાય એ જોઇએ. પહેલા ૧૦ આ બાદબાકીમાંની રાશિ પાટિયા ઉપર બતાવવી જોઇએ. તે માટે પાટિયા ઉપર ૧૦ સુધીના અંકના ખાના ખૂલ્લા રાખીને એની આગળના અંકના ખાના સાદી પટ્ટીના 'સેટ'-માંથી યોગ્ય પટ્ટીથી ઢાંકી દેવાનું સૂચવવું. આ અંક બંધ થાય એટલે પૂછવું, 'આ દશ-માંથી કેટલા ખોડા બાજુના બાદ કરવાના છે?' 'બધું ઓડા કરવાનો છે.' એને માટે ભૂરી પટ્ટીના સેટમાંથી એકની પટ્ટી લઇને સાદી પટ્ટીની સાથે આગળથી જોડી દેવી. એકની પટ્ટીથી હજી એક વધુ અંક ઢાંકી શકાશે.' તો હવે કેટલા બાકી રહ્યા?' પછી બાળકો પોતે પોતાની મેળે દાખલા કરી શકે છે. અને એના ઉત્તરો બાદબાકીના પાટિયા ઉપર લખી શકે છે.

સંદર્ભ તખ્તા ઉપર જોઇને પોતાના જવાબો ખરા છે કે નહિ તે તપાસવા માટે સૂચવવું. સામાન્ય રીતે ૮—૧૦ દિવસમાં ૩–૪ પુસ્તિકા ભરાઇ જાય કે પછી આગળ જઇ શકાય. એટલે કે ટોપલી અને બાદબાકીના સમચોરસ તખ્તાનો ઉપયોગ કરીને પણ બાદબાકીના ઉત્તરો કેવી રીતે આવી શકે એ બતાવવું.

૨. ટોપલી અને સમચોરસ તખ્તાની રમત.

દાખલાની પુસ્તિકામાં જે બાદબાકીઓ હોય છે તેનો ક્રમ બદલી નાખવા માટે પુસ્તિકામાંની બાદબાકીઓની કાપલીઓ કાપીને તેની ઘડી વાળીને એ ચિઠ્ઠીઓ એક ટોપલીમા રાખવી. આ ટોપલીમાંથી જોઇએ તેટલી ચિઠ્ઠીઓ મુઠ્ઠીમાં લેવી અને એમાંના દાખલાઓ ગણિતની ચોપડીમાં વ્યવસ્થિત રીતે લખી કાઢવા. પછી જે બાદબાકી મોઢે હોય તેના ઉત્તરો એમને એમ લખી કાઢવા અને બાકી રહેલી બાદબાકીના જવાબો સમચોરસ તખ્તા ઉપરથી શોધીને લખવા. એના ⟹ જવાબ શોધવા માટે કાર્ડબોર્ડના બે દર્શક બાળકને કરીને આપવાથી તખ્તો મેલો થતો નથી.

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે દર્શકો આગળ ચલાવીને જ્યાં બન્ને દર્શકો એક ખાનામાં ભટકાય-ભેગા થાય તે ખાનામાં જે અંક એ જ આપણી બાદબાકીનો ઉત્તર છે. આ પ્રમાણે તખ્તા ઉપર ત્રણ ચાર દાખલાઓ કરીને બતાવીએ કે બાળકોને તખ્તાનો ઉપયોગ પોતાની

સંદર્ભ તખ્તો

૧૦ – ૧ = ૯ ૧૧ – ૨ = ૯ ૧૨ – ૩ = ૯ ૧૩ – ૪ = ૯ ૧૪ – ૫ = ૯ ૧૫ – ૬ = ૯ ૧૬ – ૭ = ૯ ૧૭ – ૮ = ૯ ૧૮ – ૯ = ૯

૧૦ – ૨ = ૮ ૧૧ – ૩ = ૮ ૧૨ – ૪ = ૮ ૧૩ – ૫ = ૮ ૧૪ – ૬ = ૮ ૧૫ – ૭ = ૮ ૧૬ – ૮ = ૮ ૧૭ – ૯ = ૮

૧૦ – ૩ = ૭ ૧૧ – ૪ = ૭ ૧૨ – ૫ = ૭ ૧૩ – ૬ = ૭ ૧૪ – ૭ = ૭ ૧૫ – ૮ = ૭ ૧૬ – ૯ = ૭

૧૦ – ૪ = ૬ ૧૧ – ૫ = ૬ ૧૨ – ૬ = ૬ ૧૩ – ૭ = ૬ ૧૪ – ૮ = ૬ ૧૫ – ૯ = ૬

૧૦ – ૫ = ૫ ૧૧ – ૬ = ૫ ૧૨ – ૭ = ૫ ૧૩ – ૮ = ૫ ૧૪ – ૯ = ૫

૧૦ – ૬ = ૪ ૧૧ – ૭ = ૪ ૧૨ – ૮ = ૪ ૧૩ – ૯ = ૪

૧૦ – ૭ = ૩ ૧૧ – ૮ = ૩ ૧૨ – ૯ = ૩

૧૦ – ૮ = ૨ ૧૧ – ૯ = ૨

૧૦ – ૯ = ૧

મેળે કરતાં આવડશે. થોડા દિવસ આ રીતે અભ્યાસ કર્યા પછી ત્રીજું પગથિયું સૂચવવું.

ત્રીજું પગથિયું : ટોપલીની રમત.

એમાં બાદબાકીના પાટિયાનો કે તખ્તીનો ઉપયોગ કર્યા વગર બાદબાકીના જવાબો સ્મૃતિથી જ લખવાના હોય છે તથા દરેકે પોતાને કેટલી બાદબાકી મોઢે આવડે છે એની પોતાની મેળે પરીક્ષા કરવાની હોય છે એવું બાળકને સૂચવવું.

આ રમતમાં પહેલાં ટોપલીમાંથી એક મુઠ્ઠી ભરીને ચિઠ્ઠીઓ લઈને એમાંના દાખલાઓ પહેલા પોતાની નોટમાં ઉતારવા અને સાથે જ તેના જવાબો પણ લખી નાખવા. પછી સંદર્ભ તખ્તામાં જોઈને પોતાના જવાબો બરાબર છે કે નહિ એ તપાસી લેવા. જે બાદબાકીના જવાબો મોઢે ન આવડે એ સંદર્ભતકતા ઉપરથી જોઈને સીધા લખી દેવા. સદર્ભ તખ્તા ઉપરથી જોઈને લખવાના પ્રસંગો ઓછા આવે એમાંજ આપણી ખરી પ્રગતિ છે એનું સૂચન બાળકને જુદી જુદી રીતે થવું જોઈએ.

—શેષ નાભલે



— પ્રગતિ પંથે —

વડોદરાના શિશુ સેવા સંઘ સંચાલિત શિશુભારતીનું સને ૧૯૫૩-૫૪ નું છાપેલું વાર્ષિક નિવેદન સમાલોચનાર્થે મળ્યું છે. સંસ્થા તરફથી હાલમાં, શિશુભારતી બાળમંદિર, શિશુભારતી પ્રાથમિક વિભાગ અને શિશુભારતી બાળ અધ્યાપન મંદિર, એમ ત્રણ વિભાગો ચલાવવામાં આવે છે. પ્રસ્તુત નિવેદનમાં આ ત્રણેય વિભાગોની પ્રગતિની સુંદર માહિતી આપવામાં આવી છે.

શિશુ સેવાના ક્ષેત્રમાં શિશુભારતી વધુને વધુ પ્રગતિમય બને એ મનોકામના છે.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

ઝાલાવાડ જિલ્લા બાળકાર્યકર સંમેલન (જેરાવરનગર)

જાન્યુઆરી માસમાં જેરાવરનગર મુકામે ઝાલાવાડ શિશુકુંજ પ્રેરીત બાળકાર્યકર સંમેલન સૌરાષ્ટ્રના ઉપવિદ્યાધીકારી શ્રી. પ્ર. ત્રિવેદીના પ્રમુખપદે મળ્યું હતું. લીંબડી બાળમંદિરના આચાર્ય અને નૂતન બાળશિક્ષણ સંઘના સૌરાષ્ટ્ર પ્રાદેશિકના સંયોજક શ્રી. ગંતુભાઇ પીપળીઆ સંમેલનના આવાહક હતા. સંમેલનમાં જિલ્લાના ૧૦૦૦ થી ૧૨૦૦ બાળકોના ભાવિના ઘડતરમાં કાર્ય કરી રહેલાં શિશુકુંજે વહીવટી વ્યવસ્થા, બાળકેળવણીના સાધનો અંગે ઝીણા ઝીણા મુદ્દાઓની સચોટ ચર્ચા કરી હતી. સંમેલનની સફળતા માટે જિલ્લાના કાર્યકરોને ધન્યવાદ.

ખેડા જિલ્લાની નૂ. બા. શિ. સંઘની પહેલી શાખા

શ્રી. શંકરભાઇ રણછોડભાઇ પટેલના પ્રમુખપદે સુણાવમાં નૂ. બા. શિક્ષણ સંઘની પહેલી શાખા સ્થાપન થયાના સમાચાર મળ્યા છે. શાખાના ઉપપ્રમુખપદે ખેડા જિલ્લાના બાળકેળવણીકાર શ્રી. સોમાભાઇ કિશાભાઇ પટેલ છે અને શાખાના મંત્રીપદે સુણાવ બાળમંદિરના આચાર્ય શ્રી. હરિપ્રસાદ ભટ્ટની નિયુક્તિ થઇ છે.

ગ. ત્રી. બાળમંદિર, ધર્મજ.

સંસ્થાનો ૨૦મો સ્થાપના દિન તા. ૪-૨-૫૫ને રોજ શ્રી મણીલાલ પુરષોત્તમભાઇ પટેલના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના બાળકોએ રંજન કાર્યક્રમ રજુ કર્યો હતો અને વાલીઓને સંસ્થાના મકાનનો તથા સંસ્થાના સાધનોનો પરિચય કરાવ્યો હતો.

મહાગુજરાત પૂર્વપ્રાથમિક શિક્ષકોની પરિષદ.

ખેડા જિલ્લાના પૂર્વપ્રાથમિક શિક્ષક સંઘના ઉપક્રમે માર્ચ ૧૯-૨૦ તારીખોના અરસામાં શિક્ષકોની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સમસ્યાઓ હાથ ધરવા તથા બાળશિક્ષણની દ્રષ્ટિએ કેટલાક પ્રશ્નોની વિચારણા કરવા નડિયાદમાં પરિષદ મળશે. પરિષદની વિગતો માટે મંત્રી, મહાગુજરાત પૂર્વપ્રાથમિક શિક્ષક સંઘ, દક્ષિણા મૂર્તિ બાળમંદિર, તખ્તેશ્વર પ્લોટ ભાવનગરને લખવું.

ઉત્સવો ઉજવાયાં

વડોદરા: અહીં શિશુભારતી-શિશુ સેવાસંઘનો વાર્ષિકોત્સવ તા. ૧૩-૨-૫૫ના રોજ પૂ. શ્રી. રવિશંકર મહારાજના પ્રમુખપદે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવાયો.

મુંબઈ: સ્વ. ગોવિંદજી માધવજી ભાટિયા બાળમંદિરનો ૨૨મો વાર્ષિક મેળાવડો શ્રીયુત જે. જે. આસરના પ્રમુખપણા હેઠળ તા. ૧૨-૨-૫૫ના રોજ આનંદપૂર્વક ઉજવાયો.

નાગપૂર: અહીંના શિશુ વિકાસ મંદિરમાં એક સ્નેહ સંમેલન ન્યાયમૂર્તિ શ્રી અણ્ણા સાહેબ મંગળમૂર્તિના પ્રમુખસ્થાને તા. ૨૦-૨-૫૫ના રોજ યોજાયું હતું. જે વખતે વિવિધ કાર્યક્રમો રખાયા હતાં.



મુંબઈ : ભગિની સમાજ મંગુબેન ભૂલેશ્વર કેન્દ્ર તરફથી ચાલતાં પુષ્પાબેન બાળમંદિરનો વાર્ષિક રંજન કાર્યક્રમ શ્રીયુત વૃજલાલ વસનજી લાલજીના પ્રમુખપણા હેઠળ ખૂબ જ આનંદપૂર્વક ઉજવાયો.

અમદાવાદ : નૂ. બા. શિ. સંઘ અમદાવાદ શાખા સંચાલિત ગોમતીપૂર બાળમંદિરમાં અમદાવાદ શાખાના પ્રમુખ ડો. નાનુભાઇ આર. દેસાઇ F. R. C. S. ના અધ્યક્ષસ્થાને માસિક મિલનનો કાર્યક્રમ તારીખ ૨૭-૨-૫૫ ના યોજવામાં આવ્યો હતો. આ સમયે બાળ માનસશાસ્ત્રી ડો. હરપ્રસાદ ભટ્ટ-એ બાળજીવનના વિવિધ પ્રશ્નો પર વાર્તાલાપ કર્યો હતો. આ સમયે નૂ. બા. શિ. સંઘના સભ્યો, બાળકેળવણીમાં કરતાં સંચાલકો અને શિક્ષક ભાઇબહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

હિન્દનો અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક આમ

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

૨૨ વિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ-બહેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

જોબ્સની કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લિ.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

નૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કર્સ, મુંબઈ-૨૨

23_2€
23126